
# સમંદરને પેલે પાર

## (મારી વિદેશયાત્રાઓ)




## - યોગેશ્વર

**NOTICE**

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



E-Book


| | |
|---|---|
| Title | : Samandar Ne Pele Paar (Travel log by Yogeshwar) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 320 |
| Created | : December 01st, 2014. |

**NOTE**

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (ISBN: 978-81-909905-3-0). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## શ્રી યોગેશ્વરજી



સરોડાધામે બાલમુકુન્દમ્
દેવપ્રયાગે ઋષિવરમ્
પ્રકાશપંથે સમર્થનાથમ્
સત્યપથે યોગેશ્વરમ્
સ્વર્ગારોહણે ગુરુભગવન્તમ્
પૃથ્વીપટે પરમેશ્વરમ્
નિત્ય સ્મરામિ ગુરુગોવિંદમ્
દર્શન તવ ભવતારણમ્

**- મા સર્વેશ્વરી**

* * *

## આવકાર

‘સમંદરને પેલે પાર’ ગ્રંથમાં સંત- સાહિત્યકાર પૂજ્ય શ્રી યોગેશ્વરજીની પાંચ વિદેશયાત્રાઓની રસલ્હાણ છે.

એમાંની ત્રણ યાત્રામાં અમને સહયાત્રી બનાવ્યાં, સાક્ષી બનાવ્યાં અને પોતાનું સંત-જીવનદર્શન કરાવતાં અધ્યાત્મપંથનું ભાથું બંધાવ્યું એ અમારું પરમ ભાગ્ય હતું.

એ રીતે આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ વાચકવર્ગને પણ દીવાદાંડી બની દોરતો રહેશે.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશનપુષ્પ સૃષ્ટિને સુગંધિત કરતું રહો.

શ્રી તરલાબહેને સર્વશ્રેષ્ઠ સ્વજન તરીકે કર્તવ્ય બજાવ્યું છે. આભાર નહીં, સંતજગતના આશીર્વાદ એમના ઉપર વરસતા રહે, એમનું ધારેલું સઘળું સહજ રીતે પ્રાપ્ત થતું રહે એ જ પ્રાર્થના.

આ ગ્રંથના આવરણપૃષ્ઠ માટે શ્રી રાકેશભાઈ એન્જિનીયર તથા સુનિલભાઈ પટેલ અને વિશેષ રીતે ભાઈ હેમલ કે જેમણે ફોટોગ્રાફીની આખા વિભાગની સેવા સાધના માનીને કરી છે તે સૌને અભિનંદન.

પ્રોગ્રેસીવ પ્રીન્ટીંગ પ્રેસ સાથે અસગરભાઈ તો ઘણાં વરસોથી સર્વમંગલનાં સાચા સ્વજન બની પડખે રહ્યાં છે. નાના, મોટા અનેક ગ્રંથો સાથે એમનું નામ જોડાયેલું છે.

પ્રેસના સર્વ સેવક સ્વજનોને આવી સેવા કરવા પ્રભુ શક્તિ ધરે, અસગરભાઈ સાથે સૌનું પરમ મંગલ થાઓ એજ પ્રાર્થના છે.

**- મા સર્વેશ્વરી**



* * *

## શ્રી યોગેશ્વરનો સંક્ષિપ્ત પરિચય

'એકલપંથી અધ્યાત્મવીર' શ્રી યોગેશ્વર 'A self-realized Saint, an accomplished yogi, an excellent orator, and an above par spiritual poet તેમજ a magnificent writer' તરીકે પ્રસિદ્ધ થયા. તેઓશ્રી પ્રગટ્યા સરોડામાં, ભણ્યા મુંબઈમાં, તપ્યા હિમાલયમાં અને દેશવિદેશમાં પ્રવચનો, ધ્યાન શિબિરો – તેમજ થોકબંધ પુસ્તકો દ્વારા અધ્યાત્મજાગૃતિનું એક અભિનવ વાયુમંડળ સર્જ્યું. સૌથી વિશેષ તો 'મા' સર્વેશ્વરીની આધ્યાત્મિક પ્રભાને પિછાની, જગતને એક એવા પુનિત નારીસંતની પહેચાન કરાવી; જે આજે સાંપ્રતમાં અંબાજીના સ્વર્ગારોહણમાં લોકકલ્યાણની ધૂણી ધખાવી, અનસ્ત યોગેશ્વરજ્યોતની આભા પ્રસારી રહ્યાં છે.

**સ્વામી બ્રહ્મરૂપાનંદે** સ્પષ્ટ લખ્યું છે

'ભારતવર્ષની તપોભૂમિમાં અનેક સંતો, મહાત્માઓ યોગીઓ, તપસ્વીઓએ જન્મીને પોતાના લોકોત્તર જીવન દ્વારા પ્રેરણા તથા પ્રકાશ પાથરીને જ્યોતિર્ધર તરીકેનું કલ્યાણકાર્ય કર્યું છે. શ્રી યોગેશ્વરજીએ જ્યોતિર્ધરોની એ પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે.'

શ્રી યોગેશ્વરના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. એ જીવનમુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમિયાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે. પરંતુ યોગેશ્વરજી જેવા સાચા, સંપૂર્ણ, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરૂષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

સાધનાના જટિલ જીવનપંથને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, ઈશ્વરરૂપી પરમ કરુણામયી માતાનો આશ્રય લઈને, એની આંગળી પકડીને, એકલે હાથે જ ખેડવા માંડ્યો ને પૂરો કર્યો છે. એ સતત સાવધ, જાગૃત, આત્મનિરીક્ષણયુક્ત રહ્યા છે. '

**'મા' સર્વેશ્વરી** સરસ કહે છેઃ

'શ્રી યોગેશ્વરનું જીવન એ સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની આધ્યાત્મિક મંગલ કથા છે.

સરોડાના એ નાનકડા બાળે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. તેનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી બની એક ધન્ય ક્ષણે પૂર્ણ યાત્રી કહેવાયો. '

**શ્રી પરમાર્થી** શ્રી યોગેશ્વરને ભવ્ય અંજલિ આપતાં લખે છે

'ઈ.સ. ૧૯૪૦થી ઈ.સ. ૧૯૬૦ સુધી હિમાલયમાં આકરી તપશ્ચર્યા કરી આધ્યાત્મિક શક્તિઓથી વિભૂષિત બન્યા પછી જ પૂ. યોગેશ્વરજીએ લોકસંગ્રહાર્થે જનસમુદાયમાં વિચરણ કરવાનો પ્રારંભ કર્યો હતો. ત્યારથી જ તેમણે વ્યાખ્યાનો દ્વારા અને લેખનકલા દ્વારા સ્વાનુભૂતિના અમૃતની વર્ષા કરવા માંડી હતી. એમની ઓજસ્વી વાણીમાં જ્ઞાન, ભક્તિ ને યોગના રહસ્યોનું ઉદ્ ઘાટન આકર્ષક રીતે થતું હતું. તેમની રહેણીકરણીમાં દીપી ઊઠતાં સાદાઈ, સરળતા ને સૌમ્યતાનાં લક્ષણો તેમની વિશેષતાનાં દ્યોતક હતાં. જન્મ દેનારી પોતાની માતાની અંતિમ ઘડી સુધીની તેમણે કરેલી ભક્તિભાવપૂર્વકની અમૂલ્ય સેવા તેમને મહાન

માતૃભક્ત સંત તરીકે પ્રતિષ્ઠિત કરે છે. પોતાની માતાને દેશ-પરદેશમાં સાથે જ રાખતા અને જગદંબા તરીકે તેની પૂજા કરતા. '

'સમર્પણ' ને 'પરભવની પ્રીત' જેવા ઉત્કૃષ્ટ પ્રકારના વાર્તાસંગ્રહો, 'ગાંધીગૌરવ' જેવું ભક્તિભાવપૂર્વકનું મહાકાવ્ય, 'શ્રી રમણ મહર્ષિ' જેવા સર્વોત્તમ ચરિત્રગ્રંથો, 'પ્રકાશના પંથે' જેવી અણમોલ આત્મકથાની સૌરભથી સદાને માટે ગુજરાતી સાહિત્યનું ઉપવન મઘમઘી રહેશે. તેમની મૌલિક કૃતિઓ અમર સ્થાન પ્રાપ્ત કરે તેવી છે. તદુપરાંત શ્રેષ્ઠ પ્રકારના અનુવાદો અને 'રામાયણદર્શન' જેવી પ્રલંબ પદ્યરચના તેમનું વિશિષ્ટ પ્રકારનું પ્રદાન છે. ઉપનિષદ્, ગીતા, ભાગવત, મહાભારત, રામાયણ, યોગદર્શન જેવા શાસ્ત્રગ્રંથો પર અભ્યાસપૂર્ણ ચિંતનાત્મક ગ્રંથોની રચનાઓ તેમના આધ્યાત્મિક અનુભવોના પ્રકાશથી પ્રકાશિત છે. આવા તમામ સાહિત્યનું મૂલ્યાંકન ગુજરાતના વિદ્વાન સાહિત્યકારો દ્વારા થતું રહેશે તો સામાન્ય જનસમાજના તેઓ ઋણી બનશે.

વિવેચક શ્રી વિજયરાય વૈદ્યે શ્રી યોગેશ્વરની વિરલ પ્રતિભા પિછાનવા અશક્તિમાન જગતને ઉપાલંભ આપતાં કહ્યું હતું : 'જગત પોતાના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી, તેવાઓમાંના એક છે.'

છ દાયકાના (ઈ.સ. ૧૯૨૧થી ઈ.સ. ૧૯૮૪ સુધીના) શ્રી યોગેશ્વરના જીવનના બે દાયકા હિમાલયમાં વીત્યા, જ્યાં તેઓ અનેક સાધુ-મહાત્માઓના સંપર્કમાં આવ્યા, એમને અનેક દેવ-દેવતાઓનાં દર્શન થયાં. શ્રી રમણ મહર્ષિ તથા શ્રી સાંઈબાબાની સંનિધિ મળી. એમનો આત્મસાક્ષાત્કાર સીધો પરમાત્મા સાથેના સંભાષણમાં પરિણમ્યો. મુંબઈના લક્ષ્મીનારાયણ મંદિરમાં પ્રવચન કરતાં-કરતાં શ્રી યોગેશ્વરે દેહત્યાગ કર્યો પણ શ્રી યોગેશ્વરના અંતરાત્માનો આવિર્ભાવ 'મા સર્વેશ્વરી'ના અધ્યાત્મતેજરૂપે જગતમાં ઝળહળતો રહ્યો છે એ અધ્યાત્મજગતનું સદ્ભાગ્ય છે.

* * *

# અનુક્રમ


**પહેલી વિદેશયાત્રા**

૧. પૂર્વભૂમિકા
૨. યોગાભિમુખતા
૩. વિશિષ્ટતાઓ
૪. વૃદ્ધો તથા બાળકોનું ધ્યાન
૫. દર્શનીય સ્થળો
૬. સફારી પાર્ક
૭. બ્લેકપુલ સરોવર તથા ટરલી
૮. લંડનની અદ્ભુત બિલાડી
૯. જાતીયતાનું જોર
૧૦. વિરોધ અને અવિરોધ
૧૧. ભગવાન સોહમ્ ની મધુર મુલાકાત
૧૨. યાત્રાની ફળશ્રુતિ
૧૩. લંડન, લેસ્ટર, પ્રેસ્ટન
૧૪. લીડ્ઝ બૉલ્ટન અને રગ્બી
૧૫. સન્માન સમારંભ
૧૬. નોંધપોથી

**બીજી વિદેશયાત્રા**

૧. લંડનમાં
૨. અવિસ્મરણીય અનુભવ
૩. અમેરિકામાં
૪. એલ સેન્ટ્રોમાં
૫. પરમહંસ યોગાનંદના સ્થાનમાં
૬. વેદાંત સેન્ટરમાં
૭. સ્ટોક્ટનમા
૮. અમેરિકન જિજ્ઞાસુ
૯. સાનફ્રાન્સિસ્કો
૧૦. સેક્રામેન્ટેમાં
૧૧. બાલ્ટિમોર અને વૉશિંગ્ટન
૧૨. ટોરન્ટોમાં
૧૩. કોર્નવાલ, ઑટાવા, મોન્ટ્રિયલ
૧૪. યોગની અભિરુચિ

**ત્રીજી વિદેશયાત્રા**

૧. આમંત્રણ
૨. યોગપ્રિય એરહોસ્ટેસ
૩. લુસાકા તથા કામ્બવેમાં
૪. લિવિંગસ્ટન અને યોમા
૫. વનના વિસ્તારમાં
૬. ભજનસંમેલન
૭. કીટવે, ચિંગોલા, મુફલીરા, એન્ડોલા
૮. લ્યુએન્સા તથા મુન્ડા વાંગા
૯. માનપત્ર અને વિદાય

**ચોથી વિદેશયાત્રા**

પ્રસ્તાવના
૧. ભૂમિકા
૨. સમારંભો
૩. માનવતા
૪. રગ્બીમાં
૫. વિજયાબહેન ને પબારીભાઈ
૬. સંસ્કારદૂત
૭. ચૈતન્ય કૉલેજ
૮. અંગ્રેજ મહિલા
૯. પ્રેસ્ટનમાં
૧૦. સાઉથપૉર્ટ
૧૧. બૉલ્ટન
૧૨. ઈંગ્લેન્ડમાં ચોરી

૧૩. એક અંગ્રેજ જીજ્ઞાસુ
૧૪. આરતીનો આવિર્ભાવ
૧૫. નાયગ્રાનો ધોધ
૧૬. કરુણ કથા
૧૭. ઑટોગ્રાફ
૧૮. એક પ્રાણવાન પાત્રનો પરિચય
૧૯. પ્રેરક પત્રો
૨૦. લોસ એન્જેલસ
૨૧. સાનફ્રાન્સિસ્કો અને ડલાસ
૨૨. ડાહ્યાભાઈ અને ગુલાબબહેન
૨૩. કર્તવ્યપરાયણતા
૨૪. આત્મજાગૃતિ
૨૫. ન્યૂયૉર્ક
૨૬. સત્કાર સમારંભ

**<u>પાંચમી વિદેશયાત્રા</u>**


૧. વિમાન રદ થયું અને ઊપડ્યું
૨. પ્રવૃત્તિ અને પ્રતીક્ષા
૩. ડરબનમાં
૪. રામકૃષ્ણ મિશનનાં કેન્દ્રોમાં - સ્વામી શિવપાદાનંદ
૫. ડરબનનાં દર્શનીય સ્થળો
૬. ડરબનની બહાર
૭. દંડી, જોહાનિસબર્ગ
૮. અદ્ ભુત મદદ
૯. પ્રિટોરિયા
૧૦. ઈસ્ટ લંડનની સંસ્મૃતિ
૧૧. ક્રુગર નેશનલ પાર્ક

* * *

# પ્રથમ વિદેશ યાત્રા

## દેશ : ઈંગ્લેન્ડ

(લંડન, લીડ્ઝ, રગ્બી, પ્રેસ્ટન, બોલ્ટન,
લેસ્ટર, માન્ચેસ્ટર, વુલમરહેમ્પટન, બ્લેકબર્ન)




## તારીખ : ૭-૭-૭૭ થી ૨૫-૧૦-૭૭

## સહયાત્રી : પૂ. માતાજી જ્યોતિર્મયી

## ૧. પૂર્વભૂમિકા

'યાત્રા' શબ્દ વિશેષ વ્યંજનાથી ભરેલો છે. પ્રવાસ, પુણ્યપ્રવાસ, સફર, પર્યટન, પરિભ્રમણ જેવા શબ્દોમાં જે રહસ્યાર્થ નથી દેખાતો એ એની અંદર જોવા મળે છે. યાત્રાને સામાન્ય અથવા અસામાન્ય પ્રવાસને બદલે પુણ્યપ્રવાસ કહી શકાય, અને છતાં પણ એ કાંઈક વિશેષ છે. ધાર્મિક, આધ્યાત્મિક કલ્યાણકાર્ય હોય છે. એ પોતાને માટે અથવા અન્યને માટે આશીર્વાદરૂપ, ઉપયોગી બને છે. એ પ્રતિપદે, પ્રતિસ્થળે, પ્રતિપળે એક અનોખી પવિત્ર પ્રવૃત્તિ હોય છે. એની આગળ, પાછળ અથવા એની અંદર અપવિત્રતાને માટે અવકાશ નથી હોતો. મારા પરદેશ પ્રવાસને હું એવા સુવિશાળ પરિપ્રેક્ષ્યમાં પેખું છું એટલા માટે મેં એને યાત્રા નામ આપ્યું છે.

વિદેશયાત્રાનું  અસાધારણ આકર્ષણ મારા જીવનમાં કદી પણ પ્રકટેલું એવું ના કહી શકાય. વિદેશદર્શનની કોઈ અદમ્ય આકાંક્ષા પણ પ્રાદુર્ભાવ નહોતી પામી. જીવનમાં ઈશ્વરેચ્છાથી કોઈક વાર એને માટેનો અનુકૂળ અવસર આવે અને અનાયાસે સહજ રીતે ક્યાંક જવાનું થાય તો ભલે, પરંતુ એના વિના ચાલે જ નહીં અને એ જીવનમાં અનિવાર્ય છે એવો ભાવ મને કદાપિ નહોતો થઈ શક્યો. જીવનના ઉષઃકાળમાં મેં સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જેવા મહાપ્રતાપી મહાપુરૂષોના પરદેશમાં કરાયેલા કલ્યાણકાર્ય વિશે વાંચેલું ને વિચારેલું. એથી આનંદ પણ અનુભવેલો. પરંતુ મારે પણ એવો પ્રવાસ કરવો જોઈએ એવી અનિવાર્યતાની લાગણી મને કદાપિ નહોતી થઈ. એવા પ્રવાસની ઝંખના મારામાં કદાપિ નહોતી જાગી. આજે પણ એને માટેની ઝંખના તો નથી જ.

તો પછી હું વિદેશયાત્રાની તૈયારી શા માટે કરી રહ્યો છું ? એનું એકમાત્ર મૂળ કારણ સર્વેશ્વરી મા જગદંબાની, પરમ કૃપાળુ સૃષ્ટિના પરમ સનાતન સૂત્રધાર પરમાત્માની ઈચ્છા કે યોજના છે. એ જ મારા સમસ્ત જીવનની ગતિવિધિનું ધ્યાન રાખે છે ને જીવનને ચલાવે છે. એ જ સર્વશક્તિમાન શાશ્વતશક્તિએ મારો હિમાલયના પરમ દિવ્યપ્રદેશમાં પ્રવેશ કરાવેલો, એણે જ દેવપ્રયાગ, ઋષિકેશ તથા મસૂરીમાં વસવાની અનુકૂળતા કરી આપેલી, અને એ જ હવે ભારતવર્ષની બહાર લઈ જવાની ઈચ્છા રાખે છે. એની ઈચ્છાનો વિજય થાય છે ને થશે જ. એની ઈચ્છા સર્વ સ્થળે સઘળા સંજોગોમાં મંગલમય હોય છે. એમાં કોઈ પ્રકારના અમંગલનો પ્રશ્ન જ પેદા નથી થતો. મારે વર્તમાન વરસમાં માતાજી સાથે વિદેશયાત્રાએ જવું એવી એની ઈચ્છા છે. એ ઈચ્છાનું ઉદ્‌ઘાટન ક્યારનુંય થઈ ચૂક્યું છે. મારે તો એનું અનુસરણ જ કરવાનું છે અને એ પણ તદ્દન તટસ્થ રીતે. તૈયારી મારે નથી કરવાની, એણે જ એની રીતે કરવાની છે અને એ જ કરે છે.

માર્ચ ૧૯૭૭માં ભાવનગરમાં મારે પ્રવચનો કરવા જવાનું થયું ત્યારે પાસપોર્ટ કઢાવવાની ઈચ્છા થતાં શ્રી નારાયણભાઈએ કોઈ વાર કામ લાગે તે માટે સામેથી પાસપોર્ટ કઢાવવા માટે મદદરૂપ થવાની ઈચ્છા દર્શાવી. ત્યાં લગભગ રોજ મળવા આવતા કલેક્ટરશ્રી એ માટે સ્વેચ્છાથી અનાયાસે ઉપયોગી થયા. લંડનથી વિધિપૂર્વક આમંત્રણપત્ર પણ આવી ગયો, અને એપ્રિલમાં પાસપોર્ટ આવી ગયા. આગળનું કાર્ય એવી રીતે સરળ બન્યું.

વિદેશયાત્રાનો પ્રારંભિક સૂત્રપાત તો ચારપાંચ વરસ પહેલાંથી થઈ ચૂકેલો, પરંતુ ચાલુ વરસે એ દૃઢમૂળ કે સફળ બન્યો. લંડનના શ્રી બાલમુકુન્દભાઈ એ કલ્યાણકાર્યમાં નિમિત્ત બન્યા. પાંચેક વરસ પહેલાં એમણે વડોદરામાં મારાં પ્રવચનો સાંભળેલાં ત્યારથી એમને મારી વિદેશયાત્રાની ભાવના થયેલી. ચાલુ વરસે એ સંપૂર્ણ સક્રિય બની. વચગાળાના વખત દરમિયાન એમણે બીજી સંસ્થા મારફત મને બોલાવવાના પ્રયત્નો કરેલા ખરા પરંતુ એ પ્રયત્નો સફળ નહોતા થયા.

ઈશ્વરનું પ્રત્યેક કાર્ય સુયોગ્ય સમયે જ એની ઈચ્છાનુસાર થતું હોય છે.

શ્રી બાલમુકુન્દભાઈની મારે માટેની સદ્‌ભાવનાને પ્રદર્શાવવા એમના પત્રોની થોડીક કંડિકાઓને રજૂ કરું તો અસ્થાને નહીં ગણાય. તો પ્રસ્તુત છે શ્રી બાલમુકુન્દભાઈના કેટલાક પત્રો :

Balmukund P. Parikh
78 Woodstock Avenue
London N.W. 11-9 RJ
England
તારીખ : ૧૦-૨-૭૭

પરમ પૂજ્ય યોગેશ્વરજીનાં પવિત્રચરણકમળમાં લંડનથી લિ. શ્રી બાલમુકુન્દનાં સપ્રેમ પ્રણામ.

આપશ્રીના બંને પત્રો – પહેલો તા. ૧૬-૧૦-૭૬નો અને બીજો તા. ૩-૨-૭૭નો યથાસમયે જ મળી ગયા છે. પહેલાનો તુર્ત પ્રત્યુત્તર આપી શક્યો નથી તો ક્ષમાયાચના. ભારતમાં આપની યોગ-પ્રવૃત્તિ, પ્રવચનો અને પ્રકાશનો ઉત્સાહથી અને જનતાના અપાર આદર-સ્નેહ-સન્માનથી વિકસી રહી છે તે જાણી ધન્યતા અનુભવું છું. શ્રી પરમેશ્વરની કૃપાથી પશ્ચિમના દેશોમાં પણ તેની સુવાસ પ્રસરે, અને આપના ચરણારવિંદથી આ ભૂમિ પણ પાવન થાય તેવી અભ્યર્થના. પરમેશ્વરે નિર્માણ કર્યું હશે તેટલું જ, ત્યારે જ, થાય છે તેવી આપની અટલ શ્રદ્ધાનાં દર્શન આપનાં દરેક પત્રમાં થાય છે. આપે તો યોગનો જીવનમાં સાક્ષાત્કાર કર્યો છે. આપશ્રીના પત્રો જ આશીર્વાદ છે. આપની કૃપા માટે આપનો અંતરથી ઋણી છું.

શ્રી ગોતાનંદજી (ચૂનીભાઈ પટેલ) ને હમણાં જ ફોન પર આપનો પત્ર વાંચી સંભળાવ્યો. તેમનું ‘કૃષ્ણ સેન્ટર’ તો અત્યારે તંદ્રાવસ્થામાં છે. અને તેઓ પણ અમેરિકાથી પરત આવ્યા પછી સામાન્ય શારીરિક બીમારી ભોગવે છે. તેમના તરફથી હવે ટિકિટ વ. ને માટેની આશા રાખવી અસ્થાને છે. માટે તે પ્રસ્તાવનો હવે અંત આવે છે એમ માની આગળ વિચારણા કરવાની રહે છે.

પૂજ્ય ગુરૂજી, અને છતાં તમે હવે પરદેશમાં આવવાનું બીડું ઝડપો, થોડો શ્રમ, ત્યાગ અને પ્રવાસની વિટંબણા સ્વીકારો તેવી મારી નમ્રપણે આગ્રહભરી વિનંતી છે. ત્યાંથી કોઈ સેવક, કોઈ ભક્ત, કોઈ ધર્મપ્રેમી, કોઈ આપનો અનુરાગી, બેનો ખર્ચ જરૂર ઉપાડી લેશે – જો તમે સહેજ વાત કરશો – જો ટહેલ નાખશો તો. આની મને શ્રદ્ધા છે. જે તે અંગે Legal કાર્યવાહી કરવાની રહેશે જે હું તુર્ત જ, તાબડતોબ, અમલમાં મૂકીશ. જેમ કે, Sponsorship Form વિગેરે મોકલવું જોઈએ. જેથી અહીં આવવા માટે Passport બની શકે, અને U.K નો Visa-Visitor’s Permit- મેળવી શકાય ! અહીં આવવા બાદ મને વિશ્વાસ છે કે અહીંની સંસ્થાઓ તરફથી આપનાં પ્રવચનો, યોગના Seminar અને પ્રાણાયામ વિગેરેના વર્ગો ચલાવશો તે ધ્યાન-વર્ગો વિગેરેની

ગોઠવણી કરીશ. અને પ્રભુની કૃપાથી દાન માટે ઝોળી ફેરવતાં આ પ્રવાસ અને ત્યાર પછીના પૃથ્વી પર્યટનના પ્રવાસ માટે પણ આર્થિક સરળતા થશે ! એક વખત ઈંગ્લેન્ડ આવવાથી આગળ બીજી વખત U.S.A.ના પ્રવાસની શક્યતા પણ સરળ બનશે ! તો મારી વિનંતી કે ત્યાંથી આવવા માટેની ટિકિટની વ્યવસ્થા ત્યાંથી જ ના કરો ? પ્રાર્થના કે નિદાન પ્રયત્ન તો કરી જૂઓ.

તો શ્રીકૃષ્ણમાં શ્રદ્ધા રાખી, તેના જ હાથમાં સુકાન સોંપી, આપ જરૂર પધારો. આપની સેવા જે થઈ શકશે – આપની સાથે ફરી આપનો પરિચય આપી – આપનાં પ્રવચનો ગોઠવી વગેરે કામગીરી બજાવી – બાકીની આર્થિક વાત પણ તેના જ હાથમાં મૂકી, યોગની સેવા, ગીતાની સેવા, ભારતીય સંસ્કૃતિની સેવા જે કરી રહ્યા જ છીએ, તેમાં એક નવું કાર્ય આરંભાશે !

પરમ પૂજ્ય માતુશ્રીને મારાં ભાવપૂર્વક વંદન

આપનો કૃપાભિલાષી

શ્રી બાલમુકુન્દનાં ભક્તિભાવપૂર્વક વંદન સહ જય શ્રીકૃષ્ણ

* * *

**Hindu Mission**
**Hindu Religious & Cultural Mission of Great Britain**



President: B.G. Patel
Vice President: D. D. Meghani
Secretary: B. P. Parikh
Treasurer: J. C. Patel

Balmukund P. Parikh
78, Wood Stock Avenue
London N.W. 11- 9 RJ
England
Date: 3-3-77

પરમ પૂજ્ય શ્રી મહાત્મા યોગેશ્વરજી,

પ્રણામ. આપશ્રીનો નડિયાદથી લખેલો તા. ૨૨-૨-૭૭નો પત્ર મળ્યો. Sponsorship from હું આપનો પત્ર આવે તુર્ત મોકલી દઈશ. પણ તેની તૈયારી માટે આ માહિતી જરૂરી બને છે જે મોકલશો તેવી પ્રાર્થના.

(૧) જે નામથી પાસપોર્ટ બનાવવાનું હોય તે પૂરેપૂરું નામ તથા સરનામું. ઉમર અને બીજી આનુષંગિક માહિતી.

(૨) પ.પૂ.માતાજી સાથે પધારનાર હોય તો તેમનું પણ પૂરેપૂરું નામ અને સરનામું. ઉંમર વ. ઉપર પ્રમાણે.

(૩) કદાચ મારે Home Office માં પણ Entry Certificate વિના વિલંબે મળે તો જવું પડે. તે માટે, તથા અહીંના પત્રોમાં જાહેરાત માટે, અને સંસ્થાઓને પાઠવવાનાં પરિપત્રોમાં તે સામેલ કરી શકાય તે હેતુથી ૧. આપનો ટૂંકો જીવનપરિચય (અંગ્રેજી અને ગુજરાતીમાં) ૨. આપનાં પ્રસિદ્ધ પુસ્તકોનું લિસ્ટ-યાદી.

આટલી માહિતી મોકલશો તેવી વિનંતી.

છતાં Passport બનાવવામાં વિલંબ ના થાય, અને તે કાર્યવાહી શરૂ કરી દઈ શકાય તે માટે જુદો પત્ર આ સાથે બીડું છું. Passport બનાવવા માટે તે પૂરતો છે.

કોઈ સંસ્થા દ્વારા આમંત્રણ જાય તો સરળતા થાય છે, તેથી આ એક સંસ્થા સાથે હું સંકળાયેલો છું તેનો ઉપયોગ કરું છું.

અહીં આવવા માટે ઉનાળાના દિવસો સારામાં સારા રહે છે. મે-જૂન-જુલાઈ-ઑગસ્ટ– આ ચાર માસ ઉત્તમ છે. બાકી એપ્રિલથી સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધી પણ ચાલી શકે.

મારા પહેલાંના કાગળમાં જણાવી ગયો છું તે પ્રમાણે – અને આપશ્રીને તો પરમેશ્વરમાં અપાર શ્રદ્ધા અને વિશ્વાસ છે જેનાં દર્શન-પ્રતીતિ આપના દરેક કાર્ય અને કૃતિમાં થાય છે – આર્થિક સહાય પણ અહીંથી ભાષણો – ભેટ (Visit to devotee's residents) અને સંસ્થાઓમાં કાર્યક્રમ દ્વારા થઈ જ જશે ! પ્રવાસ ખર્ચ વિગેરેની વ્યવસ્થા પણ તેમાંથી જ થઈ જશે તેની મને તો શ્રદ્ધા છે. બાકી 'હિન્દુ મિશન' પાસે પણ કોઈ સ્થાયી ફંડ નથી.

અત્યાર પૂરતું આટલું બસ છે. પૂછવા જેવી કંઈપણ માહિતી હોય તે જરૂર મંગાવશો.

પૂજ્ય માતુશ્રીને મારા પ્રણામ.

આપનો કૃપાભિલાષી,

શ્રી બાલમુકુન્દ પરીખનાં સસ્નેહ વંદન.

* * *

**Hindu Mission**

**Hindu Religious & Cultural Mission of Great Britain**

Registered Address: 12 Little Newport St.
P.O. Box 259, London, W.C.2.
Tel. 01-437-8270/1317

President: B. G. Patel
Vice President: D. D. Meghani
Secretary: B. P. Parikh PL reply to:
Treasurer: J. C. Patel

Balmukund P. Parikh
78, Wood Stock Avenue
London N.W. 11- 9 RJ
England
Date: 31st March, 1977

પરમ પૂજ્ય શ્રી મહાત્મા યોગેશ્વરજી,

પ્રણામ. આ સાથે Sponsorship મોકલી છે. આપનો કાર્યક્રમ અહીં આવવા માટેનો તૈયાર થતાં ખબર આપશો. અહીંનાં સર્વ મોટાં સ્થળોએ પ્રવચનો વગેરે ગોઠવાઈ જશે. લેસ્ટર સનાતન મંદિરમાં પણ મેં શ્રી આચાર્યને પત્ર લખ્યો જ છે. આપના તરફથી સમાચારની આતુરતાથી રાહ જોઈશું.

પ.પૂ. માતાજીને મારા પ્રણામ કહેશો.

લિ. બાલમુકુન્દનાં વંદન

* * *

શ્રી કૃષ્ણઃ શરણં મમ ॥

Balmukund P. Parikh
78, Wood Stock Avenue
London N.W. 11- 9RJ
England
Date: 25-4-77

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીની પવિત્ર સેવામાં,

લંડનથી લિ. બાલમુકુન્દ પરીખનાં સ્નેહપૂર્વક જય શ્રીકૃષ્ણ.

આપનો કૃપાપત્ર તા. ૧૩/૪ના રોજ રાજકોટથી લખેલો બે દિવસ પહેલાં જ મળ્યો. આપ હવે પાસપોર્ટ વિગેરે બનાવવાની તથા વીઝા મેળવવાની તૈયારી કરો છો તે જાણી ખુશી થાય છે. સ્વદેશમાં કેટલી શીઘ્ર ગતિથી કે મંદતાથી કામ આગળ વધે છે તેના પર જ ક્યારે–કયા માસમાં આવવાનું થશે તેનો આધાર છે. આપ જેમ પ્રગતિ થાય તેમ સમાચાર આપતા રહેશો તેવી વિનંતી.

અહીં લંડનમાં એક મારા સ્નેહીભાઈ શ્રી જીવણભાઈ પટેલ – સુરત districtના છે, વેપારી છે, અને તેમનું એક નાનું Printing Press ચાલે છે; અહીં લંડનમાં જૂના વખતથી છે – સેવાભાવી છે, અને તેમને ત્યાં શનિવારે સત્સંગ થાય છે, જેમાં હું સમયને અનુકૂળ હાજરી આપું છું. તેઓએ 'માધવાશ્રમ' સ્થાપ્યો છે, અને તેના દ્વારા સ્વદેશથી આવતા સંન્યાસી, પંડિત, શાસ્ત્રી, ભક્ત વ.નું સ્વાગત કરે છે, અને તેમની અહીંની યાત્રામાં મદદરૂપ થવા પ્રયત્ન કરે છે. આપ વિશે મારો ભક્તિભાવ, અભિપ્રાય વ. સાંભળી, આપનો પ્રવાસ યોજવાની, તેની જવાબદારી સંભાળી લેવાની તૈયારી બતાવે છે; ને મારી પાસે આપનું સરનામું લઈ આપને પત્ર લખ્યો છે. મેં તેમને આપનું મુંબઈનું permanent address આપ્યું હતું – કારણ અમદાવાદનું સરનામું તે સમયે મારી પાસે નહીં હતું – જ્યાં તેમણે પત્ર લખ્યો છે. આ પત્ર આપને મળશે તે સમય દરમિયાન તે પત્ર પણ આપને મળી જ ગયો હશે. તેમની પાસે ગાડી વગેરે સાધન છે. જાતે જ ગાડી ચલાવે છે. જેથી સરળતાથી તેઓ લંડનનાં સર્વ સ્થળે પ્રવાસમાં સગવડથી લઈ જઈ શકે. તેઓના પ્રસ્તાવમાં અહીંનો ખર્ચ જતાં – કંઈક 'માધવાશ્રમ'નું પણ હિત જાળવી, જે કાંઈ પ્રભુ સહાયતા કરે તેનો શેષભાગ ત્યાંની આપની પ્રવૃત્તિ માટે રહે – તેવું કંઈક હશે. આપ જે કંઈ આપને લખ્યું હોય તેના પર વિચાર કરી પત્ર લખશો તેવી વિનંતી.

અહીંની જે કોઈ સંસ્થા દ્વારા આપના પ્રવચનો વગેરે ગોઠવાશે તેઓ પણ તેમના મંદિર માટે કે સંસ્થાના નિભાવ માટે કંઈક રાખશે જ – આ અહીંનો શિરસ્તો પડી ગયો છે.

એક વખત આપનો પ્રવાસ ગોઠવાયા પછી, આપને પણ અહીંના વાતાવરણનો ખ્યાલ આવી જશે. અહીં આપના પણ ભક્તસમુદાયની જમાવટથી બીજા અનુગામી પ્રવાસ વધારે સરળ રીતે ગોઠવી શકાશે. અસ્તુ.

ભારતીય વિદ્યાભવન- લંડન પણ આપનાં પ્રવચનોનો કાર્યક્રમ રાખશે જ. ત્યાં અંગ્રેજીમાં વ્યાખ્યાનો કરવાં પડશે; જે હું માનું છું આપ કરશો જ.

પ.પૂ. માતાજીને મારા ભક્તિભાવપૂર્વક પ્રણામ.

અવકાશે પત્ર લખશો.

લિ. બાલમુકુન્દ પરીખનાં વંદન સહ,

'જય શ્રીકૃષ્ણ'

* * *

**Hindu Mission**
**Hindu Religious & Cultural Mission of Great Britain**
Registered Address: 12 Little Newport St.
P.O.Box 259, London, W.C.2. Tel. 01 -437-8270/1317

President: B. G. Patel
Vice President: D. D. Meghani
Secretary: B. P. Parikh PL reply to:
Treasurer: J. C. Patel

Balmukund P. Parikh
78, Wood Stock Avenue
London N.W. 11- 9RJ
England
Date 28-6-77.

પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી તથા પૂ. માતાજી,

પ્રણામ.

આપનો તા. ૨૦/૬નો પત્ર મળ્યો.

તા. ૭/૭એ ગુરૂવાર Heathrow Airport મળીશું. શ્રી જીવણભાઈએ આપના સ્વાગતની તૈયારી કરી દીધી છે. તેમને ત્યાં જ આપનો પહેલો મુકામ રહેશે. એમની ગાડીમાં જ તેઓ લઈ જશે. તે જ દિવસે સાંજના સત્સંગની વ્યવસ્થા પણ કરી છે. ભારતીય વિદ્યાભવનમાં શ્રી માથુરજી મારા અંગત સ્નેહી છે. તેમને પણ મેં વાત કરી છે. ત્યાં પણ આપનું પ્રવચન થશે જ. તે અંગ્રેજીમાં. બાકી બીજે બધે મોટા ભાગે ગુજરાતીમાં – અને અમુક સ્થળે હિન્દીમાં. Wembley and Harrow (લંડનના બે Districts) માં ગુજરાતીની વસતિ ખૂબ છે. ત્યાં આપનાં સત્સંગમંડળો પણ સારાં ચાલે છે. ત્યાંથી આપની ધર્મપ્રવૃત્તિની શરૂઆત લંડનમાં થશે. પછી તો આખા બ્રિટનમાં સર્વસ્થળે આપને લઈ જવાની વ્યવસ્થા કરી રહ્યો છું. મારા કેનિયાના એક બીજા અત્યંત નિકટના સ્નેહી શ્રી ભાનુભાઈ મહેતાનો સહકાર પણ બધો જ સમય મળશે. પણ આ બધાનો પરિચય વ. અહીં રૂબરૂ જ આવ્યા પછી.

આપના સફળ પ્રવાસને માટે, પશ્ચિમના દેશોની આ મંગળ શરૂઆત, ભગવાન યોગેશ્વરના નિમિત્તરૂપે 'યોગ' – ગીતા અને ઉપનિષદનો સંદેશો પહોંચાડવાના અભિમુખ દશામાં પ્રવેશતા દેશોમાં થાય છે. તેમાં પૂર્ણ સહાય –કર્તાહર્તા- તે જ છે- મળશે તેવી શ્રદ્ધાથી આ પગલું ભરીએ છીએ. આપનાં આ ભૂમિ પર દર્શન કરવાની અભીપ્સા સાથે.

લિ.

બાલમુકુન્દ પરીખનાં વંદન.

* * *

મુંબઈથી તારીખ ૭ જુલાઈની સવારે આઠ વાગ્યે ઊપડનારું વિમાન કોઈ કારણે સાડા નવ વાગ્યે ઊપડ્યું. અમારી લંડનયાત્રાનો એવી રીતે શુભારંભ થયો. મુંબઈથી લંડનનો માર્ગ લગભગ બારેક કલાકનો છે. વચ્ચે બે ઠેકાણે વિમાને એકેક કલાકને માટે ઉતરાણ કર્યું. રસ્તામાં વાદળના અસંખ્ય ઢગલાઓને અતિક્રમીને અને ભેદીને વિમાને આગળ વધીને છેવટે લંડનના વિમાનઘરને સ્પર્શ કર્યો ત્યારે અમારું અંતર આનંદી ઊઠ્યું. લંડનના સમય પ્રમાણે સાંજે છ વાગવાની તૈયારી હતી. બધે તાપ દેખાતો હતો. ઈશ્વરની

અચિંત્ય સર્વોપરી સર્વશ્રેયસ્કરી શક્તિની ઈચ્છા તથા યોજના પ્રમાણે મારી માતાજી સાથેની લંડન યાત્રા સાકાર બની.

વિમાનઘરની બહાર ઊભેલા શ્રી બાલમુકુંદભાઈએ અને જીવણભાઈએ એમના અન્ય મિત્રો સાથે અમારું સ્વાગત કર્યું.

લંડનની ઠંડી મસૂરીની ઠંડીથી ખૂબ જ ઓછી લાગી. ઠંડી લાગી જ નહીં એવું કહીએ તો ચાલે. રસ્તાઓ મોટા, પહોળા, અને મકાનોની રચના ભારે વિલક્ષણ દેખાઈ. મકાનો એકસરખા આકારનાં ને બેઠા ઘાટનાં હતાં.

શ્રી જીવણભાઈને ત્યાં જઈને જરૂરી કાર્યથી નિવૃત્ત થયા પછી અમે એક ઠેકાણે થતા સંકીર્તનમાં જઈને વાર્તાલાપ આપ્યો. એવી રીતે અમારા લંડનના જાહેર કાર્યક્રનો શુભારંભ થયો.

* * *

## ૨. યોગાભિમુખતા

### નવી લહર

ભારતીય સંસ્કૃતિના સનાતન સર્વોપયોગી સ્વર્ણસંદેશને માનવજાતિના પરમ મંગલને માટે વહેતો કરનારા અદ્ ભૂત ગ્રંથરત્ન ઉપનિષદમાં શાશ્વત શાંતિને મેળવવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. ઉપનિષદના ઋષિઓ જણાવે છે કે, માનવ જ્યાં સુધી પ્રકૃતિના પદાર્થોને પૂજે છે, ઉપાસે છે, પ્યારા સમજે છે, અને પ્રકૃતિના રૂપરંગરસમાં મમતા અથવા આસક્તિ કરે છે ત્યાં સુધી એનો અસંતોષ નથી મટતો, એને શાશ્વત શાંતિ નથી મળતી, અને એના જીવનમાં ધન્યતાની વીણા નથી વાગતી. માનવની આગળ શ્રેય અને પ્રેયના દ્વિવિધ માર્ગો આવતા હોય છે. પ્રેયનો માર્ગ પ્રાકૃતિક પદાર્થો તથા વિષયોની પ્રીતિ અને પ્રાપ્તિનો અથવા સાંસારિક સુખાકારી કે સમુન્નતિનો હોય છે. અને શ્રેયનો માર્ગ મુખ્યત્વે આત્મકલ્યાણનો, પરમાત્માને ઓળખવાનો અથવા પરમાત્માભિમુખ બનવાનો. મંદબુદ્ધિવાળા માનવો પ્રેયના પંથને જ પસંદ કરે છે અને પ્રેયના પંથે પ્રયાણ કરે છે, પરંતુ સદ્બુદ્ધિસંપન્ન માનવોના સંબંધમાં એવું નથી બનતું. તે તો સ્પષ્ટ રીતે સમજે છે કે સમસ્ત સંસારનું ઐશ્વર્ય, સુખોપભોગયુક્ત સામ્રાજ્ય અથવા આધિપત્ય પામ્યા પછી પણ, પ્રકૃતિની આરાધનાના અતિરેક પર પહોંચ્યા પછી પણ, જીવનની સંપૂર્ણ સુખાકારી, શાંતિ, સમુન્નતિ, સફળતા તેમ જ સાર્થકતાને માટે પરમપુરૂષ પરમાત્મા તરફ વળવાનું અનિવાર્ય રીતે આવશ્યક છે. આત્મકલ્યાણ અથવા શ્રેયના સાધનને અપનાવ્યા સિવાય જીવન સંપૂર્ણ બનતું નથી અને શરીરધારણનું સાર્થક્ય નથી સધાતું. એવા સદ્બુદ્ધિસંપન્ન માનવો પ્રકૃતિના પદાર્થો, વિષયો અને પ્રાકૃતિક આકર્ષણોમાંથી પોતાના મનને પાછું વાળીને પરમપુરૂષ પરમાત્માની આરાધના આદરે છે. અને પરમાત્માનો સાક્ષાત્કાર સાધીને શોક, મોહ, બંધન, અશાંતિ, અવિદ્યામાંથી મુક્તિ મેળવે છે. ઉપનિષદના સ્વાનુભવસંપન્ન ઋષિઓએ એ સંદર્ભમાં જ કહ્યું છે કે કેવળ આત્મદર્શી અથવા પરમાત્મદર્શી પુરૂષો જ શોકને તરી શકે છે અથવા મોહમાંથી મુક્તિ મેળવે છે અને પરમાનંદ તેમ જ પરમશાંતિને પ્રાપ્ત કરે છે. तरति शोकमात्मवित् ।

ઈંગ્લેંડ જેવા દેશની પ્રજાને એ વિચારધારા ઓછાવત્તા પ્રમાણમાં સમજાવા લાગી છે. પશ્ચિમમાં પ્રેયની ઉપાસના પરાકાષ્ઠાએ પહોંચી છે. ત્યાં સાંસારિક સમૃદ્ધિ તથા સુખાકારી સંપૂર્ણતાએ પહોંચી ચૂકી છે એમ કહીએ તો ચાલે. વિજ્ઞાનની શોધો દિનપ્રતિદિન નવાનવા વિક્રમો સરજતી જાય છે ને સુખોપભોગનાં નવાંનવાં સાધનો પૂરાં પાડે છે. માનવે વિજ્ઞાનની મદદથી પૃથ્વીની પ્રદક્ષિણા કરી, ચંદ્ર તથા મંગળમાં ઉતરાણ કર્યું, બાહ્ય જગતનું અથવા અવકાશનું સંશોધન કરીને અનેક પ્રકારનાં આશ્ચર્યકારક રહસ્યોને શોધી કાઢ્યાં, રેડિયો તથા ટેલિવિઝનની શોધ કરી, અને પ્રકૃતિને નાથવાના પ્રયોગો કરીને વ્યક્તિગત તેમ જ સમષ્ટિગત જીવનને સુખમય કરવાના ને સમૃદ્ધ બનાવવાના સફળ પુરૂષાર્થો આદર્યા. પરંતુ ભૌતિક સમૃદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા પછી પણ માનવનો અંતારાત્મા અતૃપ્ત અથવા અશાંત છે, એને જીવનમાં કાંઈક ખૂટતું લાગે છે. માનવના એક વર્ગને સાચી સનાતન શાંતિની ભૂખ લાગી છે, અને સમજાવા માંડ્યું છે કે મન, બુદ્ધિ તથા ઈન્દ્રિયોનો સંયમ સાધવામાં નહીં આવે અને અનાત્મ પદાર્થોમાંથી મનને પાછું વાળીને આત્માભિમુખ કરવામાં નહીં આવે ત્યાં સુધી જીવનમાં સાચી શાંતિની સંસ્થાપના નહીં થઈ શકે. એ વર્ગ

વધારે ને વધારે પ્રમાણમાં આધ્યાત્મિક જીવન જીવવા માટે કટિબદ્ધ બન્યો છે. એ એક અત્યંત આવકારદાયક અને આનંદકારક હકીકત છે. એ વર્ગ ત્યાં ધ્યાનમાં, યોગાભ્યાસમાં, સંકીર્તનમાં, પ્રભુપ્રાર્થનામાં, માંસાહાર, ધૂમ્રપાન તથા દારૂ-શરાબના ત્યાગમાં રુચિ રાખતો થયો છે એ વસ્તુ સવિશેષ નોંધપાત્ર છે. પશ્ચિમમાં એવી એક નવી લહર, આધ્યાત્મિક જીવનની અભિરુચિની નવી લહર પેદા થઈ છે. એ પ્રજા સાંસારિક સુખોપભોગોથી, વૈભવથી, વિલાસથી કંટાળી છે એવું કહેવાને બદલે ઉપરામ બની છે એમ કહેવું વધારે યોગ્ય થશે. એના એક વર્ગને જીવનના સાચા રહસ્યને હસ્તગત કરવાની અથવા ઉકેલવાની આકાંક્ષા છે. એની લગન છે. એના સિવાય સંતોષ નથી. પરિણામે એણે પોતાના પુરૂષાર્થના પ્રવાહને પલટાવ્યો છે.

એ વર્ગની આધ્યાત્મિક આકાંક્ષાના અવલોકનના અવસરો મને મારી ઈંગ્લેંડની યાત્રા દરમિયાન અવારનાર મળતા રહ્યા. એમની સ્મૃતિ પ્રેરક તથા સુખદ થઈ પડે તેવી છે. એમાંથી કેટલાકનું અવલોકન કરી લઈએ.

**શિબિરની મુલાકાત**

ભારતમાં કેટલેક ઠેકાણે શિબિરો યોજાય છે તેવી રીતે લંડનમાં ઑગસ્ટ મહિનામાં અંગ્રેજોની એક યોગશિબિર યોજાયેલી. સાત દિવસની એવી શિબિરો અવારનવાર અને ઠેકઠેકાણે થતી. મને લંડનની એ યોગશિબિરમાં પ્રવચન કરવાનું ને ધ્યાનની પદ્ધતિને બતાવવાનું આમંત્રણ મળ્યું. એ આમંત્રણ સ્વીકારીને મેં એ શિબિરની મુલાકાત લીધી તો પ્રથમ નજરે જ મારા પર એની અસાધારણ છાપ પડી. ત્યાં ૮૦ જેટલા યોગપ્રેમી યુવકો તથા યુવતીઓ જીવનની આધ્યાત્મિક સાધના તેમ જ શાંતિપ્રાપ્તિ માટે એકઠાં થયેલાં. એમનામાંના મોટા ભાગના સાધકોની ઉંમર ખૂબ જ નાની હતી. સર્વે સાધકો શાકાહારી હતા. ધૂમ્રપાનનો ત્યાગ કરી ચૂકેલા, અને દારૂને તિલાંજલિ આપીને શુદ્ધ સાત્વિક જીવન જીવવા માટે કૃતસંકલ્પ બનેલા, એ જાણીને મને અનેરો અવર્ણનીય આનંદ થયા. એવાં નાની ઉમરનાં ઉત્સાહી યુવકયુવતીઓ યોગભ્યાસમાં રસ લે એ વસ્તુ ખરેખર અને ખૂબ જ સંતોષકારક હતી. એમણે મારા માર્ગદર્શન મુજબ સરસ રીતે પદ્ધતિસર પદ્માસન કરીને ધ્યાનમાં ભાગ લીધો. સમૂહધ્યાનનો એ કાર્યક્રમ સંપૂર્ણપણે સફળ રહ્યો.

એમને મારી ધ્યાનની પદ્ધતિ ખૂબ જ પસંદ પડી ને ઉપયોગી લાગી. સાધકોએ અને એમના વતી શિબિરના સંચાલક શ્રી પીટરે મારો હાર્દિક આભાર માન્યો. અંગ્રેજોના યોગકેન્દ્રની મારી એ પ્રથમ મુલાકાત સંપૂર્ણ સફળ રહી.

અંગ્રેજ પ્રજા સામાન્ય રીતે ખૂબ જ ગુણગ્રાહી છે. બીજાની મહત્તાને જોઈને આનંદે છે અને બીજાને બનતી બધી રીતે ઉત્તેજન આપે છે. યોગશિબિરના સંચાલકે મારી ધ્યાનપદ્ધતિથી પ્રસન્ન ને પ્રભાવિત બનીને બીજાં યોગકેન્દ્રોને માહિતી આપી એટલે બીજાં કેટલાંક કેન્દ્રોએ મારો સત્વર સંપર્ક સાધીને મને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. એ આમંત્રણોને અનુસરીને મારે યોગનાં જુદાંજુદાં કેન્દ્રોમાં જવાનું થયું. એ કેન્દ્રોમાં ભાગ લેનારાં યુવકયુવતીઓને નિહાળીને મને અસાધારણ આનંદ થયો. એમને યોગવિદ્યામાં ઊંડો રસ હતો. યોગવિદ્યાનાં રહસ્યોને જાણવાની વૃત્તિ પણ તેમનામાં પ્રબળ હતી. એક યુવતી તો ભારતીય પોશાકને પરિધાન કરીને આવેલી. એ સૌને જોઈને સંતોષની લાગણી થાય એ સ્વાભાવિક હતું.

**રામચંદ્ર**

અંગ્રેજોના એવા જ એક યોગકેન્દ્રમાં મારે વિશેષ આમંત્રણથી ધ્યાનની વિધિ બતાવવા જવાનું થયું ત્યારે ત્યાં ધ્યાનના એ કાર્યક્રમનો લાભ લેવા માટે શ્રી રામચંદ્ર નામના એક દક્ષિણ ભારતીય સાધક તથા વિદ્વાન પુરુષ પધારેલાં. તે છેલ્લાં કેટલાંય વરસોથી ઈટાલીમાં તથા લંડનમાં રહેતા. ભારતમાં મહાત્મા ગાંધીજીની સાથે પણ રહેલા. એમને મારી પ્રદર્શાવેલી ધ્યાન પદ્ધતિ એટલી બધી પસંદ પડી કે વાત નહીં. એમના મુખમંડળ પર પ્રસન્નતા પથરાઈ રહી. એમણે એમની કૃતજ્ઞતાને વાણીમાં વ્યક્ત કરતાં કહ્યું :

'આશ્ચર્યકારક. અત્યંત આશ્ચર્યકારક. ધ્યાનની આવી સરસ પદ્ધતિ જીવનમાં મેં પ્રથમ વાર જ જોઈ. મને એથી ઘણો લાભ થયો. મારું મન એકાગ્ર બન્યું. મારે તમને હું રહું છું ત્યાં, ઈટાલીમાં, લઈ જવાની ઈચ્છા છે. ત્યાં રોમમાં મોટો સમારંભ છે. ત્યાં તમારાં પ્રવચનો રાખવાં છે અને મિશનરી લોકોના મઠોમાં ધ્યાનના કાર્યક્રમો ગોઠવવા છે.'

મને એમની ગુણદર્શિતાને જોઈને એમને માટે માન પેદા થયું.

મેં એમને અનુકૂળતાએ મળવા આવવાનું જણાવ્યું.

બે દિવસ પછી એ નિર્ધારિત સમયે મને મળવા આવ્યા ત્યારે એમની સાથે ઈટાલી તથા જર્મનીનો કાર્યક્રમ ઘડી લાવેલા. એમણે એ સમસ્ત કાર્યક્રમનો કાગળ મને સુપરત કર્યો. એ કાર્યક્રમ પ્રમાણે સૌથી પ્રથમ પેરિસ જવાનું હતું. ત્યાંથી જીનિવા, વેનીસ, રોમ.

કાર્યક્રમ સારો હતો. રોમમાં બૌદ્ધ ને ખ્રિસ્તી સાધુઓનું સંમેલન હતું. તેમાં ધ્યાનની વિધિ બતાવવાની ને પ્રાર્થના પર પ્રવચનો કરવાનાં હતાં. પરંતુ એમાં એક મુશ્કેલી ઊભી થઈ. અઠવાડિયા પછી આવીને એ મુશ્કેલીનો નિર્દેશ કરતાં એમણે જણાવ્યું કે

'બધે જ આપણે પાદરીઓ સાથે એમના મઠોમાં રહેવાનું છે.'

'એની હરકત નહીં.'

'પરંતુ ત્યાં સ્ત્રીઓને નથી રાખતા. એકલા પુરુષોને જ રાખે છે.'

'મઠોમાં કોઈ સાધ્વીઓ નથી રહેતી? '

'ના'

'તો પછી?'

તે વિચારમાં પડ્યા ને બોલ્યાઃ 'દોઢ મહિના સુધી માતાજીને લંડનમાં જ રાખો અથવા ભારત આગળથી મોકલી આપો તો ?'

'એવું તો ના બની શકે.' મેં જણાવ્યું, 'પરંતુ ત્યાં આપણે કોઈને ત્યાં રહીએ અથવા હોટલમાં ઊતરીએ તો?'

'કોઈને ત્યાં તો નથી રહેવા જેવું અને હોટલો ઘણી જ મોંઘી પડે તેમ છે.'

'તો પછી એ કાર્યક્રમને પડતો મૂકો. હું માતાજીની સાથે જ આવ્યો છું. એટલે એમને છોડીને ત્યાં એકલો નહીં આવી શકું.' રામચંદ્રને નિરાશા થઈ પરંતુ બીજો કોઈ વિકલ્પ ન હતો.

આખરે એ કાર્યક્રમ સ્થગિત રહ્યો. ઈશ્વરે જે કર્યું, તે સારું જ કર્યું, કારણ કે એ દોઢેક મહિનાનો ઉપયોગ અમે ઈંગ્લેન્ડનાં જુદાંજુદાં શહેરોમાં પ્રવચનાર્થે પ્રવાસ કરવામાં કરીને ભારે લોકચાહના મેળવીને ત્યાંના કાર્યને મજબૂત કર્યું.

પાદરી સમાજ પાસે પહોંચવા માટે માતાજીને મૂકી દેવાનું મને યોગ્ય ના લાગ્યું. ઈશ્વરે એમને મારી સાથે જ મોકલેલાં અને એમને મારે મારી સાથે જ લઈ જવાનાં હતાં. ભૂતકાળમાં ભારતના કેટલાય સંતમહાત્માઓએ એક અથવા બીજા પ્રયોજનથી પ્રેરાઈને પરદેશ પ્રવાસ કરેલો. એમનામાંના કેટલાક એકલા હતા તો કેટલાક શિષ્યો સાથે પ્રવાસે પધારેલા. પરંતુ પોતાની માતા સાથે પરદેશપ્રવાસ કરનારાં સંત, મહાત્મા કે યોગી તરીકે તો ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં મારું નામ જ કદાચ સૌથી પહેલાં સુવર્ણાક્ષરે અંકિત થશે અને ચિરસ્મરણીય બનશે. એ વસ્તુની અસાધારણતા કાંઈ ઓછી નથી.

**બે યુવતીઓ**

લીડ્ઝ નગરના મારા પ્રવચન કાર્યક્રમ દરમિયાન એક વાર પ્રવચનમાં મેં બે વિદેશી યુવતીઓને જોઈ. એમનું સ્વરૂપ અતિશય આકર્ષક હતું. એમણે ભગવા વસ્ત્રો પહેરેલાં અને માથે મુંડન કરાવેલું. એમની ઉંમર પચીસ વરસની આજુબાજુ લાગતી. એમને ગુજરાતી પ્રવચન તો કેવી રીતે સમજાય, પરંતુ પરમાણુઓનો લાભ મળતો હોય એવું લાગ્યા વિના ના રહ્યું. મને એમની નાની ઉંમર જોઈને આનંદ અને આશ્ચર્ય બંનેનો અનુભવ થયો. ઈંગ્લેન્ડ જેવા દેશમાં એવાં કન્યારત્નોને નિહાળીને મને હાર્દિક પ્રસન્નતા થઈ. એમની મુખાકૃતિ પર સરળતા, નિખાલસતા, નમ્રતા, પવિત્રતા તથા અસાધારણ શ્રદ્ધાભક્તિનું દર્શન થતું. એ કન્યાઓ આકાશમાંથી ઊતરી આવેલી દેવાંગનાઓ જેવી દેખાવા લાગી. એમણે મારી પાસે બીજે દિવસે એકાંતમાં મળવાનો સમય માગ્યો. મેં સમય આપ્યો એટલે એમણે સંતોષ દર્શાવ્યો.

બીજે દિવસે મારા આપેલા સમયે એમણે લીડ્ઝના મંદિરમાં મારી મુલાકાત લીધી. સવારે મારા લેખનકાર્યમાંથી નિવૃત્ત થઈને હું મેડા પરથી નીચે ઊતર્યો ત્યારે એ બરાબર મારા આપેલા સમયે જ દાદરના પગથિયા પાસે ઊભી રહેલી. એમણે ભારતીય પદ્ધતિ પ્રમાણે પ્રણામ કર્યા. અમે મંદિરમાં પ્રવેશ્યા એટલે એ મારી સામે બેસી ગઈ.

એમનામાંથી એક અમેરિકાથી આવેલી ને બીજી જર્મનીથી. બંને શ્રીમંત માતાપિતાની કન્યાઓ હોવા છતાં ત્યાગ તથા સંયમને માર્ગે વળેલી. પરંતુ ઈંગ્લેન્ડમાં એવાં દૃશ્યો અપવાદરૂપ ન હતા. ઈંગ્લેન્ડમાં એવો વિચિત્ર પવન ફૂંકાયો છે કે એમની અસર નીચે આવીને ઐશ્વર્યશાળી વૈભવી કુટુંબોનાં યુવકો તથા યુવતીઓ નોંધપાત્ર સંખ્યામાં સંન્યાસ, સંકીર્તન, ધ્યાન, યોગ અથવા અધ્યાત્મવાદ તરફ વળી રહ્યાં છે. પવિત્ર જીવનનો પ્રવાસ સદાને માટે સારો ને આવકારદાયક છે એ દૃષ્ટિએ એવી પ્રવૃત્તિ સ્વાગત કરવા જેવી છે.

એ કન્યાઓ આનંદમાર્ગની સદસ્યા બનેલી અને આનંદમાર્ગના સાધુ પાસેથી દીક્ષા પામેલી એ જાણીને મને આશ્ચર્ય થયું. આનંદમાર્ગની પ્રવૃત્તિ પરદેશ સુધી પહોંચી ગઈ છે અને યુવકયુવતીઓને પણ આકર્ષે છે એ ઓછું આશ્ચર્યકારક ન હતું.

એમને યોગ વિશે કેટલીક શંકાઓ હતી એ એમણે મારી આગળ રજૂ કરી. મેં એમનું સુખદ સમાધાન કરીને ભોજન કરવા માટે વિદાય લીધી તો એમણે કહ્યું : ‘તમને હરકત ના હોય તો અમે મંદિરમાં થોડાક સમય સુધી ધ્યાન કરવા બેસીએ. ધ્યાન કરવાથી અમને ખૂબ જ શાંતિ મળે છે.’

કેટલો સરસ પ્રસ્તાવ ?

મેં એમને અનુમતિ આપી એટલે બંને બહેનો પદ્માસન વાળીને ધ્યાનમાં બેઠી. એમણે મનને એકાગ્ર કરવાની આરાધના આરંભી.

ભોજનવિધિથી પરવારીને પાછા આવીને જોયું તો એ બહેનો પૂર્વવત્ સ્વસ્થતાપૂર્વક ધ્યાનમાં બેઠેલી. એ દૃશ્ય અત્યંત આનંદદાયક હતું.

એકાદ કલાક સુધી પ્રાર્થના, પ્રાણાયમ, ધ્યાન કરીને એ વિદાય થઈ. એમના આત્માની અલૌકિકતાનો વિચાર કરીને મને એમને માટે માન પેદા થયું. પૂર્વજન્મના પ્રબળ સંસ્કારો સિવાય એટલી નાની ઉંમરમાં એવી અભિરુચિ કેવી રીતે પેદા થાય ? અને પેદા થયેલી અભિરુચિ ચિરસ્થાયી બનીને ટકે પણ કેવી રીતે ? એ બંને દેવકન્યાઓ વખતના વીતવાની સાથે મોટી થશે ત્યારે એમનું વ્યક્તિત્વ કેવું વિશદ અને વિશાળ બનશે એની કલ્પના મારે માટે રોચક અને આનંદદાયક થઈ પડી. આવી જ રીતે વિકાસ કરીને, જીવનનાં સર્વોત્તમ આધ્યાત્મિક શિખરોને સર કરીને એ મહાન કૃતકૃત્ય યોગિની બનશે એમાં શંકા નથી.

**પ્રેસ્ટનમાં ધ્યાન**

ઈંગ્લેન્ડમાં યોગાભ્યાસની ને ધ્યાનની રુચિ વધતી જાય છે એ એક સારી નિશાની છે. મોટા ભાગના માનવો સમજવા માંડ્યા છે કે કેવળ ભૌતિક વિકાસ – ગમે તેવો સર્વોચ્ચ પ્રકારનો ભૌતિક વિકાસ પણ, આત્મિક સંતોષને અને શાંતિને નહીં આપી શકે. એટલે કેટલેક ઠેકાણે તો માનવો મોટી ફી આપીને પણ યોગાભ્યાસ ને ધ્યાનાદિ શીખવા જાય છે. પ્રેસ્ટનમાં એક યોગીએ એક વાર ધ્યાનનો કાર્યક્રમ રાખેલો. ધ્યાન શીખવા માટે કલાકની વીસથી પચીસ પાઉન્ડ જેટલી ફી રખાયેલી. એ કાર્યક્રમમાં પચીસેક સાધકોએ ભાગ લીધેલો.

પ્રેસ્ટનના યોગાનુરાગી કાર્યકર્તાઓએ મને ધ્યાનવિધિ શીખવવા માટે આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું ત્યારે મેં એમને શાંતિથી જણાવ્યું :

‘આપણા ધ્યાનની કોઈ ફી નથી. જેમને પણ રસ કે રુચિ હોય તે બધા જ તેનો લાભ લઈ શકે છે. અમારી ભારતીય ઋષિપરંપરા તથા સાધનાપદ્ધતિ પ્રમાણે યોગાભ્યાસ કે ધ્યાનાદિ શીખવવાની કોઈ નિશ્ચિત ફી ના હોય. એની પાછળ કેવળ સેવાભાવ જ હોય. અમને એવો સંદેશ આપવામાં આવ્યો છે. ધ્યાનના કાર્યક્રમની છાપામાં જાહેરાત આપો. ત્યારે એના અનુસંધાનમાં ખાસ જણાવજો કે ધ્યાનની કશી ફી નથી.’

અમારા એ ધ્યાનના કાર્યક્રમમાં સોએક સાધકોએ લાભ લીધો. એમાં થોડાક અંગ્રેજો પણ હતા. એક અંગ્રેજ સન્નારી પ્રેસ્ટનમાં યોગાસનોના વર્ગો ચલાવતી. એને યોગાસનોનો રસ કેવી રીતે પેદા થયો એ વિશે એના પોતાના જ ઉદ્‌ગારોને જોઈ જઈએ.

'વરસો પહેલાં મને ભયંકર અકસ્માત થવાથી મારા પગને ઈજા પહોંચી. ઉપચાર કરાવવા છતાં પણ સારું ના થયું ત્યારે ડૉક્ટરોએ મને પગને કાપી નાખવાની સૂચના આપી. મારી ચિંતા વધી ગઈ. એ દિવસોમાં મારી પાસે એક યોગાસનોનું પુસ્તક આવ્યું. એની મદદથી મેં કેટલાંક હળવા યોગાસનોનો અભ્યાસ કરવા માંડ્યો. એ અભ્યાસથી મને ધીમે ધીમે રાહત મળવા માંડી, ને છેવટે મારો દુખાવો દૂર થયો. હું સંપૂર્ણ સ્વસ્થ બની. મારે માટે ચાલવાનું પણ કઠિન હતું પરંતુ આજે હું દોડી શકું છું. એ બધો યોગાસનોનો પ્રભાવ અને ચમત્કાર છે. બીજી બહેનોને પણ એક અથવા બીજી રીતે મદદરૂપ થઈ શકાય એને માટે હું યોગાસનોનો વર્ગ ચલાવું છું. યોગ સૌ કોઈને માટે ખરેખર ઉપયોગી અને આશીર્વાદરૂપ છે.'

એ સન્નારીના ઉદ્ગારો સૌને માટે પ્રેરક અને આનંદપ્રદાયક થઈ પડ્યા. યોગાસનોના અભ્યાસને લીધે એ સન્નારીના પગે કોઈ પ્રકારની ખોડ નહોતી દેખાતી. એના અનુભવપૂર્ણ જીવનમાંથી બીજાને પ્રેરણા મળી.

**મુદ્રાઓ વિશે વાર્તાલાપ**

લંડનના મારા નિવાસ દરમિયાન એક વાર મારે એક અંગ્રેજ સન્નારીને ત્યાં વિશેષ આમંત્રણથી પ્રેરાઈને જવાનું થયું. એ અંગ્રેજ સન્નારી યોગના વર્ગો ચલાવતી. એમાં અંગ્રેજ છોકરીઓ જ ભાગ લેતી. એ સત્કાર્યમાં એને એના પતિનો સંપૂર્ણ સહયોગ હતો.

યોગના વર્ગોમાં જે છોકરીઓ ભાગ લેતી તેમાંની મોટા ભાગની છોકરીઓ પચીસ વરસની અંદરઅંદરની હતી. એમણે મુદ્રાઓ પરના મારા પ્રવચનને ધ્યાનપૂર્વક રસસહિત સાંભળ્યું. મારા બતાવ્યા પ્રમાણે એમણે મુદ્રાઓનો અભ્યાસ પણ કર્યો.

કાર્યક્રમના અંતે એમાંની કેટલીક બહેનોએ યોગસાધના તથા ધ્યાન વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા. એ પ્રશ્નો વિશુદ્ધ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પૂછવામાં આવેલા. એ દેશની યુવતીઓના અમુક ચોક્કસ વર્ગના માનસમાં કેવી ક્રાંતિ થઈ છે અને ભાવો તથા વિચારોની કેવી નવી લહર વહી રહી છે એનો એના પરથી પરિચય થયો. એ નવી લહરને નિહાળીને મને આનંદ થયો. એણે મને જુદી જ દિશામાં વિચારો કરી મૂક્યો.

*

બૉલ્ટનમાં એક પ્રૌઢાવસ્થાએ પહોંચેલી અંગ્રેજ સન્નારી મારી પાસે લગભગ રોજ આવવા માંડી. એ સન્નારી શિક્ષિકા તરીકે કાર્ય કરતી. એની જિજ્ઞાસાવૃત્તિ અજબ હતી. એને ભારતીય ધર્મ અને સંસ્કૃતિ વિશે માહિતી મેળવવાની ઉત્કટ ઈચ્છા હતી. એનું માનસ પૂર્વગ્રહથી પીડાતું નહોતું. છેલ્લે દિવસે મારી વિદાય વખતે એણે સંવેદનછલેલા સ્વરે કહ્યું કે તમે વિદાય થાવ છો પરંતુ તમારી સુવાસ સદા અમર રહેશે. પોતાનું કાર્ય કર્યા કરશે.

* * *

## ૩. વિશિષ્ટતાઓ

ભારતમાંથી સીધા જ આવેલા અથવા આફ્રિકામાંથી પ્રવેશેલા ભારતીયો કે ગુજરાતીઓ અને એમાંય મોટે ભાગે ગુજરાતીઓ; માયાળુ અને સેવાભાવી છે. સત્સંગી અથવા ધર્મપરાયણ પણ ખરા. લંડનમાં અને ઈંગ્લેન્ડનાં જુદાંજુદાં શહેરોમાં એમના તરફથી સમય સમય પર સત્સંગનું આયોજન કરવામાં આવે છે. લંડનની બહારનાં શહેરોમાં લેસ્ટર, પ્રેસ્ટન બૉલ્ટન જેવાં શહેરો સત્સંગની દૃષ્ટિએ ખાસ ઉલ્લેખનીય છે. એમાં રગ્બી શહેરનો પણ ઉમેરો કરવા જેવો છે.

ઈંગ્લેન્ડમાં કેવળ ભૌતિક સમૃદ્ધિનું જ દર્શન થાય છે એવું નથી સમજવાનું. ત્યાં નીતિમત્તાનું તથા સદાચારનું અથવા વ્યવહારની વિશુદ્ધિનું ઉચ્ચ ધોરણ પણ ખાસ ધ્યાન ખેંચે એવું છે. એ દેશની પ્રજામાં ભારતની પ્રજાની પેઠે ધર્મનો દેખાવ જ નથી પરંતુ એના વ્યવહારમાં મોટે ભાગે ધર્મ વણાઈ ગયો છે. ધર્મ કોઈ પણ દેશની પ્રજાના રોજબરોજના વ્યાવહારિક જીવનનું અભિન્ન અંગ બને તો જ ઉપયોગી અને આશીર્વાદરૂપ થઈ શકે. ઈંગ્લેન્ડમાં પરંપરાગત પ્રસ્થાપિત ચર્ચ કે ધર્મમંદિરોની આકર્ષકતા અથવા આસ્થા યુવાનવર્ગમાંથી દિનપ્રતિદિન ઘટતી જાય છે. એને લીધે ચર્ચમાં યુવાનો જોઈતા પ્રમાણમાં નથી જતા. કેટલાંક ચર્ચ, મંદિરો, ગુરુદ્વારાઓ, મસ્જિદો તથા બીજી સેવાસંસ્થાઓના નિર્માણ માટે ખરીદવામાં આવે છે. પ્રજાની અંદર ધર્મભાવના જાગતી રાખવા માટે રેડિયો પરથી બાઈબલના પાઠોને અને બીજા સંદેશાઓને પ્રતિસપ્તાહ નિયમિત રીતે વહેતા કરવામાં આવે છે. તો પણ યુવાપેઢીમાં ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનો જોઈએ તેવો રસ પેદા નથી કરી શકાતો, એ વાસ્તવિકતાને સ્વીકાર્યે જ છૂટકો છે. ઈંગ્લેન્ડમાં યુવાનો ને યુવતીઓનો એક વર્ગ ધર્મવિમુખ બનીને મનની શાંતિ અથવા જીવનના આનંદ માટે વ્યસનો તરફ કે વિલાસિતા તરફ વળ્યો છે એ વાત સાચી હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે શાંતિ માટે, સ્વાસ્થયલાભ માટે, સૌંદર્ય યૌવનની સુરક્ષા તથા કોઈક વિરલ અપવાદરૂપ સંજોગોમાં સ્વાત્મ સાક્ષાત્કાર માટે એમનો એક બીજો વર્ગ યોગ, સંકીર્તન, પ્રાર્થના, ધ્યાન તથા વેદાંત તરફ પણ વળવા માંડ્યો છે. કેટલાક યુવકો ભારત તથા ભારતીય સંસ્કૃતિ અને જીવનપદ્ધતિ પ્રત્યે પ્રેમ રાખે છે, કેટલાક એની પ્રશંસા કરે છે, તો કેટલાક એને સહાનુભૂતિથી સમજવાની કોશિશ કરે છે. લેસ્ટર શહેરમાં મારાં પ્રવચનો દરમિયાન મારી પાસે બે યુવાનો આવેલા. તેમણે ભારતના પ્રાચીન ધર્મગ્રંથોમાંના કેટલાકનું અધ્યયન કરેલું. એમનું શાસ્ત્રજ્ઞાન ખૂબ જ પ્રશંસનીય હતું. ભારતને સાચા અર્થમાં સમજવાની સદ્ભાવનાથી પ્રેરાઈને કેટલીક વાર યુવકો તરફથી પૂછવામાં આવતું કે ભારતમાં ભગવાનો કેટલા છે ? 'How many Gods are there in India ? '

હું તેમને તરત જ ઉત્તર આપતો કે God એટલે કે ઈશ્વર અથવા ભગવાન તો એક જ છે પરંતુ Gods એટલે કે દેવતાઓ જુદાજુદા છે. જ્યાંજ્યાં દિવ્યતાનું દર્શન થાય છે, જ્યાંજ્યાં દિવ્યતાનો વાસ છે, ત્યાંત્યાં અમારાં દિવ્ય ઋષિવરોએ દેવતાનું દર્શન કર્યું છે, પરંતુ સર્વાન્તર્યામી સર્વેશ્વર ઈશ્વર તો એક જ છે. એ ઈશ્વર અનેક છે એવું નથી માનતા.

'તો પછી ભારતમાં તો કેટલાય ભગવાનો – જીવતા જાગતા ભગવાનો વિશે સંભળાય છે !'

'એનો અર્થ એવો નથી કે અમે ભગવાન અનેક છે એવું માનીએ છીએ.'

'અમે તો એવું જ માનવા પ્રેરાઈએ છીએ.'

'એવું માનવા પ્રેરાતા હો તો બરાબર નથી. ભક્તો પોતાના ગુરુમાં કે પોતાના અસામાન્ય સંતમાં ભગવાનના પરમ પ્રકાશને પેખે તેમાં કશું ખોટું નથી. પૂજ્યભાવના અને અસાધારણ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને કેટલીક વાર ભક્તો, અનુયાયીઓ કે પ્રશંસકો એમને ભગવાન તરીકે ઓળખે અથવા એમના નામની આગળપાછળ ભગવાન શબ્દ લગાડે એ પણ સમજી શકાય તેવું છે. તો પણ સર્વાન્તર્યામી સર્વેશ્વર ભગવાન તો ભગવાન જ રહે છે. એમની બરાબરી બીજું કોઈ જ નથી કરી શકતું.'

'ભક્તો ભાવનાથી પ્રેરાઈને પોતાના ગુરુને કે કોઈ સંતપુરૂષને ભગવાન કહે તે તો ઠીક પરંતુ એથી ઊલટું, ગુરૂ કે સંત અથવા જ્ઞાનીપુરૂષ જ બીજાના અભિપ્રાયની રાહ જોયા કે પરવા કર્યા વગર પોતાને ઈશ્વર કે ભગવાન તરીકે ઓળખાવવા માંડે તો ?'

'તો એ વસ્તુ આવકારદાયક કે પ્રોત્સાહનપ્રદાયક ના લેખાય. અનુકરણીય અથવા અભિનંદનીય પણ ના મનાય.'

'ભારતમાં ભગવાનોની સંખ્યા વધે છે એ તમને ગમે છે ?'

'એ વસ્તુ મારા ગમા અથવા અણગમા સાથે સંકળાયેલી નથી. ભારતમાં ને બીજે બધે પણ શયતાનોની સંખ્યા વધે એના કરતાં ભગવાનોની સંખ્યા વધે એ ઈચ્છવા જેવું છે. જો એ ભગવાનો માનવ ના મટી જતા હોય ને માનવતાની માવજત કરતા હોય તો.'

'કોઈ ભગવાન બને એટલે માનવ મટી જાય છે ?'

'કોઈ ભગવાન બની બેસે અથવા કોઈને કોઈ કારણે ભગવાન બનાવી દેવામાં આવે તો તેવું બની શકે છે. એટલે તો પોતાને ભગવાન તરીકે ઓળખાવવામાં આનંદ માનનારો માનવ બીજા ભગવાનની હાજરીને સહી શકતો નથી અને એની સામે જાતજાતના ને ભાતભાતના આક્ષેપો કરે છે. એ માનવમનની નબળાઈ છે.'

'તો પછી સાચું શું?'

'સાચું તો એ જ કે માનવ સાચા અર્થમાં માનવ બને. એ સાચો સંપૂર્ણ માનવ બને. એમાં જ એનું શ્રેય સમાયેલું છે. એ નમ્રાતિનમ્ર અને સરળ બને એ એને માટે આવશ્યક છે.'

ત્યાંના યુવાનો કેટલીક વાર કટોકટી વિશે પણ પ્રશ્ન પૂછતા.

મારા ઉત્તરોથી એમને સંપૂર્ણ સંતોષ થતો દેખાતો.

ઈંગ્લેન્ડના નિવાસ દરમિયાન ભારતના સમાચારો ભાગ્યે જ મળતા. ભારતથી લગભગ કપાઈ ગયા જેવું જ લાગતું. ભારતને છોડીને પરલોકગમન કર્યું હોય એવો ભાસ થતો. એવું થતું કે ભારતના સમાચાર ના મળે તો પણ શું ? બધા સમાચારો કાંઈ સાંભળવા જેવા થોડા જ હોય છે ? મન ઉપરામ થઈ જાય તો બહારના સમાચારોનું એટલું બધું મહત્વ નથી રહેતું.

*

મેં આગળ પર કહ્યું છે તેમ ઈંગ્લેન્ડની મૂળ પ્રજામાં શિસ્ત, સ્વચ્છતા, સેવાભાવ, અનુશાસન, દયા, પુરૂષાર્થપરતા, સારા પ્રમાણમાં દેખાય છે. એની નાગરિકતા કે નીતિમત્તાનું ધોરણ ઘણું ઊંચું દેખાય છે.

ઈંગ્લેન્ડમાં શહેરો કે ગામડાંઓ જ્યાં પણ જઈએ ત્યાં રસ્તાઓ ખૂબ જ સુંદર, પહોળા ને પાકા દેખાય છે. રસ્તાઓની રચના જ એવી કાળજીપૂર્વક કરવામાં આવી છે કે એ દીર્ઘાયુ ઠરે છે. રસ્તાઓ પર મોટરોનું પ્રમાણ પુષ્કળ દેખાય છે અને મોટરો ઝડપથી ફરે છે તો પણ કોઈ હૉર્ન વગાડતું નથી. બધા કાયદાની મર્યાદામાં રહીને અનુશાસનનું પાલન કરતાં મોટરોને ચલાવે છે. એને લીધે તો ત્યાંના સાડાત્રણ મહિનાના અમારા નિવાસ દરમિયાન અમે કેવળ ત્રણ વાર હૉર્ન સાંભળી શક્યાં !

અજાણ્યા માણસોને મદદરૂપ થવાની વૃત્તિનું દર્શન પણ ઠેરઠેર થાય છે. ત્યાંની જનતા મોટે ભાગે બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળી છે. એ હકીકતના સમર્થનરૂપે અમે કેટલાક પ્રસંગો જોયા. લંડનમાં ડડન હિલથી આગળના બસસ્ટેન્ડની આગળના જાહેર રસ્તાની ફૂટપાથ પર બે નાની છોકરીઓ ફરતી’તી. એ ભારતીય છોકરીઓના હાથમાં થેલીઓ હતી. એના પરથી અનુમાન થતું’તું કે કાંઈક ખરીદવા નીકળી હશે. ખરીદી કરીને પાછા ફર્યા પછી એમને ઘર મળતું ના હોવાથી એ જુદીજુદી દિશામાં ઘરની શોધમાં ફર્યા કરતી. એવી રીતે એમણે અનેક આંટા માર્યા. એમની અસહાય અવસ્થાને સૂચવતી પ્રવૃત્તિને પોતાના ઘરની બારી આગળ બેસીને એક અંગ્રેજ સન્નારી જોઈ રહેલી. એ માનવસહજ કરુણાથી પ્રેરાઈને નીચે ઊતરી, બહાર નીકળીને એ છોકરીઓ પાસે પહોંચી. છોકરીઓ પાસે ઘરના સરનામાનો કાગળ હોવા છતાં એમાં ઘરનો નંબર અને રસ્તો નહોતો લખેલો. તો પણ સન્નારી એમને લઈને બેત્રણ માર્ગો પર ફરી, અને છેવટે કાંઈક માહિતી મળતાં પોતાની મોટર લાવી, એમાં એમને બેસાડીને એમના નિવાસસ્થાને પહોંચાડવા માટે ચાલી નીકળી. એ છોકરીઓને ઘેર પહોંચાડ્યા પછી જ એને શાંતિ વળી. કેટલી બધી સહૃદયતા ! જો એ સન્નારીને કોઈ કારણે એ છોકરીઓના ઘરની સાચી માહિતી ના મળી હોત તો અંતિમ વિકલ્પ તરીકે પોલીસની મદદ મેળવાત. ત્યાંનું પોલીસતંત્ર પણ બીજાને મદદરૂપ થવા સદા તૈયાર રહે છે.

બીજાને ઉપયોગી થવાની ભાવનાનું દર્શન અમારા ત્યાંનાં વિવિધ સ્થળોના પ્રવાસ દરમિયાન અમે કેટલીય વાર કરી શક્યા. એ દર્શન આનંદદાયક તથા પ્રેરક થઈ પડ્યું.

અમે પ્રેસ્ટનથી લીડ્ઝમાં પ્રવચનો કરવા ગયા ત્યારે અમારે લીડ્ઝ નંબર છમાં આવેલા હિંદુ મંદિરમાં જવાનું હતું. અમને પ્રેસ્ટનથી પોતાની કારમાં મૂકવા આવેલા ભાઈ લીડ્ઝથી એકદમ અજાણ હતા. એમણે રસ્તા પરથી મોટરમાં પસાર થતા કોઈક ગુજરાતી મહાશયને હિંદુ મંદિર વિશે પૂછ્યું પરંતુ એ મહાશય જવાબ આપ્યા વગર આગળ ચાલી નીકળ્યા. એમની મુખાકૃતિ પરથી એમને અમારી જિજ્ઞાસા ગમી નહીં એવું લાગ્યું. થોડેક આગળ જતાં માર્ગમાં ટપાલના થેલાને લઈ જતો એક ટપાલખાતાનો અંગ્રેજ કર્મચારી દેખાયો. મોટરવાળા ભાઈએ મોટરમાંથી ઊતરીને એની પાસે પહોંચીને માહિતી માગી તો એણે સહેજ પણ અણગમો બતાવ્યા વિના રસપૂર્વક બધી જ માહિતી પૂરી પાડી અને છેવટે પોતાના સંતોષ ખાતર પૂછ્યું કે મારી વાતને સારી પેઠે સમજી ગયા ? ના સમજ્યા હો તો હજુ પણ પૂછજો. પાછળથી તમને કોઈ મુશ્કેલી ના પડે. એ અંગ્રેજ કર્મચારીની સદ્ભાવનાને ને સેવાભાવનાને નિહાળીને અમને ખૂબ જ આનંદ થયો.

થોડેક આગળ ગયા પછી લીડ્ઝ યુનિવર્સિટીનું વિશાળ મકાન આવ્યું. ત્યાં દરવાજા આગળ ઊભેલા ચોકીદારને પૂછતાં એણે પણ ઊંડા રસપૂર્વક માહિતી આપી. ફૂટપાથ પર ઊભેલાં વાતે વળગેલાં વયોવૃદ્ધ

પતિપત્નીની પાસે પહોંચીને કેટલીક જરૂરી માહિતી માગી તો એમણે અતિશય વિનમ્રતાપૂર્વક જણાવ્યું કે પોતે એકદમ અપરિચિત હોવાથી એ માહિતી આપી શકે તેમ નથી. એમનો વિનયયુક્ત વ્યવહાર નોંધપાત્ર હતો.

૨૩મી ઑક્ટોબર, ૧૯૭૭ને દિવસે સાંજે અમે લંડનના હેરો ઑન ધી હિલ્સ વિસ્તારમાં પ્રવચન કરવા જઈ રહેલા. અમને મોટરમાં લઈ જનારા ભાઈ બહારગામના હોવાથી એકદમ અજાણ્યા હતા. એક ઠેકાણે માર્ગ ભૂલવાથી ને માર્ગની બરાબર ખબર ના પડવાથી એમણે નીચે ઊતરીને એક ટેક્સીવાળાને પૂછી જોયું તો ટેક્સીવાળાએ શિષ્ટાચારપૂર્વક સત્વરે જણાવ્યું કે, તમે મારી પાછળ પાછળ આવો.

ટેક્સીવાળાને એ માર્ગે જવું નહોતું તો પણ એણે ટેક્સીને એ માર્ગે વાળી લીધી અને અમે એનું અનુસરણ કર્યું.

આડાઅવળા માર્ગ પરથી પસાર થયા પછી ટેક્સીને રોકીને એણે અમારી પાસે પહોંચીને જરૂરી સમજ પૂરી પાડી અને વિદાય થતી વખતે અમારો આભાર માન્યો.

અમે એનો આભાર માનીએ એ પહેલાં જ એણે અમારો આભાર માન્યો એ જોઈને અમને નવાઈ લાગી. પરંતુ એને માટે આભારની એવી અભિવ્યક્તિ સહજ હતી. એના કથનની પાછળનો ભાવ એટલો જ હતો કે તમે મને તમારી સેવા કરવાનો જે અલ્પ અવસર આપ્યો એને માટે આપનો આભાર.

એ ભાવ કેટલો બધો ઉત્તમ અથવા અસાધારણ હતો ! એવા ભાવતરંગનું પ્રાકટ્ય સૌની અંદર થાય તો ? આપણી આજુબાજુનું વાતાવરણ કેટલું બધું બદલાઈ જાય અને સરળ તથા સુખમય થાય.

*

કાયદાનું પાલન ત્યાં સારી પેઠે અને સૌને માટે કરવામાં આવે છે. કાયદાની નજરે ગરીબ-અમીર, પ્રતિષ્ઠિત-અપ્રતિષ્ઠિત, સત્તાધીશ તથા સત્તા વગરના, સૌ સરખા ગણાય છે. કાયદો પોતાની રીતે કામ કરે છે અને કોઈની ઉપર ખોટી દયા નથી કરતો. એની આગળ કોઈની મિથ્યા લાગવગ નથી ચાલતી.

અમારા ઈંગ્લેન્ડના નિવાસ દરમિયાન એક વાર એવું બન્યું કે રાણી ઈલિઝાબેથની બહેને મોટર હાંકવામાં ભૂલ કરેલી. એનાથી કોઈક અપરાધ થયેલો. એને લીધે એને કાયદાની મર્યાદામાં રહીને દંડ કરવામાં આવેલો. દંડના એ સમાચારને રેડિયો તથા ટેલિવિઝન પરથી પ્રસારિત કરવામાં આવેલા. એ સમાચારે ત્યાંના રાજ્યનિરપેક્ષ  નિષ્પક્ષ સત્યનિષ્ઠ ન્યાયતંત્રનું જીવંત ઉદાહરણ પૂરું પાડેલું. ભારતમાં કોઈ રાજા કે રાણી હોય અને એના કુટુંબીજનો કે એ પોતે કાયદાનો ભંગ કરે તો શું થાય તેની કલ્પના કરી શકાય તેમ છે. ભારતમાં પણ એવા નિષ્પક્ષ, રાજ્યનિરપેક્ષ સ્વતંત્ર સત્યનિષ્ઠ ન્યાયતંત્રનું સુખદ સ્વપ્ન આઝાદીના ઉષઃકાળથી સેવાયેલું છે અને એ સ્વપ્નને સાંગોપાંગ રીતે સંપૂર્ણપણે સાકાર કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

અહીં બધું કામ કર્તવ્યભાવે ને નિયમિતતાપૂર્વક શિસ્તબદ્ધ રીતે કરવામાં આવે છે. ઑફિસોમાં અને કારખાનાંમાં સૌએ સમય પર જવું પડે છે. કામના કલાકો દરમિયાન પ્રમાદને પરિત્યાગીને નિયમિત રીતે કામ કરવું પડે છે. એવી કર્તવ્યભાવના કે કર્તવ્યનિષ્ઠા સમાજને અથવા રાષ્ટ્રને સમુન્નત બનાવવા માટે આવશ્યક હોય છે. જેમને કામ નથી મળતું તેમને સરકાર તરફથી કામ મળે છે; અને નાનાં બાળકોના પોષણ

માટે અલગ સહાયતા આપવામાં આવે છે. ઈંગ્લેન્ડભરમાં એના પ્રજાજનો માટે શિક્ષણ અને દવાની સગવડ મફત છે.

ત્યાંની સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવી, અસાધારણ રીતે નોંધપાત્ર છે. મોટાં શહેરો કે નગરો તો સ્વચ્છ છે જ પરંતુ નાના ગામડાં પણ એટલાં જ નિર્મળ છે.

જીવનોપયોગી વસ્તુઓના ભાવો ચોક્કસ હોય છે એટલે વ્યાપારમાં પ્રામાણિકતાનું સરખું ધોરણ સચવાઈ રહે છે. કોઈ જાતની અનીતિની શંકા નથી રહેતી. વ્યાપારીઓ નીતિને નેવે મૂકીને વેપાર નથી કરતા. એનું એક નાનુંસરખું ઉદાહરણ પૂરતું થઈ પડશે.

એક વાર જાહેર ફરમાન મુજબ કેટલીક વસ્તુઓના ભાવો વધારવામાં આવેલા. એમાંથી એક વસ્તુને ખરીદવાની ઈચ્છાથી પ્રેરાઈને કોઈક ગ્રાહકે દુકાનમાં પ્રવેશ કર્યો. વસ્તુના ભાવ વધી ગયેલા એની ખબર હોવાથી એણે દુકાનદારને પૂછ્યું : 'હમણાં થયેલો ભાવવધારો તમારી જાણબહાર છે ? તમે ભાવમાં કશો વધારો નથી કર્યો. થોડાક વખત પહેલાં મેં અહીંથી આ વસ્તુ ખરીદેલી ત્યારે પણ આ જ ભાવ હતો.'

દુકાનદારે શાંતિથી ઉત્તર આપ્યો : 'હાલના ભાવવધારાની મને ખબર છે. તે પ્રમાણે મારે ભાવ વધારવા જોઈએ. પરંતુ ભાવવધારાની જાહેરાત પહેલાંનો લીધેલો માલ હજુ પડ્યો છે. એ માલ મને પહેલાંની કિંમતે મળ્યો હોવાથી મારે એ જ રીતે આપવો જોઈએ. એ જ માણસાઈ કહેવાય.'

માણસાઈના એવા પ્રસંગો એ દેશમાં ડગલે ને પગલે બનતા હોય છે. ત્યાંની અંગ્રેજ પ્રજાના ચારિત્ર્યનું સ્તર એવું ઊંચું છે.

ભેળસેળથી ત્યાંની પ્રજા સર્વથા અજ્ઞાત છે એવું કહીએ તો ચાલે. ખાદ્ય પદાર્થો કે દવાઓમાં કોઈ ભેળસેળ નથી કરતું. એવી જનહિતવિરોધી આરોગ્યનાશક ભેળસેળની પ્રવૃત્તિની કોઈને કલ્પના જ નથી થતી.

ત્યાંનું પોલીસતંત્ર પોતાની પ્રવૃત્તિ માટે વખણાય છે. જનતાને પોતાની રીતે ને જુદીજુદી ઢબે ઉપયોગી થવા માટે તૈયાર રહે છે. જેને પણ જરૂર હોય છે તેની મદદ માટે એ બનતી વહેલી તકે પહોંચી જાય છે. અરજીઓ કે ફરિયાદને નામે આવશ્યક વિલંબ કરવામાં નથી આવતો.

એક વાર અમે રાતે પ્રવચન કરીને બૉલ્ટન શહેરમાં પાછા ફર્યા ત્યારે અમારા મકાનની સમીપની શેરીમાં બે છોકરાઓ દ્વંદ્વયુદ્ધે ચઢેલા. અમારી સાથેના વ્યાપારી ભાઈએ પોલીસને ટેલિફોન પર તરત જ ખબર આપી એટલે ઘટનાસ્થળ પર પોલીસ પાંચેક મિનિટમાં જ આવીને ઊભી રહી. એણે છોકરાઓને છૂટા પાડ્યા ને પોતાની સાથે લીધા.

કેટલી બધી કાર્યક્ષમતા !

*

ઈંગ્લેન્ડમાં  સર્વત્ર બાટલીઓમાં ઘેર બેઠે ગાયનું ચોખ્ખું દૂધ મળે છે. વહેલી સવારે દૂધવાળા દૂધની બાટલીઓને જુદાંજુદાં ઘરની બહાર મૂકી જાય છે અને ઘરવાળાએ મૂકેલી ખાલી બાટલીઓને લઈ જાય છે. દૂધની બાટલીઓને બીજું કોઈ નથી અડતું. એ દેશની પ્રજાની નીતિમત્તાનું ધોરણ ધાર્યા કરતાં ઘણું ઊંચું છે.

ગાયો એકદંરે ખૂબ જ સ્વસ્થ અને હૃષ્ટપુષ્ટ દેખાય છે. એમની સર્વત્ર સારી સંભાળ રાખવામાં આવે છે. ગાયો દેખાવમાં નાની હોવા છતાં પુષ્કળ દૂધ આપે છે. અંગ્રેજો ગાયોની પૂજા નથી કરતા, એના પૂછડાંને

આંખે નથી લગાડતા, કે એની પ્રદક્ષિણા પણ નથી કરતા, પરંતુ ગાયોનું પર્યાપ્ત ધ્યાન રાખે છે. ત્યાં ક્યાંય ભેંસ તો દેખાતી જ નથી.

ગાયોનું દૂધ યંત્રની મદદથી કાઢવામાં આવતું હોય ત્યાં વાછરડાં ગાયોને દોડીને વળગી પડતાં હોય, ધાવતાં હોય, અને ગાયો વાત્સલ્યભાવથી ભરાઈને એમને અંતરના ઉમળકાથી ચાટતી હોય, એવું હૃદયદ્રાવક સંવેદનાત્મક દૃશ્ય તો જોવા મળે જ ક્યાંથી ? એવાં દૃશ્યો ભારતમાં ઠેરઠેર દેખાય છે. એમની અંદર સ્નેહની શુચિતાનું અથવા સહજતાનું નૈસર્ગિક પ્રતિબિંબ જોવા મળે છે. વિજ્ઞાનની શોધોએ કેટલીક સગવડો અથવા અનુકૂળતાઓ આપી છે એ સાચું છે પરંતુ કેટલીક કૃત્રિમતાઓ પણ ઊભી કરી છે એ પણ એટલું જ સાચું છે.

ગાયો જ્યારે દૂધ આપવા લાયક નથી રહેતી અથવા વૃદ્ધાવસ્થા પર પહોંચે છે ત્યારે એમની દશા કેવી થાય છે ? એમની સાથે કેવો વ્યવહાર કરાય છે ? એ વ્યવહાર માનવીય અથવા આદર્શ હોય છે ખરો ? એ પ્રશ્નો ખાસ ધ્યાન ખેંચે એવા હોવાથી વિશેષ વિચારણા માગી લે છે.

જે ગાયો અમુક ચોક્કસ અવસ્થા પર પહોંચી જાય છે અને દૂધ આપવા લાયક નથી રહેતી તે ગાયોને કાપી નાખવામાં આવે છે. એ ગાયો બીજા કોઈ જ કામની નથી રહેતી એટલે એમને મારીને એમના માંસનો ખાવા માટે ઉપયોગ કરાય છે.

મને એની માહિતી મળી ત્યારે મેં જણાવ્યું : 'ગાયોની સાથેનો એવો વ્યવહાર આદર્શ ના કહેવાય.'

'કેમ ? એ ગાયોને મારી નાખવામાં કાંઈ ખોટું છે ?

'હા. એમને કુદરતી મોતે મરવા દેવી જોઈએ.'

'પરંતુ એ દૂધ ના આપતી હોય તો એમને શા માટે જીવતી રાખવી ?'

'માનવતાને માટે. એમને જીવવાનો ને પેન્શન ખાવાનો અધિકાર છે.'

'કેવી રીતે ?'

'તમારા દેશમાં વૃદ્ધોને પેન્શન આપવામાં આવે છે ?'

'હા. બધા જ વૃદ્ધોને આપવામાં આવે છે.'

'શા માટે આપવામાં આવે છે ?'

'એનો ઉત્તર સ્પષ્ટ છે. એમણે યુવાવસ્થામાં કામ કર્યું છે અથવા નોકરી કરી છે. હવે એ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ્યા છે એટલે પેન્શનના અધિકારી છે.'

'એમને પેન્શન આપવાને બદલે મારી નાખો તો ?'

'એમ કાંઈ મારી શકાય ?'

'શા માટે ના મારી શકાય ? એમને મારી નાખવાથી કેટલા બધા પૈસા બચે ?'

'પૈસાનો પ્રશ્ન ગૌણ છે.'

'તો પછી જે ગાયોએ સમાજની આટલા બધા સમય સુધી સેવા કરી છે તે ગાયોને વૃદ્ધાવસ્થામાં પેન્શન મેળવવાનો અધિકાર નથી ? એમને મારી નાખવામાં માનવતા છે ?'

'તમારી વાત વિચારવા જેવી ખરી. અમે એ પ્રશ્નને એવી રીતે વિચાર્યો જ નથી.'

'વિચારી જુઓ અને કરી શકાય તો એ દિશામાં કાંઈક કરો પણ. મૂંગાં પ્રાણીઓને કરાયેલો અન્યાય અને એમની આહ કેટલીક વાર ખૂબ જ હાનિકારક નીવડે છે. મોટાંમોટાં સમૃદ્ધ સામ્રાજ્યોના પાયાને પણ હચમચાવી નાખે છે. તમે યુવાવસ્થામાં ગાયોનું ધ્યાન રાખો છો તેમ વૃદ્ધાવસ્થામાં પણ રાખો તો સારું. એને માટે એમનો અધિકાર છે.'

ગાયોની હિંસા સાથે આપણે સંમત ના થઈ શકીએ એ સાચું હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે ગાયોની ત્યાં લેવાતી સંભાળ આદર્શ અને અનુકરણીય છે. ભારતમાં ગોરક્ષા તથા ગોપાલનના ક્ષેત્રે ઘણું ઘણું કાર્ય કરવાનું છે. એ કાર્યની સામૂહિક સંસિદ્ધિ માટે ત્યાંના સફળ ગોપાલન પ્રયોગોમાંથી આપણને મહત્વનું માર્ગદર્શન મળે તેમ છે. આપણે ત્યાં ગાયોની પૂજા થાય છે ખરી પરંતુ પૂજાની સાથે સમ્યક્ સેવા થાય તો સોનામાં સુગંધ ભળે. ગાય આપણા સમાજજીવનનું અનિવાર્ય અને અતિશય અગત્યનું અભિન્ન અંગ હોવાથી એની જેટલી પણ સંભાળ રાખીએ અને એના વિકાસની અથવા સંરક્ષણ-વર્ધનની જેટલી પણ યોજનાઓ બનાવીએ એટલી ઓછી છે. ગાયોને કેવળ માતા માનવાથી ને પૂજવાથી જ કોઈ વિશેષ હેતુ નહીં સરે.

*

કર્તવ્યપરાયણતા, અપ્રમાદ, અન્યના ગુણોનું દર્શન અને અન્યને પ્રોત્સાહન ઈંગ્લેન્ડની પ્રજામાં સારા પ્રમાણમાં જોવા મળે છે. એનું એક નાનુંસરખું છતાં પણ અગત્યનું ઉદાહરણ આપું.

લીડ્ઝ શહેરમાં મારાં પ્રવચનો ચાલી રહેલાં ત્યારે એક સત્સંગી ભાઈ સાથે વાતચીત થઈ. એમણે પૂછ્યું : 'પ્રવચનોમાં કેટલા માણસો આવે ?'

મેં કહ્યું : 'એ તો પ્રવચન કરનાર પર અને પ્રવચન સ્થળ પર તથા બીજી કેટલીક વસ્તુઓ પર આધાર રાખે.'

'માનવા ખાતર માની લઈએ કે સો આવે, બસો આવે, પાંચસો આવે, હજાર આવે કે બે હજાર આવે. પરંતુ રેડિયા પરથી વાર્તાલાપ આપીએ તો કેટલા બધા લોકોને લાભ મળે ?'

'ઘણા લોકોને.'

'આપણા વિચારો આખા ઈંગ્લેન્ડમાં ફરી વળે. તમારા વાર્તાલાપો ખૂબ જ સરસ અને પ્રેરક હોય છે. એમનો પ્રચાર વધારે ને વધારે પ્રમાણમાં થાય એ આવશ્યક અને આશીર્વાદરૂપ છે.'

'પરંતુ રેડિયા પરથી એમનો પ્રચાર કેવી રીતે થાય ?'

'એ કામ મને સોંપી દો.'

'સારું.'

બે દિવસમાં તો એ ભાઈઓ મારા રેડિયો વાર્તાલાપની પૂર્વભૂમિકાને તૈયાર કરી.

ત્રીજે દિવસે એમનો ટેલિફોન આવ્યોઃ 'આપણે રેડિયો સ્ટેશન પર રેકર્ડિંગ કરાવવા જવાનું છે.'

'ક્યારે ?'

'આજે સાંજે છ વાગ્યાનો ટાઈમ આપ્યો છે. હું તમને લેવા માટે સાડા પાંચ વાગ્યે આવી પહોંચીશ. તમે તૈયાર રહેજો.'

સાંજે નિયત સમયે રેડિયો સ્ટેશન પર પહોંચ્યા. ત્યાંના કાર્યકર્તાઓએ મારી સાથે વાત કરીને સંતોષની ઊંડી લાગણી સાથે જણાવ્યું : 'વચ્ચે થોડા દિવસોની રજા પછી અમારું કાર્ય આજે શરૂ થાય છે. અમને એ વાતનો આનંદ છે કે તમારા જેવા મહાત્માપુરૂષનાં પુનિત પગલાં અહીં પડ્યાં, અને તમારા કાર્યક્રમને મેળવવા અમે સદ્‌ભાગી થઈ શક્યા.'

રેકર્ડિંગ પૂરું થયા પછી અમે થોડીક ચર્ચા કરી. છૂટા પડતી વખતે મેં પૂછ્યું : 'મારો વાર્તાલાપ રેડિયો પરથી ક્યારે પ્રસારિત થશે ?'

'કાલે સાંજે... વાગ્યે.'

'કાલે જ ?'

'હા કાલે જ. સારા કામમાં વિલંબ શા માટે ?'

એમના કહ્યા પ્રમાણે બીજે દિવસે એ વાર્તાલાપને પ્રવાહિત કરવામાં આવ્યો.

ત્યાં કોઈને ખોટા વાયદા કરવામાં કે આધાર વિનાનાં આશ્વાસન આપવામાં તો કોઈ રસ જ નથી દેખાતો.

ભારતમાં સર્વત્ર એવી ગુણગ્રાહકતા અને કાર્યતત્પરતાને વહેતી કરી શકાય તો જાહેર જીવનનું ધોરણ કેટલું ઊંચું આવે અને દેશને કેટલો બધા લાભ થાય ?

*

ઈંગ્લેન્ડમાં પ્રજાનું સામૂહિક નૈતિક જીવનધોરણ સામાન્ય રીતે જોતાં એકંદરે ઘણું ઊંચું દેખાય છે એનો અર્થ એવો નથી કે ત્યાંના જાહેરજીવનમાં સઘળું સારું જ છે અને કશું જ ત્રુટિરહિત નથી. સંસારમાં દૈવી અને આસુરી સંપત્તિ સર્વત્ર પોતાનો ભાગ ભજવતી હોય છે. ક્યાંક અધિક પ્રમાણમાં તો ક્યાંક અલ્પ પ્રમાણમાં પોતાનું કાર્ય કરતી હોય છે. ઈંગ્લેન્ડના મારા નિવાસ દરમિયાન એક ભાઈએ મને કહેલું કે પહેલાં આ દેશમાં ચોરી થતી જ નહીં, ચોરીને કોઈ સમજતું જ નહીં એમ કહીએ તો ચાલે, પરંતુ કેટલાક પરદેશીઓના આવ્યા પછી છેલ્લાં કેટલાંક વરસોમાં વાતાવરણ થોડુંક બદલાયું છે અને વિકૃત બન્યું છે. હવે ચોરી થાય છે ને લૂંટફાટના બનાવો પણ બને છે. એ ભાઈનો તાજેતરમાં પત્ર આવ્યો છે. એમાં એમણે જણાવ્યું છે કે લંડનમાં રહેતા એમના સુપુત્રના ઘરમાંથી ધોળે દિવસે પાંચ હજાર પાઉન્ડ જેટલી મોટી રકમની ચોરી થઈ છે. હજુ સુધી ચોરીની એ રકમનો પત્તો નથી લાગી શક્યો.

અમે લંડનમાં હતા ત્યારે અમારા યજમાન ભાઈની રસ્તાની એક બાજુએ રાખેલી મોટર એકાએક ચોરાઈ ગયેલી. દિવસોની તપાસ પછી પણ એ મોટર નહોતી મળી શકી. એથી એ ભાઈ ભારે ઉદાસ બનેલા.

એક વાર ત્યાંના અખબારમાં એક વિચિત્ર કહી શકાય એવો કિસ્સો છપાયેલો. એ કિસ્સા પ્રમાણે બે ગુજરાતી શ્રીમંત પુરુષો રાતના લંડનનો રસ માણવા માટે બેત્રણ અંગ્રેજ યુવતીઓના મહેમાન બન્યા. એમણે ત્યાંના રસમય વાતાવરણમાં મુક્ત રીતે વિહાર કર્યો. પાછા ફરવાનો વખત થયો ત્યારે એમણે જોયું તો એમની પાસેથી બધી જ રકમ ગુમ થઈ ગયેલી. એમણે વિરોધનો અવાજ ઉઠાવ્યો અને ફરિયાદ કરવાની તૈયારી બતાવી તો એ અંગ્રેજ યુવતીઓએ એમને અપમાનિત કરીને સામેથી ફરિયાદ કરવાની ધમકી આપી.

પેલા ગુજરાતી શ્રીમંત શોખીનોને એમનો શોખ ભારે પડી ગયો. એમને માટે મૂંગે મોઢે બહાર નીકળી જવા સિવાય બીજો કોઈ રસ્તો ના રહ્યો.

ત્યાંની પ્રજાનો એક વર્ગ માનસિક ઉશ્કેરાટ, આવેગ અને અસંતોષમાં જીવે છે અને અસાધારણ ઉત્તેજનમાં શ્વાસ લે છે. એ માનસિક રાહત અને શાંતિને અનુભવવા માટે જુદી જુદી જાતનાં સાહસોનો આધાર લે છે. જે પ્રજા પ્રકૃતિની પૂજામાં મગ્ન હોય, મન-ઈન્દ્રિયોને છૂટો દોર આપતી હોય, અને પરમ પુરુષ પરમાત્માની ઉપાસના આદરતી ના હોય તે પ્રજા કદી શાશ્વત શાંતિ ને સાચા સુખનો સ્વાદ ના પામી શકે. એનો અંતરાત્મા અહર્નિશ અતૃપ્ત જ રહે. વિજ્ઞાનની શકવર્તી શોધોએ ભૌતિક સુખોપભોગની સામગ્રીના દ્વારને ઉઘાડી આપ્યું છે. પરંતુ આત્માની અલૌકિક અનુભૂતિ નથી આપી. એને લીધે જીવનમાં, વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાં, અસંતોષના ઓળા ઊતર્યા છે. એ ઓળાઓનો અંત આણવા માટે આધ્યાત્મિક્તા તરફ વળવું જ રહ્યું.

જીવનમાં કૃત્રિમ કામચલાઉ આનંદને મેળવવા માટે પ્રજા રમતો રમે છે, રમતોને જુએ છે, જંગલી ઘોડાઓ અને આખલાઓ સાથે જંગ ખેલે છે, હળવાં હાસ્યરસથી રંગાયેલાં પ્રહસનો કે નાટકોને નિહાળે છે, અને વાતચીતમાં પણ હાસ્યરસની છોળો ઉડાડે છે. એ બધું વત્તેઓછે અંશે આવકારદાયક અને સારું હોવા છતાં એથી વાસ્તવિક નિરપેક્ષ નિર્ભેળ આનંદ નથી અનુભવાતો. એવા અસાધારણ અખંડ આનંદાનુભવને માટે આત્માભિમુખ બન્યા સિવાય અને મનનું પરિશોધન કરીને મન તથા બીજી ઈન્દ્રિયોને અંકુશમાં રાખવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. પશ્ચિમની સુવિચારશીલ સદ્બુદ્ધિસંપન્ન પ્રજાને એની અલ્પાંશે પણ પ્રતીતિ થવા માંડી છે એ એક સારી નિશાની છે.

ઈંગ્લેન્ડની રાત્રિ કલબો અને ત્યાંની નૃત્યાદિ મહેફિલો વિશે વધારે લખવાનું આવશ્યક નથી લાગતું. પ્રજાનો અમુક વર્ગ બાહ્ય સુખને વધારે મહત્વનું માનતો હોય ત્યાં સુધી એની અંદર એવા જલસાઓ થયા જ કરવાના. પ્રત્યેકે એમાં ભાગ લેવાનું અનિવાર્ય નથી.

*

પેલી પ્રસિદ્ધ અંગ્રેજી કહેવત પ્રમાણે ઈંગ્લેન્ડભરમાં પ્રવૃત્તિને જ પૂજા માનવામાં આવે છે. પ્રવૃત્તિને પૂજાની ભાવના તથા નિષ્ઠાથી કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. ચારે તરફ પ્રવૃત્તિ ને પ્રવૃત્તિના જ જપ થાય છે. પુરુષો, સ્ત્રીઓ, સૌ પ્રવૃત્તિપરાયણ છે. ક્યાંય જડતા નથી. ચેતન, ઉત્સાહ, તરવરાટ છે. એ દેશના ભૌતિક વિકાસનું એ પણ એક મોટામાં મોટું નોંધપાત્ર કારણ છે. ત્યાં નિયમિત રીતે કામ કરવાની પદ્ધતિને મહત્વની માનવામાં આવે છે. ઑફિસોમાં, ફેક્ટરીઓમાં, કારખાનાંઓમાં સૌ સમયસર પહોંચે છે અને કામ કરીને સમય પર વિદાય થાય છે. મોટા ઑફિસરો અનુશાસન અથવા શિસ્ત પાળે છે એટલે નાના ઑફિસરો અથવા કર્મચારીઓ પર એમનો પ્રભાવ આપોઆપ પડે છે. કામ વખતે બધા કામ જ કરે છે. મોટા મનાતા માનવો જ પોતાના કામમાં નિયમિત રહેતા હોય તો નાના પણ સ્વાભાવિક રીતે જ નિયમિત રહેતાં શીખે છે. જાહેરજીવનની જવાબદારીવાળા માનવોએ પોતે જ જવાબદારીપૂર્વક વર્તવાની જરૂર છે. વૃક્ષનાં મૂળિયાં બરાબર હોય તો ડાળીપાંદડાં પણ બરાબર પોષણ પામે છે ને બળવાન બને છે.

કામમાં નિયમિતતાનું મહત્વ ત્યાં કેટલું બધું માનવામાં આવે છે એ વિશેની માહિતી મેળવવામાં એક જ પ્રસંગ મદદરૂપ થઈ પડે તેમ છે.

કારખાનામાં કામ કરનારી એક ભારતીય સન્નારીને મેં પૂછ્યું :

‘તમે કારખાનામાં ક્યાં કામ કરો છો ?’

‘ઑફિસમાં.’

‘કેટલા વાગ્યે કામે જવું પડે છે ?’

‘સવારે સાડા સાત વાગ્યે.’

‘એથી મોડું થાય તો ?’

‘મોડું થાય તો ના ચાલે. સમયસર જવું જ પડે.’

‘ધારો કે દસપંદર મિનિટ મોડું થાય તો ?’

‘તો એવી વાતને ચલાવી લેવામાં નથી આવતી. કહી દેવામાં આવે છે કે કાલે આવજો.’

‘કોઈ ખુલાસો કરે કે અમુક કારણથી મોડું થયું છે તો ?’

‘તો પણ શું ? તે ખુલાસાને સાંભળ્યા પછી પણ શાંતિથી કહેવામાં આવે છે કે હરકત નહીં; કાલે સમયસર આવજો. ’

‘તમારા ઉપરી અમલદારો સમયસર આવે છે ?’

‘સૌ કોઈ સમયસર આવે છે, સમયસર કાર્ય કરે છે, અને સમય પૂરો થાય એટલે વિદાય થાય છે. સાંજે પાંચ વાગ્યે નોકરીનો વખત પૂરો થતો હોય તો પાંચ પછી કોઈ જ બેસતું નથી.’

ભારતમાં કામની એવી નિયમિતતાને અથવા કર્તવ્યભાવનાને અપનાવવાની અને વિકસાવવાની આવશ્યકતા છે. ખાનગી કે જાહેરક્ષેત્રમાં કાર્ય કરતા સૌ કોઈએ પોતાની જવાબદારી સમજવાની છે. એવા જવાબદારીથી ભરેલા વાયુમંડળને વિકસતાં હજુ વાર લાગશે. તો પણ પ્રત્યેક દેશપ્રેમીએ એને સમુચિત રીતે વિકસાવવાનું અને એ સંબંધી પોતાના ઉત્તરદાયિત્વને સમજવાનું છે.

ભારતમાં, અમદાવાદમાં રહેતા એક ઑફિસરને મેં પૂછ્યું : ‘ઑફિસમાં કેમ ચાલે છે ?’

‘મજા છે.’

‘કામકાજ ?’

‘કામકાજ તો ફાવે તેટલું કરીએ છીએ. કોઈ જાતનું બંધન નથી.’

‘ઑફિસમાં સમયસર જાવ છો ?’

‘કોઈ વાર જઈએ તો કોઈ વાર ના પણ જઈએ. સંપૂર્ણ સ્વતંત્રતા છે. રામરાજ જેવું જ સમજી લો.’

‘સાહેબ કાંઈ નથી કહેતા ?’

‘સાહેબ જ મોડા આવે છે.’

‘મોડા આવે છે ?’

‘મોડા આવે છે ને વહેલા જાય છે. પછી બીજાને શું કહે ? હમણાં તો ક્રિકેટ મેચ ચાલે છે – ટેસ્ટમેચ, એટલે સાહેબ ઑફિસમાં રેડિયો લાવે છે ને કૉમેન્ટરી સાંભળે છે. એ ક્રિકેટના રસિયા છે. સાહેબ કૉમેન્ટરી

સાંભળે તો અમે શો અપરાધ કર્યો ? અમે પણ ઑફિસમાં ટ્રાન્ઝિસ્ટર લઈ જઈએ છીએ અને મેચનો આંખે દેખ્યો અહેવાલ સાંભળીએ છીએ.'

'એ તો ઘણું ખરાબ કહેવાય.'

'છતાં ચાલે છે. અમને ફિલસૂફીમાં રસ નથી.'

'એવું ના ચાલવું જોઈએ.'

પશ્ચિમના દેશોમાં દેખાતી પેલી કલ્યાણકારક કર્તવ્યભાવના આપણે ત્યાં ક્યારે આવશે ?

* * *

## ૪. વૃદ્ધો તથા બાળકોનું ધ્યાન

ઈંગ્લેન્ડમાં વૃદ્ધો, અનાથો, અપંગો અથવા શારીરિક ક્ષતિગ્રસ્ત સ્ત્રીપુરુષો તથા બાળકોનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. એમને માટે વિશેષ પેન્શન અથવા મદદની જોગવાઈ છે. વૃદ્ધોને સરકાર તરફથી દર અઠવાડિયે નિયમિત આર્થિક મદદ મળતી હોવાથી એ એમના જીવનને કોઈ પણ પ્રકારની લાચારી અથવા અસહાયતા સિવાય સ્વતંત્ર રીતે સ્વમાનપૂર્વક જીવી શકે છે. એ કોઈને માટે બોજારૂપ કે સમસ્યારૂપ નથી બનતા અને સંતાનો એમની સંભાળ રાખે કે ના રાખે તો પણ પરવશતામાંથી મુક્તિ મેળવીને નિશ્ચિંતતાથી જીવી શકે છે. વૃદ્ધો, અપંગો અને બાળકોને રસ્તા પરથી પસાર થતી વખતે ને બીજે વખતે માણસો મદદ કરે છે. સરકાર બાળકોના ઉછેરને માટે દર અઠવાડિયે ખાસ મદદ કરે છે અને બાળઉછેરમાં ખાસ રસ લે છે.

અમે કેટલાંક ગુજરાતી કુટુંબોમાં વૃદ્ધ માતાપિતાને પોતાના પરિવાર સાથે રહેતા જોયાં. એ જોઈને અમને આનંદ થયો. કેટલાંક કુટુંબો આફ્રિકાથી સીધાં જ ઈંગ્લેન્ડમાં આવેલાં. એવા એક કુટુંબના એક વયોવૃદ્ધ પુરુષ અમને એક દિવસ લેસ્ટર શહેરના રાજમાર્ગ પર મળી ગયા. અમને જોઈને એ પ્રણામ કરીને ઊભા રહ્યા.

'ભારતમાં ક્યાંના વતની છો ?' અમે એમને પૂછ્યું.

'જામનગરના.'

'અહીં કેટલા વખતથી રહો છો ?'

'સાતેક વરસ થયાં. એ પહેલાં અમે આફ્રિકામાં હતા.'

'એકલા છો ?'

'ના. અમે પતિપત્ની બંને છીએ અને છોકરાઓ સાથે રહીએ છીએ.'

'છોકરાઓ સાથે ફાવે છે ?'

'ફાવે કે ના ફાવે તો પણ હવે બીજું શું થાય ? દેશમાં જઈને હવે આટલે વરસે થોડું જ રહી શકાય છે ? હવે ત્યાં ગમે પણ ખરું ? અમારું ત્યાં કોઈ જ નથી. બાકી ભારત તો ભારત જ છે.'

'છોકરાઓ સારી પેઠે સેવા તો કરે છે ને ?'

'જમાના પ્રમાણે કરે છે. કલિયુગની અસર બધે જ થઈ ગઈ છે. છોકરાઓનાં મન પણ બદલાઈ ગયાં છે. એ પરણ્યા પછી પહેલાં જેવા નથી રહ્યા. અમે એમને ભારે નથી પડતા. અમને સરકાર તરફથી પ્રત્યેક સપ્તાહે પાઉન્ડ મળે છે. એને લીધે છોકરાઓ અમને સાથે રાખે છે. માયા અમારી નથી પરંતુ પૈસાની છે.'

'ખરેખર ?'

'હા.'

એટલું કહેતાં તો એમની આંખમાં અશ્રુ ઊભરાયા. એમનું સંવેદન એવી રીતે બહાર નીકળ્યું.

*

લંડનમાં એક બીજા પરિવારમાં એક વૃદ્ધ માજી હતાં. તે પણ દુઃખી હતાં. તેમને ભારત યાદ આવતું પરંતુ ત્યાં જઈ શકતાં ન હતાં. તેમને માટે આર્થિક મદદ મળતી હોવાથી એ આર્થિક રીતે ઉપયોગી તો થતાં જ, પરંતુ સાથેસાથે એમના પુત્ર પોતાની પત્ની સાથે નોકરીએ જતા ત્યારે દિવસે ઘર સાચવતાં, એમના નાના છોકરાની સંભાળ રાખતાં, અને સાંજે બંને નોકરીએથી પાછાં ફરે તે પહેલાં મોટા ભાગની રસોઈ પણ બનાવી રાખતાં. એમની પુત્રવધૂને તો કેવળ રોટલી જ બનાવવાની રહેતી. એમની એવી ઉપયોગિતાને લીધે જ એ પ્રિય થઈ પડેલાં અથવા અનિવાર્ય જેવાં બનેલાં.

અમને પ્રથમ તો એવું લાગેલું કે ભારતીય કુટુંબોમાં 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ની ભાવના બળવાન બની રહી છે, પરંતુ પરિસ્થિતિનો પરિપૂર્ણ પરિચય થયા પછી અમારી લાગણી નિરાધાર ઠરી. ક્યાંક અપવાદરૂપે એવી ઉદાત્ત ભાવનાનું દર્શન થતું ત્યારે અમને અભૂતપૂર્વ આનંદ થતો. એ ભાવનાને વધારે ને વધારે પ્રમાણમાં પોષવા જેવી ને બળવાન બનાવવા જેવી છે એવું લાગ્યા કરતું.

અંગ્રેજ પ્રજામાં એવી ઉદાત્ત ભાવના જવલ્લે જ જડે છે. એ પ્રજાની જીવનદૃષ્ટિ કાંઈક જુદી છે. એને લીધે કેટલાય વૃદ્ધોને ને કેટલીય વૃદ્ધાઓને જીવનની મધ્યાવસ્થામાં અને ઉત્તરાવસ્થા દરમિયાન એકલા રહેવું પડે છે. એમનાં સંતાનો એમની સંભાળ નથી રાખતાં. એમને સંતાનોનો સ્વાભાવિક સ્નેહ નથી સાંપડતો. સરકાર એમને વૃદ્ધાવસ્થાનું પેન્શન આપતી હોવાથી એ આર્થિક રીતે આત્મનિર્ભર અથવા નચિંત છે એટલું સારું છે, પરંતુ એમને જરૂરી ચિરવાંછિત વાત્સલ્યનો સંતોષ કે પ્રેમ કોણ આપે ? એનું મૂલ્ય સંસારના સંમિલિત ધનભંડાર કરતાં પણ ઘણું મોટું છે.

એક અંગ્રેજ વૃદ્ધા વરસોથી પોતાના ઘરમાં એકલી જ રહેતી. સંતાનો એની સંભાળ નહોતાં રાખતાં, પરંતુ ખ્રિસ્તી ધર્મની મુક્તિસેનાની સેવિકાઓ એની જીવનચર્યામાં બનતી બધી રીતે મદદરૂપ બનતી. ઈંગ્લેન્ડમાં એવી સેવિકાઓ અને મુક્તિસેનાના સેવકો વૃદ્ધોને બનતી બધી જ રીતે મદદરૂપ થાય છે. એમને માટે જીવનોપયોગી પદાર્થોની ખરીદી કરી લાવે છે, એમના ઘરને સાફ કરે છે, એમનાં વસ્ત્રોને ધોઈ નાખે છે, એમની ટપાલને લખવા લખાવવામાં તથા પોસ્ટ કરવામાં મદદ કરે છે, અને એમનું કોઈ બેન્કનું કામકાજ હોય તો તેને પણ કર્તવ્યનિષ્ઠાની ભાવનાથી પ્રેરાઈને, ક્રાઈસ્ટનું જ કામ કરવાનું હોય એવી ઉદાત્ત લાગણીથી કરી આપે છે. સ્વામી રામતીર્થના શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે, એવા સંનિષ્ઠ સેવાભાવી કાર્યકરો એવી રીતે વેદાંતને વ્યવહારમાં મૂકી રહ્યા છે. માનવતાથી પ્રેરાઈને માનવદેવતાને આરાધી રહ્યા છે. એમને એને માટે જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

*

જે ઘરોમાં માતાપિતા બંને નોકરી કરવા જાય તે ઘરોમાં નાનાં બાળકોની સ્થિતિ કેવી કરુણ થાય તે સહેજે કલ્પી શકાય તેમ છે. ઘરોમાં નોકરો તો હોતા જ નથી, બધું કામ હાથે જ કરવું પડે છે. એટલે નાનાં બાળકોને કોણ સાચવે ? કેટલીક વાર એવાં એકલદોકલ બાળકોને પૈસા આપીને કોઈને ત્યાં રાખવામાં આવે છે તો કેટલીક વાર બાળઉછેર કેન્દ્રોમાં દાખલ કરાય છે. એ અવસ્થામાં અધિકાંશ બાળકો માતાપિતાની સ્વાભાવિક સેવાશુશ્રૂષાવૃત્તિથી વંચિત રહે એ સમજી શકાય તેવું છે. એ કેટલે અંશે સારું છે એનો વિચાર સહેલાઈથી કરી શકાશે.

બાળકોને બાટલીઓનાં દૂધ પિવડાવવાની પ્રથા એક સુધરેલા સમાજની પ્રથા મનાય છે ને ઠેરઠેર પ્રવર્તમાન છે. લગભગ બધે જ એનું પ્રચલન છે એમ કહીએ તો ચાલે. ભારતમાં પણ એ પ્રથા પ્રવર્તમાન છે. સ્ત્રીને માતા બનવાનું ગમે છે પણ બાળકને શક્તિ હોવા છતાં પયપાન કરાવવાનું ગમતું નથી એ આશ્ચર્ય છે. માતાના શરીરમાં કુદરતે કરેલું દૂધનું નિર્માણ બાળકને માટે જ છે. એનું બીજું કશું જ પ્રયોજન નથી. એ દૂધનો ઉપયોગ બાળકના પોષણ માટે કરવામાં આવે એ કુદરતની પ્રક્રિયાને અનુકૂળ હોવા છતાં કેટલીક માતાઓ એ પ્રક્રિયાને અનુકૂળ ના થવાનું પસંદ કરે છે અને એથી આગળ વધીને એમાં ગૌરવ ગણે છે. માતાના દૂધનું પોષણ બીજે ક્યાં મળે ? આજની નાજુકડી નારી એનો વિચાર નથી કરતી. પહેલાં યુદ્ધોમાં યોદ્ધાઓ પરસ્પર લલકારીને કહેતા કે, તેં ક્ષત્રિયાણીનું દૂધ પીધું હોય તો લડવા માટે આવી જા. આજે એવાં યુદ્ધો નથી થતાં તો પણ જો સામેની વ્યક્તિને કહેવું હોય તો કહી શકાય કે તારી માતાએ તને બાટલીનું દૂધ પાયું હોય તો આવી જા. લલકારનારા ને જેમને લલકારવાના છે તે બધા જ મોટે ભાગે બાટલીઓનું દૂધ, બહારનું દૂધ, અને કોઈ વાર પાઉડરનું દૂધ જ પી ચૂક્યા હોય.

*

સંડાસ કે ટૉઈલેટમાં સર્વત્ર સુંવાળા કાગળો વાપરવામાં આવે છે તે પ્રથા પણ ઉત્તમ નથી લાગતી. અમારે બધે જ પાણીના પ્રયોગ માટે ડબલાં કે બાટલા મંગાવવા પડતા. એથી ગુજરાતીઓને પણ કેટલીક વાર નવાઈ લાગતી. એક નિવૃત્ત ગુજરાતી હાઈસ્કૂલના હેડમાસ્તરે મને એક વાર વાતવાતમાં કહ્યું: 'કાગળને વાપરવાની પદ્ધતિ પાણીની પદ્ધતિ કરતાં વધારે સારી છે.'

'કેવી રીતે ?

'તેથી કીટાણુઓનો ભય નથી રહેતો.'

'કેમ?'

'મળને હાથનો સ્પર્શ જ નથી થતો.'

'કાગળથી કેટલીક વાર સંપૂર્ણ સ્વચ્છતા નથી થતી. અને થાય તો પણ મને તો પાણીના પ્રયોગની ભારતીય પદ્ધતિ વધારે સારી અને આદર્શ લાગે છે. પાણીનો પ્રયોગ કર્યા પછી હાથને માટીથી અથવા સાબુથી સારી પેઠે ધોવાની પરંપરા છે તેથી કોઈ પ્રકારની ગંદકી રહેવાનો સંભવ નથી રહેતો. એ પદ્ધતિ સર્વ પ્રકારે અનુકરણીય છે.'

'અનુકરણીય હોય તો પણ અમને તો અંગ્રેજી પદ્ધતિનું જ અનુકરણ કરવાની આદત પડી છે. અહીંની ઠંડીને વિચારતાં પણ એ પદ્ધતિ વધારે સારી અને અનુકૂળ લાગે છે.'

'ઠંડીની દલીલ તો એટલી બધી વજૂદવાળી નથી લાગતી, કારણ કે અહીં તો જ્યાં જઈએ ત્યાં બધે જ ગરમ પાણીની વ્યવસ્થા છે. ઉપરાંત બધે હિટરોની પણ સગવડ છે.'

બીજી કોઈ દલીલ બાકી ના રહી ત્યારે વરસોથી લંડનમાં વસતા એ સદ્ ગૃહસ્થે મને જણાવ્યું : 'જમાનો બદલાય છે તેમ જીવનની પદ્ધતિઓ પણ બદલાય છે. બદલાવી જ જોઈએ. પેલી જુનવાણી પદ્ધતિને પકડી રાખવાનું હવે આ દેશમાં ડહાપણભરેલું નથી લાગતું.'

મેં શાંતિથી ઉપસંહાર કરતાં કહ્યું : 'પદ્ધતિ પુરાતન હોય છતાં પણ પ્રામાણિક અને સારી હોય તો તેને પકડી રાખવામાં કોઈ પ્રકારનો સંકોચ ના રાખવો જોઈએ.'

*

વચનપાલનનું મૂલ્ય ત્યાં ઘણું મોટું આંકવામાં આવે છે. જે પણ વચન આપવામાં આવે છે કે વાયદા કરવામાં આવે છે તે સમજીને કરવામાં કે આપવામાં આવે અને પાળવામાં આવે એવી અપેક્ષા રાખવામાં આવે છે. વચનપાલન અથવા વચનપાલનનો આગ્રહ એ દેશની પ્રજાનો મોટો ગુણ છે.

એ અભિપ્રાયના અનુસંધાનમાં એની પુષ્ટિ માટે એક ઉદાહરણ આપું તો અસ્થાને નહીં ગણાય.

ઑગસ્ટ, ૧૯૭૭ દરમિયાન મને લંડનના એક યોગકેન્દ્રે ધ્યાન પર પ્રવચન કરવા તથા ધ્યાનની પ્રક્રિયા બતાવવા આમંત્રણ આપેલું અને એનો મેં સહર્ષ સ્વીકાર કરેલો. જે દિવસે એ યોગકેન્દ્રમાં મારું પ્રવચન રખાયેલું તે દિવસે બીજા બે કાર્યક્રમો એની આગળપાછળ કરવાના હોવાથી, મારા કાર્યક્રમના આયોજક ભાઈને લાગ્યું કે મારાથી એ પ્રવચન માટે નહીં પહોંચી શકાય અને વ્યર્થ દોડાદોડ થશે તથા શ્રમ પડશે. એમણે પ્રવચનના દિવસે સવારે જ કેન્દ્રના સંચાલકને ફોન કરીને કાર્યક્રમને વફાદાર રહેવાની અશક્તિ દર્શાવી.

યોગકેન્દ્રના સંચાલકને એ વાત જરા પણ ના ગમી. એમણે સખત શબ્દોમાં વિરોધ નોંધાવીને એમની પાસેથી નંબર મેળવીને મને તરત જ ફોન કર્યો.

'ભારતના મહાત્માઓ અને યોગીઓ જૂઠું બોલનારા કે વચનની કિંમત ના સમજે એવા હોય છે. ?'

'કેમ ?'

'મને પંદર દિવસ પહેલાં તમારા પ્રવચનનો નક્કી દિવસ મળેલો. તે પ્રમાણે મેં આજે બધા અંગ્રેજ સાધકોને બોલાવ્યા છે. તમે પ્રવચન કરવા નહીં આવો તો તેમના મનમાં ભારતના સંતો વિશે કેવી ભાવના થશે ? અમે તમને સાક્ષાત્કારી મહાપુરૂષ માનીએ છીએ.'

મેં એમની પાસેથી બધી માહિતી મેળવીને જણાવ્યું : 'હું જે કહ્યું હોય તેને વફાદાર રહેવામાં માનું છું. ભારતના સાચા સંતો એવું જ માને છે. હું એમનું પ્રામાણિક પ્રતિનિધિત્વ કરું છું. હું તમારે ત્યાં આજે પ્રવચન કરવા જરૂર આવીશ.'

મેં એમને જે કાંઈ કહ્યું તેથી એમને સંતોષ થયો. એમની ગેરસમજ દૂર થઈ. મેં મારા કાર્યક્રમના આયોજક ભાઈને મને પ્રવચનમાં પહોંચાડવાની સૂચના આપી. અમે પ્રવચનસ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં એકઠા થયેલા અંગ્રેજ સાધકોને જોઈને અમને આનંદ થયો. અમને અધિક આનંદ તો એ વાતનો હતો કે અમે ભારતીય સંતો વિશેની ને ભારત વિશેની બગડવા બેઠેલી છાપને અમારા વ્યવહારથી સુધારી લીધી. યોગકેન્દ્રના સંચાલકે મારો અંતરના અંતરતમમાંથી અવારનવાર આભાર માન્યો.

* * *

## ૫. દર્શનીય સ્થળો

લંડન શહેરની અને સમસ્ત ઈંગ્લેન્ડની ઋતુ મોટે ભાગે મસૂરીની ઋતુનું સ્મરણ કરાવનારી કે મસૂરીની ઋતુને મળતી છે. અમે મસૂરીમાં વરસોથી રહેવા ટેવાયેલાં હોવાથી લંડનની અને ઈંગ્લેન્ડના અન્ય શહેરોની ઠંડી અમને અધિક ના લાગી. મસૂરીથી અડધી લાગી એવું કહીએ તો ચાલે.

વરસાદનું પ્રમાણ ત્યાં નહીં જેવું છે. મોટે ભાગે વરસાદ ખૂબ જ ધીમી ગતિએ, ઝરમર ઝરમર વરસતો હોય તેમ પડ્યા કરે છે. વરસાદનાં ઝાપટાં ભાગ્યે જ કોઈ ધન્ય ઘડીએ જ જોવા મળે છે. કોઈક વાર આકાશમાં અભ્રમંડળ છવાઈ જાય તો કોઈક વાર આકાશ સૂર્યનારાયણ સોળે કળાએ ખીલી ઊઠે એવું ખુલ્લું થાય, તો કોઈક વાર વરસવા માંડે, એવા અનેકવિધ અભિનયો થયા કરે છે.

ઑક્ટોબરના આરંભમાં ઠંડીનું પ્રમાણ વધવા માંડે છે, દિવસ ટૂંકો થાય છે, અને ધુમ્મસ શરૂ થાય છે. લંડન શહેર એટલું બધું વિશાળ છે કે વાત નહીં. તો પણ શહેર અત્યંત વિશાળ હોવા છતાં પણ ખૂબ જ સ્વચ્છ અને સુંદર છે. ગંદકીનું ક્યાંય નામનિશાન નથી જોવા મળતું.

લંડનમાં જનારા પ્રવાસીઓ બકિંગહામ પેલેસને નિહાળવાનું પસંદ કરે છે. એ ત્યાંના સુપ્રસિદ્ધ દર્શનીય સ્થળોમાં મહત્વનું મનાય છે. બકિંગહામ પેલેસ ઈંગ્લેન્ડના રાજકુટુંબનું પુરાતન પરંપરાગત નિવાસસ્થાન મનાય છે. ત્યાં જતાં માર્ગમાં ફરતું ટાવર, સ્કૉટલેન્ડ યાર્ડ, પાર્લામેન્ટ હાઉસ જોવા મળે છે. પેલેસની પાછળના ભાગમાં થેમ્સ નદી વહે છે. એનો દેખાવ આકર્ષક છે. એનું અવલોકન સૌ કોઈને આનંદ આપે છે ને પ્રભાવિત કરે છે. એની ઉપરનો વિશાળ પુલ અને રાજમાર્ગ પણ ચિત્તાકર્ષક છે.

લંડનનાં વિશિષ્ટ દર્શનીય સ્થળોમાં હરે કૃષ્ણ મંદિરનો અને રામકૃષ્ણ મિશનનો સમાવેશ સહેલાઈથી કરી શકાય. હરે કૃષ્ણ મંદિરનું સ્થળ શાંત, એકાંત અને કુદરતી સૌન્દર્યથી સંપન્ન છે. મંદિરની સમીપમાં જ સરિતા છે. એને લીધે એ આખુંય સ્થાન અતિશય આકર્ષક લાગે છે. ભારતના ભક્તિવેદાંત સ્વામીએ પોતાના બહુમૂલ્ય જ્યોતિર્મય જીવનનાં છેલ્લાં કેટલાંક વરસોમાં પ્રેમભક્તિના સર્વકલ્યાણકારક સંદેશને વહેતો કરીને અનેક આત્માઓને આત્મોન્નતિના મંગલ માર્ગે વાળ્યા અને ઠેકઠેકાણે મંદિરોની સુંદર રચના કરી. એમણે માનવજાતિને માટે ઘણું ઉપયોગી સેવાકાર્ય કર્યું છે. અન્ય અનેક મંદિરોની પેઠે લંડનનું સરસ મંદિર પણ એની સાક્ષી પૂરે છે. મંદિરમાં સઘળા સાધુઓ અંગ્રેજો અથવા પરદેશીઓ હતા. કેવળ એક જ સાધુ ભારતીય હતા. સાધુ કૃષ્ણદાસ. એમણે અમને મંદિરના સરસ શાંત સ્થળને બતાવ્યું. એ પંજાબના કપુરથલા નગરના નિવાસી હતા. વરસો પહેલાં ભક્તિવેદાંત સ્વામીના હાથે દીક્ષિત થયેલા. એમણે જણાવ્યું : 'લંડનમાં કે લંડનની આજુબાજુના વિસ્તારમાં ગમે ત્યાં હોઉં તો પણ, રવિવારે તો મારે અહીં આવવું જ પડે.'

'એનું કારણ ?'

'કારણ એ જ કે આ સ્થળમાં મોટે ભાગે દર રવિવારે દર્શનાર્થીઓ કે મુલાકાતીઓ આવતા હોય છે. રવિવાર બધાને વધારે અનુકૂળ પડે છે. બધા ભારતીયો અંગ્રેજી જાણતા જ હોય છે એવું નથી હોતું. એમને હિંદી ભાષામાં બધી માહિતી પૂરી પાડવી પડે છે. એમને જરૂરી માહિતી પૂરી પાડવાનું કામ ભારતીય હોવાને લીધે મને જ સોંપવામાં આવ્યું છે.'

'તમે કપુરથલામાં શું કરતા ?'

'શિક્ષક હતો.'

'ત્યારે તમે હવે લોકશિક્ષણનું કાર્ય કરો છો. શિક્ષક મટી ગયા નથી.'

'એવું જ કહેવાય. હું જુદેજુદે ઠેકાણે ફરીને ધર્મપ્રચાર કરું છું.'

'અત્યાર સુધી અહીં કેટલા સાધુઓ તૈયાર થયા છે ?'

'ત્રણસો'

'બધા ભારતની બહારના જ છે ?'

'હા. અને સઘળા શાકાહારી છે. એમણે દારૂ તથા ધૂમ્રપાનનો ત્યાગ કર્યો છે ને વ્યસનરહિત પવિત્ર પ્રભુભક્તિમય જીવન જીવે છે. એમને જુદાંજુદાં સ્થળોમાં પ્રચારકાર્ય માટે પણ મોકલવામાં આવે છે. એ બધા ભારતીય પોશાક પહેરે છે. અત્યારે મોટા ભાગના સાધુઓ ધર્મપ્રચાર માટે બહારગામ ગયેલા હોવાથી મંદિરનું સ્થાન સૂનું લાગે છે.'

'મંદિરમાં સાધ્વીઓ પણ રહે છે.'

'હા. એ પણ સેવા કરે છે, ભક્તિ કરે છે, ને પ્રચારાર્થે બહાર જાય છે.'

એટલામાં તો ત્રણચાર સાધુઓ આવ્યા. એમણે ભારતીય પદ્ધતિ પ્રમાણે પ્રણામ કરીને જય શ્રીકષ્ણ કહ્યું. એમની વાણી મધુરી લાગી. એમણે ધોતિયાં, કફની તથા બંડી ધારણ કરેલાં. મસ્તક મુંડનવાળાં ને ચોટલીવાળાં હતાં. એમને જોઈને અમને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

પૂર્વજન્મમાં ભારતના પુણ્યપ્રદેશમાં જન્મેલા સંતો તથા ભક્તો પ્રભુનું કલ્યાકાર્ય કરવા માટે એ પ્રદેશમાં પુનર્જન્મ પામ્યા હોય એવું પ્રથમ દર્શને જ અનુમાન થયા સિવાય ના રહેતું.

ભક્તિવેદાંત સ્વામીએ યુવાનો અને યુવતીઓના એક નોંધપાત્ર વર્ગમાં કેટલું બધું સુખદ અને ઉલ્લેખનીય પરિવર્તન આણ્યું છે ? કેવી આમૂલ ક્રાંતિ કરી છે ? માનવની અંદર સુષુપ્ત રીતે પડેલી કે દબાયેલી દિવ્યતાને એમણે પોતાના પતિતપાવન સુપવિત્ર સંજીવન સ્પર્શે ઝંકૃત કરી, જગાડીને બહાર આણી છે ને બળવાન બનાવી છે. એમણે કરેલી ભારતીય ને માનવીય સંસ્કૃતિની શકવર્તી સેવા બદલ એ આદરભાવના, અનેકાનેક અભિનંદનના અધિકારી છે. ભારતીય સંસ્કૃતિ એમના સર્વોત્કૃષ્ટ સેવાકાર્ય બદલ એમની ઋણી છે. એ મહાપુરૂષે પોતાની મોટી ઉંમરે, પરમાત્માના પુણ્યકાર્યને કરવાના પરમ પ્રયોજનથી પ્રેરાઈને, પરદેશનો પ્રવાસ કર્યો અને અસંખ્ય આત્માઓને પરમાત્માના પવિત્ર પ્રેમપંથે પગલાં ભરતા કર્યા. એમણે પ્રસ્થાપેલાં મંદિરો, એમની દ્વારા તૈયાર થયેલા ધર્મગ્રંથો, અને એમના આધ્યાત્મિક સ્વર્ણસંદેશને વહેતો કરવા માટે તૈયાર થયેલા કે કટિબદ્ધ બનેલા એકનિષ્ઠ સેવકો એમના નામને સદા રોશન રાખશે.

*

લંડનમાં સુપ્રસિદ્ધ રામકૃષ્ણ મિશનનું જે સ્થાન હતું તે સ્થાનને તાજેતરમાં ત્યાંથી થોડેક દૂર લઈ જવામાં આવ્યું છે. એ સ્થળની અમે લંડનથી ભારત માટે વિદાય થતાં પહેલાં મુલાકાત લીધી. કહે છે કે એ સ્થળમાં પહેલાં કોઈક ઉમરાવની સંપત્તિ હતી. આખુંય સ્થળ ખૂબ જ સુંદર, ચિત્તાકર્ષક, શાંત અને વિશાળ છે. એને અવલોકીને અમને આનંદ થયો. રામકૃષ્ણ પરમહંસદેવનું નામ અને કામ એની પાછળના શાશ્વત

સ્વર્ણસંદેશની સાથે ભારતની ભૌગોલિક માનવસર્જિત સીમાઓને ભેદીને દૂરસુદૂર સુધી પહોંચી ગયું છે. એણે અનેકાનેક અંતરાત્માઓને અનુપ્રાણિત કર્યા છે અને પરમાત્માના પાવનપંથે વાળીને શાંતિ બક્ષી છે.

એ સુંદર સુવિશાળ શાંત સ્થળના વિશદ વાતાવરણમાં થોડો વખત પસાર કરીને અમે ત્યાંથી વિદાય થતાં પહેલાં સ્વામી વિવેકાનંદે રચેલી રામકૃષ્ણ પરમહંસદેવની સ્તુતિ કરી. એ સરસ સ્તુતિનો ભાવાર્થ આ પ્રમાણે હતોઃ

તમે પરમ સત્ય છો
સદા અચળ તત્વ છો.
ગુણતણા વિજેતા ગુણી,
ભજી દિવસરાત ના જ તમને કદી હું શકું
ધરી સતત ધ્યાન ના કમળશાં શકું પાયનું,
તમે શરણ દીનબંધુ, શુચિ એટલે માહરું.
કરે ભજન ભાવથી સતત યોગની સાધના
વિશુદ્ધ પથ જ્ઞાનનો ગ્રહણ કે કરે પ્રેમથી,
બને તરત મુક્ત તો જનમમૃત્યુથી માનવી;
મને પરમ યોગ્યતા ભજનની નથી એ મળી.
વદાય પણ આચરાય નવ ધર્મના મર્મને,
તમે પરમ દીનબંધુ, શરણે લઈ લો મને.

કરે સતત સ્નેહ જો ચરણમાં તમારા, ભજે
સદાય તમને, તરે પરમ ક્લેશને ભક્ત તે,
મરે તરત મૃત્યુ ધ્યાન ચરણો તણું ધારતાં,
મને શરણ દીનબંધુ, ચરણો તણું આપના.
ટળે પાપ, વધે પુણ્ય, સત્કર્મી માનવી બને
તમારા જપતાં દૈવી મધુમંગલ નામને,
જગન્નાથ, નથી કોઈ અન્ય આધાર એટલે
શરણાગત છું, રક્ષો દીનબંધુ સદા મને.

‘હે પ્રભુ, તમે પરમ સત્ય છો, અચળ છો. ગુણના ભંડાર છો. ગુણના સ્વામી છો. હું તમારાં મોહમાંથી મુક્તિ આપનારા પ્રેમપૂર્ણ પવિત્ર સ્વરૂપને નિશદિન ભજી શકતો નથી એટલે હે દીનબંધુ, હું તમારા શરણે આવ્યો છું.’

‘જ્ઞાન, ભક્તિ, યોગની સાધના સંસારના ભયનો નાશ કરવાની ને જન્મમરણમાંથી મુક્તિ આપવાની શક્તિ ધરાવે છે. મારામાં એ સાધના વિશે વાતો કરવાની શક્તિ હોવા છતાં એના રહસ્યને મેં હૃદયમાં નથી ઉતાર્યું. એટલા માટે હે દીનબંધુ, હું તમારા શરણે આવ્યો છું.’

'હે રામકૃષ્ણદેવ, તમારા ચારુ ચરણોમાં જે સાચી રીતે સ્નેહપૂર્વક રાગ કરે છે તે સર્વ પ્રકારના ક્લેશોને તથા તમોગુણને તરી જાય છે. તમારાં ચરણો મૃત્યુલોકમાં પરમ અમૃતરૂપ અને મરણની ઊર્મિનો નાશ કરનારાં છે. એટલા માટે હે દીનબંધુ, હું તમારા શરણે આવ્યો છું.'

'તમારા પરમ પવિત્ર મંગલમય નામના પ્રભાવથી પાપ પુણ્યમાં પલટાઈ જાય છે અને અશુભ શુભમાં. હે જગતના એકમાત્ર સ્વામી, હું શરણ વગરનો હોવાથી, હે દીનબંધુ, હું તમારા શરણે આવ્યો છું.'

*

રામકૃષ્ણ મિશનના એ સુંદર શાંત સુવિશાળ સ્થાનમાં અમે થોડી વાર શાંતિપૂર્વક ચિંતન મનન અને નિદિધ્યાસનનો આનંદ લેતાં બેસી રહ્યાં. એ પછી અમે એની આજુબાજુની વિસ્તૃત ભૂમિમાં વિહાર કર્યો. સાંજે રવિવાર હોવાથી આશ્રમમાં રહેતા સ્વામીનો નારદભક્તિસૂત્ર પર વાર્તાલાપ થવાનો હતો, પરંતુ લંડનમાં એ જ દિવસે સાંજે મારું અંતિમ પ્રવચન રખાયેલું હોવાથી વાર્તાલાપ સાંભળવા માટે રોકાવાય તેમ હતું જ નહીં.

મંદિરમાં સ્થપાયેલી રામકૃષ્ણદેવની સુમધુર ચિત્તાકર્ષક આહ્લાદક આકૃતિનું ફરી વાર દર્શન કરીને અમે બહાર નીકળ્યાં.

ભારતથી ભૌગોલિક રીતે આટલે દૂર રહીને પણ જે દૈવી આત્માઓ એમના અલૌકિક સર્વોપયોગી સર્વશ્રેયસ્કર સંદેશને સદસદ્ બુદ્ધિથી પ્રેરાઈને નિષ્ઠાપૂર્વક વહેતો કરી રહ્યા છે તે ખરેખર અભિનંદનના અધિકારી છે. પોતપોતાના પ્રદેશમાં પોતપોતાની શક્તિ તથા સામગ્રીની મર્યાદામાં રહીને એ માનવસમાજની સેવા કરી રહ્યા છે. આ સંસારમાં સેવાના જુદાજુદા પ્રકારો જોવા મળે છે. બીજાને માટેની સેવાપ્રવૃત્તિ જે પણ સ્વરૂપમાં, જેટલા પ્રમાણમાં, ને જેની દ્વારા કરાતી હોય તેની દ્વારા તેટલા પ્રમાણમાં ને તે તે સ્વરૂપમાં આવકારદાયક છે. એનું મૂલ્ય આપણે ઓછું આંકવા નથી માગતા. તો પણ જે આત્માઓ માનવની સુષુપ્ત ચેતનાને જાગ્રત કરે છે, પ્રેરણાનાં પીયૂષપાન પાઈને બળવાન બનાવે છે, અને માનવના અંતરાત્માને અવિદ્યારૂપી અંધકારમાંથી બહાર કાઢીને પ્રજ્ઞાના પતિતપાવન પરમ પ્રકાશ પ્રતિ પ્રેરે છે, અથવા એના મૂળભૂત વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેનું પથપ્રદર્શન પૂરું પાડે છે; જે માનવને સાચા અર્થમાં માનવ બનવાની ને માનવ તરીકે શ્વાસ લેવાની શિક્ષાદીક્ષા આપે છે; આ જગતને વધારે ને વધારે સુખશાંતિથી સંપન્ન, સ્વર્ગીય તેમ જ દૈવી સંપત્તિથી અલંકૃત કરવાના મનોરથો સેવે છે, નક્શાઓ તૈયાર કરે છે, અને પ્રામાણિકપણે પ્રયત્નો કરે છે; એમની સેવાપ્રવૃત્તિ અમોઘ અસાધારણ આશીર્વાદરૂપ છે. એનું મહત્વ ધાર્યા કરતાં ઘણું મોટું ને સૌથી મોટું છે.

*

લંડનમાં હેરો ઑન ધી હિલ્સ, ક્રોયડન વિસ્તારો ખાસ જોવા જેવા છે. એકસરખાં સ્વચ્છ પંક્તિબદ્ધ મકાનોની હારમાળા, અને વચ્ચેવચ્ચે લીલાંછમ વિશાળ મેદાનો, ઉદ્યાનો અને સઘન વૃક્ષો આખાય લંડન નગરને અતિશય આહ્લાદક અને રમણીય બનાવે છે અથવા અવનવું સૌંદર્ય બક્ષે છે. લંડન દુનિયાનાં સુંદર શહેરોમાંનું એક ગણાય છે. એ ચારે તરફ ખૂબ જ ફેલાયેલું હોવા છતાં સ્વચ્છ તથા કોલાહલરહિત દેખાય છે.

* * *

## ૬. સફારી પાર્ક

ઈંગ્લેન્ડના રગ્બી શહેરથી લંડન તરફ આગળ વધતાં પાંત્રીસ જેટલા માઈલ દૂર સફારી પાર્ક નામે એક સુંદર સુવિશાળ દર્શનીય સ્થળ આવે છે. એ સ્થાન ખરેખર જોવા જેવું છે. એમાં વાઘ, સિંહ, રીંછ, હાથી, ઝિબ્રા જેવાં જુદાંજુદાં પ્રાણીઓ જોવા મળે છે. એને પ્રાણીસંગ્રહસ્થાન કહી શકાય. પરંતુ એ સંગ્રહસ્થાન જરા જુદી જાતનું છે. એમાં વાઘ, સિંહ, રીંછ જેવા નાનાંમોટાં બધા જ પ્રાણીઓને પાંજરાઓમાં રાખવાને બદલે તદ્દન મુક્ત રાખવામાં આવે છે. સફારી પાર્કમાં એ પ્રાણીઓ પોતપોતાના સ્થાનમાં સ્વૈરવિહાર કરતાં દેખાય છે. એમને કોઈનો ભય નથી લાગતો અને એમનાથી કોઈને ભયભીત થવાનું નથી રહેતું. પાર્કમાં બસ કે મોટરમાં બેસીને કાચને બંધ રાખીને પ્રવેશીને ઠેઠ એમની પાસે જઈ શકાય છે. એમણે એમના આક્રમક હિંસક સ્વભાવને તિલાંજલિ આપી હોય એવું લાગે છે. કારણ કે એમની એકદમ પાસે પહોંચવાથી પણ એ સંપૂર્ણ શાંત રહે છે. હિંસક મનાતાં પ્રાણીઓને એમની મૂળભૂત દિવ્યતામાં કે નિર્દોષતામાં વિશ્વાસ રાખીને મુક્ત રીતે વિહરવા દેવાનો એ પ્રયોગ અભિનવ, આવકારદાયક અને અભિનંદનીય છે. એ પ્રયોગને પેખીને અમને આનંદ થયો. એ પ્રયોગ પ્રેરણાત્મક અને વિલક્ષણ હતો.

સફારી પાર્ક ત્રણ હજાર એકર જેટલી વિશાળ જમીનમાં વિસ્તરેલો છે. એ જમીન બેડફોર્ડના ડ્યૂક્સની મનાય છે. એ સુંદર જમીનમાંની મોટા ભાગની જમીનનો ઉપયોગ એમણે પ્રાણીસંગ્રહાલયને માટે કરીને એને વિશ્વવિખ્યાત અને અમર બનાવી દીધી છે. પાર્કની વિશિષ્ટતાનો પરિચય પ્રદાન કરતાં જે આલેખવામાં આવ્યું છે એ ખાસ ઉલ્લેખનીય છેઃ

‘લાખો પ્રવાસીઓને આનંદ અને રસ પૂરો પાડવાની સાથેસાથે સફારી પાર્ક વૈજ્ઞાનિક અભ્યાસનો અનોખો અવસર આપે છે એ તો સાચું જ, પરંતુ પોતાના જન્મપ્રદેશમાં જેમનો અંત આણવાનો ભય પેદા થયેલો તે પ્રાણીઓની જાતને સાચવી રાખવાના કલ્યાણકાર્યની દિશામાં પણ મહત્વનો ફાળો પ્રદાન કરે છે. સફારી પાર્કની વિશાળ ભૂમિ પર વિહાર કરતાં પ્રાણીઓ જે વિમુક્ત વાતાવરણમાં મોટાં થાય છે તે વાતાવરણના બહારના રંગરાગ એમની મૂળ જન્મભૂમિના રંગરાગ કરતાં વધારે જુદા નથી. એમની પરિસ્થિતિમાં મહત્વનો મૂળભૂત ફેર પડ્યો છે ખરો, પરંતુ એ ફેર એમને માટે લાભકારક બન્યો છે. એક અગત્યની હકીકત તો એ છે કે એમની આજુબાજુ એમનો નાશ નોતરવાની રાહ જોતા કોઈ દુશ્મનો નથી, અને બીજી અગત્યની હકીકત એ છે કે એમને રોજરોજ નિયમિત પ્રમાણસરનો ખોરાક પૂરો પાડવામાં આવે છે. એમને સારી અને સાનુકૂળ સુખસગવડો પૂરી પાડવામાં આવે છે, અને એમની આરોગ્યસંબંધી સમસ્યાઓના સુખદ સમાધાનને માટે નિષ્ણાત ડૉક્ટર સદા તૈયાર રહે છે. એના પરિણામે પ્રાણીઓ સ્વસ્થ તથા તંદુરસ્ત અવસ્થાને અનુભવે છે. પાર્કના પ્રારંભથી માંડીને અત્યાર સુધી જુદાંજુદાં પ્રાણીઓના જન્મપ્રમાણ પરથી એ વાતને સમર્થન સાંપડે છે કે પાર્કના પ્રાણીઓની સુરક્ષાના ક્ષેત્રમાં ખૂબ જ મહત્વનો નોંધપાત્ર ફાળો આપી રહ્યા છે. પાર્કમાં નવા કેટલાય સિંહ, વાઘ, ચિત્તા, જિરાફ, દરિયાઈ સિંહો, તથા અન્ય વિરલ પ્રાણીઓની જાતિઓનો જન્મ થયો છે. એવી રીતે એ જાતિઓ સચવાઈ શકી છે. એ દૃષ્ટિએ એનો ફાળો નોંધપાત્ર છે. પાર્કનાં મોટા ભાગનાં પ્રાણીઓ પૂર્વ આફ્રિકાના પ્રદેશોના છે, જે જંગલી પ્રાણીઓની

પ્રચુરતા માટે પ્રખ્યાત છે. સફારી પાર્કના સ્વપ્નને સાકાર કરનારા શ્રી જિમ્મી ચિપર ફીલ્ડે એ વિશે લખેલા લેખની કેટલીક કંડિકાઓ વાંચવા જેવી છે :

'છેલ્લા કેટલાંક વરસો દરમિયાન ઈંગ્લેંડમાં અને બીજા દેશોમાં થયેલા સફારી પાર્કના નિર્માણ પછી એ વિચારની નીતિમત્તા વિશે અને પ્રાણીઓની દેખરેખ કે વ્યવસ્થા વિશે પ્રસંગોપાત્ત કેટલીક આલોચના કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિ વિશે ટીકાટિપ્પણી કરવામાં આવે એ મારી દૃષ્ટિએ આવકારદાયક છે, કારણ કે એનો અર્થ એટલો જ કરી શકાય કે મોટા ભાગનો માનવસમાજ જંગલી જનાવરોની જાળવણી પ્રત્યે સામાન્ય રીતે વધારે ને વધારે જાગ્રત બનતો જાય છે.

'જંગલી જનાવરોને એમનાં નૈસર્ગિક નિવાસસ્થાનોની બહાર લઈ જઈને જુદી જાતની આબોહવાવાળા પ્રદેશોમાં વસવાનું નૈતિક રીતે યોગ્ય છે કે કેમ એ પ્રશ્ન વિશે અનિશ્ચિત સમય સુધી દલીલો કરી શકાય. હું તો કેવળ પરિસ્થિતિને જેવી રીતે જોઉં છું તેવી રીતે એના વિશે મારો અભિપ્રાય આપી શકું અને સફારી પાર્કના નિર્માણ અને સંચાલનનાં કારણો તથા કાર્યપદ્ધતિની સ્પષ્ટતા કરી શકું.'

'વરસોથી હું આફ્રિકાના સઘળા પ્રદેશોની મુલાકાત લેતો આવ્યો છું અને માનવની પ્રગતિને પરિણામે પ્રાણીઓના પ્રાકૃતિક નિવાસસ્થાનમાં થતા પગપેસારાને પણ જોતો રહ્યો છું. એ આખીય પ્રક્રિયા અનિવાર્ય છે, તો પણ એની ઉપર એક અથવા બીજા પ્રકારનું નિયંત્રણ નહીં મૂકવામાં આવે તો નજીકના ભવિષ્યમાં જ વન્ય પશુઓના પરિપૂર્ણ નિકંદનમાં અથવા સાર્વત્રિક લોપમાં પરિણમશે એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી. સદ્ ભાગ્યે કેટલાય આફ્રિકન દેશોની સરકારો સુચારુરૂપે સમજે છે કે એમના દેશોનાં વન્ય પશુઓ એક મૂલ્યવાન રાષ્ટ્રીય અસ્ક્યામત જેવાં છે અને એટલા માટે જ એવાં પશુઓની સુરક્ષા માટે નેશનલ પાર્કસનું ને સુરક્ષિત વિસ્તારોનું નિર્માણ કરે છે.'

'કેટલાક માનવો માનતા લાગે છે કે અમે આફ્રિકામાંથી મોટી સંખ્યામાં જિરાફ, ચિત્તા, હાથી જેવાં પ્રાણીઓની આયાત કરીને વન્ય પશુઓની વસતિને હાનિ પહોંચાડીએ છીએ. એ સાચું છે કે છેલ્લાં પાંચ કે છ વરસ દરમિયાન મેં આફ્રિકામાંથી વરસે વીસથી ત્રીસ જિરાફની આયાત કરી છે પરંતુ એને વન્ય પશુઓની વસતિમાં અનાવશ્યક ઘટાડો કરવાના કાર્ય તરીકે ભાગ્યે જ લેખી શકાય. આફ્રિકાના દેશોનાં પશુઓને માટેનાં સુરક્ષિત સ્થાનો, પ્રાણીસંગ્રહાલયો તથા પાર્કસના સંચાલકો એટલા બધા જવાબદાર પુરુષો છે કે વાત નહીં. ઈસ્ટ આફ્રિકાન ગેમ ડિપાર્ટમેન્ટ દર વરસે નક્કી કરે છે તે પ્રમાણેની નિશ્ચિત સંખ્યાનાં વન્ય પશુઓને પકડવાની મને મંજૂરી આપવામાં આવે છે. વૈજ્ઞાનિક મોજણી પ્રમાણે જાહેર કરવામાં આવ્યું છે કે અનેક પશુઓની વસતિ એમના નિવાસસ્થળને નુકસાન પહોંચાડે એવી રીતે વધી રહી છે. અમારે ત્યાંનાં પશુઓમાં ખાસ કરીને હાથી જેવાં પશુઓએ વધારે પડતી વસતિવાળા વિસ્તારોમાંથી લાવવામાં આવે છે. સામાન્ય રીતે જનતા જાણતી નથી કે આફ્રિકાના કેટલાય પાર્કસમાં તથા સુરક્ષિત વિસ્તારોમાં હાથીઓની સંખ્યા વધી જાય છે ત્યારે એમને ગોળીની મદદથી મારી નાંખીને એ સંખ્યાને ઘટાડવામાં આવે છે. જે વિસ્તારોમાંથી હાથીઓને પકડવાની મને અનુમતિ આપવામાં આવે છે.'

'ચિત્તાને ઈસ્ટ આફ્રિકામાં સુરક્ષિત પ્રાણી તરીકે માનવામાં આવે છે પણ હાનિકારક ગણીને સાઉથ વેસ્ટ આફ્રિકામાં જોતાંવેંત જ મારી નાખવા યોગ્ય ગણાય છે. જે એને જોતાંવેંત વીંધી નાખે છે તે પુરસ્કારના

પાત્ર મનાય છે. બ્રિટિશ સફારી પાર્કસના સઘળા ચિત્તાઓ સાઉથ વેસ્ટ આફ્રિકામાંથી આવેલા છે. એમની મૂળ જન્મભૂમિ એજ છે. સફારી પાર્કસમાં જોવા મળતા મોટા ભાગના વિરાટકાય વાંદરાઓને જો અમે આફ્રિકામાંથી આયાત કરીને અમારે ત્યાં ના લાવ્યા હોત તો પ્રયોગશાળાઓમાં સંશોધન માટે વેચી દેવાયા હોત.'

'આફ્રિકાના દેશોમાંથી વન્ય પશુઓની નિકાસ પર પ્રતિબંધ મૂકતાં નિયમનો ધાર્યા કરતાં ઘણાં વધારે કડક છે. '

'એ દેશોની સરકારો ખૂબ જ સમજપૂર્વકની જવાબદાર નીતિરીતિવાળી છે. એ એમના પાર્કસમાં પશુઓની પૂરતી સંખ્યાને સાચવી રાખવાની આવશ્યકતાને સમજે છે. પરંતુ એ સરકારો એમને ત્યાંના વધારે પડતા પશુપ્રમાણમાંથી અમુક મર્યાદિત સંખ્યાના પશુઓ પ્રાણીસંગ્રહાલયોને અથવા અમારા જેવી સંસ્થાઓને વેચવા પણ તૈયાર રહે છે.'

'બીજી એક આલોચના કોઈક વાર એ કરવામાં આવે છે કે હું પશુઓને વ્યાપારવૃત્તિથી વાપરું છું. એ સાચું છે કે હું મારી આજીવિકાને પશુની મદદથી ચલાવું છું પરંતુ એવું તો ખેડૂતો, રેસના ઘોડાઓના પાલકો અને બીજા પણ કરે છે. પ્રત્યેક પ્રાણીસંગ્રહાલય દર્શનાર્થીઓ પાસેથી ફી લે છે અને એના સંચાલકો એમાં રખાયેલાં પશુઓ દ્વારા લાવવામાં આવતાં લોકો દ્વારા પૈસા મેળવે છે. મને લાગે છે કે મેં નિર્મેલા સફારી પાર્કસને લીધે સામાન્ય જનસમાજની દૃષ્ટિ પ્રમાણમાં મુક્ત વાતાવરણમાં વસતાં તથા વિહરતાં પ્રાણીઓની સુંદરતા અને સ્વાભાવિકતાનું દર્શન કરવાથી વધારે વિશદ બની છે. એ તો દેખીતું જ છે કે કોઈ પણ ઈંગ્લિશ સફારી પાર્ક વન્ય પશુઓને વિહરવાના હજારો માઈલના વિસ્તારની કોઈ પણ રીતે બરાબરી ના કરી શકે. પરંતુ બીજી રીતે વિચારીએ તો સફારી પાર્કસમાં પશુઓને માટે જે કાંઈ જરૂરી હોય છે તે બધું જ પૂરું પાડવામાં આવે છે અને એમની આગળ કોઈ દુશ્મનો નથી હોતા. સફારી પાર્કસમાં રાખવામાં આવતાં પશુઓને જીવવા માટે જે વાતાવરણ પૂરું પાડવામાં આવે છે તે વાતાવરણ સારું, અનુકૂળ અને વ્યવહારુ હોય છે. શિયાળામાં સિંહ જેવાં કેટલાંક પ્રાણીઓને ઠંડીથી ઉગારવા માટે હિટરની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. '

'સફારી પાર્કસની મુલાકાત લેનાર લાખો લોકોએ એમની રચનાને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે અને મંજૂરીની મહોર મારી છે. હું પ્રત્યેક પ્રકારના પ્રાણીનું પ્રદર્શન કરીને પ્રવાસીઓને આહ્લાદ આપવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ. મુખ્યત્વે વિદ્યાર્થીઓને પશુજીવનની પરિસ્થિતિનું અધ્યયન કરવા અને એમનો સામાજિક વ્યવહાર જોવા માટે આમંત્રવામાં આવે છે. કુદરતને ખોળે ખેલનારાં પશુઓને નિહાળવા માટે આફ્રિકા જવાનો ખર્ચ બધાને પોસાય નહીં પરંતુ સફારી પાર્કસ એવા સૌને એમને નિહાળવાનો અવસર આપે છે.'

સફારી પાર્કસના પ્રાણીઓને મોટરમાં બેસીને નિહાળવાના અભૂતપૂર્વ અવસરનો આનંદ લેતાં અમે સર્વત્ર ફરી વળ્યાં. સૌથી વધારે રોચક અવનવીન અનુભવ સિંહોને નિહાળવાનો હતો. ખુલ્લી વિશાળ વનરાજિ પર કુદરતને ખોળે મુક્ત રીતે ખેલતા, વિહરતા તથા વિશ્રામ કરતા સિંહો અમારા આગમનને જરા પણ ગંભીરતાથી નહોતા લેતા. એમનામાંના કેટલાક નિશ્ચિંતતાપૂર્વક સૂતેલા તો કેટલાક અમને અતિશય

ઉદાસીન ભાવે જોઈ રહેલા. એક બીજે ઠેકાણે અમારી મોટર પહોંચી ત્યારે સાત-આઠ નાનામોટા સિંહો સહેજ પણ સંકોચ વિના મંદ પરંતુ મક્કમ ચાલે અમારી તરફ આવવા માંડ્યા. એમના મનમાં શું હતું તે તો તે જ જાણે. બીજે ઠેકાણે વાઘ તથા રીંછ હતાં. એ પણ એવાં જ શાંત અને સ્વસ્થ દેખાયાં. પ્રત્યેક પ્રાણી અંતરના અંતરતમમાં, આત્મદૃષ્ટિએ તો અલૌકિક જ છે. એની અલૌકિકતા કોઈ વાર કોઈ કારણે ઢંકાઈ જાય છે એટલું જ. એને અખંડ રાખવામાં આવે એ આવશ્યક છે. સંગ તથા સંજોગો એ દિશામાં મોટો ભાગ ભજવે છે.

પાર્કના એક પ્રદેશમાંથી અમે પસાર થઈ રહેલાં ત્યારે અમારી સામે ઊભી રહેલી એક મોટર પર એક વાંદરું ચઢી બેઠું. એ વાંદરાને મોટરના છાપરા પરથી હઠાવવા માટે દેખીતી રીતે જ કોઈ બહાર ના આવ્યું. વાંદરાએ મોટરને નુકસાન પહોંચાડવાનો નિશ્ચય કર્યો હોય તેમ એના છાપરાને તોડવા માંડ્યું. છાપરાને સારી પેઠે નુકસાન પહોંચાડ્યા પછી જ એ નીચે ઊતર્યું ત્યારે મોટરમાં બેઠેલા દર્શકોને રાહત મળી. એમનામાંથી કોઈને શારીરિક હાનિ ના પહોંચી એટલું સારું થયું. કોઈક વાર કોઈક અપવાદરૂપ સંજોગોમાં વાઘ, સિંહ કે રીંછ જેવાં પ્રાણીઓ તરફથી પ્રવાસીઓને જોખમ જેવું લાગે તો મોટરમાં બેસીને હોર્ન વગાડવાનું આવશ્યક મનાય છે. હોર્ન સાંભળતાંવેંત પાર્કમાં રખાયેલા રક્ષકો લેશ પણ વિલંબ વિના મદદ માટે આવી પહોંચે છે. પરંતુ એવી પરિસ્થિતિ ભાગ્યે જ પેદા થાય છે.

સફારી પાર્કમાં એક તરફ નાનું સરખું જળાશય છે. એમાં ઈલેક્ટ્રિક સંબંધથી સંચાલિત થતી નાનકડી નૌકાઓ છે. જળાશયની બાજુના બટનને દાબીને એમની ગતિવિધિને આરંભી અથવા અટકાવી શકાય છે. એમનું અવલોકન એકંદરે આનંદદાયક છે. જીવનની ગતિવિધિ પણ ચૈતન્યની એવી જ રીતે કાર્ય કરતી પરમ શક્તિના સંચાલન પર આધારિત છે ને ?

સફારી પાર્કની વિશાળ હરિયાળી પ્રવાસીના ચિત્તને આકર્ષે છે અને આહ્‌લાદ આપે છે. ત્યાંની શાંતિ અનુપમ છે. ત્યાં ફરતી વખતે કોઈ જુદા જ જગતમાં શ્વાસ લેતા હોઈએ એવું લાગ્યા વિના નથી રહેતું. હિંસક મનાતાં પ્રાણીઓના પ્રદેશમાં પ્રવેશતાં પહેલાં જ પ્રવેશદ્વાર પરની સૂચના તરફ સૌનું ધ્યાન દોરાય છે :

'વાઘ તથા સિંહના વિસ્તારમાં તમારી મોટરના દરવાજાને તથા કાચને બરાબર બંધ કરવાનું અનિવાર્ય રીતે આવશ્યક છે. એ પશુઓ ખૂબ જ જોખમકારક થઈ શકે છે.'

*

ડ્રાકેલો લેકમાં ફરતી સફારી બોટમાં બેસીને સરોવરની સફર કરવાનો આનંદ અનેરો છે. એ જીવનનો એક અસાધારણ લહાવો છે. એ સફર દરમિયાન બેટ પર વસતા ચિમ્પાન્ઝી વાનરોને વિલોકી શકાય છે. એ વાનરોને પાણીનો નૈસર્ગિક ભય લાગતો હોવાથી એમને નાસી છૂટવાનું જોખમ વહોર્યા વિના બેટ પર રાખી શકાય છે. ચિમ્પાન્ઝી વાનરો કાળા મજબૂત બાંધાવાળા હોય છે અને પુખ્ત વયના વાનરની ઊંચાઈ એ બે પગે ઊભા રહે છે ત્યારે લગભગ સાડાત્રણ ફૂટ જેટલી અને વાનરીની ઊંચાઈ થોડીક ઓછી હોય છે. નરનું સરેરાશ વજન ૧૧૦ પાઉન્ડ જેટલું અને માદાનું લગભગ નેવું પાઉન્ડ હોઈ શકે છે. મસ્તિષ્ક, પંજાના આકાર અને બુદ્ધિમત્તાની દૃષ્ટિએ વિચારીએ તો કહી શકાય કે બીજાં બધાં નિમ્ન કોટિનાં પ્રાણીઓ કરતાં ચિમ્પાન્ઝી વાનરો માનવ સાથે આશ્ચર્યકારક સમતા ધરાવે છે. એમની મૂળ ઉત્પત્તિ સેન્ટ્રલ વેસ્ટ આફ્રિકામાં થયેલી. એમનો વાસ વૃક્ષોવાળા વિસ્તારોમાં જોવા મળે છે.

સફારી બોટમાં સફર કરતા સહેલાણીઓ બોટની પાછળ ખોરાકની આકાંક્ષાથી આવતા સમુદ્રી સિંહોને પણ જોઈ શકે છે. પાર્કવાળા એમને રોજનો છથી સાત પાઉન્ડ જેટલી માછલીઓનો ખોરાક પૂરો પાડે છે તો પણ અવસર આવતાં એ એનાથી અધિક પણ આરોગે છે. એ મૂળ તો કેલિફોર્નિયાથી આવેલા હોવા છતાં ઈંગ્લેન્ડની ઠંડી આબોહવાથી સારી પેઠે ટેવાઈ ગયા છે. પાણીમાં એમનો વેગ અત્યંત અસાધારણ હોય છે અને જમીન પર ઝડપથી ચાલે છે. એ વિનોદપ્રિય અને બુદ્ધિમાન દેખાય છે. એમને સર્કસમાં જોડવામાં આવે છે તેમ ભાતભાતના ખેલ અથવા અભિનય કરતાં શીખવી શકાય છે.

સરોવરના શાંત પ્રદેશમાં સુંદર શ્વેત તથા પીળા રંગનાં પીંછાંવાળાં મોટાં પક્ષીઓ પણ જોવા મળે છે. સારસી પક્ષીને મળતાં આવતાં એ પક્ષીઓ લાંબી ગરદન તથા લાંબા પાતળા પગથી સંપન્ન હોય છે. માટીના ટાવર જેવાં એમના માળાઓ છથી માંડીને ચૌદ ઈંચ જેટલા ઊંચા હોય છે. એમાં મૂકવામાં આવતાં ઈંડાંને તૈયાર થતાં અઠ્ઠાવીસથી બત્રીસ દિવસ લાગે છે. એમનું અવલોકન આનંદપ્રદ બને છે.

* * *

## ૭. બ્લેકપુલ સરોવર તથા ટરલી

### બ્લેકપુલ

બ્લેકપુલ નગર પ્રમાણમાં નાનું હોવા છતાં સુંદર, શાંત અને સમુદ્રકિનારે હોવાથી આકર્ષક છે. પ્રેસ્ટનથી થોડેક દૂર આવેલું એ નગર ત્યાં થતી સપ્ટેમ્બર અને ઑક્ટોબર મહિનાઓની રોશની માટે પ્રખ્યાત છે. એને લીધે એ નગરનું નામ દૂર-સુદૂરના પ્રદેશો સુધી ફેલાયેલું છે. ત્યાંના સુવિશાળ રાજમાર્ગ પર થતી રોશનીના અવલોકન માટે એ દિવસો દરમિયાન દર્શકો મોટા પ્રમાણમાં એકઠા થાય છે અને ત્યાં વિરાટ મેળા જેવું દૃશ્ય ઉપસ્થિત થાય છે. નગરની કાઉન્સિલ તરફથી સપ્ટેમ્બર અને ઑક્ટોબર મહિનાઓ દરમિયાન રોજ રાતે કરવામાં આવતી રોશની નગરનું પ્રમુખ અસાધારણ આકર્ષણ બની રહે છે. પ્રેસ્ટનના નિવાસ દરમિયાન એક દિવસ રાતે અમે એ રોશનીનું નિરીક્ષણ કરવા ગયાં.

બ્લેકપુલ નગરના રાજમાર્ગ પર કરાતી રોશની જેવી રોશની બીજે ક્યાંય ભાગ્યે જ જોવા મળે છે. એ દ્વારા જુદીજુદી જાતનાં પુષ્પો, પશુઓ, માનવો, સૈનિકો તથા રાજપરિવારોની આકૃતિઓ ઉપસાવવામાં આવે છે. એ આકૃતિઓ એટલી બધી આબેહૂબ અથવા સજીવ હોય છે કે વાત નહીં. એમનું સુસ્પષ્ટ સાંગોપાંગ વર્ણન કરવાનું કાર્ય કઠિન છે. દર્શકો એમને અવલોકીને અતિશય આનંદવિભોર બની જાય છે. એના અવલોકનની કોઈ પ્રકારની ફી નથી હોતી.

એક બીજે દિવસે અમે બ્લેકપુલ નગરની મધ્યાહ્ન સમયે મુલાકાત લીધી. મધ્યાહ્ન કાળ પછીનું બ્લેકપુલ નગર જૂદું જ દેખાયું. એના સમીપવર્તી સુવિશાળ સાગરતટ પર સહેલાણીઓ તીડોની પેઠે ટોળે વળેલા. માર્ગની આસપાસ માનવમહેરામણ ઊમટેલો. કારને પાર્ક કરવાના નિયત સ્થાન પર કાર મૂકીને અમે નગરમાં ફરવા માંડ્યું. એ વખતે સમુદ્રમાં ભરતી હોવાથી પવનનો પાર નહોતો. અમને સત્કારવા માટે એ જાણે કે અધીરો બનેલો. અમને નિહાળીને મદોન્મત્ત બનીને ભાન ભૂલેલો. એને લીધે ઠંડીનું પ્રમાણ વધી ગયેલું.

અમે ત્યાંના એક સંગ્રહસ્થાનની મુલાકાત લીધી. એ સુપ્રસિદ્ધ સંગ્રહસ્થાનમાં જુદાજુદા દેશોના રાજપુરુષોની મૂર્તિઓ હતી. એ શિલ્પકૃતિઓ એટલી બધી આબેહૂબ હતી કે વાત નહીં. જાણે કે હમણાં જ બોલી ઊઠશે. ત્યાં એક તરફ મહાત્મા ગાંધીજીની ને નહેરુજીની પ્રતિમાઓ પણ મુકાયેલી. પરંતુ એ તદ્દન ખરાબ દેખાતી. એમને લેશ પણ ન્યાય નહોતી કરતી. એમની મુખાકૃતિ સાથે એ મેળ જ નહોતી ખાતી. સમસ્ત સંગ્રહસ્થાનમાં એ પ્રતિમાઓ જુદી જ તરી આવતી અને એ પુરુષોનો ઉપહાસ કરતી દેખાતી. વરસોથી એ પ્રતિમાઓ એવી જ રીતે રાખવામાં આવેલી. કેટલાય ભારતવાસીઓએ એમનું અવલોકન કરેલું. પરંતુ એમને બદલાવવા કે સુધારવા માટે એમની સામે સંયુક્ત અવાજ નહોતો ઉઠાવ્યો. ભારતીય હાઈકમિશનના પદાધિકારીઓને એની જાણ હશે કે કેમ ? જો જાણ હોવા છતાં પણ એ કોઈ કારણે મૂંગા રહ્યા હોય તો એમનું એ મૌન આવકારદાયક અથવા અભિનંદનીય તો ના જ કહેવાય. એવી અયોગ્ય પ્રતિમાઓને પ્રદર્શન માટે મૂકવા કરતાં તો એમને ના રાખવી જ વધારે હિતાવહ લેખાય. મેં મારી સાથેના ભાઈઓને એ બાબત યોગ્ય સાધનો મારફત ઘટતું કરવા માટે ભલામણ કરી ત્યારે એમને પણ થયું કે ભારતનું અજ્ઞાત

અપમાન કરનારી એવી પ્રતિમાઓને ચલાવી લેવાને બદલે એમના પ્રદર્શન સામે શાંત સમજપૂર્વકનો અસરકારક વિરોધ ઉઠાવવો જોઈએ.

એ વિશાળ સંગ્રહસ્થાનની બીજી બાજુએ કેટલાંક ખૂનનાં, હિંસાનાં, યંત્રણાનાં અને અકસ્માતોનાં ભયંકર દૃશ્યો પણ પ્રતિમાઓમાં કંડારેલાં જોવા મળ્યાં. કેટલાક લોકોને એવાં ભીષણ દૃશ્યોને જોવામાં ખાસ રસ પડતો તો બીજા કેટલાકને માટે એ ભયજનક અથવા અરેરાટી ઉપજાવનારાં પણ થઈ પડતાં. પ્રત્યેકની પ્રકૃતિ તથા રુચિ પૃથક્ પૃથક્ હોય છે અને એટલે જ એક વસ્તુ એકને માટે આહ્લાદક ઠરે છે તો બીજાને માટે અવસાદનું કારણ બને છે. સંસાર અને એમાં વસનારા માનવનું માનસ વિવિધરંગી છે અને વિભિન્ન પ્રકારની ક્રિયા-પ્રતિક્રિયાવાળું.

*

**સરોવરની સફર**

બૉલ્ટન નગરથી લગભગ સિત્તેર માઈલ દૂર વિન્ડરમીર સ્થળમાં એક સુંદર સરોવર છે. એ વિસ્તારને લેક ડિસ્ટ્રિક્ટ પણ કહેવામાં આવે છે. બૉલ્ટનથી અમે એ સુંદર સરોવરને જોવા ગયાં. એ સરસ ચિત્તાકર્ષક હૃદયંગમ સરોવર ૧૧ માઈલ લાંબું અને ૨૫૦ ફીટ ઊંડું છે. અમે એટલું બધું સુવિશાળ સરોવર અમારા ઈંગ્લેન્ડના નિવાસ દરમિયાન એ પહેલું જ જોયું. એ દિવસે રજા ના હોવાથી પ્રવાસીઓ ત્યાં મોટી સંખ્યામાં નહોતા આવ્યા. એક તરફ થોડીક મોટરો ઊભેલી ને બીજી તરફ બેત્રણ બસો હતી. બસોને ત્યાં કોચના વિશિષ્ટ નામથી ઓળખવામાં આવે છે અને એ બસો એટલી બધી સુંદર તથા સગવડવાળી હોય છે કે વાત નહીં. ભારતમાં એવી બસો જોવા પણ નથી મળતી. આપણે ત્યાંની સારામાં સારી લકઝરી બસો કરતાં પણ એ વધારે સારી હોય છે. આપણે ત્યાંની સીટી બસો જેવી સામાન્ય બસો તો ત્યાં જોવા પણ નથી મળતી.

સરોવરમાં વિહાર કરવા માટે અમે જે સ્ટીમબોટમાં બેઠાં એ સ્ટીમબોટની બેઠકો અતિશય આકર્ષક હતી. ત્યાંની સ્ટીમબોટ પણ ખૂબ જ સગવડવાળી હોય છે. સાગર જેવા વિસ્તૃત સરોવર પર સ્ટીમબોટ ચાલવા માંડી. સરોવર પોતાના હૈયાને ફેલાવીને એનું સહર્ષ સ્વાગત કરવા લાગ્યું. નાવની મદદથી વચ્ચેવચ્ચે સરોવરના અગાધ જળભંડારમાં કોઈકોઈ તરવૈયાઓ તરતા દેખાતા ત્યારે એ આખુંય દૃશ્ય ખૂબ જ રોમાંચક દેખાતું.

નૌકાવિહાર પછી અમે સરોવરના તટપ્રદેશ પરના એક બાગમાં જઈને બેઠાં. સરોવરના શાંત તટ પરના એ પ્રદેશ પરની શિલા, ઝાડી તેમ જ રેતી ભારતના કોઈક કુદરતી સૌંદર્યથી સભર પ્રદેશનું સ્મરણ કરાવતી. ઈંગ્લેન્ડમાં એવી પ્રાકૃતિક જગ્યાને નિહાળવાનો અવસર પહેલો જ હતો. ત્યાંથી મોટરમાર્ગે આગળ વધીને અમે હિમાલયની સ્મૃતિ કરાવતા પર્વતીય પ્રદેશમાં પ્રવેશ્યાં.

એ આખોય પ્રવાસ ખૂબ જ શિક્ષાપ્રદ અને આનંદદાયક રહ્યો.

*

**ટરલી**

'દીવાની નીચે અંધારું' કહેવત સુપ્રસિદ્ધ છે. એ કહેવત પ્રમાણે કેટલીક વાર એવું બને છે કે સત્પુરુષોને એમની પાસેના અથવા આજુબાજુના જ માનવો નથી ઓળખી શકતા. દૂરના માનવો એમનાથી પરિચિત અથવા સુપરિચિત હોય છે પરંતુ કોઈક વાર પાસેના માનવો એમનાથી એકદમ અજ્ઞાત રહે છે. સમીપવર્તી સુંદર સ્થળોને પણ કેટલીક વાર કેટલાક માનવો નથી જાણતા અને દૂર-સુદૂરના ગુણદર્શી પ્રકૃતિપ્રેમી જિજ્ઞાસુ માનવો એમના અવલોકન માટે આવે છે. ટરલીના સંબંધમાં પણ એવું જ બન્યું. અમે એના મધુમય મહિમાને સાંભળીને બૉલ્ટન નગરથી મોટરમાર્ગે ઓગણચાળીસ માઈલ દૂરના એ સુપ્રસિદ્ધ સ્થાનના અવલોકનાર્થે આગળ વધ્યા ત્યારે ટરલીથી ત્રણચાર માઈલ દૂરના એક નાનકડા સ્થળમાં એના વિશે પૂછ્યું અને માર્ગની માહિતી માગી ત્યારે અમારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે જણાયું કે ત્યાંના માનવોમાંથી કોઈને પણ ટરલી વિશે માહિતી ન હતી. એ પુરુષાર્થપરાયણ પ્રકૃતિના ખોળે ખેલનારા ગ્રામજનોએ ટરલીનું નામ પણ નહોતું સાંભળ્યું. અમારી પાસેથી ટરલીના શબ્દપ્રયોગને સાંભળીને એ આશ્ચર્યચકિત થઈને વિસ્ફારિત નેત્રે નિહાળી રહ્યા.

જેમતેમ કરીને એક અથવા બીજી રીતે માહિતી મેળવીને અમે ટરલી પહોંચ્યાં ખરાં. અમારી સાથે બૉલ્ટનથી આવેલા છોટુભાઈએ અને શાંતિભાઈએ બધું જ શોધી કાઢ્યું.

ટરલીનો મોટરમાર્ગ જે પ્રદેશમાંથી પસાર થયો તે પ્રદેશ ખૂબ જ સ્વચ્છ, શાંત, એકાંત અને કુદરતી સુંદરતાથી સમૃદ્ધ હતો. વિશાળ ખેતરો, મેદાનો ને ગામડાંની વચ્ચેથી આગળ વધતો માર્ગ ખૂબ જ હૃદયંગમ હતો. ઈંગ્લેન્ડમાં જ્યાં જઈએ ત્યાં પાકા માર્ગો જ જોવા મળે છે. વૃક્ષો ને મેદાનો સર્વત્ર પ્રચુર પ્રમાણમાં છે. દૂરદૂરનાં નાનાં ગામડાંઓ પણ સુંદર સગવડવાળાં મકાનો, પાણીના નળ તથા લાઈટથી સુશોભિત દેખાય છે. થોડેક અંતરે નાનીમોટી ફેક્ટરીઓ પણ જોવા મળે છે. એને લીધે ગામડાં શહેર કરતાં પણ વધારે સારાં, સગવડવાળાં ને કોલાહલરહિત લાગે છે. શહેરમાં વસવા કરતાં ત્યાં વસવાનું વધારે ગમે છે. ત્યાંના ગામડાંઓની એ વિશિષ્ટતા અથવા આકર્ષકતા સવિશેષ અને ખાસ ઉલ્લેખનીય છે. ભારતનાં ગામડાંઓમાં અને ત્યાંનાં ગામડાંઓમાં આભજમીનનો તફાવત છે. આપણાં ગામડાંઓને વ્યવસ્થિત થતાં અને આકર્ષક અથવા આહ્લાદક બનતાં હજુ વાર લાગશે. આપણાં ગામડાંઓની અવદશાને લીધે એમની પ્રજા શહેરો તરફ વળતી જાય છે. એમની કાયાપલટ કરવાની આવશ્યકતા છે. આપણે ઈંગ્લેન્ડ પાસેથી જે કેટલાક જીવનોપયોગી પાઠ શીખવાના છે તેમાં ગ્રામસુધારણાના એ પાઠનો સમાવેશ પણ કરી શકાય છે.

ટરલી સ્થાનનું નામ એ સ્થાનની સાથે સંકળાયેલી ટરલી નામની સન્નારી સાથે સંબંધ ધરાવે છે એ વાતની ખબર તો અમને પાછળથી એ સ્થાનની માહિતી મેળવ્યા પછી જ પડી શકી. પ્રથમ તો અમે એ સ્થાનમાં પ્રવેશ્યાં કે તરત જ એની કુદરતી સુંદરતા, શાંતિ તથા સુવિશાળતાથી મુગ્ધ બન્યાં. એનાં પવિત્ર પરમાણુઓ પ્રભાવોત્પાદક લાગ્યાં. મોટર દ્વારા આગળ વધીને અમે થોડા વખતમાં જ મુખ્ય મકાન પાસે પહોંચી ગયાં. એના પ્રવેશદ્વાર પાસે એક કર્મચારીએ અમારું સ્વાગત કર્યું. મકાન અતિશય વિશાળ, સુદૃઢ છતાં પણ પ્રાચીન ઢબનું હતું. અંદર લાકડાની મદદથી ઠંડીથી બચવા તથા વાતાવરણને ગરમ રાખવા તાપણી કરવામાં આવેલી. એની પાસે બેઠેલી એક કુમારિકાએ સુમધુર સ્વરે સ્મિતસહિત અમારું સ્વાગત કર્યું. પંદરથી સત્તર માઈલ જેટલે દૂર આવેલા વેલ્સની બૉર્ડર પરના એ સ્થળમાં એની અસાધારણ શાંતિ તથા

સુંદરતાથી આકર્ષાઈને, પવિત્ર જીવન જીવવાની પ્રેરણાથી પ્રેરાઈને, જુદાજુદા દેશોના પ્રતિનિધિઓ એકાંતિક જીવનનો આનંદ અનુભવવા આવતા, ઈચ્છાનુસાર સમયપર્યંત રહેતા, ને પ્રેરણા મેળવતા. કેટલાક પ્રતિનિધિઓને અમે ત્યાં જોયા પણ ખરા. એમનામાંના કેટલાક અમને એમની વચ્ચે અવલોકીને આનંદ પામ્યા. એમણે જ્યારે સાંભળ્યું કે મેં હિમાલયના ઋષિમુનિસેવિત તપઃપુત પુરાણપ્રસિદ્ધ પ્રદેશમાં વરસો સુધી વાસ કર્યો છે ત્યારે તો એમની પ્રસન્નતા ને જિજ્ઞાસા વધી પડી. એ જિજ્ઞાસા પૃથક્ પૃથક્ પ્રકારે પ્રગટ થઈ.

'હિમાલયના પ્રસિદ્ધ પ્રદેશમાં અત્યારે પણ કોઈ સમર્થ સંતપુરુષો રહે છે ખરા ?'

'રહે છે.'

'કેટલા રહે છે ?'

'સમર્થ સંતપુરુષોની સંખ્યા સદા ઓછી હોય છે. આ જમાનામાં તો અતિશય ઓછી. તોપણ એમનો સર્વથા અભાવ નથી હોતો. આજે પણ નથી દેખાતો.'

'એમનો સમાગમ થઈ શકે ?'

'શા માટે ના થાય ?'

'કેવી રીતે થાય ?'

'એમની અથવા પરમાત્માની કૃપાથી થઈ શકે. એમને ઓળખી પણ એ જ રીતે શકાય.'

'તમને એવા પરમ પવિત્ર સમર્થ સંતોનો સમાગમ સાંપડ્યો છે ?'

'હા. એકને બદલે અનેક વાર સાંપડ્યો છે.'

'કેવી રીતે ?'

'મેં હમણા જ કહ્યું તેવી રીતે. મારા જીવનમાં મને સંતોને મળવાની એટલી બધી આકાંક્ષા નહોતી જેટલી સંત બનવાની. છતાં પણ સમર્થ સાચા સંતપુરુષો પ્રત્યે અસાધારણ આદરભાવ હોવાથી મને એમની ને ઈશ્વરની કૃપાથી એમના દેવદુર્લભ દર્શનનો લાભ મળ્યો છે. એમની દ્વારા અનોખો લાભ પણ પહોંચ્યો છે.'

'એમની દ્વારા બીજાને લાભ થઈ શકે ?'

'અવશ્ય થઈ શકે. એમની ઉપસ્થિતિ જ લાભકારક છે. એ લાભ આપવા તૈયાર થાય ત્યારે તો કહેવું જ શું ?'

'આત્મકલ્યાણ માટે શું કરવું જોઈએ ?'

'વ્યાવહારિક જીવનની બને તેટલા વધારે ને વધારે પ્રમાણમાં વિશુદ્ધિ સાધવી જોઈએ, બીજાને માટેના સેવાકાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ. પરમાત્માની શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનવું જોઈએ, અને પરમાત્માના સુખદ સાક્ષાત્કારને માટે સુદીર્ઘ સમયપર્યંતની અંતરંગ સાધનાનો આધાર લેવો જોઈએ. સંક્ષેપમાં કહીએ તો સાધનામય જીવન જીવાવું જોઈએ.'

'સંસારના વ્યવહારની વચ્ચે રહીને એ બધું થઈ શકે ?'

'જરૂર થઈ શકે. વ્યવહાર વિકાસની વચ્ચે નથી આવતો. બાધક નથી બનતો. કેટલીક વાર સાધક બને છે. બાધક તો મુખ્યત્વે મન બને છે. મનને જો બરાબર કરી દેવામાં આવે તો વ્યવહારની વચ્ચે રહીને પણ આત્મવિકાસના માર્ગે આગળ વધી શકાય છે.'

'આભાર.'

*

ટરલીના પ્રમુખ વ્યવસ્થાપક મહોદયે અમને એ એકાંત શાંત સ્થળનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો. એમણે અમને ઉપર લઈ જઈને ટરલીની માહિતી આપતી ડૉક્યુમેન્ટરી દસ્તાવેજી ફિલ્મ બતાવી. ટરલી નામની સુકુમારી વરસો પહેલાં એ વિશાળ મકાનમાં એનાં માતાપિતા સાથે વાસ કરતી. એનાં માતાપિતા અતિશય ધનાઢ્ય હોવાથી એ સાંસારિક સંપત્તિની છોળો વચ્ચે અમનચમનમાં ઊછરેલી.

સહેજ સમજણ આવી ત્યારથી જ એ વિચાર કરતી થયેલી. એનું અંતર દીનદુઃખી, અનાથ અને અભાવગ્રસ્તોને માટેની અનોખી અનુકંપાથી અલંકૃત હતું. બાઈબલના શ્રવણમનનથી એને જીવનમાં શુદ્ધિ, સંયમ તેમ જ સેવાધર્મને અપનાવવાની ઈચ્છા થઈ. એણે બીજાની સેવાનો ને ઈશ્વરપ્રાર્થનાનો આધાર લીધો. માતાપિતાના મૃત્યુ પછી એનું આત્મચિંતન વધી પડ્યું. એ વરસો સુધી એ એકાંત આવાસમાં વસીને વિચારતી રહી. એને થયું કે આ જીવનનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. એણે પોતાના જીવનને આધ્યાત્મિક રંગે રંગવા માંડ્યું. ટરલીની પોતાની વિશાળ સંપત્તિનો સદ્દુપયોગ અનેક આત્માઓને શાંતિ આપવા અને આધ્યાત્મિક રીતે ઉત્કર્ષ સાધવા-સધાવવા માટે કરી શકાય તેને માટે સ્વપ્નો સેવવા માંડ્યાં. એ સંપત્તિનો સદ્દુપયોગ થવાનો હશે એટલે એને એક સુંદર સુવિચાર સૂઝ્યો. એ સુવિચારને અનુસરીને એણે ઈંગ્લેન્ડમાં પોતાની રીતે જનસેવાનું સત્કાર્ય કરતી સંસ્થા મોરલરી આર્મામેન્ટ ફોર્સને પોતાનું વિશાળ મકાન આપી દીધું. અને એની આજુબાજુની અમુલખ સંપત્તિ પણ સમર્પિત કરી. પોતાના જીવનના અંતિમ દિવસો દરમિયાન એ લંડનમાં રહેવા લાગી. કેટલો બધો અદ્ ભુત અસાધારણ ત્યાગ અને કેવી અલૌકિક સેવાભાવના ? આજે ટરલી એના સ્થૂળ શરીરે વિદ્યમાન નથી, પરંતુ પોતાના સૂક્ષ્મ યશશરીરથી અમર છે. ત્યાંના વાયુમંડળમાં એની સદ્ ભાવના વિહરતી દેખાય છે. એનો અંતરાત્મા આજે પણ અન્યને અનુપ્રાણિત કરતો વિચરતો હોય એવું અદૃષ્ટ રીતે અનુભવાય છે. એ સુકુમારી તો એના સમર્પણથી ધન્ય બની પરંતુ બીજા અનેકને ધન્ય બનાવતી ગઈ. એનું નામ અને કામ અમર બની ગયું.

ટરલી આજે પવિત્ર પ્રેરણાધામ તથા તીર્થસ્થાન બન્યું છે તો એ સન્નારીના સત્કર્મને લીધે જ. ભવિષ્યમાં પણ એની આગવી રીતે પ્રેરણા પ્રદાન કરતું રહેશે. અનેકનું ઉત્તમ જીવનની દીક્ષા આપીને કલ્યાણ કરશે.

*

ફરી વાર નીચે આવીને અમે આરામ કરતાં બેઠાં. ત્યાં શાંતિ તથા સાધના અને એકાંતવાસ માટે આવેલા કેટલાક પુરુષોનો અમને પરિચય કરાવવામાં આવ્યો. એ પુરુષોમાં સમીપવર્તી વેલ્સના સદ્ ગૃહસ્થ વિશેષ જિજ્ઞાસુ અને માયાળુ હતા. એ સંસ્કારી સહૃદય સદ્ ગૃહસ્થની સાથેના વિશદ વાર્તાલાપથી મને આનંદ થયો. એ વાર્તાલાપનો સારાંશ આ પ્રમાણે હતો :

'મન કેવી રીતે સ્થિર થઈ શકે ?' એમણે પૂછ્યું.

મેં જણાવ્યું : 'શુદ્ધ કે સાત્વિક મન સહેલાઈથી, કોઈ વિશેષ પરિશ્રમ વિના સ્થિર થાય છે.'

'ધ્યાનમાં મનને જોડું છું ત્યારે વિચારો આવે છે.'

'વિચારોને ઘટાડવા તથા મટાડવા માટે મનને મંત્રજપનું, આત્મવિચારનું અથવા કોઈ મનપસંદ રૂપના ધ્યાનનું આલંબન આપવું જોઈએ.'

'તમને લાગે છે કે સંસારમાં શાંતિ સ્થપાશે ?'

'સ્થપાશે. સંસારની શાંતિ માટે વ્યક્તિના જીવનમાં શાંતિ સ્થાપવી જોઈએ. એટલે આપણા વ્યક્તિગત જીવનને શાંતિથી સંપન્ન બનાવવાની આવશ્યકતા અધિક અને અનિવાર્ય છે. પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવનમાં શાંતિ પ્રસારવાનો પ્રયત્ન કરશે એટલે સમસ્ત સંસારમાં શાંતિ ફેલાશે.'

'કેટલાક વિદ્વાનો ને જ્યોતિષીઓ જણાવે છે કે, નજીકના ભવિષ્યમાં જ અવતાર થવાનો છે. એ વિશે આપનો શો અભિપ્રાય છે ?'

'અવતાર થવાનો હોય તો પણ એ થાય અને બહાર પડે ત્યાં સુધી બીજાએ બે હાથ જોડીને કાંઈ પણ કર્યા વગર બેસી રહેવું ? અવતાર આવશે તો એનું કાર્ય કરશે. આપણે આપણું કાર્ય કરવાનું છે. આપણા જીવનમાં ઈશ્વરનો અવતાર થાય એ ખાસ જરૂરી છે.'

થોડાક સમય સુધી શાંતિ રાખ્યા પછી એમણે પૂછ્યું : 'તમને ઈંગ્લેન્ડ કેવું લાગ્યું ?'

'સારું લાગ્યું.'

'ગમ્યું ?'

'હા.'

'તમારા અહીંના કાર્યક્રમમાં અને ભારતમાં રહેતા તે દિવસો દરમિયાનના કાર્યક્રમોમાં કોઈ ફેર પડેલો દેખાય છે ? '

'બહારના કાર્યક્રમોમાં સ્વાભાવિક રીતે જ પરિસ્થિતિને અનુસરીને થોડોક ફેર દેખાય તો પણ મારા મનની વૃત્તિમાં, અવસ્થામાં અને મારા ભાવો કે વિચારોમાં કશું અંતર નથી દેખાતું. એમનું સ્વરૂપ એકસરખું જ રહેતું હોય છે. એ ખાસ મહત્વનું છે.'

'એવું કેવી રીતે બને છે ? અમારું મન તો બાહ્ય પરિસ્થિતિના પ્રભાવમાં પડીને વારંવાર બદલાતું રહે છે.'

'મનના સંયમની અમુક ઊર્ધ્વ ભૂમિકા પર પહોંચ્યા પછી મન સદા સર્વપ્રકારની પરિસ્થિતિમાં સ્વસ્થ, સ્થિર, પ્રશાંત તથા પ્રભાવરહિત રહે છે. આખરે સૌએ એ અવસ્થા પર પહોંચવાનું છે.'

'તમારા સત્સંગથી મને મોટો લાભ થયો અને શાંતિ સાંપડી. ભારત જેવા સંસ્કૃતિના સંદેશવાહક મનાતા દેશમાં આવા ઘોર સંક્રાંતિકાળમાં પણ તમારા જેવા પરમ પ્રતાપી પ્રાણવાન મહાપુરૂષો વસે છે એ જાણીને મને ભારતને માટે માન પેદા થાય છે. જે દેશમાં તમારા જેવા મહાપુરુષો પ્રકટે છે તે દેશ સાચેસાચ મહાન છે ને ચાહવા જેવો છે.'

મને થયું કે મારા સ્વલ્પ સમાગમથી પણ આ સદ્ ગૃહસ્થના અંતરમાં ભારતને માટે અભિનવ આદરભાવ અવિર્ભાવ પામ્યો હોય તો એ સમાગમ સાર્થક કે સફળ છે. મારી વિદેશયાત્રા સહેતુક છે.

મેં શાંતિપૂર્વક જણાવ્યું : 'ભારતમાં સાચા પરમાત્માના પરમકૃપાપાત્ર આદર્શ મહાપુરુષો કેટલાય છે. મને ત્યાં પ્રકટવાનું અને એના સુખશાંતિપ્રદાયક જીવનોપયોગી સ્વર્ણસંદેશને સંભળાવવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. હું તો એ મહાપુરુષોનું સહજ સાધારણ પ્રતિનિધિત્વ કરી રહ્યો છું.'

'એ પ્રતિનિધિત્વ – જો એ ખરેખર પ્રતિનિધિત્વ જ હોય તો, અતિશય પ્રાણવાન છે.'

'એ તો તમે જાણો. પરંતુ એથી ભારતનું ગૌરવ લેશ પણ વધતું હોય તો એ મારે માટે આનંદનો વિષય છે.'

'જ્યાં સુધી ભારતમાં તમારા જેવા સંસ્કૃતિપ્રેમી, રાષ્ટ્રપ્રેમી, વિશ્વપ્રેમી, મહામાનવો વસે છે ત્યાં સુધી ભારતનું ગૌરવ ઘટી નહીં શકે. સદા વધતું જ રહેશે.'

એમની આંખ ભીની થઈ.

મેં કહ્યું : 'તમારા જેવા સહૃદય ભારતમિત્રો છે ત્યાં સુધી ભારતનું વર્તમાન ને ભાવિ ઉજ્જવળ છે.'

ટરલીના મુખ્ય દ્વાર આગળ આવીને જોયું તો બહાર બધે વરસાદ વરસતો હતો. ધીમા વરસાદમાં આગળ વધીને અમે મોટરમાં ગોઠવાયાં ને મોટર કુદરતી સુંદરતાથી છવાયેલા, વીંટળાયેલા વાયુમંડળમાંથી આગળ વધી. ટરલીનો એ સમગ્ર સમય ચિરસ્મરણીય બની રહ્યો.

* * *

## ૮. લંડનની અદભુત બિલાડી

મનુષ્યો મોટે ભાગે સંવેદનશીલ કહેવાય છે. એની અંદર ઊર્મિઓનો ઉદ્રેક પેદા થાય છે અને ચિંતનમનનની ક્રિયા-પ્રક્રિયા પણ સારી રીતે નૈસર્ગિક નિયમને અનુસરીને જ ચાલતી હોય છે. એ પોતાના જ્ઞાત-અજ્ઞાત પૂર્વસંસ્કારો સાથે જન્મ ને મૃત્યુના ચક્રમાં ફર્યા કરે છે. સંસ્કારોનું, ભાવો-પ્રતિભાવોનું અને સંવેદનશીલતાનું એમનું ઐશ્વર્ય સદા અક્ષય રહે છે. પરંતુ મનુષ્યેત્તર પ્રાણીઓ પણ સંવેદનશીલ હોય છે અને એમના સંચિત શુભાશુભ સંસ્કારોના વારસાને લઈને વિવિધ વેશે વિભિન્ન યોનિઓમાં વિચરે છે એવું જુદીજુદી રીતે અનુભવી શકાય છે. એક બીજી વાત પણ વિચારવા જેવી છે. મનુષ્યેત્તર પ્રાણીઓ પોતાના પૂર્વસંસ્કારોને આધીન થઈને પ્રવૃત્તિ કરે છે અને એ સંસ્કારોથી પ્રેરાઈને લાગણીઓની અભિવ્યક્તિ કરે છે. એ અભિવ્યક્તિ શુભ પણ હોય, અશુભ પણ હોય, અનુકૂળ પણ હોય અને પ્રતિકૂળ પણ હોય. સુખદ હોય તથા દુઃખદ પણ હોય.

લંડનના અમારા નિવાસ દરમિયાન લાગણીની અભિવ્યક્તિનો એક અનોખો ઉલ્લેખનીય બનાવ બન્યો. એ દિવસ ૨૧મી ઑગસ્ટ, ૧૯૭૭નો હતો. લંડનમાં ચાલતા અંગ્રેજ મહિલાઓના એક યોગકેન્દ્રમાં મારે મુદ્રાઓ વિશે વાર્તાલાપ કરવા જવાનું થયું. ત્યાં મારા વાર્તાલાપને સાંભળવા માટે એકઠી થયેલી સઘળી કુમારિકાઓ પચીસ વરસની આસપાસની દેખાઈ. એમને અવલોકીને મને સ્વાભાવિક રીતે જ આનંદ થયો. લંડનના વિશાળ નગરમાં એવાં દૃશ્યો અવારનવાર જોવા મળતાં જ્યારે નાની ઉંમરનાં યુવકો તથા યુવતીઓ, કિશોરો તથા કિશોરીઓ યોગાભ્યાસની અસાધારણ અભિરુચિથી પ્રેરાઈને આસનોના અને પ્રાણાયામોના શિક્ષણનો લાભ લેવા એકઠાં થાય છે. કિશોરો તથા કિશોરીઓ, યુવકો તથા યુવતીઓ સાંસારિક સુખોપભોગના સ્વચ્છંદી જીવનમાર્ગેથી પરાઙ્મુખ બનીને કે નિવૃત્ત થઈને યોગના આત્મકલ્યાણકારક મંગલમાર્ગે વળે એ ખરેખર ઈચ્છવા જેવું અને ઉત્સાહપ્રેરક છે.

યોગમાર્ગની અભિરુચિવાળા એ સાધક આત્માઓને અભિનંદનના આરંભના શબ્દો સંભળાવીને મેં એમની સમક્ષ મુદ્રાઓ વિશે પ્રવચન કર્યું. અને મુદ્રાઓ કેમ કરવી તે પણ પદ્ધતિપૂર્વક સુવ્યવસ્થિત રીતે બતાવ્યું. એ પછી સૌને શંકાસમાધાન માટે જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પ્રશ્નો પૂછવાનું આમંત્રણ આપ્યું. પ્રશ્નોત્તરીનો સમય સમાપ્ત થયો એ વખતે એક વિચિત્ર અકલ્પ્ય ઘટના બની. યોગકેન્દ્રની સન્નારીની પાળેલી બિલાડીએ મક્કમ પગલે, ધીરગંભીર ગતિએ, સહેજ પણ ભય કે સંકોચ વિના, એ સુંદર સરસ પ્રવચનસ્થળમાં પ્રવેશ કર્યો અને કોઈની પણ પરવા કર્યા વિના હું જે ખુરશી પર બેઠેલો તે ખુરશી પર ચઢીને મારા ખોળામાં – જાણે કે વરસોનો કોઈ ચિરપરિચિત ખોળો હોય એમ - શાંતિથી બેસી ગઈ. પેલી યોગકેન્દ્રની સંચાલિકા સન્નારીએ એને નીચે ઉતારવાનો ને લઈ જવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે વ્યર્થ ગયો. બિલાડી કોઈ પણ પ્રકારના બાહ્ય ઉપદ્રવ વિના વીસેક મિનિટ સુધી સ્વસ્થ ચિત્તે કોઈક નવી જ મુદ્રાનો અભ્યાસ કરતી હોય એવી રીતે સહેજ પણ હાલ્યાચાલ્યા સિવાય શાંતિથી બેસી રહી. છેવટે શાંતિપૂર્વક મારા ખોળાને છોડીને જેવી રીતે ઉપર ચઢી હતી તેવી રીતે નીચે ઊતરી ગઈ. નીચે ઊતર્યા પછી ઘરની અંદરના ભાગ તરફ સંપૂર્ણ સંતોષ સાથે ચાલવા લાગી. એના શરીરે મેં હાથ મૂક્યો તે પછી જ એ નીચે ઊતરેલી.

એની એ સઘળી ચેષ્ટાને જોઈને સૌ કોઈને આશ્ચર્ય અને આનંદ થાય એ સ્વાભાવિક હતું. એનો આત્મા અનોખો અથવા ઉદાત્ત હતો એમાં કોઈ શંકા નહોતી. પાછળથી એના વિશે વિચારતાં મને થયું કે એ એના જન્માંતરમાં કોઈક સારી સાધિકા હશે. એના મનમાં સંતપુરુષના દર્શનની અને આશીર્વાદની ઈચ્છા શેષ રહી ગઈ હશે. એ પૂર્વેચ્છાથી પ્રેરાઈને મારી પધરામણી થતાં એ ઘરમાંથી શાંતિલાભ માટે બહાર નીકળી હશે. એની આકાંક્ષા પૂરી થવાથી એને સંપૂર્ણ સંતોષ થયો હશે. કયો આત્મા કઈ પ્રેરણાથી પ્રેરાઈને કયા કર્મમાં પ્રવૃત્ત થાય છે તે સામાન્ય માનવ કેવી રીતે સમજી શકે ? કર્મની ગતિ ઘણી ગહન છે.

બિલાડીનો એ બનાવ એકદમ અસાધારણ અને અતિશય રહસ્યમય હતો. એનું સ્મરણ મને એ પછી આજ સુધી અનેક વાર થયું છે. એ શ્વેત વર્ણની ભરાવદાર શરીરવાળી આકર્ષક બિલાડી એની અસાધારણ પ્રવૃત્તિને લીધે સ્મૃતિપટ પર સચવાઈ રહી છે. ભવાટવીમાં ફરતાંફરતાં એ કોઈક ચોક્કસ કલ્યાણકારક કેડીએ, કોઈક સંતાપશામક વિપત્તિવિદારક તબક્કાએ, આવી પહોંચેલી એ નિઃશંક હતું. એનું ભાવિ અતિશય ઉજ્જવળ દેખાતું 'તું.

*

યોગકેન્દ્રની સંસાથાપિકા તથા સંચાલિકા સન્નારીના પતિદેવ પોતાની મોટરમાં અમને અમારા ઉતારા પર મૂકવા આવ્યા ત્યારે એમની સાથે જે વાતચીત કરવાનો અવસર ઉપસ્થિત થયો તે દરમિયાન એમના અંતરની ઉદાત્તતાનો પણ પરિચય થયો.

'તમારી ધર્મપત્ની ઉદાત્ત પ્રકૃતિની છે. યોગવિદ્યામાં રસ ધરાવે છે.'

'એ કલાકાર પણ છે.'

'કલાકાર ?'

'હા. એને સંગીત તથા નૃત્યનો શોખ છે. એણે એનો અભ્યાસ કર્યો છે. હજુ પણ એનો વિશેષ અભ્યાસ કરી રહી છે.'

'તમને એનો કલાપ્રેમ ગમે છે ?'

'શા માટે ના ગમે ? કલાપ્રેમ હોવો એ કાંઈ ખોટી વસ્તુ નથી. એ નિયમપૂર્વક નૃત્ય અને સંગીતનો લાભ લે છે. એને એના લગ્ન પહેલાં જ યોગસાધનાની અભિરુચિ હતી. મને એ વસ્તુઓનો શોખ નથી. પરંતુ એમની અભિરુચિની હું કદર કરું છું. એ એને માર્ગે આગળ વધે છે અને હું મારે માર્ગે આગળ વધું છું. અમારી વચ્ચે કોઈ પ્રકારનું ઘર્ષણ, કોઈ પ્રકારનો અસંતોષ નથી. અમારું લગ્નજીવન સંપૂર્ણ સુખી છે.'

'તમારા જેવા સમજદાર પુરુષ હોય પછી લગ્નજીવન શા માટે સુખી ના હોય ?'

થોડાક વખત પછી ફરી વાર મેં પૂછ્યું : 'તમારા ઘરમાં યોગકેન્દ્ર ચાલે છે તે તમને ગમે છે ?'

'ખૂબ જ ગમે છે. એથી ઘરનું વાતાવરણ બદલાઈ જાય છે. વધારે ને વધારે વિશુદ્ધ બને છે. મારી પત્ની એવા ઉત્તમ કલ્યાણકાર્યમાં લાગી ગઈ છે તે જોઈને મને આનંદ થાય છે. એ પોતાની પવિત્ર પ્રવૃત્તિ દ્વારા મારી ક્ષતિની પૂર્તિ કરે છે.'

એમના ઉદાત્ત વિચારો તથા ભાવો બદલ મેં એમને અભિનંદન આપ્યાં.

ઉતારાનું સ્થાન આવી જતાં અમે મોટરમાંથી ઊતરીને છૂટાં પડ્યાં.

અંગ્રેજી ભાષાના ઉચ્ચારો કેટલીક વાર ના સમજાય તેવા વિચિત્ર અને અટપટા હોય છે. થોડાક અભ્યાસ પછી એમને સહેલાઈથી સમજી શકાય છે. તો પણ રેડિયો પર, ટેલિવિઝન પર, અને અન્યત્ર અધિકાંશ જે અંગ્રેજી ભાષા બોલાય છે તે સરળ, સરસ, ટૂંકા વાક્યોવાળી, અને સહેલાઈથી સમજી શકાય તેવી હોય છે. આપણને એ સાંભળીને નવાઈ લાગે છે, કારણ કે ઈંગ્લેન્ડમાં અંગ્રેજી ભાષા અતિશય અઘરી હશે એવું આપણું મંતવ્ય હોય છે. આપણે એ ભાષાને કાંઈક અંશે અઘરી બોલવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે ત્યાંની અધિકાંશ પ્રજા એને સહેલી રીતે બોલે છે. એ વિરોધાભાસ ખાસ નોંધપાત્ર છે.

*

આ પ્રકરણનું શીર્ષક કાંઈક અવનવું છે. લંડનમાં બિલાડીઓ વસે છે એ સાચું છે પરંતુ એમના વિશે કાંઈક લખી શકાય કે એમને લંડનની યાત્રાનાં સંસ્મરણોમાં સ્થાન આપી શકાય એવી કલ્પના કોઈને ભાગ્યે જ આવી શકે. આમ પણ સામાન્ય દેખાતી બિલાડીઓના વર્ણનમાં મને એટલો રસ નથી લાગતો. પ્રસ્તુત પ્રકરણમાં જેનો ઉલ્લેખ કર્યો છે તે બિલાડી અસામાન્ય, અદ્ભુત, બિલાડીઓમાં આગળ તરી આવતી હતી એ તો એના પરિચય પછી સમજાયું હશે.

* * *

## ૯. જાતીયતાનું જોર

સેક્સ અથવા સ્ત્રીપુરુષોના જાતીય સંબંધો સંબંધમાં ઈંગ્લેન્ડનું વાતાવરણ કેવું છે ? એ દેશની સેક્સ અથવા જાતીયતાવિષયક પરિસ્થિતિ કેવી છે? એવા પ્રશ્નો ભારતવાસીઓમાં કેટલાક તરફથી કેટલીક વાર પૂછવામાં આવે છે ત્યારે એવા પ્રશ્નોના પ્રત્યુત્તરમાં હું કહું છે કે ત્યાંની જાતીયતાવિષયક પરિસ્થિતિ એકંદરે આપણા જેવી જ, અલબત્ત, જરાક જુદાં સ્વરૂપોમાં અને સંતોષકારક છે. એ બધા મારી પાસેથી મોટે ભાગે કોઈ જુદી જાતના, એમની અભિરુચિને અનુસરતા ભારે ઉત્તેજનાપૂર્ણ ઉત્તરની અપેક્ષા રાખે છે, અને એવો ઉત્તર ના મળતાં કાંઈક વિચારમાં પડી જાય છે અને અનોખી આશ્ચર્યકારક પ્રતિક્રિયાને પ્રકટ કરે છે. તો પણ મારો ઉત્તર તો એવો જ રહે છે. એનું મુખ્ય કારણ એ છે કે મેં ઈંગ્લેન્ડમાં જે કાંઈ જોયું છે, સ્વાનુભવથી સાચા સ્વરૂપે જાણ્યું છે, તેને વફાદાર રહીને મારે એના જ આધાર પર સર્વ પ્રકારના શક્ય પૂર્વગ્રહોને કે ગમા-અણગમાને બાજુએ રાખીને વ્યક્ત કરવાનું કે જણાવવાનું છે. એની સંભવિત પ્રતિક્રિયાનો વિચાર કરીને આગળ વધવાનું કે બેસી રહેવાનું નથી. ઈંગ્લેન્ડ વિશે ત્યાં ગયા પહેલાં મને ત્યાંની પરિસ્થિતિનો સ્પષ્ટ ચોક્કસ ખ્યાલ ન હતો. ત્યાંની જાતીય પરિસ્થિતિ વિશે મેં કેટલીક વાર કેટલીક ઊડતી વાતોને સાંભળેલી ખરી. એ વાતોનો સાર એવો હતો કે ત્યાં જાતીયતાનું કોઈ પ્રકારનું ઉચ્ચ તંદુરસ્ત ધોરણ નથી જળવાતું. જાતીય જીવન ખૂબ જ કથળેલું છે. જાતીયતાનું જોર ખૂબ જ મોટા પ્રમાણમાં છે. યુવકયુવતીઓ કે મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષો ત્યાંના જાહેર રસ્તાઓ પર અને ઉદ્યાનોમાં છાકટાં થઈને જાતીય વૃત્તિનું વિવેકરહિત પ્રદર્શન કરતાં વિહરતાં હોય છે. નીતિના માન્ય નિયમોને નેવે મૂકીને, જાહેર જીવનની મર્યાદાઓને તોડીફોડીને, કામવાસનાના કીડા બનીને અસભ્ય અભિનયો કરતાં ભમતાં હોય છે. કોઈ પ્રકારની લાજ નહીં, શરમ નહીં, વિવેકવૃત્તિ નહીં.

પરંતુ ત્યાં ગયા પછી અને ત્યાંના વાતાવરણને વિલોક્યા પછી મને એવા એવા અભિપ્રાયો આધારભૂત ના લાગ્યા. મને લાગ્યું કે જેમ આપણા દેશ માટે ત્યાં તેમ એ દેશના સમાજ વિશે આપણે ત્યાં પણ કેટલાક કપોલકલ્પિત, ઉટપટાંગ, આધાર વિનાના, અતિશયોક્તિ ભરેલા ખ્યાલો પ્રવર્તે છે. એવા ખ્યાલો પ્રત્યક્ષ દર્શન, અવલોકન અથવા અધ્યયન દ્વારા જ સુધરી શકે તેમ છે. હું તો એ દેશમાં મનનાં બારીબારણાંને ખુલ્લાં રાખીને કોઈ પણ પ્રકારના ગમા-અણગમા કે પૂર્વગ્રહથી પીડાયા વિના સ્વતંત્ર રીતે જ પ્રવેશેલો એટલે મને ત્યાંની જાતીયતાવિષયક પરિસ્થિતિનું જૂદું જ ચિત્ર જોવા મળ્યું. એ ચિત્ર કેટલાકની કલ્પના પ્રમાણે એટલું બધું બિહામણું, તિરસ્કરણીય અથવા અધઃપતનયુક્ત ના લાગ્યું.

લંડનમાં અને એની બહારનાં ઈંગ્લેન્ડનાં બીજાં નાનાંમોટા નગરોમાં એક નોંધપાત્ર વિશેષતા એ દેખાય છે કે ત્યાંના પ્રજાજનો ખૂબ જ કર્મઠ તથા કર્તવ્યપ્રેમી છે. ત્યાં કર્તવ્યને કર્તવ્યબુદ્ધિથી કર્તવ્યભાવનાથી ભારે રસપૂર્વક કરવામાં આવે છે. સૌ રાષ્ટ્રના અભ્યુત્થાનને મહત્વનું માને છે. અને એને માટેના પોતાના યત્કિંચિત્ યોગદાન માટે તૈયાર રહે છે. એવા યોગદાનને ગૌરવ ગણે છે. પરિસ્થિતિ એવી હોવાથી રસ્તાઓ પર, ઘરોની બહાર અને બજારોમાં નવરા માણસો ભાગ્યે જ મળે છે. લંડન જેવાં મોટાં શહેરોમાં તો માણસો એટલા બધા કાર્યરત હોય છે કે કોઈને વ્યર્થ વાદવિવાદમાં પડવાની કે ગપ્પાં

મારવાની ફુરસદ જ નથી હોતી. સ્ત્રીપુરુષો બધાં જ વ્યવસાયમગ્ન દેખાય છે. એટલે રસ્તાઓ પર મોટરો ફરે છે એટલું જ. એમાંના મોટા ભાગના રસ્તાઓ શાંત સ્મશાન જેવા સૂના લાગે છે. લંડનમાં ને બહાર ક્યાંક ક્યાંક અમે એવાં પરિણીત અથવા અપરિણીત યુગલો જોયાં ખરાં જે એકમેકને ગળે કે કટિપ્રદેશે હાથ વીંટીને ચાલતા હોય, બેચાર યુગલો એવાં પણ જોયાં જે મકાનોની આડમાં કે ફૂટપાથ પર ઊભાં રહીને કેટલીક પ્રેમને પ્રકટ કરનારી શારીરિક છૂટછાટો લેતાં હોય, પરંતુ એવાં દૃશ્યો સિંધુમાં થોડાક બિંદુઓ જેવાં અતિશય અલ્પ અથવા વિરલ હતાં. એવાં દૃશ્યો ભારતનાં નાનાંમોટાં નગરોમાં ને જાહેર પર્યટનસ્થળો કે ઉદ્યાનોમાં, સરિતા તથા સાગરના જાહેર તટપ્રદેશો પર જોવા નથી મળતાં એવું થોડું છે ? મુંબઈના નરીમાન પોઈન્ટ તથા મરીન ડ્રાઈવ ને જૂહુ જેવા વિસ્તારોમાં તથા હેંગિંગ ગાર્ડન તથા કમલા નહેરુ પાર્ક અને ઈતર ઉદ્યાનોમાં પરિણીત અથવા અપરિણીત યુગલોની જે કામક્રીડા થાય છે તે ત્યાંની સ્વચ્છ હવા લેવા માટે નીકળેલા સહેલાણીઓને પણ સંકોચમાં કે શરમમાં મૂકી દે છે. ફરવા માટેનાં એવાં જાહેર પવિત્ર સ્થળોનો દેશભરનો દુરુપયોગ જાણીતો છે. ભારતમાં પણ જાહેર માર્ગો પરથી હાથમાં હાથ રાખી, ગળે કે કમરે હાથ વીંટીને જુદીજુદી જાતની ચેષ્ટાઓ કરતાં પસાર થનારાં યુગલોનો પાર નથી. એટલે એમને જ જો જાતીયતાના જોરનાં કે છૂટા દોરનાં પ્રતીતિકારક દૃશ્યો માનીએ તો એવાં દૃશ્યો આપણે ત્યાં અનેક છે. આપણે કેટલીક વાર જે પડદા પાછળ, ધર્મની આડમાં કરીએ છીએ અને કેટલીક વાર લોકલાજને લીધે, ધર્મના ભયથી, સાનુકૂળ સંજોગો ના મળતાં નથી કરતા તેથી કાંઈ આપણે જાતીયતાથી રહિત અને ચોખ્ખા નથી થઈ જતા. આપણામાં ક્યાંક દંભ દેખાય છે તો એમનામાં દંભરહિતતાનું, નિખાલસતાનું, સ્વાભાવિકતાનું દર્શન થાય છે. એમની અને આપણી જીવનદૃષ્ટિ જુદી છે કિન્તુ મનોવૃત્તિમાં મૂળભૂત વિશેષ ફેર નથી દેખાતો. ત્યાં જાતીયતાનું જોર વધારે છે અને આપણે ત્યાં ઓછું અથવા શૂન્યવત્ છે એવું નથી લાગતું. ના લાગ્યું.

ત્યાં રાત્રિક્લબો, હોટલો, નૃત્યોનાં કામણગારા કાર્યક્રમો ચાલે છે એ સાચું છે પરંતુ એમનું અસ્તિત્વ આપણે ત્યાં પણ છે જ. આપણે ત્યાં પણ સ્ત્રીપુરુષોનાં ગુપ્ત વિલાસકેન્દ્રો તથા વેશ્યાલયો ચાલે છે. વેશ્યાલયોની પ્રથા સર્વવ્યાપક જેવી બની ગઈ છે. છૂટાછેડાંનું પ્રમાણ ત્યાં વધારે પ્રમાણમાં દેખાય છે એ સાચું હોવા છતાં આપણે ત્યાં એનો એકદમ અભાવ છે એવું તો ના જ કહી શકાય. કુમારી માતાઓના, ભ્રૂણહત્યાના, અપહરણના તથા ત્યક્તાઓના કિસ્સાઓ દેવભૂમિ જેવા આપણા દેશમાં બનતાં જ નથી એવું કોણ કહી શકે ? એ કિસ્સાઓના મૂળમાં જે જાતીયતા રહેલી છે એની પ્રત્યે આંખમીંચામણાં ભાગ્યે જ થઈ શકે. જેવી જાતીય જીવનની હવા એ દેશમાં છે એને ઓછાવત્તા અંશે મળતી હવા આપણે ત્યાં પણ વહી રહી છે એનો ઈન્કાર ભાગ્યે જ કરી શકાશે.

લગ્નો ત્યાં વધારે ભાગે ચર્ચમાં થાય છે અને રવિવારે રજા હોવાથી રવિવારે જ યોજાય છે. લગ્નોને માટે ચર્ચને અગાઉથી જ નોંધાવી લેવામાં આવે છે. ત્યાંની લગ્નસંસ્થાઓ ભારતની લગ્નસંસ્થાઓની પેઠે સ્થિર, સુખમય, સંવાદી અથવા દીર્ઘજીવી નથી દેખાતી. એ લગ્નસંસ્થાઓનું આયુષ્ય ખરેખર કેટલું રહેશે એ વિશે કશું જ નક્કી નથી કહી શકાતું. એમના મસ્તક પર અચોક્કસતાની તલવાર લટકતી રહે છે. લગ્ન કર્યાં

પછી લગ્ન કરનારાં નાનીનાની વાતોમાં પણ છૂટાછેડા લેવા તૈયાર થાય છે. છૂટાછેડા મળે છે પણ ધાર્યા કરતાં જલદી અને સરળતાથી.

લગ્નજીવનનો આશ્રય લીધા સિવાય જાતીય જીવનનો આનંદ માણવાની વૃત્તિ દુનિયાના વિભિન્ન દેશોમાં દેખાય છે તેમ ઈંગ્લેન્ડમાં પણ જોઈ શકાય છે. લગ્નજીવનની પવિત્રતામાં વિશ્વાસ રાખનારાં યુગલો પણ એ દેશમાં મળી આવે છે. પરંતુ ત્યાંનું ગૃહજીવન મોટે ભાગે શિથિલ, અશાંત, અવ્યવસ્થિત લાગે છે. સ્ત્રી તથા પુરુષ બંને નોકરી કરતાં હોય એવી પરિસ્થિતિ વધારે પ્રમાણમાં વ્યાપક રીતે જોવા મળતી હોવાથી એમના પારસ્પરિક સંબંધો કેટલીક વાર ઉષ્મારહિત અથવા ઔપચારિક બની જાય છે અને એમનાં નાનાં બાળકોને સાચવવાની કે સંસ્કારી બનાવવાની સમસ્યા જ રહે છે. એને માટે અન્ય પર આધાર રાખવો પડે છે.

કુટુંબજીવન જેવું એ દેશમાં ઘણું ઓછું છે. જુદાંજુદાં નગરોમાં પ્રૌઢાવસ્થાએ પહોંચેલા કે વયોવૃદ્ધ મા-બાપો એમનાં સંતાનોથી જુદાં રહેતાં દેખાય છે. કોઈક વાર તો એ અસહાય બની જાય છે તો પણ એમની સંભાળ રાખનારું ઈશ્વર વિના બીજું કોઈ જ નથી હોતું. એ પ્રજાને ભારતની સંયુક્ત કુટુંબની પરંપરાગત પૌરાણિક પ્રથા આશ્ચર્યકારક લાગે છે.

* * *

## ૧૦. વિરોધ અને અવિરોધ

ઈંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશોના પ્રવાસેથી પાછા ફરેલા એક ભારતવાસી ભાઈને કોઈએ પૂછ્યું :

'એ દેશોમાં કાગડાઓ કેવા હોય છે ?'

'કેવા એટલે ?'

'કાળા હોય છે કે ધોળા હોય છે ? લાલ હોય છે કે લીલા હોય છે?'

'કાળા હોય છે.'

'ત્યાં પણ કાગડા કાળા હોય છે ?'

'હા. તમને એ જાણીને નવાઈ લાગી ?'

'નવાઈ તો નથી લાગી પરંતુ મને એમ કે ત્યાંના કાગડાનો રંગ ભારતના કાગડાના રંગ કરતાં જુદો હશે.'

'આફ્રિકામાં પણ કાગડા કાળા જ દેખાય છે. મારા આફ્રિકાના પ્રવાસ વખતે મેં એવું જ જોયું. કાગડા સર્વત્ર એક જ સરખા હોય છે. મારો આટલા વખતનો અનુભવ છે.'

એ વાર્તાલાપને સાંભળીને મને થયું કે કાગડાની પેઠે માનવસ્વભાવ પણ સર્વત્ર એકસરખો છે. માનવ ભારતમાં હોય, ઈંગ્લેન્ડમાં હોય, અમેરિકા અથવા આફ્રિકામાં કે દુનિયાના ગમે તે દેશમાં હોય, ત્રિગુણાત્મિકા પ્રકૃતિ એના પર પોતાનું શાસન કરે છે અને એની અંદર અહર્નિશ રાસ રમે છે. એ ગમે તે રૂપમાં, ગમે તે વેશમાં, ને ગમે તેવા નામવાળી હોય, શ્રીમંત કે ગરીબ, જ્ઞાની અથવા અજ્ઞાની, વિજનમાં કે વસતિમાં, ત્યાગી કે સંસારી અને એકલો રહેતો હોય કે સમૂહની સાથે શ્વાસ લેતો હોય તો પણ એનાથી મોટેભાગે મુક્ત નથી હોતી.

ઈંગ્લેન્ડની મારી યાત્રા દરમિયાન મને એની પ્રતીતિ અવારનવાર થઈ. એને લીધે મને લાગ્યું કે માનવ દેશ ને વેશ બદલે, નામ ને કામ બદલે તેથી જ પોતાનું કલ્યાણ નથી કરી શકતો. એણે એના ભાવો, વિચારો, વ્યવહારોને પણ બદલવા જોઈએ, પોતાની અંદરની પાર્થિવ પ્રકૃતિનું પણ પરિવર્તન કરવું જોઈએ. જીવનના આત્મિક સમુત્કર્ષની દૃષ્ટિએ એનું મહત્વ ઘણું મોટું હોય છે. સાધુસંન્યાસીઓ પણ વેશ બદલે પરંતુ મનની વૃત્તિનું વિશોધન ના કરે અથવા ઉદાત્ત ના બને તો એમની જીવનવિકાસસાધના ભાગ્યે જ સફળ બની શકે છે. એમની અવસ્થા મહાન ભક્તકવિ નિષ્કુળાનંદે પોતાના પ્રસિદ્ધ પદમાં કહ્યું છે તેવી થાય છે.

*વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી,*

*ઉપર વેશ અચ્છો બન્યો, માંહે મોહ ભરપુર જી,*

*ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.*

અમેરિકાની સર્વધર્મ પરિષદમાં વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદને અસાધારણ પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થઈ ત્યારે એમના પ્રશંસકોને, પ્રેમીજનોને અને ઈતર માનવોને અતિશય આનંદ થયો, પરંતુ એ પ્રતિષ્ઠાને સહી ના શકવાથી સર્વધર્મ પરિષદમાં બ્રાહ્મોસમાજના પ્રતિનિધિ તરીકે પહોંચેલા સ્વામી વિવેકાનંદના એક પરિચિત પુરુષે એમની વિરુદ્ધ પ્રચાર કરવા માંડ્યો. સ્વામી વિવેકાનંદ પર એ વિરોધી પ્રચારની કોઈ

પ્રકારની પ્રતિકૂળ અસર ના થઈ તો પણ પેલા તેજોદ્વેષથી પ્રેરાયેલા પુરુષે પોતાના સ્વભાવને અનુસરીને વિવેકાનંદનો વિરોધ ચાલુ જ રાખ્યો. એ વખતની પરિસ્થિતિ જુદી હોવા છતાં પણ મારી ઈંગ્લેન્ડની યાત્રા દરમિયાન મને એ પ્રસંગનું સ્મરણ એટલા માટે થયું કે મારે પણ યાત્રાના આરંભના દિવસોમાં એવા જ વિરોધી વાતાવરણનો અનુભવ કરવો પડ્યો. જે વ્યક્તિએ તેજોદ્વેષથી પ્રેરાઈને કે કોઈક બીજા કારણે મારો અદૃષ્ટ રીતે વિરોધ કર્યો. અથવા મારા માર્ગમાં અંતરાયો ઊભા કરવાના પ્રયત્નો કર્યા એ વ્યક્તિ એની પ્રકૃતિસહજ પરવશતાથી લાચાર હતી અને સંસારી નહોતી કિન્તુ ત્યાગી હતી. એ સંન્યાસી મહોદય વરસોથી વિદેશમાં વસવાટ કરતા. એમના અનેક પ્રશંસકો તથા ભક્તો હતા. લંડનમાં એમનો કોઈ ખાસ વ્યક્તિગત આશ્રમ નહોતો સ્થપાયો એટલે એ અધિકતર એમના ભક્તોને ત્યાં જ રહેતા અને પોતાનો સમય જુદીજુદી પ્રવૃત્તિઓમાં પસાર કરતા.

ભારતના મારા આધ્યત્મિક સેવાકાર્યથી એ પરિચિત હતા. છ-સાત વરસ પહેલાં એ મુંબઈ આવેલા ત્યારે એમના વિદેશગમન વખતે મારા પ્રવચનસ્થળ પર એમના પ્રશંસકોના અનુરોધથી મેં એમને ભાવભીની અંજલિ પણ આપેલી. એ અંજલિનો એમણે આભારસૂચક શબ્દોમાં જવાબ પણ વાળેલો. એમણે મારી વિદેશયાત્રા વખતે વિદેશની એ ભૂમિ પર વિરોધી ભાગ ભજવવા માંડ્યો એ હકીકત અનેકને માટે આશ્ચર્યકારક હોવા છતાં પણ સાચી હતી. એમણે જ્યારે જોયું કે મને ઈંગ્લેન્ડની ધરતી પર બોલાવવામાં, મારી સંભાળ રાખવામાં, અને મારા કાર્યક્રમોનું આયોજન કરવામાં એમના પરિચિતો, પ્રશંસકો તથા સેવકો રસ લેતા હતા. ત્યારે એમને કદાચ આશંકા થઈ કે એ બધા એમને બદલે મારા ભક્તો કે પ્રશંસકો બનશે અને એમની પ્રતિષ્ઠા ઓછી થઈ જશે તો ? એવા વિચાર ને ભાવમાંથી તેજોદ્વેષનો કે વિરોધી ભાવનાનો જન્મ થયો. અથવા તો એમની પ્રકૃતિ એવી વિઘ્નસંતોષી હોય એવું પણ બની શકે. એવી સંભાવનાની પુષ્ટિરૂપે મને એક નાનો સરખો છતાં મહત્વનો પ્રસંગ યાદ આવ્યો.

બે-ત્રણ વરસ પહેલાં દર વરસે મસૂરીમાં આવતા રામાયણના કથાકાર પંડિતે જણાવેલું કે એ આગલા વરસે આફ્રિકામાં રામાયણની કથા કરવા ગયેલા ત્યારે એ સંન્યાસી આફ્રિકામાં જ રહેતા હતા અને એમણે એમના માર્ગમાં વ્યવધાનો નાખીને એમની રામાયણકથા સફળતાપૂર્વક ના થાય એ માટે બનતું બધું જ કરેલું. પંડિતજીની એ વાત મને પ્રથમ શ્રવણે સહેજ અતિશયોક્તિ ભરેલી અને આશ્ચર્યકારક લાગેલી. પરંતુ લંડનના મારા સ્વાનુભવથી એની સત્યતાને સહેલાઈથી અને સંપૂર્ણપણે સમજી શકાઈ. એવા સ્વામીએ તો પોતાની પ્રતિષ્ઠા કે અસાધારણ લાગવગનો ઉપયોગ કરીને ભારતમાંથી ધર્મપ્રચારાર્થે આવતા સેવાભાવી અપરિચિત પુરુષોને બનતી બધી રીતે મદદ કરવી જોઈએ. અને કોઈ કારણે મદદ ના કરી શકાય તો પણ એમના જીવનકાર્યમાં અંતરાયો તો ના જ ઊભા કરવા જોઈએ. સાચા સાધુસંન્યાસી અથવા આદર્શ માનવનું કર્તવ્ય બીજાને ઉપયોગી થવાનું છે, નુકસાન પહોંચાડવાનું નથી. બીજાને કોઈ પ્રકારની હાનિ પહોંચાડવાનો વિચાર પણ એનાથી ના થઈ શકે. જે હાનિ પહોંચાડવાનો સંકલ્પ સેવે છે તથા તદ્દનુસાર પુરુષાર્થ કરે છે તે બીજાને તો હાનિ નથી પહોંચાડી શક્તા પરંતુ પોતાને હાનિ જરૂર પહોંચાડે છે. પોતાના મનને અસ્વસ્થ, અસ્વચ્છ અને અશાંત બનાવે છે. માનવતાને બદલે દાનવતાના શિકાર બને છે.

*

મારા પ્રવચન કાર્યક્રમો સુચારુરૂપે ના થાય તે માટે એ સંન્યાસી મહારાજે બનતા પ્રયત્નો કરવા માંડ્યા. એમની સઘળી લાગવગ કામે લગાડી. એમના ભક્તજનો પર જુદીજુદી રીતે દબાણ લાવ્યા. મને પોતાને ત્યાં રાખીને મારી સેવા કરનારા ભાઈને પણ વારંવાર કહ્યું કે તમે એમને તમારે ત્યાં શા માટે રાખ્યા છે ? તમે એમની સેવા શા માટે કરો છો ? એમને કહી દો કે બીજે જાય. પરંતુ તે ભાઈ પર એમના ઉપદેશની કશી અસર ના થઈ. એમણે સાફ શબ્દોમાં સંભળાવ્યું કે મને એમની જીવનપદ્ધતિ ગમે છે અને એમના પ્રત્યે પ્રેમભાવ છે એટલે હું તો એમની સેવા કરીશ જ. સંન્યાસી મહારાજે જણાવ્યું કે આપણે ભારતથી આવનારની સેવા ના કરવી અને એમનો પ્રચાર ના કરવો, તો એમણે કહ્યું કે શા માટે ના કરવો ? જે સારા સંતો હોય એમનો પ્રચાર આપણે નહીં કરીએ તો બીજું કોણ કરશે ? એમની સેવા કરવાનું અને એમની બનતી બધી રીતે સહાયતા પહોંચાડવાનું આપણું કર્તવ્ય છે. તમે પોતે ભારતમાંથી અહીં આવનારા કેટલાય પુરુષોને માટે જાહેર સત્કાર સમારંભો તથા બીજા કાર્યક્રમો યોજો છો. એમની જાહેરાત પણ કરો છો. આવું વર્તન તમને છાજે છે ? અને તમારા સંન્યાસધર્મને અનુકૂળ છે ?

મારે માટે સ્પૉન્સરશિપ લેટર મોકલનારા ભાઈની સાથે પણ એ ઘર્ષણમાં ઊતર્યા. એમણે લંડનથી થોડાક માઈલ દૂરના નગરમાં મારું પ્રવચન રાખેલું ત્યાં પણ પોતાનો પ્રભાવ પાથરીને એ પ્રવચનની ના પડાવી અને એમણે જ પ્રવચનને બંધ રખાવ્યું એવું પણ જાહેર પણ કર્યું ! એવી પ્રતિકૂળ પ્રવૃત્તિથી એમને શો લાભ થતો તે તો તે જ જાણે, પરંતુ એમની એ પ્રવૃત્તિની અસર મારા તેમ જ મારા કાર્ય પર વિશેષ ના થઈ. એનું કારણ સ્પષ્ટ હતું. મારું જીવન કોઈક નાના કે મોટા માનવની ઈચ્છાથી નહોતું આરંભાયું અને કોઈ સામાન્ય અથવા અસામાન્ય વ્યક્તિની યોજના કે મહેરબાની મુજબ નહોતું ચાલતું. એના સૂત્રધાર, સંચાલક, સારથિ તો સર્વાન્તર્યામી સર્વેશ્વર પરમાત્મા હતા. એમની ઈચ્છા અને યોજના આગળ માનવીય ઈચ્છા અને યોજનાનું કશું જ નહોતું ચાલવાનું. એમની ઈચ્છાનુસાર મારે ત્યાં જવાનું થયેલું, એટલે એમને સઘળી ચિંતા હતી. એમનો અનુગ્રહ મારી ઉપર અહર્નિશ વરસ્યા કરતો હોવાથી સંન્યાસી મહારાજે કેટલાય કીમિયાઓ કર્યા તો પણ અમારો વાળ પણ વાંકો ના થયો. ‘જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે, અવર નહીં દેખું રે બીજો કોઈ પ્રભુ પેખે.’ એ પ્રસિદ્ધ કવિપંક્તિની પેઠે એમની છત્રછાયામાં અમે સદાને સારુ સુરક્ષિત રહ્યાં. લંડનમાં અને લંડનની બહાર અમારા કાર્યક્રમો થતા જ રહ્યા. મારો પરિચિત વર્ગ તથા યશ તો વધતો જ ગયો. મને અભૂતપૂર્વ સફળતા સાંપડી. એ સર્વનું કારણ ઈશ્વરકૃપા જ કહી શકાય. ઈશ્વરની અસામાન્ય શક્તિ આગળ માનવની સામાન્ય શક્તિનું કશું જ નથી ચાલતું.

સંન્યાસી મહારાજની પ્રતિકૂળ પ્રવૃત્તિની અસર મારા પર કેવી થઈ તે પણ જાણવા જેવું છે. એ અસર વિપરીત તો ના જ થઈ. મને એમને માટે કોઈ પ્રકારની કટુતા ના થઈ. એમને માટે અનુકંપા જન્મી. એમ થયું કે એ એમની નિમ્ન પ્રકૃત્તિથી પરવશ અથવા લાચાર હોવાથી વિશેષ બીજું કરી પણ શું શકે ? એમને સદ્‌બુદ્ધિ સાંપડે અને એ એમની ત્રુટિને સમજે ને સુધારે એને માટે મેં પરમાત્માને પ્રાર્થના કરી અને એવી પ્રાર્થના ચાલુ રાખી. મને શ્રદ્ધા હતી કે સત્યનો સાનુકૂળ પ્રતિઘોષ વહેલો કે મોડો પડશે જ. આપણે તો શ્રદ્ધાપૂર્વક કર્તવ્યનું અનુષ્ઠાન કરતા રહેવાનું છે. એ સિવાય વિશેષ સારો બીજો કોઈ વિકલ્પ નથી.

મારે એમની સાથે કોઈ વ્યક્તિગત વિશેષ સંબંધ ન હતો. એમના સ્વાર્થને મારા કાર્યથી કોઈ પ્રકારની હાનિ પહોંચે તેમ નહોતી. મારે લંડનમાં કે ઈંગ્લેન્ડમાં કોઈ આશ્રમ સ્થાપવાની આવશ્યકતા નહોતી પડી. કોઈ શિષ્યમંડળ નહોતું સ્થાપવું અને ભક્તમંડળને નહોતું વધારવું. એમના પ્રભાવને ઘટાડવો નહોતો. એવી કલ્પના પણ મને કદાપિ નહોતી થતી. અમારાં કર્તવ્યક્ષેત્રો બહારથી જુદાં હોવા છતાં વિરોધી હતાં એવું કહેવું અનુચિત ગણાશે. તો પણ એમને કોણ જાણે કેમ, મારે માટે અકારણ દ્વેષ થયો, અને એ દ્વેષ અથવા તેજોદ્વેષથી પ્રેરાઈને એમણે મારા માર્ગમાં અનેકવિધ, શક્ય હતા એટલા સઘળા, અવરોધો ઊભા કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મારા કાર્યનો વેગ એથી બંધ ના પડ્યો. મારો રસ, વિશ્વાસ, ઉત્સાહ ઓસરી ના ગયો. મંદ પણ ના પડ્યો.

લંડનની બહારનાં જુદાંજુદાં સ્થળોનાં પ્રવચનોને પૂરાં કરીને મારે ઑક્ટોબર મહિનામાં પાછા લંડન આવવાનું થયું. લંડનમાં ક્રોયડન વિસ્તારમાં મારાં પ્રવચનો પૂરાં થયાં તે પછી છેલ્લા બે દિવસ બે જુદેજુદે ઠેકાણે મારાં પ્રવચનો ગોઠવાયલાં. પ્રથમ દિવસે એ સ્વામીજીએ સામેથી સમાચાર મોકલીને પ્રવચન દરમિયાન ઉપસ્થિત રહેવાની ઈચ્છા દર્શાવી. એમના એ અણધાર્યા આગમનથી પ્રવચનના આયોજકને પ્રસન્નતા થઈ. મારા પ્રવચન પછી મારા કહેવાથી સ્વામીજી થોડુંક બોલ્યા પણ ખરા. બીજે દિવસે પણ સ્વેચ્છાથી પ્રવચનસ્થળે પધાર્યા અને મારા પ્રવચનની પરિસમાપ્તિ પછી એમણે એમના ભાવોની અભિવ્યક્તિ કરતાં જે કાંઈ કહ્યું તે શ્રોતાઓને માટે તદ્દન નવું હતું. એ એમના વિચારપરિવર્તનનું પરિચાયક હતું. એમણે ઉપસંહારમાં અક્ષરાંજલિ આપતાં જણાવ્યું : ઈંગ્લેન્ડમાં કેટલાય જુદાજુદા સંતો, મહાત્માઓ, કથાકારો અને ઉપદેશકો આવ્યા છે અને આ વરસે પણ સારી સંખ્યામાં – ઘણી મોટી સંખ્યામાં આવ્યા છે, પરંતુ એ સૌમાં તમારું સ્થાન એકદમ અનોખું રહ્યું છે. તમે અહીંની જનતા પર જુદી જ છાપ પાડી છે. તમને જનતા જુદી જ રીતે જુએ છે અને તમારા પ્રત્યે અસાધારણ અધિક આદરભાવ રાખે છે. તમને જે યશ મળ્યો છે એ અનોખો છે. તમારું જ્ઞાન તથા ચારિત્ર્ય અનુપમ છે. તેથી સૌ કોઈ પુષ્કળ પ્રમાણમાં પ્રભાવિત થયા છે.

'શરૂઆતમાં અમે તમારી અસાધારણ યોગ્યતાને સારી રીતે સમજી શક્યા નહીં એટલે જેવો કરવો જોઈએ તેવો વ્યવહાર ના કર્યો તેની ક્ષમા માગીએ છીએ. અમે તમને આ દેશમાં બીજા વરસે વહેલી તકે પધારવાનું અને અમને તમારી સેવાનું સૌભાગ્ય આપવાનું અંતઃકરણપૂર્વક આમંત્રણ આપીએ છીએ. અમે તમને બધી રીતે મદદરૂપ બનીશું અને તમારા કાર્યક્રમોને સારી રીતે યોજવા માટે બનતું બધું જ કરી છૂટીશું. આગામી ઉનાળામાં તમે અહીં જરૂર આવશો એવી આશા રાખીએ છીએ. તમારા આવવાથી લોકોને લાભ થશે.'

'તમને ભારત પ્રત્યે અસાધારણ પ્રેમ છે એ અમે જાણીએ છીએ, પરંતુ અમે પણ ભારતીયો છીએ. વળી એક પણ ભારતવાસી વસે છે ત્યાં ભારત જ છે. એટલે અહીં પણ ભારત છે. આગામી ઉનાળામાં અમે તમારી પ્રતીક્ષા કરીશું.'

'જેનું છેવટ સારું તેનું સઘળું સારું' એ ઉક્તિ પ્રમાણે એ ઉદ્ગારો સૌને માટે આનંદદાયક થયા. ઈશ્વરની ઈચ્છાથી જ એવું પરિવર્તન શક્ય બની શક્યું. એ પરિવર્તન કામચલાઉ હોય કે કાયમનું તો પણ

શુભ હતું. મેં સ્વામીજીનો અંતઃકરણપૂર્વક આભાર માનીને એમણે પ્રદર્શાવેલી મારે માટેની સદ્ભાવનાને માટે એમને અભિનંદન આપ્યાં. એ પણ પ્રસન્ન થયા. અમારી વચ્ચે કશો પડદો ના રહ્યો.

એમણે મને કહ્યું : 'કાલે બનશે તો તમને વિદાય આપવા માટે વિમાનઘર પર આવીશ.'

મેં જણાવ્યું : 'તમારી તો શુભ ભાવના જ જોઈએ. આવવાની એટલી આવશ્યકતા નથી.'

'છતાં બનશે તો આવીશ.'

સ્વામીજીનું એવું પરિવર્તન સૌ કોઈને માટે આશ્ચર્યકારક થઈ પડ્યું. કોઈને એની કલ્પના પણ ન હતી. ઈશ્વરની દુનિયાનાં કેટલાંય કામો એવી કલ્પનાતીત રીતે જ થતાં હોય છે.

*

સેવાના ક્ષેત્રમાં પ્રવેશનારા અને આગળ વધનારા માનવનો માર્ગ સદાને સારુ સરળ નથી હોતો. એ માર્ગમાં વિઘ્નો, વિરોધો, પ્રતિકૂળતાઓ, પીડાઓ આવે છે, તો પણ ઈશ્વરની શ્રદ્ધાભક્તિથી સંપન્ન સાધક એ માર્ગે વિવેકપૂર્વક આગળ વધે છે અને પોતાનો પ્રવાસ સુચારુરૂપે સફળતાપૂર્વક પૂરો કરે છે. **सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः।** સેવાધર્મને પરમ ગહન અને યોગીઓને માટે પણ અગમ્ય કહ્યો છે એ કદાચ એટલા માટે પણ કે એ ધર્મનું પાલન પ્રતિકૂળતાઓની વચ્ચે કરવાનું કાંઈક કઠિન હોય છે - અલબત્ત, સામાન્ય માનવોને માટે એ ધર્મના સફળ અનુષ્ઠાનને માટે મજબૂત મનોબળની આવશ્યકતા હોય છે અને એવું મનોબળ અતિ વિરલ જનોમાં જ જોવા મળે છે. જેને ઈશ્વરની છત્રછાયા સાંપડે છે, અને ઈશ્વરનો અસાધારણ અનુગ્રહ જેને માટે સુલભ બને છે, તે જ એ ધર્મનું સફળ આચરણ કરી શકે છે. એને માટે એ ધર્મ સહજ તથા સુખદ બને છે, સાર્થક ઠરે છે.

* * *

## ૧૧. ભગવાન સોહમની મધુર મુલાકાત

ભગવાન સોહમ્.

એમના સંબંધી સાંભળેલું અને વાંચેલું તો ખરું જ, પરંતુ એમને મળવાનો અવસર નહોતો આવ્યો.

કોઈક વ્યક્તિ અથવા વ્યક્તિવિશેષ વિશે વાંચવું, વિચારવું કે સાંભળવું એ એક વાત છે અને એ વ્યક્તિ અથવા વ્યક્તિવિશેષને રૂબરૂ મળવું એ બીજી જ વાત છે. રૂબરૂ મળવાથી મળતી માહિતી જુદી જ હોય છે. ભગવાન સોહમ્ સંબંધી મેં સાંભળેલું ને વાંચેલું તો ખરું જ, પરંતુ એમના પ્રત્યક્ષ મેળાપથી એમના વ્યક્તિત્વનું જે અનોખું ચિત્ર ઊપસી આવ્યું તે જૂદું જ હતું.

એમના પ્રત્યક્ષ મેળાપનો એ સુંદર ચિરસ્મરણીય દૈવી દિવસ હતો તારીખ ૨૩ ઓગસ્ટ, ૧૯૭૭ મંગળવારનો. મારા લંડનના નિવાસ દરમિયાન એ સુયોગ ઊભો થયો. અમારા લંડનના નિમંત્રક બાલમુકુંદભાઈ અને યજમાન શ્રી જીવણભાઈ સાથે અમે એમના દક્ષિણ લંડનના નિવાસસ્થાને જઈ પહોંચ્યા ત્યારે વાતાવરણ ખુશનુમા હતું. લંડનનો એ વિસ્તાર પહેલાંનો, પ્રાચીન વિસ્તાર જેવો અને તદ્દન સાદો હતો.

ભગવાન સોહમ્ સાદા શર્ટ-પાટલૂનના પોશાકમાં સજ્જ હતા. એમની મુખાકૃતિ પ્રથમ દૃષ્ટિએ ખાસ પ્રભાવશાળી ના કહી શકાય તેવી છતાં પણ સરળતાથી સંપન્ન અને શાંત હતી.

વાર્તાલાપના અનુસંધાનમાં એમણે એમના નામસંબંધી સ્પષ્ટતા કરતાં લખ્યું : ‘નડિયાદ સંતરામ મંદિરના મહંત શ્રી જાનકીદાસ મહારાજે મને સૌથી પહેલાં સોહમ્ નામ આપેલું ને સોહમ્ જપવા કહેલું.’

‘ખરેખર ?’

‘હા.’

‘તો તો એ મહાપુરુષે તમારા આત્માને ઓળખીને તમારી ઉપર અસાધારણ અનુગ્રહ કર્યો એવું કહી શકાય.’

ભગવાન સોહમે સંમતિસૂચક માથું હલાવ્યું.

મેં કહ્યું : ‘એમણે તમને સોહમ્ નામ આપ્યું તો તમે એમની કૃપાથી ભગવાન સોહમ્ થઈ ગયા.’

થોડી વાર શાંતિ રાખ્યા પછી એમણે લખ્યું : ‘ઈ.સ. ૧૯૩૨માં હું હરિદ્વારમાં ગુરુમંડલાશ્રમમાં રહેલો. કનખલમાં પણ રહેલો.’

ભગવાન સોહમ્ પોતાના દેશવાસીઓમાંથી કેટલાકને લંડન આવવા માટે સ્પૉન્સર પણ કરે છે. જે ગુજરાતમાંથી આવે એમને રહેવાની ને જમવાની સગવડ પણ આપે છે. એમની એ સેવા વિશિષ્ટ, પ્રશંસનીય અને નોંધપાત્ર છે. મને એ જાણીને આનંદ થયો.

બાલમુકુંદભાઈએ જણાવ્યું કે ભગવાનની કેટલીક વાર આકરી ટીકા થાય છે અને એમની વિરૂદ્ધ લખાણો લખાય છે, તો પણ એમના પર એની અસર નથી થતી. એ અચળ રહે છે ને પોતાનું કામ કર્યે જાય છે.

મેં કહ્યું: ‘પોતાનો પક્ષ સાચો હોય તો માનવે લોકાપવાદથી ડરવાની, નિરાશ કે હતોત્સાહ બનવાની, ને કાર્યને મૂકી દેવાની આવશ્યકતા નથી. કબીરે કહ્યું છે કે,

હાથી ચલત હૈ અપની ગત મેં,
કુકર ભૂકત વાકો ભુકવા દે;
તૂ રામ સુમિર, જગ લડવા દે.

કોરા કાગજ કાલી શાહી,
લિખત પઢત વાકો પઢવા દે;
તૂ રામ સુમિર જગ લડવા દે.

ભગવાન સોહમે સ્મિત કર્યું.

મેં એમને જણાવ્યું કે નડિયાદના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી શાંતિલાલ ઠાકર તમને ખૂબ જ ભાવપૂર્વક યાદ કરતા હતા તો એમનું મુખમંડળ ભાવમય બની ગયું અને એમણે લખ્યું : 'એ મારા વિદ્યાગુરુ હતા.'

પોતાના વિદ્યાગુરુને એટલી બધી કૃતજ્ઞતા તથા લાગણીપૂર્વક યાદ કરનારી વ્યક્તિઓ ઓછી હશે. એમણે આગળ લખ્યું : 'બીજાના ઉપકારોને કહી બતાવવામાં કેટલાકને સંકોચ થાય છે. ઉપકાર કહેવા જોઈએ.'

ગુજરાતના મુખ્યપ્રધાન બાબુભાઈ પટેલ કેનેડાથી પાછા ફરતાં એમના અતિથિ થવાના છે એ વાતનો નિર્દેશ કરતાં એમણે જણાવ્યું કે, એમના સન્માનમાં મોટો સમારંભ કરવો છે. આઠસો માણસોને આમંત્રણ આપવાં છે. એમણે મને ઘણી મદદ કરી છે.

*

ભગવાન સોહમ્ જ્યોતિષી તરીકે જાહેરાત આપે છે ને કાર્ય કરે છે. એમની જાહેરાતો ખૂબ જ મોટા પ્રમાણમાં આવતી હોય છે. સારી વસ્તુની જનતાની જાણ માટે વ્યવસ્થિત જાહેરાત કરવી જોઈએ એવું એમનું મંતવ્ય છે. જાહેરાતની એ પદ્ધતિથી એમને ઘણો મોટો લાભ થયો છે.

એમણે અવનવા સંકલ્પો કર્યા છે. નર્મદાની નહેરો ના થાય તથા ભારત અખંડ ના બને ને ગુજરાત સંપૂર્ણ સ્વતંત્ર ના થાય (સંપૂર્ણ સ્વતંત્રતા વિશેની એમની આગવી કલ્પના છે) ત્યાં સુધી અનાજ તથા કઠોળની વસ્તુઓને ના ખાવાની એમની પ્રતિજ્ઞા છે. મૌનથી એમને મદદ મળે છે. એમણે વાતવાતમાં લખી જણાવ્યું : 'દાદાસાહેબ માવલંકરે મને મૌન વિશે પૂછેલું તો મેં તેમને જણાવેલું કે વિદ્વાનોની વચ્ચે મૂર્ખ માણસે મૌન રાખવું ને મૂર્ખ માનવોની વચ્ચે વિદ્વાને મૌન રાખવું એ બંને પ્રકારનું મૌન બરાબર છે.'

એમણે મને એમને ત્યાં દૂધફળ માટે આવવાનું આમંત્રણ આપ્યું. એમનું લૌકિક કુટુંબ ગોલ્ડર્સ ગ્રીન વિસ્તારમાં રહેતું અને એ એકલા અહીં રહેતા. બાલમુકુંદભાઈએ કહ્યું કે વિશ્વના પ્રમુખ અખબારોમાં આ સ્થાનની જાહેરાત એટલા બધા મોટા પ્રમાણમાં થઈ છે કે હવે એમને સ્થાનપરિવર્તન કરવાનું ફાવે તેમ નથી.

અમે વિદાય થયા ત્યારે એ અમને મોટર સુધી મૂકવા આવ્યા.

એમના નિખાલસ નમ્ર નિરભિમાની વ્યવહારની અમારા પર ઊંડી છાપ પડી.

લંડનમાં રહીને એમણે એમના વ્યક્તિત્વ દ્વારા ગુજરાતના અને ભારતના નામને દીપાવ્યું છે. લંડનમાં આવનાર એમની મુલાકાત લેશે તો ખરેખર આનંદ પામશે. પોતાના વ્યક્તિગત પુરુષાર્થ અને ઈશ્વરની કૃપાથી માનવ સફળતા અથવા સિદ્ધિનાં શિખરોને કેવી રીતે સર કરી શકે છે એનું એક જીવંત ને જ્વલંત ઉદાહરણ જોવા મળશે, અને પાર વિનાની પ્રેરણા સાંપડશે.

* * *

## ૧૨. યાત્રાની ફળશ્રુતિ

ઈંગ્લેન્ડની મારી એ પ્રથમ યાત્રા દરમિયાન મને ત્યાંની અધ્યાત્મપ્રેમી, સત્સંગી, જિજ્ઞાસુ જનતા તરફથી સર્વત્ર સારો આવકાર મળ્યો. એ જનતાએ મારું ધાર્યા કરતાં વધારે સારું સન્માન કર્યું અને મારાં પ્રવચનોનો અસાધારણ સંતોષપૂર્વક લાભ લીધો. ત્યાં થયેલું સન્માન મારું નહોતું પરંતુ ભારતીય સંતપરંપરા, સાધના તથા સંસ્કૃતિનું સન્માન હતું. મારી એ યાત્રાને લીધે ત્યાંની ધર્મપ્રેમી પ્રજા મને ચાહતી થઈ. એ યાત્રા કેટલાયને માટે મદદરૂપ અને કલ્યાણકારક થઈ. એની એ ફળશ્રુતિ કાંઈ સામાન્ય ન હતી.

મારી યાત્રાની પરિસમાપ્તિ પછી મારે ભારતમાં પાછા ફરવાનું થયું ત્યારે મને લંડનમાં બોલાવનારા વિદ્વાન વક્તા શ્રી બાલમુકુંદભાઈએ મુંબઈના શ્રી જયંતભાઈ શાહને જે પત્ર લખેલો તેમાં એમની જ નહીં પરંતુ ત્યાંની સમસ્ત જનતાની લાગણીઓનો પ્રતિઘોષ પડે છે એવું કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ સિવાય નિઃસંકોચપૂર્વક કહી શકાય. એ પત્રની કેટલીક નોંધપાત્ર પંક્તિઓ આ રહી :

લંડન.

તા. ૨૫-૧૦-૭૭.

પરમ પૂજ્ય યોગનિષ્ઠ મહાત્મા શ્રી યોગેશ્વરજી તથા મા ભગવતી અત્રે તા. ૭-૭-૭૭નાં પધાર્યાં. ત્યારબાદ તમારો કૃપાપત્ર તરત જ મળ્યો હતો. આપે વ્યક્ત કરેલ ભલી લાગણીઓ માટે અત્યંત આભાર.

શ્રી યોગેશ્વરજી પ્રખર લેખક છે, અદ્ભુત પ્રવચનકાર છે; પણ સર્વથી શ્રેષ્ઠ તો મહાન તપસ્વી છે, સંત છે, આત્મસાક્ષાત્કારી દિવ્ય વિભૂતિ છે. તેમનું કવન પ્રેરણાદાયી છે, જીવન અનુકરણીય. તેમની સાથે વિતાવેલી થોડી ક્ષણો પણ પુણ્યદાયી બની જાય છે, હૃદયનાં દ્વાર ખોલી નાખે છે, પ્રકાશનું પ્રદાન કરે છે. તેઓ આ ભૂમિને પાવન કરી ગયા. જીવન ધન્ય બનાવ્યું.

અમારી અલ્પતાને લીધે, અમારી પાસેની સાધન સામગ્રીના અભાવે લંડનમાં તેમની વિરાટ સભાઓ યોજી શકાઈ નથી; મહાસમારંભોનું આયોજન થઈ શક્યું નથી; છતાં જે પ્રવચનો લંડનમાં નાની ભક્તવૃંદની સત્સંગમંડળીઓમાં થયા, અને અંગત સલાહસૂચન-ધ્યાનવર્ગો વગેરેનો અલભ્ય લાભ મળ્યો; અને ઈંગ્લેન્ડનાં અન્ય સ્થળોએ માનવમહેરામણ તેમની વાણીનું પાન કરવા ઊભરાયો, તે પરથી તેમની આ પ્રથમ યાત્રા સફળ થઈ એવો આત્મસંતોષ અનુભવીએ છીએ. આગામી ધર્મયાત્રાનાં બી રોપાઈ ગયાં છે! વિશાળ અમૃતફળ હવે પછીના તેમનાં પ્રવાસોમાં ઊતરશે એવી આશા બંધાઈ છે. તેમનું જીવન તો પરોપકારાર્થે છે. તેમની અનેક વિશ્વયાત્રાઓ યોજાય તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

*

બૉલ્ટન નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ તરફથી મારાં પ્રવચનો યોજાયાં તેમની પૂર્ણાહૂતિ સમયે મને વિશિષ્ટ સન્માનપત્ર આપવામાં આવ્યું. એના તરફ દૃષ્ટિપાત કરવાથી ત્યાંની સત્સંગપ્રેમી પ્રજાનો પરિચય પ્રાપ્ત થશે. એ સન્માનપત્ર આ રહ્યું :

**વિશ્વ હિંદુ પરિષદ, બૉલ્ટન બ્રાંચ**

૨૯ સપ્ટેમ્બર, ૧૯૭૭

**પૂજ્ય શ્રી યોગેશ્વર મહારાજ,**

વિશ્વ હિંદુ પરિષદ, બૉલ્ટન બ્રાન્ચની કમિટી, આપે અમારી જનતાને છેલ્લા દસ દિવસથી આપેલાં ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ, વૈવિધ્યયુક્ત, વિશિષ્ટ પ્રકારનાં, રસમય, હૃદયંગમ પ્રવચનો માટે આપનો અત્યંત કૃતજ્ઞતાપૂર્વક અંતઃકરણપૂર્વકનો આભાર માને છે.

અમારામાંના અધિકાંશ આત્માઓને માટે એ અવસર પરમ પ્રેરણાનો, જાગૃતિનો, અને અનુભૂતિપૂર્વકની પ્રતીતિનો હતો કે હિંદુ ધર્મ ખૂબ જ વિરાટ, સર્વવ્યાપક તથા પ્રાણવાન છે અને એની પ્રેરણાનો નાશ કદાપિ નહીં થાય. આપનાં હિંદુ ધર્મ, સંસ્કૃતિ તથા તત્વજ્ઞાન પરના સર્વજ્ઞતાપૂર્ણ સર્વગ્રાહી પ્રવચનોએ અને યોગ તેમજ ધ્યાનના અભ્યાસક્રમે આપણા ધર્મ પ્રત્યેની શ્રદ્ધાભક્તિને અમારામાં જાગ્રત કરીને બળવાન બનાવી છે.

અમે આપનો ફરી વાર આભાર માનીએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ છીએ કે આપ દ્વારા હિંદુ ધર્મની સનાતન સેવા થતી રહો. કૃપાપૂર્વક પૂજ્ય માતુશ્રીને અમારા સાદર પ્રણામ પાઠવજો.

**આપના વિશ્વાસપાત્ર,**

**સેક્રેટરી, વિશ્વ હિન્દુ પરિષદ, બૉલ્ટન બ્રાંચ.**

*

નીચેના પત્રાંશ અથવા માનપત્રાંશમાં રગ્બી શહેરની ભાવિક જનતાની ભાવનાનો પ્રતિઘોષ પડે છેઃ

શ્રી કલ્યાણમંડળ,

૪, કિમ્બર્લી રોડ, રગ્બી, વોરવીકશયાર

૯-૧૦-૭૭

પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજી મહારાજ,

સપ્રેમ નમસ્કાર,

શ્રી પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી અને જગજનની મા જગદંબાની પ્રેરણાથી અમે રગ્બીમાં સ્થાયી બનેલ ધર્મપ્રેમી ભાઈબહેનો તેમજ બાળકોને આપની ભક્તિરસ જ્ઞાનામૃતરૂપી દિવ્ય વાણીને આપના મુખારવિંદથી પ્રવચન દ્વારા અમોને કથામૃતપાન કરવાની જે અમૂલ્ય તક મળી છે તેને માટે અમારી પાસે લખવા માટે વાક્યો નથી કે કયા શબ્દોમાં અને કેવી રીતે લખી શકીએ. આપે બતાવેલ માર્ગદર્શન મુજબ ભક્તિમાં આગળ વધવાને પરમ પિતા પરમાત્મા અમને પ્રેરણા આપે અને આપની કૃપા અમને હંમેશા સહાયરૂપ બનો એ જ મા ભગવતીને પ્રાર્થના.

*

લંડનમાં ભારતીય વિદ્યાભવને ત્યાંના પ્રવચન પછી લખ્યું :

ભારતીય વિદ્યાભવન,

તા. 30-૮-૭૭

શ્રીમાન પરીખજી,

નમસ્તે.

સ્વામીજીનો પરિચય કરાવવા માટે ભવન તમારા પ્રતિ પોતાની કૃતજ્ઞતા દર્શાવે છે.

એમનું મુખમંડળ પ્રકાશથી ભરેલું છે.

તમને પેલી હસ્તપ્રત પાછી મોકલું છું.

તમારો માથુર

*

એ પ્રકારનાં બીજાં અવતરણો આપીને વિશેષ વિસ્તારમાં નહીં પડું. આપણા પ્રયોજનની પૂર્તિ માટે આટલાં અવતરણો પૂરતાં થઈ પડશે. એ અવતરણો ત્યાંની પ્રજાના પ્રબળ પ્રેમ અને અસાધારણ આદરભાવ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. તટસ્થ રીતે અવલોકન કરીને સંક્ષેપમાં કહી શકું કે ઈંગ્લેન્ડની એ સંસ્કારયાત્રા મારે માટે સર્વપ્રકારે સાર્થક, સુખમય તથા સફળ રહી. જ્યાં પણ વસવાનું ને વિહરવાનું થયું ત્યાં ત્યાંની પ્રજાએ મારો સ્નેહપૂર્વક સત્કાર કર્યો. એ યાત્રા દ્વારા મારી બીજી વારની ઈંગ્લેન્ડયાત્રાનો પ્રબળ પાયો નંખાયો.

યાત્રાની સુખદ સફળતાનું મુખ્ય કારણ એ હતું કે ઈંગ્લેન્ડમાં હું મારી ઈચ્છાથી પ્રેરાઈને નહોતો પ્રવેશ્યો. મારા પ્રવેશ પાછળ જગદંબાની, પરમ કૃપાળુ પરમાત્માની ઈચ્છા, પ્રેરણા તથા યોજના કાર્ય કરી રહેલી. એનો નિર્દેશ મેં આ પહેલાં કરેલો જ છે. એટલે એ સર્વેશ્વરી સર્વસમર્થ પરમ શક્તિએ જ મારું સંરક્ષણ કર્યું, સર્વપ્રકારે ધ્યાન રાખ્યું, અને મારા સેવાકાર્યને સરળ બનાવ્યું. મારું કાર્ય મૂળભૂત રીતે જોતાં એનું જ કાર્ય હતું. વાંસળીમાંથી જે સ્વરો નીકળે છે તે સુમધુર સુધાસભર સંગીતસ્વરો વાંસળીના નથી હોતા. એમની સૃષ્ટિ કોઈક બીજું જ કરતું હોય છે. મારી પ્રવૃત્તિનું પણ એવું જ હતું.

બીજી નોંધપાત્ર વિશેષ ઉલ્લેખનીય વાત એ હતી કે મારી પ્રવૃત્તિ કોઈ લૌકિક સ્વાર્થયુક્ત સંકુચિત હેતુથી પ્રેરાઈને નહોતી કરવામાં આવી. એની પાછળ હેતુ તથા સાધનોની ઉભયવિધ પવિત્રતા હતી. એથી એની સફળતામાં શંકા ન હતી. એ પ્રવૃત્તિ અર્થોપાર્જન, અંગત સુખોપભોગ, પ્રતિષ્ઠાપ્રાપ્તિ અથવા એવી કોઈક લૌકિક અભિલાષાથી પ્રેરાઈને નહોતી કરવામાં આવી. એને લીધે પણ એનું મહત્વ સવિશેષ હતું. એ સરિતાના અભિસરણની માફક સ્વાભાવિક રીતે જ થઈ રહેલી. ભારતીય સંસ્કૃતિ, સાધના અથવા યોગપરંપરાના સંનિષ્ઠ સંદેશવાહક બનીને એના પરંપરાગત ગૌરવને વધારવા અને ત્યાંની પ્રજાને ઉપયોગી થવાની મારી નેમ હતી. એ નેમ નિર્મળ હતી, તેથી જ સફળ થવા સરજાયેલી.

મારી એ યાત્રા દરમિયાન મને જે અનેકવિધ અનુભવો થયા એમનો સાર એ હતો કે જેના પર પરમાત્માનો અભયપ્રદાયક વરદ હસ્ત હોય છે એને કોઈ પ્રકારની ચિંતા નથી હોતી ને કોઈયે સમસ્યા નથી સતાવતી. એ જ્યાં પણ વસે છે ને વિહરે છે ત્યાં સુરક્ષિત રહે છે. કારણ કે એનું સઘળું ધ્યાન પરમાત્માની પરમ સનાતની શક્તિ રાખે છે. એ પરમ શક્તિમાં વિશ્વાસ જોઈએ. મમતાળુ માતા જેમ પોતાના શિશુની સંભાળ રાખે છે તેમ પરમાત્મારૂપી પરમ માતા શરણાગતની સર્વપ્રકારે સંભાળ રાખે છે. એનું શરણ તથા સ્મરણ સદાય શ્રેયસ્કર ઠરે છે.

* * *

## ૧૩. લંડન, લેસ્ટર, પ્રેસ્ટન

લંડનની ભૂમિ પર પગ મૂક્યો ત્યારે અંતરમાં એક પ્રકારની અનોખી અવર્ણનીય લાગણી ઉદ્‌ભવી. ભારતથી કેટલે બધે દૂર આવવાનું થયું ! ભારતની બહારની ભૂમિને નિહાળવાની કેટલા બધા વખતની ભાવના સફળ થઈ. આકાંક્ષા પૂરી થઈ. એ આખોય અનુભવ અનેરો, આનંદદાયક, અદ્‌ભુત હતો. જેમને ત્યાં અમારો ઉતારો હતો તે જીવણભાઈ ખૂબ જ સેવાભાવી, સજ્જન તથા માયાળુ હતા. એમણે એરપોર્ટ પર અમારું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

લંડનના અમારા સમગ્ર નિવાસ દરમિયાન અમે એમના અતિથિ થઈને એમને ત્યાં જ રહ્યાં. એમની અને એમના પરિવારના પ્રેમીજનોની લાગણીને લીધે અમને એમને ત્યાં સહેજ પણ અજાણ્યું ના લાગ્યું. ઘર જેવું લાગવા માંડ્યું. એમણે અમને એમની બાજુના ખાલી મકાનમાં ઉતારો આપ્યો. એ મકાન મુખ્ય માર્ગ પર હોવા છતાં શાંત, સ્વચ્છ અને કોલાહલરહિત હોવાથી બધી રીતે અનુકૂળ હતું. મકાનની આગળ મોટરો દોડતી અને પાછળ રેલવેના પાટા હોવાથી ગાડીઓ પસાર થતી તો પણ કોઈ પ્રકારનો વિક્ષેપ નહોતો લાગતો. આજુબાજુનું વાતાવરણ એકંદરે સારું હતું.

લંડનમાં થયેલા સત્સંગ કાર્યક્રમોમાં બે કાર્યક્રમો ખાસ ઉલ્લેખનીય હતા. એક બ્રેન્ટ ઈન્ડિયન એસોસિયેશનના હૉલનો કાર્યક્રમ અને બીજો હેરો વિસ્તારમાં ભક્તિમતી જયાબહેનને ત્યાંનો કાર્યક્રમ. જયાબહેન આફ્રિકાથી ઈંગ્લેન્ડમાં આવેલાં. એમણે એમના મકાનમાં મોટો હૉલ બનાવેલો. એ હૉલમાં બુધવારે ને રવિવારે સત્સંગ યોજાતો. એમાં જયાબહેન ખૂબ જ ભાવથી ભાગ લેતાં. હૉલ સત્સંગપ્રિય જનતાથી ભરાઈ જતો. એ સુંદર શાંત પવિત્ર સ્થાનમાંથી એમણે મને ભાવિક જનતા સમક્ષ પ્રવચનો કરવા માટે આમંત્રણ આપ્યું અને એ આમંત્રણથી પ્રેરાઈને મારે એમને ત્યાં અવારનવાર જવાનું થયું. ત્યાંના પવિત્ર પ્રભુમય વાતાવરણમાં જનતાએ સારો લાભ લીધો.

બ્રેન્ટ ઈન્ડિયન એસોસિયેશનનો હૉલ પ્રમાણમાં ઘણો નાનો હોવા છતાં સારો અને સાનુકૂળ છે. તે હૉલમાં મારા કાર્યક્રમો બે વાર યોજાયા. એ કાર્યક્રમનો લાભ જનતાએ સારો લીધો.

*

એક વાર લંડનની તૂટી લાઈબ્રેરીની લાઈબ્રેરિયન બહેન પદ્મા પટેલે બાલમુકુંદભાઈને ફોન પર પૂછ્યું : 'તમારે ત્યાં જે યોગેશ્વરજી પધાર્યા છે તે લેખક છે ?'

'હા. ઘણા સારા લેખક છે.'

'અમારી લાઈબ્રેરીમાં એમનાં કેટલાંય પુસ્તકો છે.'

એમણે કેટલાંક પુસ્તકોના નામ કહી બતાવ્યાં એટલે એમને જણાવવામાં આવ્યું કે એ પુસ્તકો મારાં લખેલાં છે.

એ ગુણદર્શી બહેને તરત જ કહ્યું :

'મારે મારી લાઈબ્રેરીમાં એમનાં પ્રવચનો યોજવાં છે. એમનાં પ્રવચનો જનતાને માટે લાભકારક સાબિત થશે.'

એમણે પ્રવચનોની તારીખો સૂચવી અને અમે તે પ્રમાણે પ્રવચનો નક્કી કર્યાં. પ્રવચનોનો વિષય ગીતાનો કર્મયોગ રાખવામાં આવેલો.

અમે પુસ્તકાલયમાં પ્રવેશ્યા એટલે પદ્માબહેને અમારું ખૂબ જ પ્રેમથી સ્વાગત કરીને ત્યાં મુકાયેલાં મારાં પુસ્તકો બતાવ્યાં. એ પુસ્તકોને નિહાળીને મને હર્ષ થયો.

મેં પૂછયુઃ 'મારાં પુસ્તકો વંચાય છે ખરાં ?'

'એટલાં બધાં વંચાય છે કે વાત નહીં. એમની માંગ ખૂબ જ હોય છે. પુસ્તકો વંચાય છે તો ખરાં જ પરંતુ એ વાચકવર્ગમાં ખૂબ જ લોકપ્રિય બન્યાં છે.'

એ શબ્દો ખૂબ જ સંતોષકારક હતા. સાહિત્ય દેશકાલાતીત હોય છે. એ પોતાની ચિરંજીવ શક્તિથી કેટલું બધું ઉપયોગી કાર્ય કરે છે તેનો મને ખ્યાલ આવ્યો.

પ્રવચનોની પરંપરા પૂરી થયા પછી પદ્માબહેને જણાવ્યું : 'લંડનમાં જ્યારે પણ ફરીથી આવવાનું થાય ત્યારે મને જણાવજો. તમારાં પ્રવચનો પુનઃ ગોઠવીશું.'

મેં એમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

પુસ્તકાલયનું મકાન અતિશય વિશાળ હતું. એમાં ભારતીય ભાષાઓનાં જુદાંજુદાં અંસખ્ય પુસ્તકો રાખવામાં આવેલાં. તે પુસ્તકો માટે ત્યાંની સરકારે મોટી મદદ કરેલી એ વસ્તુ ખાસ નોંધપાત્ર હતા. ના માનવામાં આવે એવી હોવા છતાં એ હકીકત સંપૂર્ણ સાચી હતી. ત્યાંની સરકાર ભારતીય ભાષાઓનાં પુસ્તકો માટે એટલું બધું પ્રોત્સાહન પ્રદાન કરે છે એ જાણીને મને અસાધારણ આનંદ થયો. એ હકીકત એની ઉદારતા તથા ગુણગ્રાહકતાની પરિચાયક હતી, ત્યાંની લોકશાહી જીવનપદ્ધતિનો પરિચય કરાવતી.

*

ઈંગ્લેન્ડનાં જુદાંજુદાં શહેરોમાં રહેતી ગુજરાતી પ્રજાના ગરબાને નિહાળવાના અવસરો પણ અમને પ્રાપ્ત થયા. એ અવસરોમાંના બે અવસરોને ચિરસ્મરણીય કહી શકાય. એક અવસર બ્લેકબર્ન નગરનો ને બીજો લંડનના ક્રોયડન વિસ્તારનો. એ બંને સ્થળોના ગરબાના મહોત્સવોના કાર્યક્રમોમાં મને પ્રવચન કરવા માટેનું ખાસ આમંત્રણ આપવામાં આવેલું. એ આમંત્રણને અનુલક્ષીને અમે એ સ્થળોમાં ગયા. પ્રવચનના પ્રારંભિક કાર્યક્રમ પછી ત્યાં જે ગરબા થયા એ અદ્‌ભુત હતા. જનતા ત્યાં રંગબેરંગી પોશાકને પહેરીને મોટી સંખ્યામાં એકઠી થયેલી. એનો ઉમંગ, પ્રેમ તથા તરવરાટ અનેરો હતો. ઈંગ્લેન્ડના એ પ્રદેશોમાં જાણે ભારત અને ગુજરાતનું વાયુમંડળ વ્યાપક બનેલું. કવિ ખબરદારના શબ્દોની એ વિશદ વાયુમંડળમાં સ્મૃતિ થતી : 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

ગુજરાતની બહાર વસનારી પ્રજા ગુજરાતના સુંદર રીતરિવાજોનું સ્મરણ કરે છે અને એમને જતન કરીને જાળવે છે એ જોઈને અમને સંતોષ થાય એ સ્વાભાવિક હતું. અધિક આનંદ તો એ જોઈને થયો કે ગુજરાતીઓના ગરબા જોવા કેટલાક અંગ્રેજો પણ આવેલા. અંગ્રેજોને ભારતીય પરંપરાનાં ગીતો સાંભળવાનો અને નૃત્યો નિહાળવાનો કોઈક અનોખો આનંદ આવતો હોય છે. એ એમની કદર અને મુક્ત કંઠે પ્રશંસા પણ કરે છે. ગરબાને જોનારાને જોઈને બહાર આવનારા કેટલાક અંગ્રેજ સ્ત્રીપુરુષોનાં મુખમંડળ પર છવાયેલા પ્રસન્નતાપૂર્વક સ્મિતથી એ હકીકતની પ્રતીતિ થતી. એમની ગુણગ્રાહકતા અજબ અથવા અસાધારણ હોય છે.

રાસ અથવા ગરબા ગુજરાતની પોતાની આગવી વિશેષતા છે. ગુજરાતની સુસંસ્કારી કલાપ્રિય પ્રજા બીજી કેટલીક વિશિષ્ટતાઓની જેમ એને માટે પણ ગૌરવનો અનુભવ કરી શકે છે.

*

**લેસ્ટર**

લંડનથી લગભગ સો માઈલ દૂર આવેલા લેસ્ટર નગરમાં ચર્ચને ખરીદીને ગુજરાતી પ્રજાના પ્રતિનિધિઓએ મંદિર અને સત્સંગ ભવન બનાવ્યું છે. એને જોતાંવેંત જ આંખ અને અંતર આનંદી ઊઠે છે. એ સ્થળ ખૂબ જ વિશાળ ને સુંદર છે. ઈંગ્લેન્ડમાં જુદાંજુદાં સ્થળોમાં ચર્ચ વેચાતાં જાય છે, એ પરિસ્થિતિ કેટલી બધી સૂચક છે? ચર્ચને ઠેકાણે હિંદુ મંદિરો અને સત્સંગભવનોનું નિર્માણ થાય એ ખરેખર આવકારદાયક છે. લેસ્ટરના વિશાળ મંદિરમાં સાત દિવસ સુધી ચાલેલાં મારાં ગીતાપ્રવચનો ખૂબ જ સફળ રહ્યાં. જનતાએ એમનો સારી રીતે લાભ લીધો. મંદિરના કાર્યકર્તાઓ માયાળુ અને સેવાભાવી હતા. મંદિરને માટે એ હકીકત ઓછી અગત્યની અને ઓછી શોભાસ્પદ ન હતી.

લેસ્ટરના હિંદુ મંદિરમાં મારાં પ્રવચનો યોજાયાં ને પવિત્ર સ્થાનમાં ગિરિરાજ ગોસ્વામીનો ફરી વાર મેળાપ થયો. પ્રવચન પહેલાં એક દિવસ અમે એ મંદિરની મુલાકાત લીધી ત્યારે અમને દૂરથી જોઈને કથા કરી રહેલા ગિરિરાજે ભાવવિભોર બનીને ગદ્ ગદ સ્વરે કહેવા માંડ્યું :

‘હિમાલયના પરમ યોગી મહાન સંતપુરુષ મહાત્મા યોગેશ્વરજી એમનાં માતાજી સાથે પધારે છે. આપણે એમનું સાદર અતિશય પ્રેમપૂર્વક સ્વાગત કરીએ છીએ. તમને સૌને એવા પ્રાતઃસ્મરણીય મહાપુરુષના દર્શનનું સૌભાગ્ય સાંપડી રહ્યું છે એ ઈશ્વરની પરમ કૃપા છે. એમની કૃપા વિના એવા પરમ યોગી મહાપુરુષનું દર્શન કદાપિ ના થઈ શકે. આપણા સૌની ઉપર પરમ કૃપાળુ પરમાત્માની અપાર અનુકંપા છે.’

અમે મંદિરના પ્રાંગણમાં પ્રવેશ્યા પછી એ શબ્દોને સાંભળ્યા એટલે ગિરિરાજજીને તરત જ ઓળખી લીધા. મંદિરના નાનકડા હૉલમાં ગિરિરાજજીએ અમારું ખૂબ જ સ્નેહપૂર્વક સ્વાગત કર્યું. મારી પાસે અતિશય આગ્રહ કરીને પંદરેક મિનિટનું શુભાશિષ પ્રવચન કરવ્યું. એમની એ બધી પ્રવૃત્તિ પરથી એમના ઉદાર, વિશાળ, ગુણદર્શી સ્વભાવનો પરિચય થયો.

ગિરિરાજ ગોસ્વામી ઈંગ્લેન્ડમાં ભારતીય સંસ્કૃતિના સાચા પ્રતિનિધી તરીકે કાર્ય કરી રહેલા. એ છેલ્લા પાંચેક વરસથી હિંદુ મંદિરના પૂજારી બનેલા. એમના કાર્યમાં એમને ધાર્યા કરતાં ઘણી વધારે સફળતા સાંપડેલી, અસાધારણ લોકચાહના મળેલી, અને એમણે અદભુત લોકાદર પ્રાપ્ત કરેલો. જનતા એમના પ્રત્યે ખૂબ જ માનની દૃષ્ટિથી જોતી. એ ભાગવત તથા રામાયણ જેવા ધર્મગ્રંથોના પ્રકાંડ પંડિત હોવાની સાથેસાથે મધુરભાષી સરસ કથાકાર હતા. અને પરમાત્માના કૃપાપાત્ર, એક વિરલ સત્પુરુષ તો હતા જ. એમનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી, આકર્ષક અને હૃદયંગમ હતું.

ગિરિરાજજીને પાંચથી છ વરસ પછી અને એ પણ ઈંગ્લેન્ડની ધરતી પર મળીને એક પ્રકારનો અદભુત આનંદ થયો. પાંચેક વરસ પહેલાં એ દિલ્હીના ગ્રેટર કૈલાસ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ મહાવીર મંદિરમાં મુખ્ય પૂજારી તરીકે કાર્ય કરતા ત્યારે મારે એ પવિત્ર ધર્મસ્થાનમાં ત્રણેક વાર પ્રવચનો કરવા માટે

જવાનું થયેલું તે વખતે એમનો પરિચય થયેલો. એ પછી તો ઈંગ્લેન્ડમાં આવેલાં લેસ્ટર નગરના મંદિરમાં એમની પૂજારી તરીકે નિયુક્તિ કરવામાં આવી એટલે એ ઈંગ્લેન્ડ આવ્યા. ભાગ્ય એમને ક્યાંનું ક્યાંય લઈ આવ્યું. ઈંગ્લેન્ડમાં આવ્યા પછી એમને ઘણો લાભ થયો. એમની સુખદ કલ્યાણકારી કાયાપલટ થઈ. એમનો વાન ફરી ગયો. ભારતમાં અર્થાભાવને લીધે એ સહેજ ચિંતિત રહેતા. લેસ્ટરમાં એ ચિંતા દૂર થઈ. કેટલાક અચાનક આવી પડેલા બહારના વિરોધી વાતાવરણને લીધે અથવા કેટલીક આકરી આફતો અને સમસ્યાઓને લીધે એમની અનોખી આકસ્મિક અગ્નિપરીક્ષા થઈ, પરંતુ એમાંથી એ ઈશ્વરની કૃપાથી સફળતાપૂર્વક પાર ઊતર્યા. લોઢું પાવકમાં ચડીને વધારે ને વધારે વિશુદ્ધ બને ને સુખડ અધિકાધિક ઘસાવાથી વધારે ને વધારે સુવાસિત ઠરે તેમ, એમનો આત્મા વધારે ને વધારે આલોકિત બન્યો, ઉદાત્ત થયો, અને એમનો રહ્યોસહ્યો કાટ દૂર થતાં એમની સૌરભ સોળે કળાએ ખીલી ઊઠી. એ આ વિશાળ વિશ્વના વિરોધાભાસોને વધારી સારી રીતે, અનુભૂતિના આધાર પર સમજતા થયા. વધારે તટસ્થ બન્યા. સુખના સ્વર્ણ સમયમાં જે સમુન્નતિની સામગ્રી મળે છે એના કરતાં કેટલીક વાર દુઃખના દિવસોમાં વધારે મળે છે. એ અનુભવવચન એમને માટે વાસ્તવિક ઠર્યું.

ગિરિરાજ હિમાલય જેવા ધીરગંભીર દેખાતા છતાં ભાવ તથા લાગણીથી સભર હતા. ગિરિરાજ લેસ્ટરના હિંદુ મંદિરની શોભારૂપ હતા. એ મંદિરમાં પાછળથી મારાં પ્રવચનો યોજાયાં ત્યારે એમના અધિક સંપર્કમાં આવવાનો અવસર પ્રાપ્ત થયો. એ આનંદદાયક અવસર દરમિયાન અમે રોજરોજ સાથે બેસીને ભોજન કરતા. મંદિરના પવિત્ર પ્રસાદને આરોગવાનો એ લહાવો અનેરો હતો. એ વખતે જે આપવીતી સંભળાવતા તે ચિરસ્મરણીય હતી.

લેસ્ટરનાં પ્રવચનોનો પ્રારંભ ત્યાંના સનાતન મંદિરથી થયો. લેસ્ટરનું સનાતન મંદિર સુંદર છે. એ મંદિર ચર્ચના મકાનને ખરીદીને તૈયાર કરવામાં આવ્યું છે. એ મકાન ખૂબ જ વિશાળ છે. એના પદાધિકારી કે વ્યવસ્થાપકો સઘળા ગુજરાતી છે ને સારી રીતે સહયોગથી કામ કરે છે. લેસ્ટરમાં ગુજરાતી પ્રજા એટલા મોટા પ્રમાણમાં છે કે ગુજરાતના કોઈક કસબા કે નગરમાં આવ્યા હોઈએ એવું લાગે છે. ગુજરાતી પ્રજા છે તો ઘણી મોટી સંખ્યામાં પરંતુ એમાં સત્સંગ અથવા ધાર્મિક પ્રવૃત્તિમાં રસ ધરાવનારો વર્ગ પ્રમાણમાં ઘણો ઓછો છે. એ હકીકત એટલી બધી ઉત્સાહજનક અને સંતોષકારક ના કહેવાય. તો પણ ભારતથી હજારો માઈલ જેટલે દૂર રહીને પણ એ પ્રજા ધાર્મિક અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ચલાવે છે એ વાત અસાધારણ હતી. એને માટે જે પણ જવાબદાર છે તે બધા જ ધન્યવાદને પાત્ર છે.

લેસ્ટરમાં બંને સ્થળમાં મળીને મારાં પ્રવચનો ચૌદ દિવસનાં થયાં.

*

**પ્રેસ્ટન**

લેસ્ટરની પેઠે પ્રેસ્ટન નગરમાં પણ ગુજરાતી પ્રજાની વસતિ પ્રમાણમાં સારી છે. ત્યાંની ગુજરાતી પ્રજાનું સંસ્કારકેન્દ્ર ખૂબ જ સુંદર, શાંત, વિશાળ મકાનમાં આવેલું છે. એ કેન્દ્રના કાર્યકર્તાઓ કર્તવ્યપરાયણ તથા સેવાભાવી છે. એ કેન્દ્રમાં મારાં પ્રવચનો સાત દિવસને માટે યોજાયાં. એ પ્રવચનોનો લાભ પ્રજાએ ઘણી સારી રીતે લીધો. બીજી વાર અંગ્રેજ પ્રજાને એ કેન્દ્ર તરફથી જાહેર રીતે આમંત્રવામાં આવી અને સૌની

સમક્ષ મારો ધ્યાનયોગ પર વાર્તાલાપ અને ધ્યાનનો પ્રત્યક્ષ વ્યવહારુ સાધનાત્મક અભ્યાસક્રમ રાખવામાં આવ્યો. બે દિવસની બેઠકના ધ્યાનના એ સમૂહ કાર્યક્રમનો લાભ સાધકોએ ઘણી મોટી સંખ્યામાં લીધો એ જોઈને મને ખૂબ જ સંતોષ થયો. ભૌતિક સમૃદ્ધિ અને સુખાકારીથી ભરપૂર પશ્ચિમના એ પ્રદેશમાં પ્રજાનો અમુક નોંધપાત્ર વર્ગ આધ્યાત્મિક્તા તથા યોગ તરફ વળવા માંડ્યો છે અને એમાં અભિરુચિ રાખતો થયો છે એ ઓછા આનંદની વાત નથી લાગતી. પ્રજાનો અમુક વિચારશીલ વર્ગ સાચી શાંતિની શોધ માટે યોગ અને અધ્યાત્મ તરફ વળવા માંડ્યો છે એ એક સારું અને આવકારદાયક ચિહ્ન છે.

પ્રેસ્ટનમાં અમારો નિવાસ શ્રી છોટુભાઈ લિમ્બચિયાને ત્યાં હતો. એ ભાઈ ખૂબ જ સેવાભાવી, મિલનસાર તથા માયાળુ હતા. એ ત્યાંના સુંદર સંસ્કારકેન્દ્રના અગ્રગણ્ય કાર્યકર્તા હતા. એમને ત્યાંના અમારા નિવાસ દરમિયાન એક અગત્યનો બનાવ બન્યો.

એક દિવસ સવારે મારી પાસે એક ભાઈએ આવીને પૂછ્યું : 'તમે ભારતથી કેવી રીતે આવ્યા ?'

'કેવી રીતે એટલે ? જેવી રીતે બીજા બધા આવે છે તેવી રીતે.'

'એ તો બરાબર છે. પરંતુ મારો કહેવાનો આશય એ છે કે તમને કોઈએ ટિકિટો મોકલેલી ?'

'ના'

'તો પછી ?'

'અમે અમારી મેળે જ અમારી પાસેની રકમમાંથી ટિકિટો કઢાવીને આવ્યા.'

'ખરેખર ?'

'હા'

'તો પછી તમને બોલાવનારે ટિકિટ ના કઢાવી આપી ?'

'ના. અમારી પાસે જે કાંઈ છે તે જનતા પાસેથી આવેલું છે, જનતાનું છે, અને જનતા માટે વપરાયા કરે છે. ઈશ્વર જે કાંઈ આપે છે તે ઈશ્વરના જ કામ માટે વપરાય છે.'

એ ભાઈ જરાક વિચારમાં પડ્યા ને બોલ્યાઃ 'તો પછી અહીંથી જશો કેવી રીતે ?'

'જેવી રીતે આવ્યા એવી રીતે.'

'છેલ્લા બે દિવસથી મને રાતે વિચાર આવ્યા કરે છે કે હું તમને ભારત લઈ જવા માટે એક ટિકિટની મદદ કરું.'

'તમારે શા માટે મદદ કરવી છે ?'

'મારા પોતાના આત્મસંતોષ માટે. તમારા સરખા સત્પુરુષની સેવાનો અવસર સાંપડશે તો તેને હું મારું મોટામાં મોટું સદ્ભાગ્ય સમજીશ.'

'હું તમને કાલે જણાવીશ.'

એ પ્રસન્નતાપૂર્વક વિદાય થયા.

બપોરે મેં છોટુભાઈને એ વાર્તાલાપથી માહિતગાર કર્યા તો એમણે શાંતિપૂર્વક જણાવ્યું : 'એ ભાઈ ખૂબ જ સેવાભાવી, ધર્મપ્રેમી અને સંસ્કારી છે. એમના સેવાના પ્રસ્તાવને જરૂર સ્વીકારી લેજો. એમને સેવાનો અવસર આપવા જેવો છે.'

'બીજે દિવસે ઈશ્વરની ઈચ્છા સમજીને મેં એ સેવાભાવી ભાઈના પ્રસ્તાવને સ્વીકાર્યો ત્યારે એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. મેં એમને જણાવ્યું: 'તમે મને ટિકિટની રકમ આપવાને બદલે એ રકમ છોટુભાઈને એ ટિકિટની વ્યવસ્થા કરે તે પછી આપી દેજો. એવી રીતે તમારી ભાવના પૂરી થશે.'

એ મારા પ્રસ્તાવ સાથે સંમત થયા.

બીજે દિવસે મેં લંડનના પ્રેમી ભાઈને ટેલિફોન દ્વારા એ હકીકતથી માહિતગાર કર્યા તો એમણે ખૂબ જ નિરાંત અનુભવતાં જણાવ્યું : 'ખૂબ જ સારું થયું. એવી રીતે બીજી ટિકિટનું પણ થઈ જાય એવી કોશિશ કરજો.'

મેં કહ્યું : 'આ કાંઈ કોશિશ કરવાથી નથી થયું; ઈશ્વરની ઈચ્છાથી થયું છે. ઈશ્વરની ઈચ્છાથી જ એક સેવાભાવી સજ્જને સામેથી આવીને મદદ કરી છે. અને તમે આવી ભાવના શા માટે રાખો છો ? તમે જો બીજાની આશા રાખશો તો તમે શું કરશો ? તમારું પોતાનું પણ કાંઈ કર્તવ્ય છે કે નહીં ?'

એ ભાઈ નિરુત્તર રહ્યા એટલે મેં જણાવ્યું : 'ઈશ્વરનું કામ ઈશ્વર જ કરશે. તમે કશી ચિંતા ના કરશો.'

બીજા ટિકિટની રકમ છોટુભાઈને મેં જ આપી પરંતુ એમણે પચાસ પાઉન્ડ ઘણી આનાકાની કરવા છતાં પણ પોતાની તરફથી આપ્યા. એમની સેવાભાવના એવી અદ્ભુત હતી. એમનો સ્નેહ સાચો અને સમજપૂર્વકનો હતો. ઈશ્વરની પૂર્ણ કૃપા અને પૂર્વના સર્વોત્તમ શુભ સંસ્કારો સિવાય સ્નેહ અને સેવાભાવ કદાપિ ના જાગી શકે.

* * *

## ૧૪. લીડ્ઝ, બૉલ્ટન અને રગ્બી

લીડ્ઝ શહેર ઈંગ્લેન્ડનાં મોટાં શહેરોમાંનું એક ગણાય છે. ત્યાં ક્રિકેટની રમતની ટેસ્ટમેચો રમાતી હોવાથી એની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પણ છે. ત્યાં હિંદુ મંદિરમાં સાત દિવસ મારાં પ્રવચનો થયાં. લીડ્ઝ શહેરનાં હિંદુ મંદિરની જગ્યા ખૂબ જ વિશાળ તથા સુંદર છે, એના કાર્યકર્તાઓ ધર્મપ્રેમી, મિલનસાર વૃત્તિવાળા અને સેવાભાવી છે. અને એ મંદિરના પૂજારી ચીમનલાલ પંડ્યા પણ ધર્મશાસ્ત્રોના વિદ્વાન અને માયાળુ છે. મંદિરના કાર્યકર્તાઓ મંદિરના વિકાસમાં ખાસ રસ ધરાવે છે. મંદિરના સુવિશાળ સ્થાનમાં લોકસેવાની જુદી જુદી પ્રવૃત્તિઓ પ્રારંભાય એવી એમની ઈચ્છા રહે છે. એ ઈચ્છાના અમલ માટેની એમની તૈયારી અભિનંદનીય છે.

લીડ્ઝ નગરના નિવાસ દરમિયાન અમૃસરના સુપ્રસિદ્ધ સચ્ચિદાનંદ સ્વામીનો મેળાપ થયો. મારા પછી હિંદુ મંદિરમાં એમનો કાર્યક્રમ ગોઠવવામાં મેં એમને મદદ કરી. એમના પ્રવચન કાર્યક્રમો ઈંગ્લેન્ડમાં સારી રીતે નહોતા ચાલતા, કારણ કે એમને બોલાવનારા સજ્જનને ધર્મ અથવા આધ્યાત્મિક્તામાં એટલી અભિરુચિ ન હતી. કહે છે કે એક વાર એ એમને જાણી જોઈને કોઈક દારૂની દુકાનમાં લઈ ગયેલા, પરંતુ એવા વિપરીત વાતાવરણમાં પણ એમનું ચિત્ત ચલાયમાન ના થયું અને એ સ્વસ્થ, શાંત, નિર્વિકાર જ રહ્યા. એમનું મનોબાળ એવું અસાધારણ હતું. અનુકૂળ પરિસ્થિતિમાં તો મન સ્વસ્થ, શાંત, નિર્વિકાર રહી શકે પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મન એવું રહે તો તે પરમાત્માની પરમ કૃપા જ છે એવું સમજી લેવું.

*

લીડ્ઝ પછી મારાં પ્રવચનો બૉલ્ટન શહેરમાં થયાં. બૉલ્ટન શહેરમાં મારો ઉતારો ધર્મપ્રેમી શ્રી છોટુભાઈ ભારતીને ત્યાં રાખવામાં આવેલો. એમનું જીવન આનંદદાયક અને આદર્શ હતું. એમને ત્યાં અમને ઘર જેવું જ લાગ્યું. એમણે અમારી સેવા જે પ્રેમપૂર્વક કરી તે ચિરસ્મરણીય રહેવા સરજાયેલી.

ઈંગ્લેન્ડમાં પણ કેવા અસાધારણ સંસ્કારસંપન્ન આત્માઓ વસે છે ! એમનો પ્રત્યક્ષ પરિચય થાય છે ત્યારે જ એની માહિતી મળે છે. આપણામાંના અધિકાંશ માનવો એવું માનતા લાગે છે કે અસાધારણ આધ્યાત્મિક સંસ્કારસંપન્ન આત્માઓ કેવળ ભારતમાં જ વસે છે, પરંતુ ખરેખર તેવું નથી. સંસ્કારી આત્માઓને દેશકાળનાં સ્થૂળ બાહ્ય બંધનો નથી હોતાં. એ તો કોઈ પણ પ્રકારના બાહ્ય ભેદભાવ વગર સર્વત્ર શ્વાસ લે છે. છોટુભાઈ એવા જ અસાધારણ સંસ્કારસંપન્ન અધ્યાત્મપ્રેમી આત્મા હતા. એ સંસારમાં રહેતા હોવા છતાં પણ સંસારથી સર્વથા પર હતા. રોજ સવારે બે થી અઢી વાગ્યે ઊઠીને સ્નાનાદિથી પરવારીને એ જપ તથા ધ્યાન જેવી સાધનામાં બેસતા. એમની એ એકાંતિક સાધના છેક છ-સાડા છ વાગ્યે પૂરી થતી. એ પછી આરતી ઉતારીને એ ચા અથવા જે કાંઈ લેવું હોય તે લેતા. સાંજે બે કલાક જેટલો સમય એ ફરી વાર એવી જ સાધનામાં પસાર કરતા. પોતાની પત્ની સાથે વરસોથી પવિત્ર સંબંધ રાખતા. સમયનો જેટલો બને તેટલો સદુપયોગ કરતા, અને ધંધામાં પૂરેપૂરી પ્રામાણિકતા જાળવતા. જીવનનાં શરૂઆતનાં વરસોમાં એમણે આર્થિક રીતે પગભર થવા માટે પ્રખર ધંધાકીય પુરષાર્થ કરેલો, કષ્ટો વેઠેલાં, અને મુસીબતોની વચ્ચેથી માર્ગ કાઢેલો. વરસોની એકધારી જટિલ જહેમત પછી એમના ભાગ્યનું નિર્માણ કરી શકેલા. પોતાના જીવનને

જ્યોતિર્મય કરવા માટે હવે છેલ્લાં થોડાંક વરસોથી એમણે આધ્યાત્મિક સાધનાનો આશ્રય લીધેલો. અમે એમને ત્યાં રહ્યાં ત્યારે ચાતુર્માસનો પવિત્ર સમય ચાલી રહેલો. એ દિવસો દરમિયાન એ રોજ સવાર-સાંજ સાધારણ જેટલું દૂધ અને એકાદ કેળું લેતા. એટલો આહાર એમને માટે પૂરતો ના હોવા છતાં એ પ્રસન્નતા તથા શાંતિપૂર્વક કામ કર્યા કરતા. એમને ઈશ્વરને ઓળખવાની અને ઈશ્વરની વધારે ને વધારે કૃપા મેળવવાની લગની લાગેલી. એવા સુસંસ્કારી સાધનાપરાયણ પુરુષને મળીને અમને સંતોષ અને આનંદ થાય એ સ્વાભાવિક હતું. એ ત્યાં રહીને પણ ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરી રહેલા.

બૉલ્ટનના નિવાસ દરમિયાન એક બીજા સંસ્કારી આત્માની ઓળખાણ થઈ. શ્રી જ્યોતીન્દ્ર પંડ્યા. એ બૉલ્ટનમાં ઉચ્ચ અભ્યાસાર્થે આવેલા. એ ભાઈ રાતે નોકરી કરતા ને દિવસે અભ્યાસ. એમની પત્ની પણ સદ્ ગુણી, સમજુ ને સંસ્કારી હતી. તે તેમને મદદરૂપ થવા માટે દિવસે નોકરી કરતી. પંડ્યાજી રામકૃષ્ણ પરમહંસદેવના પરમ ભક્ત હતા. મારા સંસર્ગમાં આવ્યા પછી એ અવારનવાર કહેતા કે, ‘મને લાગે છે કે, તમે રામકૃષ્ણદેવ છો. મારો આત્મા એવું જ કહ્યા કરે છે, તો તમે એનું સ્પષ્ટીકરણ કરો.’

હું એમને જણાવતો કે, એનું સ્પષ્ટીકરણ થોડા વખત પછી મારી આત્મકથા બહાર પડવાની છે ત્યારે થઈ રહેશે. હમણાં થોડીક ધીરજ રાખો. તે દરમિયાન તમારી માન્યતા ને શ્રદ્ધાથી તમને મદદ મળતી હોય તો તેને વળગી રહેવામાં કશું નુકસાન નથી.

એમની શ્રદ્ધા એટલી બધી અચળ હતી કે કેટલાક દિવસો પછી એ અમારી સાથે લંડનથી થોડેક દૂર આવેલા રામકૃષ્ણ મિશનના કેન્દ્રમાં આવ્યા ત્યારે ત્યાંના મંદિરમાં એમણે મને અતિશય આગ્રહપૂર્વક રામકૃષ્ણદેવના ફોટા પાસે બેસાડીને અમારો સંયુક્ત ફોટો પાડી લીધો. એ ફોટો એમની અસાધારણ શ્રદ્ધાભક્તિનો સૂચક હતો. જુદાજુદા આત્માઓમાં શ્રદ્ધાભક્તિના પ્રાદુર્ભાવ પામતા અનેકવિધ અંકુરોના રહસ્યને ઓળખવાનું અથવા એમના કાર્યકારણભાવને સમજવાનું ખૂબ જ મુશ્કેલ છે. તો પણ એમની પાછળ કર્મસંસ્કારોની સંગીન સૃષ્ટિ કાર્ય કરતી હોય છે એ સાચું છે. કશું પણ એમ ને એમ, આકસ્મિક અથવા આપોઆપ નથી થતું. જે એવી રીતે થતું દેખાય છે તેની પાછળ પણ કર્મના અખંડ અનુબંધના ચોક્કસ નિયમો તો કામ કરતા જ હોય છે. સૌ કોઈને એ નિયમોનું જ્ઞાન કે ભાન ના હોય એ સમજી શકાય તેમ છે.

પંડ્યાજીએ લંડનમાં રહેતી પોતાની મોટી બહેનને પણ એ શ્રદ્ધાભક્તિની વાત જણાવી એટલે એ પણ મને મળવા આવી. એ પણ રામકૃષ્ણદેવની એકનિષ્ઠ ભક્ત હતી.

બૉલ્ટનથી નીકળતી વખતે પંડ્યાજીએ મને પ્રેમથી પ્રેરાઈને એક કવર આપ્યું. બૉલ્ટનથી રગ્બી જતાં રસ્તામાં મોટરમાં મેં એ કવરને ખોલીને જોયું તો એમાં પંદરેક પાઉન્ડ હતા મને તરત જ થયું કે મારે એક નોકરી કરીને વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થી પાસેથી આટલી રકમ ના લેવી જોઈએ. મેં છોટુભાઈને કહીને એમની દ્વારા દસ પાઉન્ડ પાછા મોકલ્યા. એ રકમ એમણે અત્યંત આનાકાનીપૂર્વક પાછી સ્વીકારી ત્યારે મને સ્વાભાવિક રીતે જ સંતોષ થયો. જે મદદ કરે છે તેની મદદ લેતી વખતે વિવેકનો ઉપયોગ તો કરવો જ જોઈએ.

*

રગ્બી શહેરમાં ગુજરાતીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવા છતાં ત્યાંના ગુજરાતીઓ ખૂબ જ સેવાભાવી ને ભાવિક છે. ત્યાંના એક અઠવાડિયાનાં પ્રવચનોનો લાભ જનતાએ સારા પ્રમાણમાં લીધો. જેમને ત્યાં અમારો ઉતારો હતો એ અંબાલાલભાઈએ પહેલાં તો અમને ઉતારવાની ઉત્સુક્તા બતાવેલી પરંતુ પાછળથી કોઈક કારણથી અશક્તિ દર્શાવેલી. એમની અશક્તિના સમાચાર સાંભળીને મને થયું કે ઈશ્વરની ઈચ્છા અમને એમને ત્યાં ઉતારવાની નહીં હોય. પરંતુ ચારેક દિવસ પછી એમનો સામેથી ફોન આવ્યો, અને એમણે અમને પોતાને ત્યાં ઉતારવાની ઈચ્છા દર્શાવીને જણાવ્યું કે, છેલ્લા ત્રણેક દિવસથી મને ઊંઘ આવતી નથી અને આખી રાત એમ જ થયા કરે છે કે મહાત્માજીને મારે ત્યાં ઉતારવાની અનિચ્છા બતાવીને મેં ભયંકર ભૂલ કરી છે; એ ભૂલને મારે સુધારી લેવી જોઈએ. એમને મારે ત્યાં ઉતારવાથી મારું અને મારા પરિવારનું કલ્યાણ થશે. એટલે હું એમને મારે ત્યાં ઉતારવા માગું છું.

અમે એમની માગણીનો સ્વીકાર કર્યો. એમણે અમારી ખૂબ જ પ્રેમથી સેવા કરી. એમણે અને એમની પત્નીએ સાત દિવસ સુધી નોકરી પરથી રજા લીધી. એમનું જીવન પણ આદર્શ હતું. એ બંને સવારે ત્રણેક વાગ્યે ઊઠીને પૂજાના ખંડમાં જગદંબાની આગળ બેસીને સાધના કરતા. પાછળથી એ ભાઈ અવારનવાર કહેતા કે તમને મારે ત્યાં બોલાવ્યા ના હોત તો હું કેટલા બધા દોષમાં પડત અને કેટલા બધા લાભથી વંચિત રહી જાત ? જગદંબાએ મને સદ્દબુદ્ધિ આપી એ સારું થયું.

જગદંબા તરફથી મને વારંવાર કહેવામાં આવતું કે જેનાં સત્કર્મોનો સમુદય થવાનો હશે અને જેને મહત્વનો મહામોંઘો લાભ મળવાનો હશે તેને ત્યાં જ હું તમને લઈ જઈશ. બીજાને ત્યાં નહીં લઈ જઉં. તમે જ્યાં જશો ત્યાં ધર્માનુષ્ઠાન અથવા સાધના કરશો. એ દ્વારા ત્યાંનું વાતાવરણ વધારે વિશુદ્ધ બનશે. એટલે જેનો યોગ એવો નહીં હોય એના મનમાં તમને બોલાવવાનો ને પોતાને ત્યાં ઉતારવાનો ભાવ નહીં જગાવું. તમે તેનું કશું દુઃખ ના લગાડતા.

રગ્બીની જનતાનો પ્રેમ, ધર્માનુરાગ અને આદરભાવ અસાધારણ હોવાથી સદાને માટે યાદ રહી ગયો. એ જનતા પાસે પુનઃ આવવાનું ગમે એવું લાગ્યા વિના રહ્યું નહીં. જ્યાં પવિત્ર પ્રભુમય પ્રેમ ને ધર્માનુરાગ હોય છે ત્યાંનું વાતાવરણ સદા સ્વર્ગીય લાગે છે.

રગ્બી પહેલાં માંચેસ્ટર, વુલ્મરહેમ્પટન, બ્લેકબર્ન જેવાં શહેરોમાં સુંદર ને સફળ કાર્યક્રમો પણ યોજાયા. એ કાર્યક્રમો અત્યંત આનંદદાયક થઈ પડ્યા. સુખદ ઠર્યા. લગભગ બધે જ સ્થળે જગદંબાએ સૂચવેલું તેમ જ થયું. કોઈક આમંત્રણ આપી જતું અને ઊતરવાનું બીજે ઠેકાણે બીજાને ત્યાં જ થતું. જ્યાં પણ ઊતરવાનું થતું ત્યાં સર્વપ્રકારે અનુકૂળ રહેતું. કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતા નહોતી લાગતી કે તકલીફ નહોતી પડતી. જીવનનું સારથિપદ જ્યાં મા જગદંબા સંભાળતી હોય ત્યાં શેની તકલીફ પડે ? એના અસાધારણ અમોઘ અનુગ્રહથી સઘળું સરળ અને સુખકારક જ થઈ જાય.

* * *

## ૧૫. સન્માનસમારંભ

જીવનની પ્રથમ વિદેશયાત્રાની સુખદ સમાપ્તિ કરીને ૨૫મી ઑક્ટોબર, ૧૯૭૭ સવારે અમે અવનવા અનુભવો સાથે મુંબઈની પરિચિત પૃથ્વી પર પગ મૂક્યો ત્યારે અવર્ણનીય ભાવો અનુભવવા મળ્યા. વિમાનઘર પર પ્રેમી તથા ગુણીજનોએ સ્વાગત કર્યું. માધવબાગના સુપ્રસિદ્ધ સ્થાનમાં ચાર દિવસનો સ્વાગત પ્રવચનોનો કાર્યક્રમ થયો, અને એ પછી સમયની અનુકૂળતા પ્રમાણે અમદાવાદ, વડોદરા, સુરત, નડિયાદ નગરમાં પણ સન્માનસમારંભો યોજાયા. પરદેશગમનની વાતે જનતામાં પાર વિનાનો પ્રેમ અને આદરભાવ જગાવ્યો. સન્માનસમારંભો એની સાક્ષી પૂરતા હતા. જોકે મારી દૃષ્ટિએ મારું સવિશેષ સન્માન થાય એવું કોઈ ક્રાંતિકારી શકવર્તી કલ્યાણકાર્ય મેં નહોતું કરી બતાવ્યું તો પણ ગુણદર્શી, પ્રેમી, અધ્યાત્મરસિક જનોને એવું લાગતું હતું. મારે માટે તો એ પાશેરામાં પહેલી પૂણી હતી અને જીવનનું મહત્વનું કાર્યક્ષેત્ર બાકી હતું. જનકલ્યાણના કાર્યની જે નવી ક્ષિતિજો ઊઘડેલી એ અતિશય આશાસ્પદ અને ઉજ્જ્વળ ભાવિ તરફ અંગુલિનિર્દેશ કરનારી હતી. એમનો વિચાર કરીને મેં લગભગ પ્રત્યેક પ્રસંગે સભાન વૃત્તિથી જણાવ્યું કે વિદેશમાં મેં સર્વત્ર ભારતીય સંસ્કૃતિ અને યોગસાધનાના ગૌરવને વધારવાની ભાવનાથી પ્રેરાઈને મારાથી બનતું કામ કર્યું છે તેનો મને સંતોષ છે, અને આગળ પર ઈશ્વર મને જ્યારે પણ અવસર આપશે ત્યારે એવી જ રીતે, બલકે એથી પણ વધારે સારી રીતે, કાર્ય કરવાની આકાંક્ષા રાખું છું. પ્રેમીજનોનો પ્રેમ અને સદ્ભાવ મને પ્રેરણા પાશે ને પરિબળ પ્રદાન કરશે. એનું મૂલ્ય તથા મહત્વ મારે મન ધાર્યા કરતાં ઘણું મોટું છે, એને કદાપિ નહીં ભૂલી શકું.

આપણે ત્યાં સન્માનસમારંભો યોજાય છે તે પદ્ધતિ સારી છે. એની પાછળ ગુણદર્શિતાની ભાવના રહેલી છે. સમારંભોના યોજકો એને માટે અભિનંદનના અધિકારી છે. પરંતુ જેમને માટે સમારંભો યોજાય છે એમણે એમની અસર નીચે આવીને અહંકારી બનવાને બદલે આત્મનિરીક્ષણની વૃત્તિને વધારીને નમ્ર બનવું જોઈએ અને વધારે ને વધારે કર્તવ્યનિષ્ઠ બનવા તૈયાર રહેવું જોઈએ. એ એક પરંપરા, શોખ, દિલબહેલાવ કે રૂઢિ ના બને તેનું ધ્યાન રાખવાની આવશ્યકતા છે.

* * *

## ૧૯. નોંધપોથી

**૧૦-૭-૧૯૭૭, રવિવાર**

લંડન શહેર કેટલું બધું વિશાળ છે ? કહે છે કે એની રચના બે મોટાં સુવિશાળ શહેરોના એકીકરણને પરિણામે થયેલી છે. એની વસતિ દૂરદૂર સુધી પથરાયેલી છે. છેલ્લા ત્રણ દિવસથી જુદાજુદા વિસ્તારોમાં ચાલતાં સંકીર્તનમંડળોમાં મારે સાંજે કે બપોરે પ્રવચનો કરવા જવું પડે છે. ત્યાં વિવિધ વિષયો પર પ્રવચનો થતાં હોય છે. જનતા એમનો સારો લાભ લે છે.

અહીંની ઋતુ ખૂબ જ વિચિત્ર છે. વ્યોમમાં સમગ્ર દિવસ દરમિયાન પ્રકાશ અને અંધકારના આટાપાટા ખેલાય છે. ઘડીમાં પ્રકાશ તો ઘડીમાં અંધકાર ને વાદળ અને વળી પાછો પ્રકાશ પોતાની કલ્યાણક્રીડા કર્યા કરે છે. રાતે આઠ-સાડાઆઠ વાગ્યા સુધી અજવાળું હોય છે અને એ પણ અત્યારે, કારણ કે કાલે જ એક ભાઈ જણાવ્યું કે ઉનાળાના આરંભમાં રાતે સાડા અગિયાર વાગ્યા સુધી અજવાળું રહે છે. આ પ્રદેશ એવો અનોખો છે.

અધિક શ્રાવણમાસ નિમિત્તે અહીં એક સત્સંગ મંડળ તરફથી અષ્ટોત્તરશત ભાગવત તથા અષ્ટોત્તરશત રામાયણ પારાયણના વિશાળ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. લંડનમાં એવા કાર્યક્રમ યોજી શકાય છે ત્યાંની ધર્મપ્રેમી પ્રજાનો ઉત્સાહ દર્શાવે છે.

*

**૧૧-૭-૧૯૭૭, સોમવાર**

ગઈ કાલે સાંજે હેરો વિસ્તારમાં થયેલો કાર્યક્રમ ખૂબ જ સંતોષકારક અને સુંદર હતો. શ્રોતાઓની ઉપસ્થિતિ પણ પ્રમાણમાં ઘણી સારી હતી. ત્યાં લગભગ પોણા કલાક સુધી મારું 'નામસ્મરણની સાધના' સંબંધી પ્રવચન ચાલ્યું. તેથી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ગયા. પાછળથી આભારદર્શન કરતી વખતે એક ભાઈએ જણાવ્યું કે લંડનમાં ઉપદેશકો કે પ્રવકતાઓ અનેક આવે છે પરંતુ આજના જેવું મર્મગ્રાહી, મનનશીલ, સારવાહી, અભ્યાસપૂર્ણ, સ્વાનુભૂતિના રણકાવાળું પ્રવચન આ પહેલાં કદી પણ નથી સાંભળ્યું. એથી અધિક સરસ અંજલિ બીજી કઈ હોઈ શકે ?

ત્યાં ઉપસ્થિત રહેલા બે-ત્રણ સદ્‌ગૃહસ્થોએ થોડા દિવસોની પ્રવચનમાળા ગોઠવવાનો, તેને માટે વિશાળ હૉલ ભાડે રાખવાનો, ને વ્યવસ્થિત આયોજન કરીને વધારે ને વધારે જનતાને લાભ આપવાનો વિચાર કર્યો. ઈશ્વરનું કામ એક અથવા બીજી વ્યક્તિને પ્રેરણા આપી, નિમિત્ત બનાવીને ઈશ્વર જ કરે છે ને કરશે. એમની લીલા અજબ હોય છે.

આજે તો વહેલી સવારથી જ મકાનના સામેના રસ્તા પર ભારે જનમેદની જામી છે. બાજુમાં આવેલી ફેક્ટરીના કર્મચારીઓ ને મજૂરોએ હડતાળ પાડી છે. રસ્તો બંધ થઈ ગયો છે. પોલીસો મોટી સંખ્યામાં ગોઠવાઈ ગયા છે. ભાતભાતના ને જાતજાતના સૂત્રોચ્ચારો થઈ રહ્યા છે. હડતાળ સાથે કોઈક મહત્વનો પ્રશ્ન સંકળાયેલો છે. પાંચ હજાર જેટલા કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા છે. ભારતમાં જ હડતાળો પડે છે એવું

નથી. માનવપ્રકૃતિ અને એની સમસ્યાઓ લગભગ સર્વત્ર સરખી છે. દૈવી અને આસુરી પ્રકૃતિ સર્વત્ર પોતપોતાની રીતે પ્રતિસ્પર્ધી ભાગ ભજવતાં કાર્ય કરે છે. આવાં દૃશ્યો પરથી એનો ખ્યાલ આવે છે.

*

**૧૨-૭-૧૯૭૭, મંગળવાર**

ગઈકાલે રાતે લંડનના દક્ષિણ વિસ્તારમાં આવેલા એક સત્સંગમંડળમાં મારું પ્રવચન થયું. એનો વિષય પ્રાર્થનાનો હતો. ત્યાં આફ્રિકાના વિવિધ વિસ્તારોમાં વરસોથી કાર્ય કરતા સ્વામી કૃષ્ણાનંદજી પણ હાજર હતા.

પ્રવચન પછી બહાર નીકળતી વખતે સુરતનાં પ્રેમી સેવાભાવી બહેન સરોજબહેનના આફ્રિકામાં રહેતા ભાઈ મળ્યા. લંડનમાં તે કોઈક કાર્યાર્થે આવેલા. છેલ્લા ડિસેમ્બર–જાન્યુઆરીમાં તે સુરત આવેલા ત્યારે ત્યાં મારા પ્રવચન દરમિયાન મળેલા. એમને આટલે દૂર એકાએક મળીને સ્વાભાવિક રીતે જ ઘણો આનંદ થયો.

માતાજીને મસૂરીમાં પંદરેક દિવસ પહેલાં પગે ઠેસ વાગેલી. તેમાંથી છેલ્લા ત્રણ દિવસથી સોજો આવીને સખત દુઃખાવો ઊપડેલો. ગઈકાલે સાંજે એમની વ્યથા અતિશય વધી જવાથી શ્રી બાલમુકુંદભાઈના સુપરિચિત ડૉક્ટર શ્રી મનુભાઈ પાસે જઈને એમનો ઉપચાર કરાવ્યો. એથી એમને સારું લાગ્યું. પગની પીડાને લીધે માતાજી રાતના સત્સંગમાં નહોતા આવી શક્યાં.

*

**૧૩-૭-૧૯૭૭, બુધવાર**

મંગળવારે સાંજના વેમ્બલી વિસ્તારમાં મારે પ્રવચન કરવા જવાનું હતું. પરંતુ માતાજીથી પગના દુઃખાવાને લીધે ત્યાં આવી શકાય તેમ નહોતું, અને એમને એકલાં મૂકીને જવાનું યોગ્ય ના લાગ્યું, એટલે એ કાર્યક્રમ બંધ રાખ્યો. વેમ્બલી વિસ્તારમાં ઘરની મોટરમાં જતાં આવતાં જ કલાકેક લાગે અને બીજો દોઢેક કલાક ત્યાંના કાર્યક્રમનો. એટલે કાલના એક દિવસ માટે અપવાદરૂપે કાર્યક્રમ બંધ રાખ્યો.

લંડન શહેરનો વિસ્તાર દૂરદૂર સુધી ફેલાયેલો હોવાથી પ્રવચનો માટે દૂર-સુદૂર જવું પડે છે. એને લીધે શહેરના વિવિધ વિભાગોનું અવલોકન કરવાનો અનાયાસે અવસર સાંપડે છે. શહેર ખૂબ જ સ્વચ્છ, સુંદર ને શાંત છે.

*

**૧૪-૭-૧૯૭૭, ગુરૂવાર**

ગઈકાલે આખો દિવસ આકાશ વાદળથી ઘેરાયેલું રહ્યું. સૂર્યનારાયણનું દર્શન પણ ના થયું. મસૂરીમાં વરસાદના દિવસોમાં કોઈ વાર દિવસો સુધી જેવું વાદળવાળું વાતાવરણ હોય છે તેવું જ વાતાવરણ હતું. ઠંડી મસૂરી કરતાં ઓછી છે એ તો મેં પહેલાં પણ કહ્યું છે. ગઈકાલે પણ ઠંડક ઓછી હતી.

અમારે રહેવાનું સ્થળ ખૂબ જ શાંત અને સુંદર છે. વાતાવરણમાં સાત્વિકતા લાગે છે. મકાનની આગળ વિશાળ રસ્તો છે. એના પરથી પ્રતિપળે મોટરો પસાર થયા જ કરે છે. પાછળ રેલવેના પાટા છે. એની ઉપરથી થોડાથોડા વખતને અંતરે વાયુવેગે દોડતી ગાડીઓ પસાર થયા કરે છે.

કાલે હેરો વિસ્તારમાં પુનઃ પ્રવચન કરવા જવાનું થયું. પ્રવચનસ્થળ પ્રમાણમાં ઘણું સારું હતું. સંચાલિકા બહેન જયાબહેન સેવાભાવી ને માયાળુ દેખાયાં. ત્યાંના થોડાક શ્રોતાઓએ દિવસો સુધી એક જ સ્થળે વ્યવસ્થિત પ્રચાર કરીને ગીતા પ્રવચનો યોજવાની માગણી કરી. એ સંબંધમાં બે-ત્રણ દિવસમાં જ આવશ્યક આયોજન કરવાની વિજ્ઞપ્તિ કરી.

રવિવારે બપોરે ચાર વાગ્યે ત્યાં જ પ્રવચન માટેનું આમંત્રણ અપાયું. એ આમંત્રણનો મેં સ્વીકાર કર્યો.

આજે અમારા લંડન પ્રવેશનો આઠમો દિવસ છે. કાળ પોતાનું કામ કર્યે જ જાય છે. લંડનમાં આવવાનો વિચાર સાકાર બન્યો અને હવે લંડનની હવા વચ્ચે અહીંના નિર્ધારિત નિવાસનો એકેક દિવસ ઓછો થતો જાય છે. કાળની ગતિ એવી ગહન છે.

*

**૧૫-૭-૧૯૭૭, ગુરૂવાર**

લંડન શહેર કેટલું બધું સુંદર અને સુવિશાળ છે એનો સાચો સંપૂર્ણ ખ્યાલ તો એના વિવિધ વિસ્તારોનું અવલોકન કરવાથી જ આવી શકે છે. કાલે સાંજે અમે સૌથી પ્રથમ તો શહેરના હેરોથી આગળના વિસ્તારના એક વિશાળ ઉદ્યાનની મુલાકાત લીધી. ત્યાં કેટલોક વખત રોકાઈને પછી મધ્ય લંડન અને લંડનના પુરાતન વિસ્તારમાંથી પસાર થયા. રસ્તામાં શ્રી રવીન્દ્રનાથ ટાગોર તથા મહાત્મા ગાંધીજી રહેતા તે સ્થળો પણ જોવા મળ્યાં. આગળ જતાં સ્કોટલેન્ડ યાર્ડ, પાર્લામેન્ટ હાઉસ, ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ અને એમાં આવેલું ઈંગ્લેન્ડના વડાપ્રધાનનું નિવાસસ્થાન, પ્રખ્યાત બકિંગહામ પેલેસ, સુંદર થેમ્સ નદી અને એનો ચિત્તાકર્ષક પુલ, એ સૌનું અવલોકન કર્યું. થેમ્સ નદીના પુલનો પ્રભાવ કવિ વર્ડઝવર્થ પર ખૂબ જ મોટા પ્રમાણમાં પડેલો. એથી મંત્રમુગ્ધ બનીને કવિએ જે કાવ્ય લખેલું એમાં એ સુંદર દૃશ્ય તરીકે વર્ણવેલું. એ દૃશ્ય ચિત્તાકર્ષક છે અને પોતાનું આગવું મહત્વ ધરાવે છે એમાં સંદેહ નથી.

લંડનના રસ્તાઓ ખૂબ જ મોટા અને પહોળા છે. રસ્તા કે ફૂટપાથ પર જતા આવતા માણસો ભાગ્યે જ દેખાય છે. રસ્તાઓ નિર્જન જેવા હોય છે એમ કહીએ તો ચાલે. જાણે કે બધાં પોતપોતાના કામમાં પ્રવૃત્ત છે અને કોઈ નવરું જ નથી.

રસ્તા પર મોટરો મોટી સંખ્યામાં દોડ્યા કરે છે તો પણ હોર્ન ભાગ્યે જ સાંભળવા મળે છે. મોટરસાઈકલવાળા માથે આત્મરક્ષા માટે ટોપ પહેરે છે. રસ્તા પર સૌથી પ્રથમ વાર બે નાનકડી સાઈકલો જોઈ. આટલા મોટા મોટરોવાળા શહેરમાં એ જુદી તરી આવતી.

*

**૧૬-૭-૧૯૭૭, શનિવાર**

લંડન જેવા સુસમૃદ્ધ સુવિશાળ શહેરમાં રામાયણ અને ભાગવતનાં એકસો આઠ પારાયણો થાય એ ભારતના અનેક લોકોને આશ્ચર્યકારક લાગશે, પરંતુ એમાં આશ્ચર્યકારક જેવું કશું જ નથી. અધિક માસના ઉપલક્ષમાં અહીંના ગુજરાતી ધર્માનુરાગી ભાઈઓ તરફથી એ બંને પ્રકારનાં પારાયણો યોજવામાં આવ્યાં છે. ગઈકાલે રામાયણ પારાયણના પૂર્વારંભનો કાર્યક્રમ હતો.

ભારતમાંથી ભાગવતસપ્તાહ માટે સુપ્રસિદ્ધ કથાકાર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી ત્યાં આવેલા. એમનો મેળાપ થયો. વરસો પહેલાં મુબઈના વેદાંત સંમેલનમાં મળેલા સ્વામી વિષ્ણુપુરી મહારાજ પણ ત્યાં મળ્યા. ગ્રેટર કૈલાસ દિલ્હીમાં મારે પ્રવચનો કરવા જવાનું થતું ત્યારે ત્યાં મંદિરમાં પૂજારી તરીકે રહેતા વૃંદાવનના ગોસ્વામી મહાશયનું પણ મિલન થયું. એમનાં રૂપરંગ બદલાઈ ગયેલા. એ દિલ્હીમાં ચિંતાતુર હતા. પરંતુ એમને ઈશ્વરમાં, ભગવાન રામમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. રામાયણમાં પ્રીતિ હતી. એ ગ્રેટર કૈલાસમાં જુદાંજુદાં ઘરોમાં અવારનવાર રામચરિતમાનસનું પારાયણ કરાવતા. એમની રામાયણભક્તિ અનન્ય હતી. એ રામના શરણાગત બનેલા. ભગવાન રામે આખરે એમનો હાથ પકડ્યો અને એમનો ઉદ્ધાર કર્યો. એમને લંડન પાસેના સુપ્રસિદ્ધ શહેર લેસ્ટરના મંદિરમાં પૂજારી તરીકે લાવવામાં આવ્યા. એમની કાયાપલટ થઈ ગઈ. મારે ગ્રેટર કૈલાસ જવાનું થયું ત્યારે એ સમાચાર સાંભળીને મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે મને એક વાર કહેલું કે, મારે ઈંગ્લેન્ડ જવાનું થાય તેમ છે; ત્યાં જવાનું થશે તો હું તમને ત્યાં બોલાવીશ. અહીં આવ્યે એમને પાંચેક વરસ થઈ ગયાં. એમની સાથે કશો સ્થૂળ સંબંધ રહ્યો નહીં. મારે અહીં આવવાનું થતાં એમની સ્મૃતિ સ્વાભાવિક રીતે જ બળવત્તર બની. એમનો આકસ્મિક રીતે થયેલો મેળાપ અત્યંત આનંદદાયક થઈ પડે એ સ્વાભાવિક હતું. એમની મુખાકૃતિ એટલી બધી બદલાઈ ગયેલી, તેજસ્વી થયેલી અને આકર્ષક બનેલી કે પહેલાં તો એમને ઓળખી જ ના શકાયા. પાછળથી બધી માહિતી મેળવીને આનંદ થયો.

ઈશ્વર જેના પર કૃપા કરે છે તેને સાંસારિક સુખાકારી અથવા ભૌતિક સમૃદ્ધિ જ નથી આપતા. આદર્શ જ્ઞાની કે ભક્ત એટલાથી સંતુષ્ટ પણ નથી બનતો. ઈશ્વર એને સદ્‌બુદ્ધિ તો આપે જ છે. પરંતુ એથી પણ આગળ વધીને બુદ્ધિયોગ આપે છે. એવી બુદ્ધિ કે જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થાય.

એમને એવા બુદ્ધિયોગની પ્રાપ્તિ થાય એથી રૂડું બીજું શું હોઈ શકે ?

*

**૧૭-૭-૧૯૭૭, રવિવાર**

કાલે સાંજે રામાયણપારાયણના આયોજન સ્થળે મારું રામાયણ પર પ્રવચન યોજાયું. હૉલમાં શ્રોતાઓની મેદની સારી જામેલી.

શ્રોતાઓએ મારા પ્રવચનને સાંભળીને આનંદ વ્યક્ત કર્યો.

રામાયણ તથા ભાગવતના પારાયણ કાર્યક્રમોને લીધે શ્રી જીવણજીભાઈ તથા બાલમુકુંદભાઈ મારો કોઈ નિશ્ચિત સળંગ મોટા પાયા પરનો કાર્યક્રમ યોજી શક્યા નથી એટલે હમણાં થોડાક છૂટક કાર્યક્રમો કરીને સંતોષ માનવો રહે છે. જગદંબા ધીરેધીરે ને ક્રમેક્રમે પોતાની યોજનાને સાકાર કરશે એમ લાગે છે. તેની યોજના સર્વપ્રકારે મંગલ જ હશે.

અમને પોતાને ત્યાં ઉતારનારા શ્રી જીવણભાઈ ખૂબ જ સેવાભાવી ને સરળ પ્રકૃતિવાળા સત્પુરૂષ છે. કાલે રાતે એમને ત્યાં સાપ્તાહિક સત્સંગના કાર્યક્રમમાં મારું બીજું પ્રવચન ગીતાના બીજા અધ્યાયના એક શ્લોક પર હતું.

બે દિવસથી વાદળ રહે છે. પરંતુ ઠંડક થોડીક ઓછી છે. આજથી અધિક શ્રાવણનો આરંભ થાય છે.

*

**૧૮-૭-૧૯૭૭, સોમવાર**

કાલે પૂર્વનિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે બપોરે ચાર વાગ્યે હેરો વિસ્તારમાં મારું પ્રવચન થયું. એક કલાક સુધી ચાલેલા પ્રવચનમાં શ્રોતાઓ સારા હતા. બુધવારે પાછું ત્યાં જ પ્રવચન થશે.

સાંજના થોડોક વરસાદ પડ્યો. કહે છે કે અહીં વરસાદ મન મૂકીને મુશળધારરૂપે નથી વરસતો પરંતુ ઝીણી ઝરમર રૂપમાં વરસે છે. થોડી વાર વરસે ને પાછો બંધ રહે છે. રસ્તા બધા ભીના થઈ જાય છે. લંડન શહેર એટલું બધું સ્વચ્છ છે કે વાત નહીં. એના પર જાણે કે મેઘનો મંગલ મીઠો અભિષેક થાય છે.

કાલે માતાજીએ હૉસ્પિટલમાં પગે પાટો બંધાવવા જવું પડ્યું. હજુ કાલે જવું પડશે. મસૂરીમાં ઠેસ વાગેલી તેનું પરિણામ આવું ભારે આવ્યું. ઈશ્વરની ઈચ્છાની વાત છે.

*

**૧૯-૭-૧૯૭૭, મંગળવાર**

કાલે ક્યાંય બહાર જવાનું ના થયું. બાલમુકુંદભાઈ મળવા આવેલા. તે બે-અઢી કલાક સુધી બેઠા. તે અહીંની સુપ્રસિદ્ધ સાધ્વી શ્યામાદેવી (શ્યામા માતા)નો સંદેશો લાવેલા. એમણે એમના મંદિરમાં આવવાનું આમંત્રણ આપેલું. અમારી ઈચ્છા એમની પાસે જવાની હતી, પરંતુ જીવણભાઈ કોઈ કાર્યાર્થે બહાર ગયેલા. એ આવે તે પછી જ એમની મોટરમાં બહાર જઈ શકાય તેમ હતું. એમને શ્યામાદેવીના આમંત્રણની માહિતી ન હતી. બીજો વિકલ્પ ટ્રેનમાં જવાનો હતો. અહીંની ભૂગર્ભ ટ્રેનમાં બેસવાનો અવનવો અનુભવ કરવા જેવો હતો. બાલમુકુંદભાઈ તેને માટે તૈયાર હતા. પરંતુ માતાજીને પગે હજુ સંપૂર્ણ આરામ ના થયો હોવાથી એમનાથી વધારે વખત સુધી ઉઘાડા પગે ચાલી શકાય તેમ નહોતું. એથી એ વિચાર પડતો મૂકવો પડ્યો. બાલમુકુંદભાઈ શ્યામાદેવીને ત્યાં જવા માટે ટ્રેન દ્વારા વિદાય થયા. અને એ કાર્યક્રમ મુલતવી રાખ્યો.

*

**૨૦-૭-૧૯૭૭, બુધવાર**

કાલે સાંજના વેમ્બલી વિસ્તારમાં સત્સંગ માટે જવાનું થયું. સંકીર્તન પર પ્રવચન થયું. કાર્યક્રમ એકંદરે સારો રહ્યો. આ બાજુની જનતા મોટે ભાગે ખૂબ જ ધર્મપ્રેમી અને ઉત્સાહી છે.

વેમ્બલી પહોંચ્યા ત્યારે અને તે પહેલાં ધીમોધીમો, અત્યંત મંદ ગતિથી વરસાદ પડતો હતો. આકાશ અભિષેક કરતું હતું. કહે છે કે અહીં વરસાદ આવી રીતે તદ્દન મંદગતિથી પડતો હોય છે.

*

**૨૧-૭-૧૯૭૭, ગુરૂવાર**

લંડનમાં મોટા ફોરે જોરથી પણ વરસાદ પડે છે તે કાલે બપોરે જોઈ શકાયું. પવનના સહયોગ સાથે વીસેક મિનિટ વેગથી વરસાદ પડ્યો. પરંતુ તે પછીથી તરત આકાશ ઊઘડી ગયું ને સરસ સૂર્યપ્રકાશ નીકળ્યો. ભારતમાં પણ આવાં દૃશ્યો સહેજ સંશોધન-સંવર્ધન સહિત, વરસાદના દિવસોમાં વારંવાર જોવા મળતાં હોય છે. એવાં દૃશ્યો અવનવો આનંદ આપે છે.

સાંજે હેરો ઑન ધી હિલ્સ વિસ્તારમાં પ્રવચન થયું. માનવોને શાંતિની ઝંખના ઘણી છે અને એથી પ્રેરાઈને એ સત્સંગમાં સારા પ્રમાણમાં ભાગ લે છે. મોટા ભાગના માનવો દુન્યવી પદાર્થોમાં અને સાંસારિક

સુખોપભોગોમાં જ રત છે અને રહેવાના. તો પણ અમુક વર્ગના માનવો સમજે છે કે જીવનની સુખાકારી, શાંતિ, સંપૂર્ણતા, સફળતા તેમ જ સાર્થકતા માટે આત્માભિમુખ બનવાની પણ આવશ્યકતા છે. એ નિશાની ખૂબ જ તંદુરસ્ત અને આવકારદાયક છે.

*

**૨૨-૭-૧૯૭૭, શુક્રવાર**

કાલે બહારના કોઈયે કાર્યક્રમ નહોતો રાખ્યો. દિવસભર ઉતારા પર જ રહેવાનું થયું. બાલમુકુંદભાઈ એમના મિત્રો સાથે આવેલા. એમના સાથે અને જીવણભાઈ સાથે ભાવિ કાર્યક્રમ સંબંધી વાતચીત કરી. એમણે જણાવ્યું કે સ્વામી કૃષ્ણાનંદ કોઈ કારણે મારો વિરોધ કરે છે. વાત વિચિત્ર લાગી. એ મારો કે કોઈનો શા માટે વિરોધ કરે ? કરે તો એ એમને માટે સહેજ પણ શોભાસ્પદ ના ગણાય. મહત્વની વાત તો એ છે કે મારું જીવન ઈશ્વરની ઈચ્છા, પ્રેરણા કે યોજના પ્રમાણે ચાલી રહ્યું છે. એની પાછળ એમની કૃપા કામ કરે છે. મારું મુખ્ય બળ એ જ છે. એટલે કોઈ સાધારણ કે અસાધારણ માનવની ઈચ્છાનો નહીં પરંતુ ઈશ્વરની ઈચ્છાનો, એમની અનંત અનુકંપાનો જ વિજય થશે. ઈશ્વરે જે ધાર્યું હશે તે જ થશે. આટલે દૂર લાવવા પાછળ એમનો કોઈ મંગલ હેતુ હશે જ.

*

**૨૩-૭-૧૯૭૭, શનિવાર**

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીના વિશેષ આમંત્રણને માન આપીને ગઈ કાલે સાંજે એમના ભાગવતસપ્તાહના કાર્યક્રમમાં પ્રવચન કરવા જવાનું થયું. ભાગવતસપ્તાહ એક ચર્ચના હૉલમાં યોજાયેલ. શ્રોતાઓની સંખ્યા ઘણી સારી હતી. મેં ભાગવત પર જ પ્રવચન કર્યું. પ્રવચનનો પ્રભાવ ઘણો સારો પડ્યો. સર્વપ્રકારે આનંદ રહ્યો. શ્રી કૃષ્ણશંકર ખૂબ જ નમ્ર, સરળ, મધુરભાષી, વિદ્વાન સત્પુરૂષ છે. એમનો વ્યવહાર ઉત્તમ હતો. સંતો પ્રત્યે એ પુષ્કળ પ્રેમ ધરાવે છે. એમનો આચાર બીજાને માટે અનુકરણીય છે. એમણે પોતાનું સમગ્ર જીવન ભાગવત પાછળ સમર્પિત કર્યું છે એમ કહીએ તો ચાલે.

*

**૨૪-૭-૧૯૭૭, રવિવાર**

કાલે રાતે માધવાશ્રમમાં સંકીર્તનના કાર્યક્રમમાં મારું ભાગવત પર પ્રવચન થયું. શ્રોતાઓ સારી સંખ્યામાં ઉપસ્થિત હતા. એકંદરે આનંદ રહ્યો. રાતે સૂવાનું મોડું થયું.

પહેલાં બપોરે બહારગામ પ્રવચન કરવા જવાનો કાર્યક્રમ હતો તે કોઈ કારણે બંધ રહ્યો. સવારે પટણાના પેલા વૈદ્યરાજ સ્વામી મળવા આવ્યા. એમને રામાયણ પારાયણમાં આમંત્રવામાં આવ્યા છે. એ નિમિત્તે એમને લંડનમાં આવવા મળ્યું. એમનો સ્વભાવ સરળ, સેવાભાવી તથા છલરહિત છે. એમને મળીને ખૂબ જ આનંદ થયો.

કાલે આખો દિવસ તડકો રહ્યો. વાતાવરણ ગરમ રહ્યું. ઠંડી ઘણી જ ઓછી રહી. સૂર્યનારાયણ સોળે કળાએ પ્રકાશેલા રહ્યા.

*

**૨૫-૭-૧૯૭૭, સોમવાર**

ગયા રવિવારની જેમ આ રવિવારે પણ હેરો ઑન ધી હિલ્સ વિસ્તારમાં મારું પ્રવચન થયું. આજથી બ્રેન્ટ એસોસિયેશનના હૉલમાં મારાં પાંચ દિવસનાં જાહેર પ્રવચનો છે. તારીખ ૧ થી લેસ્ટરમાં પ્રવચનનો યોજાયાં છે. ૧૪મી ઑગસ્ટ ભારતીય વિદ્યાભવનમાં 'ગીતાનો સંદેશ' પર પ્રવચન થશે. એ સમાચાર કાલે શ્રી બાલમુકુંદભાઈએ આપ્યા.

ગઈ કાલે દિવસ મોટે ભાગે વાદળાવાળો રહ્યો. સૂર્યનારાયણનું દર્શન થોડી વાર માટે જ થયું. સાધારણ વરસાદ પડ્યો.

*

**૨૬-૭-૧૯૭૭, મંગળવાર**

કાલથી સાંજે બ્રેન્ટ ઈંન્ડિયન એસોસિયેશનના હૉલમાં પ્રવચનો શરૂ થયાં. કાલે રામાયણપારાયણની પૂર્ણાહુતિ હોવાથી શ્રોતાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હતી. આજથી સંખ્યા વધશે એવું લાગે છે. કાલનો દિવસ એકંદરે સારો રહ્યો.

*

**૨૭-૭-૧૯૭૭, બુધવાર**

કાલે ગીતા પરના મારા બીજા પ્રવચનમાં શ્રોતાઓની સંખ્યા પ્રથમ દિવસ કરતાં વધારે હતી. બાલમુકુંદભાઈએ પાછળથી બોલતાં જણાવ્યું કે ગીતા પર હું પણ પ્રવચનો કરું છું ને ગીતા પરનાં કેટલાંય પ્રવચનો મેં સાંભળ્યા છે, પરંતુ શ્રી યોગેશ્વરજીએ આજે ગીતાના અર્જુનવિષાદયોગ નામના પ્રથમ અધ્યાય પર જે વિચારો વ્યક્ત કર્યા એ અતિશય આશ્ચર્યકારક, આનંદદાયક અને અદ્‌ભુત છે. એમને સાંભળીને આપણને અનેરો આનંદ થયો છે. ગીતા પરનું આ પ્રકારનું સરસ પ્રવચન મેં સૌથી પ્રથમ વાર જ સાંભળ્યું, અને મને ખાતરી છે કે સર્વે શ્રોતાઓ પણ પ્રથમ વાર જ સાંભળી રહ્યા છે.

એથી અધિક સુંદર અંજલિ બીજી કઈ હોઈ શકે ? શ્રોતાઓની પ્રસન્ન મુખમુદ્રા એમાં સાથ પુરાવતી હતી.

*

**૨૮-૭-૧૯૭૭, ગુરૂવાર**

પ્રવચનમાં પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધતી જાય છે. કોઈ પણ પ્રકારના બહારના પ્રચાર વિના માણસો આવતા જ જાય છે. હૉલ ગઈ કાલે નાનો પડ્યો. પૂરો ભરાઈ ગયો. આજથી હૉલની બધી જ ખુરશીઓ કાઢી નાખીને સૌને માટે નીચે બેસવાની વ્યવસ્થા કરવાની છે. ઈશ્વરની જે અસાધારણ અલૌકિક શક્તિ આટલે દૂર લાવી છે એ શક્તિ પોતાની ઈચ્છા અથવા યોજના પ્રમાણે ક્રમેક્રમે સઘળું કર્યા કરશે.

લંડનની ગુજરાતી જનતા ખૂબ જ ધર્મપ્રેમી ને ઉત્સાહી છે.

*

**૩૦-૭-૧૯૭૭, શનિવાર**

બ્રેન્ટ ઈન્ડિયન હૉલનાં પ્રવચનો ગઈ કાલે પૂરાં થયાં. કાલે માણસો વધારે હતા. છેલ્લા બે દિવસથી ખુરશીઓ કાઢી નાખીને હૉલમાં નીચે બેસવાનું રાખ્યું છે. આ પ્રવચનો વધારે ચાલ્યાં હોત તો દિવસે ભીડ વધતી જાત. હવે પહેલી તારીખથી લેસ્ટરમાં પ્રવચનો છે. ચૌદમીએ અહીં ભારતીય વિદ્યાભવનમાં છે, અને પંદરમી ઑગસ્ટથી અહીં બીજા મોટા હૉલમાં પંદર દિવસનો પ્રવચન કાર્યક્રમ યોજાયો છે. તે વખતે જનતાને વધારે લાભ મળશે.

ઝામ્બિયાના શ્રી ચીનુભાઈએ પ્રવચનો સાંભળીને ઝામ્બિયા માટે આમંત્રણ આપ્યું. ઈશ્વરની ઈચ્છાની વાત છે. એ જે ઉચિત સમજશે તે કરશે, ને સારું જ કરશે. આજે રાતે માધવાશ્રમમાં કાર્યક્રમ છે.

*

**૩૧-૭-૧૯૭૭, રવિવાર**

ગઈકાલે માધવાશ્રમમાં જીવણભાઈને ત્યાં કાર્યક્રમ હતો. આજે બે કાર્યક્રમ છે. હેરોમાં સવારે ૧૦ થી ૧૧ સમૂહધ્યાનનો કાર્યક્રમ રાખ્યો છે. અહીંનો એ પ્રકારનો એ પહેલો જ કાર્યક્રમ થશે. બપોરે ૪થી ૫ સુધીના ગાળામાં ત્યાં જ પ્રવચન છે.

કાલે દિવસભર તડકો રહ્યો. વાતાવરણ સારું રહ્યું. આજે પણ આકાશ ખુલ્લું છે.

કાલથી લેસ્ટરમાં સનાતન મંદિરમાં મારાં પ્રવચનો હોવાથી હવે ત્યાં જવાનું થશે. લંડનની બહાર લગભગ ૧૦૦ માઈલ જેટલે આવેલા બીજા નવા નગરમાં.

*

**૨-૮-૧૯૭૭, મંગળવાર**

આજે તો લંડનથી લગભગ સો માઈલ દૂર લેસ્ટરમાં છીએ. ગઈ કાલે લંડનથી સવારે ભાનુભાઈની સાથે એમની મોટરમાં એમનાં ધર્મપત્ની લીલાબહેન તથા બાલમુકુંદભાઈ સાથે લેસ્ટર આવવાનું થયું. લંડનથી લેસ્ટરનો માર્ગ નાનીનાની ટેકરીઓવાળો, વચ્ચેવચ્ચે સુંદર સઘન વૃક્ષોથી ભરેલો અને વિશાળ છે. બાર વાગ્યા પછી લેસ્ટર પહોંચીને અમે સનાતન મંદિરમાં પ્રવેશ્યા. મંદિર ખૂબ જ વિશાળ છે. મકાન પહેલાંનાં ચર્ચનું હોવાથી સુંદર છે. મંદિરના કાર્યકર્તાઓ ખૂબ જ વિવેકી, સેવાભાવી ને માયાળુ છે. એમણે અમારું સાદર સપ્રેમ સ્વાગત કર્યું.

થોડી વાર પછી મંદિરમાં જ પ્રસાદ લઈને ઉતારા પર આવ્યાં. ઉતારો પણ તદ્દન પાસે, સ્વતંત્ર ને સંપૂર્ણ સાનુકૂળ દેખાયો. એક ભાઈ – શ્રી વલ્લભભાઈએ સંતપુરૂષોને ઉતારવા માટે એ થોડા વખત માટે આપ્યો છે. એ એમની ઉદારતા, સહૃદયતા તથા સેવા ભાવના દર્શાવે છે. એવા આત્માઓને ધન્ય છે.

લેસ્ટરમાં મોટા ભાગની વસતિ ગુજરાતીઓની છે.

સાંજે અમે હિંદુ મંદિરની મુલાકાત લીધી. ત્યાં ગ્રેટર કૈલાસવાળા પહેલાંના પૂજારી શ્રી ગિરિરાજ ગોસ્વામીએ અમારું અતિશય પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. એમનો આત્મા ખૂબ જ ઉત્તમ અથવા અલૌકિક છે. એમના આગ્રહથી મેં ત્યાં થોડુંક પ્રવચન પણ કર્યું. સનાતન મંદિરના કાર્યક્રમની પૂર્ણાહૂતિ પછી એમણે હિંદુ

મંદિરને થોડાક દિવસો આપવાની જાહેર વિનંતી કરી. એ વિનંતીને મેં સપ્રેમ માન્ય રાખી. એમનો વ્યવહાર આદર્શ હતો. એમને સંપૂર્ણ સુખી જોઈને મને સંતોષ થયો.

રાતે સનાતન મંદિરમાં પ્રવચન કર્યું. અહીં સાત દિવસનાં પ્રવચનો યોજાયાં છે. આ સ્થળમાં સૌનો સાત દિવસનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

લંડન કરતાં અહીં ઠંડી ઘણી ઓછી છે. વાતાવરણ એકંદરે અનુકૂળ અને સારું છે.

*

**૩-૮-૧૯૭૭, બુધવાર**

કારણ ગમે તે હોય પરંતુ લેસ્ટરના માણસો લંડનના માણસો કરતાં વધારે માયાળુ દેખાય છે. એમાંય મંદિરના કાર્યકર્તાઓમાંના એક કાર્યકર્તા શ્રી રમેશભાઈ આચાર્ય એક રત્ન જેવા છે. એમનો સ્વભાવ ઘણો જ સારો છે. એમની સમજશક્તિ, સેવાભાવના ખૂબ જ ઊંચી છે. જે સંસ્થામાં એવા સાત્વિક અને સંસ્કારી પુરુષો વસે છે તે સંસ્થાની પ્રગતિ તથા પ્રતિષ્ઠામાં સંદેહ નથી રહેતો. એવા પુરુષો કોઈ પણ સંસ્થાની શોભારૂપ છે.

*

**૪-૮-૧૯૭૭, ગુરૂવાર**

ગઈ કાલે સાંજે એક ભાઈની મોટરમાં લેસ્ટર શહેરના કેટલાક લત્તાઓ જોયા.

શહેર એકંદરે સારું ને વિશાળ લાગ્યું.

સાંજે પ્રવચનમાં શ્રોતાઓની સંખ્યા સારી હોય છે.

*

**૬-૮-૧૯૭૭, શનિવાર**

લેસ્ટરમાં પ્રવચનો સારી રીતે ચાલે છે. જનતા ઉત્સાહી છે. રહેવાનું સ્થળ પણ સારું છે. કાલે એક સંસ્કારી કુટુંબને ત્યાં જવાનું થયું. એ કુટુંબ ખૂબ જ ભાવિક હતું.

*

**૮-૮-૧૯૭૭, સોમવાર**

ગઈ કાલે સનાતન મંદિરમાં પ્રવચનો પૂરાં થયાં. હવે આજથી તા. ૧૩ સુધી હિંદુ મંદિરમાં પ્રવચનો થશે. અહીં રહેવાની વ્યવસ્થા શ્રી વલ્લભભાઈના મકાનમાં છે. એ પુરુષ પોતાના પુત્રને ત્યાં બીજે રહે છે અને એમના આ વિશાળ વ્યવસ્થિત મકાનનો સદુપયોગ સંતોના ઉતારા માટે કરે છે. એમની ભાવના ખૂબ જ ઉચ્ચ ને પ્રશંસનીય છે.

કાલે પ્રવચનના પ્રારંભ પહેલાં જે રામાયણના કથાકાર ભાઈ હૉલમાં આવેલા એ એમના યજમાનો સાથે પ્રવચન પહેલાં જ ઊઠી ગયા. એમનો એ વ્યવહાર આદર્શ અથવા સ્તુત્ય નહોતો. પ્રવચન પહેલાં ને પ્રવચન વચ્ચે પણ કેટલાક લોકોની ઊઠવાની ટેવ અયોગ્ય છે. મારે એને માટે બે વાર સૂચના આપવી પડી. સત્સંગીજનો સભ્યતાના સામાન્ય પાઠો ક્યારે શીખશે ?

*

**૯-૮-૧૯૭૭, મંગળવાર**

કાલથી હિંદુ મંદિરમાં પ્રવચનોનો પ્રારંભ થયો. મંદિર પ્રમાણમાં નાનું હોવા છતાં પણ શ્રોતાઓ ખૂબ જ શિસ્તબદ્ધ હતા. પ્રવચનો ભાગવત તથા ગીતાના સમન્વયને અનુલક્ષીને આરંભ્યા. વાતાવરણ શાંત તથા સુંદર હતું.

ઈંગ્લેન્ડની વિશિષ્ટતા જાણવા જેવી છે. સમસ્ત દેશમાં વૃદ્ધ સ્ત્રીપુરુષોને સરકાર તરફથી નિયમિત આર્થિક મદદ મળે છે. નોકરી-ધંધા વગરનાને જ્યાં સુધી કામ ના મળે ત્યાં સુધી સહાયતા કરવામાં આવે છે. દવાની ને શિક્ષણની સગવડ મફત છે, અને પુસ્તકો પણ મફત પૂરાં પાડવામાં આવે છે. સૌ કોઈ પોતપોતાના કામમાં મગ્ન રહે છે. રસ્તાઓ મોટે ભાગે સૂના હોય છે. સ્વચ્છતા ખાસ ધ્યાન ખેંચે છે. મોટરો મોટા પ્રમાણમાં હોવા છતાં આશ્ચર્યકારક હકીકત એ છે કે કોઈ હૉર્ન વગાડતું જ નથી. આટલા દિવસમાં એક પણ હૉર્ન નથી સંભળાયું. બધા એટલી બધી સરસ, સમજપૂર્વક અને વ્યવસ્થિત રીતે મોટરો ચલાવે છે કે કોઈને હૉર્ન વગાડવાની આવશ્યકતા જ નથી પડતી.

છેલ્લા બે દિવસથી આકાશ વાદળવાળું રહે છે. વચ્ચેવચ્ચે મંદમંદ વરસાદ પણ પડે છે.

*

**૧૦-૮-૧૯૭૭, બુધવાર**

ગઈ કાલે હિંદુ મંદિરના શ્રી ગિરિરાજ ગોસ્વામીજીએ અહીં આવ્યા પછીની એમની આપવીતી સંભળાવી. એ અનેક પ્રકારની અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થઈને, પાર ઊતરીને, ઉજ્જવળ બન્યા છે. ઈશ્વરની કૃપાથી સ્થિર થયા છે. એમનો આત્મા આલોકિત થયો છે. એમની ઉપર ઈશ્વરનો અનુગ્રહ છે. ઈશ્વરની કૃપાથી શું નથી થતું ? એ નરને નારાયણ કરે છે.

*

**૧૪-૮-૧૯૭૭, રવિવાર (અધિક શ્રાવણ વદ અમાસ)**

કાલે હિંદુ મંદિરનાં પ્રવચનો પૂરાં થયાં. જનતાએ પુષ્કળ પ્રેમ દાખવ્યો. આજે લંડન જઈશું. ત્યાં સાંજે ભારતીય વિદ્યાભવનમાં અંગ્રેજીમાં પ્રવચન રાખ્યું છે.

લેસ્ટરનો સમય એકંદરે આનંદદાયક રહ્યો. વાતાવરણ સારું રહ્યું.

કાલે ગિરિરાજજી એમના મકાને પણ લઈ ગયા. મકાન સારું હતું. એને અવલોકીને આનંદ થયો. અહીં આવ્યા પછી ગિરિરાજની બધી રીતે ઉન્નતિ થઈ છે. ઈશ્વરની એમની ઉપર કૃપા છે. એમની ભાવના ભવિષ્યમાં એક મોટો યજ્ઞ કરવાની અને એમાં ભારતના થોડાક વિદ્વાન બ્રાહ્મણોને બોલાવવાની છે. ઈશ્વર એ ભાવના પૂરી કરે.

*

**૧૫-૮-૧૯૭૭, સોમવાર**

કાલે લેસ્ટરથી નીકળીને શ્રી રમેશભાઈ તથા ગોવિંદભાઈ સાથે લંડન આવવાનું થયું. સાંજે ભારતીય વિદ્યાભવનમાં પ્રવચન થયું. પ્રવચન અંગ્રેજીમાં હતું. ભવનનું સ્થાન પ્રમાણમાં નાનું હોવા છતાં સારું છે. ત્યાંના સંચાલક શ્રી કૃષ્ણમૂર્તિ માથુર ખૂબ જ પ્રેમાળ, માયાળુ, નમ્ર ને સરળ છે. એ સાધુ પ્રકૃતિના વિદ્વાન

સત્પુરુષનો વ્યવહાર ઘણો જ સારો હતો. ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ સરખા એ પુરુષ એ સ્થાનની શોભારૂપ હતા. મારું ગીતાપ્રવચન એમને અને અન્ય શ્રોતાઓને ઘણું ગમ્યું. એમણે એની પ્રશંસા કરી. ઈશ્વરની કૃપા.

લંડનમાં નિવાસ શ્રી જીવણભાઈને ત્યાં માધવાશ્રમ જ રાખ્યો છે. આજથી તા. ૨૮ સુધી રોજ પ્રવચનો રાખવામાં આવ્યાં છે.

*

**૧૬-૮-૧૯૭૭, મંગળવાર**

ગઈ કાલે શ્રી પીટરની યોગશિબિર તથા રિટ્રિટમાં વિશેષ આમંત્રણથી પ્રવચન કરવા ને ધ્યાનવિધિને શીખવવા જવાનું થયું. ૮૦ જેટલા યુવકો અને યુવતીઓ સાત દિવસ માટે ત્યાં સાધના માટે એકઠાં થયેલાં. મેં ત્યાં ધ્યાનની સંપૂર્ણ સમજ આપીને સમૂહધ્યાન કરાવ્યું. આખોય કાર્યક્રમ ખૂબ જ પ્રિય બન્યો અને અંગ્રેજીમાં થયો. આટલી બધી નાની ઉંમરના અંગ્રેજ સાધકો યોગસાધનામાં રસ લે છે એ જોઈને મને ખૂબ જ આશ્ચર્ય થયું. આનંદ થયો. સૌ શાકાહારી હતા એ એક નોંધપાત્ર વિશેષતા હતી.

પશ્ચિમમાં યોગાભ્યાસ લોકપ્રિય બનતો જાય છે એ વસ્તુ ઉત્સાહજનક અને આવકારદાયક છે.

સાંજે બ્રેન્ટ ઈન્ડિયન એસોસિયેશનના ૧૫ ઑગસ્ટના વિશેષ કાર્યક્રમમાં વિશેષ આમંત્રણથી પ્રવચન કરવાનું થયું. વિદેશમાં વસતા ભારતીયોની એ સંસ્થા ભારત પ્રત્યે પ્રેમ રાખે છે. અને ભારતને મદદરૂપ બનવાનું કાર્ય કરે છે. સમારંભના અધ્યક્ષ તરીકે વેમ્બલીના મેયરશ્રી હતા.

એ કાર્યક્રમ પણ નવો ને સરસ રહ્યો. મારું પ્રવચન સૌને ગમ્યું.

*

**૨૦-૮-૧૯૭૭, શનિવાર**

છેલ્લા પાંચેક દિવસથી ઋતુ સારી નથી. બગડી છે. વરસાદ થોડોથોડો પડ્યા કરે છે. એક દિવસ તો આખી રાત અને દિવસ ખૂબ જ વરસાદ પડ્યો. એવો ભારે વરસાદ પહેલી જ વાર જોયો. ત્યારથી આજ સુધી સૂર્યનારાયણનું દર્શન નથી થયું. તાપ નથી દેખાયો. એને લીધે ઠંડીનું ને ભેજનું પ્રમાણ વધ્યું છે.

રાતે બ્રેન્ટ એસોસિયેશનના સ્થાનમાં ગીતા પ્રવચનો ચાલે છે.

*

**૨૧-૮-૧૯૭૭, રવિવાર**

બે દિવસથી શ્રી કાપડિયા આવે છે. એ સુપ્રસિદ્ધ સંત શ્રી રંગ અવધૂતના શિષ્ય છે. એમની શ્રદ્ધાભક્તિ તથા નિષ્ઠા અજબ છે. એ રંગ અવધૂતનું કેન્દ્ર પણ ચલાવે છે. એમની શ્રદ્ધાભક્તિ જોઈને આનંદ થાય છે.

કાલે સાંજે એક બીજા સ્થળે ધ્યાનની વિધિ બતાવવા જવાનું થયું. ત્યાં એક ભાઈ શ્રી રામચંદ્રન મળ્યા. એમણે મારી ધ્યાનવિધિથી પ્રભાવિત ને પ્રસન્ન થઈને મને ધ્યાનના કાર્યક્રમો માટે ઈટલી અને યુરોપના બીજા દેશોમાં લઈ જવા તથા ત્યાં સુવ્યવસ્થિત કાર્યક્રમો યોજવાની તૈયારી બતાવી. મેં એને માટે

અનુમતિ આપી. એ મેળાપ ઈશ્વરની ઈચ્છાથી જ – બહેન લક્ષ્મીને ત્યાં થયો. ઈશ્વરની લીલા અકળ છે. તે ક્યારે, કેવી રીતે, શું કરવા માગે છે તે કોણ કહી શકે ?

ગઈ કાલથી ઋતુ સુધરી છે. તાપ નીકળે છે. આજે પણ આકાશ ખુલ્લું છે.

*

**૨૨-૮-૧૯૭૭, સોમવાર**

કાલે અંગ્રેજ યુવક-યુવતીઓ સમક્ષ એક બીજા યોગકેન્દ્રમાં મારું 'મુદ્રાઓ' પર પ્રવચન થયું. અંગ્રેજ યુવક-યુવતીઓ યોગમાં સારો રસ ધરાવે છે. એમને જોઈને મને ખૂબ જ આનંદ આવે છે. પ્રવચન પછી જે પ્રશ્નો પુછાયા તે પણ રસિક તથા જિજ્ઞાસામૂલક હતા. પ્રશ્નોત્તર પછી એ અંગ્રેજ ઘરની મોટી બિલાડી શાંતિથી સહજ ભાવે આવીને મારા ખોળામાં બેસી ગઈ. એને સહેજ પણ સંકોચ ના થયો. દસેક મિનિટ સુધી એ સૌના દેખતાં મારા ખોળામાં બેસી રહી. મૂંગા પ્રાણીઓ પણ કેટલાં બધાં લાગણીવાળાં હોય છે !

સવારે માધવાશ્રમમાં મારે ઉતારે જ સમૂહધ્યાનનો કાર્યક્રમ યોજ્યો. રાતે હૉલમાં ગીતા પર પ્રવચન હતું. એવી રીતે આખો દિવસ પ્રવૃત્તિમય રહ્યો.

*

**૨૪-૮-૧૯૭૭, બુધવાર**

ભગવાન સોહમનું નામ સાંભળેલું. એમને મળવાનું સૌભાગ્ય ગઈ કાલે પ્રાપ્ત થયું. બાલમુકુંદભાઈ સાથે અમે એમને મળવા ગયા. એમણે અમારું ખૂબ જ પ્રેમથી સ્વાગત કર્યું. એ મૌનવ્રત રાખે છે. એમની નમ્રતા, સરળતા અને માયાળુતા નોંધપાત્ર લાગી. એમણે અમારી સાથે લખીને વાતો કરી.

છૂટા પડતી વખતે એ અમને મોટર સુધી વળાવવા આવ્યા. ફરી વાર આવવાનું આમંત્રણ આપ્યું. અમે એ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો.

રાતે ટુટિંગ લાઈબ્રેરીમાં મારું 'કર્મયોગ' પર પ્રવચન હતું. ત્યાંનાં લાઈબ્રેરીયન શ્રી ભદ્રાબહેન પટેલે ગુણદર્શી વૃત્તિથી પ્રેરાઈને ત્યાં મારાં બે પ્રવચનો ગોઠવ્યાં છે.

*

**૨૭-૮-૧૯૭૭, શનિવાર**

બે દિવસથી રાજકોટના જલારામ પ્રાર્થના મંદિરવાળાં શ્રી ભાનુબહેન પ્રવચનમાં આવે છે. એ નૈરોબી થઈને લંડન આવ્યાં છે. એમની ભાવના ઘણી ઉદાત્ત છે.

આજથી ત્રણ દિવસ હેરો ઑન ધી હિલ્સમાં શ્રી જયાબહેનને ત્યાં સવારે ૧૦.૩૦ થી ૧૨ સુધી સમૂહધ્યાનનો કાર્યક્રમ રાખ્યો છે.

ભાઈ રામચંદ્ર ઈટાલી લઈ જવા માગતા'તા પરંતુ ફાવે તેવું નથી. ત્યાં બધે ખ્રિસ્તી મઠોમાં ઊતરવાનું હોવાથી માતાજીને સાથે લઈ જવાની મુશ્કેલી છે, કારણ કે મઠોમાં કેવળ પુરુષો જ રહે છે ને ઊતરી શકે છે. એટલે એમનો પ્રસ્તાવ સ્વીકારી ના શકાયો. ઈશ્વરની ઈચ્છાની વાત છે. એને જે મંજૂર હોય તે જ થાય છે. એમાં કાંઈ ને કાંઈ મંગલ જ હોય છે.

*

**૨૯-૮-૧૯૭૭, સોમવાર**

કાલે બ્રેન્ટ ઈન્ડીયન એસોસિયેશનના સ્થળનાં પ્રવચનો પૂરાં થયાં. આજથી હેરોમાં પ્રવચનો થશે. આજે હેરોમાં ચાલતા સમૂહધ્યાનનો છેલ્લો દિવસ છે. કાલે સાંજે નાથજી દ્વારા સંચાલિત ઉત્તર લંડનના યોગકેન્દ્રમાં યોગ વિશેની વિશેષ સમજ આપવા ખાસ આમંત્રણથી જવાનું થયું. અંગ્રેજ યુવક-યુવતીઓએ ખૂબ જ રસપૂર્વક આસનો કર્યાં. એ જોઈને આનંદ થયો. આસન, પ્રાણાયામ અને ધ્યાનનો પ્રચાર જેટલો પણ થાય એટલો ઓછો છે.

*

**૨-૯-૧૯૭૭, શુક્રવાર**

હેરોનાં પ્રવચનો ગઈ કાલે પૂરાં થયાં. એ કાર્યક્રમ ઘણો સારો રહ્યો. પ્રવચન પછી ચાર દિવસ રામભક્તનાં ભજનો પણ થતાં. હવે આજથી પૂર્વ લંડનમાં પંજાબી ભાઈઓના મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિપ્રતિષ્ઠા થવાની હોવાથી એના ઉત્સવ નિમિત્તે ત્યાં મારાં ત્રણ દિવસનાં પ્રવચનો યોજાયાં છે. પાંચમી તારીખથી પ્રેસ્ટનમાં કાર્યક્રમ છે.

બુધવારે બપોરે શ્રી રૂપકિશોરજી ગુરૂજીનાં શિષ્યા જીતનો મેળાપ થયો. એમનો સ્વભાવ ઘણો સારો છે. એમના વિચારો તથા ભાવો ઉચ્ચ કોટિના છે. એમને ચિત્રકળા તથા સંગીતમાં વિશેષ રસ છે. એમને મળીને આનંદ થયો.

*

**૪-૯-૧૯૭૭, રવિવાર**

ઈસ્ટ લંડનના હિંદુ મંદિરમાં બે દિવસથી જવાનું થાય છે. કાલે ત્યાં પ્રવચન થયું. શ્રી ગિરિરાજ ગોસ્વામી રાધાકૃષ્ણની મૂર્તિપ્રતિષ્ઠાની વિધિ કરાવવા લેસ્ટર આવ્યા છે. એમનો પ્રેમભાવ અજબ છે. કાલે પ્રવચન પહેલાં એમણે જ મારો પરિચય કરાવ્યો. એટલા માટે એ સાંજે જમ્યા ન હતા તો પણ આવ્યા. એમને ફરી વાર મળીને આનંદ થયો.

એકાદ કલાકના પ્રવચન પછી અમે પાછા આવ્યાં. એક બંગાળી દંપતીની મોટરમાં.

પૂર્વ લંડનનો વિસ્તાર પણ કેટલો બધો મોટો છે ? પ્રસિદ્ધ ઈન્ડિયા હાઉસ એ બાજુ જ છે.

આ બાજુ યુવા પેઢીનો ચર્ચમાંથી રસ ઓછો થતો જાય છે. કેટલાંક ચર્ચને ખરીદીને મંદિરોમાં પલટાવવામાં આવ્યાં છે. મંદિરો સંસ્કાર પ્રસારણનાં કેન્દ્રો કે સંસ્કૃતિધામો બને એ ઈચ્છવા યોગ્ય છે. આવકારદાયક છે. કેવળ જડ પરંપરાનાં પોષક બનવાને બદલે સમયોચિત સેવા સ્થળો થાય તો એમની મહત્તા વધે, અને યુવાપેઢીને પ્રિય બને. એમાં આવતા ધનનો ઉપયોગ જનહિત માટે કરવો જોઈએ.

*

**૫-૯-૧૯૭૭, સોમવાર, જન્માષ્ટમી**

કાલે રાતે દસ વાગ્યે લંડનથી નીકળીને રાતે બે વાગ્યે રામભક્ત સાથે અહીં સો માઈલ દૂર પ્રેસ્ટનમાં પ્રવેશ્યાં. રામભક્ત સાથે રસ્તો આનંદપૂર્વક કપાઈ ગયો. એ ઘણા માયાળુ, સાત્વિક, આનંદી ને સરળ સ્વભાવના છે. સેવાભાવી પણ એટલા જ. ઈ.સ. ૧૯૭૦થી એ ઈંગ્લેન્ડ આવે છે. અત્યાર સુધીમાં એમણે

આ તરફ ત્રણ મંદિરો કર્યાં છે. રાતે લંડનમાં રમેશભાઈને લેસ્ટર ફોન કરવાની વાત નીકળી તો તે તરત જ બોલ્યા કે ફોન શા માટે કરવો છે ? પ્રેસ્ટન જઈએ છીએ એવા સમાચાર આપવા ?

મે કહ્યું કે, આગળનો લીડ્ઝ વગેરેનો કાર્યક્રમ ગોઠવવા.

એમણે કહ્યું : 'હવે ફોન શા માટે કરવો છે ? હું છું એટલે કોઈની જરૂર નથી. હું ફોન કરીશ એટલે લીડઝનો ને બીજા બધા કાર્યક્રમો ગોઠવાઈ જશે.'

એ શબ્દો એમની નિષ્કામ સેવાભાવનાના સૂચક હતા. એમની સાદાઈ પણ નોંધપાત્ર છે.

રાતનું સૌન્દર્ય અનોખું હોય છે. માર્ગમાં મોટા પાકા પુલો ને પીળી લાઈટોનાં તોરણો આવે છે એ ખૂબ જ આહ્લાદક અથવા હૃદયંગમ લાગે છે.

અહીં અમારો ઉતારો શ્રી છોટુભાઈ લીમ્બાચિયાને ત્યાં છે. એ મંદિરના ખજાનચી છે ને વીસનગરના વતની છે. એ અને એમનાં પત્ની ખૂબ જ સેવાભાવી છે. ઘરમાં દેવીદેવતાના ફોટા છે. મંદિર છે. આજથી અહીં પ્રવચનો શરૂ થશે.

*

**૬-૯-૧૯૭૭, મંગળવાર**

મંદિરમાં જન્માષ્ટમીનો મંગલમય મહોત્સવ સારી રીતે ઊજવાયો. સ્વામી વિષ્ણુપુરીએ ગીતાયજ્ઞ કરાવ્યો. જનતાએ એનો લાભ લીધો. સાંજે મારું પ્રવચન થયું. ભગવાન કૃષ્ણના જન્મોત્સવ પહેલાં ને જન્મોત્સવ પછી રામભક્તનો ભજનકીર્તનનો કાર્યક્રમ હતો. પ્રેસ્ટનની જનતા જન્મોત્સવમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ઊમટેલી. મંદિર ભરાઈ ગયેલું. મંદિરનું અત્યારનું મકાન પહેલાં હાઈસ્કૂલનું હતું. આખા મકાનમાં દર્શનાર્થીઓની ભીડ જામેલી. એ આખુંય દૃશ્ય અદ્‌ભુત અને આનંદદાયક હતું.

અહીં તો સાંજના સાડાસાત એટલે ભારતમાં રાતના બાર. એ વખતે 'જય કનૈયાલાલકી, હાથીઘોડા પાલકી'ના જયઘોષો વચ્ચે સૌએ અંતરના આનંદની અભિવ્યક્તિ કરી.

એ આખોય દિવસ યાદગાર બની ગયો.

*

**૭-૯-૧૯૭૭, બુધવાર**

પ્રેસ્ટનની પ્રજા ખૂબ જ ધર્મપ્રેમી, સત્સંગી તથા માયાળુ છે. કાલે મારા પ્રવચનમાં જનતા ઘણી મોટી સંખ્યામાં હાજર રહેલી. અહીંનું વાતાવરણ ઘણું સારું છે. મંદિરના કાર્યકર્તા માયાળુ છે. ઠંડી લંડન કરતાં ઘણી ઓછી છે. આ બાજુ બધે સાતસાત દિવસનાં પ્રવચનો રાખવાની પ્રથા છે. જ્યાં પ્રવચનો હોય છે ત્યાંના કાર્યકર્તાઓ મોટર લઈને લેવા પણ આવે છે. એથી પ્રવચનકારોને અનુકૂળતા રહે છે.

*

**૧૦-૯-૧૯૭૭, શનિવાર**

કાલે સાંજે ભાઈ માળીએ આવીને જણાવ્યું કે એમની ઈચ્છા અમારી ભારત જવાની એક ટિકિટની રકમ આપવાની છે. એમને કોણ જાણે એવી ભાવના કેમ થઈ. એવી ભાવના ઈશ્વરની કૃપા વિના ના થાય ને પ્રશસ્ય કહેવાય.

મેં એમને જણાવ્યું કે તમે શા માટે એવો ખર્ચ કરો છો, તો એમણે ઉત્તર આપ્યો કે, મારી એવી ઈચ્છા છે.

મેં કહ્યું કે, લંડનના અમને બોલાવનારા ભાઈએ ટિકિટો કઢાવશે પણ તે દ્રઢ જ રહ્યા. એમની ભાવનાને જોઈને મેં એમને સંમતિ આપી.

એ ભાઈની ભાવના ખૂબ જ અદ્‌ભુત કહેવાય. એમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

કાલે પ્રવચન પછી રાતે શ્રી છોટાભાઈએ ગોઠવ્યા પ્રમાણે અમે મોટરમાં થોડેક દૂર આવેલા બ્લેકપુલ શહેરમાં જઈ આવ્યાં. ત્યાં સમુદ્ર છે અને સપ્ટેમ્બરથી ઑક્ટોબરના એક મહિના દરમિયાન સરસ રોશની કરવામાં આવે છે. ત્યાંની મ્યુનિસિપાલિટી કે કાઉન્સિલ મારફત કરાતી એ રોશની પાંચ છ માઈલ જેટલી લાંબી હોય છે, અને મુખ્ય માર્ગની ઉપર તોરણોની જેમ કરવામાં આવે છે. એ રંગબેરંગી અદ્‌ભુત રોશની જોવા જેવી હોય છે. એ દર્શકોનું મુખ્ય આકર્ષણ મનાય છે. અમને એવા અવલોકનથી આનંદ થયો. આટલી બધી સુંદર, રંગબેરંગી, વિવિધ, ચિત્તાર્ષક રોશની અમે જીવનમાં પહેલી વાર જ જોઈ.

મોટર સાથે આવેલા ભીખુભાઈ એનો મર્મ સમજાવતા હતા. જીવનમાં પણ આત્મજ્ઞાનની એવી રોશની જાગે તો કેવો અવર્ણનીય અલૌકિક આનંદ આવે ?

*

**૧૨-૯-૧૯૭૭, સોમવાર**

પ્રેસ્ટનનો કાર્યક્રમ પૂરો થયો. પ્રેસ્ટનની જનતા ઘણી ભાવિક છે. શ્રી છોટાભાઈની લાગણી ને ભાવના પણ અજબ છે. એમનાં પત્ની કુસુમબહેન પણ સરળ ને સેવાભાવી છે. પ્રવચનો એટલાં બધાં લોકપ્રિય બન્યાં કે કાર્યકર્તાઓ બીજી વાર બોલાવવાનું વિચારી રહ્યા છે.

કાલે બ્લેકપુલ શહેર જોવા સાંજે ચાર પછી ગયાં. સમુદ્રને લીધે એ સ્થળ સુંદર લાગે છે. ત્યાં એક સ્થળે વિશ્વનાં જાણીતાં સ્ત્રીપુરુષોની મૂર્તિઓ જોઈ. તેમાં જે મહાત્મા ગાંધીજીની ને જવાહરલાલ નહેરુની પ્રતિમાઓ હતી તે જરાય સારી ના લાગી. એમની મુખાકૃતિઓ જુદી જ દેખાતી. એમને બદલવી કે સુધારવી જોઈએ.

આજે જમ્યા પછી પ્રવચનો માટે લીડ્ઝ જવાનું છે. લીડ્ઝ યૉર્કશાયરમાં ગણાય છે.

*

**૧૩-૯-૧૯૭૭, મંગળવાર**

લીડ્ઝ શહેર ઘણું મોટું છે. અહીં ક્રિકેટનું ટેસ્ટ-મેચ માટેનું હેડિંગ્લે ગ્રાઉન્ડ છે. સ્વતંત્ર યુનિવર્સિટી પણ છે. અહીંનુ હિંદુ ટેમ્પલ પ્રમાણમાં ખૂબ જ નાનું છતાં શાંત અને સારું છે. પૂજારી ચીમનલાલ પંડ્યા વડોદરાના છે ને સ્વભાવે મિલનસાર, સરળ, સેવાભાવી ને સારા છે. મંદિરની જગ્યા વિશાળ છે.

પ્રેસ્ટનથી બપોરે ઘરની મોટરમાં નીકળીને ચાર વાગ્યે લીડ્ઝ પહોંચ્યા. રસ્તામાં નાનીનાની ટેકરીઓ આવે છે. લીલાંછમ વિશાળ મેદાનો, ખેતરો તથા માંચેસ્ટર, બૉલ્ટન જેવાં દૂરદૂર આવેલાં શહેરો છે.

રાતે પ્રવચન થયું. અઠવાડિયા સુધી હવે અહીં જ પ્રવચનો છે.

*

**૧૪-૯-૧૯૭૭, બુધવાર**

અંગ્રેજ પ્રજા એકંદરે સદ્‌ગુણી અથવા સદ્‌ભાવનાવાળી છે. સોમવારે અમે લીડ્ઝ નગરમાં હિંદુ મંદિરને શોધવા માટે સૌથી પ્રથમ કોઈ ગુજરાતી ભાઈને પૂછી જોયું. એમણે સરખો ઉત્તર આપ્યા વિના ચાલવા માંડ્યું. આગળ જઈને અમે કોઈ વૃદ્ધ પતિપત્નીને, વળી થોડેક આગળ જઈને પોસ્ટના કર્મચારીને, અને આખરે યુનિવર્સિટીના ચોકીદારને પૂછ્યું તો તે બધાએ ખૂબ જ રસપૂર્વક માહિતી પૂરી પાડી. કેવો આદર્શ વ્યવહાર ! આ પ્રજા પાસેથી એ શીખવા જેવું છે.

*

**૧૬-૯-૧૯૭૭, શુક્રવાર**

કાલે અહીંથી થોડેક દૂર બ્રેડફોર્ડ ગયા. ત્યાં ઉશ નામની નદીને કિનારે સુંદર બાગ હતો. નદી નાની છતાં પણ સ્વચ્છ હતી. એક વયોવૃદ્ધ દુકાનદાર દુકાનની બહારની વસ્તુને અંદર લઈ જતા હતા. વસ્તુ વજનદાર હતી. પરંતુ એની નીચે પૈંડા હોવાથી એને ખેંચીને એ એકલે હાથે લઈ ગયા. યંત્રે માનવના કામને સરળ કર્યું છે.

ત્યાંથી અમે લીડઝના નાના વિમાનઘર પર ગયા. વિમાનઘર સુંદર હતું. દસેક મિનિટ પછી આયર્લેન્ડ તરફ જતું વિમાન ઊપડ્યું. એ જોઈને અમે પાછા વળ્યાં.

*

**૧૮-૯-૧૯૭૭, રવિવાર**

કાલે પ્રવચન વખતે અમૃતસરના નિર્મલ આશ્રમના અધ્યક્ષ મહંત સ્વામીશ્રી સચ્ચિદાનંદજી આવ્યા. એમનો મેળાપ એકાએક અને આહ્‌લાદક થયો. મેં મારા પ્રવચન પછી એમને થોડું બોલવાનું કહ્યું એટલે એ બોલ્યા. એમણે અમૃતસરના વેદાંત સંમેલન માટે આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું. મેં અનુકૂળતા હશે તો આવીશ એવું જણાવ્યું.

એમણે શ્રી હરિકિશનદાસ અગ્રવાલના સ્વર્ગવાસના સમાચાર આપ્યા. હરિકિશનદાસ ખૂબ જ સેવાભાવી, સાત્વિક પ્રકૃતિના પુરુષ હતા. સંતો પ્રત્યેનો એમનો પ્રેમ અજબ હતો. એમની ખોટ વણપુરાયેલી રહેશે. ઈશ્વર એમને ચિર શાંતિ આપે.

કાલે લીડ્ઝ રેડિયો પર મારી મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો. એ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ આજે રીલે થશે. શ્રી દક્ષિણીભાઈની શુભેચ્છાથી એ કાર્ય થઈ શક્યું. એ ભાઈ રાજકોટના છે અને અહીં કૉમ્યુનિટી રિલેશન્સ ઑફિસર છે. એ કાર્યક્રમનું આયોજન એક જ દિવસમાં થઈ ગયું. કેટલી બધી કાર્તત્પરતા ! રેડિયો સ્ટેશનના કર્મચારીઓ ઘણા સારા હતા.

*

**૨૦-૯-૧૯૭૭, મંગળવાર**

ગઈ કાલે બપોર પછી બૉલ્ટન આવવાનું થયું. લીડ્ઝથી બૉલ્ટન લગભગ ૪૫ માઈલ દૂર છે. રસ્તામાં એક સ્થળે કોઈ મકાન આવ્યું. કહે છે કે એ મકાનના માલિકની રસ્તાની એક તરફ એમની જમીન

હતી. એ મકાનને દૂર કરવા માટેનો પ્રસ્તાવ હતો. મકાનમાલિકે એનો વિરોધ કર્યો. અને કેસ કર્યો. કાયદાએ એમને રક્ષણ આપ્યું. પરિણામે મકાન એવું ને એવું જ રહ્યું. ન્યાયનું કેવું ઉત્તમ ઉદાહરણ !

બૉલ્ટનમાં મંદિરમાં મૂર્તિ નથી પરંતુ ફોટાઓ છે. સત્સંગ માટે માણસો સારા પ્રમાણમાં મોટી સંખ્યામાં ભેગા થાય છે. કાલે રાતે આઠ વાગ્યે મારા પ્રવચનનો મંદિરના શાંત વાતાવરણમાં આરંભ થયો.

અમારો ઉતારો શ્રી છોટાભાઈને ત્યાં રાખ્યો છે. એમનો સ્વભાવ સારો છે.

*

**૨૧-૯-૧૯૭૭, બુધવાર**

બૉલ્ટનનું પ્રવચનસ્થળ ઘણું સારું છે. હૉલ વિશાળ છે. હૉલમાં સારી સંખ્યામાં ખુરશીઓ રાખવામાં આવે છે. કાલે પ્રવચનમાં પ્રેસ્ટનથી સોમાભાઈ, છોટાભાઈ તથા ભીખુભાઈ આવેલા. રાતે ૧૦.૩૦ પછી પાછા ગયા. ત્રણે ખૂબ જ પ્રેમી અને સત્સંગી છે.

લીડ્ઝમાં પ્રથમ તો પરિચય ન હતો એટલે ત્યાંના પ્રમુખ બોલાવવા માટે આનાકાની કરતા'તા, પરંતુ પ્રવચનો સાંભળ્યા પછી એમણે મને બીજું અઠવાડિયું રોકાવાનો આગ્રહ કર્યો. એ આગ્રહ મોડો પડ્યો, કારણ કે બૉલ્ટનનો પ્રોગ્રામ બની ગયેલો. હવે અહીં છોટાભાઈ પણ ઈચ્છે છે કે હું બે અઠવાડિયાં રહું. જોઈએ હવે શું થાય છે ! ઈશ્વરની ઈચ્છાની વાત છે. પ્રેસ્ટનના પ્રેમી ભાઈઓ પણ ફરી લઈ જવા માગે છે. પરંતુ એમને ત્યાં ૨૫મી તારીખથી ભાગવતસપ્તાહ હોવાથી એ દરમિયાન મારાં પ્રવચનો રાખવાનું યોગ્ય ના ગણાય.

બે દિવસથી વાદળ રહે છે. સાંજે ઠંડો પવન પણ હોય છે. એ વખતે સત્સંગમાં આવનારી જનતાને ખરેખર ધન્યવાદ ઘટે છે.

*

**૨૩-૯-૧૯૭૭, શુક્રવાર**

બૉલ્ટનની જનતા ભાવિક, વધારે ભાવિક છે. એને લીધે તો રાતે પુષ્કળ ઠંડી હોવા છતાં પણ પ્રવચનમાં મોટી સંખ્યામાં ભાગ લે છે. બપોરે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન પણ જુદાજુદા જિજ્ઞાસુઓ આવતા હોય છે. કાલે એક અંગ્રેજ શિક્ષિકા આવેલાં. એમણે ઉપવાસ, ધ્યાન જેવા વિષયો સંબંધી પ્રશ્નો પૂછ્યા.

અમારા યજમાન છોટાભાઈ ભારતી ચાતુર્માસ કરે છે ને દૂધ તથા કેળાં જ લે છે અને એ પણ અત્યંત ઓછા પ્રમાણમાં. રાતે ૨-૨.૩૦ વાગ્યે ઊઠીને જપાદિ કરે છે. એમનો સંયમ પ્રશસ્ય છે. ગૃહસ્થાશ્રમમાં પણ કેવાંકેવાં રત્નો હોય છે તે જોવાથી જ જણાય છે. વરસોથી તે પત્નીને પવિત્ર ભાવથી નિહાળે છે. સંયમ પાળે છે.

*

**૨૪-૯-૧૯૭૭, શનિવાર**

તારીખ ૨૭-૮-૭૭ને દિવસે શ્રી હરિકિશનદાસ અગ્રવાલનો સ્વર્ગવાસ થયો એવા સમાચાર છે. એ સમાચાર ખૂબ જ કરુણ છે. હરિકિશનદાસ ખૂબ જ સેવાભાવી, ધાર્મિક પ્રકૃતિના, સંતો પ્રત્યે પ્રેમ રાખનારા, ને

વિદ્વાન હતા. એમણે કેટલાંક સરસ પુસ્તકો લખ્યાં છે ને 'મનન' માસિક દ્વારા મોટી સેવા કરી છે. એ સ્વભાવે સરળ, નમ્ર ને પરગજુ હતા. અમને અમૃતસરના વેદાંત સંમેલનમાં લઈ જવામાં એમનો આગ્રહ કારણભૂત હતો. એ ગુણદર્શી હતા. એ વિદાય થયા પરંતુ એમની સુવાસ કદી પણ નહીં મટી શકે. એ અનેકને સૌરભ ધરશે. માનવે ઘણું ઘણું કર્યું છે તો પણ હજુ મૃત્યુ પર વિજય નથી મેળવી શકાયો. જીવનની એ કરુણતા છે.

*

**૨૬-૯-૧૯૭૭, રવિવાર**

અહીંથી ૩૯ માઈલ દૂર ટરલી સ્થાન છે. ત્યાં વિશાળ જમીન છે, મકાન છે, અને ખેતીવાડી છે. એ બધી મિલ્કત ટરલી નામની સન્નારીએ મોરલ રિઆર્મામેન્ટ નામની સંસ્થાને અર્પણ કરી છે. ત્યાં જુદાજુદા દેશોના પ્રતિનિધિઓ આવે છે, રહે છે, ને પ્રેરણા પામે છે. એ સ્થળ શાંત અને સુંદર છે. કાલે અમે એની મુલાકાત લીધી. ત્યાં દોઢેક કલાક પસાર કર્યો. ત્યાંથી વેલ્સની બૉર્ડર પંદરથી સત્તર માઈલ છે.

આજે અહીંનો કાર્યક્રમ પૂરો થશે, પરંતુ છોટાભાઈની ઈચ્છા કાર્યક્રમને લંબાવવાની છે. બીજે ખાસ કાર્યક્રમનું દબાણ નહીં હોય તો અહીંનો કાર્યક્રમ થોડોક લંબાવીશું.

*

**૨૭-૯-૧૯૭૭, સોમવાર**

કાલે દિવસ દરમિયાન ત્રણ પ્રવચનો થયાં. સવારે શાખામાં ને બપોરે મંદિરમાં એમ બે વધારાનાં પ્રવચનો હતાં. બપોરનું પ્રવચન યોગ તથા ધ્યાન વિશે અંગ્રેજીમાં હતું અને એમાં અંગ્રેજો પણ આવેલા. એમને યોગ તથા ધ્યાનમાં વિશેષ રુચિ છે. રાતના ગીતા પરના જાહેર પ્રવચનમાં પણ શ્રોતાઓ ઘણી મોટી સંખ્યાં આવે છે. પ્રવચન માટેનો હૉલ પણ વિશાળ ને સુંદર છે. લંડનની બહાર બધે જ સ્થળે કાર્યક્રમો ઘણા સારા થાય છે.

*

**૨૮-૯-૧૯૭૭, બુધવાર**

કાલે અહીં સમૂહધ્યાનનો કાર્યક્રમ કર્યો. ધ્યાનમાં પાંચેક અંગ્રેજો પણ હતા એટલે ધ્યાનની સમજ અંગ્રેજીમાં પણ આપવી પડી. સાધકોએ સારી સંખ્યાં લાભ લીધો. સૌને આનંદ આવ્યો. આજે પણ ધ્યાનનો કાર્યક્રમ રાખ્યો છે. ભારતના કેટલાક સંતો અને પ્રચારકોએ એમની ધનસંગ્રહની લાલસાને લીધે કેટલાંક કેન્દ્રોમાં એવી ખરાબ અસર ઊભી કરી છે કે એ કેન્દ્રો બીજાને આમંત્રણ આપવાની આનાકાની કરે છે. એક બીજી પણ વિપરીત વાત છે, તે એ કે કૉવેન્ટ્રી તથા વેલનબરો જેવાં કેન્દ્રોમાં સત્સંગના સંચાલકો સત્ય સાંઈબાબાના ભક્તો છે. તે બીજા સંતોના કાર્યક્રમો ના કરવા-કરાવવા એવી નીતિ જાહેર કરે છે. એથી વધારે ધાર્મિક કટ્ટરતા, ઝનૂન, સંકીર્ણતા બીજી કઈ હોઈ શકે ? ભક્તો એવી રીતે એમની ભક્તિભાવનાને કલંક લગાડી રહ્યા છે. ભારતથી આટલે બધે દૂર રહ્યા પછી પણ એવી કટ્ટરતા કે આંધળી ભક્તિભાવના રાખવામાં આવે છે એ આશ્ચર્યકારક અને દુઃખદ છે. માનવની પ્રકૃતિ કેટલા બધા હલકા સ્તરે પહોંચી શકે છે એની કલ્પના એના પરથી સહેલાઈથી કરી શકાય છે. એવી કટ્ટરતાએ હિંદુ સમાજને અપાર નુકસાન પહોંચાડ્યું છે. એની અંદર અનેક ભેદભાવો પેદા કર્યા છે.

*

**૩૦-૯-૧૯૭૭, શુક્રવાર**

કાલે રાતે માંચેસ્ટરમાં મારું પ્રવચન રાખેલું. આજે ઑલ્ડહામમાં રાખ્યું છે. માંચેસ્ટર મોટું શહેર છે. આ બાજુના રસ્તા ખૂબ પહોળા છે. પીળી લાઈટોથી સજ્જ રસ્તાઓ અત્યંત આકર્ષક, આહ્‌લાદક, સુશોભિત લાગે છે. રસ્તા પરના પુલો પણ વિશાળ ને વિરાટ હોય છે. માંચેસ્ટરમાં માણસોએ સારો લાભ લીધો. એક ભાઈ શ્રી પ્રજાપતિ બેન્ક ઑફ ઈન્ડિયાની શાખામાં કામ કરવા અમદાવાદથી બદલી થવાથી માંચેસ્ટર આવેલા તે પણ મળ્યા. છોટુભાઈ ભારતીની સુપુત્રી સુશીલા સંસ્કારી છે.

*

**૨-૧૦-૧૯૭૭, રવિવાર**

કાલે રાતે લોહાણા મહાજનના શ્રી શાંતિભાઈ ઠક્કરે લેડઝ હૉલમાં મારું પ્રવચન રાખેલું. આજે સવારે ૧૦.૩૦ વાગ્યે ધ્યાનનો કાર્યક્રમ છે ને બપોર પછી વુલ્મરહેમ્પટન જવાનું છે. કાલથી રગ્બીમાં અઠવાડિયાનો કાર્યક્રમ છે. આજનો કાર્યક્રમ એકંદરે ઘણો સારો રહ્યો.

ઈશ્વરની શક્તિ અત્યંત આશ્ચર્યકારક રીતે કાર્ય કરે છે. કાલે સોમાભાઈ પ્રજાપતિને ત્યાં રગ્બીના છોટાભાઈ મળ્યા. તેમણે જણાવ્યું કે મારે એક પૂજારીની ઓળખાણ છે તે તમારું ભોજન બનાવી દેશે. હું બધી વ્યવસ્થા કરી દઈશ. મારે ત્યાં મકાન પણ મોટું છે. ઊતરશો તો મને આનંદ થશે.

ડરબનવાળા ભાઈ ઓછામાં ઓછા બે મહિના માગે છે. તેટલો સમય શક્ય નથી તેથી તે કાર્યક્રમ મુલતવી રાખ્યો.

*

**૩-૧૦-૧૯૭૭, સોમવાર**

વુલ્મરહેમ્પટનનો કાર્યક્રમ ગઈ કાલે ઘણો સરસ રહ્યો. શ્રોતાઓમાં પંજાબી તથા બીજા ભાઈઓ પણ હોવાથી પ્રવચન હિંદીમાં કર્યું. એનો પ્રભાવ એટલો બધો પડ્યો કે વ્યવસ્થાપકોએ વધારે દિવસની માગણી કરી. રગ્બી પછી બે-ત્રણ દિવસ ખાલી છે તે છોટુભાઈના કહેવાથી એમને માટે રાખ્યા. ઈશ્વરની લીલા કેવી અજબ છે ? પહેલાં એ લોકો ફોન પર છોટુભાઈને અઠવાડિયાના કાર્યક્રમ માટે ના કહેતા હતા તે જ હવે એક પ્રવચન સાંભળ્યા પછી વધારે દિવસો માટે આગ્રહ કરવા લાગ્યા.

હૉલ વિશાળ હતો. અને આખો ભરાઈ ગયેલો.

આજે બપોર પછી રગ્બી જઈશું. અહીં ઉતારો સત્ય સાંઈબાબાના મંડળના સંચાલક શ્રી રતિભાઈને ત્યાં છે. એમનો જન્મ આફ્રિકામાં થયેલો છે.

*

**૪-૧૦-૧૯૭૭, મંગળવાર**

રગ્બી શહેર પ્રમાણમાં નાનું, શાંત, સુંદર છે. અહીંનું જગદંબાનું મંદિર પણ ઘણું નાનું છે. જનતા ધર્મપ્રેમી ને ઉત્સાહી છે. અહીં કાલથી પ્રવચનો શરૂ થયાં છે. અઠવાડિયાનો કાર્યક્રમ છે. જેમને ત્યાં અમારો ઉતારો છે તે ભાઈ અંબાલાલભાઈ મિસ્ત્રી અને એમનાં પત્ની ખૂબ જ ધર્મપ્રેમી, સેવાભાવી ને ભાવિક છે.

ઘરમાં માતાનું મંદિર રાખ્યું છે. સવારે ચારેક વાગ્યે ઊઠી, સ્નાનાદિથી પરવારીને અંબાલાલભાઈ સેવાપૂજામાં બેસે છે. અમારી સેવા માટે પતિપત્નીએ નોકરીમાંથી અઠવાડિયાની રજા લીધી છે. એમના આચારવિચાર પવિત્ર છે.

*

**૭-૧૦-૧૯૭૭, શુક્રવાર**

ગુજરાતી ભાઈઓ વસે છે ઈંગ્લેન્ડના જુદાજુદા પ્રદેશોમાં, પરંતુ બધા હજુ ઈંગ્લેન્ડની સારી વસ્તુઓનું કે જીવનપદ્ધતિનું અનુકરણ કરી શક્યા નથી, એ વસ્તુ દુઃખદ હોવા છતાં સાચી છે. બાલમુકુંદભાઈએ નવરાત્રિના દિવ્ય દિવસો માટે લંડનમાં બ્રેન્ટ ઈન્ડિયન એસોસિયેશનનો હૉલ મહિના પહેલાં રાખેલો. તેનું ભાડું પણ ભરી દીધેલું. તો પણ ગઈ કાલે તેના કાર્યકર્તાએ એમને હૉલ માટે ના પાડી છે. આ કેવી જાતની નીતિમત્તા ? બાલમુકુંદભાઈએ મહિનાથી એ કાર્યક્રમની પત્રિકા પણ છપાવી દીધી છે. મેં એમને એ હૉલ રાખવાની પહેલેથી જ ના પાડેલી, કારણ કે અમને એનો બે વખતથી અનુભવ હતો, છતાં પણ તેમણે હૉલ રાખ્યો. તો છેલ્લી ઘડીએ ફજેતી થઈને મુશ્કેલીમાં મુકાયા. હવે આટલો મોડો બીજો હૉલ મળવાનું મુશ્કેલ છે.

*

**૮-૧૦-૧૯૭૭, શનિવાર**

કાલે રાતે પ્રવચન પછી સમૂહધ્યાનનો કાર્યક્રમ રાખેલો. આજે પણ રાખ્યો છે અને કાલે પણ થશે. ધ્યાનમાં જનતાએ સારી સંખ્યામાં લાભ લીધો. સૌને આનંદ આવ્યો. લોકોને હજુ શાંતિની અને સાચા સાધનાત્મક માર્ગદર્શનની ઘણી જ ઈચ્છા છે. એને માટે મદદરૂપ થવાની આવશ્યકતા છે.

*

**૧૧-૧૦-૧૯૭૭, મંગળવાર**

રગ્બીની જનતા ખૂબ જ ભાવિક તથા માયાળુ છે. ગઈ કાલે ત્યાંથી વુલ્મરહેમ્પટનમાં આવવાનું થયું છે. અહીં બે દિવસનો કાર્યક્રમ કરીને પ્રેસ્ટન જવાનું છે. કાલે ને પરમ દિવસે પ્રેસ્ટનમાં ધ્યાનનો કાર્યક્રમ કરાવવા માટે રહેવાનું છે.

*

**૧૪-૧૦-૧૯૭૭, શુક્રવાર**

પ્રેસ્ટનમાં બે દિવસ સમૂહધ્યાનનો કાર્યક્રમ થયો. એમાં જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો. અંગ્રેજોએ પણ ભાગ લીધો હોવાથી ધ્યાનની પદ્ધતિને અંગ્રેજીમાં સમજાવી. એવો કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય અને આશીર્વાદરૂપ થઈ પડે છે. કાલે રાતે બ્લેકબર્નમાં પ્રવચનનો પ્રારંભ થયો. ટાઉનહૉલમાં ગરબાના કાર્યક્રમ દરમિયાન પ્રવચન હોવાથી જનતા મોટી સંખ્યામાં ઊમટેલી. ઈંગ્લેન્ડમાં ગુજરાતીઓ ઠેરઠેર જોવા મળે છે. વધારે ભાગની વસતી આફ્રિકાથી આવેલી છે. બ્લેકબર્નના કાર્યકર્તા માયાળુ ને મિલનસાર છે. ત્યાંના પ્રવચન બાદ શ્રી છોટુભાઈ સાથે બૉલ્ટન આવ્યાં. બ્લેકબર્નમાં જ રહીએ, એવો ત્યાંના કાર્યકર્તાઓનો આગ્રહ હોવાથી આજે બપોરે ત્યાં જવાનું ગોઠવ્યું છે. રવિવારે એક દિવસ માટે રગ્બી જવાનું છે. સોમવારે લંડન.

*

**૧૬-૧૦-૧૯૭૭, રવિવાર**

કાલે અહીંથી લગભગ ૭૦ માઈલ દૂરના સુંદર સ્થળ વીન્ડીમીરમાં (લેક ડિસ્ટ્રિક્ટમાં) સરોવર જોવા ગયાં. સરોવર ૧૧.૪૫ માઈલ લાંબું ને ૨૮૦ ફીટ ઊંડું છે. તેમાં નાવમાં બેસીને વિહાર કર્યો. નાવ કેટલી બધી સ્વચ્છ ને સરસ સીટવાળી હતી ! પાછળથી એ સ્થળની પાસેના પાર્કમાં ફરવા ગયા ને સરોવરતટ પર બેઠાં. એ ભૂમિને નિહાળીને ભારતની ભૂમિનું સ્મરણ થયું. મોટરમાં આગળ વધતાં સુંદર પર્વતીય પ્રદેશ જોયો. આ પ્રદેશમાં ગામડાં પણ કેટલાં બધાં વ્યવસ્થિત, સ્વચ્છ અને સુંદર હોય છે ! બૉલ્ટનથી અમે જમીને સવારે સાડા અગિયાર વાગ્યે નીકળેલાં. સાંજે છ વાગ્યા પછી ઘેર પહોંચ્યા. આજે એક રાત માટે રગ્બી જઈશું.

*

**૧૭-૧૦-૧૯૭૭, સોમવાર**

રગ્બીમાં રાતે ટાઉનહૉલમાં ગરબા પહેલાં મારું પ્રવચન થયું. જનમેદની ખૂબ જ મોટી સંખ્યામાં એકઠી થયેલી. હૉલ ઘણો મોટો હતો. દેવીના મહિમા પર પ્રવચન હતું. રગ્બીની જનતા ઘણી જ ભાવિક છે. હજુ બીજા એક અઠવાડિયાના પ્રવચનને માટે માગણી કરે છે, પંરતુ આગળનો કાર્યક્રમ નક્કી થઈ ગયો છે એટલે રોકાઈ શકાય તેમ નથી. આજે બપોરે લંડન જઈશું.

*

**૧૮-૧૦-૧૯૭૭, મંગળવાર**

કાલે બપોરે બૉલ્ટના છોટુભાઈ ભારતી, રગ્બીના અંબાલાલભાઈ, નારણભાઈ, મણિબહેન સાથે રગ્બીથી નીકળીને બપોરે ચારેક વાગ્યે લંડન આવ્યાં. વચ્ચે રગ્બીથી ૩૫ જેટલા માઈલ પરના સફારી પાર્કને જોયો. એ પાર્ક જોવા જેવો છે. એમાં વાઘ, સિંહ, રીંછ, હાથી, વાંદરાં, હરણ, જિબ્રા જેવાં પ્રાણીઓને રાખ્યાં છે અને એ પણ મુક્ત રીતે, કારણ કે કોચમાં બેસીને એમને જોઈ શકાય છે. એવું દૃશ્ય આ પહેલું જ જોયું. ત્યાં એક તરફ પાણીમાં નૌકાઓ ફરતી હતી તે દૃશ્ય પણ જોવા જેવું હતું. નૌકાઓ ઈલેક્ટ્રિકથી કંટ્રૉલ કરવામાં આવતી.

રસ્તો રિપેર થતો હતો તો પણ કોઈ પ્રકારની તકલીફ વિના એક બાજુથી મોટરો સરળતાપૂર્વક પસાર થઈ જતી. આ પ્રજાની કાર્યપદ્ધતિ આદર્શ અને અનુકરણીય છે.

લંડનની બહાર બધે જ જનતા વધારે ભાવિક, સેવાભાવી તથા માયાળુ છે. ત્યાંની હવા જ જુદી લાગે છે. લંડનની બહારનો બધો જ પ્રવાસ અસંખ્ય શુભ સંસ્મરણોથી ભરપૂર અને યાદગાર બની ગયો. સર્વત્ર આનંદ રહ્યો.

*

**૨૧-૧૦-૧૯૭૭, શુક્રવાર**

બુધવારે રાતે ક્રોયડનમાં સારો કાર્યક્રમ રહ્યો. ત્યાં સંઘની જે શાખા ચલાવે છે તેમાં રસ લેનારા કાર્યકર્તા એક બીજા હૉલમાં ગરબા જોવા લઈ ગયા. ત્યાં યુવક-યુવતીઓની ઘણી મોટી સંખ્યા હતી. કાલે

સવારે ભાનુભાઈને ત્યાં ચંડીપાઠમાં જવાનું થયું. ત્યાં પેલા પત્રની વાત નીકળતાં. રામુભાઈએ જણાવ્યું કે યોગેશ્વર સ્વામી નામના એક સંત આફ્રિકામાં આવેલા. એ વાત તદ્દન નવી જ જાણવાની મળી.

શ્રી જયંતભાઈ અહીં આવવાના હતા પરંતુ તેમનો કાર્યક્રમ લંબાયો હોવાથી હવે અહીં નહીં મળી શકે એમ લાગે છે.

*

**૨૩-૧૦-૧૯૭૭, રવિવાર આસો સુદ ૧૨**

કાલે બૉલ્ટનના શ્રી ભારતીજી, પંડ્યાજી, એમનાં અહીં રહેતાં રામકૃષ્ણદેવનાં ભક્ત બહેન સાથે થેમ્સ નદી તરફ તથા પછી હરેકૃષ્ણ મંદિરની મુલાકાતે જવાનું થયું. મંદિરનું સ્થળ સારું, શાંત, વિશાળ છે. ત્યાં પાંચેક વરસથી એ તરફ રહેતા કપુરથલાના સંત કૃષ્ણદાસ મળ્યા. જુલાઈમાં તે રામાયણના કાર્યક્રમમાં મળેલા. ખૂબ જ માયાળુ ને મિલનસાર છે. એમણે કહ્યું કે પોતે ગમે ત્યાં હોય તો પણ રવિવારે અહીં દર્શકો મોટી સંખ્યામાં આવતા હોવાથી આવી જાય છે, કારણ કે કેટલાયને હિંદીમાં સમજાવવું પડે છે. મંદિરમાં એમના વિના કોઈ હિંદી જાણનારું નથી રહેતું.

એમને મળીને અને એ સ્થળને નિહાળીને અમને આનંદ થયો.

સાંજે ક્રોયડનમાં મારું પ્રવચન થયું.

આજે સવારે અહીં ધ્યાન છે અને બપોરે હેરોમાં જયાબહેનને ત્યાં પ્રવચન. લંડનનું આ વરસનું એ છેલ્લું પ્રવચન થશે, કારણ કે કાલે તો ભારત જવા માટે નીકળવાનું છે.

*

**૨૪-૧૦-૧૯૭૭, સોમવાર, લંડન**

કાલે બપોરે રામકૃષ્ણ મિશનના સ્થળને જોવા ગયાં. સ્થળ વિમાનઘર તરફ અને ઘણું દૂર હતું. એટલે દૂર સુંદર, શાંત, વિશાળ જમીન મળેલી ને મકાન પણ સારું હતું. ત્યાંથી પાછા ફરીને સાંજે જયાબહેનને ત્યાં પ્રવચન કર્યું. ત્યાં સ્વામી કૃષ્ણાનંદ પણ આવેલા. તે છેલ્લે બોલ્યા કે તમારી સુવાસ રહી જશે. તમે સુંદર છાપ પેદા કરી છે. સંતો ઘણા આવે છે પરંતુ તમે જુદી જ છાપ મૂકી જશો. બધા તમને યાદ કરશે. ફરી વાર અહીં આવજો. ઉનાળો આવે એટલે અહીં આવવાનું રાખજો. લોકોને મોટો લાભ થશે. અમે તમને મદદરૂપ થઈશું. જ્યાં એક પણ ભારતીય છે ત્યાં ભારત જ છે.


જયાબહેનનો પ્રેમ અને સેવાભાવ અનુપમ છે. એ પણ થોડુંક બોલ્યાં.

આજે તો બપોરે ભારત માટે વિદાય થવાનું છે. સમસ્ત યાત્રા સારી રહી.

* * *

# બીજી વિદેશ યાત્રા

## દેશ : ઈંગ્લેન્ડ, અમેરીકા, કેનેડા




## તારીખ : ૧૮-૭-૭૮ થી ૨૧-૧૧-૭૮

## સહયાત્રી : પૂ. માતાજી જ્યોતિર્મયી

## ૧. લંડનમાં

લંડન એરપૉર્ટ પર પહોંચ્યા ત્યારે વાદળથી વ્યોમ ઘેરાયેલું. સૂર્યનું દર્શન દુર્લભ હતું. તો પણ વાયુમંડળ વિશદ દેખાયું. અમારી પાસે અમેરિકાનો વિઝા હતો પરંતુ ઈંગ્લેન્ડનો ન હતો. મુંબઈથી ઈંગ્લેન્ડનો વિઝા નહોતો મળ્યો. ત્યાં કહેવામાં આવેલું કે ૨૪મી જુલાઈ સિવાય વિઝા માટેની ઈન્ટરવ્યૂની વહેલી તારીખ જ નથી. મારે ત્યાં સુધી પ્રતીક્ષા કરીને બેસી રહેવું નહોતું. જગદંબાની સૂચનાને અનુસરીને મેં ૧૮મી જુલાઈની ટિકિટો લીધેલી. બ્રિટિશ હાઈકમિશનમાં વહેલો ઈન્ટરવ્યૂ આપવા માટે પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ વ્યર્થ નીવડ્યો. મા એ ૧૮મીએ જ પ્રસ્થાન કરવા કહ્યું, માતાજીને યાત્રામાં સાથે લેવા માટે જણાવ્યું, અને સૂચવ્યું કે લંડનના એરપૉર્ટ પર વિના વિલંબ કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિના વિઝા મળી રહેશે. એટલે મારું કાર્ય સરળ થયું. મેં અમેરિકાનો વિઝા કઢાવી લીધો.

માતાજીનો વિચાર છેવટ સુધી સાથે આવવાનો ન હતો. તેમનું સ્વાસ્થ્ય સારું નહોતું. અશક્તિ તો હતી જ પરંતુ ડાયાબિટીસની વૃદ્ધિની સાથે છાતીનો દુઃખાવો થયા કરતો ત્યારે તેમની દશા દુઃખદ કે કરુણ થઈ જતી. મને તો માએ તેમને સાથે જ લઈ જવાનું કહેલું એટલે મેં ટિકિટની ને બીજી બધી જ તૈયારી કરી રાખેલી. મેં તેમને જણાવ્યું કે માની કૃપાથી કશી જ તકલીફ નહીં પડે. એમના અન્નજળથી પ્રેરાઈને એ છેક છેલ્લી ઘડીએ મુંબઈ આવવા તૈયાર થયાં; નહીં તો એમની મરજી મુંબઈ આવવાની પણ નહોતી. મુંબઈમાં બે ડૉક્ટરોએ એમને સ્વાભાવિક રીતે જ પરદેશ પ્રવાસ ન કરવાની સલાહ આપી; પરંતુ ધાર્યું ધરણીધરનું જ થયું. મેં એમને માની સૂચનાને અનુસરીને ઉત્સાહ આપ્યો અને એ તૈયાર બન્યાં. મુંબઈ વિમાનઘર પર વળાવવા માટે અમદાવાદથી આવેલી બહેન તારાએ પાછાં આવવા માટે ઈચ્છા હોય તો પૂછી જોયું પણ ખરું, પરંતુ એમણે ના પાડી. જગદંબાની દૈવી મંગલમયી ઈચ્છાનો એવી રીતે વિજય થયો. અને એ મારી સાથે વિમાનમાં ગોઠવાયાં. એ કહેતાં હતાં કે, મને હવે વિમાનમાં બેસવાનું પણ ગમતું નથી. પરંતુ મેં જણાવ્યું કે માની કૃપાથી તમને વિમાનમાં જરા પણ અણગમો કે કંટાળો નહીં આવે. અને થયું પણ એમ જ. માની કૃપા એવી અનોખી છે.

લંડન એરપૉર્ટ પર કોઈ પણ પ્રકારની તકલીફ વિના પાંચેક મિનિટના ટૂંકા સમયમાં જ વિઝા મળી ગયો ત્યારે માની કૃપાનું અને અસીમ શક્તિનું એક અન્ય ચમત્કારિક આશ્ચર્યકારક ઉદાહરણ જોવા મળ્યું. કાઉન્ટર પર બેઠેલી અંગ્રેજ છોકરીને બતાવીને માએ મને જણાવ્યું કે એ મારી દીકરી છે. એને પ્રેરણા કરીને જોતજોતામાં જ તમને વિઝા અપાવી દઉં છું. એ છોકરીએ વિશેષ પૂરછપરછ વિના કાગળો જોઈને તરત વિઝા આપી દીધો.

હીથ્રો એરપૉર્ટ પર બૉલ્ટનના ને પ્રેસ્ટનના છોટુભાઈ તથા બીજા પ્રેમીજનો લેવા માટે આવેલા. જીવણભાઈ કે બાલમુકુંદભાઈ કોઈ કારણે નહોતા આવી શક્યા. છોટુભાઈએ ગોઠવ્યા પ્રમાણે અમે સૌથી પહેલાં રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત પંડ્યાનાં બહેનને ત્યાં ગયાં. ત્યાં થોડાક સત્સંગ પછી ભોજન કર્યું. એ બહેનનો પ્રેમભાવ અનોખો હતો. ત્યાંથી રગ્બી જઈને રાત રહ્યાં. રગ્બી લંડનથી સો માઈલ જેટલું દૂર છે. વિમાનના દસ કલાક અને લંડનથી રગ્બી સુધીના લગભગ બે-અઢી કલાક- એટલો પ્રવાસ માતાજી માટે

ઘણો હતો. એથી આરામની આવશ્યકતા હતી. રાતે અમે રગ્બી જ રહ્યાં તેથી ત્યાંના પ્રેમીજનોની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. માતાજીને આરામ મળ્યો. બીજે દિવસે સવારે બૉલ્ટન પહોંચ્યાં. થોડોથોડો વરસાદ વરસી રહેલો. એક રાત ત્યાં રોકાયાં. વળતે દિવસે ગુરુપૂર્ણિમા હોવાથી સવારે દસથી બાર સત્સંગ થયો. ત્યાં માંચેસ્ટરથી શ્રી આવેલા. કોણ જાણે કેમ પણ મને એમના વ્યવહારમાં દાંભિકતા લાગી. એમની વગર માગ્યે ઉપદેશ આપવાની ને પ્રશ્ન પુછાય ત્યારે તેમને ઉડાવીને ભળતી રીતે રજૂ કરવાની પ્રવૃત્તિ અહંથી પ્રેરાયેલી અથવા આડંબરપૂર્ણ લાગી. એ પોતાને પૂર્ણ જ્ઞાની કે સંપૂર્ણ સમજતા હોય એવું લાગ્યું. એમનામાં સંતપણું તો શું પરંતુ આદર્શ સારા માનવ તરીકેનું પરિબળ પણ ખૂટતું હતું. એવા પુરુષો જનતાને જીવન દ્વારા કેવું જ માર્ગદર્શન આપી શકે તે વિચારવા જેવું છે. માનવને જે આદર્શ અથવા અનુકરણીય કે આદરણીય બનાવે છે એ એકલા વિચાર કે સિદ્ધાંત નથી બનાવતા. એને માટે મુખ્યત્વે આચારની આવશ્યકતા પડતી હોય છે.

ગુરુપૂનમની સાંજે અમે રગ્બી આવ્યાં. રગ્બીમાં ચાર દિવસનાં પ્રવચનો યોજાયેલાં. તેમની શરૂઆત મેં ગુરુપૂનમના મહિમા પરના પ્રવચનથી કરી દીધી. રગ્બીની જનતા ખૂબ જ ભાવિક છે.

તા. ૨૩ જુલાઈ, રવિવારે આખો દિવસ મંદમંદ વરસાદ રહ્યો. એ વરસાદને લીધે મસૂરીની સ્મૃતિ થતી હતી. સાંજે રગ્બીથી થોડેક દૂર કૉવેન્ટ્રી ફરવા માટે ગયાં. ત્યાંનું ચર્ચ અતિશય આકર્ષક, સુંદર અને સુવિશાળ છે. એને અવલોકીને આશ્ચર્યચકિત થઈ જવાય છે. રાત્રે રગ્બીનો કાર્યક્રમ પૂરો થયો. રગ્બીની જનતા ખૂબ જ ભાવિક છે. ૨૪મી તારીખથી પ્રેસ્ટનમાં કાર્યક્રમ થવાનું નક્કી થયેલું.

* * *

## ૨. અવિસ્મરણીય અનુભવ

જુલાઈની ૨૪મી તારીખ, સોમવારથી પ્રેસ્ટનમાં પ્રવચનોનો પ્રારંભ થયો. રગ્બીથી નીકળ્યાં ત્યારે ને તે પહેલાં આકાશ એકંદરે સ્વચ્છ હતું. સૂર્યનો તાપ સારો નીકળેલો. એને લીધે વાતાવરણ ખુશનુમા હતું.

પ્રેસ્ટનનો પ્રવાસ-કાર્યક્રમ એકંદરે સારો રહ્યો.

એને પૂરો કરીને પંદર દિવસ લેસ્ટરમાં રહ્યાં.

લેસ્ટરમાં એક અવિસ્મરણીય કહી શકાય એવો અનુભવ થયો. જે ગેસ્ટહાઉસના મકાનમાં અમારો નિવાસ હતો એ મકાનમાં એક દિવસ રાતે માતાજી સીડી પર ચઢીને ઉપર આવી રહેલાં ત્યારે એમને એવું લાગ્યું કે એમની પાછળ કોઈ બીજી વ્યક્તિ પણ ચઢી રહી છે. એમને સહેજ ભય લાગ્યો અને એમણે ઉપર આવીને મને વાત કરી. મેં એમને જણાવ્યું કે કોઈ વાર એવો મિથ્યા આભાસ થતો હોય છે.

પરંતુ એ પછી તો કેટલાક બીજા અનુભવો થયા.

એક વાર ઑસ્ટ્રિયાથી આવેલા સ્વામી મહેશ્વરાનંદજી સાથે અમે ઉપરના ઓરડામાં વાતો કરતાં બેઠેલાં ત્યારે અચાનક દાદર પર કોઈના ચઢવા અને ઊતરવાનો અવાજ આવવા લાગ્યો. બહાર જઈને જોયું તો કશું જ ના દેખાયું. થોડી વાર પછી એવો પદધ્વનિ પાછો સંભળાયો. ત્રીજી વાર પણ સંભળાયો. સ્વામીજીને પણ એ સાંભળીને નવાઈ લાગી. એ એમના ગુરુદેવની તસવીર આગળ રોજ દીવો કરતા. એ દીવાની અંદર એક વાટ મૂકતા. તેને બદલે બે વાટ થઈ જતી. એવું રોજ થવા માંડ્યું. અમને એ વાટ બતાવી પણ ખરી.

રાતે મેં મારી રીતે વિચારી જોયું તો જણાયું કે એ મકાન પહેલાં એક અંગ્રેજનું હતું. એ અંગ્રેજનું મૃત્યુ થયા પછી એનો જીવ એમાં રહી ગયેલો. એટલે એ મકાનમાં ફર્યા કરતો. એનો આત્મા ઉદાત્ત હોવાથી અમારા દર્શનથી એને આનંદ થયેલો. એણે મારી સમક્ષ એના સંતોષને વ્યક્ત પણ કરી બતાવ્યો. દીવાની વાટ બેવડાવવાનું કાર્ય પણ એ જ કરતો ને પેલા મહારાજને સૂચવતો કે એમણે એકને બદલે બે વાટ કરવી. કારણ કે મહારાજ જે દીવો કરતા તે દીવા એમના ગુરુની અને ગુરુના ગુરુની તસવીર આગળ કરતા. જો કે મહારાજે એ સૂચનાનો અમલ નહોતો કર્યો તો પણ એણે એની ફરજ બજાવેલી.

લેસ્ટર પછી બૉલ્ટન આવવાનું થયું. બૉલ્ટનથી એક દિવસ સાઉથપૉર્ટ ગયાં. ત્યાં સુરતના મનહરભાઈ રહેતા. તેમને મારી માહિતી મળવાથી તે ઠેઠ લેસ્ટર મને મળવા માટે આવેલા. એ ભાઈ ખૂબ જ માયાળુ હતા. એમના પત્ની પણ પ્રેમાળ સ્વભાવનાં હતાં. ત્યાં ઉદ્યાનમાં ફૂલનું ઘડિયાળ જોયું. તે પ્રત્યેક પંદર મિનિટે ટકોરા પાડતું. એવું ઘડિયાળ પહેલું જ જોયું.

સાઉથપૉર્ટનો સુવિશાળ સમુદ્રતટ દર્શનીય છે. ત્યાં તાપ હોવાથી ભારે ભીડ હતી. રવિવારને લીધે લોકો ઉમટેલા. યુવાનો ને યુવતીઓ પોતાના પ્રાણગત પ્રેમનું પ્રદર્શન કરી રહેલાં.

બૉલ્ટનથી લંડન આવીને એક રાત રહીને અમે બીજે દિવસે વિમાનમાં બેઠાં. લંડનથી લોસ એન્જલસ પહોંચતા અગિયાર કલાક થયા. આખરે જગદંબાની- મા ભગવતીની સૂચના સફળ થઈ અને અમે અમેરિકાની ધરતી પર પગ મૂક્યો. અમેરિકાની સફરનું સ્વપ્ન છેવટે સાકાર બન્યું.

બે દિવસ પછી પ્રથમ પ્રવચન થયું. કપૂરાના ઈશ્વરભાઈના નાના ભાઈ નટવરભાઈ મળ્યા. ખૂબ જ માયાળુ દેખાયા. કપુરાના બીજા ભાઈ મોહનભાઈ પણ મળ્યા. એમણે રવિવારે પ્રવચન યોજ્યું.

* * *

## ૩. અમેરિકામાં

તારીખ ૨૬ ઑગસ્ટ, શનિવારે સાંજે લોસ એન્જેલસના હરેકૃષ્ણ મંદિરની મુલાકાત લીધી. મંદિરનું સ્થાન એક વિશાળ સ્ટ્રીટમાં આવેલું છે. આગલા દિવસે જન્માષ્ટમીનો મંગલમય મહોત્સવ પૂરો થયો હોવાથી ત્યાંનું વાતાવરણ અનોખું હતું. મંદિરમાં આરતી પછીની ધૂન ચાલતી હોવાથી ભક્તો એ ધૂનને બોલતા અને એની સાથે તાલ મિલાવતા નૃત્ય કરતા'તા. અમેરિકન સ્ત્રીપુરુષોએ ભારતીય પોશાક પહેરેલા. ભારતના પ્રાચીન વૈષ્ણવ ભક્તો અમેરિકામાં પુનર્જન્મ પામ્યા હોય એવું લાગ્યું. એમનો ભાવ એવો નૈસર્ગિક અને અદભુત હતો. દરેકના હાથમાં માળા, માથે મુંડન તથા શિખા દેખાતી. એ દેખીને કોઈક નવા જ પ્રદેશમાં પહોંચ્યા હોઈએ એવું અનુભવાતું.

પ્રભુપાદ સ્વામીનો ગયે વરસે સ્વર્ગવાસ થયો. એ સિત્તેર વરસની મોટી ઉંમરે ભગવાનની ઈચ્છા તથા પ્રેરણા પ્રમાણે પરદેશ આવ્યા અને બાર વરસમાં ઠેકઠેકાણે વૈષ્ણવધર્મનો પ્રસાર કર્યો. ઠેકઠેકાણે મંદિરો સ્થાપ્યાં. અસંખ્ય લોકોને દારૂ-શરાબ-ધૂમ્રપાન-માંસાહાર-વ્યભિચારમાંથી મુક્તિ આપીને ભક્તિમાર્ગે દોરવણી આપી. ગ્રંથોની રચના કરી. એમનું એ કાર્ય કલ્યાણકારક, અસાધારણ, અદ્ભુત હતું. અનેકોને માટે આશીર્વાદરૂપ. એણે અનેકના જીવનપ્રવાહને પલટાવી દીધા ને પ્રભુમય તથા પાવન કર્યા.

એ સ્થાનને અવલોકીને અમને આનંદ થયો.

* * *

ભારતથી હજારો માઈલ દૂરના દેશમાં પણ એક જ ધર્મ, મત, પંથ કે સંપ્રદાયમાં માનનારા માનવો કેટલા બધા પ્રેમથી એકઠા થાય છે ને ઉત્સવ કરે છે તેની માહિતી ૨૭ ઑગસ્ટ, રવિવારે મળી શકી. સુરત જિલ્લાનાં ભક્ત ભાઈ-બહેનો જન્માષ્ટમીના બીજા દિવસે લોસ એન્જેલસમાં એકઠા થાય છે. તે પ્રમાણે એ આ વરસે પણ એકઠાં થયેલાં. ૪૦૦ જેટલા માઈલ દૂરથી ધીરુભાઈ ને ૨૫૦ માઈલ જેટલા દૂરથી નટુભાઈ પણ આવેલા. ભારતથી નીકળતી કબીરવાણી પત્રિકામાં ઈશ્વરભાઈએ મારા વિશે લેખ લખેલો તેથી અનેકને માહિતી મળી શકેલી. એમની આગળ વિશાળ હૉલમાં મારું પ્રવચન થયું. કબીરના ઉપદેશ પર. સૌને આનંદ થયો. મારે હાથે રમતગમતનાં પારિતોષિકો પણ વહેંચાયાં. ત્યાં પાછળથી પુરુષોનાં ભજનો અને બહેનોના ગરબા થયા. એ આખો જ કાર્યક્રમ ખૂબ જ સરસ રહ્યો. ત્યાં જ મારાં સાતેક દિવસનાં બીજાં પ્રવચનો યોજવાનું નક્કી થયું.

ભક્તભાઈઓનો ઉત્સાહ અસાધારણ હતો.

ધીરુભાઈએ લાગણીપૂર્વક પૂછ્યું : 'સર્વેશ્વરીને પત્ર લખ્યો છે ?'

મેં કહ્યું : 'હા, લખ્યો છે.'

એમણે એમને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું.

* * *

## ૪. એલ સેન્ટ્રોમાં

લોસ એન્જેલસમાં મારાં પ્રવચનો ગોઠવવા માટે થોડાક વખતની આવશ્યકતા હોવાથી, અને કપુરાના શ્રી નટુભાઈનો ખૂબ જ પ્રેમ અને આગ્રહ હોવાથી, અમે ૨૮ ઑગસ્ટ, સોમવારે બપોરે ત્યાંથી મોટરમાં નીકળીને એમની સાથે એલ સેન્ટ્રોમાં આવ્યા. એલ સેન્ટ્રો, લોસ એન્જેલસથી લગભગ ૨૫૦ માઈલ દૂર છે. ત્યાંથી મેક્સિકો પંદરેક માઈલ થાય છે. એલ સેન્ટ્રોમાં ગુરુદ્વારા પણ છે. ત્રીસેક હજારની વસતિ છે. પાસે જ દરિયો છે. માર્ગમાં વિશાળ ખેતરો છે. એમાં કપાસ, દ્રાક્ષ, ઘઉં, ખજૂરની ખેતી થાય છે. એ પ્રદેશ અમેરિકનો ખેતીપ્રધાન પ્રદેશ કહેવાય છે અને મબલક પાક પૂરો પાડે છે.

આશ્ચર્યની વાત એ હતી કે ખેતરોને દાડમ તથા લીંબુની વિશાળ લાંબી વાડો કરવામાં આવેલી. વાડે વળગેલાં દાડમને કોઈ લેતું નહીં. એમની જાણે કે કિંમત જ ન હતી. અમારી સાથેના ભાઈઓએ એ દાડમને નીચે ઉતારીને પૂરતા પ્રમાણમાં લીધા.

રસ્તે મોટો સ્ટોર આવ્યો. ત્યાં બધી જ ખાદ્ય વસ્તુઓ મળતી.

નટુભાઈના સંસ્કારો સારા છે. રાતે એમને ત્યાં થોડાંક પ્રેમી સ્ત્રીપુરુષો એકઠાં થયાં એટલે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો. બીજા દિવસથી ગીતા પર વાર્તાલાપની ને પ્રશ્નોત્તરીના કાર્યક્રમની જાહેરાત થઈ.

અમારો ઉતારો એમની આકર્ષક સરસ મોટેલમાં હતો.

ત્યાં છ દિવસ રોજ રાતે ગીતા પર વાર્તાલાપ થયા. ત્યાંની જનતાએ લાભ લીધો. કેલિફોર્નિયામાં અને બીજે મોટેલો તથા હોટેલો ઘણી છે. મોટેલોમાં સ્વતંત્ર રૂમ હોય છે અને દરેક રૂમમાં બાથરૂમ, ટૉઈલેટ, ટેલિફોન ને ટેલિવિઝન હોય છે. ત્યારે હોટલમાં સૌને માટે કેટલીક વાર સ્વતંત્ર બાથરૂમ, ટૉઈલેટ, ટેલિવિઝન નથી હોતા. હોટેલોમાં એક ટેલિવિઝનનો ઈચ્છાનુસાર સૌ લાભ લેતા હોય છે. હોટેલ કરતાં મોટેલનું ભાડું વધારે હોય છે. આ બાજુની મોટેલો ગુજરાતી ભાઈઓ પણ ચલાવે છે.

હોટેલો ને મોટેલોનો વ્યવસાય અહીં કેમ વિકસ્યો છે તે પણ જાણવા જેવું છે. આ બાજુ સંયુક્ત કુટુંબ જેવી પ્રથા નથી પ્રવર્તતી. કોઈનાં માતાપિતા, મિત્ર કે કુટુંબી કોઈ શહેરમાં આવે છે તો મોટેલ કે હોટેલમાં જ ઊતરે છે. અને પોતાના સ્વજનને ખબર આપે છે. એ પછી એમને મોટેલ કે હોટેલમાં જ મળવા આવે છે અને અનુકૂળતા પ્રમાણે નાસ્તા કે ભોજન માટે લઈ જાય છે. કામકાજ માટે આવનારા માણસો પણ મોટેલમાં કે હોટેલમાં જ ઊતરે છે. એને લીધે મોટેલ કે હોટેલનો વ્યવસાય આવશ્યક અને કાયમી બન્યો છે. અમેરિકનો કરતાં ગુજરાતી ભાઈઓ થોડા પૈસા ઉછીના લઈને ને થોડીક રકમ કાઢીને મોટેલો ખરીદે છે અને એવી રીતે વધતા જાય છે. લાંબા વખતે લોન ભરીને એ માલિક બને છે. મોટેલોનું વાતાવરણ વધારે સારું, શાંત, અનુકૂળ અને એકાંત હોય છે.

એલ સેન્ટ્રોની એક હોટેલમાં મારી પધરામણી હતી ત્યારે એક વયોવૃદ્ધ અમેરિકન સન્નારીનો મેળાપ થયો. એને યોગની રુચિ હતી અને એ પરમહંસ યોગાનંદની ભક્ત હતી. એ આધ્યાત્મિક માર્ગે વળેલી. અમેરિકાની ભૌતિક સુખોપભોગવાળી ભૂમિમાં એવા આધ્યાત્મિક અભિરુચિવાળા આત્માઓ પણ વસે છે. મારી વિદાય લેતી વખતે એમણે મને ભારતીય પદ્ધતિથી પ્રણામ કર્યા.

એલ સેન્ટ્રોથી નીકળતી વખતે મેં સરસ્વતીબહેનને કહ્યું : 'સર્વેશ્વરી સાધારણ સ્ત્રી નથી. દેવી છે. ખૂબ જ તપ-વ્રત-જપ કરે છે. ખૂબ જ પવિત્ર પ્રભુમય જીવન જીવે છે. ધ્યાન કરે છે. એને કેટલાય પગે લાગે છે. અમારી શિબિરોમાં આવે છે. એણે જીવનને ધન્ય કર્યું છે. સૌ એના પર ખૂબ પ્રેમ રાખે છે.'

એલ સેન્ટ્રોથી લોસ એન્જેલસ જતાં રસ્તામાં ૧૬૦ માઈલ જેટલે દૂર (Hemet) હેમતમાં રાત રહ્યાં. ત્યાંના મોટેલવાળા ભાઈ રામભાઈનો ખાસ આગ્રહ હતો. માર્ગમાં પર્વતમાળા અને વિશાળ ખેતરો ને રણપ્રદેશ આવ્યો. પર્વતમાળાની પાછળ સૂર્યનો અસ્ત થયો એ દૃશ્ય અતિશય આહ્લાદક લાગ્યું.

* * *

## ૫. પરમહંસ યોગાનંદના સ્થાનમાં

લોસ એન્જેલસમાં આવ્યા પછી બીજા દિવસથી શ્રીમદ્ ભાગવત પરનાં પ્રવચનોનો પ્રારંભ થયો. વચ્ચે એક દિવસ આલોહા મોટેલવાળા ભગવાનજીભાઈને ત્યાં જવાનું થયું. એ ભાઈ શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત હતા ને પ્રેમવાળા હતા. એમની સાથે જ્ઞાનચર્ચા કરીને અને એમની ભાવભક્તિ જોઈને આનંદ થયો. એમને ત્યાં પાછળની ત્રણ રાત તા. ૧૨ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર સુધી રહેવાનું થયું.

લોસ એન્જેલસમાં જુદીજુદી મોટેલોમાં પ્રવચનો થયા. જનતાએ સારો લાભ લીધો. ૧૨ સપ્ટેમ્બરે પરમહંસ યોગાનંદની સેલ્ફ રીઅલાઈઝેશન ફેલોશિપ સંસ્થાની મુલાકાત લીધી. ત્યાં સ્વામી રામાનંદે અમને બધું બતાવ્યું. યોગાનંદજીએ ભારતમાંથી આવીને એ સ્થાનનું નિર્માણ કરેલું. એ સ્થાન પ્રથમ દર્શને જ આનંદ આપનારું, શાંત, એકાંત, પર્વતમાળાઓથી વીંટળાયેલું હતું. ત્યાં યોગાનંદજીએ ભારતથી આંબા તથા દેવદારનાં વૃક્ષો વાવેલાં. આમ્રવૃક્ષ પર કેરી થતી. અત્યારે મહોર આવેલા. એ વૃક્ષોની નીચે બેસીને એ ભગવદ્ ગીતા શીખવતા. એક ઠેકાણે એમણે ગુલાબો ઉગાડેલાં. એવી રીતે એમની સ્મૃતિ ત્યાંના વાયુમંડળમાં ચારેકોર છવાયેલી. આશ્રમનું સ્થાન ખૂબ જ વિશાળ હતું. મનોરમ પણ એટલું જ. એમાં સાધુઓ અને સાધ્વીઓને માટે રહેવાની અલગઅલગ વ્યવસ્થા હતી. ૬૦ જેટલા સાધુઓ અને ૧૦૦ જેટલી સાધ્વીઓનો એમાં વાસ હતો. આશ્રમમાં મંદિર હતું. તેમાં કોઈ મૂર્તિ નહોતી દેખાતી. પરંતુ શ્યામાચરણ લાહિરી મહાશય, બાબાજી, યુક્તેશ્વર મહારાજ તથા યોગાનંદજીના ફોટા મુકાયેલા. વચ્ચે ઈશુનો ને ભગવાન શંકરનો ફોટો હતો. ઈશુનો ફોટો વચ્ચે મુકાયેલો એ કાંઈક અસાધારણ હતું. યોગાનંદજીએ ઈશુભક્તોને સંતોષવા માટે એવું કર્યું હોય એ બનવા જોગ છે. ખરી રીતે તો મહાવતાર બાબાજીના ફોટાને વચ્ચે રાખવામાં આવે એવી આશા રાખી શકાય.

આશ્રમનાં અધ્યક્ષ દયામાતા આશ્રમમાં ના હોવાથી મળી શક્યાં નહીં. તો પણ આશ્રમના સુંદર સ્થાનને નિહાળીને અમને ખૂબ જ સંતોષ થયો. એમના બીજા કેન્દ્રની પણ અમે મુલાકાત લીધી. એ કેન્દ્ર વિશાળ સુંદર સરોવરની આસપાસ વસેલું. પરમહંસ યોગાનંદે સૌથી પહેલાં એ જ સ્થળમાં વાસ કરેલો. એ સ્થળ કોઈ યહૂદીનું હતું. એમને સ્વપ્ન આવ્યું કે, જે એક જ ઈશ્વરનો સંદેશ આપે છે તે સંતપુરુષને આ સ્થાન ભેટ આપો. એથી એમણે એ સંપત્તિ યોગાનંદને ભેટ આપી.

ત્યાં પણ વિશાળ હૉલ ને મંદિર રચાયેલું.

ત્યાં અમને સ્વિટ્ઝર્લેન્ડના સ્વામી તુરીયાનંદ મળ્યા. એ ત્રીસેક વરસથી ત્યાં રહેતા.

એમણે કહ્યું કે, 'મને રામકૃષ્ણ મિશનના સ્વામી તુરીયાનંદજીનો મેળાપ થયો ને એમને માટે પ્રેમ થયો ત્યારથી તુરીયાનંદ નામ ધારણ કર્યું. સ્વામી રામદાસ ભારતમાંથી સ્વિટ્ઝર્લેન્ડ આવ્યા ત્યારે મારી ઈચ્છા એમને ગુરુ કરવાની હતી.'

એમણે જણાવ્યું કે, 'તમારા ગુરુ યોગાનંદ છે, ત્યાં જાવ.'

મેં કહ્યું : 'યોગાનંદ તો મૃત્યુ પામ્યા છે.'

તો તેમણે કહ્યું કે, 'એ મૃત્યુ પામ્યા નથી. તમે મૃત્યુ પામ્યા છો.'

'મેં યોગાનંદજીને ગુરુ કર્યા ત્યારથી અહીં જ રહું છું. અમેરિકનના યુવાનો કુમાર્ગે જતા'તા તેમને હવે ભક્તિનો-યોગનો માર્ગ મળ્યો છે. અમેરિકન પ્રજા ખૂબ જ સારી છે. એને આધ્યાત્મિકતાની આવશ્યકતા છે. તમારા જેવા મહાત્માઓ અહીં આવે એ જરૂરી છે. એથી પ્રજાને લાભ થશે. કેટલાંક ભળતા સંતો પણ આવે છે. એમનાથી જોઈએ એવો લાભ નથી થતો. આ માર્ગ ઉતાવળનો તો નથી જ. શાંતિનો ને ધીરજનો છે. ગુરુની કૃપાથી પાર થશે. મને જીવંત સ્થૂળ શરીરવાળા ગુરુ મળ્યા હોત તો વધારે લાભ થાત.'

મેં કહ્યું : 'તમારી શ્રદ્ધાભક્તિ હોય તો ગુરુ તેવી રીતે પણ દર્શન આપી શકે છે.'

એમને સંતોષ થયો. એ સંસ્કારી હતા. અમે વિદાય થયા ત્યારે બોલ્યા, 'બીજો જન્મ ભારતમાં મળે એવું ઈચ્છું છું. એ જ ભાવના છે.'

કેવો ભારતપ્રેમ !

મેં એમને પ્રસાદ આપ્યો. એ એમણે ભારતીય ઢબે પરમ પ્રેમપૂર્વક પ્રણામ કરીને ભારે ભક્તિભાવે ગ્રહણ કર્યો.

સ્વામી તુરીયાનંદ ખરેખર ઉચ્ચ સંસ્કારી પુરુષ હતા.

એ સ્થાનમાં મહાત્મા ગાંધીજીનાં અસ્થિને ભારતથી લાવીને પધરાવવામાં આવ્યા છે. એનું સ્વતંત્ર નાનું સરખું સ્મારક પણ જોવા જેવું છે. એ સ્થાનને નિહાળીને અમને ખૂબ જ પ્રસન્નતા થઈ.

* * *

## ૬. વેદાંત સેન્ટરમાં

લોસ એન્જેલસના હૉલીવુડ વિસ્તારમાં રામકૃષ્ણદેવની સ્મૃતિમાં સ્વામી પ્રણવાનંદે સ્થાપેલું વેદાંત સેન્ટર છે. એની અમે મુલાકાત લીધી. ત્યાં સ્વામી સોહ્નાનંદ હતા. એમને મળીને આનંદ થયો. આઠેક વરસ પહેલાં તે દિલ્હીમાં રહેતા ત્યારે ત્યાંના રામકૃષ્ણ મિશનમાં મારું પ્રવચન યોજાયેલું. તે પછી તે મસૂરી આવેલા ત્યારે ગાંધી નિવાસમાં તેમનો કાર્યક્રમ થયેલો. તે ખૂબ જ સરળ, માયાળુ, સેવાભાવી લાગ્યા.

વિશ્વવિખ્યાત હૉલીવુડ એ જ વિસ્તારમાં છે. એમાંથી અમે પસાર થયાં.

હરેકૃષ્ણ મંદિરમાં સાંજે આરતી વખતે પહોંચ્યાં ત્યારે એક ચાર-પાંચ વરસનો અમેરિકન બાળક કફની તથા ધોતિયું પહેરીને આવ્યો. એના ગળામા ઢોલક લટકાવેલું. એ બાળક એ જ રીતે મોટો થશે તો કેવો સંસ્કારી બનશે. એ વિચારથી અમને આનંદ થયો. ‘હરે કૃષ્ણ’ ના પવિત્ર પ્રવાહે એવા અનેક આત્માઓને માટે આત્મવિકાસની અવનવી ક્ષિતિજો ખોલી નાખી છે.

* * *

## ૭. સ્ટોક્ટનમાં

તારીખ ૧૬-૯-૭૮, શનિવારે લોસ એન્જેલસથી ભગવાનભાઈની મોટરમાં અમે સ્ટોક્ટન(Stockton) પહોંચ્યાં. આશરે ૪૦૦ માઈલની મુસાફરી. માર્ગમાં કપાસનાં, દ્રાક્ષના, અખરોટનાં વિશાળ ખેતરો જોવા મળ્યા. ખેતરોનો વિસ્તાર માઈલોનો છે. અમારી સાથે ભગવાનભાઈ, મહેન્દ્રભાઈ તથા મોહનભાઈ હતા. પર્વતો, મેદાનો, નહેરોથી ભરેલો પ્રદેશ આકર્ષક અને આહ્‌લાદક દેખાતો. રસ્તામાં એક ઠેકાણે ૧૫-૨૦ હજાર જેટલી ગાયો એકઠી થયેલી. અમેરિકામાં ગાયો પુષ્કળ છે. એક ગાય મણ જેટલું દૂધ આપે છે. પરંતુ દૂધ વિનાની ઘરડી ગાયોને કાપી નાખવામાં આવે છે એ સારું નથી લાગતું.

રસ્તામાં એક ઠેકાણે માતાજીનાં ચશ્માંની ફ્રેમ તૂટી ગઈ. પરંતુ પ્રભુકૃપાથી સ્ટોરમાંથી 'આંધળો ગુંદર' મળ્યો. એની મદદથી એને જોડી દેવાઈ. એ ગુંદર ખૂબ જ સખત હોય છે. એનો રસ ગમે તેવી કઠિન વસ્તુને પણ જોડી દે છે. માતાજીની મુશ્કેલી એવી રીતે ટળી શકી.

સ્ટોક્ટન પહોંચ્યા ત્યારે રાત પડી ગયેલી. વ્યોમમાં પૂનમનો ચંદ્ર શોભી રહેલો. ધીરુભાઈએ સ્નેહપૂર્વક સારી પેઠે સ્વાગત કર્યું.

* * *

ધીરુભાઈનો સ્વભાવ ખૂબ જ સારો લાગ્યો. માયાળુ, મિલનસાર, સેવાભાવી, ઉદાર, સરળ, નિર્મળ. બીજે જ દિવસે એ અમને સ્ટોક્ટનની આસપાસની ખેતીવાડી તથા નદીઓ જોવા લઈ ગયાં. બદામ, અખરોટ, દ્રાક્ષનાં વિશાળ ખેતરો એકરોના એકરો સુધી ફેલાયેલાં. વચ્ચે રસ્તા પર એક શાકભાજીની દુકાન હતી. તેની બહાર લખેલું કે અહીં ૫૩ જાતનાં ફળ ને શાકભાજી પકવવામાં આવે છે. અમેરિકામાં ખેતી યંત્રોની મદદથી જ કરવામાં આવે છે. કેવળ એક જ ખેતરમાં અમે થોડાંક મેક્સિકન લોકોને કામ કરતા જોયા. અમેરિકામાં અઢળક અનાજ પાકે છે તો પણ લોકો માંસાહાર કરે છે એ આશ્ચર્યકારક છે. એનું કારણ અનાજની અછત નથી પણ આદત છે. એ આદત બદલવી હોય તો જરૂર બદલી શકાય.

આગળ જતાં વારાફરતી ત્રણ નદીઓ આવી. એમાંની છેલ્લી ત્રીજી નદી સેક્રામેન્ટો(Sacramento) ખૂબ મોટી હતી. એમાં સ્ટીમરો હતી. માણસો મોટી સંખ્યામાં સ્ટીમલોંચો ને સ્ટીમરોમાં ફરતા દેખાયા. એક ઠેકાણે રસ્તા પરનો નદી પરનો પુલ આપોઆપ એક તરફ હઠી ગયો અને એની પાસેથી સ્ટીમરો પસાર થઈ એટલે પુલ સરખો થઈ ગયો. એ આખુંય દૃશ્ય અનોખું હતું.

ખેતીવાડીથી ભરેલો એ આખોય પ્રદેશ ખૂબ જ રળિયામણો લાગ્યો. એના પર ચાલતી વખતે ગુજરાતની કે ભારતની જ ભૂમિ પર ચાલતા હોઈએ એવું લાગવા માંડ્યું. ભૂમિ તો બધી એક ભગવાનની જ છે. જે વિભાગો ને ભેદો પાડેલા છે તે માનવે પાડેલા છે.

અમેરિકાના કેલિફોર્નિયા વિસ્તારમાં તેલ પણ પુષ્કળ પ્રમાણમાં નીકળે છે. કહે છે કે, તેલને ભવિષ્યને માટે એકઠું કરવામાં આવે અને દેશની આવશ્યકતા પૂરતું તેલ બહારથી આયાત કરાય છે. આવશ્યકતા પડશે ત્યારે અમેરિકા બીજાને તેલ આપી શકવાની સુખદ સ્થિતિમાં હશે.

રાતથી મારાં પ્રવચનોનો પ્રારંભ થયો.

ધીરુભાઈએ એક વાત ઘણી સારી કહી. એમણે જણાવ્યું કે, 'ગમે તેટલું મોડું થાય તો પણ માળા કરવાનો નિયમ પૂરો કરીને જ જમું છું. બપોરે બે-ત્રણ કે ચાર વાગે તો પણ માળા કર્યા વિના જમતો નથી. એટલો નિયમ રાખ્યો છે.'

એમનો એ નિયમ આવકારદાયક અને અભિનંદનીય હતો. અમેરિકાની ભૂમિ પર એની મહત્તા ધાર્યા કરતાં ઘણી મોટી હતી. માનવ એવી રીતે પોતાના પ્રિય, જીવનવિકાસમાં સાધક નિયમના પાલનની નિષ્ઠાને કેળવે તો એને કેટલો બધો લાભ થાય ! નિયમપાલનના આગ્રહના પરિણામે જ નિષ્ઠાનો આવિર્ભાવ થતો હોય છે. માનવનો સંકલ્પ દૃઢ હોય તો એ ગમે તેવા પ્રતિકૂળ પરિસ્થિતિવાળા પ્રદેશમાં વસીને પણ નિષ્ઠાવાળું નિયમબદ્ધ જીવન જીવી શકે છે. સંકલ્પ મજબૂત અથવા સત્ય અને સુદૃઢ ના હોય તો અનુકૂળ પરિસ્થિતિમાં પણ સ્વચ્છંદી, પ્રમાદી, અનુશાસનહીન, ઉચ્છ્રંખલ બની જાય છે.

* * *

ધીરુભાઈનો સ્વભાવ ખૂબ જ સારો હતો. એવા ઉદાર, વિશાળ, સરસ સ્વભાવવાળા માનવો ઘણા ઓછા મળે છે. એમની ઈચ્છા અમને આજુબાજુના વિસ્તારમાં લઈ જવાની હોવાથી, એક દિવસ અમે પચાસેક માઈલ દૂરના, કેલિફોર્નિયાના પાટનગર સેક્રામેન્ટો (Sacramento) શહેરમાં જઈ આવ્યા. એ શહેર સુંદર હતું. ત્યાંના ગવર્નર તરીકે કોઈક યુવાનની ચૂંટણી થયેલી. (અમેરિકામાં ગવર્નરની પસંદગી નથી થતી પરંતુ ચૂંટણી થાય છે.) એ અપરિણીત હતા. એમણે ગવર્નરને માટેના મોટા મકાનમાં રહેવાની ના પાડી ને પોતાના પુરાણા નાનકડા એપાર્ટમેન્ટમાં જ રહેવાનું પસંદ કર્યું. એમણે જણાવ્યું કે મારે એવા મોટા મકાનમાં શા માટે રહેવું જોઈએ ? મારે માટે નાનું મકાન બરાબર છે. મોટું મકાન દેશને કામ લાગશે. કેવી ઉદાત્ત ભાવના ! આપણે ત્યાં પ્રધાનો, ગવર્નરો, મુખ્યપ્રધાનો, વડા પ્રધાન, રાષ્ટ્રપતિ અને બીજા વિરાટ મકાનોમાં રહેનારા શ્રીમંતોને એવી સદ્ભાવના જાગે તો ? એવા માનવોનાં મકાનોને સજાવવા માટે જે મોટો ખર્ચ કરવામાં આવે છે તેમાં સ્વૈચ્છિક કાપ મૂકવામાં આવે તો ? દેશનું ચિત્ર કેટલું બધું બદલાઈ જાય !

પાટનગરના મુખ્ય સરકારી મકાનનું પુનઃનિર્માણ કાર્ય ચાલી રહેલું. મુખ્ય મકાનના કલેવરને અકબંધ રાખીને એમાં સુધાર થઈ રહેલો. એને માટે આશરે ૫૦ કરોડ ડૉલર મંજૂર થયેલા. મકાન નાના ધુમ્મટવાળું હોવાથી દૂરથી જોતાં મંદિરનો આભાસ ઊભું કરતું.

એ પ્રદેશમાં ઈ.સ. ૧૯૨૩થી રહેતા એક ગુજરાતી સદ્ગૃહસ્થને મળવાનો વિરલ અવસર પણ ત્યાં ઉપસ્થિત થયો. એ સદ્ગૃહસ્થ વિઝા વગર છૂપી રીતે અને વિપત્તિઓ વેઠીને અમેરિકા આવેલા. સેક્રામેન્ટો શહેરમાં એમની વિશાળ હોટલ હતી. માનવનું ભાગ્ય ક્યાં અને કેવી રાતે કામ કરે છે એ એક કોયડો છે. એમને મળીને અમને આનંદ થયો. એમણે અમારું સારી રીતે ભાવપૂર્વક સ્વાગત કર્યું. એમની હોટલમાં કાયમી કે લાંબા ગાળાના ભાડૂતો જ રહેતા હોવાથી બીજી હોટલોની સરખામણીમાં એમને નિરાંત હતી. હોટલો ને મોટેલોનો વ્યવસાય એ બાજુ ઘણો સારો ચાલે છે. દૂરદૂર ટેક્સાસ અને એથીય આગળના વિસ્તારો સુધી એ વ્યવસાયમાં પડેલાં ગુજરાતી કુટુંબો વસે છે. કેટલાક તો વધારે રકમ મળતાં મોટેલ કે હોટેલને વારંવાર વેચી પણ દે છે. એ વ્યવસાય એકંદરે લાભકારક છે. એક ભાઈએ કહ્યું પણ ખરું કે બીજા વ્યવસાયો કરીએ તો અમેરિકનોની આગળ ટકી શકાય તેવું નથી. એક આ જ વ્યવસાય અનુકૂળ છે.

કેટલાંક પંજાબી પરિવારો અમેરિકામાં મોટી જમીનો ધરાવે છે અને આધુનિક સાધનોની મદદથી ખેતી કરીને સારું કમાય છે. કેટલેક ઠેકાણે ગુરુદ્વારા પણ જોવા મળે છે. ગુજરાતી ભાઈઓનું ધ્યાન પણ એ વ્યવસાય તરફ વળવા માંડ્યુ છે. પરંતુ તદ્દન નજીવી સંખ્યામાં. મોટે ભાગે તો એમનો રસ હોટેલો તથા મોટેલો પ્રત્યે જ કેન્દ્રિત થયેલો છે.

* * *

## ૮. અમેરિકન જિજ્ઞાસુ

(Stockton) સ્ટોક્ટનના નિવાસ દરમિયાન એક વાર મરસેદ (Merced) અને બીજી વાર ટ્રેસી (Tracy) એમ બંને શહેરોમાં પ્રવચનો કરવા જવાનું થયું. ટ્રેસીમાં એક અમેરિકન ભાઈ આવેલા. એમણે જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

મનની શાંતિ માટે ખાસ શું કરવું જોઈએ ?

ધ્યાન.

કેવી રીતે ?

આસન પર બેસીને વિચારોને શાંત કરવા. મનને બંને ભ્રમરની મધ્યમાં સ્થિર કરવું.

કોઈ મંત્રનો આધાર લેવો જોઈએ ?

આવશ્યકતા હોય તો લેવો જોઈએ. ધ્યાનમાં મંત્ર અનિવાર્ય નથી.

ધ્યાન ક્યારે કરવું જોઈએ ?

વહેલી સવારે ને સાંજે કે રાતે. કોલાહલ કે બાહ્ય પ્રવૃત્તિ ના હોય ત્યારે. શાંત વાતાવરણમાં પેટ ખાલી હશે તો મદદ મળશે.

એમને અંતરંગ સાધનાના અભ્યાસક્રમની અભિરુચિ હતી.

**યશોમતી પાર્ક**

સ્ટોક્ટનના નિવાસ દરમિયાન ત્યાંથી આશરે સવાસો માઈલ દૂરના યશોમતી પાર્ક (Yasomite Park) સ્થાનની મુલાકાત લીધી. ભારતીય જેવા લાગતા એ નામનું મૂળ ભારતીય નથી, અમેરિકન છે. ત્યાં કોઈ સુંદર બાગ પણ નથી, પરંતુ લગભગ સાત હજાર ફીટની ઊંચાઈ પર વિશાળ પર્વતીય મેદાન, ચીડનાં વૃક્ષોનું વન, ઉત્તુંગ પર્વતમાળા, અને એની ઉપરથી પડતા દૂરથી દેખાતા ધોધ છે. આખુંય સ્થળ ગંગોત્રીમાર્ગની કોઈક લંકાચટ્ટી જેવી સુંદર ચટ્ટીની યાદ આપે છે. એના અવલોકન અને આસ્વાદ માટે પ્રવાસીઓ ટોળે વળે છે.

ત્યાંથી સામે દેખાતી પર્વતમાળાનું ને ગ્લેશિયર પૉઈન્ટ પરથી દેખાતી ઊંડી ખીણનું દૃશ્ય આહ્લાદક છે.

માર્ગમાં જતાં સુંદર પર્વતમાળા, મોટાં મેદાનો, વિશાળ વૃક્ષો અને સરિતા આવે છે. કહે છે કે સાનફ્રાન્સિસ્કો શહેરને એ જ સરિતાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

સ્ટોક્ટનથી ત્યાં મોટરમાં પહોંચતા લગભગ સાડા ત્રણ કલાક લાગ્યા.

પર્વત પર એકઠા થયેલા પ્રવાસીઓ સૂર્યકિરણોનો આનંદ લેતા ફરી રહેલા. કોઈ તો ઉઘાડા શરીરે સૂર્યસ્નાન કરતા હતા.

પ્રવાસીઓની એ મંડળીમાં અમે એક મરાઠી કુટુંબને પણ જોયું. એ કુટુંબની સન્નારીએ મરાઠી ઢબનો સાલ્લો પહેરેલો એટલે એ જુદી જ તરી આવતી.

હિમાલયનાં કુદરતી સૌન્દર્યથી સંપન્ન એકેકથી અધિક આહ્લાદક દૃશ્યોને અવલોકનારને યશોમતી પાર્કનું દૃશ્ય એટલું બધું આહ્લાદક, અસાધારણ અને વિસ્મયકારક નહીં લાગે તો પણ કેલિફોર્નિયાનાં સુંદર સ્થળોમાં એની ગણના થાય છે. ત્યાંની દ્રષ્ટિએ એ આકર્ષક મનાય છે. અને પ્રવાસીઓને આકર્ષક અને આહલાદક લાગશે એમાં શંકા નથી.

પર્વતારોહણના પ્રેમીઓ ત્યાંના ઉત્તુંગ સીધા સૂકા પર્વત પર ચઢવાનો પ્રયાસ કરે છે. એમની સાહસવૃત્તિ એમને લલકારે છે. એમનામાંથી કેટલાક મૃત્યુ પણ પામે છે.

કેટલાક ચાલતા ઘર જેવી સગવડવાળી મોટરોમાં આવીને પ્રદેશમાં જુદાંજુદાં સ્થળોમાં સ્વેચ્છા પ્રમાણે સ્વતંત્રતાનો આનંદ અનુભવતાં વસે છે પણ ખરા.

* * *

## ૯. સાનફ્રાન્સિસ્કો

સ્ટોક્ટનથી સાનફ્રાન્સિસ્કો (San Francisco) લગભગ ૭૫ થી ૮૦ માઈલ જેટલું દૂર છે. તારીખ ૨૬ સપ્ટેમ્બરને દિવસે સાંજે અમે ત્યાં પહોંચ્યા. શહેરમાં પ્રવેશતાં પહેલાં સમુદ્ર પર સાતેક માઈલ લાંબો પુલ આવ્યો. પુલની નીચેથી મોટરો ચાલે છે ને સમુદ્રની નીચેના ભૂગર્ભમાર્ગ પરથી રેલવે પસાર થાય છે. શહેર મોટાં મકાનો ને ગીચ વસતિવાળું છે. પ્રથમ દૃષ્ટિએ ઘણી સારી છાપ નથી પાડતું. કોલંબસે ૨૦૦ વરસ પહેલાં એ સ્થળ શોધીને અમેરિકાની શોધ કરેલી. એટલે તો એની સ્મૃતિમાં કોલંબસની મૂર્તિ મુકાયેલી છે. ત્યાં અમારો ઉતારો રોયલ હોટેલમાં હતો. એ જ રાતથી મારાં પ્રવચનો શરૂ થયાં. પ્રથમ દિવસના પ્રમાણમાં પ્રવચનની ઉપસ્થિતિ સંતોષકારક હતી. આસ્તા ગામના શ્રી ભુલાભાઈ વનમાળીએ તેમની હોટેલમાં નીચે સુંદર વિશાળ હૉલ કર્યો છે. ત્યાં જ પ્રવચનમાળાનો આરંભ થયો.

સ્ટોક્ટનથી સાનફ્રાન્સિસ્કો આવતાં રસ્તામાં ઓકલેન્ડ નગર આવ્યું. એ નગરનો વિસ્તાર પણ ઘણો વિશાળ દેખાયો.

સાનફ્રાન્સિસ્કોમાં ટ્વિન પીક હિલનો વિસ્તાર ખાસ જોવા જેવો છે. પર્વત પરના એ દર્શનીય સ્થાનને જોવા માટે જનતા મોટી સંખ્યામાં ઊમટે છે. ત્યાંથી નીચે અને આજુબાજુ દૂરદૂર સુધી નગરનાં અસંખ્ય ઉત્તુંગ મકાનો જોવા મળે છે. ક્ષિતિજમાં વિશાળ સમુદ્ર છે. નગરની વસતી લગભગ આઠેક લાખની ગણાય છે. એની લાઈટો રાતે ઝગમગે છે. તેમનું દૃશ્ય એ પર્વતીય સ્થળ પરથી ખૂબ જ હૃદયંગમ લાગે છે.

ટ્વિનહીલથી બીજી તરફ જતાં જાપાનીઝ ટી ગાર્ડન આવે છે. એ ગાર્ડન ખૂબ જ વિશાળ છે. ત્યાંથી આગળ વધતાં ગોલ્ડન ગેટ બ્રિજ આવે છે. પ્રવાસીઓને અથવા કુદરતી સૌન્દર્યના રસિયાઓને એ સ્થાન ગમે તેવું છે. ત્યાં સુંદર ઉદ્યાન અને સામે જ સુવિશાળ મહાસાગર દેખાય છે. સામે જ સુંદર સુદૃઢ પુલ છે. એની વિશેષતા એ છે કે એની રચના બે જ મજબૂત થાંભલા પર કરવામાં આવી છે. પુલ પર મોટરો દોડે છે. નીચે સમુદ્રમાં સ્ટીમરો ફરે છે. સમુદ્રમાં થોડેક દૂર બેટ દેખાય છે. ત્યાં પહેલાંના જમાનામાં રીઢા ભયંકર ગુનેગારોને કેદીઓ તરીકે રાખવામાં આવતા. ભયંકર યંત્રણાથી કંટાળીને કોઈક કેદી એક વાર ત્યાંથી નાસી છૂટીને સમુદ્રમાં પડ્યો અને તરતાં તરતાં આગળ વધ્યો. સમુદ્રના બરફ જેવા ઠંડા પાણીની અસર નીચે આવીને એ આખરે મરણ પામ્યો. એના મનનો મનોરથ મનમાં જ રહી ગયો.

સાનફ્રાન્સિસ્કોમાં જુદાજુદા દેશોની પ્રજાઓ વસે છે. એથી એ પચરંગી શહેર કહેવાય છે.

સિમલાના રસ્તાની સ્મૃતિ કરાવતા ઉપરના માર્ગથી છેક નીચે લઈ જતો વાંકોચૂકો માર્ગ પણ એ શહેરની વિશેષતા છે. એ માર્ગથી આગળ વધતાં કોલંબસની પ્રતિમા આવે છે. એની નીચેના ભાગમાં બંદર છે અને બીજી બાજુએ વિશાળ મકાન છે. એની ઉપર લીફ્ટની મદદથી ચઢવાથી નગરનું સરસ વિહંગાવલોકન કરી શકાય છે.

નગરમાં ભૂગર્ભ રેલવે છે અને ટ્રામ પણ ચાલે છે. રસ્તા પરથી પાટાની મદદ વગરની ટ્રામો પણ પસાર થાય છે. અમે એક દિવસ ભૂગર્ભ રેલવેમાં બેઠાં પણ ખરાં.

*

સાનફ્રાન્સિસ્કોમાં બનારસથી આવેલા ડૉ. રામમૂર્તિ મિશ્રાનો આશ્રમ છે. એમને બીજો મોટો આશ્રમ ન્યૂયોર્કમાં છે. એમાં આસનોની સાથે સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે છે. એ સાધકોને માટે આશીર્વાદરૂપ છે. અમેરિકાની પ્રજામાં યોગ પ્રત્યે વિશેષ પ્રેમ દેખાય છે એટલે એ દેશમાં યોગના પ્રસાર માટે સારો અવકાશ છે. યોગની સાધના એટલી બધી વૈજ્ઞાનિક તથા તર્કબદ્ધ છે કે કોઈ પણ ધર્મ, પંથ કે સંપ્રદાયમાં માનનારા માનવને એમાં રસ પડે છે. પરંપરાગત ધર્મ, પંથ કે સંપ્રદાયનો વિશ્વાસ એની વચ્ચે આવતો નથી.

સાનફ્રાન્સિસ્કો પાસે ઓકલેન્ડમાં મુંબઈના ગણેશપુરીવાળા સ્વામી મુક્તાનંદનો આશ્રમ આવેલો છે. પહેલાં ત્યાં હોટલનું મકાન હતું એમ કહેવાય છે. આશ્રમમાં નીચે વિશાળ હૉલ છે; આધુનિક ઢબનો ભોજનખંડ અને પુસ્તકોનો વેચાણ વિભાગ છે.

બર્કલી વિસ્તારમાં હરે કૃષ્ણ મંદિર જોયું. પહેલાં એ મંદિર સાનફ્રાન્સિસ્કો શહેરમાં હતું પરંતુ ત્યાંની આજુબાજુની જનતાએ કોલાહલ થતો હોવાની ફરિયાદ કરવાથી સ્થાનપરિવર્તન કરવું પડ્યું. બર્કલીનું મંદિર એવી રીતે અસ્તિત્વમાં આવ્યું.

મંદિરની બહાર તુલસીને ઉગાડવાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

અમેરિકામાં પ્રાદુર્ભાવ પામેલા તથા પરિપુષ્ટ બનેલા ભક્તિના પાવન પ્રવાહની અમોઘ અસર નીચે આવીને અસંખ્ય આત્માઓએ આહાર અને આચારવિચાર બદલ્યા છે તેમ જ પ્રભુભક્તિના પંથે પ્રયાણ કર્યું છે. એમને અવલોકીને આનંદ અથવા સંતોષાનુભવ થાય એ સ્વાભાવિક છે.

સાનફ્રાન્સિસ્કોમાં વેદાંત સોસાયટીના સ્થાનને નિહાળવાનો અવસર મળ્યો. એ સ્થાન શહેરના સુંદર શાંત વિસ્તારમાં આવેલું. ત્યાં પ્રાર્થના તથા પ્રવચન માટે વિશાળ ખુરશીવાળો હૉલ હતો. એમાં સામે જ રામકૃષ્ણ દેવ, શારદાદેવી, વિવેકાનંદ, બુદ્ધ અને ઈશુની પ્રતિમાઓ મુકાયેલી. વિશાળ હૉલમાં ત્રણથી ચાર દર્શનાર્થી બેઠેલા.

* * *

## ૧૦. સેક્રામેન્ટોમાં

નવરાત્રિના પવિત્ર પર્વદિવસોમાં ઠેરઠેર ગરબા થાય છે. પરદેશમાં વસતા ગુજરાતીઓએ એ પ્રથાને સાચવી રાખી છે. એને લીધે એ દિવસોમાં પ્રવચનો ભાગ્યે જ કરી શકાય. નવરાત્રિના એ દિવસો દરમિયાન કોઈ શાંત સ્થળમાં મોટેલમાં રહેવાની ઈચ્છા થઈ. જગદંબાએ એ ઈચ્છાને કેવી રીતે પૂરી કરી તે પણ જાણવા જેવું છે. એના પરથી એની અહૈતુકી કૃપાનો ખ્યાલ આવે છે.

સાનફ્રાન્સિસ્કોમાં મારાં પ્રવચનોમાં પ્રથમ દિવસે જ આવેલા એક ભાઈએ મારી પાસેથી મંત્ર લેવાની ઈચ્છા દર્શાવી. મારા સૂચનને અનુસરીને એ એમની પત્ની સાથે બીજે દિવસે મારી પાસે આવ્યા ત્યારે સહજ રીતે જ કહેવા લાગ્યા, 'તમે મારે ત્યાં વધારે નહીં તો એકાદ બે દિવસ માટે પણ પધારો એવી મારી ઈચ્છા છે. હું તમને લઈ જઈશ અને તમે કહેશો ત્યાં મૂકી જઈશ.'

'તમે ક્યાં રહો છો ?'

' અહીંથી ૭૦-૮૦ જેટલા માઈલ દૂર સેક્રામેન્ટો શહેરમાં.'

'શું કરો છો ?'

'ત્યાં મારી મોટેલ છે.'

'ત્યાં નવરાત્રિના ગરબા થાય છે ?'

'ના, નથી થતા.'

મેં એમની પ્રાર્થનાને માન્ય રાખી.

પરમાત્માની પરમ સનાતની શક્તિ કેવી રહસ્યમય રીતે કાર્ય કરે છે અને મારા જીવનની પળેપળનું ધ્યાન રાખે છે એનું આ એક નાનું સરખું ઉદાહરણ છે. જે એને ભજે છે, સ્મરે છે, તથા સમર્પિત થાય છે એની સઘળી સંભાળ એ જ રાખે છે. સેક્રામેન્ટો જવાનો માર્ગ એવી રીતે મોકળો થયો.

આસો સુદ ૧, મંગળવારે, ૩-૧૦-૧૯૭૮ના દિવસે સાંજે અમે કેલિફોર્નિયાના એ સુંદર પાટનગરમાં પ્રવેશ કર્યો. એ સુંદર શહેરમાં એ અમારો પુનઃપ્રવેશ હતો.

*

અમેરિકમાં રહેતા ભારતીયોનું ધ્યાન સ્વાભાવિક રીતે જ ધન કમાવા તરફ હોય છે. પરંતુ એમનો ભારતીય સંસ્કૃતિ, ધર્મ તથા શાસ્ત્રો સાથેનો સંબંધ ઓછો થતો જાય છે. મોટા ભાગના ભારતીયો નથી રહી શકતા ભારતીય અને નથી બની શકતા અમેરિકન. એ વચ્ચે જ ત્રિશંકુ જેવા રહી જાય છે. એમાંય યુવકો, યુવતીઓ ને બાળકોની સમસ્યા ખૂબ જ અટપટી છે. એમના શિક્ષણનું ને સંસ્કારોનું શું ?

સેક્રામેન્ટોમાં મને એક ભાઈએ વાતવાતમાં જણાવ્યું કે મારી આઠ વરસની છોકરી કહે છે કે હું, મોટી થઈશ ત્યારે ટેલિવિઝન પરની એક્ટ્રેસ બનીશ. નાની છોકરી કહે છે કે, ભગવાનની ભક્તિ કરીશ. એ બંને વચ્ચે સંસ્કારોનો સુમેળ કેવી રીતે સાધવો એ સવાલ છે. એ છોકરીઓ આગળ પર કેવી થશે ? એમને ભારતની કોઈ સારી શિક્ષણસંસ્થામાં શિક્ષણ માટે દાખલ કરવાનો વિચાર કરી રહ્યો છું.

મેં એમના વિચારને વધાવ્યો.

અમેરિકામાં સામાન્ય રીતે એવી ફરિયાદ છે કે યુવાનો અને યુવતીઓનો નોંધપાત્ર વર્ગ વિકૃત વિચારો તથા વ્યવહારવાળો અને વ્યસની તેમ જ સ્વચ્છંદી બનતો જાય છે. ભારતીય યુવાનોને ને યુવતીઓને એમનો ચેપ ના લાગે એ આવશ્યક છે. જીવનમાંથી સદ્‌ગુણો અને સંસ્કારો ગયા તો બીજું બધું જ ગયું એવું પણ સમજી લેવાનું.

સેક્રામેન્ટોમાં એક દિવસ ગુજરાતીઓના ગરબાના કાર્યક્રમમાં મારું વિશેષ પ્રવચન થયું.

*

અમેરિકાની પ્રજાની પ્રામાણિકતા ખાસ ધડો લેવા જેવી છે. એક દિવસ અમે સેક્રામેન્ટોથી વુડલેન્ડ નગર જઈને બીજે રસ્તે પાછા ફરી રહેલા. માર્ગમાં વિશાળ ખેતરોની વચ્ચે એક દુકાન આવી. દુકાન ઉઘાડી હોવા છતાં તેમાં કોઈ દુકાનદાર ન હતા. બહાર સૂચનાપાત્ર લગાડેલું કે દુકાનદાર કોઈ જરૂરી કામે બહાર ગયા છે. જેમને જે વસ્તુ જોઈતી હોય તે પોતાની મેળે લઈ જાય અને પાસે પડેલી પેટીમાં કિંમત પ્રમાણેની રકમ નાખી જાય.

ફળ તથા શાકભાજીની એ દુકાને જતી-આવતી કેટલીક મોટરો રોકાતી, જેમને જે કાંઈ ખરીદવું હોય તે ખરીદતા, અને પેટીમાં પૈસા નાખીને વિદાય થતા.

એવું તો ત્યાં ઠેરઠેર દેખાતું.

ખેતરોમાં બદામ, દ્રાક્ષ, અખરોટનો પાર વિનાનો પાક હોવા છતાં વાડ નહોતી દેખાતી કે ચોકીદાર અથવા રખેવાળો નહોતા મળતા. કેટલેક ઠેકાણે લીંબુ તથા દાડમની વાડો હતી. પરંતુ એમને કોઈ અડતું નહીં. પરધનને પથ્થર માનવાનો મહામંત્ર ત્યાં સંપૂર્ણપણે ચરિતાર્થ થયેલો દેખાતો. ભારતમાં એવી પ્રામાણિકતાનો અધિકાંશ અભાવ છે એ એક હકીકત છે. એને લીધે દેશ અન્ય સાધનસામગ્રીની પ્રચુરતા હોવા છતાં જોઈએ તેવી પ્રગતિ નથી કરી શક્યો.

*

**હજામતના દર**

સેક્રામેન્ટોમાં માતાજીના માથાના વાળ વધી ગયેલા તેમને સાફ કરાવવા માટે એક વાળ કાપનારાની દુકાનમાં ગયા. વાળ કાપનારને વાળ કાઢી નાખવાની વાત સાંભળીને નવાઈ લાગી. એણે આનાકાની કરી, ના પાડી, અને સ્ત્રીઓને માટેની સ્વતંત્ર દુકાનમાં જવાનું કહ્યું. એને શંકા થઈ કે વાળ કઢાવીને કોઈ બળજબરી વાળ કાઢવાનો દાવો માંડે તો ?

એને સમજાવવાનો પ્રયાસ કર્યો કે કોઈ દાવો માંડે તેમ નથી. અમે ધર્મપ્રચાર માટે આવ્યાં છીએ અને ધાર્મિક આવશ્યકતા તરીકે સ્વેચ્છાથી મુંડન કરાવીએ છીએ, ત્યારે એણે માંડમાંડ મુંડન કર્યું.

મુંડનના એણે સાડાત્રણ ડૉલર લીધા – એટલે ભારતના લગભગ ૨૮ રૂપિયા.

પરંતુ માતાજીને વાળને લીધે માથે ભાર લાગતો ને કોઈ વાર દુઃખાવો રહેતો તે દૂર થયો.

એમને રાહત થઈ.

* * *

## ૧૧. બાલ્ટિમોર અને વૉશિંગ્ટન

વિજયાદશમીના પવિત્ર દિવસે સાનફ્રાન્સિસ્કોથી વિમાનમાં નીકળીને લગભગ ૩૦૦૦ માઈલનું અંતર કાપીને પોણા છ કલાકના પ્રવાસ પછી અમે બાલ્ટિમોર પહોંચ્યા. બાલ્ટિમોર અમેરિકાનું છઠ્ઠા નંબરનું શહેર ગણાય છે. વિમાનની ટિકિટ ૪૩૬ ડૉલર થઈ. એટલે એક ટિકિટના ૨૧૮ ડૉલર.

બાલ્ટિમોરથી અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન લગભગ ચાલીસ માઈલ દૂર હોવાથી ૧૪-૧૦-૧૯૭૮, શનિવારે અમે એની ઊડતી મુલાકાત લીધી. એ દિવસે વહેલી સવારથી જ વાદળ, વરસાદ, પવનને લીધે ઠંડીનું પ્રમાણ કાંઈક વધારે હતું. વૉશિંગ્ટન પહોંચ્યા પછી થોડાક સમય સુધી એવું વાતાવરણ રહ્યું. વૉશિંગ્ટન નગર પ્રમાણમાં નાનું હોવા છતાં રળિયામણું લાગ્યું.

નગરમાં અમેરિકાના સૌથી પ્રથમ પ્રમુખ વૉશિંગ્ટનનું સ્મારક ખાસ જોવા જેવું છે. ૫૫૦ ફીટ જેટલી ઊંચાઈવાળા એ સ્મારકની સમીપે જ સુંદર વિશાળ સરિતા છે. એને લીધે એ સવિશેષ સુંદર દેખાય છે. સ્મારકની ઉપર ઠેઠ સુધી પહોંચવા માટે લિફ્ટની સરસ વ્યવસ્થા છે. ઉપર પહોંચ્યા પછી જુદીજુદી દીશાની બારીઓમાંથી નગરનાં જુદાંજુદાં દૃશ્યોને જોઈ શકાય છે. એ દૃશ્યો ખૂબ જ હૃદયંગમ લાગે છે.

એ વિસ્તારમાં પ્રસિદ્ધ વ્હાઈટ હાઉસ, સેનેટ હાઉસ, અબ્રાહમ લિંકનનું સ્મારક, પ્રમુખ જેફરસન તથા કેનેડીનું સ્મારક અને એવાં અન્ય સ્થળો આવેલાં છે. એ સ્થળો દર્શનીય છે.

સમીપવર્તી સરિતાને નિહાળીને મને ગંગા, યમુના, નર્મદા તથા તાપીનું સ્મરણ થયું. એ સરિતા એવી વિશાળ છે.

ત્યાંનું મ્યુઝિયમ પણ જોવાલાયક છે.

અમારી સાથેના એક અમેરિકાવાસી સદ્ગૃહસ્થે જણાવ્યું કે કાગડા બધે જ કાળા હોય છે તેમ અમેરિકામાં પણ બધું જ સારું છે એવું નથી. અહીં પણ લાંચરુશ્વત, ચોરી, ભ્રષ્ટાચાર ચાલે છે અને ઘણા મોટા પ્રમાણમાં ચાલે છે. બાલ્ટિમોરના ગર્વનરને હમણાં એને લીધે જ છૂટા થવું પડ્યું છે. વર્તમાનપત્રોએ એમને માટે ખૂબ જ ઊહાપોહ કરીને એમના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડેલો. અમેરિકા એકલા દેવોનો દેશ છે એવું નથી સમજવાનું. જ્યાં દેવ વસે છે ત્યાં દાનવો પણ વસતા હોય છે. આ દેશમાં નગ્નતાના પ્રદર્શનની પ્રવૃત્તિ પણ જોરશોરથી ચાલી રહી છે. એને મનના આરોગ્યની નિશાની ના કહી શકાય.

બાલ્ટિમોરનો સમય કેલિફોર્નિયાથી ત્રણ કલાક આગળ છે.

*

**પ્રવચનકારો પ્રત્યેની પ્રતિક્રિયા**

ભારતના સંતો, ભક્તો, પ્રવચનકારો, કથાકારો, ધર્મપ્રચારકો વિશે એ બાજુના ભારતીય પુરુષોમાંના કેટલાકમાં કેવા ખ્યાલો પ્રવર્તે છે એ પણ જાણવા જેવું છે.

ન્યૂયોર્કના ગીતામંદિરમાં મારાં પ્રવચનો માટેની તારીખો નક્કી થઈ પરંતુ ત્યાં રહેવાની વ્યવસ્થા ના હોવાથી રહેવા માટેનું સ્થાન શોધવાની આવશ્યકતા ઊભી થઈ. જ્યાંજ્યાં શક્યતા જેવું લાગ્યું ત્યાંત્યાં પુછાવી

જોયું પરંતુ ક્યાંય અનુકૂળતા જેવું ના લાગ્યું. જગ્યાવાળા પાસે દિલનો અભાવ હતો અને દિલવાળા પાસે જગ્યા નહોતી એવો અનુભવ થયો.

છેવટે અમે ગુજરાતી સમાજના એક કાર્યકર્તાનો સંપર્ક સાધ્યો.

એમણે જણાવ્યું: 'હમણાંહમણાં એટલા બધા ધર્મપ્રચારકો આવી ગયા છે કે લોકો કંટાળી કે થાકી ગયા છે. બધા જ ફંડફાળા લેવા માટે આવે છે. લોકો કેટલાકને આપે ?'

મેં કહ્યું : 'મારે કોઈ પ્રકારનો ફાળો નથી કરવાનો.'

એમણે કહ્યું : 'તો તો સારું પરંતુ બધા પહેલાં એવી જ વાત કહેતા હોય છે ને પાછળથી ફાળાની જ વાત કરે છે.'

'હું એવું નથી કરતો.'

'તો પછી અહીંના સ્વામીનારાયણ મંદિરમાં, 'હું ફાળો નથી કરવાનો' એવી શરતે વાત કરી જોઈશ ને ત્યાં રહેવાની વ્યવસ્થા થઈ શકશે તો તમને જણાવીશ.'

મેં કહ્યું : 'રહેવાની વ્યવસ્થા થાય કે ના થાય તો પણ જણાવજો.'

એમણે જણાવ્યું કે, હું આજે સાંજ સુધીમાં જણાવીશ.

એ ભાઈના શબ્દો ખૂબ જ સૂચક હતા. એ શબ્દો ત્યાં પહોંચનારા કથાકારો અને ધર્મપ્રચારકોની પ્રવૃત્તિ તથા તેની પ્રતિક્રિયા પર પ્રકાશ ફેંકતા હતા. એ પ્રતિક્રિયા ઘણી કરુણ હતી. તંદુરસ્ત તો નહોતી જ. ફાળા કરનારાઓને ફાળા આપતા રહેવું અને એમની વિરુદ્ધ વાતો કરવી એ બરાબર નથી. કાં તો ફાળો આપવો જોઈએ કે પછી એની સામે પ્રતિબંધ ફરમાવવો જોઈએ.

ફાળા કરનારાએ પણ એ પ્રવૃત્તિની પ્રતિક્રિયા વિશે વિચારીને આદર્શ રીતે વર્તવાનો આગ્રહ રાખવો જોઈએ, જેથી બીજાને માટે ખોટા ખ્યાલો ઊભા ના થાય, એમને લીધે અન્યને સહન કરવું ના પડે, અન્યનો માર્ગ અવરોધાય નહીં. અને ધર્મપ્રસારની પ્રવૃત્તિ વગોવાય નહીં.

ન્યૂયૉર્ક તરફની પરિસ્થિતિ જરાક જુદી છે. નોકરી કરનારા અને ભાડે રહેનારા માણસો પાસે મોટી જગ્યાનો અભાવ હોવાથી અને અન્ય એવા જ પ્રશ્નોને લીધે એ અન્યને ઉતારતાં સંકોચ અનુભવે છે.

પેલા આદર્શવાદી કાર્યકર્તાએ પોતાના કહ્યા પ્રમાણે સાંજ સુધી કશા સમાચાર ના આપ્યા, એ કરુણતા કાંઈ ઓછી ન હતી. બીજાને માટેના આદર્શની વાતો કરનારા પોતાના જીવનને આદર્શ અથવા વાસ્તવવાદી બનાવવાનો આગ્રહ રાખે તો ? સમાજને કેટલો બધો લાભ થાય ? પરંતુ આજના સમાજની સમસ્યા એ પણ છે. અન્યને અવલોકનારો માનવ પોતાને નથી અવલોકતો. જે બીજાનો કાજી બને છે તે પોતાનો જ કાજી નથી બનતો.

*

ન્યૂયૉર્કથી એક બીજા સદ્‌ગૃહસ્થે સમાચાર આપ્યા કે ત્યાં હરે કૃષ્ણ મંદિરના ગેસ્ટ-હાઉસમાં રોજના પંદર ડૉલરના ભાડાથી રહેવાની વ્યવસ્થા થઈ શકે છે. રહેવાની સાથે બીજી સમસ્યાઓ પણ વિચારવાની હતી. ભોજનની, પ્રવચનના સ્થળ સુધી રોજરોજ પહોંચવાની વગેરે. એ સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ ના દેખાય ત્યાં સુધી ત્યાં જવાનું સ્વાભાવિક રીતે જ મુલતવી રાખ્યું.

આરકેન્સસથી ભારતીબહેને ખૂબ જ ભાવભીનું આગ્રહપૂર્વકનું આમંત્રણ આપ્યું. બાલ્ટિમોરથી ત્યાં પહોંચતા વિમાનમાં ત્રણ કલાક લાગે છે. પરંતુ સંજોગવશાત્ ત્યાં જવાનું મુલતવી રાખ્યું. એમણે જણાવ્યું કે શિયાળામાં પણ ત્યાં વધારે ઠંડી નથી પડતી. સાધના તથા સત્સંગ માટે વાતાવરણ ખૂબ જ સારું છે.

પરંતુ ઈશ્વરની પ્રેરણા પ્રમાણે અમે કેનેડા જવાનો નિર્ણય કર્યો. હવે વાતાવરણ બદલાયેલું અને ઠંડી શરૂ થવા માંડેલી.

* * *

## ૧૨. ટોરન્ટોમાં

કેનેડાનું પ્રખ્યાત શહેર ટોરન્ટો બાલ્ટિમોરથી વિમાનમાર્ગે ત્રણ કલાક દૂર છે. બે ટિકિટના ૧૩૦ ડૉલર થયા. વિમાન વચ્ચે બે શહેરોમાં ઊભું રહ્યું. ટોરન્ટોના વિમાનઘર પર સુરેશ તથા રાજેન્દ્ર બંને ભાઈઓ લેવા આવેલા.

ટોરન્ટો કેનેડાના સુંદર, સ્વચ્છ, મોટાં શહેરોમાંનું એક છે. એમાં ભારતીયોની વસતિ ઘણી મોટી સંખ્યામાં છે.

ટોરન્ટોના વિમાનઘર પર બહાર આવતી વખતે ચાલવાનું અંતર પ્રમાણમાં ખૂબ જ મોટું છે. મોટી ઉંમરના અશક્ત માણસોને થોડીક મુશ્કેલી પડે તેવું. માતાજીને થોડીક મુશ્કેલી લાગી તો પણ ખાસ હરકત ના આવી. જે પરમ શક્તિ એમને એટલે દૂર લાવેલી એ જ એમની સર્વ પ્રકારે સંભાળ રાખી રહેલી.

*

ડુંગર દૂરથી રળિયામણા એ ઉક્તિ અમેરિકા અને કેનેડા જેવા દેશોને પણ લાગુ પડે છે. ભૌતિક રીતે સમૃદ્ધ ગણાતા એ દેશો નૈતિક અથવા આધ્યાત્મિક રીતે જોતાં એટલા સમૃદ્ધ નથી જણાતા. યુવાનો ને યુવતીઓનો એક નોંધપાત્ર વર્ગ વ્યસનો, માદક પદાર્થોના વધારે પડતા સેવન, સ્વચ્છંદ અને જાતીયતાના અતિરેકનો શિકાર બનેલો છે. ટોરન્ટોની યંગ સ્ટ્રીટ એને માટે પ્રખ્યાત છે. ત્યાં વેશ્યાલયો ચાલે છે અને રાતે છાકટા લોકો ફરતા દેખાય છે. સાનફ્રાન્સિસ્કોનાં રેસ્ટોરાંમાં નગ્ન પરિચારિકાઓનો રિવાજ છે તેમ ટોરન્ટોના યંગ સ્ટ્રીટ પરનાં રેસ્ટોરાંમાં ટોપલેસ વેઈટ્રેસનો એટલે કે કમરની ઉપરના ઉઘાડા શરીરવાળી પરિચારિકાઓની પ્રથા પ્રવર્તમાન છે. ટોરન્ટોના એક મંત્રીએ એ પ્રથા સામે વિરોધ જગાવીને એની નાબૂદી માટે કમર કસી છે પરંતુ એનાં મૂળિયાં, અને એ પણ માનવમનમાં ઘણાં જ ઊંડા છે. એ પ્રથાના ચાહકો કે પુરસ્કર્તાઓ ઘણા છે. જાતીયતાને આ દેશોમાં સારી રીતે ચગાવવામાં, ભડકાવવામાં ને વટાવવામાં આવે છે. એનાં સર્વત્ર ખુલ્લાં પ્રદર્શનો થાય છે. જે એના ભોગ બને છે તે બધી રીતે બરબાદ થાય છે. ભૌતિક રીતે એ દેશો ગમે તેટલા આગળ વધ્યા હોય તો પણ પ્રકૃતિની ઉપાસના, ઈન્દ્રિયલોલુપતા અને પશુતાનું પોષણ કરતા હોવાથી એમને આદર્શ, અભિનંદનીય, અનુકરણીય કહી શકાય નહીં. ભારતવાસીઓએ એમનાથી અંજાઈ જવાની ને લઘુતાગ્રંથિમાં પડવાની પણ આવશ્યકતા નથી. ભારત ભૌતિક રીતે પછાત તથા ગરીબ હોવા છતાં એની પરંપરા, પ્રથા તથા પરિસ્થિતિ અનેકગણી મહાન છે. એ મહાન અને આદર્શ બની શકે તેમ છે. આપણે માટે નાસીપાસ કે નિરાશ થવાનું કોઈ જ કારણ નથી દેખાતું. જાગ્રત થઈને સાથે મળીને આપણાં સાધનોનો સમુચિત વિકાસ કરીને આગળ વધીએ તો ઘણું જ સારું કામ કરી શકીએ.

ટોરન્ટો શહેરની વસતિ બારેક લાખની કહેવાય છે, અને શહેરમાં મોટરો છત્રીસ લાખ જેટલી છે. આ બાજુ બધે જ મોટરો લોન પર મળતી હોવાથી મોટરોને વસાવવાનું સહેલું છે. ભારતની પરિસ્થિતિ જુદી છે.

ટોરન્ટોમાં સાયન્સ સેન્ટર ખાસ જોવા જેવું છે.

શૉપિંગ સેન્ટર પર પણ દૃષ્ટિપાત કરી લીધો.

એક ભાઈએ જણાવ્યું કે, શૉપિંગ સેન્ટરમાં ચોરી થાય છે, ને વધારે ભાગે નાતાલના દિવસોમાં જ થાય છે. ચોરીનું પ્રમાણ એવું મોટું હોય છે કે એક વરસની ચોરીની રકમમાંથી ભારતની એક પંચવર્ષીય યોજના બની જાય. મને એ જાણીને નવાઈ લાગી.

ટોરન્ટોમાં અને સમસ્ત કેનેડામાં બીજા જ દિવસથી ટપાલખાતાની હડતાળ શરૂ થઈ અને એ હડતાળ ચાલી પણ વધારે એટલે ટપાલનું આવાગમન સ્થગિત થઈ ગયું. જનતાની મુશ્કેલીઓ વધી પડી. આવશ્યક સંદેશાઓને મેળવવાનો કે મોકલવાનો અવકાશ ના રહ્યો. પરંતુ સરકારની દૂરંદેશીથી ને કડક નીતિથી એ પરિસ્થિતિનો અંત આવ્યો. પગારવધારા માટે પાડવામાં આવેલી એ હડતાળનો અંત આણવા માટે સરકારે વટહુકમ જેવો અધ્યાદેશ બહાર પાડ્યો કે જે કોઈ હડતાળને ચાલુ રાખીને તાત્કાલિક કામ પર હાજર નહીં થાય તેમની નોકરીને બંધ કરવામાં આવશે અને એને ૨૫૦ ડૉલરનો દંડ થશે. એ જાહેરાતની અસર ઘણી જ સારી થઈ. એ જ દિવસથી હડતાળ બંધ થઈ. તો પણ ટપાલનો ભરાવો એટલો બધો વધી પડેલો કે દેશવિદેશની ટપાલને જતાંઆવતાં દિવસો નીકળી ગયા.

ભારત જેવા દેશે એમાંથી ધડો લેવા જેવો છે.

હડતાળ પાડનારાએ અને પડાવનારે પણ જનતાની મુસીબતનો વિચાર કરવાનો છે. તો તેમને લાગશે કે હડતાળ અપરાધ છે.

ટોરન્ટોના નિવાસ દરમિયાન ટેલિવિઝન પર મારો વાર્તાલાપ યોજાયો. વાર્તાલાપનો વિષય દિવાળીનો સંદેશ હતો. ટેલિવિઝનવાળા શ્રી ખાનસાહેબે એ વાર્તાલાપનો નિર્ણય એક જ દિવસમાં લીધેલો ને જરૂરી સાધનોની વ્યવસ્થા કરીને એને પોતાના મકાનમાં જ તૈયાર કરેલો. વળતા દિવસે જ એને ટેલિવિઝન પરથી પ્રસારિત કરવામાં આવ્યો.

**નાયગ્રા**

૨૮મી ઑક્ટોબરે અમે સુપ્રસિદ્ધ નાયગ્રા ધોધની મુલાકાત લીધી.

નાયગ્રા નગર ટોરન્ટોથી લગભગ ૯૦ માઈલ દૂર છે. નગરની એક તરફ જ કેનેડાની સીમા પર ધોધ છે. સામેનો પુલ અમેરિકાની સીમારેખાને નક્કી કરે છે. ધોધનો થોડો ભાગ અમેરિકન સીમા પર પણ આવેલો છે. ત્યાંનું વાતાવરણ વધારે ઠંડુ હતું. મારા પોશાકને પેખીને સૌ કોઈ વિસ્મય પામતા. એમને એ પોશાક ઠંડી માટે અપર્યાપ્ત લાગતો. ભાઈ સુરેશે આવશ્યકતા પડે તો પહેરી શકાય તે માટે વધારાનો કોટ આણેલો, પરંતુ મને એની આવશ્યકતા ના લાગી. એમણે મને એ કોટ પહેરીને ફોટો પડાવવાનું કહ્યું. મેં એમને જણાવ્યું કે કોટ પહેરીને ફોટો પડાવવામાં હરકત નથી, પણ એ ફોટાને જોઈને કોઈને થશે કે અહીં આટલી બધી ઠંડી હશે કે યોગેશ્વરજીને પણ કોટ પહેરવો પડ્યો ? એમનો ઉત્સાહ ઓછો થશે.

ધોધ પ્રચંડ છે. ૨૫૦ માઈલ લાંબા અને પચીસ માઈલ પહોળા સરોવરમાંથી બને છે. એમાં અમુક અંતર સુધી જવા માટે નૌકાઓની વ્યવસ્થા છે. પ્રવાસીઓની સગવડ માટે શહેરમાં મોટેલો સારી સંખ્યામાં છે.

* * *

## ૧૩. કોર્નવાલ, ઑટાવા, મોન્ટ્રિયલ

ટોરન્ટોથી ન્યૂયૉર્ક જવાની ઈચ્છા તો હતી પરંતુ સંજોગો સાનુકૂળ નહીં હોવાથી ત્યાં જવાનું મુલતવી રાખીને અમે કેનેડાનાં બીજાં શહેરોનો પ્રવાસ કરવાનું નક્કી કર્યું. એ શહેરોમાં પ્રવચન માટેની પણ યોજના થઈ એટલે અમે તારીખ ૧૦-૧૧-૧૯૭૮, શુક્રવારે ટોરન્ટોથી કોર્નવાલ માટે પ્રસ્થાન કર્યું.

૨૨૫ માઈલ જેટલા પ્રવાસ પછી અમે કોર્નવાલ પ્રવેશ કર્યો. અમારી સાથે અશોકભાઈ અને અજિતભાઈ આવેલા. કોર્નવાલ નગર સ્વચ્છ, શાંત, પ્રમાણમાં નાનું હોવા છતાં રળિયામણું છે. અમે ત્યાં પ્રેમી સેવાભાવી ભાઈ નંદુભાઈને ત્યાં મુકામ કર્યો. એમનું મકાન શાંત, સુંદર, વિશાળ અને એકાંત હોવાથી સારું લાગ્યું.

ત્યાં ડૉક્ટર શાહનો પરિચય થયો. એ એમની લાઈનના અનુભવી, નિષ્ણાત, ભદ્ર તથા સજ્જન પુરુષ હતા. એ દિવસે અને એ પણ એકાદ કલાક પહેલાં જ એ ભારતના પ્રવાસેથી પાછા ફરેલા. એ પહેલાં વરસો સુધી દિલ્હીમાં રહેલા. એમણે ખૂબ જ આગ્રહ કરીને કોર્નવાલમાં મારું પ્રવચન યોજવાનું નક્કી કર્યું.

કોર્નવાલથી સો જેટલા માઈલની મુસાફરી કરીને અમે ઓટાવા ગયાં. ઓટાવા કેનેડાનું પાટનગર છે. પહોળા રસ્તાઓ અને જૂની બાંધણીવાળાં મોટાં મકાનો એની વિશેષતા છે. ત્યાંનું પાર્લામેન્ટ હાઉસ ખાસ જોવા જેવું છે. એ વિરાટકાય ભવ્ય મકાનમાં છેક ઉપર સુધી લિફ્ટમાં જઈ શકાય છે. ત્યાંથી શહેરનું સુંદર સુવિસ્તૃત દૃશ્ય જોઈ શકાય છે.

કેનેડા સાર્વભૌમ સ્વતંત્ર રાજ્ય હોવા છતાં ઈંગ્લેન્ડની રાણી પ્રત્યે આદરભાવ ધરાવે છે. એની પાર્લામેન્ટને રાણી સંબોધે છે અને ત્યાં રાણીના પ્રતિનિધિ તરીકે ગવર્નર જનરલ રહે છે. કેનેડા તરફથી ઈંગ્લેન્ડના વડાને – રાજા કે રાણીને અમુક વર્ષાસન પણ આપવામાં આવે છે. એ વસ્તુ અસાધારણ કહેવાય. કેનેડાની પ્રજાનો અમુક વર્ગ એ પરંપરાગત પ્રથાનો વિરોધ કરતો થયો છે એ એક હકીકત છે. એ પ્રથાની પાછળ એની પરાધીનતા કે લઘુતાગ્રંથિની અસર દેખાય છે.

કેનેડાના વડા પ્રધાન પચાસેક વરસના છે. એમની પચીસેક વરસની પત્ની એમનાં બાળકો સાથે બીજા પુરુષની પાસે રહેવા લાગી છે. ગૃહજીવનની અસ્થિરતા અથવા છૂટાછેડાની અસરમાંથી વડા પ્રધાન પણ મુક્ત ના દેખાયા. એ તરફના દેશોમાં એ અસર અતિશય વ્યાપક બની છે. જ્યાં લગ્નને ધર્મ, યજ્ઞ કે કર્તવ્ય માનવાને બદલે સગવડ કે સ્વાર્થસિદ્ધિનું સાધન સમજવામાં આવે ત્યાં એવી પરિસ્થિતિ પેદા થતી જ રહે છે.

ઓટાવામાં ગવર્નર જનરલનું મકાન, અખંડ જ્યોત, સેન્ટ લોરેન્સ નદી ખાસ દર્શનીય છે. સેન્ટ લૉરેન્સ નદી એટલી બધી વિશાળ છે કે એને જોઈને નર્મદા, ગંગા કે યમુનાની સ્મૃતિ થાય છે.

સાંજે મોન્ટ્રિયલમાં પ્રવચન હતું.

મોન્ટ્રિયલ શહેર મોટું છે. એમાં ફ્રેન્ચભાષી પ્રજા ૬૦ ટકા જેટલી હોવાથી વિદ્યાલયો, દુકાનો અને રસ્તાઓ પર ફ્રેન્ચ ભાષાને ફરજિયાત બનાવવામાં આવી છે. ફ્રેન્ચ ભાષાના વર્ચસ્વવાળા અલગ ક્વિબેક

(Quebec) સ્ટેટની માગણી કરવામાં આવી છે. એને લીધે થોડીક અસ્વસ્થતા પેદા થવાથી કેટલાક લોકો – ખાસ કરીને કેટલીક વેપારી પેઢીઓ ટોરન્ટો તરફ વળવા લાગી છે.

૭૫,૦૦૦ દર્શકો બેસી શકે તેવું વિરાટ સ્ટેડિયમ અને ૨૫,૦૦૦ જેટલા રમતગમતના ખેલાડીઓને રહેવા માટેનું મકાન, હરે કૃષ્ણ મંદિર ખાસ જેવા જેવું છે. પર્વત પરથી શહેરનું દૃશ્ય જોવાનો આનંદ અનોખો છે.

શહેરનું એક અન્ય અગત્યનું આકર્ષણ ટેકરી પરનું ચર્ચ ખૂબ જ મોટું છે. એમાં સૌથી ઉપર ક્રૉસ સાથે ક્રાઈસ્ટની મૂર્તિ છે. શહેરમાં સેન્ટ લૉરેન્સ નદીનો સુંદર પ્રવાહ છે. એ નદી કેનેડાની મોટી નદી કહેવાય છે.

કોર્નવાલમાં પ્રવચનનો કાર્યક્રમ ખૂબ જ સારો રહ્યો. ત્યાંથી ટોરન્ટો આવીને અમે તારીખ ૧૫-૧૧-૧૯૭૮, બુધવારે લંડન પહોંચ્યા. લંડનમાં છ દિવસ રહીને અમે મુંબઈને માટે પ્રયાણ કર્યું.

પરદેશયાત્રા ધાર્યા કરતાં વધારે સુખરૂપ ને સફળ રહી. માતાજીનું સ્વાસ્થ્ય એકંદરે સારું રહ્યું એ ઈશ્વરની કૃપા જ કહેવાય.

*

**સેવાભાવના**

ટોરન્ટોથી લંડન માટે પ્રયાણ કરતાં પહેલાં એક ચિરસ્મરણીય પ્રસંગ બન્યો. ટોરન્ટોના વિમાનઘરમાં પ્રવેશીને સામાનની શરૂઆતની વિધિ પતાવીને અમે પ્રવાસીઓને બેસવાના વિશ્રામસ્થાનમાં કે પ્રતીક્ષાલયમાં પહોંચ્યાં ત્યારે ત્યાં બેસવાની કોઈ જગ્યા ન દેખાઈ. બધી જ ખુરશીઓ ભરેલી હતી.

અમે એક તરફ જઈને દીવાલને ટેકે ઊભાં રહ્યા. પરંતુ એ જ વખતે એક અસાધારણ બનાવ બન્યો.

મને અને માતાજીને દૂર ઊભેલાં જોઈને સામેની ખુરશીઓ પર બેઠેલા બે કેનેડિયન જેવા દેખાતા સદ્‌ગૃહસ્થો ઊભા થઈને અમારી પાસે આવ્યા અને કશું પણ બોલ્યા વિના મૂક અભિનય કરીને અમને એમની જગ્યાએ બેસવા માટે જણાવ્યું.

અમે એમનો આભાર માનીને એમની જગ્યાએ બેસી ગયાં.

એ બંને સદ્‌ગૃહસ્થો અમારાથી થોડેક દૂર માનવોચિત કર્તવ્યપાલનના ઊંડા સંતોષ સાથે ઊભા રહ્યા.

એમની મુખાકૃતિ નિર્દોષ હતી.

એની ઉપરથી એમણે કશુંક અસાધારણ કર્યું હોય એવું લેશ પણ નહોતું લાગતું. ઉપરથી નાની સરખી દેખાતી એ ઘટના ગુણવત્તાની દૃષ્ટિએ કેટલી બધી મોટી હતી !

એ દેવદૂત જેવા દેખાતા સેવાભાવી સદ્‌ગૃહસ્થો આજે પણ નથી ભુલાયા.

ભવિષ્યમાં પણ નહીં ભુલાય.

* * *

## ૧૪. યોગની અભિરુચિ

લંડનમાં યોગના અંગ્રેજ શિક્ષકો તથા સાધકો સમક્ષ સમાધિ પર પ્રવચન થયું.

લંડનમાં યોગનાં કેટલાંય કેન્દ્રોના પચાસ જેટલા શિક્ષકો પ્રવચનને સાંભળવા માટે એકઠા થયેલા. એમાં ત્રીસ વરસની વય સુધીનાં યુવક-યુવતીઓનો સમાવેશ થતો હતો. ત્યાં દર શનિવારે 'માંડૂક્યોપનિષદ' પર વાર્તાલાપ થતો. તે દિવસે એ વાર્તાલાપને દસેક મિનિટ પૂરતો મર્યાદિત રાખીને મારું 'અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિ' પર પ્રવચન રાખવામાં આવેલું.

પ્રવચનના અંતે પૂછવામાં આવેલા કેટલાક પ્રશ્નો પરથી ત્યાંની આધ્યાત્મિક અભિરુચિવાળી પ્રજા કેવા વિષયોમાં રસ લે છે એનો ખ્યાલ આવ્યો. થોડાક પ્રશ્નો આ પ્રકારના હતાઃ

૧. તંત્ર કોને કહેવાય ?

૨. તંત્ર ને મંત્ર વચ્ચે કેવો સંબંધ છે ?

3. કુંડલિનીયોગ કોઈ સ્વતંત્ર યોગ છે એવો પ્રચાર ચાલે છે તો એ બાબતે આપનો શો અભિપ્રાય છે ?

૪. તંત્રમાં મંડલ શું છે ?

૫. પ્રાણાયામ આવશ્યક છે ?

૬. કોઈ પણ પ્રકારની બીજી સાધનાત્મક તૈયારી વિના ધ્યનમાં સીધા જ બેસી શકાય ?

૭. ધ્યાનની સાધનાનો સર્વોત્તમ સાનુકૂળ સમય કયો છે ?

૮. તમે આરંભમાં ક્યારે ને કેટલું ધ્યાન કરતા ? કેવી રીતે કરતા ?

૯. સમાધિથી આગળની કોઈ અવસ્થા છે ખરી ?

૧૦. ચક્રોનું ક્રમિક ધ્યાન જરૂરી છે ?

*

**રાજ્ય ક્યાં સુધી ચાલશે?**

લંડનમાં એક વાત જાણવા મળી.

રાણી એલિઝાબેથને એક વાર કોઈએ પૂછ્યું કે 'તમારું રાજ્ય ક્યાં સુધી ચાલશે?' તો રાણી એલિઝાબેથે કહ્યું કે, એનો જવાબ એકાદ પખવાડિયામાં આપીશ.

બીજું કોઈ હોત તો કદાચ એવો ઉત્તર આપત કે મારા નસીબમાં હશે ત્યાં સુધી કે ઈશ્વરની ઈચ્છા હશે ત્યાં સુધી રાજ્ય ચાલશે, પરંતુ રાણીની પદ્ધતિ જુદી હતી.

એણે બીજે દિવસે બેન્કમાંથી પાંચ હજાર પાઉન્ડ ઉછીના લીધા. લોન પેટે.

બેન્કના મેનેજરે જરૂરી કાગળો કરીને એ રકમ આપી દીધી.

રકમ પાછી ભરવાનો સમયગાળો પૂરો થવા આવ્યો એટલે બેન્કના મેનેજરે બીજા સામાન્ય નાગરિકોને મોકલવામાં આવે તેમ રાણીને રકમની યાદી આપતો પત્ર લખી મોકલ્યો. સુનિશ્ચિત સમય દરમિયાન રાણીએ રકમ ભરપાઈ ના કરી એટલે એને કારણદર્શક નોટિસ મોકલવામાં આવી અને રકમને તાત્કાલિક ભરવામાં નહીં આવે તો કોર્ટમાં કેસ કરાશે અને અન્ય પગલાં ભરાશે એવું જણાવવામાં આવ્યું.

ત્યારે રાણીએ બેન્ક મેનેજરની કર્તવ્યનિષ્ઠાની કદર કરીને કહ્યું કે મને પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર મેં સંપૂર્ણપણે સારગર્ભિત રીતે આપી દીધો છે. જ્યાં સુધી મારા રાજ્યમાં આવા કર્તવ્યનિષ્ઠ નીડર કર્મચારીઓ હશે ત્યાં સુધી મારું રાજ્ય સુરક્ષિત અને સધ્ધર રહેશે. એવા કર્મચારીઓને માટે મને માન છે. એ રાજ્યના મુખ્ય આધારરૂપ છે.

એ ઉદ્‌ગારો કેટલા બધા પ્રેરક અથવા સંદેશસભર છે! આપણે એમાંથી ઘણુંઘણું શીખવા જેવું છે. રાણીના જમાઈને જેમતેમ મોટર ચલાવવાની ટેવ હોવાથી કાનૂન વિરૂદ્ધ વર્તવા માટે વારંવાર દંડ કરવામાં આવતો. એવે વખતે રાણી પોલીસતંત્રની કર્તવ્યભાવનાની પ્રશંસા કરતી અને પોતાના દેશના એવા જાગ્રત પક્ષપાત વિનાના પોલીસતંત્રને માટે ગૌરવ અનુભવતી. રાજ્યકર્તા પોતે જ વાડ ચીભડાં ગળેની નીતિને અપનાવવાને બદલે એવા આદર્શ જીવનવ્યવહારને અનુસરે પછી અન્યની ઉપર એનો પ્રભાવ શા માટે ના પડે ?

*

**પ્રવાસનું પ્રયોજન**

પરદેશમાં મને કોઈક વાર મારા પરદેશપ્રવાસના પ્રયોજન વિશે પૂછવામાં આવતું તો હું કહેતો કે પૂરું પ્રયોજન તો પ્રભુ જ જાણે છે. પરંતુ હું જનતાને, એના સંસ્કારી સમજદાર વર્ગને કહેવા આવ્યો છું કે,

'ક્યા કરના થા, ક્યા કરતા હૈ?'

જગતમાં આવીને શું કરવાનું હતું અને શું કરી રહ્યા છો?

'હરિ સ્મરના થા, હરિ ભજના થા, ત્રિવિધ તાપ જો દૂર કરતા હૈ, ક્યા કરના થા, ક્યા કરતા હૈ?'

ભૂલેલાંને યાદ કરાવવું અને જેમને યાદ હોય તેમના સ્મરણને સુદૃઢ બનાવવું, એમને પ્રોત્સાહન પ્રદાન કરવું એ જ અમારું કાર્ય છે. એનાથી વિશેષ કલ્યાણકાર્ય, અમારા આગમનની પાછળનું વિશેષ પ્રાણવાન પ્રયોજન બીજું કયું હોઈ શકે ?


આ સમસ્ત યાત્રા દરમિયાન ઈશ્વરકૃપાથી માતાજીનું સ્વાસ્થ્ય સંપૂર્ણ સારું રહ્યું એ સવિશેષ ઉલ્લેખનીય છે.

* * *

# ત્રીજી વિદેશ યાત્રા

## દેશ : ઝામ્બિયા

(શહેરો : કાબ્વે, લુસાકા, લીવીંગસ્ટન, ચોમા, કીટવે, ચીંગોલા, મુફલીસા, લ્યુઆન્સા, એન્ડોલા, મોન્ઝી, મોઝાબુકા, લુવાગ્વા વેલી)




## તારીખ : ૧૪-૭-૭૯ થી ૧૪-૯-૭૯

## સહયાત્રી : મા સર્વેશ્વરી

## ૧. આમંત્રણ

આફ્રિકાના દૂરદૂરના દેશ ઝામ્બિયા વિશે ઉપરઉપરથી અલ્પાંશે સાંભળેલું તો ખરું, પરંતુ એની ધરતી પર પદાર્પણ કરવાનો અવસર ઈ.સ. ૧૯૭૯ના જુલાઈ મહિનામાં જ મળી શક્યો. માણસ ઘાટ ઘડે અને વિચારે કે ના વિચારે તો પણ જે વસ્તુ જે કાળે અને જેવી રીતે થવાની હોય તે કાળે તેવી રીતે જ થયા કરે છે. કવિ દયારામે લખ્યું છે તેમ,

દોરી સર્વની એના હાથમાં ભરાવ્યું ડગલું ભરે,
જેવો જંત્ર વગાડે જંતરી તેવો સ્વર નીકળે.

એટલું ખરું કે બડભાગી જ એ ડગલાને અને ડગલું ભરાવનારની કમનીય કળામયતાને, એ જંત્રને વગાડનારા જંત્રીને, અલ્પ કે અધિક પ્રમાણમાં ઓળખી શકે છે.

ઝામ્બિયાના પુણ્યપ્રવાસનો અસાધારણ અવસર કાંઈ એકાએક નહોતો આવી પડ્યો. એની પાછળ થોડીક ચોક્કસ ભૂમિકા હતી. ઝામ્બિયાના કાબ્વે નગરમાં રહેતા શ્રી ચીનુભાઈએ, બે વરસ પહેલાં લંડનમાં રોકાયેલા ત્યારે, ત્યાં ચાલતાં મારાં પ્રવચનો સાંભળેલાં. એમણે એમની ગુણદર્શી દૃષ્ટિથી પ્રેરાઈને મને સાનુકૂળ સમયે ઝામ્બિયા આવવાનું આમંત્રણ આપેલું. ગયા વરસે મારે અમેરિકા જવાનું થયું ત્યારે પણ તેમની સાથેનો પત્રવ્યવહાર ચાલુ હોવાથી મને અમેરિકાથી ભારત પાછા ફરતી વખતે ઝામ્બિયા આવવાનું આમંત્રણ અપાયેલું, પરંતુ એ વખતે એને સ્વીકારવાનું શક્ય નહોતું. એમનો પત્રવ્યવહાર ચાલુ જ રહ્યો અને એમના સૂચનને અનુસરીને 'હિંદુ એસોસિયેશન ઑફ ઝામ્બિયા' એ કાબ્વે નગરમાં યોજાનારા નવમા ભજનસંમેલનના અતિથિવિશેષ તરીકે મને વિધિપૂર્વક આમંત્રણ આપ્યું.

સરોજબહેનના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ કાબ્વે નગરમાં જ રહેતા હતા. તેમણે પાંચેક વરસ પહેલાં બહેનને ઝામ્બિયા આવવાનું આમંત્રણ આપેલું. એના ઉત્તરમાં એમણે જણાવેલું કે, 'યોગેશ્વરજીના પ્રવચન કાર્યક્રમ ગોઠવાશે તો હું એમની સાથે સત્સંગ માટે આવીશ. દેશને જોવાની કે એમ ને એમ પ્રવાસ કરવાની મને અભિલાષા નથી.'

ઈ.સ. ૧૯૭૯માં વિઠ્ઠલભાઈની સુપુત્રીનું લગ્ન લેવાયું ત્યારે ઝામ્બિયાનો મારો પ્રવચન કાર્યક્રમ નક્કી થયેલો. સરોજબહેને એ સંતોષકારક સમાચાર સાંભળી મારા પ્રવાસના થોડાક દિવસ પહેલાં જ એમના કુટુંબીજનો સાથે ત્યાં જવા માટે વિદાય લીધી.

ઝામ્બિયા હિંદુ એસોસિયેશનનો આમંત્રણપત્ર આ રહ્યો.

* * *

કાબ્વે, ઝામ્બિયા,
૧૯ મે, ૧૯૭૯

પરમાદરણીય મહાત્મા યોગેશ્વરજી,

ઝામ્બિયા ભજનમંડળ અને કાબ્વે હિંદુ સમાજના સભ્યો વતી હું આપને કાબ્વે નગરમાં ઑગસ્ટની પાંચમી અને છઠ્ઠી તારીખે યોજાનારા નવમા ઝામ્બિયા ભજનસંમેલનના શુભાવસર પર ઝામ્બિયા પધારવાનું ભાવભીનું આમંત્રણ આપું છું.

ભજનસંમેલનના એ અનોખા અવસર પર મોટા ભાગના ભારતવાસીઓ માનવજાતિની સુખાકારી, શાંતિ તથા સમુન્નતિને માટે પ્રાર્થના કરવાના પ્રયોજનથી પ્રેરાઈને ભેગા થાય છે.

ઝામ્બિયા ભજનમંડળના પ્રમુખ શ્રી સી. એસ. પટેલના અને કાબ્વે હિંદુ સમાજના પ્રમુખ શ્રી બી.જી. પારેખના પત્રો દ્વારા અમને આપના સંપર્કમાં આવવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. એમની દ્વારા આપે અમારા આમંત્રણનો કામચલાઉ રીતે સ્વીકાર કર્યો છે એથી અમને અત્યાધિક આનંદ થયો છે.

અમારા ભાવભરેલા નમ્ર આમંત્રણને સ્વીકારશો તો અમે અમારું સર્વોત્તમ સૌભાગ્ય સમજીશું.

આપના શુભાગમનની તારીખ નક્કી થશે એટલે સમસ્ત ઝામ્બિયાનો વિગતવાર કાર્યક્રમ ઘડી કાઢીશું. અહીંની વધારેમાં વધારે જનતાને આપના દિવ્ય અનુભવજ્ઞાનનો લાભ આપવાની અમારી આકાંક્ષા છે.

અમે આપને મુંબઈથી લુસાકાની અને લુસાકાથી મુંબઈના વિમાનની બે ટિકિટો મોકલીશું. એમાં આપની માતાજીની રિટર્ન-ટિકિટનો પણ સમાવેશ થશે. એને માટેની આવશ્યક મંજૂરી મેળવવા માટે અમે યોગ્ય અધિકારીઓને અરજી કરી છે. વિમાનની ટિકિટોને મોકલવાની મંજૂરી મળશે કે તરત જ એની માહિતી આપને તારથી મોકલી આપીશું.

કોઈ પ્રકારની વિશેષ માહિતી માટે અમારો સંપર્ક સાધવામાં સંકોચ રાખશો નહીં.

(મૂળ અંગ્રેજી પત્રની પ્રતિલિપિ)

* * *

Kabwe, Zambia.
19Th May, 1979.

Most Respected Mahatma Yogeshwarji,

On behalf of the Zambia Bhajan Mandal and members of the Kabwe Hindu Samaj, I very cordially invite you to Zambia on the occasion of 9th Zambia Bhajan Sammelan to be held at Kabwe on Sunday 5th and Monday 6th August 1979.

This is unique occasion where the majority of the Hindu community members gather together to pray for the peace and prosperity of humanity.

It will be our great fortune if you, please, kindly accept our humble invitation and oblige.

We have already come into your contact through the letters of Mr. C. S. Pstel, the Chairman Zambia Bhajan Mandal and Mr. B. G. Parekh, the Chairman Kabwe Hindu Samaj. We are extremely pleased that you have accepted our provisional invitation through them.

The detailed programme for the whole of Zambia will be organised as soon as the arrival dates are fixed.

It is our ambition to give advantage of your divine wisdom to the maximum number of our people.

We shall send you two air tickets from Bombay to Lusaka and return. This includes a return ticket for your mother as well. We have already applied to the proper authority to get necessary permission. As soon as the air tickets, the information will be communicated telegraphically to you.

Please do not hesitate to contact us for any further information.

With regards,

Yours sincerely,
Joint Secretary,
Zambia Bhajan Mandal
Hindu Association of Zambia

* * *

ઈ. સ. ૧૯૭૯ના જૂન મહિનાની પહેલી તારીખે માતાજીને એકાએક લકવાનો હુમલો થયો. બીજી તારીખે અમે અમદાવાદથી મસૂરી જવા માટે નીકળ્યાં તો ખરાં પરંતુ રસ્તામાં એમની તબિયત ખૂબ જ બગડી ગઈ. બે પગને જમીન પર સ્થિર રાખીને ચાલી પણ ના શકાય એવી પરિસ્થિતિ પેદા થઈ.

મસૂરી જઈને અને જતાં પહેલાં દહેરાદૂનમાં કુશળ મનાતા ડૉક્ટરોને ખાસ બોલાવીને ઉપચાર શરૂ કર્યો. એથી લકવાની અસર વિસ્તરતી અટકી ગઈ. થોડા દિવસ પછી હૃષિકેશ પહોંચીને અમે પુનઃ અમદાવાદ આવ્યા ત્યારે ડાબા જૂઠા પડી ગયેલા હાથે કશો સુધારો ના થયો હોવા છતાં પણ, અમને બીજી રીતે રાહત હતી અને એ ધીમે ધીમે થોડુંક ચાલી શકતાં. ઝામ્બિયાની અમારા બંનેની ટિકિટો સમયસર પહોંચી ગઈ એટલે એ દેશના પ્રવાસની પૂર્વભૂમિકા મહત્વના તબક્કામાં પ્રવેશીને પરિપક્વ અવસ્થા પર પહોંચી ગઈ. પરંતુ માતાજીથી પ્રવાસ કરી શકાય તેમ ના હોવાથી, ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને છેવટે મારે એકલાએ જ પ્રવાસ કરવાનો નિર્ણય કરવો પડ્યો.

* * *

## ૨. યોગપ્રિય એરહોસ્ટેસ

અગાઉથી નક્કી કર્યા પ્રમાણે અમદાવાદથી પ્રેમીજનોની વિદાય લઈને તારીખ ૧૨મી જુલાઈએ ગુજરાત એક્સપ્રેસમાં મુંબઈ આવવાનું થયું. મુંબઈથી એર ઈન્ડિયાનું વિમાન તારીખ ૧૩મી એ સવારે ૭.૫૫ વાગ્યે ઊપડવાનું હોવાથી ત્યાં રહેવાનો ગાળો ખૂબ જ ટૂંકો હતો. પરંતુ એ સમયગાળો આકસ્મિક રીતે જ થોડોક લંબાયો. ૧૩મીએ સવારે સાન્તાક્રુઝ એરપૉર્ટ પર પહોંચ્યા ત્યારે જણાવવામાં આવ્યું કે નૈરોબીનું એર ઈન્ડિયાનું વિમાન ચોવીસ કલાક મોડું ઊપડશે. જે જાહેરાત કરવામાં આવી એની સામે દલીલ કરવાનો કશો અર્થ ન હતો. એ જાહેરાતથી અનેક પ્રવાસીઓ એકાએક મુશ્કેલીમાં મુકાયા. એમના પૂર્વયોજીત કાર્યક્રમો અવ્યવસ્થિત તથા રદ થયા કે સ્થગિત બન્યા. એરપૉર્ટ પરથી અમે ઉતારા પર પાછા તો ફર્યા પરંતુ વિમાન મોડું પડ્યાના સમાચાર ટેલિફોન કે તારથી ઝામ્બિયા પહોંચાડવા પડ્યા, કારણ કે એવા સમાચાર પહોંચાડવામાં ના આવે તો ઝામ્બિયાના પાટનગર લુસાકા એરપૉર્ટ પર લેવા આવનારા એસોસિયેશનના કાર્યકર્તાઓને ધક્કો પડે.

મુંબઈથી ચૌદમી તારીખે ઊપડનારું વિમાન પણ એના નિર્ધારિત સમય કરતાં મોડું ઊપડ્યું. સવારે ૭-૫૫ કલાકને બદલે ૧૧-૧૫ કલાકે.

ભારતની ઋષિમુનિ સેવિત તપઃપૂત દૈવી ભૂમિને સ્થૂળ રીતે ફરી વાર છોડવાનો અવસર ઉપસ્થિત થયો. એ ભૂમિને મેં મનોમન પ્રણામ કર્યા.

વાદળના સમૂહને ભેદતું વિમાન આગળ વધ્યું.

એડન, એડીસબાબા થઈને લગભગ આઠેક કલાકના ઉડ્ડયન પછી સાંજે નૈરોબી પહોંચવાનું થયું.

*

વિમાનમાં બે ઘટનાઓ ખાસ ઉલ્લેખનીય બની.

એક ઘટના નવસારી પાસેના બે ગુજરાતી યુવાનોની. એ યુવાનો કૉલેજ કેળવણીને વચ્ચેથી જ પડતી મૂકીને ઝામ્બિયામાં રહેતા એમના કાકાશ્રી સાથે એમના ધંધામાં જોડાવા માટે ઝામ્બિયા જઈ રહેલા. એ ઉપરાઉપરી અનેક સિગારેટો પીતા. એરહોસ્ટેસે આવીને એમને શાકાહારી ખોરાક જોઈશે કે માંસાહારી ? એવું પૂછ્યું ત્યારે, એમણે મારા આશ્ચર્ય વચ્ચે માંસાહારી કહ્યું. મને અધિક આશ્ચર્ય તો એટલા માટે થયું કે એ એમને બ્રાહ્મણ કહેવડાવતા. એમનાં લક્ષણો બ્રાહ્મણને છાજે તેવાં ન હતાં. પરંતુ એવું તો અનેકને માટે કહી શકાય ને ?

એ યુવાનોએ કોઈ પણ પ્રકારના સંકોચ વિના, એમને માટે છેક જ સ્વાભાવિક હોય તેમ, માંસાહાર કર્યો. એમના કાકાશ્રીએ પણ એવું જ કર્યું. આપણે ત્યાંના મોટા ભાગનાં કુટુંબોની એવી જ દુર્દશા છે. કુટુંબના વડીલ જ ધૂમ્રપાન કરે, માંસાહાર કરે, દારૂનો આધાર લે, અને બીજાં વ્યસનોમાં બંધાયેલા હોય તો કુટુંબનાં યુવક-યુવતીઓ પર એમનો શુભ પ્રભાવ કેવી રીતે પડે ? એ એમના જીવનમાંથી શું શીખે ? જે પોતાનાં બાળકો અથવા સંબંધીઓને સુધારવાની કે સત્વશીલ બનાવવાની ઈચ્છા રાખે છે તેમણે પોતે જ પહેલાં સત્વશીલ બનવું ને સુધરવું જોઈએ. તો જ તે અન્યને માટે પ્રેરણાના આધારસ્થંભ બની શકશે.

*

બીજી ઘટના પોતાની જાતને સુધારવા કે સત્વશીલ બનાવવા મથતી એ જ વિમાનની એક નવયુવાન એરહોસ્ટેસની છે.

મેં વિમાનમાં અપાતો ખોરાક ના લીધો એટલે એનું લક્ષ મારા તરફ વધારે ખેંચાયું.

એને મારે માટે આકર્ષણ થયું.

મારી પાસે આવીને એણે સસ્મિત પૂછ્યું : 'તમે વિમાનમાં કશું ખાતા નથી ?'

'ના વિમાનનું નથી ખાતો'

'ચા ? કૉફી ?'

'ચા, કૉફી નથી પીતો. દૂધ મળી શકે તો લઈ શકું. હમણાં મેં દૂધ મંગાવેલું પરંતુ સારું સંતોષકારક નહોતું.'

મારા શબ્દોને સાંભળીને એ તરત જ ચાલવા માંડી. થોડીકવાર પછી પાછી ફરી ત્યારે એના મુખ પર સંતોષ છવાયેલો. એ મારી કાંઈક સેવા કરી શકી એનો એને આનંદ હતો.

એણે મારી આગળ દૂધ મૂક્યું.

દૂધ ખરેખર સારું હતું. આગળના દૂધ કરતાં અનેકગણું વધારે સારું. મેં એને દૂધ લાવવા માટે ધન્યવાદ આપ્યા.

'તમે યોગી છો ? ' એણે પૂછ્યું.

'કેમ ? તમને યોગમાં રસ છે ?' મેં સામેથી પૂછ્યું.

'રસ છે.'

'યોગનો અભ્યાસ કરો છો ?'

'હા.'

'કેવો અભ્યાસ ?'

'યોગનાં આસનોનો અને પ્રાણાયામનો અભ્યાસ. સર્વાંગાસન, પશ્ચિમોત્તાસન, મત્સ્યેન્દ્રાસન જેવાં આસનો કરું છું. તેથી મને ઘણો જ ફાયદો થાય છે. હજુ મારે યોગમાં ખૂબ જ આગળ વધવું છે.'

'તમે કોની પાસેથી શીખ્યાં ?'

'કૈવલ્યધામ. લોનાવાલામાં છે. ત્યાં શીખી છું.'

'ઘણું સારું. એના સંસ્થાપક સ્વામી કૈવલ્યાનંદ એક સ્વાનુભવસંપન્ન પુરુષ હતા. એમના સમાગમનો સુયોગ મને સાંપડેલો.'

'ખરેખર? '

'હા, ખરેખર.'

થોડાક વખત પછી પાછી આવીને એ મારી બાજુની ખાલી ખુરસી પર બેસીને બોલી : 'એરહોસ્ટેસ તરીકેનું જીવન મને નથી ગમતું. નોકરીમાંથી છૂટા થઈને મારી ઈચ્છા યોગસાધના કરવાની છે. તમે મારા ગુરુ બનીને મને તમારી પાસે ના રાખો?'

'ગુરુ બનાવવા માટે ઉતાવળા થવાની જરૂર નથી. મારી પાસે રહેવાનું શક્ય નથી. હમણાં નોકરીને ચાલુ રાખો ને રોજ નિયમિત રીતે થોડુંક ધ્યાન ધરો.'

એણે મારી પાસેથી ધ્યાનની વિધિની માહિતી મેળવી.

'યોગીનો આહાર ઓછો હોય છે?' એણે પૂછ્યું.

'વધારે પડતો તો નથી જ હોતો.'

'યોગાભ્યાસ માટે શાકાહારી રહેવાનું આવશ્યક છે ?'

'શાકાહારી રહેવાથી લાભ થાય છે. મદદ મળે છે.'

'હું શાકાહારી જ છું.'

'સરસ, તો સહેલાઈથી આગળ વધી શકશો.'

'વિમાનની નોકરીમાં ધ્યાન માટેનો સાનુકૂળ સમય ખૂબ જ ઓછો રહે છે એટલે મન ઊંચું રહે છે.'

'તો પણ જ્યારે પણ સમય મળે ત્યારે મેળવીને ધ્યાન તો કરવું જ જોઈએ. એ ઉપરાંત જાગ્રત રહીને પળેપળે આત્મનિરીક્ષણ કરીને જીવનને જેટલું પણ બને તેટલું સત્વશીલ બનાવવાનો આગ્રહ રાખવો જોઈએ. વિમાનની નોકરી બાધક લાગતી હોય તો પણ એને સાધક બનાવી શકાય છે. કોઈ પણ નોકરીને માટે આવું સમજી લેવાનું છે. બધી જ નોકરીઓ આપણને અનુકૂળ જ હોય છે એવું નથી સમજવાનું. કેટલીક અનુકૂળતા તો આપણે પોતે જ શોધી કાઢવાની હોય છે.'

એ સુકુમારી શાંત રહી.

થોડાક સમય પછી એણે પૂછ્યું : 'તમે ક્યાં જાવ છો, નૈરોબી ?'

'ના'

'તો પછી ?'

'ઝામ્બિયા.'

'કોઈએ બોલાવ્યા છે ?'

'ત્યાં હિંદુ એસોસિયેશનનું પ્રવચનો કરવા માટેનું આમંત્રણ છે.'

'મુંબઈ ક્યારે પાછા ફરશો? '

'બે મહિના તો થશે જ.'

એ મારા મુખ તરફ જોઈ રહી ને બોલીઃ 'ઈચ્છું છું કે ફરી વાર તમારું દર્શન થાય.'

'ઈશ્વર તમારી ઈચ્છા પૂરી કરે એવું ઈચ્છું છું.'

એ પાછી એના કામે વળગી.

વિમાનમાં કેવો ઉદાત્ત, ઉચ્ચ ભાવનાવાળો, નિર્મળ મનનો, સુસંસ્કારી આત્મા વસતો કે વિહરતો હતો! પોતાની આસપાસના વિકૃત અથવા વિરોધાભાસી વાતાવરણની વચ્ચે વસીને એ પોતાની સત્વશીલતા ને સંસ્કારિતાને સાચવી શકશે અને અધિકાધિક શક્તિશાળી બનાવશે તો પોતાના સ્વપ્ન પ્રમાણેનું જીવન જીવીને જીવનની શ્રેયસાધનાને સફળ કરશે. નહીં તો ખીલતી કળી પૂરેપૂરી ખીલે-ના ખીલે એ પહેલાં અકાળે

જ કરમાઈ જશે. કેટલીયે કમનીય કળીઓ જગતના ઉદ્યાનમાં સુયોગ્ય માળીની માવજત વિના એવી રીતે અકાળે જ કરમાઈ જતી હોય છે.

એક જ વિમાનમાં બે પરસ્પર વિરોધી પ્રકૃતિના આત્માઓ પ્રવાસ કરી રહેલા. એમનું અવલોકન અનોખું હતું. દૈવી અને આસુરી પ્રકૃતિના બંને પ્રકારના પ્રવાહો માનવજીવનમાં ચિરકાળથી જોવા મળે છે. એ પ્રવાહોનું અસ્તિત્વ આશ્વાસન, આશા, હિંમત આપે છે કે માનવ આસુરી પ્રકૃતિને નાથીને દૈવી પ્રકૃતિનો વિજય કરી શકે છે. ફક્ત એણે એને માટે તૈયાર રહેવું ને પ્રયત્નશીલ બનવું જોઈએ.

* * *

## ૩. લુસાકા તથા કાબ્વેમાં

કલાકોના ઉડ્ડયન પછી એર ઈન્ડિયાનું વિમાન કેનિયાની રાજધાની નૈરોબીના વિમાનઘર પર આવી પહોંચ્યું. સાંજ પડવાને હજુ થોડીક વાર હોવાથી વિમાનઘર ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક સારી રીતે જોઈ શકાયું. વિમાનઘર સુવ્યવસ્થિત, સુવિશાળ, સ્વચ્છ, સુંદર હતું. ત્યાંથી ઝામ્બિયાના પાટનગર લુસાકા માટે વિમાન બદલવાનું હતું. પરંતુ એર ઈન્ડિયાનું વિમાન મોડું પડવાથી એ વિમાન પોતાના રોજના નિર્ધારિત સમયે ઊપડી ગયેલું હોવાથી, હવે અમને મળી શકે તેમ ના હોવાથી, અમારે માટે નૈરોબીમાં રાત્રિ રોકાણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ના રહ્યો. જે પ્રવાસીઓને ઝામ્બિયા જવાનું હતું તે બધા એવી રીતે કામચલાઉ સમયને માટે મુશ્કેલીમાં મુકાયા. એનું નામ દૈવ. કર્મની સિદ્ધિ માટે એ પણ અનુકૂળ હોવું જોઈએ એવું વિધાન શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કરેલું છે. ભક્તોએ એને માટે કહ્યું છે, 'તેરે મન કુછ ઓર હૈ, ઈશ્વર કે મન ઓર.' પરંતુ ઈશ્વરના મનમાં જે કાંઈ હશે તે મંગલને માટે જ હશે એવો વિશ્વાસ હતો.

અમે બધા મળીને નવ પ્રવાસીઓ હતા.

સૌ થોડી વાર પછી નૈરોબીના સ્ટેનલી હોટલમાં પહોંચી ગયા.

હોટલ ધાર્યા કરતાં ખૂબ જ સ્વચ્છ, શાંત, વિશાળ, આલીશાન, સુંદર હતી. રાતે એમાં આરામ કરીને બીજે દિવસે પાછું વિમાનઘર પર પહોંચવાનું હતું. હોટલનું ખાવાનું અનુકૂળ પડે તેમ ના હોવાથી એમ ને એમ જ આરામ કરવાનો હતો. આરામ કરતાં પહેલાં સ્નાન કરીને સામાન બધો વિમાનઘર પર જ રાખ્યો હોવાથી મેં મારાં પહેરેલાં કપડાં ધોઈ નાખ્યાં અને અન્ય વસ્ત્રોના અભાવમાં બાથરૂમમાં રાખેલા સ્વચ્છ મોટા ટુવાલને લપેટીને જ રોજના નિયમને અનુસરીને ધ્યાન કર્યું.

હવામાં  ઠંડી સારા પ્રમાણમાં હતી.

બપોરે દોઢ વાગ્યા પહેલાં તૈયાર થઈને નીચે જવાનું હોવાથી સમય પૂરતો હતો. સવારે સ્નાનાદિથી નિવૃત્ત થઈને મેં કાબ્વે ટેલિફોન કર્યો., પરંતુ ફોન લાગ્યો નહીં. ઘરમાં કોઈ નથી એવો જવાબ મળ્યો. વિમાન મોડું પડવાથી મારે રાતે નૈરોબી રોકાઈ જવું પડ્યું છે એટલે આજે લુસાકા પહોંચાશે એવા સમાચાર તો મારે એસોસિયેશનના કાર્યકર્તાઓને કે પદાધિકારીઓને આપવા જ જોઈએ. ફોન ના થવાથી મેં તાર કરવાનો વિચાર કર્યો. એ દિવસે રવિવાર હોવાથી તાર પહોંચશે કે નહીં તેની તપાસ કરી લીધી. તાર પહોંચવાની બાંયધરી આપવામા આવી એટલે મેં તાર કરી દીધો. કેનિયામાં શિલિંગનું નાણું ચાલે છે એટલે મારી પાસેના મુંબઈથી મેળવેલા ડૉલરને શિલિંગમાં ફેરવાવ્યા. તારનું બિલ પૂરા ૬૦ શિલિંગ આવ્યું. એક શિલિંગ ભારતના દસ રૂપિયા બરાબર હોય છે એવું સાંભળેલું હોવાથી મને થયું કે બિલ બનાવવામાં કાંઈક ભૂલ થઈ હશે. ૬ ને બદલે ૬૦ શિલિંગ લખાયું હશે. મેં ચકાસણી કરી જોઈ, પરંતુ બિલ બરાબર હતું. મને થયું કે તાર અહીં ખૂબ જ મોંઘા કહેવાય. ભારત કરતાં વધારે મોંઘા, રવિવારે કદાચ બે ગણો ચાર્જ લેવાતો હોય તો પણ શું ? ૬૦ શિલિંગ ખૂબ જ વધારે પડતા કહેવાય.

વિમાન મોડું પડે છે ને પ્રવાસીને હોટલમાં ઉતારવા પડે છે તો હોટલમાં લઈ જવાની ને ઊતરવાની તથા જમવાની વ્યવસ્થા પોતાના ખરચે વિમાન કંપની જ કરતી હોય છે, એટલે હોટલમાં ઊતરવાનો ખર્ચ અમારે ના ભોગવવો પડ્યો.

હોટલમાં બધા આફ્રિકનો જ કામ કરતા. એ મિલનસાર વૃત્તિના ને માયાળુ લાગ્યા.

નિશ્ચિત સમયે અમે આવીને મોટરની પ્રતીક્ષા કરી પરંતુ વિમાનઘર પર લઈ જનારી મોટર ના આવી. બપોરના છેક અઢી વાગ્યા તો પણ મોટર ના દેખાઈ એટલે અમે હોટલના પદાધિકારીને વાત કરી. એમણે તરત જ પરિસ્થિતિની ગંભીરતાને સમજી જઈને બીજી મોટરની વ્યવસ્થા કરી.

વિમાનઘર પર પહોંચીને તપાસ કરી તો જાણવા મળ્યું કે ઝામ્બિયાનું વિમાન ત્રણેક કલાક મોડું ઊપડવાનું છે.

વિમાનનું બુકિંગ કરનારે કોઈ પણ પ્રકારના સંવેદનને અનુભવ્યા સિવાય સ્થિતપ્રજ્ઞની પેઠે શાંતિપૂર્વક માહિતી આપી કે વિમાનમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં હોવાથી બે દિવસ સુધી નૈરોબી જ રોકાવું પડશે.

એવું કેમ ચાલે ? નૈરોબીમાં અમારે કશું કામ નહોતું. રાતે તો અમે નિરુપાયે જ રોકાયેલા. અમને સૌથી પ્રથમ જગ્યા કરી આપવાની એમની ફરજ હતી.

અમને આગલા દિવસે હોટલમાં ઊતરવાની વ્યવસ્થા કરનારા કર્મચારીનો અમે સંપર્ક સાધ્યો. એમણે પણ આરંભમાં તો આનાકાની કરી પરંતુ પાછળથી પોતાનાથી બનતું બધું જ કરવાની બાંયધરી આપીને અમારી ટિકિટો સાથે રવાના થયા.

થોડી વાર પછી એ અમારા નામના લિસ્ટ તથા ટિકિટો સાથે પાછા ફર્યા. નામની સામે એમણે દરેકની સહી કરાવી, પણ લિસ્ટમાં મારું જ નામ ના દેખાયું. ટિકિટો સૌને પાછી આપવામાં પણ આવી પણ મારી ટિકિટ તેમાં ના દેખાઈ. તેમને કહેવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે તમે ટિકિટ આપી જ નહીં હોય તો જાય ક્યાં ?

મેં તો ટિકિટ સૌથી પહેલાં આપી છે. પાછા જઈને તપાસ કરો.

એમણે ઉત્તેજિત બનીને બબડાટ કરતાં પાછા જઈને તપાસ કરી.

પાંચેક મિનિટ પછી એ બીજી ટિકિટ સાથે પાછા ફર્યા.

પરંતુ એ ટિકિટ મારી નહોતી, કોઈક બીજા સદ્ગૃહસ્થની હતી.

ફરી પાછા જઈને તપાસ કરી તો મારી ટિકિટ મળી આવી. એ જોઈને સૌને સંતોષ થયો, કારણ કે ટિકિટ વગર તો આગળ વધી શકાય જ નહીં.

એ બધી અને એ પછીની આગલા દિવસે મૂકેલા અમારા સામાનને ઓળખવામાં સારો સમય પસાર થયો એટલે તે દિવસે વિમાન મોડું ઊપડવાથી હોવાથી અમે વિમાનને મેળવી શક્યાં. જો વિમાન રોજના નિશ્ચિત સમય પ્રમાણે ઊપડતું હોત તો અમારે તે દિવસે પણ નૈરોબી રોકાવું પડત. પરંતુ ઈશ્વરની અનુકંપા અજબ છે. કોઈક વાર એ વિમાનને મોડું કરીને કૃપા પણ કરે છે.

ઝામ્બિયા એરવેઝનું વિમાન પ્રમાણમાં નાનું હતું. સાંજ પડતાં પહેલાં એ નૈરોબીથી રવાના થયું.

લુસાકા આવ્યું ત્યારે અંધારું છવાઈ ગયેલું. જ્યાં જોઈએ ત્યાં અંધારું.

વિમાનઘર સુંદર, સુવ્યવસ્થિત, મોટું હતું.

એમાં પ્રવેશીને હું પ્રવાસીઓ સાથે પંક્તિમાં ઊભો રહ્યો. ત્યાં કૉલેરાના ઈન્જેકશનની નોંધ જોવામાં આવતી હતી. ઝામ્બિયામાં ઈન્જેકશનની આવશ્યકતા હોય છે તેની મને ખબર નહીં હોવાથી મેં એને નહોતું લીધું. એ વસ્તુ મારે માટે અંતરાયરૂપ બની શકે તેમ હતી. પરંતુ એનો ઈલાજ તત્કાળ અને અનાયાસે થઈ ગયો.

મને પ્રવાસીઓની પંક્તિમાં ઊભેલા જોઈને મારી પાસે એક દેવદૂત જેવા સરસ વ્યવહારવાળા માનવ આવ્યા.

એમણે ખૂબ જ વિનયપૂર્વક પ્રણામ કરીને મારા હાથમાંથી પાસપોર્ટ તથા જરૂરી કાગળો લઈ લીધા ને પ્રેમથી કહ્યું : 'હું તમને લેવા આવ્યો છું. તમને રસ્તામાં કાંઈ તકલીફ તો નથી પડી ?'

'ના. કશી જ તકલીફ નથી પડી.'

'હેલ્થ સર્ટિફિકેટ લાવ્યા છો ?'

'એની આવશ્યકતા પડે છે તેની મને ખબર જ નહોતી. ખબર હોત તો તો હું લઈ આવત.'

'હરકત નહીં. તમે ત્યાં પેલી બેઠક પર આરામથી બેસો. હું શાંતિથી બધું પતાવી દઉં છું.'

એ સજ્જન પુરુષના ઉત્તમ મધુમય વ્યવહારની છાપ મારી ઉપર પ્રથમ મેળાપે જ ઘણી સારી પડી. કેટલો બધો ભદ્ર અને સરસ વ્યવહાર !

થોડાક વખતમાં અમે જરૂરી વિધિમાંથી પસાર થઈને બહાર નીકળ્યા. બહાર શ્રી શુકલજી, ઈશ્વરભાઈ તથા બીજા પ્રેમી સત્સંગી ભાઈ પ્રતીક્ષા કરી રહેલા.

મોટર આગળ વધી એટલે મેં પેલા ભદ્ર પ્રકૃતિવાળા મને લેવા આવેલા પુરુષને પૂછ્યું : 'ઘરે બધા સારા છે. ?'

'સારા છે.'

'લગ્નપ્રસંગ સારી રીતે પતી ગયો ?'

'હા.'

'બહેન ક્યાં છે ?'

તે ભાઈ વિચારમાં પડ્યા ને શાંત રહ્યા.

શહેરથી વિમાનઘર ખૂબ જ દૂર હતું. શહેરમાં આવીને મોટર એક બંગલાના શાંત સુંદર પ્રાંગણમાં પ્રવેશી. મોટરમાંથી નીચે ઊતરીને અમે બંગલાના મુખ્ય બેઠકરૂમમાં બેઠા ત્યારે મને થયું કે હવે થોડા વખતમાં જ સરોજબહેનને મળી શકાશે. હું એ શહેરને કાબ્વે અને પેલા સજ્જનને સરોજબહેનના ભાઈ વિઠ્ઠલભાઈ સમજેલો. મને થયેલું કે એમના સિવાય આવો ભદ્ર લાગણીયુક્ત સૌજન્યશીલ વ્યવહાર બીજું કોણ કરે ?

પરંતુ મારા આશ્ચર્યની વચ્ચે મને થોડા જ વખતમાં જણાવવામાં આવ્યું કે આ શહેર કાબ્વે નથી પણ લુસાકા છે. કાબ્વે અહીંથી સો માઈલ જેટલું દૂર હોવાથી અત્યારે જવાનું જોખમ ભરેલું છે. માટે અત્યારે અહીં મારે ત્યાં જ રહેવાનું છે. સવારે ભોજનાદિથી પરવારીને કાબ્વે જવા માટે નીકળીશું.

'તમારું નામ શું.'

'મારું નામ નાથુભાઈ. હું તમને એસોસિયેશન તરફથી લેવા આવેલો.'

'તમે મારો ખૂબ જ પ્રેમથી સત્કાર કર્યો છે.'

'મેં તો મારું કર્તવ્ય જ બજાવ્યું છે. તમારા જેવા મહાપુરુષોનો સાદર સત્કાર કરવો એ અમારું કર્તવ્ય છે.'

કેટલી બધી નમ્રતા ને સરળતા !

મને ત્યારે જ સમજાયું કે એ ભાઈ વિઠ્ઠલભાઈને બદલે નાથુભાઈ છે.

*

વિમાનઘર પર મારા સત્કાર માટે આવેલા ભાઈઓમાંના એક શ્રી જમિયતરામ શુકલ હતા. એ ઈ.સ. ૧૯૪૦માં મારી સાથે મુંબઈની જી. ટી. બૉર્ડિંગ હૉસ્ટેલમાં રહેતા. એમની ગણના આદર્શ અને પરમ તેજસ્વી વિદ્યાર્થીઓમાં થતી. વિદ્યાભ્યાસ પછી એ પાંત્રીસેક વરસ સુધી નવસારીની તાતા હાઈસ્કૂલમાં પ્રિન્સીપાલ તરીકે રહ્યા. ત્યાંથી નિવૃત્ત થઈને એમણે ધર્મગુરુ તરીકે પસંદગી પામીને લુસાકા આવવાનો નિર્ણય કર્યો ત્યારે એમને માટે નવસારીમાં વિદાયસમારંભ યોજવામાં આવ્યો. એ અરસામાં એમણે મારી આત્મકથા વાંચી હોવાથી સમારંભમાં એનો ઉલ્લેખ કર્યો ત્યારે ત્યાં ઉપસ્થિત રહેલા એક સદ્‌ગૃહસ્થે કહ્યું હતું કે તમે જે મહાપુરુષનો ઉલ્લેખ કરો છો તે તો અત્યારે સુરતમાં છે ને મારી બાજુના મકાનમાં સરોજબહેનને ત્યાં ઊતર્યા છે.

એ સમાચાર સાંભળીને શુકલજીને અસાધારણ આનંદ થયો. બીજે દિવસે તે મને સરોજબહેનને ત્યાં મળ્યા. મારા એમની સ્કૂલમાં ત્રણ દિવસનાં જાહેર પ્રવચનો હતાં.

અમે લગભગ સાડત્રીસ વરસે મળ્યા. જૂની સ્મૃતિઓ તાજી કરી.

છૂટા પડતી વખતે મેં એમને કહેલું : 'તમે ઝામ્બિયા જાવ. ત્યાં સારું રહેશે. ઈશ્વરની ઈચ્છા અનુસાર આપણે એ ભૂમિમાં મળીશું.' એ શબ્દો સાચા પડ્યા.

વિમાનઘર પર આવેલા બીજા પ્રેમી ભાઈ ઈશ્વરભાઈની વાત સંક્ષેપમાં એમના જ શબ્દોમાં

'વરસો પહેલાં મેં તમારું પુસ્તક 'શ્રેય અને સાધના' વાંચેલું ત્યારથી મને તમારા પ્રત્યે આકર્ષણ થયેલું. તમારા દર્શનની ઉત્કટ ઈચ્છા થયેલી. પરંતુ એ ઈચ્છા કેવી રીતે પૂરી થાય ?'

'પુસ્તકમાં એવું કશું નહોતું જેની મદદથી તમે ક્યાં છો તેની ચોક્કસ માહિતી મળી શકે.'

'ગયે વરસે તમે અમેરિકા ગયેલા ત્યારે 'કબીરવાણી'માં તમારો ટૂંકો પરિચય આપવામાં આવેલો પરંતુ એ પરિચય તમારો જ છે એવી ખાતરી નહોતી.'

'તમારા શુભાગમનના સમાચાર સાંભળીને તમારા વિશે માહિતી મેળવવા શુકલજી સાથે વાર્તાલાપ થયો તો જણાયું કે ઈશ્વરકૃપાથી મારી શોધ પૂરી થઈ છે. ' શ્રેય અને સાધના'ના લેખક તમે જ છો ને તમે જ ઝામ્બિયા આવી રહ્યા છો.'

'મને એટલો બધો ઊંડો સંતોષ થયો તેની કલ્પના કરવાનું પણ કઠિન છે. મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.'

'ઈશ્વર જેને મદદ કરવા માગે છે તેને અકલ્પનીય અને અદ્‌ભુત રીતે મદદ કર્યા કરે છે. એમનો અનુગ્રહ અનેરો છે. એમના કાર્ય કરવાના અને અનુગ્રહને વરસાવવાના માર્ગો પણ એટલા જ અનેરા.'

'તમારું દર્શન મારે માટે પરમ કલ્યાણકારક તથા શાંતિદાયક થયું. એને માટે ઈશ્વરનો જેટલો પણ આભાર માનું એટલો ઓછો છે.'

ક્યાં ભારત અને ક્યાં ઝામ્બિયા ! બન્ને વચ્ચે કેટલો બધો ભૌગોલિક ભેદ ! કેટલું બધું અંતર ! પરંતુ માનવના અંતર, એમનાં ઊર્મિતરંગો, બધે એક છે.

બીજે દિવસે સવારે ઈશ્વરભાઈએ એમને ત્યાં સત્સંગની બેઠક ગોઠવી. તેમાં ભાગ લેનારા સત્સંગી ભાઈઓમાં એક ગિરિશભાઈ હતા. એમણે ખેચરીમુદ્રાનો સારો અભ્યાસ કરેલો હોવાથી એ સંબંધી પરમ જિજ્ઞાસાથી પ્રેરાઈને પ્રશ્નો પૂછ્યા. ભારતમાં પણ ખેચરીમુદ્રામાં રસ લેનારા અને એનો રીતસર અભ્યાસ કરનારા સાધકો વિરલ જ મળે છે, અથવા નથી મળતા એવું કહીએ તો પણ ચાલે, ત્યારે એનાથી આટલે દૂર ઝામ્બિયામાં એ ભાઈ ખેચરીનું, કોઈ પણ બાહ્ય ગુરુની મદદ વગર માત્ર યોગગ્રંથોનો સમાશ્રય લઈને, સફળતાપૂર્વક અનુષ્ઠાન કરી ચૂકેલા એ જોઈને મને આશ્ચર્ય અને આનંદ બંને થયા. મારા માર્ગદર્શનની એ જાણે કે સુદીર્ઘ સમયથી રાહ જોઈ રહેલા.

પરદેશમાં લાવવાનું પ્રભુનું એક પ્રયોજન એ પણ હશે. કેટલાક ચોક્કસ ભૂમિકાવાળા પથપ્રદર્શનની પ્રતીક્ષા કરનારા સાધકોને ઉપયોગી બનવાનું. એવી રીતે કોઈને ઉપયોગી બનાય તો પરદેશપ્રવાસ સફળ ગણાય.

મધ્યાહ્ન પછી કાબ્વે જવા માટે નીકળવાનું હતું એટલે સત્સંગ પછી ત્યાં ફોન કર્યો. ફોન પર મળેલા વિઠ્ઠલભાઈના પત્ની લક્ષ્મીબહેન ખૂબ જ માયાળુ, સરળ, લાગણીવાળાં લાગ્યાં. સરોજબહેન સાથે પણ વાત કરી.

સાંજે કાબ્વે પહોંચવાનું થયું ત્યારે એમ હતું કે ઉતારો વિઠ્ઠલભાઈને ત્યાં હોય તો સારું. પરંતુ એસોસિયેશન તરફથી ઉતારાની વ્યવસ્થા સમાજના પ્રમુખ શ્રી છગનભાઈને ત્યાં થયેલી તે પણ જગદંબાની કૃપા જ હતી તેની ખબર પાછળથી પડી.

છગનભાઈના બંગલામાં પ્રવેશતાંવેંત જ ત્યાં એકઠા થયેલા ભાવિકજનોએ મારો સત્કાર કર્યો. ત્યાં સરોજબહેન પણ હાજર હતાં. એમને અવલોકીને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

સુરતમાં એમને ત્યાં મળેલા સમાજના પ્રમુખ શ્રી ભગુભાઈ, છગનભાઈ તથા વિઠ્ઠલભાઈ કાબ્વેથી છેક લુસાકા લેવા માટે આવેલા.

* * *

## ૪. લિવિંગસ્ટન અને ચોમા

ઝામ્બિયાના હિંદુ એસોસિયેશનના કલ્યાણ ભાવનાવાળા કાર્યકર્તાઓનો મેળાપ જેમજેમ થતો ગયો તેમતેમ તેમને માટેનું માન વધતું ગયું. એમનો સ્વભાવ સરળ, સૌજન્યશીલ, સેવાભાવી, મિલનસાર લાગ્યો. પોતાના દેશવાસીઓને વધારે ને વધારે લાભ પહોંચાડવાની એમની અભિલાષા હતી. એ સંપીલા, ગુણગ્રાહી વૃત્તિવાળા અને ખૂબ જ માયાળુ લાગ્યા.

કાબ્વેમાં હિંદુ સમાજનો વિશાળ હૉલ હતો. તેમાં શરૂઆતમાં મારાં પ્રવચનો થયા. ઝામ્બિયા હિંદુ એસોસિયેશનના ભજન સંમેલનને હજુ વાર હતી એટલે એની પહેલાંના થોડાક દિવસો દરમિયાન બીજાં શહેરોનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો. કાબ્વેના યજમાન છગનભાઈ અને એમનાં પત્ની પુષ્પાબહેન ખૂબ જ માયાળુ, સરળ અને સેવાભાવી હતાં. ઘરમાં સુંદર દેવમંદિર હતું. ત્યાં બેસીને બંને સવાર-સાંજ પૂજાસેવા અથવા જપધ્યાન કરતાં ને શાંતિ મેળવતાં. એમને એક જ દિવસના મેળાપને લીધે સરોજબહેન માટે પુષ્કળ પ્રેમભાવ પેદા થયો અને એમણે એમને પોતાને ત્યાં રહેવા આવવાનું આમંત્રણ આપ્યું. એમણે કહ્યું : 'તમારા ભાઈને ત્યાંનો લગ્નપ્રસંગ પૂરો થયો છે. હું તમારો ભાઈ જ છું. યોગેશ્વરજી મારે ત્યાં ઊતર્યા છે ને તમે એમના સત્સંગ માટે જ આવ્યાં છો માટે તમે પણ અમારે ત્યાં જ આવો.'

બહેનને અતિશય આગ્રહ કરીને પોતાને ત્યાં લાવ્યા ત્યારે જ એમને શાંતિ વળી.

દૂર રહેતા અપરિચિત જેવા માનવોને પણ કેવો પ્રેમ !

છગનભાઈની વાતમાં ભગુભાઈએ પણ સૂર પુરાવ્યો.

ભગુભાઈ કાબ્વે હિંદુ સમાજના ઉચ્ચ પદાધિકારી હતા. એમને વિવેક, નમ્રતા અને ડહાપણના સાગર કહીએ તો ચાલે. એ હીરાપારખુ ઝવેરી જેવા હતા. શિયાળામાં ગુજરાતમાં આવ્યા ત્યારે એ મને સુરતમાં સરોજબહેનને ત્યાં મળેલા. બહેનના જીવનને જોઈને અને એમના વિચારોને જાણીને એમને માટે એમને સ્વાભાવિક રીતે જ પ્રેમભાવ પ્રકટેલો. એ પ્રેમભાવ ઝામ્બિયાના મેળાપ પછી ઉત્તરોત્તર વધતો જ ગયો.

એસોસિયેશને ગોઠવેલા કાર્યક્રમને અનુસરીને અમે ૨૩-૭-૭૯ને દિવસે કાબ્વેથી લુસાકા થઈને પ્લેનમાં લિવિંગસ્ટન જવાનું નક્કી કર્યું. છગનભાઈ,પુષ્પાબહેન, ભગુભાઈ અને અન્ય સત્સંગપ્રેમી ભાઈબહેનો અમને પ્લેન પર મૂકવા આવ્યાં. છગનભાઈએ સહજ સ્નેહ અને સેવાભાવથી પ્રેરાઈને સરોજબહેનના હાથમાં કવર મૂક્યું. એમાં સો કવાચાની રકમ રાખેલી. સો કવાચા એટલે ભારતના લગભગ હજાર રૂપિયા. અમે તે રકમને લેવાની ના પાડી એટલે એમણે જાણાવ્યું કે તમે હવે પ્રવાસમાં નીકળો છો. રસ્તામાં જુદેજુદે સ્થળે જશો ત્યાં પૈસાની જરૂર પડશે. કોઈક વાર કાંઈ ખરીદવું હોય કે કોઈક બીજું અગત્યનું કામ આવી પડે. એ વખતે થોડીક રકમ હોય તો અનુકૂળતા રહે એટલા માટે આ નાનીસરખી રકમ આપું છું.

મેં કહ્યું : 'રકમ તો જ્યારે જેટલી જોઈશે ત્યારે ને તેટલી બધેથી મળી રહેશે. બધે જ સેવાભાવી આત્માઓ રહેતા હોય છે. અમારે એવું કશું ખરીદવાનું પણ નથી.'

એમણે અતિશય આગ્રહ કરીને એ રકમને રાખવા માટે કહ્યું ત્યારે મેં એમને જણાવ્યું કે આ રકમનો ઉપયોગ ના થાય તો તમારે તે પાછી લેવી પડશે એવી શરત હોય તો આ રકમને સ્વીકારીએ.

એમણે કહ્યું કે એ વખતે જોઈ લઈશું. એટલે અમે એ રકમનો નછૂટકે સ્વીકાર કર્યો.

એમની નિઃસ્વાર્થ સદ્‌ભાવના હૃદયને સ્પર્શી ગઈ.

પ્લેનના દોઢેક કલાકના પ્રવાસ પછી લગભગ ભપોરે બે વાગ્યે અમે લિવિંગસ્ટન પહોંચ્યા.

કહે છે કે ઝામ્બિયાની રાજધાની પ્રથમ લિવિંગસ્ટનમાં જ હતી પરંતુ પાછળથી કેટલાંક કારણોને લીધે રાજધાની તરીકે લુસાકા શહેરને પસંદ કરવામાં આવ્યું.

લિવિંગસ્ટન નગરના અમારા યજમાન તરીકે જેમની પસંદગી કરાયેલી તે મણિભાઈ અને ભાનુબહેન સંસ્કારી આત્માઓ હતાં. એમનો ભક્તિભાવ અસાધારણ હતો. એમને ત્યાં અમને ઊંડો સંતોષ થયો.

લિવિંગસ્ટન નગરથી સાતેક માઈલ દૂર સુપ્રસિદ્ધ વિક્ટોરિયા ફોલ આવેલો છે. એની ઉપરના પુલનો અડધો ભાગ ઝામ્બિયામાં અને અડધો રોડેશિયામાં છે. એવી રીતે એ ઐતિહાસિક અગત્ય ધરાવે છે. સાંજે અમે એ ધોધને જોવા ગયા. ધોધ દેખીતી રીતે જ સુંદર હતો. ગયા વરસે કેનેડામાં નાયગ્રાના ધોધને નિહાળવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડેલું. એ ધોધની સ્મૃતિ હજુ સુકાઈ નહોતી. વિક્ટોરિયા ધોધ જોઈને સ્મૃતિ સ્વાભાવિક રીતે જ તાજી થઈ. બંનેની વચ્ચે સરખામણી કરવાનું મન થયું. પરંતુ એવી સરખામણીનો કોઈ અર્થ ન હતો. એથી કોઈ વિશેષ હેતુની સિદ્ધિ થાય તેમ ન હતું. નાયગ્રાનો ધોધ વિશાળ હતો તો વિક્ટોરિયાનો ધોધ પણ ઓછો વિશાળ ન હતો. બંને પોતપોતાની આગવી રીતે આકર્ષક, હૃદયંગમ, સુંદર હતા. વિક્ટોરિયાના ધોધ સમક્ષ શાંતિ વિશેષ લાગી. ત્યાં દર્શનાર્થીઓની ભીડ ઓછી દેખાઈ. અમે એના અવલોકન માટે પહોંચ્યા ત્યારે સૂર્યાસ્તનો સમય સમીપ હતો. સૂર્યનાં છેલ્લાં કિરણો ધોધના પાણી સાથે વાતે વળગીને એની વિદાયની તૈયારી કરી રહેલાં. એક તરફ જલશીકરો ઊડતા. એમની આરપાર ઈન્દ્રધનુષ દેખાતું. ધોધની બાજુ જંગલની એકાંત પગદંડી પરથી સ્વેચ્છાપૂર્વક પસાર થઈને ધોધનું જુદીજુદી દિશાએથી નિરીક્ષણ કરવાનો આનંદ અજબ હતો. એવા અનેકવિધ દૃશ્યોને પેખીને અમે એક સારા જોવાયોગ્ય સ્થાનને જોવાના સંતોષ સાથે પાછા ફર્યા.

ઝામ્બિયાનાં થોડાંક જોવાલાયક સુંદર સ્થળોમાં એનો સમાવેશ થાય છે. એને જોવા માટે જનતા દૂરદૂરથી આવતી હોય છે.

*

ઝામ્બિયામાં મોટા ભાગની ગુજરાતી જનતાને સ્વતંત્ર, શાંત, વિશાળ કંપાઉન્ડવાળા બંગલાઓમાં વસતી જોઈને આપણને આશ્ચર્ય અને આનંદની સંમિશ્રિત લાગણી થઈ આવે છે. એ જનતા ભારતથી હજારો માઈલ દૂર રહીને પણ ભારતીય જીવનપદ્ધતિને ને સંસ્કૃતિને સાચવી રહી છે. એને ભારતના સંતો તેમજ ભારતને માટે માન છે. એનામાં પારસ્પરિક સંપ, સેવાભાવ અને સહયોગ દેખાય છે એ વસ્તુ પણ ખાસ ઉલ્લેખનીય છે. એણે ઠેરઠેર સંસ્થાઓનું નિર્માણ કર્યું છે.

લિવિંગસ્ટનના વિશાળ હૉલમાં મારાં પ્રવચનો શરૂ થયાં ત્યારે ત્યાંની જનતાએ પ્રમાણમાં સારો ઉત્સાહ દર્શાવ્યો.

શ્રોતાજનોમાં વલ્લભભાઈ નામે વયોવૃદ્ધ સત્સંગપ્રેમી પુરુષ આવતા. પ્રવચનની પરિસમાપ્તિ પછી એમણે મને પ્રણામ કરીને કહ્યું કે, 'અમે ક્યાં દક્ષિણેશ્વર આવવાના હતા ? તમે એટલે દૂરથી આવ્યા તો એને અમારું ભાગ્ય માનીને તમારો લાભ લઈએ.'

બીજે દિવસે પણ એમણે એવું જ કહ્યું. એટલે મેં સરોજબહેનને તેમનો પરિચય કરીને તેમના મનોભાવોથી માહિતગાર બનવા જણાવ્યું. સરોજબહેને તેમના ઉદ્‌ગારોનું રહસ્ય પૂછ્યું તો તેમણે ભારે ભાવવિભોર બનીને હર્ષાશ્રુ સાથે જણાવ્યું કે તમે બંને અહીં આવવાનાં હતાં તેના ચારપાંચ દિવસ પહેલાં મને સ્વપ્ન આવેલું. એ સ્વપ્નમાં તમે બંને દિવ્ય વસ્ત્રોમાં દેખાયેલાં. સ્વપ્નમાં મને સૂચના મળેલી કે દક્ષિણેશ્વરના બંને આત્માઓ આવી રહ્યા છે. તું તેમની સેવા કરજે ને તેમનો લાભ લેજે. તમે જ્યારે અહીં આવ્યાં અને મેં તમારું દર્શન કર્યું ત્યારે મને થયું કે મારું સ્વપ્ન સાચું પડ્યું. મને અસાધારણ આનંદ થયો.

અદભુત. એમનો અનુભવ અસાધારણ અને અદભુત હતો. ઈશ્વર ક્યારે ક્યાં કોને કેવો અનુભવ આપે છે તે કોણ કહી શકે ? એની કલ્પના પણ કોણ કરી શકે ? માનવની થોડીક પણ ભૂમિકા તૈયાર થાય છે ત્યારે ઈશ્વરની કૃપાથી એને એક અથવા બીજી જાતના આધ્યાત્મિક અનુભવો પ્રાપ્ત થાય છે. એ અનુભવો અનોખા અને આનંદદારક હોય છે.

વલ્લભભાઈને જે અસાધારણ અનોખો અનુભવ થયો તેથી તેમની શ્રદ્ધાભક્તિ અનેકગણી વધી પડી. વળતા દિવસે અમને બંનેને ખૂબ જ આગ્રહપૂર્વક પોતાને ત્યાં લઈ ગયા ને પરમ ભાવભક્તિથી પ્રેરાઈને અમારું ચંદનપુષ્પાદિથી પૂજન કર્યું. પૂજનવિધિમાં પોતાના મિત્રો તથા કુટુંબીજનોને પણ સંમિલિત કર્યા.

લિવિંગસ્ટનમાં બીજે થોડેક ઠેકાણે પણ એવી જ વિધિ કરવામાં આવી. નગરમાંથી વિદાય થતી વખતે અમે વિક્ટોરિયા ધોધની પાછી મુલાકાત લીધી. સવારનો સમય હોવાથી ધોધનું સૌંદર્ય અનેરું લાગ્યું. ધોધની સામેના વિશાળ વૈવિધ્યપૂર્ણ વૃક્ષો એની આકર્ષતામાં અને આહ્‌લાદકતામાં વધારો કરતાં. ધોધના શાંત સુંદર સ્થળમાં પ્રવેશતાં જ સરસ લીલુંછમ મેદાન આવતું. એમાં એક તરફ બીજા વિશ્વયુદ્ધના મૃત સૈનિકોનું સમારક કરાયેલું.

રંગ અવધૂત મહારાજ ઝામ્બિયામાં પધાર્યા ત્યારે એ ધોધની સુંદરતા તથા શાંતિથી પ્રભાવિત થઈને ત્યાં થોડાક વખત રહેલા. જે સ્થળ સંતપુરષોને આહ્‌લાદક લાગે તે બીજા સામાન્ય જનોને તો આહ્‌લાદક લાગે જ એ સહેજે સમજાય તેવું છે. ધોધનું એ સુંદર આકર્ષક સ્થળ સૌ કોઈએ જોવા જેવું છે.

*

લિવિંગસ્ટન પછીનો બીજો કાર્યક્રમ ચોમા શહેરનો હતો.

ચોમા શહેર લિવિંગસ્ટન કરતાં નાનું કહેવાય. ત્યાં પણ થોડાંક ગુજરાતી તથા હિંદી કુટુંબો વાસ કરે છે. પ્રવચન અથવા સત્સંગ માટે નાનો સરખો હૉલ પણ છે. રાતે પ્રવચન થયું તે પછી એક અધ્યાપક ભાઈએ ઉતારા પર આવીને કેટલાક પ્રશ્નો પૂછ્યા. એ પ્રશ્નો એમની જિજ્ઞાસાવૃત્તિ અને રસિકતાના સૂચક હતા.

ચોમા શહેરમાંથી નીકળવાનું થયું ત્યારે અમારા યજમાને શહેરના એક નામાંકિત સદ્‌ગૃહસ્થને ત્યાં અમારી પધરામણીનો કાર્યક્રમ અગાઉથી નક્કી કર્યો છે એવું જણાવ્યું.

મેં કહ્યું : 'હું એવી રીતે પધરામણીના કાર્યક્રમો નથી કરતો.'

'પરંતુ આ કુટુંબ તો ખૂબ જ ધાર્મિક અને સેવાભાવી છે.' એમણે સ્પષ્ટીકરણ કર્યું.

'હોઈ શકે છે. પરંતુ એનો અર્થ એવો થોડો છે કે મારે એમને ત્યાં જવું જોઈએ ?'

છેવટે અમે મોટરમાં શહેરની વિદાય લેતી વખતે મોટરમાર્ગે આવતી એ સદ્ગૃહસ્થની દુકાન આગળ ઊભી રાખવાનો અને એમને મળવાનો અવસર આપવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણયને અનુસરીને અમે એમની દુકાનની બહાર ઊભી રાખેલી મોટરમાં જ બેસી રહ્યા. પેલા સદ્ગૃહસ્થે પોતાની પત્ની સાથે દુકાનમાંથી આવીને અમને પ્રણામ કરીને મને દૂધનો પ્યાલો આપ્યો.

મેં એમને બીજો ખાલી પ્યાલો લાવવા જણાવ્યું.

એ બીજો ખાલી પ્યાલો લાવ્યા એટલે એ પ્યાલામાં થોડુંક દૂધ નાખીને મેં મારી પાસે બેઠેલાં સરોજબહેનને આપ્યું અને એ સદ્ગૃહસ્થને કહ્યું કે અમે બે છીએ. મારી સાથે જે રહેતું હોય તેને મૂકીને હું એકલો દૂધ ના પી શકું. સાથે હોય તેનું પૂરેપુરું ધ્યાન મારે રાખવું જ જોઈએ.

એ સદ્ગૃહસ્થ વિચારમાં પડ્યા.

પ્રસંગ દેખીતી રીતે ઘણો જ નાનો હતો પરંતુ બોધની દૃષ્ટિએ મહત્વનો ને મોટો. પ્રવાસમાં જે મારી સાથે હોય તેનું બધી રીતે ધ્યાન રાખવાની મારી ટેવ છે. એ ટેવ આવકારદાયક નથી એવું કોણ કહી શકશે ?

* * *

## ૫. વનના વિસ્તારમાં

ચોમાથી લુસાકા પહોંચીને કાબ્વેના ભજનસંમેલનને થોડાક દિવસોની વાર હોવાથી અમે ઝામ્બિયાના દૂરના સુપ્રસિદ્ધ ખાસ જોવાલાયક મનાતા જંગલવિસ્તારમાં પશુઓનું નિરીક્ષણ કરવા ગયાં. અમારી સાથે સરોજબહેનના ભાઈ, એમની બે મોટી બહેનો અને એમના બનેવી – કપુરાના કાર્યક્રમ દરમિયાન અમારો ઉતારો જેમને ત્યાં રહેતો તે રમેશભાઈ પણ હતા.

એ દિવસો દરમિયાન ભારતમાં કેન્દ્રમાં જનતા પાર્ટીની સરકારનું શાસન સમાપ્ત થવાનો સમય સમીપ દેખાતો હતો. એ ઉપરાંત ઝામ્બિયામાં કૉમનવેલ્થ કૉન્ફરન્સ ભરાવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહેલી, અને એ કૉન્ફરન્સના અસાધારણ અવસર પર ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથનું આગમન થયેલું. ઝામ્બિયાની સરકાર અને પ્રજા એ અવસરને ન્યાય આપવા માટે આતુર હતી.

૨૯મી જુલાઈએ લુસાકાથી વિમાનમાં બેસીને ઝામ્બિયાના દૂર-સુદૂરવર્તી વનવિસ્તારની મુલાકાતે ગયાં ત્યારે વિમાનઘર પર રાણીને સત્કારવા માટે જનતા મોટી સંખ્યામાં એકઠી થયેલી. રાણીના વિમાનને આવવાની થોડી વાર હોવાથી જનતાની ઉત્સુકતા વધી ગયેલી. એ સત્કારસમારોહને અમારો સત્કારસમારોહ સમજીને અમે આગળ વધ્યા. વિમાનઘરની બહારથી ખુલ્લી મોટી જીપમાં લગભગ બે કલાક સુધી મુસાફરી કરીને અમે વનવિસ્તારમાં આવેલી સરોવરતટવર્તી સુંદર શાંત એકાંત હોટલ પાસે પહોંચ્યા તો જાણવા મળ્યું કે હોટલ રાણીની મંડળી માટે સુરક્ષિત રખાઈ હોવાથી અમારો ઉતારો ત્યાંથી થોડાક માઈલ દૂર વનના એક અન્ય સ્થળમાં કરવામાં આવ્યો છે.

જંગલના ઘોર વિસ્તારમાંથી પસાર થઈને અમે એ અન્ય એકાંત સ્થળમાં પહોંચ્યા ત્યારે અંધકારના ઓળાઓ આજુબાજુ સર્વત્ર છવાઈ ગયેલા. એ સ્થળમાં છ-સાત કર્મચારીઓ સિવાય બીજા કોઈની વસતિ ના લાગી. એ સ્થળની સમીપે જ સરિતા હતી. એ સ્થળ છૂટીછવાયી, નાની, સાદી છતાં સ્વચ્છ, સુંદર વૃક્ષોની વચ્ચે વસેલી, કુટિરોથી સુશોભિત દેખાયું. કુટિરો પ્રથમ દૃષ્ટિએ જ આકર્ષક દેખાઈ. બહારથી સીધીસાદી લાગતી કુટિરો અંદરથી આધુનિક સાધનોથી સુસજ્જ હોઈને સર્વપ્રકારે વસવાટયોગ્ય હતી. પ્રત્યેક કુટિરમાં બે સરસ સ્વચ્છ ચાદરોથી ઢાંકેલા ગાદલાંવાળા પલંગ, ઓઢવા માટે રજાઈ તથા કામળા, અને સ્વચ્છ રૂમાલો તેમજ લાઈટની સગવડ હતી. એ કુટિરો હિમાલયની પવિત્ર દિવ્ય શાંત ભૂમિનું સ્મરણ કરાવતી. એ સ્થળમાં પ્રવાસીઓને માટે એક આધુનિક સાધનસામગ્રીવાળું ભોજનાલય પણ હતું. થોડેક દૂર સ્નાનાગારની ને ફ્લશ સંડાસની પણ વ્યવસ્થા હતી. જંગલમાં જાણે કે મંગલ ! એકાંતવાસના અનુરાગી તથા ભજનાનંદી જનોને એ સ્થળ ખૂબ જ પસંદ પડે એવું અને અનુકૂળ હતું.

સવારે માહિતી મળી કે રાતે અમારી કુટિરો આગળથી હાથી-વાઘ જેવાં વન્ય પશુઓ પસાર થયેલાં. મારી કુટિરના દ્વારને રાતે કોઈ ધક્કો મારતું હોય એવું લાગેલું ખરું. એ જંગલવિસ્તારમાં એવું અવારનવાર બન્યા કરતું. એમાં રહેવાનો આનંદ અવર્ણનીય અને અનોખો હતો.

રાણીના રસાલાને લીધે અમને એવા સુંદર શાંત એકાંત સ્થળમાં રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું એને અમે ઈશ્વરની કૃપા માની. એ ઈશ્વરની અસાધારણ કૃપા જ હતી.

સ્નાનાદિથી પરવારીને અમે વનમાં વિહાર માટે નીકળ્યાં તો બાજુમાં જ એક નાનુંસરખું ગામ જોયું. ગામ નાનું હોવા છતાં કેટલું બધું સ્વચ્છ, સુવ્યવસ્થિત, સુઘડ ! એનાં સઘળાં મકાનો એકસરખાં હતાં. એ મકાનો દ્વારા વન્ય પશુઓથી રક્ષા કરવાની પૂરતી તકેદારી રખાયેલી. ઝામ્બિયાના દૂરસુદૂરના પછાત મનાતા પ્રદેશનાં ગામડાની એ રચના અને સ્વચ્છતા સાચેસાચ પ્રેરક હતી. ગામના કોઈ પણ મકાન પાસે લેશ પણ ગંદકી ના દેખાઈ.

*

રાણીની મંડળી આગળ વધી એટલે સાંજે અમને પ્રથમથી નક્કી કરેલી હોટલમાં લઈ જવામાં આવ્યા. એ હોટલ પણ હતી તો એકાંતમાં જ પરંતુ વધારે વ્યવસ્થિત, વિશાળ તથા સાધનસંપન્ન લાગી. સમીપસ્થ સરોવરના સુંદરતટ પર હાથી ઊભેલા. એ દૃશ્ય અનોખું હતું.

બીજે દિવસે ઠંડા વાતાવરણમાં સવારે છ વાગ્યે અમે મોટી ખુલ્લી જીપમાં વન્ય પશુઓને જોવા માટે નીકળ્યાં. જંગલનાં વૃક્ષોથી વીંટળાયેલા વનરાજીથી ભરેલા માઈલોના ખુલ્લા વિસ્તારમાં સ્વૈરવિહાર કરતાં વિવિધ પ્રકારનાં પશુપંખીનું દર્શન થતું હતું. જીપનો ડ્રાઈવર ખૂબ જ અનુભવી અને સુમાહિતગાર હોવાથી જીપને અમુક ખાસ રસ્તે જ લઈ જતો તથા માર્ગે મળતા કે દૂરથી દેખાતાં પશુઓનો પરિચય કરાવતો. મોટા ભાગના મુસાફરો સિંહને અવલોકવાની આકાંક્ષા રાખતા, પરંતુ સિંહનો મેળાપ કોઈ વાર સહેલાઈથી અનાયાસે થાય તો કોઈ વાર જંગલમાં કલાકો સુધી ફરવા છતાં પણ સિંહદર્શન સિવાય નિરાશ થઈને પાછા ફરવું પડતું.

જીપ જંગલમાં આગળ વધી. હાથી અને ગેંડાનાં ટોળાં દેખાયાં.

વીસેક મિનિટ પછી માર્ગમાં કોઈક પશુને તાજું જ મારી નાખેલું જોઈને ડ્રાઈવરે જણાવ્યું : 'જોયું ? આ શિકાર હમણાં જ વહેલી સવારે ને સિંહે કરેલો છે. સિંહ આ માર્ગેથી પસાર થયો લાગે છે. એ આટલામાં જ હોવો જોઈએ. કોઈ બોલશો નહીં, નહીં તો એ અવાજ સાંભળીને જતો રહેશે.'

સૌ શાંત થઈ ગયાં. આતુર બન્યાં.

ડ્રાઈવરનું અનુભવના આધાર પર ઘડાયેલું અનુમાન સાચું ઠર્યું. એનો અભિપ્રાય યથાર્થ લાગ્યો. થોડીક વારમાં તો વનની વનરાજી વચ્ચે સિંહ દેખાયો. પોતાના પરિવારના વડા જેવા એ સિંહની પાસે બીજા સાતેક સિંહો બેઠેલા. જીપથી દસેક ફૂટ જેટલે દૂર જંગલમાં મંગલ માનતા બેઠેલા એ સિંહો અમને જોઈને જરા પણ ભયભીત ના બન્યા. સંકોચ પણ ના પામ્યા. અમારાથી દૂર ઘોર કોલાહલરહિત જંગલમાં સરી જવાની એમણે કોશિશ પણ ના કરી. એ છેક જ સ્થિતપ્રજ્ઞની જેમ બેસી રહ્યા. અમારી ઉપસ્થિતિની એમણે પરવા જ કરી નહીં.

થોડા સમય પછી સિંહના એ સમુદાયે ઊભા થઈને ચાલવા માંડ્યું. છેલ્લા સિંહને જોવાનું શક્ય હતું ત્યાં સુધી અમે રસપૂર્વક બેસી રહ્યાં અને પછી જીપને આગળ ચલાવી. વનમાં વચ્ચે વચ્ચે ગેંડા, હરણ, જલઘોડા, મગર, લડાયક મિજાજવાળા હાથી, વિવિધરંગી પંખીનું અવલોકન કર્યું. વનમાં વિચરનારાં પરાધીન પશુપંખી કરતાં માનશરીર કેમ વધારે શક્તિશાળી, શક્યતાવાળું ને મૂલ્યવાન છે તેનો સારી રીતે ખ્યાલ આવ્યો.

બીજી રાત પણ હોટલમાં જ ગાળી. સાંજે ને સવારે વનને વિલોકવા માટે ફરી વાર નીકળ્યાં, પરંતુ પછી સિંહ ના દેખાયો. સાંજે વનમાં એક ઠેકાણે ચિત્તાઓ અને દીપડાઓ દેખાયા ખરા.

વિમાનના પ્રવાસ પછી પહેલી ઑગસ્ટે પુનઃ લુસાકા પહોંચ્યા.

* * *

## ૬. ભજનસંમેલન

ઝામ્બિયાના સુપ્રસિદ્ધ કાબ્વે નગરમાં ઑગસ્ટની પાંચમી તથા છઠ્ઠી તારીખે નવમું ભજનસંમેલન હતું. તેમાં અતિથિવિશેષ અથવા મુખ્ય વક્તા તરીકે મને આમંત્રવામાં આવેલો. એ એક ઐતિહાસિક ઘટના હતી. ભજનસંમેલનમાં જુદાંજુદાં શહેરોનાં ભજન મંડળો આવેલાં. લગભગ બે હજાર જેટલા ભાવિકોએ ભાગ લીધેલો. બહારથી આવેલા પ્રતિનિધિઓના નિવાસ તથા ભોજનાદિની વ્યવસ્થા કાબ્વે હિંદુ સમાજ તરફથી સફળતાપૂર્વક કરાયેલી. છેલ્લાં નવ વરસથી જુદાંજુદાં શહેરોમાં જે ભજનસંમેલનો યોજાતાં તેમાં આ વરસે કાબ્વેનો વારો હતો. એ સંમેલનોને માધ્યમ બનાવીને માનવો સામૂહિક રીતે પરસ્પર ભેગા મળતા, વિચારોની આપ-લે કરતા, પ્રેમભાવને વધારતા, તેમજ જુદીજુદી સંસ્થાઓને દાન દેતા. એ દાન હિંદુ એસોસિયેશનના નામે એની દ્વારા જ દેવાતું. સંમેલન સવારથી બપોર સુધી ને સાંજથી રાત સુધી ચાલ્યા કરતું. એના કાર્યક્રમો ખૂબ જ રોચક રહેતા.

ભજનસંમેલનમાં બધાં મળીને મારાં પાંચ પ્રવચનો થયાં. એક પ્રવચન હિંદીમાં, બીજું પ્રવચન અંગ્રેજીમાં, અને ત્રણ પ્રવચનો ગુજરાતીમાં. બીજે દિવસે સવારે સરકારી પદાધિકારીઓ અને સંસ્થાઓના અન્ય કાર્યકર્તાઓ મળીને ત્રીસેક જેટલા વિશેષ આમંત્રિતોએ ભાગ લીધેલો. એમની ઉપસ્થિમાં એસોસિયેશન તરફથી ઝામ્બિયાની જુદીજુદી સેવાસંસ્થાઓને દાન આપવાનું હતું.

એ અવસરે મેં કરેલા અંગ્રેજી પ્રવચનનો સારાંશ આ પ્રમાણે :

'હું માનવસંસ્કૃતિની મૂળભૂત જનની, ઋષિમુનિથી સેવાયેલી, હિમાલયની પરમ પવિત્ર પુણ્યમયી ઐતિહાસિક ભૂમિમાંથી આવી રહ્યો છું. મને આ અસાધારણ અવસર પર હિમાલયની એ તપઃ પૂત ભૂમિમાંથી પ્રાદુર્ભાવ પામતી ગંગા તથા યમુના નદીઓનું સ્મરણ થાય છે. એ બંને સરિતાઓનો આગળ પર પ્રયાગરાજના પુણ્યપ્રદેશમાં સંગમ થાય છે. સંગમનું એ દૃશ્ય અતિશય અદભુત, અનોખું અને આનંદદાયક છે. અહીં આ વિશાળ હૉલમાં હિંદુ એસોસિયેશન ઝામ્બિયાના ભારતવાસીઓ અને ઝામ્બિયા સરકારના અગ્રગણ્ય પદાધિકારીઓ અથવા પ્રતિનિધિઓ એકઠા મળ્યા છે. બંને દેશોની સાંસ્કૃતિક સરિતાઓનો સુભગ સંગમ થયો છે. એ સુંદર સુધાસભર સંગમસ્થળમાં સ્નાન કરવાનું સૌભાગ્ય સાંપડવા બદલ હું મારી જાતને ખૂબ જ ધન્ય સમજું છું. ઝામ્બિયા સરકારના પ્રતિનિધિઓ અમારા સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમોમાં પણ આવી રીતે સક્રિય રસ લે છે તે જાણીને મને ખરેખર અસાધારણ આનંદાનુભવ થઈ રહ્યો છે. સાંસ્કૃતિક સંગમનું આ દૃશ્ય સાચેસાચ અનોખું અને ચિરસ્મરણીય છે.'

'આ નાના છતાં સમૃદ્ધ, સંપન્ન ને મહાન દેશની મુલાકાતથી મને અતિશય આનંદ થયો છે. ભારતના સિદ્ધાંતો, આદર્શો અને ઝામ્બિયાના સિદ્ધાંતો અને આદર્શો એક સરખા જ છે. બંને દેશોના પ્રશ્નો પણ સરખા છે. બંને દેશો પ્રજાનાં દુઃખોને દૂર કરવા માટે, પોતપોતાના પ્રજાના ઉત્કર્ષ માટેની સદ્ભાવનાથી પ્રેરાઈને પ્રયત્નો કરે છે. બંને દેશોના શાસકો તથા કાર્યકર્તાઓ અથવા સૂત્રસંચાલકો ગરીબી, નિરક્ષરતા અને શોષણને દૂર કરવા કટિબદ્ધ છે. ભૌતિક અભ્યુત્થાનની અને માનવીય સ્વતંત્રતાની સુરક્ષાની દિશામાં બંને કાર્ય કરે છે. કચડાયેલાં, દબાયેલાં અને શોષિતોને સહાયતા પહોંચાડવા બંને દેશો ગૌરવનો અનુભવ કરે છે.

બંને દેશો પોતાની આગવી રીતે એક જ સામાન્ય ધ્યેયની સિદ્ધિ માટે પ્રગતિ કરે છે. પોતાની અને સમસ્ત સંસારની શાંતિ માટે કાર્ય કરે છે. બંને દેશો ઉદારતા, માનતા, સર્વધર્મસમભાવ, દયાભાવના અને એવા અન્ય આદર્શ ગુણોને અનુસરવાનું ખાસ ધ્યાન રાખે છે. બંને શાંતિપ્રિય, લોકતંત્રમાં માનનારા અને અહિંસક છે.'

'આવી પ્રાણવાન પરંપરાવાળા મહાન મિત્રદેશની મુલાકાત વખતે હું મારી સાથે ભારતની જનતાના શુભાશીર્વાદ લાવ્યો છું. ઝામ્બિયાની સમસ્ત પ્રજાને એના પ્રતિનિધિઓ દ્વારા એ શુભાશીર્વાદ પાઠવી રહ્યો છું. ઝામ્બિયાની પ્રજાની સર્વતોમુખી સમુન્નતિક પ્રગતિ માટે અમે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.'

'આ દેશમાં કેટલેક ઠેકાણે એવી માન્યતા પ્રચલિત છે કે અહીં દરિયાપારના બીજા દેશોમાં વસનારા ભારતીયો ધનસંગ્રહ પાછળ પડેલા છે ને અર્થોપાર્જનને વધારે પડતું મહત્વ આપે છે. એ માન્યતા બરાબર નથી એવું સ્પષ્ટીકરણ કરવાનું અસ્થાને નહીં ગણાય. ગુજરાતી ભાઈ ધન સંગ્રહ કરે છે ને બને તેટલું વધારે કમાય છે પરંતુ પોતાને માટે જ નથી કમાતા. ધનના સંગ્રહ સિવાય ધનનો સદુપયોગ, ધન દ્વારા થતી સેવાપ્રવૃત્તિ કે દાન કેવી રીતે થઈ શકે ? દાન કરવા માટે, લોકસેવાની વિભિન્ન પ્રવૃત્તિઓમાં સહાયભૂત બનવા માટે, ધનનો સંગ્રહ આવશ્યક અથવા અનિવાર્ય છે. ધનસંગ્રહની પ્રવૃત્તિને એ દૃષ્ટિથી અવલોકવાની આવશ્યકતા છે. ગુજરાતી ભાઈઓ ધન કમાય છે એ સાચું છે પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એ ધનનું દાન કરે છે. આજે અપાતી મોટી રકમ એની સાક્ષી પૂરે છે. એ કેવળ સ્થૂળ રકમ નથી પરંતુ ગુજરાતી પ્રજાની ઝામ્બિયાની પ્રજા પ્રત્યેની લાગણી, સહાનુભૂતિ, સેવાભાવના તથા સદભાવનાનું પ્રતીક છે. ગુજરાતી ભાઈઓ આ દેશની સેવાધર્મને બજાવતી સંસ્થાઓને દાન આપે છે. હું એમના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ પ્રકટ કરું છું. ભવિષ્યમાં આવી સેવાપ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધતી જાય અને આ દેશને અને સેવા કરનારી સંસ્થાઓને આર્થિક મદદ મળતી રહે એવું ઈચ્છું છું. '

'ભારતમાંથી આવેલા પ્રજાજનો આ દેશમાં દૂત તરીકે રહે એ આવશ્યક છે. એમણે દૂધમાં સાકરની જેમ ભળી જવાનું છે. એમને મારે કહેવાનું છે કે તમે ભારતીય છો એ ના ભૂલો. આપણી સંસ્કૃતિ મહાન છે. જવાહરલાલ નહેરુ પણ ભારતીય સંસ્કૃતિના અક્ષય વારસાને માટે ગૌરવ અનુભવતા. એ સંસ્કૃતિનું વિસ્મરણ નથી કરવાનું. એને આપણે સુરક્ષિત રાખવી છે. આપણે આપણા મિત્રદેશ ઝામ્બિયામાં રહીએ છીએ તો તેની સર્વતોમુખી સુખાકારી, સમૃદ્ધિ, સમુન્નતિ અને શાંતિ માટે પ્રયાસ કરવો જોઈએ. આ મહાન દેશની પ્રગતિમાં આપણી પ્રગતિ સમાયેલી છે.'

'ઝામ્બિયાના પ્રજાજનોને પણ હું કહેવા માંગું છું કે ભારત તથા ઝામ્બિયા મિત્રદેશો છે. એમની વચ્ચે મિત્રતાપૂર્ણ સંબંધો અસ્તિત્વ ધરાવે છે અને અસ્તિત્વ ધરાવશે. ભારતીયો ઝામ્બિયાના વિરોધી નથી, મિત્રો છે. ભારતીયો નૈસર્ગિક રીતે જ હિંસક અથવા આક્રમક નથી. અમને અમારા વિશ્વવિખ્યાત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પ્રથમથી જ અહિંસા શીખવી છે. અમે પારસ્પરિક સહકાર, સહઅસ્તિત્વ તથા મિત્રતામાં માનીએ છીએ. અમે દુનિયાના સઘળા દેશોની મૈત્રી ઈચ્છીએ છીએ. સ્નેહ, સંપ, એકતામાં વિશ્વાસ રાખીએ છીએ. વિરોધ, કટુતા, વૈમનસ્યમાં વિશ્વાસ નથી રાખતા. ઈશુ ખ્રિસ્તે કહ્યું છે તેમ પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવા માંગીએ છીએ. સૌની સાથે મૈત્રી સંબંધો રાખીએ છીએ. ઝામ્બિયા એમાં અપવાદરૂપ નથી. ના જ હોઈ શકે. ઈશ્વર આ

મહાન દેવોના પ્યારા દેશ પર પોતાનો અનુગ્રહ વરસાવે. આ મહાન દેશ સર્વપ્રકારે પ્રગતિ કરે, સમુન્નતિ સાધે, અને ભારત જેવા બીજા સાચા શાંતિપ્રિય દેશો સાથે સહયોગ સાધીને સમસ્ત સંસારની શાંતિ તથા સમુન્નતિ માટે પ્રયત્નો કરે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥'

મારા એ પ્રવચનનો પ્રભાવ ધાર્યા કરતાં ખૂબ જ વધારે પડ્યો. પ્રવચનને સાંભળી રહેલા શ્રોતાજનોએ અને રંગમંચ પર બેઠેલા ઝામ્બિયાના પ્રતિનિધિઓએ વચ્ચેવચ્ચે તુમુલ કરતલધ્વનિ સાથે પોતાની પ્રસન્નતા પ્રકટ કરી.

એ ઐતિહાસિક અવસર પર મને સ્વાભાવિક રીતે જ અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી સર્વધર્મપરિષદનું ને એમાં અગત્યનો ભાગ ભજવનારા સ્વામી વિવેકાનંદનું સ્મરણ થયું. ઈશ્વરની કૃપા શું નથી કરતી ? મેં જે પ્રવચન કરેલું તે કોઈ પણ પ્રકારના પૂર્વવિચાર કે કશી જ પૂર્વતૈયારી વગર કરેલું, તો પણ ખૂબ જ સફળ તથા લોકપ્રિય બન્યું. પ્રવચન પછી મારી ખુરસી પર બેસવા માટે પાછો વધ્યો ત્યારે ઝામ્બિયાના સઘળા પ્રતિનિધિઓએ સ્નેહ તથા સન્માન સહિત ઊભા થઈને મારો સતત કરતલધ્વનિથી સમુચિત સત્કાર કર્યો. અને મને અભિનંદન આપ્યા.

હિંદુ એસોસિયેશનના પ્રમુખશ્રીએ મારી પાસે પહોંચીને ખૂબ જ પ્રસન્નતાપૂર્વક જણાવ્યું : 'તમારું પ્રવચન અતિશય સુંદર, અદભુત હતું. તમે આવું સરસ સ્પષ્ટ સારવાહી અંગ્રેજી બોલી શકો છો એની માહિતી આજે જ મળી !'

કાબ્વેના ભજનસંમેલનના ઉપપ્રમુખે કહ્યું : 'તમે જે જરૂરી હતું તે જ કહ્યું. તમારા પ્રવચન માટે તમારો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે. આવું સરસ પ્રવચન કોઈયે ના કરી શકે. તમારા પ્રવચનની અસર ઝામ્બિયાના પ્રતિનિધિઓ પર પણ ધાર્યા કરતાં ઘણી જ સારી થઈ છે. તમારા પ્રવચનથી એ બધા ભારતને ને ભારતવાસીઓને વધારે સારી રીતે સમજી શકશે. પરિણામે ભારતવાસીઓને મદદ મળશે. એમનો દૃષ્ટિકોણ બદલાશે.'

એ સાંભળીને મને સંતોષ થાય એ સ્વાભાવિક હતું.

ભજનસંમેલનમાં ઝામ્બિયાની જુદીજુદી સેવાસંસ્થાઓને હિંદુ સમાજ તરફથી આર્થિક સહાયતા કરવામાં આવી. એ કાર્યક્રમ ખરેખર ખૂબ જ અભિનંદનીય હતો. એના પરથી પ્રતીતિ થઈ કે ભારતવાસીઓ ઝામ્બિયામાં કેવળ કમાવા માટે જ નથી રહેતા, પરંતુ બીજાને મદદરૂપ થવા માટે પણ વાસ કરે છે.

* * *

## ૭. કીટવે, ચિંગોલા, મુફલીરા, એન્ડોલા

કાબ્વેના ભજનસંમેલનની સુખદ પૂર્ણાહુતિ પછી એક સુશિક્ષિત સન્નારીએ પોતાના મનોભાવોનો પ્રતિઘોષ પાડતાં કોઈક બીજી સન્નારી સાથે ફોન પર વાતચીત કરતાં કહ્યું- 'યોગેશ્વરજીના વ્યક્તિત્વથી સૌ કોઈ – ખાસ કરીને યુવાનો પુષ્કળ પ્રભાવિત થયા. યુવાનોને અંગ્રેજી ભાષાનો મહાવરો વધારે છે. એ ભાષાને એ સહેલાઈથી ને સારી રીતે સમજી શકે છે. યોગેશ્વરજીનું અંગ્રેજી ખૂબ જ સરસ, સરળ, સારગર્ભિત, ઉચ્ચ હતું. એમની શૈલી તથા છટા સુંદર હતી. એ આવું સરસ બોલતા હશે તેની ખબર જ નહીં. એમનો અંગ્રેજી ભાષા પરનો કાબૂ અદભુત છે.'

ભજનસંમેલનમાં પૂજનાદિ વિધિ પુરોહિત તરીકે શ્રી જમિયતરામ શુકલ કરાવતા. એમની આંખમાં છૂટા પડતી વખતે આંસુ આવ્યાં. એ ભાવવિભોર સ્વરે બોલ્યા : 'તમારા દર્શનથી હું કૃતાર્થ થયો. ભજનસંમેલનમાં તમારા પ્રવચનોને સાંભળીને મને ધર્મનો સાચો મર્મ સમજાયો છે ને જીવનના સાર્થક્યને માટે પરમાત્માના પ્રેમને વધારીને અંદરની દુનિયામાં ડૂબકી મારીને આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ એવી પ્રતીતિ થઈ છે. તમારાં પ્રવચનો પરમ પ્રેરક, સત્યનિષ્ઠ અને શક્તિશાળી હતાં.'

એમના પરના શ્રી વિજયસિંહ રાણાના વડોદરાથી લખાયેલા પત્રમાં સરોજબહેનની સુયોગ્યતાનું સમુચિત રીતે વર્ણન કરવામાં આવેલું. એ પત્રથી એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ પ્રસન્નતાને વ્યક્ત કરતાં એમણે લુસાકાથી ફોન કરીને એ પત્રની નોંધપાત્ર ખાસ પંક્તિઓ વાંચી સંભળાવી. એમણે ઉપસંહાર કરતાં કહ્યું- 'આ પત્ર અને એમાં કરાયેલું સરોજબહેનનું વર્ણન રોમાંચક છે. અહીંની જિજ્ઞાસુ જનતાને માટે એ ખૂબ જ ઉપયોગી થઈ પડશે.'

*

તારીખ ૮-૮-૧૯૭૯ની સવારે કાબ્વેથી કાર મારફતે આશરે ૧૨૦ માઈલની સુખદ સફર કરીને અમે કીટવે શહેરમાં પહોંચ્યા.

કીટવે શહેર ઝામ્બિયાનાં અન્ય શહેરોની સરખામણીમાં પ્રમાણમાં ઘણું મોટું છે. એનો અસાધારણ વિસ્તાર, એની સ્વચ્છતા કે સુઘડતા અને કોલાહલરહિતતા માટે બાધક અથવા અંતરાયરૂપ નથી બનતો. એ શહેરમાં આકાશવાણી તથા ટેલિવિઝનનું સુદર સુસજ્જ કેન્દ્ર છે, અને એક સારા ઔદ્યોગિક નગર તરીકે પણ એની ગણના થાય છે.

એસોસિયેશને નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે રાતે હૉલમાં મારું જાહેર પ્રવચન થયું. શ્રોતાઓની સંખ્યા એકંદરે સારી હતી. એ ત્યાંની જનતાની ધર્મભાવનાની સૂચક હતી. પ્રવચન પછી પુછાયેલા પ્રશ્નો પણ જિજ્ઞાસાથી પ્રેરાયેલા અને રોચક હતા. મોટા ભાગના શ્રોતાઓની લાગણી એવી હતી કે ભારતમાં સત્તાની સાઠમારી ચાલે છે. એ લાગણીનો પ્રતિઘોષ એમના છૂટક છૂટક પ્રશ્નોમાં પડેલો દેખાતો. ભારતમાં માનવતા કેમ નથી અને છે તો પ્રમાણમાં અતિશય અલ્પ કેમ છે, એવા પ્રશ્નો પણ પુછાયા. એવા પ્રશ્નો આલોચનાત્મક નહોતા પરંતુ ભારત પ્રત્યેની ઊંડી લાગણી અથવા સહાનુભૂતિના પરિચાયક હતા. પ્રશ્નો પૂછનારને ભારતીય પ્રજાની તત્કાલીન સામૂહિક પરિસ્થિતિથી અસંતોષ હતો અને વેદના થતી હતી એ સ્પષ્ટ હતું. ઘરઆંગણે જે

પરિસ્થિતિ પેદા થયેલી એની અસર એવી રીતે ભારતના સીમાડાઓની બહાર પણ પડેલી. આઝાદી પછી ભારતીય પ્રજાનું ચારિત્ર્ય અપેક્ષાનુસાર ઉજ્જ્વળ બનેલું અથવા ઉપર ઊઠેલું એવું તો કોઈ પણ તટસ્થ નિરીક્ષક કહી શકે તેમ નહોતું. પ્રજા ઉપર નેતાઓનો પ્રભાવ કંઈ ઓછો નથી પડતો. નેતાઓ પણ પ્રામાણિક અથવા આદર્શ બનવાના પ્રયત્નો કરી છૂટવાને બદલે અંગત રાગદ્વેષ, પૂર્વગ્રહ અને સત્તાલાલસાથી પ્રેરાઈને પોતાનું ને સમસ્ત રાષ્ટ્રનું અહિત કરી રહેલા એ એક હકીકત હતી. એ પરિસ્થિતિ રાષ્ટ્રના હિતૈષીઓને માટે ઓછી ચિંતાજનક ન હતી. હું એમને જણાવતો કે આપણે પરમ કૃપાળુ સર્વેશ્વર સર્વસમર્થ પરમાત્માને પ્રેમપૂર્વક પ્રાર્થના કરીએ કે ભારત પોતાની ક્ષતિઓમાંથી મુક્તિ મેળવીને સર્વપ્રકારે સર્વતોમુખી સમુન્નતિ સાધે તેમ જ સુખશાંતિથી સંપન્ન બને.

*

કીટવેથી ચિંગોલાની મુસાફરી મોટરમાં કરીને અમે શ્રી મનુભાઈ શાહને ત્યાં પહોંચ્યા. અમારા યજમાન શ્રી મનુભાઈ શાહ ખૂબ જ માયાળુ, મિલનસાર સ્વભાવના, સરળ, નમ્ર અને આધુનિક કેળવણીપ્રાપ્ત અસાધારણ વિદ્વાન હતા. એમનો જન્મ અને ઉછેર જૈન ધર્મમાં થયેલો હોવા છતાં એ ધાર્મિક સ્થિતિસ્થાપકતા, સંકુચિતતા, જડતા, અસહિષ્ણુતામાંથી મુક્ત દેખાતા તથા ઉદાર અથવા વિશાળ વિચારો ધરાવતા. સાયન્સના સ્નાતક હોવા છતાં એમને ધર્મ, તત્વજ્ઞાન તથા યોગસાધનાની રુચિ વારસામાં મળેલી. એ રુચિને સંતોષવા માટે એમણે એ વિશેનાં અનેકવિધ પુસ્તકો પણ વસાવેલાં. ભારતથી દૂર વસીને એ સ્વાશ્રયી પુરુષાર્થી જીવન જીવતાં ઉત્તરોત્તર આગળ વધેલા અને એક મોટા સફળ નામાંકિત ઉદ્યોગપતિના પદ પર પહોંચેલા. કીટવે તથા ચિંગોલામાં એમનાં વિશાળ ઉદ્યોગકેન્દ્રો હતા.

એમની અતિથિસત્કારની ભાવના અસાધારણ, નોંધપાત્ર, સ્તુત્ય હતી.

અમને સત્કારતાં એમણે જણાવ્યું : 'તમે અમારું આમંત્રણ સ્વીકારીને અમારે ત્યાં ઊતર્યા એથી અમને અતિશય આનંદ થયો.'

મેં શાંતિપૂર્વક કહ્યું : 'અમારે તો એસોસિયેશનની સૂચનાનુસાર સઘળે જવું પડે છે. એસોસિયેશન જ કાર્યક્રમ યોજે છે, ઉતારા ગોઠવે છે, અને બધી વ્યવસ્થા કરે છે. તમારે ત્યાં આવીને, તમારો સાધનાપ્રેમ અને સરસ સૌહાર્દપૂર્ણ સ્વભાવ જોઈને અમને પણ ખરેખર ખૂબ જ આનંદ થયો.'

'કાબ્વેના ભજનસંમેલનમાં થયેલાં તમારાં પ્રવચનોને સાંભળીને અન્ય અનેકની જેમ હું પણ મંત્રમુગ્ધ બની ગયેલો. તમારું અંગ્રેજી પ્રવચન તો મને ખૂબ જ ગમેલું. ત્યારથી જ મેં તમારો વિશેષ લાભ લેવાનો સંકલ્પ કરેલો. એસોસિયેશને અમારી અરજને માન્ય રાખીને તમારો કાર્યક્રમ યોજ્યો એને માટે અમે એના પદાધિકારીઓના આભારી છીએ. તમારા સરખા પરમપ્રતાપી સત્પુરુષના દર્શન-સમાગમનો લાભ પરમાત્માની પરમ કૃપાથી કોઈક સદભાગીને જ મળી શકે છે.'

ચિંગોલા શહેરની એક તરફ કકુવે નામની નાનકડી છતાં સુંદર ચિત્તાકર્ષક સરિતા હતી. એના દર્શનથી અમને ભારતની સુંદર કુદરતી સૌંદર્યથી સંપન્ન સરિતાઓનું સ્મરણ થયું. કકુવે નદીની સાથે સરસ ધોધ પણ જોવા મળ્યો. સરિતા પરના નાનકડા પાકા પુલ પર ઊભા રહીને અમે એ ધોધનું નિરીક્ષણ કર્યું.

એ નિરીક્ષણ અતિશય આનંદદાયક સાબિત થયું. સરિતાની આજુબાજુ જુદી જુદી જાતનાં નયનમનોહર ઘટાદાર વૃક્ષો ઊગેલાં. એમને લીધે આખુંયે દૃશ્ય વધારે રમણીયતા ધારણ કરતું.

ચિંગોલામાં સવારે સમૂહધ્યાનનો વર્ગ શરૂ કર્યો. આધ્યાત્મિક ઉત્કર્ષની ઈચ્છાવાળા સાધકોએ એનો લાભ સારી પેઠે લીધો. ભારતમાં ને ભારતની બહારના લગભગ બધા જ દેશોમાં સંસ્કારી સદવિચારશીલ સાધકોનો એક એવો વિચક્ષણ વર્ગ છે કે, જે સમજે છે કે જીવનની સાચી શાંતિ કેવળ સાંસારિક સુખોપભોગથી, વાચન કે ચિંતનમનનથી અથવા ધન, વૈભવ, ઐશ્વર્યથી નથી મળતી. એ શાંતિને મેળવવા માટે તો ધ્યાનની શાંત સાધનાનો આધાર લઈને આત્માના અતીન્દ્રિય પાવન પ્રદેશમાં ડૂબકી મારવાની કોશિશ કરવી જોઈએ. આત્માના મહામૂલ્યવાન મોતીને હસ્તગત કરવા માટે ધ્યાનના અંતરંગ અમોઘ અભ્યાસક્રમની અનિવાર્યતા આવશ્યક છે. બાહ્ય દુનિયામાં દોડતી મનની વૃત્તિને પાછી વાળીને ધ્યાનની મદદથી અંતર્મુખ કરવાથી આત્મશાંતિને માટેની સુનિશ્ચિત ભૂમિકાનું નિર્માણ થાય છે. એવી વિચારસરણીવાળા સાધકોએ ધ્યાનવર્ગનો લાભ સારી સંખ્યામાં લીધો.

ધ્યાનવર્ગ તદ્દન નિઃશુલ્ક હતો એ ખાસ નોંધવા જેવું છે. એની અસર ધાર્યા કરતાં ઘણી વધારે થઈ. ભારતની બહારના બીજા દેશોમાં યોગાસનો તથા ધ્યાનને શીખવવા માટે સારી એવી રકમ લેવામાં આવે છે. શિક્ષણની એવી પદ્ધતિ ત્યાં સ્વાભાવિક, ઉચિત અને ન્યાયસંગત ગણાય છે. એટલે મારી યોગસાધનાને કોઈ પણ પ્રકારની સ્થૂળ રકમ લીધા સિવાય શીખવવાની પદ્ધતિ એમને માટે નવી હતી. તો પણ જનતાને એની પાછળની ભાવનાને સમજતાં અને એ સદભાવનાની કદર કરતાં વાર ના લાગી. પરિણામે એમનાં મારે માટેનાં પ્રેમ અને આદરભાવ વધી પડ્યાં.

*

ઝામ્બિયાની સમૃદ્ધિ ત્યાંની ઠેકઠેકાણે પથરાયેલી તાંબાની ખાણોને લીધે છે. ચિંગોલાની વિશાળ તાંબાની ખાણમાં લગભગ દસ હજાર કારીગરો કામ કરે છે. કારીગરોને રહેવા માટે મકાનોની પણ સગવડ છે. એ મકાનોની હારમાળાને લીધે એક નવું જ નગર વસ્યું હોય એવું લાગે છે. નાનકડા ઝામ્બિયાને સ્વાશ્રયી, શક્તિશાળી ને મહાન બનાવવા તાંબાની ખાણોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. એ વિશાળ ખાણોનું નિરીક્ષણ કરીને અમને અસાધારણ આનંદ થયો.

તાંબાની ખાણોના નિરીક્ષણ વખતે ખાણમાં ચાલતા કામને લીધે મસ્તકને કોઈ પ્રકારનું નુકસાન ના થાય તેને માટે, સંરક્ષણના એક અસરકારક સાધન તરીકે, પ્રત્યેક મુલાકાતીને માથે મજબૂત ટોપ પહેરવાનો આગ્રહ રાખવામાં આવે છે. એ ટોપ ત્યાંથી જ પૂરો પાડવામાં આવે છે. અમને પણ એવા ટોપ પૂરા પાડવામાં આવ્યા.

ઝામ્બિયાનું અર્થતંત્ર મોટે ભાગે ખાણો પર નિર્ભર છે. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન થયેલો ખાણોનો વિકાસ ઉત્તરોત્તર વધતો જ ગયો છે અને ઝામ્બિયાની રાજકીય આઝાદી પછી પણ એવો જ અખંડ રહ્યો છે એ વાત વિશેષ ઉલ્લેખનીય છે. ઝામ્બિયાની વર્તમાન સરકાર કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એ વિકાસને એવો જ અકબંધ રાખીને એની આગેકૂચને ટકાવી રહી છે. એને માટે એ અભિનંદનની અધિકારી છે.

નાના ગણાતાં રાષ્ટ્રો પણ કુશળતાપૂર્વક વહીવટ કરીને પોતાની સ્થિરતા, સમૃદ્ધિ તથા શાંતિને ટકાવી ને વધારી શકે છે એ નિર્વિવાદ છે. ઝામ્બિયા એનું આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે.

*

**ચિંગોલાથી મુફલીરા**

મુફલીરામાં હિંદુ એસોસિયેશન તરફથી શ્રી સુરેશભાઈ વશીને ત્યાં અમારો ઉતારો ગોઠવાયો. એમણે અમારું ખૂબ જ પ્રેમપૂર્વક આતિથ્ય કર્યું.

હિંદુ એસોસિયેશનના પ્રમુખ શ્રી કનુભાઈ પણ મુફલીરામાં જ રહેતા.

એમનું વ્યક્તિત્વ પણ ખૂબ જ આકર્ષક હતું. એમની સાથે અમે શહેરની એક તરફ એકાંતમાં આવેલી સુંદર સરિતાની મુલાકાત લીધી.

સરિતાનું દૃશ્ય ખૂબ જ ચિત્તાકર્ષક, શાંત, હૃદયંગમ હતું. એની આજુબાજુ સઘન વૃક્ષોથી વીંટળાયેલું વિશાળ વન હતું. વન સ્વયં જાણે સરિતાના એ અપાર્થિવ અવર્ણનીય આનંદને અનુભવવામાં મગ્ન હતું.

મુફલીરાના મંદિરમાં મારાં પ્રવચનો યોજાયાં અને ધ્યાનના સમૂહવર્ગોનું પણ આયોજન થયું. જિજ્ઞાસુ સાધકોએ એમનો લાભ સારા પ્રમાણમાં લીધો. ત્યાંના મહિલામંડળ સમક્ષ એક પ્રવચન ગોઠવાયું. અંગ્રેજી પ્રવચનનો કાર્યક્રમ પણ સફળતાપૂર્વક સારી રીતે પાર પડ્યો. એવી રીતે ત્યાંનો કાર્યક્રમ ખૂબ જ ભરચક રહ્યો. એમ કહી શકાય.

એ શહેરના મંદિરની પ્રવૃત્તિઓની એક વિશેષતા એ હતી કે એ પ્રવૃત્તિ દ્વારા બાળકો તથા કિશોરોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવામાં આવતું. ભારતની બહારના દેશોમાં ભારતીય બાળકોના સંસ્કારઘડતરનો સવાલ મુખ્ય અને અમુક અંશે અટપટો છે. એને લીધે બાળકોનું ધ્યાન પ્રમાણમાં ઘણું ઓછું રખાય છે અથવા સંસ્કારસિંચનની દિશામાં બાળકોની ઉપેક્ષા થાય છે. એવી પરિસ્થિતિમાં મુફલીરા નગરના નાનકડા મંદિરમાં બાળકોનું અને કિશોર-કિશોરીઓનું જે ખાસ ધ્યાન રખાતું એ આવકારદાયક લાગ્યું. એ પાયાની પ્રવૃત્તિને નિહાળીને અમને ખરેખર ખૂબ જ આનંદ થયો.

ઝામ્બિયાનાં બીજાં શહેરોની જેમ મુફલીરામાં પણ આધુનિક ઢબનો સુસજ્જ સુવિશાળ હૉલ છે. હૉલનો લાભ લેનારા શ્રોતાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવા છતાં ત્યાંની ગુજરાતી પ્રજાની સંખ્યાના પ્રમાણમાં નગણ્ય નથી હોતી, હૉલની પાસેના મંદિરમાં નિર્ધારિત સમયે મારે પ્રવચન કરવા જવાનું થયું ત્યારે મંદિરની બહારના વિશાળ આંગણામાં અનેક મોટરોને ઊભીલી જોઈને મેં પ્રવચનના યોજકોને જણાવ્યું – આજે પ્રવચન-સ્થળ નાનું પડશે એવું લાગે છે. મંદિરની બહાર બધે જ મોટરો જ મોટરો દેખાય છે.

પ્રવચનના યોજકોએ કહ્યું : 'મોટરોની ભીડ છે એ સાચું, પરંતુ એ ભીડ સત્સંગને માટે નથી, સિનેમાને માટે છે.'

સિનેમાને માટે છે?

હા. મહિનાની અમુક ચોક્કસ તારીખે બાજુના હૉલમાં સિનેમા બતાવવામાં આવે છે. તે જોવા માટે જનતા મોટી સંખ્યામાં એકઠી થાય છે. આજે સિનેમાનો દિવસ છે.

એનો ને સત્સંગનો સમય એક જ છે ?

લગભગ એક જ છે.

હું વિચારમાં પડ્યો.

સત્સંગ કરતાં સિનેમાનું આકર્ષણ વધારે છે ?

સિનેમાની શોખીન સામાન્ય જનતાને તો એવું જ લાગે છે.

એ સદગૃહસ્થની વાત સાચી પડી. મંદિરમાં પ્રવેશતાવેંત જ જણાયું કે મોટરોમાં આવેલા મોટા ભાગના માનવો સત્સંગભવનમાં નહોતા પ્રવેશ્યા પરંતુ સિનેમાસ્થળ તરફ જ પ્રયાણ કરી ગયેલા. એમની સરખામણીમાં સત્સંગનો લાભ લેનારા માનવો કેટલા બધા ધર્મપ્રેમી, સત્સંગી, સંસ્કારી તથા જિજ્ઞાસુ હશે ? એવા માનવોની સંખ્યા થોડી હોવા છતાં મહત્વની અથવા નોંધપાત્ર હતી એમાં સંદેહ નથી. એમણે દેખીતા સીમાવર્તી પ્રબળ પ્રલોભનને વશ થયા વિના આધ્યાત્મિક જીવનોપયોગી સંદેશને સાંભળવાનો સંકલ્પ કરેલો. એ સંકલ્પનું મૂલ્ય મારે મન ધાર્યા કરતાં ખૂબ જ મોટું હતું.

*

**મુફલીરાથી એન્ડોલા**

ઝામ્બિયામાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે નીકળીએ એટલે માર્ગની બન્ને બાજુએ વિશાળ વૃક્ષોવાળાં ગીચ જંગલો આવે. એ જંગલો એ પ્રદેશના કુદરતી સૌંદર્યમાં વધારો કરતાં હોવા છતાં એમનો જેવો ને જેટલો સદ્ઉપયોગ થવો જોઈએ તેવો ને તેટલો સદ્ઉપયોગ નથી થઈ શક્યો. એટલે કૃષિનો વિકાસ પ્રમાણમાં અતિશય અલ્પ અથવા નહીં જેવો લાગે છે.

ઝામ્બિયાના પ્રવાસ દરમિયાન એક બીજી નોંધપાત્ર હકીકત પણ જોવા મળી. એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરી લઉં. જુદાંજુદાં સ્થળોમાંથી પસાર થતી વખતે જંગલોમાં ઊધઈનાં ઘર દેખાતાં. એમને અવલોકીને અમને યાદ આવતું કે મહર્ષિ વાલ્મીકિએ વાલ્મીકિ થયા પહેલાં જે કઠોરતમ તપ કરેલું તે તપ દરમિયાન એમના શરીરની આજુબાજુ કીડીઓએ ઘર કરેલાં. માટે તો એ વાલ્મીકિ કહેવાયા. મહર્ષિ ચ્યવન પણ પોતાની તપશ્ચર્યામાં પ્રવૃત્ત હતા ત્યારે ઊધઈએ એમની આસપાસ ઘર કર્યું હોવાથી એમનું સમસ્ત શરીર એથી ઢંકાઈ ગયેલું. કેવળ બે આંખ જ દેખાતી હતી. એટલે તો રાજકન્યા સુકન્યાએ ભૂલથી એમની ઉપસ્થિતિથી અનભિજ્ઞ રહીને એમની તેજસ્વી આંખમાં શૂળ ભોંકેલી. એ કથાઓમાં કીડી કે ઊધઈના દર કે ઘરની જે વાત આવતી તે વાત ઝામ્બિયાનાં જંગલોમાં ઊધઈના વિશાળ કદનાં ઘરોને જોયા પછી સંપૂર્ણ સાચી લાગી. ઝામ્બિયાનો પ્રવાસ એવી રીતે પણ ચિરસ્મરણીય અને ઉપયોગી બની ગયો.

એન્ડોલામાં થયેલો મકાનપ્રવેશ યાદગાર હતો. વિશાળ મકાનના દરવાજાની બહાર અમારા યજમાન શ્રી બચુભાઈએ ભક્તમંડળી સાથે અમારું સ્વાગત કર્યું. અને દત્ત ભગવાનની 'દિગંબરા દિગંબરા'ની ધૂન સાથે અમને સાદર અંદર લઈ ગયા. પરદેશની ધરતી પર એવું સ્વાગત અકલ્પનીય હતું.

બચુભાઈના ઘરમાં નાનકડો છતાં સુંદર સુવ્યવસ્થિત પૂજાખંડ હતો. તેમાં સૌએ પ્રવેશ કર્યો. એમાં મુખ્ય આરાધ્ય દેવ ભગવાન દત્તની પ્રતિમા રાખવામાં આવેલી. નારેશ્વરના સુપ્રસિદ્ધ સંત રંગ અવધૂત મહારાજના ફોટાને ત્યાં ગુરુભાવે પધરાવવામાં આવેલો.

બચુભાઈએ થોડાક સમય પછી એમના આરાધ્યદેવ દત્ત ભગવાનની આરતી ઉતારવા માંડી. એ વખતે એ ખૂબ જ ભાવવિભોર બની ગયા.

આરતી ઉતારતી વખતે એમના મુખમંડળ પર અવનવા ભાવો પ્રકટવા લાગ્યા. એમના હાથ થોડાક ધ્રૂજતા હોય, એમનું અંગ થોડુંક કંપતું હોય એવું પણ જણાયું.

આરતી પૂરી કરીને મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની તૈયારી કરી ત્યારે મેં પણ એક નાની સરખી ધૂન બોલાવીઃ

*જયજય દત્ત દેવ યોગી, જય જય મહાદેવ યોગી.*
*કૃપા કરો હમ દીન રંક હૈ, લે લો અપની માયા;*
*કૃપા કરો હમકો દર્શન દો, પવિત્ર કર દો કાયા.*
*જયજય દત્ત દેવ યોગી, જય જય મહાદેવ યોગી.*

ધૂનની અને આરતીની સમાપ્તિ પછી બચુભાઈએ આંસુછલેલી આંખે મારા તરફ નિહાળીને મને જણાવ્યું : 'આજે મારું જીવન ધન્ય બની ગયું. મને અસાધારણ આનંદદાયક અનુભવ થયો.'

'કેવો અનુભવ ?'

'મને મારા ઉપાસ્ય દેવ દત્ત ભગવાનનો દર્શનલાભ મળ્યો.'

'ક્યારે ને કેવી રીતે? એવો અનુભવ તો અત્યંત અસાધારણ, અનોખો, અદભુત અને ઉત્તમ કહેવાય.'

'સાચું છે. મારી ચિરકાળની ઈચ્છા પૂરી થઈ. આપની પધરામણી મારે ત્યાં ખૂબ જ મંગલમયી અથવા આશીર્વાદરૂપ થઈ પડી. આજે મેં ભગવાનની આરતી ઉતારી અને તમે દત્ત ભગવાનની ધૂન બોલાવી ત્યારે તમારા સ્થાન પર મને ભગવાન દત્તનું દર્શન થયું. મસ્તક પર જટાનો મુકુટ, શરીરે કૌપીન તથા ભસ્મ, કાનમાં કુંડળ. અતિશય તેજસ્વી મુખાકૃતિ અને અલૌકિક આંખ, એમના એ દૈવી દર્શનથી હું ભાવવિભોર બની ગયો. ધૂન પૂરી થયા પછી એ દૈવી દર્શન બંધ થયું ને ભગવાન દત્તને બદલે તમે દેખાવા લાગ્યા. મારી ધન્યતાને વર્ણવવા માટે મારી પાસે શબ્દો નથી.'

મેં કહ્યું : 'તમારા સંસ્કારો ઘણા જ સારા અને તમારી ઉપર દત્ત ભગવાનની પૂર્ણ કૃપા કહેવાય. તેથી જ તમને આવું અલૌકિક દર્શન થઈ શક્યું.'

એમનું હૈયું ભરાઈ આવ્યું.

કયા આત્માને કયે વખતે અલૌકિક ઈશ્વરીય મદદ મળશે તેની કલ્પના કોણ કેવી રીતે કરી શકે ? પરંતુ જે આત્માને એવી અલૌકિક ઈશ્વરીય મદદ મળે છે તે આત્મા ધન્ય છે એમાં કશી શંકા નથી.

બચુભાઈ એવા ધન્ય આત્મા હતા.

એટલે તો બીજા દિવસે સમૂહધ્યાનના કાર્યક્રમમાં એમને મારી અંદર એમના સમાધિસ્થ સદગુરુ શ્રી રંગ અવધૂત મહારાજનું દર્શન થયું. એમને માટે એ અનુભવ અસાધારણ આનંદદાયક થઈ પડ્યો.

* * *

## ૮. લ્યુએન્સા તથા મુન્ડા વાંગા

ભારતથી હજારો માઈલ દૂરના દેશમાં જુદાજુદા પ્રદેશોમાંથી પસાર થતાં ધર્મપ્રસાદનું કલ્યાણકાર્ય ચાલુ રહ્યું. એ કાર્યને માટે તો એટલે દૂર જવાનું થયું. કાર્ય ઈશ્વરનું જ હોવાથી ઈશ્વરની ઈચ્છા અને યોજના પ્રમાણે ચોક્કસ રીતે સુચારુરૂપે સફળતાપૂર્વક ચાલી રહેલું.

તારીખ ૧૮-૮-૧૯૭૯ શનિવારે એન્ડોલાથી લ્યુએન્સા માટે વિદાય થયા. લ્યુએન્સા પહોંચ્યા ત્યારે સાંજ પડી ગયેલી. રસ્તામાં યુનોના એ વખતના સેક્રેટરી જનરલ શ્રી ડાગ હેમરશિલ્ડના વિમાનની તૂટી પડવાની જગ્યા જોઈ. એ જગ્યાને ઐતિહાસિક અગત્ય ધરાવતી જગ્યા તરીકે ઓળખાવી શકાય. કહે છે કે એ સ્મારકના રૂપમાં સચવાયેલી જગ્યા પર તૂટી પડેલા વિમાનને વિરોધીઓ દ્વારા ઈરાદાપૂર્વક તોડી પાડવામાં આવેલું.

એ જગ્યામાં અને એની આજુબાજુ સુંદર ચિત્તાકર્ષક વૃક્ષો હતા. એમને લીધે એની શોભા વધી ગયેલી. સ્મારકસ્થળ પર એ અકાળ મૃત્યુ પામેલા સેક્રેટરી જનરલના ઉદ્ગારોને આલેખવામાં આવેલા. એ ઉદ્ગારો આશાને બદલે નિરાશાવાદી દૃષ્ટિકોણના સૂચક હતા. એ ઉદ્ગારો પરથી પ્રતીતિ થઈ કે જાહેર જીવનના સેવાકાર્યનો એમનો અનુભવ ખાસ ઉત્સાહપ્રેરક નહીં હોય. જીવનનો એવો કરુણાંત આદર્શ અથવા આવકારદાયક તો ના જ કહેવાય. જાહેર જીવનનું સેવાક્ષેત્ર છે જ એવું વિરોધાભાસી વિષમ વાતાવરણથી વીંટળાયેલું કે એમાં પ્રવેશનારા સાત્વિક સત્પુરુષોની સાત્વિકતાની પણ એમાં કસોટી થાય છે.

સૌથી પ્રથમ ભજનસંમેલન લ્યુએન્સામાં જ થયેલું એ હકીકતને ત્યાંના સંમેલનપ્રેમી સત્સંગી ભાઈઓએ પ્રેમ તથા ઉત્સાહપૂર્વક કહી બતાવી ત્યારે મને થયું કે લ્યુએન્સા નગરનું મહત્વ એ દૃષ્ટિએ પણ કાંઈ જેવુંતેવું નથી. ત્યાંના ભાઈઓ ખૂબ જ માયાળુ, ઉત્સાહી, સંપીલા જણાયા. રાતના પ્રવચન કાર્યક્રમમાં જનતાએ મોટી સંખ્યામાં ભાગ લીધો. પ્રવચન પછી પ્રશ્નોત્તરીનો રસપ્રદ કાર્યક્રમ રાખવામાં આવેલો.

લ્યુએન્સાથી પુનઃ એન્ડોલા પહોંચીને પ્લેનમાં લગભગ એક કલાકે લુસાકા જવાનું થયું.

લુસાકામાં શ્રી નાથુભાઈને ત્યાં સવારે ને રાતે સમૂહધ્યાનનો ઉપકારક કાર્યક્રમ ગોઠવાયો. એ કાર્યક્રમ ખૂબ જ લોકપ્રિય થઈ પડ્યો.

૨૧-૮-૧૯૭૯ના મધ્યાહ્ન પછી ૧૨૦ માઈલ દૂરના મોન્ઝી શહેરમાં પ્રવચનો માટે જવાનું થયું. એ પ્રવચનમાં પાસેના માઝાખુકા શહેરનાં કેટલાંયે સત્સંગપ્રેમી કુટુંબો આવેલા. એમના આગ્રહને માન આપીને બીજે દિવસે બપોરે, એસોસિયેશને એમનો કાર્યક્રમ ગોઠવેલો ના હોવા છતાં, આરામના સમયમાં કાપ મૂકીને અમે એમના નાનાસરખા સુંદર શહેરની મુલાકાત લીધી, અને એમને સત્સંગનો લાભ આપ્યો.

એ નાનકડો પ્રવચનપ્રવાસ પૂરો કરીને ફરી વાર લુસાકા આવ્યા. ત્યારે એક અગત્યની નોંધપાત્ર ઘટના બની. એ ઘટનાનો ઉલ્લેખ આવશ્યક છે. ત્યાંના શ્રી રામકૃષ્ણ મિશનના કેન્દ્રમાં મારું શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ વિશે પ્રવચન ગોઠવાયું. તારીખ ૨૬-૮-૧૯૭૯ રવિવારે સવારે. કેન્દ્રનું નામ રામકૃષ્ણ વેદાંત સેન્ટર હતું. કેન્દ્રનું મકાન ખૂબ જ વિશાળ, શાંત ને સુંદર હતું. એ કેન્દ્રના ઉત્કર્ષમાં રામકૃષ્ણદેવના ભક્ત મનાતા એક સંતપુરુષે મહત્વનો ભાગ ભજવેલો. કેન્દ્રમાં રજાના દિવસો દરમિયાન બાળકોને સંસ્કૃત શ્લોકો

શીખવવામાં આવતા અને ગીતા જેવા જીવનોપયોગી ધર્મગ્રંથોનો પરિચય કરાવવામાં આવતો. એવી રીતે બાળકોના આધ્યાત્મિક સંસ્કારઘડતરમાં એનો ફાળો ખૂબ જ નોંધપાત્ર હતો.

મારા પ્રવચન પછી સરોજબહેને એમના સરસ સુધાસભર કંઠે રામકૃષ્ણદેવની ને શારદાદેવીની સ્તુતિ ગાઈ. એ વખતે શ્રોતાઓમાંના કોઈકોઈ સુસંસ્કારી ભાવિક ભક્તોને લાગ્યું કે મા શારદાદેવી પોતે જ જાણે કે આ સ્વરૂપમાં પ્રત્યક્ષ થઈને એ સ્તુતિ સંભળાવી રહ્યાં છે. સ્તુતિની પાછળ એવી આત્મીયતા રહેલી.

કુદરતે સરોજબહેનને સરસ મધુર કંઠ તો આપ્યો જ છે પરંતુ સાથેસાથે એથી પણ વધારે તો સંવેદનશીલ ભાવમય અંતર આપ્યું છે. ગીત કે ભજન એમના કંઠમાંથી નથી નીકળતું. અંતરના અંતરતમમાંથી અથવા અણુઅણુમાંથી નીકળે છે, એટલે જ હૃદયને અને રોમરોમને સ્પર્શી જાય છે. શ્રોતાઓનો એવો સ્વાનુભવ છે. કેન્દ્રના સહૃદય શ્રોતાઓ પણ એમાં અપવાદ ના રહ્યા.

કેન્દ્રમાં કરાતી આરતી અવર્ણનીય હતી. એનો આસ્વાદ અનુપમ હતો. એવી ભાવમય સંગીતસૂરાવલિસંપન્ન, તાલબદ્ધ, અનુરાગમય આરતી કોઈક વિરલ સ્થળે જ કરાતી હશે. એને લીધે સમસ્ત વાતાવરણ સજીવ લાગ્યું. એ સુંદર સુધામય આરતીસ્વરોના શ્રવણસુખમાં સૌ કોઈ ડૂબી ગયેલા દેખાયા.

કેન્દ્રને નિહાળીને અમને અસાધારણ આનંદ થયો. એના સંચાલકો અને વ્યવસ્થાપકો નિખાલસ, નમ્ર, વિશાળ દૃષ્ટિના ને સેવાભાવી હતા. એમને એક રામકૃષ્ણ પરમહંસદેવ પર પ્રેમ રાખનારા સંતપુરુષની આવશ્યકતા હતી. એવા સંતપુરુષના જીવનોપયોગી મંગલ માર્ગદર્શન હેઠળ કેન્દ્રનો વિશેષ વિકાસ કરી શકાય એવી એમની ભાવના હતી. એ ભાવના છેક નિરાધાર તો નહોતી જ. એમની ઈચ્છા હું ત્યાં રહી જાઉં એવી હોવાથી એમણે પ્રકારાંતરે એની અભિવ્યક્તિ પણ કરી. પરંતુ મેં એનો સપ્રેમ અસ્વીકાર કર્યો. મારી ઈચ્છા ભારતમાં જ વસવાની હોવાથી મારે માટે એ સ્વાભાવિક હતું. પરદેશપ્રવાસનું મારું પ્રયોજન ધર્મપ્રસારનું હોય છે, સદા માટે વસવાનું નથી હોતું.

*

લુસાકાથી કાબ્વે શ્રી છગનભાઈને ત્યાં આવવાનું થયું.

લુસાકામાં મુન્ડા વાંગા નામનું સ્થાન છે. એનો અર્થ સામાન્ય રીતે બૉટનિકલ ગાર્ડન થાય છે. એ ગાર્ડન એક અંગ્રેજે વસાવેલો. પાછળથી વરસો પછી એ સરકારની વ્યવસ્થા હેઠળ છે.

અમે એને જોવા ગયા.

ત્યાં વિવિધ વૃક્ષો તથા સિંહ જેવાં વન્ય પશુઓને પણ રાખવામાં આવેલાં.

દીપડા, મગર, અજગર તથા સાપ દેખાયા.

સાપની એક વિશેષ જાતિ જોવા મળી. એ જાતિના સાપ પ્રમાણમાં પાતળા દેખાતા ને વૃક્ષો પર ચઢી જતા. ઝેરી અથવા જીવલેણ પણ મનાતા. અમને સાપોનો સંપૂર્ણ પરિચય કરવામાં મદદ મળે એ માટે ત્યાંના સંરક્ષકે એમના આશ્રયસ્થાનમાં પ્રવેશ કર્યો. એ નિર્ભય સંરક્ષકે સાપને મજબૂત બૂટની અને હાથમાં પકડેલા સાણસાની મદદથી અલગ પાડીને જમીન પર મૂકવા માંડ્યા. સાપ એનાથી ટેવાઈ ગયા હોય એમ એને કોઈ પ્રકારની હાનિ નહોતા પહોંચાડતા. એટલું જ નહીં, હાનિ પહોંચાડવાનો પ્રયત્ન પણ નહોતા કરતા. એ પ્રકારના સમૂહજીવન જીવતા સાપ અમે કોઈ વાર બીજે ક્યાંય જોયા ન હતા. ઈશ્વરની સુવિશાળ સૃષ્ટિમાં

કેવા કેવા જીવો વસે છે તેનો ખ્યાલ એવાં સ્થળોને – પ્રાણીસંગ્રહાલયનાં સ્થળોને જોવાથી સહેલાઈથી આવી શકે છે.

પોતાના પ્રકૃતિસહજ નૈસર્ગિક સ્વભાવગત સ્વાતંત્ર્યને છોડીને કોઈ પણ પ્રાણીને પાંજરામાં પૂરાવાનું, કેદ થવાનું, થોડું જ ગમે છે ? માનવ પોતે પણ બંદી બનવાનું ક્યાં પસંદ કરે છે ? તો પણ એ એક અથવા બીજા કારણે બીજાને બંદી બનાવે છે એ આશ્ચર્ય છે. પાંજરામાં પુરાયેલા વાનર, દીપડા, સિંહ બહાર નીકળવા માટે નિરર્થક રીતે ફાંફાં મારે છે. એમની સંવેદનાનો વિચાર પણ કોણ કરે છે ? સૌ એમને નિહાળવામાં જ મશગૂલ લાગ્યા. એવાં સ્થળોને જોવાનું મોટા ભાગના માનવોને માટે એવું તો પરંપરાગત અને સહજ બની ગયું છે કે એમને બીજો કશો વિરોધી વિચાર આવતો જ નથી.

*

કાબ્વે નગરમાં એક બીજી ઉલ્લેખનીય વસ્તુ જોવા મળી. ત્યાંના હિંદુ સમાજે ગાંધીશતાબ્દીના ઉત્સવ પ્રસંગે પ્રેરણા પામીને સામાન્ય જનતા માટે એક ધર્માર્થ ક્લિનિક કે દવાખાનાની સ્થાપના કરવાનો નિર્ણય કરેલો. સમાજના સંનિષ્ઠ કાર્યકર્તાઓ અમને એ સેવાસ્થળના નિરીક્ષણ માટે લઈ ગયા. મહત્વની વાત તો એ હતી કે સમાજ તરફથી એ આખુંયે મકાન જનતાની સેવા માટે કાબ્વે નગરની કાઉન્સિલને અર્પણ કરવાનું હતું. અન્ય દેશોમાં અર્થોપાર્જન માટે વસનારા ભારતવાસીઓ એવી લોકોપયોગી સેવાપ્રવૃત્તિ કરી રહ્યા છે એ જોઈને ખૂબ જ આનંદ થયો. એમને અમે એને માટે અભિનંદન આપ્યાં. અન્ય દેશોમાં વસનારા ભારતીયો એ દેશોની શાંતિ, સુખાકારી, સમૃદ્ધિ તથા સમુન્નતિ માટે પોતપોતાની રીતે સંયુક્ત રીતે પ્રયત્નો કરે એ ઈચ્છનીય છે.

* * *

## ૯. માનપત્ર અને વિદાય

તારીખ બીજી સપ્ટેમ્બર, ૧૯૭૯ના દિવસે એન્ડોલાનો એક દિવસનો ફરીવાર કાર્યક્રમ કરીને એસોસિયેશનની અનુમતિથી ત્રીજી સપ્ટેમ્બરે પાછું ચિંગોલા જવાનું થયું. ચિંગોલાના ઉત્સાહી સાયન્સ સ્નાતક અને અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી મનુભાઈએ એમના ખર્ચે હૉલ રાખીને ત્યાં અંગ્રેજીમાં જાહેર પ્રવચન ગોઠવેલું. એમનો ઉમંગ અનોખો હતો.

ધ્યાન પરના એ પ્રવચનને સાંભળવા શ્રોતાઓ મોટી સંખ્યામાં એકઠા થયેલા. આખો હૉલ ભરાઈ ગયેલો. પ્રવચન પછી જિજ્ઞાસુ સ્ત્રી-પુરુષોએ કેટલાક પ્રશ્નો પૂછ્યા. પ્રશ્નો પણ મૌલિક તથા રસપ્રદાયક હતા.

'તમે જે ધ્યાનની પદ્ધતિની વાત કરો છો તેમાં અને ટ્રાન્સેન્ડેન્ટલ મેડિટેશન (Transcendental Meditation)માં શો તફાવત છે ?'

'ધ્યાન બેસીને જ કરવું જોઈએ કે હરતાંફરતાં કે સૂતાં સૂતાં પણ કરી શકાય ?'

'યોગાભ્યાસથી આરોગ્ય પર અને મન પર કેવી અસર થાય છે ?'

'ધ્યાનમાં બેસતી વખતે એક ચોક્કસ આસન પર બેસવાની આવશ્યકતા છે ?'

'યોગાભ્યાસમાં મૌન મહત્વનું છે ? હોય તો કેટલે અંશે ?'

'સમાધિ કેવી રીતે સાંપડે ? સમાધિ એટલે શું ? એથી શું લાભ થાય છે ? સમાધિ મેળવવાનો અકસીર ઉપાય કયો ? '

'યોગાભ્યાસથી સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે એ વાત સાચી છે ? જો સિદ્ધિઓની પ્રાપ્તિ થતી હોય તો એ પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે સમજાવશો ? એ સિદ્ધિઓનું વર્ણન કરી બતાવશો ?'

'યોગ કેટલી જાતના છે ?'

'કુંડલિની શક્તિ શું છે ? યોગમાં એનો મહિમા એટલો બધો કેમ માનવામાં આવ્યો છે? એને જાગ્રત કરવા માટે શું કરવું જોઈએ ?'

'આધ્યાત્મિક સાધનાના માર્ગે આગળ વધવા માટે ગુરુની આવશ્યકતા અનિવાર્ય છે ?'

'ગુરુની ઓળખાણ કેવી રીતે કરી શકાય ?'

'મંત્રની પસંદગી પોતાની મેળે જ કરી શકાય ? મંત્રના જપ કેવી રીતે કરવા ? '

'મંત્રથી શો લાભ થાય ?'

'બીજાની સેવા કરવાનું કાર્ય સારું કે પોતાની શાંતિને માટે ધ્યાન કરવાનું ? બંનેમાં વધારે કલ્યાણકારક શું ?'

એવા એવા પ્રશ્નો શ્રોતાની સાચી જિજ્ઞાસાવૃત્તિના પરિચાયક હતા. ચિંગોલામાં રોજ સવારે ને સાંજે બંને વાર ધ્યાનનો કાર્યક્રમ થતો. એ કાર્યક્રમ અતિશય આકર્ષક અને પ્રેરક થઈ પડ્યો. એ કાર્યક્રમનો લાભ અંદરની દુનિયામાં ઊંડે ઊતરવાની ને શાંતિ મેળવવાની મહત્વકાંક્ષાવાળા માનવો જ મોટે ભાગે લેતા રહેતા.

ચિંગોલાના જાહેર પ્રવચન પછી બીજે દિવસે પૉલ પીટર નામના એક અંગ્રેજ મહાશયે મારી મુલાકાત લીધી. એ માંસાહાર કરતા, દારૂ પીતા, ધૂમ્રપાનના ભોગ બનેલા, અને શરીરના સંયમને પાળી ના

શકતા. પ્રવચનનો પ્રભાવ એમના પર એટલો બધો ભારે પડ્યો કે એમણે સર્વ પ્રકારનાં વ્યસનોમાંથી મુક્તિ મેળવીને પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને એ વળગી રહ્યા. એમણે પોતાનું જીવન પરિવર્તન કરી દીધું. એક દિવસ એમણે મને એમના કપાળમાં પ્રણવમંત્રને લખવાની પ્રાર્થના કરી. મેં એમની પ્રાર્થનાને માન્ય રાખ્યા પછી એમનું મન ધ્યાનમાં સહેલાઈથી એકાગ્ર થવા લાગ્યું. એમનો આત્મવિશ્વાસ વધી ગયો. મને થયું કે પરદેશના પુણ્યપ્રવાસથી જો આવી રીતે એક માણસના જીવનમાં પણ આમૂલ પરિવર્તન થતું હોય તો આપણો પરદેશનો પુણ્યપ્રવાસ સફળ અથવા સાર્થક છે.

પૉલ પીટરની પેઠે સત્સંગનો દેવદુર્લભ લાભ મેળવીને બીજા કેટલાય આત્માઓ જીવનપરિવર્તનના પવિત્ર માર્ગે આગળ વધતા હશે. પરંતુ એમનો હિસાબ કોણ રાખે છે ? સત્સંગ સદા શુભાશીર્વાદરૂપ હોય છે અને કદાપિ નકામો નથી જતો.

ચિંગોલાના કાર્યક્રમની પૂર્ણાહૂતિ પછી મુફલીરા નગરમાં બીજી વારના પ્રવચનો શરૂ થયાં. એ પ્રવચનો પછી તારીખ ૬-૯-૧૯૭૯ ગુરુવારે રાતે ચિંગોલાના સત્સંગી ભાઈ શ્રી મનુભાઈના શુભ પ્રયત્નના પરિણામરૂપે કીટવે નગરમાં મારો ટેલિવિઝન પર કાર્યક્રમ ગોઠવાયો. ટેલિવિઝનનો એ કાર્યક્રમ અતિશય રોચક હતો. એ દરમિયાન પુછાયેલા કેટલાક પ્રશ્નો મુલાકાત લેનારની જિજ્ઞાસા અને રસિકતા સૂચવતા હતા.

'યોગ એટલે શું ?'

'ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે એવું કેવી રીતે માની શકાય ?'

'ઉપવાસથી શો લાભ ? તમે ઉપરાઉપરી ઉપવાસો કેવી રીતે કરી શક્યા ?'

'તમારા આ દેશના પ્રવાસની છાપ તમારા પર કેવી પડી ?'

*

હવે ભારતમાં પાછા ફરવાનો સમય સમીપ આવ્યો. એટલે અમારે એસોસિયેશનના નિર્ણયને અનુસરીને કાબ્વે જવાનું થયું. ત્યાં એસોસિયેશન તરફથી નવમી સપ્ટેમ્બરે સવારે મને માનપત્ર આપવામાં આવ્યું. લુસાકામાં બારમી સપ્ટેમ્બરે ત્યાંના સમાજ તરફથી સ્વતંત્ર સન્માનપત્ર આપવામાં આવ્યું. એ બંને માનપત્રોમાં ત્યાંની જનતાની લાગણીનો પ્રતિઘોષ પડેલો. એ એના પ્રેમ અને આદરભાવના પરિચાયક હતા. એમની રજૂઆત અસ્થાને નહીં લેખાય.

*

**HINDU ASSOCIATION OF ZAMBIA**
OFFERS
**A GLORIOUS TRIBUTE**
AT THE FEET OF THE DIVINE SOUL
**MAHATMA YOGESHWARJI**

Dt. 9-9-79

**Great Saint**

You are a great Holy Saint. You graced the occasion of the 8Th Zambia Bhajan Sammelan as Chief Guest and gave valuable guidance to the people.

**Birth In A Noble Cultured Family**

On 15Th August, 1921 You were born in A Noble and Cultured Brahmin Family of Saroda in Gujarat State. Advancing on Spiritual Path you reached the highest stage of a great saint. By having a Renowned son, the Family is purified, The Mother gratified and the earth is glorified.

**Severe Penance And Fasts**

You have practised Penance in the caves of the Himalyas for many years. And have sustained many a Physical Pain. Renounced Material pleasures and fasted for as many as 101 days. You are a staunch devotee of Goddess Mother Jagadamba.

**Prayer & vision of Accomplished Souls and God Realisation**

You have Deep-Rooted Faith in the strength of Prayer and have realised God by Means of prayer. You had clear vision of Shri Ram, Krishna, Shankar, Hanuman, Mother Jagadamba and Many other Sages and Accomplished Souls.

**Sweet Divine Discourses**

Thousand of people and devotees listen to your smoothly flowing sweet divine discourses and get divine light in life.Your language is simple and cultured. You have enlightened the people of Zambia with your divine discourses for more than a month.

**Tribute of Zambia to great Yogi**

We feel proud that such a great Yogi has visited our country Zambia. The life of the people of Zambia will become more holier by the blessing of a saint like you. As a token of our gratitude towards you, We submit most humbly and respectfully this symbol of honour at your lotus-feet. You may grace us by accepting it.

**Good Wishes**

You are to go to other countries on similar mission in this year. We express our good wishes that you may fulfil your mission successfully and glorify Indian culture in the foreign land.

**We Pray**

May god shower his choicest blessings on you so that you may enjoy long and healthy life.

We Remain,
Always At your Service.
We are The Members of Executive
Committee and Religious committee of
**Hindu Association of Zambia.**
P.O. Box 2691, Lusaka Zambia.

* * *

**શ્રી ગણેશાય નમઃ**

લુસાકા શહેરનાં સત્સંગી ભાઈબહેનો તરફથી
દિવ્ય વિભૂતિ મહાત્મા યોગેશ્વરજીને
હૃદયની ભાવભીની સ્નેહ-કુસુમાંજલિ

**સન્માનપત્ર**

આપ ભારતના પનોતા પુત્ર, મહાન સંત અને સિદ્ધ તપસ્વી પુરુષ લુસાકાને આંગણે પધાર્યા અને અમને સૌને પ્રકાશનો પંથ સાંપડ્યો છે. આપના પ્રત્યેની કૃતજ્ઞતાના પ્રતીકરૂપે આ શ્રદ્ધાઅર્ધ્ય અર્પણ કરતી વખતે સહેજે કહી શકાય કે, ઝામ્બિયાના ટૂંક સમયના આપના નિવાસ દરમિયાન આપે અમને ઘણુંઘણું આપ્યું છે. ધ્યાન, યોગમુદ્રા, પ્રાણાયામ, આસનો, તત્વદર્શન વગેરે બહુવિધ સાધનામાર્ગોની દિશામાં આપે પ્રકાશ પ્રગટાવ્યો છે. યોગ, ભક્તિ, જ્ઞાન અને કર્મની સાધના આપના જીવનમાં મૂર્તિમંત સ્વરૂપે પ્રત્યક્ષ થતી અમે પળેપળે અનુભવી છે. ભારતના મહર્ષિઓએ જે કાંઈ અમૂલ્ય વારસો આપ્યો છે તે વારસાને આપે સાચવીને આચરીને સમૃદ્ધ કર્યો છે. આ બહુમૂલ્ય વારસો દેશકાળથી પર અને ચિરંજીવ છે. એમ અમને સૌને આપે પ્રતીતિ કરાવી છે. પ્રાચીન મહર્ષિઓ પોતાના દર્શનમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યથી પર હતા. અને સર્વકાળથી સંકલિત અને સંબધિત હતા એવી તેઓની અનુભૂતિ અમે આપના વિચાર, વાણી અને વ્યવહારના માધુર્યના આકાશમાં સંક્રાન્તથી અનુભવીએ છીએ. આપનું સૌથી મોટું પ્રદાન અમારા જીવનમાં એ છે કે, આપે અમારા મનને વિશાળ, ઉદાર અને સ્વદેશીય બનાવ્યું છે. આપનું સાંનિધ્ય સેવતા અમને પોતાની જાતનો પણ નવો પરિચય પામવાનું સાંપડ્યું છે. આપે એટલી બધી અખૂટ સંપત્તિ અમારા હાથમાં પહોંચાડી દીધી છે કે તે માટે કૃતજ્ઞતા દર્શાવવા માટે કોઈ પણ માનવબુદ્ધિ પાસે શબ્દો જ નથી. તે શબ્દાતીત છે.

આપ જેવા સર્વાંગસુંદર પૂર્ણ વિરાટ વિભૂતિનો આવિર્ભાવ થયો છે તેથી મન, બુદ્ધિ અને પ્રાણમાં સંવેદન જાગે છે કે સમગ્ર માનવજાત ઉત્થાનની નૂતન પગદંડી પ્રાપ્ત કરીને ધન્ય બની છે. અમે અત્યંત નિકટતાથી આપનું સાંનિધ્ય અનુભવ્યું અને માણ્યું છે. આત્મીયતા પામ્યા છીએ અને આપની સુમધુર વાતોનું શ્રવણ કર્યું છે. આપના આસનને ચારે તરફથી ઘેરી વળીને બેસવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. અમને આપની પાસેથી જીવનપાથેય પ્રાપ્ત થયું છે. અને આપના અસીમ પ્રેમ અને કરુણાના સાગરમાં સ્નાન કરવા અમે ભાગ્યશાળી બન્યા છીએ. એ આજે આપની કૃપા અને આશીર્વાદ દ્વારા સાધનાપથ ઉપર નાના બાળકની જેમ પાપા પગલી માંડી રહ્યા છીએ. આપ સદા સૂક્ષ્મરૂપે અમારા પથદર્શક બની રહો. આપ વિશ્વમાં જ્યાં પણ વિચરણ કરતા હો ત્યાંથી અમારા પર પ્રકાશનાં કિરણો વહાવતા રહેશો. અમારી ત્રુટિઓ, મર્યાદાઓ, સ્વભાવજન્ય દોષો, અંતરાયો તથા અન્ય ઊણપો ક્ષમ્ય ગણી અમારા પ્રકાશના પંથના સાચા જ્યોતિર્ધર રાહબર બની રહો. અમને પરમધ્યેયની પ્રાપ્તિની સાધનામાં શક્તિ પ્રદાન કરો એવી અમારા સૌની અંતઃકરણપૂર્વક નમ્ર અભ્યર્થના છે.

અમે આપના પ્રત્યે અમારી કૃતજ્ઞતાના ચિહ્નરૂપે અમારા હૃદયની ભાવભીની સ્નેહ કુસુમાંજલિ અમારા શ્રદ્ધાના અર્ધ્યરૂપે આપના શ્રીચરણોમાં અર્પણ કરતાં અવર્ણનીય પ્રસન્નતા અનુભવીએ છીએ. આપ એનો પ્રેમપૂર્વક સહર્ષ સ્વીકાર કરી અમને સ્વીકૃત કરશોજી. વળી અમે જગતન્નિયંતાને પ્રાર્થના કરીએ છીએ કે

આપ ખૂબ લાંબું આયુષ્ય ભોગવો અને સંપૂર્ણ તંદુરસ્ત રહો. જનતાજનાર્દનની સેવામાં આપના દર્શનયોગ દ્વારા જીવનની પૂર્ણતાને અનુભવો. યુગપ્રવર્તક પરમયોગી શ્રી યોગેશ્વરજી જુગ જુગ જીવો. અમર રહો.

ॐ असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय ॥
मृत्योर्मा अमृतं गमय ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥
લિ.
આપનાં કૃપાભિલાષી
લુસાકા શહેરનાં સત્સંગી ભાઈ-બહેનો

*

કાબ્વેના વિદાયસમારંભ વખતે અપાયેલા માનપત્રની એક વિશેષતા હતી. એ વખતે કેટલાક વક્તાઓ બોલેલા. તેમાં સરોજબહેનનાં ભાભી લક્ષ્મીબહેને એમને અંજલિ આપતાં કહેલું કે સરોજબહેનને અમે કેટલાયે વખતથી અહીં આવવા માટે આમંત્રેલાં પણ એ આ વરસે જ આવી શક્યાં. એમને અમે બરાબર ઓળખતાં નહોતાં પણ હવે થોડાઘણાં પણ ઓળખી શક્યાં. એમને લીધે, એમની પવિત્ર પદરજથી, અમારું ઘર અને કુટુંબ પાવન તથા ધન્ય બની ગયું. અમે એમની જેટલી જોઈએ તેટલી સેવા નથી કરી શક્યાં એનો અમને ખેદ છે. ઝામ્બિયામાં શ્રી યોગેશ્વરજી સાથે જ્યાં ગયાં ત્યાં સર્વત્ર એમને સારો આવકાર મળ્યો એ જાણીને અમને પરમ સંતોષ અને આનંદ થાય છે.

*

તારીખ ૧૪-૯-૧૯૭૯ને શુક્રવારે લુસાકાથી ભારત આવવા માટે વિદાય લીધી ત્યારે પ્રેમીજનોનાં અંતર ગદ્ગદ્ બન્યાં. ઝામ્બિયાનાં સંસ્મરણો સુખદ ને સનાતન થયા.

એ પ્રવાસ ખરેખર પુણ્યપ્રવાસ બની ગયો.

* * *

# ચોથી વિદેશ યાત્રા


## દેશ : કેનેડા, ઈંગ્લેન્ડ, અમેરીકા,

**શહેરો** : ટોરન્ટો, હેમીલ્ટન, ઓટાવા, કોર્નવોલ (કેનેડા)

રગ્બી, લેસ્ટર, પ્રેસ્ટન, બોલ્ટન, બર્મિંગહામ (ઈંગ્લેન્ડ)

લોસ એન્જલસ, સાન ફ્રાન્સીસ્કો, ક્લોવીસ, સાન એન્ટોનીયો,

કોર્પસ ક્રીસ્ટી, લીટલરોક, ન્યુજર્સી, ન્યુયોર્ક (અમેરીકા)




## તારીખ : ૮-૮-૮૧ થી ૨૨-૧-૮૨

## સહયાત્રી : મા સર્વેશ્વરી

## <u>પ્રસ્તાવના</u>

ઈશ્વરની ઈચ્છા અને કૃપાથી ઈ. સ. ૧૯૭૭થી ભારતની બહાર દરિયાપારના દેશોમાં જવાનું બને છે. કેટલાક પ્રવાસીઓ જાય છે તેમ ફરવા માટે કે દેશોનું નિરીક્ષણ કરવા માટે નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિની ને સાધનાની, જીવનને સમુજ્જ્વલ કરવાની ને શાંતિમય બનાવવાની વાતો કહેવા. આરંભની બે વિદેશયાત્રાઓ મારાં પરમ પૂજ્ય સ્વનામધન્ય માતાજી જ્યોતિર્મયી સાથે થઈ અને એમના લીલાસંવરણ પછી, પ્રસ્તુત લેખમાળામાં લિપિબદ્ધ બનેલી વિદેશયાત્રા મા સર્વેશ્વરી સાથે થઈ. સાડા પાંચેક મહિનાની એ ઈ.સ. ૧૯૮૧-૮૨ની યાત્રા દરમિયાન ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડામાં રહેવાનું બન્યું. તેનું વિહંગાવલોકન આ લેખમાળા દ્વારા કરી શકાશે.

'દરિયાપારના દેશોમાં' એવી રીતે દરિયાપારના એ દેશોનાં સુખદ સંસ્મરણોથી સુપરિચિત કરાવવાની સાથે સાથે એ પુણ્યપ્રવાસની માનસિક મંગલમયી મહાયાત્રાની પ્રસન્નતા પૂરી પાડશે.

* * *

## ૧. ભૂમિકા

મુંબઈથી લંડન.

એર ઈન્ડિયાની માહિતી પ્રદાન કરનારી નકશાવાળી પુસ્તિકામાં પ્રદર્શાવ્યા પ્રમાણે કહીએ તો બધા મળીને ૭,૧૮૩ કિલોમીટર અવકાશી અંતર પ્રમાણે.

ત્રણ વરસ પછી એ પ્રદેશમાં પદાર્પણ કરવાનો અસાધારણ અનોખો અવસર એક વાર ફરી પાછો આવી પહોંચ્યો.

ભારતની બહારની પરદેશની એ મારી ચોથી યાત્રા હતી.

પ્રથમ વાર ઈ.સ. ૧૯૭૭માં, બીજી વાર ૧૯૭૮માં, ત્રીજી વાર ૧૯૭૯માં અને આ ચોથી વાર ૧૯૮૧માં. એમાં જો નેપાળની પશુપતિનાથની યાત્રાનો સમાવેશ કરી લઈએ તો આ યાત્રાને પાંચમી વિદેશયાત્રા કહી શકાય.

આઠમી ઑગસ્ટ, ૧૯૮૧ શનિવારે વહેલી સવારથી પ્રારંભાયેલી એ પરદેશયાત્રા પહેલાંની બીજી યાત્રાઓ કરતાં જરાક જુદી રીતે તરી આવે તેવી હતી. એ રીતે એ યાત્રા વિશિષ્ટ હતી. છેલ્લા ઑક્ટોબરમાં પૂજ્ય માતાજી જ્યોર્તિમયીનો સ્વર્ગવાસ થયો હોવાથી, આ વખતની યાત્રામાં એ મહાયાત્રી તરીકે નહોતાં જોડાઈ શક્યાં. એમને બદલે એમની શકવર્તી સેવા કરીને, પ્રીતિ તથા શુભાશિષ પામીને, છેલ્લાં પોણા બે જેટલાં વરસથી મારી સાથે સર્વસંગપરિત્યાગ કરીને આત્મકલ્યાણની એકમાત્ર અભિલાષાથી રહેતાં અને એની પૂર્તિ માટે પ્રામાણિક રીતે ને પ્રખરપણે પુરુષાર્થ કરતાં મા સર્વેશ્વરી હતાં. પવિત્રતા, પ્રેમ તથા પરમાત્મપરતાના પ્રતીકરૂપ 'મા' સર્વેશ્વરીની ઝામ્બિયા પછીની એ બીજી વારની વિદેશયાત્રા હતી. એ યાત્રા મારી સાથે યોજાયેલી એ દૃષ્ટિએ એનું મહત્વ અભિનવ અથવા સવિશેષ હતું.

પ્રથમની અન્ય વિદેશયાત્રાઓની પેઠે પ્રસ્તુત યાત્રાની પાછળ પણ પરમાત્માની પરમ શક્તિની પરમ પવિત્ર પ્રત્યક્ષ પ્રાણવાન પ્રેરણા કામ કરી રહેલી. મે મહિના દરમિયાન અમદાવાદમાં સાત દિવસની સાધનાશિબિરનું આયોજન થયું એ જ અરસામાં પરમાત્માની પરાત્પર શક્તિ દ્વારા જણાવવામાં આવ્યુ કે આ વરસે 'મા' સર્વેશ્વરી સાથે વિદેશયાત્રાએ જવાનું છે. પરમ શક્તિની પ્રેરણા મળી અને એ પ્રકારની પ્રાણવાન પ્રેરણા અવારનવાર મળતી જ રહી. એટલે એ વિષયમાં વિશેષ કશું વિચારવાનું ના રહ્યું. આખરે તો જે કાંઈ થાય છે તે પરમ કૃપાળુ પરમાત્માની ઈચ્છા, યોજના તથા પ્રેરણા પ્રમાણે મંગલને માટે જ થતું હોય છે.

'ધાર્યું ધરણીધરનું થાય.' એ ઉક્તિ સ્વાનુભવયુક્ત અને સાચી છે.

પરમાત્માના ચારુ ચરણોમાં સર્વસમર્પણ કરનારા, પરમાત્માના પરમાનુરાગી, કૃપાપાત્ર આત્માઓને દેશ શું ને વિદેશ શું ? દેશ-વિદેશ જેવા શબ્દપ્રયોગો એમના જીવનમાં વ્યાવહારિક અથવા ઔપચારિક રીતે કરાતા જોવા મળતા હોય તો પણ એમનું મૂલ્ય વાસ્તવિક રીતે વિચારતાં વિશેષ નથી હોતું. એમનું મન 'વસુધૈવ કુટુંબકમ્'ની જ્ઞાનમૂલક વિશાળ ભાવનાભૂમિમાં વિહરતું હોય છે. એમને સારુ સઘળો પરમ પરમાત્માનો પ્રદેશ હોય છે. એ જે દેશમાં રહે છે તે દેશમાં રહીને પરમાત્માના પરમ પાવન પ્રદેશવિશેષમાં જ વાસ કરે છે, એટલે વ્યાવહારિક પરિભાષામાં કહીએ તો અમારે વિદેશયાત્રાએ નીકળવાનું હતું.

વિદેશયાત્રાની જરૂરી પ્રારંભિક તૈયારીઓ થઈ ગઈ તો પણ મારા અંતરમાં એ યાત્રાનો ઉમંગ ન હતો. યાત્રાની અભિરુચિનો અભાવ વરતાયો. એ દિવસોમાં કપુરાથી અમેરિકાના પુણ્યપ્રવાસે પહોંચેલા ઈશ્વરભાઈનો પત્ર આવ્યો. એ પત્રને વાંચ્યા પછી મને થયું કે વિદેશયાત્રા કરવામાં હરકત નથી. વધારામાં એ યાત્રા આવશ્યક છે.

અમેરિકાથી આવેલો એ પત્રનો સારભાગ આવો હતો :

તા.૨૧-૭-૧૯૮૧

પ.પૂ. ગુરુદેવ,

આપના ચરણોમાં લક્ષકોટિ પ્રણામ,

મને અમેરિકા આવ્યાને ૨૯મી જુલાઈએ બે મહિના થશે.

અહીં સમૃદ્ધિની છોળો છલકતી જોવા મળે છે. અહીંના લોકો ખાવું, પીવું ને મજા કરવી એમ જ સમજે છે. એ જ પ્રમાણે જીવનનું આયોજન કરે છે. આપણા ભારતીયો પણ મહદંશે એ જ પ્રમાણે જીવવા પ્રયત્ન કરે છે. એ જોઈને આશ્ચર્ય પણ અનુભવું છું. મોટા ભાગના લોકો પ્રભુમાં વિશ્વાસ ધરાવતા નથી. બહુ જ ઓછા ઈશશ્રદ્ધા ધરાવે છે. આપણા લોકો પોતાપણું ભૂલી રહ્યા હોય એમ લાગે છે.

ફરતાં ફરતાં આંખ ખુલ્લી રાખું છું. કાન હાથી જેવા રાખું છું.અને દૃષ્ટિ સમડી જેવી લક્ષ્યવેધી રાખું છું. ઘણુંખરું મૌનપણે કરું છું. પુરુષોત્તમયોગ પરનાં આપના વ્યાખ્યાનો પણ સંભળાવું છું, ત્યારે ખૂબ આનંદ અનુભવુ છું. પરંતુ એવા માણસો તો બહુ ઓછા મળે છે. તે સિવાય કુદરતની લીલાનાં પણ દર્શન કરું છું. કોલોરાડો નદીનો ખીણ પ્રદેશ એક અજાયબી ગણાય છે. તે મને ભવ્ય ને દિવ્ય લાગ્યો. આપની સ્મૃતિ વિશેષપણે રહી અને ઈશતત્વની લીલાનું દર્શન કરીને અનુપમ આનંદ માણ્યો. ધરતીના પેટાળમાં ૭૫૦ ફૂટ નીચે ગુફાઓ જોઈ ત્યારે પણ એવો જ આનંદ અનુભવ્યો.

અધ્યાત્મના પ્રચારનું કામ કરવામાં હજુ હું સફળ થયો નથી. લોકો નીરસ છે. છતાં શ્રદ્ધાળુ છે તે નિર્ણય કરી શકતા નથી. પ્રભુકૃપા થશે તો જ કાર્ય થઈ શકશે એવી પ્રતીતિ થઈ રહી છે. મા સર્વેશ્વરીદેવીને મારા પ્રણામ.

આપ આ તરફ ક્યારે આવશો ?

સેવક ઈશ્વરભાઈના જય યોગેશ્વર.

*

પત્રમાં વ્યક્ત કરાયેલા ભાવો તથા વિચારો નવા નહોતા, તો પણ એને વાંચ્યા પછી મને થયું વિદેશમાં વસતા માનવના મનની એવી પ્રતિકૂળ પરિસ્થિતિ હોવાથી અને એ મન છેક જ ભૌતિક ભૂમિકા પર રહીને પ્રાકૃત ભોગોપભોગોમાં રાચતું અથવા એમને જ જીવનનું સારસર્વસ્વ સમજતું હોવાથી, એને વિશેષ પ્રેરણા, પથદર્શન તથા આધ્યાત્મિક અજવાળાની આવશ્યકતા છે, એટલે પોતાના એ કલ્યાણકાર્યને સુચારુરૂપે સંતોષકારક રીતે કરવા માટે જ ઈશ્વર મને ને 'મા' સર્વેશ્વરીને ત્યાં લઈ જવા માગે છે. પરદેશયાત્રાનું એ જ પ્રયોજન. જીવનની મંગલમય મહાયાત્રાના મર્મને ભૂલેલા કે ભૂલવા માંડેલા માનવને

તે મર્મનું સ્મરણ કરાવવાનું અને એથી આગળ વધીને એને આચારમાં અનુવાદિત કરીને આત્મસાત્ કરવા માટે પ્રેરવાનું, ઉદ્દબોધવાનું.

મુંબઈની અમેરિકન કૉન્સલ જનરલની કચેરીમાં ઈન્ટરવ્યૂ લેનારી સન્નારીએ મને પૂછેલું -

'અમેરિકામાં તમારા કેટલા શિષ્યો છે ?'

મેં એના જવાબમાં તરત જ જણાવેલું, 'હું એમની સંખ્યાની ગણતરી નથી રાખતો. મેં એમનું કોઈ રજિસ્ટર નથી રાખ્યું. સાચું કહું તો મને શિષ્યો કરવામાં અને એની સંખ્યા વધારવામાં રસ જ નથી હું ફંડફાળા કરવા, શિષ્યો બનાવવા, આશ્રમ અથવા મઠ સ્થાપવા, સંપત્તિ વસાવવા, પ્રતિષ્ઠા કમાવા કે નામના મેળવવા માટે પરદેશ નથી જતો. એ બધી વાતો મારે મન ગૌણ છે. હું તો જ્યાં જઉં છું ત્યાં જઈને કે રહીને માનવને – જો તે ઈચ્છે અથવા તૈયાર હોય તો – માનવ તરીકે આધ્યાત્મિક ક્ષેત્રે મદદરૂપ બનવાનો પ્રયત્ન કરું છું. માનવને સાચા અર્થમાં માનવ બનાવવાનો ને પોતાના મૂળભૂત વાસ્તવિક રૂપને ઓળખવાનો સંદેશો પૂરો પાડું છું. હું એને એની દિવ્યતા તરફ પ્રેરિત કરું છું.'

સન્નારી બોલી : 'એ તો અતિશય આશ્ચર્યકારક કહેવાય. આવી રીતે કોઈક જ વિચારતું હશે. તમારા વિચારો તદ્દન નવા છે. તમારો અભિગમ અસાધારણ, અવનવો અને પ્રતીતિકર છે.'

હું શાંત રહ્યો.

થોડી વાર પછી એણે 'મા' સર્વેશ્વરી પ્રત્યે સંકેત કરીને પૂછ્યું: 'એમને ત્યાં બોલાવનારા કોઈ સંબંધી છે ?'

મેં કહ્યું : 'સાંસારિક રીતે સંબંધી છે. પરંતુ સાથેસાથે ભક્ત પણ છે. એમના પ્રત્યે આધ્યાત્મિક દૃષ્ટિથી દેખે છે અને આદરભાવ રાખે છે.'

'એ ત્યાં શું કરશે ?'

'એ સંસારના સંબંધોને આધ્યાત્મિક વિકાસમાર્ગે ઉત્તરોત્તર આગળ વધવા માટે છોડીને મારી સાથે જ રહે છે. એ ત્યાંની પ્રજાને માટે, ખાસ કરીને બહેનો માટે, પ્રેરક થઈ પડશે. એમની ઉપસ્થિતિ ઉપયોગી ઠરશે. એ યોગાસનો તથા તથા ધ્યાનની પ્રક્રિયાને જાણે છે. શીખવી શકે છે, સરસ ભજનો કે ગીતો રચે છે ને ગાય છે. એ પણ એમની રીતે અન્યને ઉપયોગી બનવાનું, જીવનપાથેય પૂરું પાડવાનું કાર્ય કરી શકશે.'

*

પરદેશની, ઈંગ્લેન્ડ અને અમેરિકાની એ મારી પ્રથમ યાત્રા તો નહોતી જ. ત્યાંની પ્રજાનો અમુક નોંધપાત્ર વિશેષ વર્ગ આત્મિક વિકાસની રુચિ રાખે છે અને એને માટેના પથપ્રદર્શનની પ્રતીક્ષા કરે છે એની મને માહિતી હતી. એમને મદદરૂપ થવાના સર્વહિતકારક સવિશેષ હેતુથી પ્રેરાઈને જ પરમ કૃપાળુ પરમાત્માએ એ યાત્રાનું આયોજન કરેલું.

વચ્ચે વધારે પડતો વખત વીતી ગયો હોવાથી, અમેરિકાથી નવેસરથી સ્પૉન્સરશિપ લેટર મંગાવીને વિઝાની વિધિ પૂરી કરતાં પ્રમાણમાં ઘણો ઓછો વખત લાગ્યો. વિઝાનું મહત્વનું કાર્ય પૂરું થયું એટલે આગળનો માર્ગ મોકળો બન્યો.

* * *

## ૨. સમારંભો

વિદેશ જવાનું નક્કી થયું એટલે પ્રેમીજનોને એ સમાચાર સ્વાભાવિક રીતે જ પહોંચી ગયા. સૌને પ્રસન્નતા થઈ.

ઈ.સ. ૧૯૭૮માં મને ઉપરાઉપરી, એક જ સપ્તાહની અંદર અંદર બે જોરદાર હાર્ટએટેકના હુમલા થયા ત્યારે મારું શરીર અતિશય દુર્બળ બની ગયું. મહિનાઓ સુધી પથારીમાં આરામ કરવો પડ્યો. તે વખતની અવસ્થા એટલી બધી કરુણ હતી કે ડૉક્ટરોને અને અન્ય પ્રેમીજનોને કલ્પના પણ ના થઈ શકે કે મારું શરીર પૂર્વની પેઠે સંપૂર્ણસારું થઈ જશે, મારાથી ભારતમાં પ્રવચનપ્રવાસ કરી શકાશે અને એથી પણ આગળ વધીને અમેરિકા, કેનેડા તથા ઈંગ્લેન્ડની યાત્રાનું આયોજન પણ થશે, પરંતુ પરમાત્માની લીલા અજબ છે. એ કયે વખતે, કોને માટે, શું કરવા માગે છે કે કરે છે તેની ખબર એમના પરમ કૃપાપાત્ર ભક્તો કે યોગીજનો સિવાય બીજા કોઈને પણ નથી પડતી. બીજા સામાન્ય અથવા અસામાન્ય માનવો એનાથી સર્વથા, સર્વાવસ્થામાં અજ્ઞાત હોય છે. એમને લાગ્યું હશે કે મને પથારીમાંથી ઉઠાડવાની, સ્વસ્થ કરવાની અને મારી પાસેથી પોતાનું કાર્ય કરાવવાની આવશ્યકતા છે એટલે જ મને ધીમેધીમે બેઠો કર્યો અને પરદેશના પુણ્યપ્રવાસ માટે પણ પ્રેરણા આપી.

એ જે કરે છે તે મંગલ જ કરે છે, મંગલને માટે જ કરે છે, એવી અનુભવમૂલક શ્રદ્ધાયુક્તપ્રતીતિ આધ્યાત્મિક માર્ગે ઉત્તરોત્તર આગળ વધનારના મનમાં દૃઢ બનતી જાય છે. વિદેશયાત્રાના સુખકારક સમાચાર સાંભળીને વડોદરાના પ્રેમીજનોએ સન્માનસમારંભ ગોઠવ્યો. એની પાછળ સેવામૂર્તિ સત્સંગપ્રેમી ભાઈ શ્રી જિતુભાઈની પ્રેરણા મુખ્ય હતી.

સમારંભ અલકાપુરીમાં આવેલાં અરુણોદય સોસાયટીના હૉલમાં ગોઠવાયેલો. એ દરમિયાન જુદાજુદા વક્તાઓએ આગવી રીતે અમને અનુરાગ અને આદરની અંજલિ આપીને પોતાની શુભેચ્છા પાઠવી. હાઈસ્કૂલના એક નિવૃત્ત પ્રિન્સિપાલે પોતાના વક્તવ્યમાં પ્રેમભાવને પ્રદર્શાવતા જણાવ્યું કે, પરદેશના પ્રવાસેથી પાછા ફરો ત્યારે સ્વામી વિવેકાનંદની જેમ ત્યાંથી એકાદ ભગિની નિવેદિતાને લેતા આવજો.

એમની ભાવના દેખીતી રીતે જ ઘણી સારી હતી. એમનું ગર્ભિત સૂચન કદાચ એવું હતું કે પરદેશમાં બહેનોને મદદરૂપ થઈને એમના પર પ્રભાવ પાડજો. એકાદ સંસ્કારી સન્નારીને શિષ્યા તરીકે લઈ આવજો પણ ખરા.

એમણે એકદમ અનોખા, અવનવા વિચારણીય વિષયને સ્પર્શ કરેલો. નવો જ વિચાર રજૂ કરેલો અને એ પણ એમના કલ્પનાપ્રધાન ફળદ્રુપ મસ્તિષ્કના પરિણામરૂપ ખૂબ જ હળવી રીતે. છેક જ સહજ અથવા સ્વાભાવિકપણે.

આપણે ત્યાં કેટલાક લોકોમાં એવી લાગણી પ્રવર્તે છે કે કોઈ સંતપુરુષના વિદેશી શિષ્યો થાય અને એમની સાથે વિદેશી શિષ્યો કે ખાસ કરીને શિષ્યાઓ આવે તો તે સંતપુરુષ ઊંચી કોટિના ગણાય ને વિશેષ શક્તિશાળી મનાય, પરંતુ તેવી લાગણી બરાબર નથી. અને કાંઈક અંશે પંગુતા કે લઘુતાગ્રંથિની સૂચક હોય છે. કોઈ સંતપુરુષ ઊંચી કોટિના છે કે નથી અને સવિશેષ શક્તિસંપન્ન છે કે નહીં એનું અનુમાન એમના દેશી

કે વિદેશી શિષ્યો-શિષ્યાઓ પરથી નથી થતું. ના થવું જોઈએ. એના નિર્ણય માટે તો એમના વ્યક્તિત્વને વિલોકવું રહે છે. એ સંદર્ભમાં એ મહાનુભાવના ઉદ્‌ગારો ઉત્તમ અથવા આદર્શ નહોતા. તોપણ તેમની ચર્ચાવિચારણામાં પડવાને બદલે મેં એ વિષયને બીજી રીતે રજૂ કરતાં જણાવ્યું કે, આપણે ભારતની બહારથી ભગિની નિવેદિતાઓને લાવવાની આવશ્યકતા નથી. આપણા દેશમાં જ આધ્યાત્મિક અભ્યુત્થાનના ક્ષેત્રે આગળ વધીને જીવનને કૃતાર્થ કરી ચૂકેલી 'મા' સર્વેશ્વરી જેવી પરમાત્માની કૃપાપાત્ર વિદૃષી સ્ત્રીઓ વસે છે. આપણે એ બાબતમાં પરદેશ તરફ તાકવાની અથવા પરદેશ પાસેથી પ્રેરણા મેળવવાની આવશ્યકતા નથી. ભારતીય સંસ્કૃતિ, શીલ તથા સાધના પરંપરાનાં પ્રતિનિધિ સમાં 'મા' સર્વેશ્વરીને આપણે વિદેશની ધરતી પર લઈ જઈશું ને કહીશું કે આ અમારું સાધનાત્મક ભારત. અમારા દેશની મુક્ત આધ્યાત્મિક સ્ત્રી, દુનિયાનું આ પ્રાણવાન પ્રેરક પ્રખર પ્રતિનિધિત્વ. એમના ત્યાગને, સંયમને, અપરિગ્રહને, સમર્પણભાવને, અદમ્ય આત્મવિશ્વાસને અને પરમાત્મા પ્રત્યેના પ્રબળ પ્રેમને નિહાળીને એમના સમાગમમાં આવનારા પ્રેરણા મેળવશે. એમની ભારતભક્તિમાં વધારો થશે, એટલે આપણે બહારની કોઈક નિવેદિતાને લાવવામાં રુચિ નથી રાખતા. આપણે જ આપણા ધનનું ગૌરવ ધારી, એના પ્રત્યે આદર રાખીને, એની સાથે બહાર જઈએ છીએ.

ભારતની આધ્યાત્મિક સાધનાત્મક સન્નારી સાથે ભારતની બહાર જવાના અવસરો ભૂતકાળના ઈતિહાસમાં અતિવિરલ કહી શકાય તેવા છે. વરસો પહેલાં દક્ષિણ ભારતના કાનનગઢમાં રહેતા સ્વામી રામદાસ એમની સાથે રહેતાં એમનાં શિષ્યા કૃષ્ણાબાઈ સાથે પરદેશના પુણ્યપ્રવાસે ગયેલા. તે પછી મહર્ષિ અરવિંદના પાર્થિવ તનુના પરિત્યાગ પછી એમના પોંડેચેરીના આશ્રમમાં રહેતા શ્રી દિલીપકુમાર રૉય એમનાં શિષ્યા ઈન્દિરાદેવી સાથે વિદેશયાત્રાએ ગયેલા. એવા એકાદ-બે બીજા પ્રસંગો પણ હશે. એ રીતે વિચારતાં 'મા' સર્વેશ્વરીનો મારી સાથેની વિદેશયાત્રાનો અવસર અસાધારણ અગત્યતા ધરાવતો હતો એવું કહી શકાય.

પેલા પ્રિન્સિપાલ મહોદયે પોતાના સંક્ષિપ્ત પ્રવચનમાં એક બીજો વિચાર પણ રજૂ કરેલો. એ વિચાર ઉપેક્ષા કરવાયોગ્ય નહોતો. એમણે જણાવ્યું કે રામકૃષ્ણદેવે અનેક પ્રાણવાન શિષ્યોને તૈયાર કરેલા તેવા યોગેશ્વરજીના કોઈ નોંધપાત્ર શિષ્યો નથી; તો આપણે ઈચ્છીએ કે એ એવા સારા પાણીદાર શિષ્યોને તૈયાર કરે.

એ વિચારની પાછળ કોઈ આલોચના અથવા ટીકાની વૃત્તિ કે બીજાને ઉતારી પાડનારી, તેજોદ્વેષથી પ્રેરાયેલી હીન ભાવના નહોતી. એ વિચાર આકસ્મિક રીતે, સંજોગોવશાત્, સ્વાભાવિકતાપૂર્વક છતાં પણ પૂરતા વિચાર વિના જ રજૂ થયેલો. વિચારને રજૂ કરનાર પણ એ વિશે બહુ ગંભીર હોય એવું નહોતું લાગતું. એ વિચારના અનુસંધાનમાં એના આવશ્યક સ્પષ્ટીકરણ માટે મેં જણાવ્યું કે રામકૃષ્ણદેવને કોઈ શિષ્યોને તૈયાર કરવાની એટલી અભિરુચિ ન હતી. એમના જે શિષ્યો તૈયાર થયા તે શિષ્યો એમના પાર્થિવ શરીરના પરિત્યાગ પછી જ પ્રસિદ્ધિ પામેલા. સ્વામી વિવેકાનંદને શિકાગોની સુપ્રસિદ્ધ ઐતિહાસિક સર્વધર્મપરિષદ પહેલાં કોણ ઓળખતું હતું ? પરદેશ પ્રવાસ પહેલાં ભારતમાં એમણે અજ્ઞાત રીતે, ક્યાંક આદરપૂર્વક તો ક્યાંક અનાદરપૂર્વક, સારો એવો પ્રવાસ કરેલો. માસ્ટર મહાશયને એમણે રચેલા રામકૃષ્ણદેવના

જીવનવૃત્તાંત ગ્રંથના પ્રકાશન પહેલાં કેટલા લોકોએ ઓળખેલા ? રામકૃષ્ણ મિશનની સ્થાપના પણ રામકૃષ્ણદેવના દેહત્યાગ પછી જ કરાયેલી. આપણે રામકૃષ્ણદેવ પરમહંસદેવ કે બીજા કોઈની સાથે આપણી કે કોઈની તુલના કરવા નથી માગતા. એવી તુલનાનો કશો અર્થ નથી. તોપણ એક હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરીશું. આપણને પણ ગુરુ બનવામાં ને શિષ્યમંડળને તૈયાર કરવામાં રસ નથી. રહી પ્રાણવાન પાણીદાર ઓજસ્વી આદર્શ આત્માઓની વાત. તો તેના સંબંધમાં તો એટલું જ કહેવાનું કે જ્યાંજ્યાં આપણાં ધ્યાનકેન્દ્રો ચાલે છે ત્યાં ત્યાં એમના સંચાલકો અને એ ધ્યાનકેન્દ્રોનો નિયમિત રીતે લાભ લેનારા કેટલાક આત્માઓ ઓછા પ્રાણવાન, પાણીદાર, ઓજસ્વી અને આદર્શ નથી દેખાતા ? એમનામાં અનેક પ્રકારની અસાધારણતાઓ જોવા મળે છે. આપણા અધ્યાત્મ માસિકના તંત્રી, સંપાદકમંડળ તથા સલાહકારમંડળને પણ એ જ હકીકત લાગુ પડે છે. દહેરાદૂન અને મસૂરીના પ્રેમીપુરુષોનું પણ એવું જ છે. એમણે ખાસ ત્યાગ ના કર્યો હોય, સાધુનો સ્વાંગ ધારણ ના કર્યો હોય કે કાષાય વસ્ત્રોને ના પહેર્યાં હોય તોપણ એમની અંદરની યોગ્યતા કે ગુણવત્તા ઓછી નથી. પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીનો આત્મા ઓછો ઉદાત્ત અથવા અલૌકિક નહોતો. આપણા સમાગમમાં આવનારાં 'મા' સર્વેશ્વરી કાંઈ ઓછાં આદર્શ અને મહાન નથી. એમની આધ્યત્મિક યોગ્યતા અવર્ણનીય, અકલ્પ્ય અને ઘણી ઊંચી છે, પરંતુ 'ઘરકી મુર્ગી દાલ બરાબર' અને 'ગામનો સાધુ જોગટો' એ કહેવત પ્રમાણે આપણા જમાનાના, આપણી આજુબાજુના જગતમાં જીવતા, આત્માઓને આપણે કેટલીક વાર ઓળખી શકતા નથી ને એમનું સમુચિત મૂલ્યાંકન પણ નથી કરી શકતા. આપણા વ્યક્તિગત ગમા-અણગમા, પૂર્વગ્રહો અને આપણું અજ્ઞાન કેટલીક વાર આપણી વચ્ચે આવે છે ને સમ્યક્ દર્શન કરતાં તથા તટસ્થ નિર્ણયો લેતાં અટકાવે છે. એમાં દોષ એમનો નથી હોતો; આપણો જ હોય છે.

સમારંભમાં વિવિધ વક્તાઓએ પોતાના વિચારો વૈવિધ્યપૂર્ણ ભાવો સાથે વ્યક્ત કર્યા. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી અનામી સાહેબે જણાવ્યું કે, વરસો પહેલાં પરદેશપ્રવાસ કરનારનો વિરોધ થતો; એમને દંડવામાં કે એથીયે આગળ વધીને જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા. એને બદલે હવે આપણે પરદેશપ્રવાસ કરવાની તૈયારી કરનારનું જાહેર સન્માન કરીએ છીએ એ દર્શાવે છે કે સમયનાં મૂલ્યો કેટલાં ઝડપથી બદલાતાં જાય છે.

એમની રજૂઆત મૌલિક તથા રસપ્રદ હતી.

પ્રાચ્ય વિદ્યાભવનના અધ્યક્ષ સ્વનામધન્ય સાક્ષરરત્ન ડૉક્ટર અરુણોદય જાનીએ અસ્વસ્થ તબિયતને લીધે ઉપસ્થિત ના રહી શકવાથી શુભેચ્છાપત્ર મોકલી આપ્યો. એવા સત્પુરુષની શુભેચ્છાનું મૂલ્ય મારે મન મોટું હતું.

સૂરતમાં બેસેંટ હૉલમાં પણ સત્કારસમારંભ કરવામાં આવ્યો. સૂરત તો 'મા' સર્વેશ્વરીની કલ્યાણકારિણી કર્મભૂમિ. બાહ્ય પ્રવૃત્તિશીલ જીવનના પરિત્યાગ અને આત્મોન્નતિની એકમાત્ર અભીપ્સાથી અનુપ્રાણિત થઈને એમની દ્વારા કરાયેલા આધ્યાત્મિક જીવનના અંગીકાર પહેલાં સૂરતનો પ્રદેશ એમનો પ્રવૃત્તિપ્રદેશ અથવા પાવન પ્રેરણાપ્રદેશ હતો. એમનો આધ્યત્મિક સંસ્કારવારસો ત્યાં જ સુદૃઢ બનેલો. એ

પ્રદેશમાંથી એ વિદેશયાત્રા જેવા શકવર્તી કાર્યને માટે પસાર થાય અને એ પ્રદેશ એમને અનુરાગની આદરપૂર્ણ અંજલિ ના આપે એવું કેમ બને ?

સૂરતની સત્સંગી જનતા એમના પ્રત્યે અસાધારણ સ્નેહ અને સદ્ભાવ રાખતી હોવાથી એમણે સમારંભ યોજ્યો, થિયૉસૉફિકલ સોસાયટીના પરમ ઉદાર, ગુણદર્શી, સાધુચરિત કાર્યકર્તા શ્રી અતિસુખભાઈનો પત્ર આવ્યો કે તમે બંને પરદેશના પ્રવાસે જઈ રહ્યાં છો એટલે પાછા આવતાં સહેજે પાંચ-છ મહિના થઈ જશે. શરીર ક્ષણભંગુર હોવાથી, મારું શરીર ત્યાં સુધી રહે કે નહીં તેનું કશું કહેવાય નહીં, એટલે તમે સૂરતથી પસાર થાવ ત્યારે દર્શનની ઉત્કટ ઈચ્છા છે તે જરૂર પૂરી કરજો.

એમના ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રી ભટ્ટસાહેબના અને એવા જ ગુણાનુરાગી સદ્ભાવસંપન્ન સત્સંગી ભાઈબહેનોના આગ્રહને અનુલક્ષીને અમે સૂરતમાં થોડાક કલાકો સુધી રોકાવાનું નક્કી કર્યું.

'મા' સર્વેશ્વરીના જન્મસ્થાન કપુરાનાં કેટલાંક ભાઈબહેનો પણ ત્યાં ખાસ મળવા માટે આવેલાં.

એ સૌએ એમની આગવી રીતે અંજલિ આપી.

વડોદરાથી મુંબઈ સુધીના સમગ્ર રસ્તા પર વરસાદ સારા પ્રમાણમાં પડ્યો. વર્ષાને લીધે ધરતી વધારે સુંદર અને સસ્યશ્યામલા લાગી. ચારે તરફ પાણી ભરાયેલાં. ભૂમિને નવો અવતાર મળેલો. એનું લાવણ્ય વધી ગયેલું.

મોટરમાં આગળ વધતાં માર્ગમાં એક વૃક્ષની ઘટામાં બેસીને અમે અલ્પાહાર કર્યો, એટલો વખત વરસાદ રોકાઈ ગયેલો.

મુંબઈ પહોંચ્યા ત્યારે અંધારું છવાઈ ગયેલું.

માર્ગમાં સૂરતના સમારંભની એકાદ-બે વાતો પુનઃપુનઃ યાદ આવી.

સમારંભમાં સત્સંગી સત્પુરુષ શ્રી ઈશ્વરલાલ કડીવાળાએ કહ્યું કે, યોગેશ્વરજી અને 'મા' સર્વેશ્વરી વિદેશમાં વસતા એમના પ્રેમીજનોને ને ભક્તોને પ્રેરણા પાવા અને શાંતિ આપવા જઈ રહ્યાં છે. પોતાના પૂર્વજન્મના શેષ સંસ્કારોના અનુસંધાનમાં કેટલાય ભક્તો અને જીજ્ઞાસુઓ એમની રાહ જોતા હશે. એમને એ અનેક રીતે ઉપયોગી થશે.

'મા' સર્વેશ્વરી જ્યાં પહેલાં નોકરી કરતાં તે સાધના વિદ્યાભવનના ટ્રસ્ટીમંડળના પ્રમુખ અને આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ શ્રી પ્રભુભાઈને મેં બેસંટ હૉલમાં સમારંભની પૂર્ણાહૂતિ સમયે જણાવ્યું કે તમારા સાધના વિદ્યાભવનના વિશાળ ઉદ્યાનનું એક પુષ્પ પોતાની સુવાસને ફેલાવવા માટે પરદેશ જઈ રહ્યું છે. એના અવલોકનથી તમને આનંદ થશે. એમણે પોતાના શરીરધારણને સાર્થક કર્યું છે.

પ્રભુભાઈ દેખીતી રીતે જ પ્રસન્ન હતા.

એમણે કહ્યું કે, અમને એ વાતનો આનંદ છે, સંતોષ છે.

મેં જણાવ્યું કે 'મા' સર્વેશ્વરીના પૂર્વજીવનનો પરિચય કરાવતી વખતે જુદાંજુદાં કેન્દ્રોમાં અમારે સાધના વિદ્યાભવનનું ને તમારું સુખદ સ્મરણ કરવું પડે છે.

તે હસ્યા ને બોલ્યા કે, અમારું એટલું સદ્ભાગ્ય છે.

'મા' સર્વેશ્વરીની પ્રવૃત્તિથી તે સંતુષ્ટ દેખાયા.

*

મુંબઈ કેટલાંક કહે છે તેમ મોહમયી નગરી.

છેલ્લા ત્રણેક વરસમાં એની આ પહેલી જ મુલાકાત હતી.

ત્યાંના બે દિવસના રોકાણ દરમિયાન સદ્ભાવસંપન્ન પ્રેમીજનોને દિવસો પછી મળવાનું થયું. મુંબઈ છોડતાં પહેલાં એમની હાર્દિક શુભેચ્છાઓ સાંપડી.

રાજકોટથી શ્રી પુરુષોત્તમભાઈ ગાંધીનો સદ્ભાવપૂર્ણ પત્ર મળ્યો. એના સારાંશની રજૂઆત અસ્થાને નહીં ગણાય. એ સારાંશ આ પ્રમાણે હતો :

તા. ૪-૮-૮૧

રાષ્ટ્રીય શાળા, રાજકોટ

પૂજ્ય યોગેશ્વરજીની પવિત્ર સેવામાં,

અમદાવાદ શિબિરમાં મળેલા આપના સત્સંગનો લાભ એટલો જ તાજો લાગી રહ્યો છે, એ આપના આશીર્વાદ મારા પર વરસતા જ રહ્યા હશે એ જ કારણ હોઈ શકે. એ શિબિરના દિવસો પછી આપને રૂબરૂ મળવાનું નથી બન્યું તેમ પત્ર લખવાનો યોગ પણ નથી આવ્યો, પરંતુ આપનું કલ્યાણકારી સ્મરણ સતત રહ્યું જ છે.

શું લખું ? જેમ વરસાદ મુશળધાર વરસે છે તેમ આપના આશીર્વાદ મારા મસ્તક પર વરસતા જ રહો અને મારા મન અને હૃદયને ભક્તિભાવથી નવપલ્લવિત કરો એવી પ્રાર્થના છે.

આપ પરદેશ જઈ રહ્યા છો. આપના જેવા માટે તો આ દેશ કે અન્ય દેશ સમાન જ છે. બધી જ આપની ભૂમિ છે. સારાય વિશ્વની માનવજાત આપને માટે આપ્તજન છે. આપનું સ્વાસ્થ્ય આવા મોટા પ્રવાસો વચ્ચે પણ સારું જળવાઈ રહે તેવી પ્રાર્થના છે.

ભાઈ શાંતિભાઈ પાસે જાણ્યું કે ૧૫મી ઑગસ્ટે આપનો જન્મદિવસ છે. મારા સાદર પ્રણામ સ્વીકારશો. એ પવિત્ર દિવસ જેમ રાષ્ટ્રને માટે આઝાદી પ્રાપ્તિનો અણમોલ દિવસ બની રહ્યો એમ અમારા અંતરને પણ ષડ્ રિપુઓમાંથી પરમ મુક્તિ આપનારો દિવસ બની રહો એવી આશિષ આપજો.

લિ. પુરુષોત્તમ ના. ગાંધીના

સા.દં. પ્રણામ.

* * *

આદરણીય 'મા',

તમારું નિત્ય સ્મરણ થતું રહે છે. તમારા પણ સ્મરણમાં અમે રહ્યા કરીએ એમ ઈચ્છું. તમારા સ્મરણમાં રહેવું એટલે માતાની સર્વ પર વાત્સલ્યદૃષ્ટિ ફરતી રહે તેમ તમારી કલ્યાણમયી દૃષ્ટિનો લાભ મેળવવો. એ લાભ મને પણ મળતો રહો. કોઈ વાર આશીર્વાદપત્ર લખતાં હો તો ?

લિ. પુરુષોત્તમના સાદર પ્રણામ

* * *

શ્રી પુરુષોત્તમભાઈના એ પત્રમાં અન્ય અનેક સદ્‌ભાવનાસંપન્ન આત્માઓની શ્રદ્ધા-ભક્તિ, લાગણી અને ભાવનાનો પ્રતિઘોષ પડે છે. એ દૃષ્ટિએ એનું મહત્વ વિશેષ લાગે છે.

વિદેશયાત્રાની વિમાનની ટિકિટો જેવી જરૂરી તૈયારી દરેક વખતની જેમ આ વખતે પણ શ્રી જયંતભાઈ શાહે જ કરી હતી. એને માટે એમને જેટલાં પણ અભિનંદનો આપીએ એટલાં ઓછાં છે.

વિમાનને ઊપડવાનો સમય સવારે ૪-૫૦નો હોવાથી રાતે નિરાંતે નિદ્રાધીન થઈ શકાય તેમ નહોતું. રાતે ઉચ્ચ કોટિના સાધનારત સાધકો જાગતા હોય છે તેમ પ્રવાસીઓએ પણ મોટે ભાગે જાગવું પડતું.

આટલા સુંદર સુવિખ્યાત આંતરરાષ્ટ્રીય એરપૉટનો મોટરમાર્ગ પાછળથી જોઈએ તેટલો સારો નહોતો. રસ્તામાં કેટલેક ઠેકાણે ખાડા પડેલા. એની આજુબાજુ અને અન્યત્ર અંધકાર હોવાથી એ માર્ગ જોઈએ તેટલો સુરક્ષિત નહોતો.

સવારે બે વાગ્યાના સુમારે અમે એરપૉર્ટ પર પહોંચી ગયાં.

* * *

**3. માનવતા**

ક્ષણભંગુર સંસારમાં માનવનું શરીર સનાતન નથી. ક્ષણભંગુર છે. જે જન્મે છે તે જાય છે. મૃત્યુ પછી જે જાય છે તેમનો સંપર્ક સાધવાનું કાર્ય સામાન્ય અથવા અસામાન્ય માનવને માટે કપરું થઈ પડે છે. જે જાય છે તે જાણે કે કાયમને માટે જાય છે. એમની સાથે કોઈ પાર્થિવ પત્રવ્યવહારની કે સ્થૂળ સાંસારિક સંદેશાવ્યવહારની શક્યતા નથી રહેતી. એમની સાથેનો સઘળો સંપર્ક કપાઈ જાય છે. એની ઉપર કાળદેવતાનો કાયમનો પડદો પડી જાય છે. સામાન્ય રીતે વિચારીએ તો માનવમાં એ પડદાને ઉપાડવાની શક્તિ નથી હોતી.

વિદેશગમન એની સ્મૃતિ કરાવતી પ્રક્રિયા છે. એ દરમિયાન જાણે કે સદેહ સ્વર્ગમાં અથવા એવા અન્ય લોકલોકાન્તરમાં જવાનું હોય છે. જનારી વ્યક્તિ સાથેનો પારસ્પરિક સ્થૂળ સંબંધ સચવાઈ રહે છે. એને મળવાની, એનો સંપર્ક સાધવાની શક્યતા પણ હોય છે. તોપણ એ પ્રક્રિયા સંસારની, શરીરની, પરિવર્તનશીલતાની કે ક્ષણભંગુરતાની સ્મૃતિ તો કરાવે જ છે. મમતા, આસક્તિ તથા મોહમાંથી મુક્તિ મેળવવામાં મદદ કરે છે. એવી મદદ કેટલા મેળવે છે એ એક સવાલ હોવા છતાં એમાં એવી શક્યતા તો છે જ.

એરપૉર્ટ પર પહોંચ્યાં ત્યારે અને એ પહેલાં થોડો થોડો વરસાદ વરસતો હતો. દેવતાઓ જાણે કે મૂંગા, અજ્ઞાત રીતે આશીર્વાદ આપી કે પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હોય.

શ્રી જિતુભાઈએ એરપૉર્ટ પર અમને સુખડના સુંદર સુવાસિત હાર પહેરાવીને ફોટોગ્રાફરને બોલાવીને ફોટા લેવડાવ્યા. એમને મન એ એક અમૂલ્ય સ્નેહસંભારણું હતું.

બહારની જરૂરી વિધિને પતાવીને અમે કસ્ટમ્સ માટે અંદર ગયાં એટલે વિદાય આપવા આવેલાં સૌ કોઈ કામચલાઉ સમયને માટે છૂટાં પડ્યાં.

હવે સંસ્કૃતિની જનની, પુણ્યભૂમિ ભારતના પવિત્ર પ્રદેશને છોડવાની વધારે વાર ન હતી.

અમે અંદર લાઈનમાં ઊભેલાં ત્યારે એક સાધુવેશવાળા પુરુષને સામેની બીજી લાઈનમાં ઊભેલા જોયા.

નીચું ભરાવદાર, ઘઉંવર્ણું શરીર, લાંબી કાળી દાઢી, ખભા પર લાલ શાલ, કમર, નીચે લુંગી જેવું વસ્ત્ર, શરીર પર કફની.

એમનો દેખાવ છળરહિત, સરળ, સૌજન્યભર્યો હતો.

એમણે મારા તરફ જોઈને સહેજ સ્મિત કર્યું એટલે થોડી વાર પછી હું એમની પાસે પહોંચ્યો.

એમણે પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

મને પૂછ્યું : 'તમે યોગેશ્વરજી ? '

મેં કહ્યું : 'હા'

'ઈંગ્લેન્ડ જાવ છો ?'

'હા'

'તમે ? તમારું નામ?'

' કેશવભવાની. નડિયાદ માઈમંદિર.'

'ઓહો. એ જ તમે ? તમે તો ઘણું સારું કાર્ય કરી રહ્યા છો. તમારી પ્રશંસા તો ઘણી સાંભળી છે. જગદંબાનું કાર્ય ખૂબ જ સરસ રીતે સફળતાપૂર્વક કરો છો. ઈંગ્લેન્ડ જાઓ છો ? '

'હા, એકાદ મહિનાનો કાર્યક્રમ છે. પછી તો નવરાત્રિના પર્વદિવસો આવશે એટલે અહીં કામ પહોંચશે. તે પહેલાં પાછા ફરવું પડશે.'

'ઈંગ્લેન્ડમાં ક્યાં કાર્યક્રમ છે ?'

'લંડનમાં, બર્મિંગહામમાં, લેસ્ટરમાં. મારું વિમાન ૪-૧૦નું છે. તમારું ?'

'અમારું ૪-૫૦નું છે. તમારે અમારા કરતાં જલદી જવાનું છે.'

'મેં એમને અમારી લાઈનમાં આગળ જગ્યા આપી.'

જગદંબાનું કલ્યાણકાર્ય કરનારા, એમના પરમ પ્યારા કૃપાપાત્ર ભક્ત, શ્રી કેશવભવાની સ્વભાવે સરળ, સહૃદય, મિલનસાર તથા નમ્ર લાગ્યા. એમની વાણીમાં અને એમના વ્યવહારમાં સાત્વિકતા તથા ઉદાત્તતા ભરેલી. એમનો અંતરાત્મા ઉચ્ચ હતો, આધ્યાત્મિક રંગે રંગાયેલો, એમાં શંકા નહોતી.

એમના મેળાપથી સંતોષ અને આનંદ થયો.

ચોક્કસ સમયે સૌની સાથે પ્લેનમાં પ્રવેશીને અમે બંનેએ અમારી બેઠકો લીધી.

પ્લેન ચાલ્યું. જોતજોતામાં તો ભારતની ભૌગોલિક સીમાથી આગળ નીકળી ગયું.

રાતે પૂરતો વિશ્રામ મળ્યો ના હોવાથી પ્લેનમાં પ્રથમ કાર્ય બને તેટલો વિશ્રામ કરવાનું જ શેષ રહેલું.

પ્લેન માર્ગમાં થોડાક વખતને માટે કુવૈત રોકાયું.

ઈટાલી, જર્મની, ફ્રાન્સ, યુગોસ્લાવિયા જેવા યુરોપના જુદાજુદા દેશો પરથી પવન વેગે પસાર થતું પ્લેન, વાદળસમૂહને ભેદતું અને વચ્ચે ૨૫ થી ૩૦ હજાર ફીટની ઊંચાઈ પરથી આગળ વધતું લગભગ અગિયાર કલાકના ઉડ્ડયન પછી છેવટે લંડન પહોંચ્યું. ત્યારે ત્યાંના સમય પ્રમાણે સવારના અગિયાર જેટલા વાગેલા.

ઋતુ સાનુકૂળ અને સારી હતી.

મુંબઈથી અમે વહેલી સવારે પ્લેનમાં બેઠાં ત્યારે અમારી બાજુની બેઠક પર એક સન્નારી બેઠેલી.

અમને અવલોકીને તે ખૂબ જ પ્રસન્ન થઈને કહેવા લાગી કે હું પહેલેથી જ પ્રાર્થના કરી રહેલી કે મારી પાસેની સીટ પર કોઈક ગુજરાતી આવે તો સારું. ઈશ્વરે મારી પ્રાર્થનાને સાંભળીને તમને બંનેને મોકલી આપ્યાં. મેં વડોદરામાં તમારાં પ્રવચનો સાંભળ્યાં છે.

'તમે વડોદરામાં રહો છો ?'

'હા, વડોદરામાં રહું છું. પરદેશનો આ મારો પહેલો જ પ્રવાસ હોવાથી થોડોક ગભરાટ થાય છે. તમે મળ્યાં તે સારું થયું. મને થોડી રાહત તથા હિંમત મળી.'

'ગભરાવાનું કોઈ જ કારણ નથી. ઈશ્વરમાં વિશ્વાસ રાખો. તેની દયા અપાર છે. તે સર્વ પ્રકારે મદદ કરશે.'

'મા' સર્વેશ્વરીએ એ સન્નારી સાથે એમની પ્રકૃતિ પ્રમાણે સ્નેહ સાથે સહૃદયતાપૂર્વક વાત કરવા માંડી. એમને આવશ્યક આશ્વાસન આપ્યું ને પૂછ્યું : 'ઈંગ્લેન્ડમાં ક્યાં હશો ?'

'બર્મિંગહામમાં.'

'ત્યાં કોણ છે ?'

'મારી પુત્રી છે. થોડાક વખત પહેલાં મારા પતિનો સ્વર્ગવાસ થવાથી મારું મન બેચેન બની ગયું ને દુઃખી થયું. એટલે હું થોડાક દિવસ શાંતિ માટે જઉં છું. '

'તમે તેમને ખબર આપી છે ?'

'મારા છોકરાએ તાર કર્યો છે, પરંતુ હું એકલી છું એટલે ભાતભાતના વિચારો આવે છે. ભય લાગે છે.'

'ભય શા માટે લાગે ? સૌનૌ ઈશ્વર છે તે લઈ જશે. અમે પણ એને જ ભરોસે જઈ રહ્યાં છીએ. લંડન સુધી સાથે જ છીએ.'

પ્રૌઢાવસ્થાએ પહોંચેલી એ દુર્બળ દેખાતા દેહવાળી સન્નારીને સાંત્વન મળ્યું.

માર્ગમાં 'મા' સર્વેશ્વરી સાથે વાતચીત થતાં એને આત્મીયતા જેવું લાગ્યું.

લંડન આવ્યું એટલે અમે સાથેસાથે નીચે ઊતર્યાં.

નીચે ઊતરીને એ અમારી સાથે ચાલવા લાગ્યાં. એમની મોટી ઉંમરના પ્રમાણમાં એમનું મન અપરિપક્વ અને અસ્થિર દેખાયું. અમે એમને હિંમત આપી.

લંડન એરપૉર્ટ પર અમને કોઈ પણ પ્રકારની તકલીફ વગર સહેલાઈથી વિઝા મળી ગયા એટલે અમારું કાર્ય સરળ બન્યું.

સામાન લઈને અમે બહાર તો નીકળ્યાં પરંતુ અમારા આશ્ચર્યની વચ્ચે જોયું અને અવારનવાર જોયું તો અમને કોઈ લેવા જ નહોતું આવ્યું. વડોદરાથી આવેલાં પેલાં બહેનને પણ એમની પુત્રી કે બીજું કોઈ લેવા નહોતું આવ્યું.

એ પરિસ્થિતિમાં એમની અવસ્થા અતિશય કરુણ બની ગઈ. એમના પગ ઢીલા થઈ ગયા. થોડાક વખત પછી અમને લેવા આવનાર ભાઈઓ, અંબાલાલભાઈ, ખુશાલભાઈ રગ્બી શહેરથી આવી પહોંચ્યા.

એ એમને સત્કારવા સારુ સમયસર નીકળેલા તો ખરા, પરંતુ માર્ગમાં મોટર બગડવાથી બીજી મોટરનો પ્રબંધ કરતાં થોડોક વિલંબ થવાથી મોડા પહોંચ્યા.

લંડનનું હીથ્રો એરપૉર્ટ ધાર્યા કરતાં ઘણું મોટું ને વિશાળ છે. એવા અટપટા એરપૉર્ટ પર સૌથી પ્રથમ વાર ઊતરનારા અજાણ્યા પ્રવાસીને લેવા માટે કોઈ ના આવે ત્યારે એની સ્થિતિ કફોડી થઈ જાય. એના મનોબળની કસોટી થાય. વડોદરાનાં પેલા બહેનની કસોટી પણ એવી જ કપરી હતી. એમના સદભાગ્યે એ એકલાં નહોતાં. સામાન સાથે બહાર નીકળ્યાં પછી અમને એક સેવાભાવી સદ્‌ભાવસંપન્ન સત્પુરુષ મળી

ગયા. એમણે સઘળી વાતને સાંભળી જણાવ્યું કે બહેનને લેવા માટે એમના કોઈ સંબંધીસ્નેહી નહીં આવે તો એમને હું મારે ત્યાં લઈ જઈશ ને કાલે નિરાંતે બર્મિંગહામ પહોંચાડીશ.

દુનિયામાં દેવપુરુષો પણ હોય છે. એ એરપૉર્ટ પર કોઈને લેવા માટે આવેલા. એમનું નિર્ધારિત પ્લેન હજુ મોડેથી આવવાનું હતું. એ લંડનમાં ખાસ્સા દૂરના કોઈ બીજા શહેરમાં રહેતા.

એરપૉર્ટ પર એકલાં પડેલાં એ બહેનને હિંમત અને આશ્વાસન આપીને મોટરમાં જેમતેમ કરીને સમાવીને, અમે અમારી સાથે રગ્બી લઈ આવ્યાં. ત્યાંથી ફોન પર સંપર્ક સાધતાં રાતે એમની સુપુત્રી એમને લેવા માટે આવી પહોંચી. એણે સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે ભારતથી કરાયેલો તાર એને હજુ હમણાં જ, આશરે કલાક પહેલાં મળ્યો. શું કરવું તેનો નિર્ણય નહોતો થઈ શકતો ત્યાં જ તમારો ફોન મળ્યો.

રગ્બી શહેરના સેવાભાવી ભાઈઓએ એ બહેનને અણીને વખતે મહામૂલ્યવાન મહત્વની મદદ કરી. માનવની માનવતા એવા કટોકટીકાળમાં જ પરખાઈ આવે છે.

'મા' સર્વેશ્વરીએ પ્લેનની અંદર અને બહાર સતત સાથે રહીને, પોતે પ્રથમ વાર જ લંડનનો પ્રવાસ કરતાં હોવા છતાં, એમને જે મંગલ માર્ગદર્શન આપ્યું, હૂંફ પૂરી પાડી, હિંમત આપી, ને છેવટે સુધી નિર્ધારિત સ્થળે પહોંચાડવાનો પ્રબંધ કરવાનું ધ્યાન રાખ્યું, એ અદ્‌ભૂત હતું. એમના જન્મજાત સેવાભાવને વ્યક્ત કરનારું.

માનવતા સંપૂર્ણપણે મરી પરવારી છે એવું કોણ કહી શકે ? એનું દર્શન જ્યારે પણ થાય છે ત્યારે આનંદદાયક અને ઉત્સાહજનક ઠરે છે.

* * *

## ૪. રગ્બીમાં

લંડનના એરપૉર્ટ પર રગ્બીથી આવેલા પ્રેમીભાઈઓ અંબાલાલભાઈ તથા ખુશાલભાઈ પોતાના પ્રેમ ને પૂજ્યભાવના પ્રતીક તરીકે બે પુષ્પહારો લાવેલા. તે તેમણે મને અને 'મા' સર્વેશ્વરીને અર્પણ કર્યા. ભારતની બહાર વસનારી ભારતની અને એમાંય ખાસ કરીને ગરવી ગુજરાતની પ્રજામાંના કેટલાકે પોતાનો મૂળ સાંસ્કૃતિક વારસો સાચવી રાખ્યો છે. એની સુખદ પરિતોષજનક પ્રતીતિ પ્રસંગોપાત થતી રહે છે. પ્રસ્તુત પ્રસંગે એની પ્રતીતિ કરાવી.

લંડનનું અવલોકન કરવાનો અવસર ત્રણેક વરસે આવી મળ્યો. શહેરની વચ્ચેના વેમ્બલી તથા હેરો જેવા વિસ્તારોમાંથી મોટર પસાર થઈ. એ વિસ્તારોનો પ્રવેશ અનિવાર્ય ન હતો, પરંતુ મોટરના કાર્ય માટે ત્યાં જવું પડ્યું, એટલે એમનું અવલોકન સહજ બન્યું.

લંડનથી રગ્બી ૧૦૦ માઈલ.

આવતી-જતી આઠ મોટરો પસાર થઈ શકે એવા સુંદર પહોળા રસ્તાની બંને બાજુએ હરિયાળી, વૃક્ષો, મેદાનો ને સરસ ચિત્તાકર્ષક લીલાછમ ખેતરો.

વાતાવરણ અવનવું, આનંદદાયક, હૃદયંગમ હતું.

મોટરમાંથી પસાર થતી વખતે મને ગુજરાતની પુણ્યભૂમિનું સ્મરણ થયું. એ દિવસો વરસાદના હોવાથી લગભગ બધે જ વરસાદ પડેલો એટલે ગુજરાતની ધરતી લીલીછમ તથા રળિયામણી દેખાતી. રસ્તાની બંને બાજુ બધે જ પાણી ભરાયેલું. ઈંગ્લેન્ડની સરખામણીમાં ગુજરાતની ભૂમિ સવિશેષ સુંદર લાગી.

ઈંગ્લેન્ડના રસ્તાઓનું આયોજન અને સૌંદર્ય તો ગુજરાતમાં ના જ હોઈ શકે એ સહેજે સમજી શકાય તેવું છે.

ઋતુ સાનુકૂળ. આકાશ એકદમ ખુલ્લું. વાદળનું નામનિશાન નહીં. ઈંગ્લેન્ડની ઋતુ એકસરખી રહેવાને બદલે પ્રસંગોપાત્ત બદલાયા કરે છે. ક્યારે વાદળ આવે, વરસાદ વરસે અને પાછું ખુલ્લું થઈ જાય, તે વિશે કશું જ કહેવાય નહીં. ચંચળ મનના માનવની જેમ એક દિવસમાં, અરે ઘડીમાં, કુદરતના કેટલાય રંગો બદલાયા કરે છે.

રગ્બી પહોંચ્યા પછી તરત જ મુંબઈના જિજ્ઞાસુજનોને સુખરૂપ પહોંચી ગયા છીએ એવો ટેલિફોન કરી દીધો. તરત જ, તે જ ક્ષણે, હજારો માઈલ દૂર રહેતી વ્યક્તિ સાથે વાત થઈ ગઈ. વિજ્ઞાને દેશકાળના અંતરને ટૂંકાવી નાખ્યું છે. માનવને ભૌતિક રીતે સ્થૂળ સાધનસામગ્રીથી સંપન્ન કરીને સ્થૂળ રીતે માનવ પાસે પહોંચવા માટે મદદ કરી છે. માનવના દૂર પડેલા ને દૂર પડી રહેલા મન અને અંતરને એકમેકની પાસે પહોંચાડવા માટે આધ્યાત્મિકતાની આવશ્યકતા અનિવાર્ય રીતે રહેશે જ એ વસ્તુ નિર્વિવાદ હોવા છતાં એણે સાધેલી ભૌતિક પ્રગતિ, સમુન્નતિ તથા સિદ્ધિ પણ કાંઈ ઓછી અગત્યની, આકર્ષક, આવકારદાયક અને આશીર્વાદરૂપ નથી લાગતી.

રગ્બીના સત્સંગી શ્રદ્ધા-ભક્તિભરપૂર ભાઈબહેનોએ ઉતારા પર પહોંચ્યા પછી ફરી વાર વિધિસહિત સ્વાગત કર્યું. થોડાક સમય સુધી વિશ્રામ કર્યો. આટલી બધી લાંબી યાત્રા પછી વિશ્રામની આવશ્યકતા હતી.

તે દિવસે રાત્રે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હોવાથી, નિયત સમય પર અમે સત્સંગસ્થળ પર પહોંચ્યાં.

સત્સંગના શાંત સુંદર સ્થાનમાં નાનું સરખું મંદિર પણ તૈયાર કરાયેલું. મંદિરમાં મધ્યવર્તી મૂર્તિ જગદંબાની હતી. મૂર્તિ કોઈ પ્રસ્થાપિત પ્રતિમાના સ્વરૂપમાં રાખવામાં નહોતી આવી, પરંતુ તસવીરરૂપે રખાયેલી.

ઈંગ્લેન્ડની ભૂમિ પરનું ઈ.સ. ૧૯૮૧નું એ મારું પ્રથમ પ્રવચન હતું. પ્રવચન પછી ‘મા’ સર્વેશ્વરીએ એમના સુરીલા કંઠે ભજન સંભળાવ્યાં. જનતાને તે ખૂબ જ ગમ્યાં.

અમારો ઉતારો સત્સંગ સ્થળની ઉપરના શાંત ભાગમાં રખાયેલો. એ ઉતારો બધી રીતે અનુકૂળ હતો.

સાત દિવસના પ્રવચન નિમિત્તે રગ્બીમાં દસેક દિવસ રોકાવાનું થયું તે દરમિયાન પંદરમી ઑગસ્ટનો પવિત્ર પર્વ દિવસ આવી પહોંચ્યો.

પંદરમી ઑગસ્ટના દિવસને મારા જન્મદિવસ તરીકે માનવા, મનાવવાની પ્રથા કેટલેક ઠેકાણે ચાલતી હોવાથી, રગ્બી શહેરના સત્સંગીઓએ એ દિવસે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું.

એમના પ્રતિનિધિઓએ સાંજે મારી ખાસ મુલાકાત લીધી. તે દિવસે બળેવ અથવા રક્ષાબંધનનો ઉત્સવ હતો.

જન્મદિવસે મારે કોઈ વિશેષ કાર્યક્રમ નહોતો કરવાનો. જીવનનો પ્રવાહ જે રીતે ચાલી રહેલો તે રીતે સંપૂર્ણ સંતોષકારક હતો. તોપણ તે દિવસે માતાજીની સ્મૃતિ સવિશેષ રહી. મારો ભૌતિક જન્મદિવસ આવતો ત્યારે માતાજીને સ્વાભાવિક રીતે જ વિશેષ હર્ષ થતો. તે દિવસે વહેલી સવારે રોજની જેમ સ્નાનાદિથી પરવારીને તે બદરીનાથના મંદિરનું ચંદન લઈને મારી પાસે આવી પહોંચતાં, મને ચંદન લગાડતાં ને ફૂલ અર્પણ કરીને કહેતાં કે, ‘ઈશ્વર તમને ખૂબખૂબ સુખી કરે, દીર્ઘાયુ બનાવે, તમારી બધી ઈચ્છાઓ પૂર્ણ કરે, તમને પુષ્કળ યશ આપે ને સઘળે તમારો વિજયડંકો વગાડે.’ દેશમાં કે પરદેશમાં સર્વત્ર તેમનો એવો ક્રમ રહેતો. પોતાની સદ્ભાવનાને પ્રગટ કરીને તે મને સાકર આપતા. આશ્ચર્યકારક કરુણાજનક વાત તો એ હતી કે એમને પોતાને એમની જન્મતારીખની ખબર ન હતી. એમનો જન્મ ભાઈબીજના પવિત્ર દિવસે થયેલો એટલી માહિતી અવશ્ય હતી. એના પરથી અને એમને થયેલાં વરસ પરથી એમની જન્મતારીખનું અનુમાન કરી શકાયેલું. ગામડામાં હવે તો બાળકના જન્માક્ષરાદિ કરાવવામાં આવે છે, પરંતુ ૮૦-૮૫ વરસ પહેલાં અને એ પણ સાધારણ ગામમાં એવી પ્રથા નહોતી. ઘડિયાળનો પ્રવેશ પણ નહોતો થયો, એટલે જન્મના સમયની ચોકસાઈ પણ આજની જેમ નહોતી રાખી શકાતી. મોટે ભાગે સૂર્યની ગતિવિધિ પરથી કે તાપ તથા છાયાને નિહાળીને સમયનું અનુમાન કરવાની પ્રથા કે પદ્ધતિ પ્રવર્તતી. મારો પોતાનો જન્મસમય પણ માતાજી નિશ્ચિત રીતે નહોતાં જણાવી શકતાં. જન્મ પછી થોડેક વખતે સૂર્યોદય થયો એવું જણાવતાં ખરાં, પરંતુ જન્મનો ચોક્કસ સમય તો બીજા રસ લેનારા જ્યોતિષીએ જ શોધવો પડતો. વખતના વીતવાની સાથે પરિસ્થિતિએ એટલો બધો પલટો લીધો કે બહેન તારાંના સઘળાં સંતાનોનાં જન્મદિવસે એ તારીખ, વાર, તિથિ તથા પ્રત્યેકના જન્મસમયની નોંધ કરીને એમને માટે આશીર્વાદવચનો લખતાં. એમના એવા

લખાણની દરેક વરસની ડાયરી જોઈને એમની એને માટેની ચોકસાઈનો અને બહેનનાં બાળકો પ્રત્યેના એમનાં પવિત્ર પ્રબળ પ્રેમનો ખ્યાલ આવે છે.

રગ્બીના ભાઈઓ મારા જન્મદિવસે સ્થૂળ ભેટ લઈને આવી પહોંચ્યા. એક નાનું સરસ ટેપરેકર્ડર.

એ એમના મારા પ્રત્યેના પ્રેમ અને પૂજ્યભાવનું પ્રતીક હતું. મેં તેને નિહાળીને સંતોષ વ્યક્ત કર્યો, પરંતુ તેને લેવાની પ્રેમપૂર્વક ના પાડી. એનું કારણ સ્પષ્ટ હતું. ટેપરેકર્ડર જેવી વસ્તુવિશેષનું મારે કામ નહોતું. મુંબઈ પાછા જવાનું થાય ત્યારે એના પર ડ્યૂટી લાગે. એ ડ્યૂટીની રકમમાંથી બીજું નવું ટેપરેકર્ડર ખરીદી શકાય. હવે તો ભારતમાં પણ એવી વસ્તુઓ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે. ઉપરાંત જેની અનિવાર્ય આવશ્યકતા ના હોય તે વસ્તુનો પરિગ્રહ કરવાની વૃત્તિ મને વારસામાં નથી મળી. મારા સ્વભાવમાં જ નથી.

ભેટ લાવનારા ભાઈઓને સહેજ દુઃખ તો થયું પરંતુ એનો કોઈ ઉપાય નહોતો.

એમના અત્યાગ્રહને વશ થઈને એમની શુદ્ધ ભાવનાને સંતોષવા માટે એમને એક જોડી મોજાં લાવવાનું જણાવ્યું. એથી એ પ્રસન્ન થયા. સંપૂર્ણપણે તો નહીં, પરંતુ કંઈક અંશે.

*

રગ્બીના નિવાસ દરમિયાન એક દિવસ સાંજે લેસ્ટરથી પબારીભાઈ આવ્યા. એ અમદાવાદ જઈને ત્યાં રહેતા ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજીને લેસ્ટરમાં લાવેલા. તેમણે તેમનો કાર્યક્રમ લંડનમાં પણ રાખેલો. એમની ધર્મભાવના અને એનાથી સંપન્ન સત્પુરુષ પ્રત્યેની પ્રીતિ અસાધારણ હતી. એ પ્રીતિથી પ્રેરાઈને એ પ્રસંગોપાત્ત સંતસમાગમનો ને સંતસેવાનો અમૂલખ લહાવો લેતા રહેતા. શાસ્ત્રીજીને લાવવા પાછળ એ જ શુભ ભાવના કામ કરી રહેલી. એમને માટે એમણે લેસ્ટરમાં ગાયત્રીયજ્ઞ રાખેલો. શક્તિમંદિરમાં થનારા એ ગાયત્રીયજ્ઞમાં મને પ્રવચન માટે લઈ જવાની ઈચ્છા એમણે વ્યક્ત કરી, પરંતુ રગ્બીમાં રોજનો પ્રવચન કાર્યક્રમ ચાલતો હોવાથી અમારે માટે એ શુભાવસર પર ત્યાં જવાનું શક્ય ના બન્યું. એ યજ્ઞ પબારીભાઈ પોતાના ખર્ચે કરવાના હતા એ એની ને પબારીભાઈની વિશેષતા હતી.

પબારીભાઈનો આત્મા સંસ્કારી હોવાથી એમને આધ્યાત્મિક સાધના અને સંતપુરૂષો અથવા સાધનાની અભિરુચિવાળા આત્માઓને માટે સ્વાભાવિક રીતે જ આકર્ષણ રહેતું. એ આકર્ષણથી પ્રેરાઈને એમણે તાજેતરના ભૂતકાળમાં જ ભારતનો પુણ્યપ્રવાસ કરેલો અને ત્યાં કેટલાક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ અલૌકિક આત્માઓના દેવદુર્લભ દર્શનનો દૈવી લાભ લીધેલો. એથી એમને સંતોષ સાંપડેલો, હવે એ એમનામાંના એક આત્માને પરદેશની ધરતી પર અને એ પણ ભારત જઈને લઈ આવેલા. લાવ્યા પછી એમના કાર્યક્રમોનું આયોજન કરેલું.

વાત નીકળતાં એમણે જણાવ્યું : ‘લંડનમાં ઘણા લોકોએ, જિજ્ઞાસુઓએ અને ભગવદ્ ભક્તોએ લાભ લીધો. અનેકને ફાયદો થયો.’

‘શાસ્ત્રીજી પ્રવચન કરે છે ? ’ કોઈએ પૂછ્યું.

‘ના પ્રવચન નથી કરતા.’

‘તો પછી ?’

'એમની રીતે માર્ગદર્શન આપે છે ને મદદ કરે છે. ગાયત્રીનો પ્રચાર કરે છે. એ ઉપરાંત જીવનજળ આપીને જુદાજુદા રોગીઓને રોગમુક્ત બનાવે છે કે રાહત પહોંચાડે છે.'

થોડી વાર અટક્યા પછી એ બોલ્યા : 'લેસ્ટર પછી એમનો કાર્યક્રમ કૉવેન્ટ્રીમાં તથા બર્મિંગહામમાં રખાયો છે. હું પણ એમને અજાણ્યું ના લાગે અને એમની સેવા થઈ શકે એટલે એમની સાથે જઈશ. ભારત પાછા જાય ત્યારે એમને મૂકવા જવાની પણ ઈચ્છા રાખું છું.'

એમની અસાધારણ શ્રદ્ધાભક્તિને નિહાળીને મને આનંદ થયો. આશ્ચર્ય પણ લાગ્યું. ઈશ્વરની કૃપા અને પૂર્વના સંસ્કારો સિવાય એવી શ્રદ્ધાભક્તિ જાગી શક્તી નથી એ એક હકીકત છે.

મેં એમના ગાયત્રીયજ્ઞને સફળતા ઈચ્છી.

ભારતથી હજારો માઈલ દૂર-સુદૂર આવનારા સંતો, મહાત્માઓ, કથાકારો, ઉપદેશકો કે ભક્તો શા માટે આવે છે ? એમના આગમનનું પ્રયોજન ગમે તે હોય તો પણ એથી એક સર્વસામાન્ય હેતુ સરતો હોય છે. એ હેતુ જનતાને ઉપયોગી થવાનો હોય છે. એમને શક્ય એટલી અનુકૂળતાઓ આપવામાં આવે, એમના માર્ગને મોકળો કરવામાં આવે, એમની યથાશક્તિ સેવા કરવામાં આવે, એ આવશ્યક અને આવકારદાયક છે. એમની હેતુની પૂર્તિના પ્રયત્નોમાં પ્રામાણિક રીતે યોગદાન કરનારા આત્માઓને ખરેખર ધન્યવાદ ઘટે છે. પબારીભાઈ પણ એવી રીતે પ્રશંસાને પાત્ર હતા. દ્વારકાદાસ પબારી, એ સંતોને પોતાને ત્યાં ઉતારતા અને એમની શક્ય એટલી સેવા કરતા. અમદાવાદથી આવેલા શાસ્ત્રીજીનો બધો જ ખર્ચ એમણે ઉપાડેલો. એમણે કરવા ધારેલા ગાયત્રીયજ્ઞનો આર્થિક બોજો પણ એમણે જ વહન કરેલો. એ ઉપરાંત લેસ્ટરમાં એમને માટે એમને અનુરૂપ અલગ ઉતારાની વ્યવસ્થા પણ કરેલી. એ બધું એમની અસાધારણ શ્રદ્ધાભક્તિ તથા સંતસેવાનું પરિચાયક હતું. એમના જેવા આત્માઓ પરદેશની ધરતી પર મળે એ વાત અતિ વિરલ, આશ્ચર્યકારક, આનંદજનક કહેવાય. એની કલ્પના પણ સહેલાઈથી ના થઈ શકે.

પબારીભાઈની શ્રદ્ધા-ભક્તિ તથા તેથી પ્રેરાઈને થનારી સેવાપ્રવૃત્તિ કોઈ એક જ સંતમહાત્મા, ધર્મપ્રચારક પૂરતી સીમિત નહોતી. એનો વ્યાપ વિશાળ હતો. એ કોઈ પણ સંતપુરૂષની સેવા સહાયતા સારુ સાદર સહર્ષ તૈયાર રહેતા. એવી પ્રવૃત્તિના લાભાલાભ વિચારી શકાય તેમ છે. લાભ સારા સુપાત્ર સેવાસમાગમ યોગ્ય સત્પુરૂષોની સંગતિનો ને સેવાનો. ગેરલાભ ચિત્તની વધી શકનારી ચંચળતાનો અને જેના તેના વિવેક વગરના અનાવશ્યક પ્રભાવ હેઠળ આવીને તે પોતાના સાધનાત્મક અભ્યાસક્રમમાં પ્રમાદી બનવાનો. વધારે પડતા પરાવલંબી થવાનો. સેવાવૃત્તિને સર્વકાળે કે સ્થળે સમુચિત માર્ગે ના વાળી શકવાનો પરંતુ પબારીભાઈ વિવેકી અને જાગ્રત હતા એટલું સારું હતું. સેવાધર્મને પરમ ગહન તો કહ્યો જ છે. એમનો સેવાધર્મ પણ એમાં અપવાદરૂપ નહોતો.

ભારતની બહાર આવનારા સઘળા સંતો કોઈ કોઈ સખાવતી વ્યક્તિ કે સંસ્થાની મોકલેલી ટિકિટ પર નથી આવતા. એમને સૌને સઘળે સ્થળે સાનુકૂળ સગવડો મળે છે એવું પણ નથી સમજવાનું. ક્યાંક ઉતારાની અગવડ હોય છે તો ક્યાંક ભોજનની. ક્યાંક યાતાયાતના સાધનોની મુશ્કેલી હોય છે, ઋતુની વિપરીતતા હોય છે, તો ક્યાંક કાર્યકર્તાઓના અને સામાન્ય જનતાના ઋતુના વિવિધ રંગોની પેઠે બદલાનારા ચિત્રવિચિત્ર સ્વભાવ તથા વ્યવહારનો સામનો કરવાનો હોય છે. સત્સંગનો ને બીજો સમય પણ

સર્વત્ર સાનુકૂળ હોય છે એવું નથી સમજવાનું. છતાં પણ સંતો, સદુપદેશકો કે સંસ્કૃતિના સંદેશવાહકો બનતી સ્વસ્થતા તથા શાંતિપૂર્વક રહેતા હોય છે. એમના દિલમાં અન્યને ઉપયોગી થવાની ભાવના હોય છે. એથી પ્રેરાઈને એ બધે વસે છે ને વિચરે છે. કેટલાક ભક્તો એમની યથાશક્તિ સેવા કરે છે. સેવા દ્વારા કરાતી એમની એ સેવા દાન નથી; ઉપકાર કે સખાવત પણ નથી, પરંતુ કર્તવ્યપાલનનો સહજ નૈસર્ગિક પડઘો હોય છે. જુદાજુદા સત્પુરૂષો પોતાની રીતે જે જ્ઞાન આપે છે, શાંતિનો માર્ગ બતાવે છે, ને મહામૂલ્ય મદદ કરે છે, તેનો બદલો કોણ ને કેવી રીતે વાળી શકે તેમ છે? એની સરખામણીમાં થતી સેવા ઘણી સાધારણ અથવા અલ્પ હોય છે. સત્પુરૂષો કેટલીક વાર એવી સેવાનો અસ્વીકાર કરે છે.

રગ્બીમાં 'મા' સર્વેશ્વરીને ભક્તો તથા સત્સંગીજનોએ ધન, સ્વેટર, સાલ્લાની સપ્રેમ ભેટ ધરી, પરંતુ એમણે આવશ્યકતા ના હોવાથી એમને લેવાની ના પાડી. એમનો એવો અપરિગ્રહપ્રધાન સ્વભાવ મને ખૂબ જ ગમે છે અને આદર્શ અથવા અભિનંદનીય લાગે છે. સુખ અનાવશ્યક સંગ્રહમાં નથી. અપરિગ્રહમાં કે ત્યાગમાં છે. એ વાતને સમજનારા સંસારીઓ તથા સંતો પણ ઘણા ઓછા મળે છે. એ વાતને સમજી સમજાવીને પણ એને અનુસરનારા અથવા આત્મસાત્ કરનારા વિરલ, અતિ વિરલ એવા આપ્તકામ આત્માઓ સર્વત્ર સર્વ દ્વારા વંદનીય છે.

પાછળથી પણ મને ને 'મા' સર્વેશ્વરીને લગભગ બધે જ સ્થળે ભાવિક જનોએ ઊંડા પ્રેમ અને આદરભાવથી પ્રેરાઈને વસ્ત્રાદિની વિવિધ ભેટો ધરી, પરંતુ અમે આવશ્યકતા ના હોવાથી એમનો સાભાર સપ્રેમ અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે તમારા સૌનો પ્રેમ પેખીને આનંદ થાય છે. પ્રેમ વિના આવી વસ્તુઓ કોણ લાવે ? કોણ આપે ? પરંતુ અમારે એમની આવશ્યકતા નથી. અમારું જીવન પ્રવાસીનું છે. વસ્તુઓને લઈને પણ અહીં આપવી હોય તો કોને આપીએ ? અહીં તો એને સરકારની મદદ મળે છે, પણ ભારતની વાત જુદી છે. ત્યાં અનેક દુઃખી, અભાવગ્રસ્ત આત્માઓ છે. એમને વસ્ત્રાદિની આવશ્યકતા હોય છે. એમને કરાયેલી સહાયતા સોનાની થઈ પડે છે, પરંતુ ત્યાં સુધી પહોંચાડવાનો, લઈ જવાનો સવાલ છે. તમારાથી બને તેવી ને તેટલી શક્ય સહાયતા તમે ભારતમાં કરી શકશો.

રગ્બીનો કાર્યક્રમ પૂરો થયો. ત્યાંના પ્રેમી સત્સંગી આત્માઓને એટલો આનંદ અને આત્મસંતોષ અવશ્ય થયો કે અમારી વિદેશયાત્રા દરમિયાન સૌથી પ્રથમ પ્રવચન કાર્યક્રમ એમને ત્યાં થયો. વળી પંદરમી ઑગસ્ટનો ધન્ય પવિત્ર પર્વદિવસ પણ એમને ત્યાં જ પસાર થયો. મેં એમને મારી વિશિષ્ટ રીતે હસતાં હસતાં કહ્યું કે, 'જ્યોતિર્મય જીવનના બધા જ દિવસ જન્મદિવસ. પાવન પર્વદિવસ. ઈ.સ. ૧૯૭૯ના નવેમ્બરમાં મને જે અતિભયંકર હાર્ટએટેક આવ્યો તેને જોઈને ડૉક્ટરોએ મારા જીવનની આશા છોડી દીધી ને જણાવ્યું કે હું ચોવીસ કલાક કે અડતાલીસ કલાકથી વધારે નથી. ડૉક્ટરોના ડૉક્ટર પરમ કૃપાળુ પરમાત્માએ પોતાનું કામ કરવા માટે, પોતાને માટે, મને ડૉક્ટરોના અભિપ્રાયની વિરુદ્ધ જઈને બચાવ્યો. મને નવો અવતાર આપ્યો. મને નવજીવન મળ્યું. એ વાતને લગભગ પોણા બે વરસ થયાં હોવાથી મારું વર્તમાન જીવન પોણા બે વરસનું ગણાય. કોઈ કોઈ સંતના સંબંધમાં એવું વાંચવા કે સાંભળવા મળે છે કે, તે જન્મતાં જ ચાલતા, બોલતા, ખાતા ને મોટા થઈ ગયા તથા બત્રીસીથી સંપન્ન બન્યા. મારા સંબંધમાં પણ પ્રકારાન્તરે એવું જ સમજી લો. ઓગણીસ-વીસ વરસની નાની ઉંમરે મેં પરમાત્મા પ્રત્યેના પ્રખર પ્રેમથી પ્રેરાઈને

સાધનાત્મક જીવન જીવવા માટે હિમાલય પ્રતિ પ્રયાણ કર્યું. ત્યારથી મારો જીવન પરિવર્તનકાળ, આધ્યાત્મિક પુનર્જન્મ માનીએ તો આજે મારી ઉંમર લગભગ ચાળીસ વરસની ગણાય. શરીરધારણના પહેલાંના વરસ પ્રમાણે વધારે ગણાય. શાસ્ત્રો કહે છે કે બાર વરસની યોગસાધના પછી સ્થૂળ શરીરના અણુપરમાણુઓ પલટાઈ જાય છે અને મન પણ પરિવર્તન પામે છે. પછી માતાના ઉદરમાંથી પ્રાદુર્ભાવ પામેલું સ્થૂળ શરીર નથી રહેતું. નાથસંપ્રદાયના યોગીઓ એવું ખાસ માને છે. એ વિચારસરણી પ્રમાણે વિચારીએ તો મને ત્રીસેક વરસ થયાં ગણાય. તમારે જે પણ જન્મદિવસ માનવો અને મનાવવો હોય તે માની ને મનાવી શકો છો. હું પોતે તો જન્મદિવસ ના સર્વસામાન્ય પ્રચલિત ખ્યાલથી પર છું.'

મારું સ્પષ્ટીકરણ સાંભળીને સૌ હસવા લાગ્યા.

* * *

## ૫. વિજયાબહેન ને પબારીભાઈ

રગ્બીથી લેસ્ટર.

બંને વચ્ચે અડધા કલાકથી વધારે અંતર નથી.

પોણા કલાકમાં સાંજે પ્રવચન પહેલાં તો અમે અમારા ઉતારા પર સનાતન મંદિર પાસે પહોંચી ગયાં. પ્રવચન હિંદુ મંદિરમાં હતાં.

છેલ્લા બે વરસના લેસ્ટરના પ્રવાસ દરમિયાન હિંદુ મંદિરમાં પૂજારી તરીકે જે ગિરિરાજ ગોસ્વામી હતા તે ગિરિરાજ ગોસ્વામી હવે એ દેવસ્થાનમાં નહોતા રહેતા. એ કોઈ કારણથી લેસ્ટરના હિંદુ મંદિરને ને લેસ્ટરને છોડીને લંડનમાં રહેતા. લેસ્ટરના નિવાસ દરમિયાન એમની સ્મૃતિ થઈ આવે એ સ્વાભાવિક હતું. એનું એક ખાસ મોટું મહત્વનું કારણ એ હતું કે, હિંદુ મંદિરનાં પ્રવચનો દરમિયાન અમે એમની સાથે ભોજન કરતા. બીજું કારણ એમનું નમ્ર, પ્રેમાળ, વિશદ વ્યક્તિત્વ અને એમની ભાગવત, રામાયણાદિ ધર્મગ્રંથો પ્રત્યેની પ્રીતિ તથા વિદ્વત્તા હતું. એને લીધે એમણે મંદિરને જીવંત બનાવેલું અને અસાધારણ લોકચાહના પ્રાપ્ત કરેલી.

જગતમાં થતો જુદાજુદા જીવોનો સમાગમ કર્મના સંસ્કારો કે ઋણાનુબંધને લીધે થતો હોય તેની પરિસમાપ્તિ થતાં સમાગમ કે સંબંધ પણ પૂરો થાય છે.

ઈ.સ. ૧૯૭૭ અને ૧૯૭૮નાં વરસોમાં અમારા લેસ્ટરના કાર્યક્રમ દરમિયાન અમારા પ્રત્યે વિશેષ પ્રેમભાવ દર્શાવનારા અને કાર્યક્રમને યોજનારા શ્રી રમેશભાઈ આચાર્ય પણ આ વખતે ભારત ગયેલા. એમની અનુપસ્થિતિ તરી આવે એવી હતી.

લેસ્ટરમાં જમવાની વ્યવસ્થા વિજયાબહેનને ત્યાં થઈ. એમનાં સ્નેહ અને સેવાભાવ સહજ અને પ્રબળ હતાં. એ એટલા બધા પ્રેમ તથા ઉમળકાથી જમાડતાં કે વાત નહીં. એમની ભાવના અપૂર્વ હતી. એ મૂળ ડાકોરના નિવાસી. વરસો સુધી આફ્રિકામાં રહેલાં ને પાછળથી ઈંગ્લેન્ડમાં. તોપણ ભારતીયતાને ભૂલ્યાં નહોતાં. એમના ધર્મસંસ્કારો બળવાન હતા. હિંદુ મંદિરમાં બપોરે બેથી પાંચ વાગ્યા સુધી તથા અન્યત્ર અનુકૂળતાનુસાર સમય કાઢીને એ સત્સંગ કરતાં–કરાવતાં. ઈશ્વરની એમના પર કૃપા હતી. એમના ભાવોદ્રેકને લીધે અમને ત્યાં આત્મીયતા જેવું લાગતું. એ અવારનવાર કહેતાં કે, છોકરાંને એવા આશીર્વાદ આપો કે સંતોની સેવા કરતા રહે. એ ઉદ્ગારો એમના અંતરની ઉદાત્તતાની સાક્ષી પૂરતા કે પ્રતીતિ કરાવતા. આફ્રિકાથી એ સંજોગવશાત્ એક જ સૂટકેસ લઈને આવેલાં. રાતે હિંદુ મંદિરમાં આશ્રય માટે ગયા. મંદિરમાં રહેવાની કોઈ સ્થાયી સગવડ ન હતી. પરંતુ એના સંનિષ્ઠ કાર્યકર્તા શ્રી ગોવિંદભાઈએ સેવાભાવથી પ્રેરાઈને એમને માટે રહેવાની સાનુકૂળ વ્યવસ્થા કરી આપી. વખતના વીતવાની સાથે એ ઈશ્વરકૃપાથી અને ગોવિંદભાઈના સ્નેહમય સહયોગથી સ્થિર થયાં. એમના ને ગોવિંદભાઈના સંબંધો આજે પણ એટલા જ સ્નેહભર્યા, નૈસર્ગિક, લાગણીસભર તથા સાચા છે. દિનપ્રતિદિન વધતા ગયેલા એ સ્નેહસંબંધ પાછળ પ્રબળ જન્માંતર સંસ્કારો કાર્ય કરતા લાગે છે. એમણે જણાવ્યું અને ખૂબ જ નમ્ર અને નિખાલસભાવે જણાવ્યું કે વરસો સુધી મોટા ભાગના માણસો એમ જ સમજતાં કે અમે બંને સગાં ભાઈબહેન જ છીએ.

પૂર્વ સંસ્કારોથી પ્રેરાયેલા જુદાજુદા જીવો જગતમાં ભેગા થાય છે અને એ સંસ્કારોના અનુસંધાનમાં અનાયાસે આગળ વધીને લાભહાનિ, પ્રેમ-અપ્રેમ કે સુખદુઃખાદિ ભોગવે છે એ એક હકીકત છે. સ્વાનુભૂતિ તથા સદ્ બુદ્ધિ એ પરપરાગત શાસ્ત્રસંમત સંતો અનુમોદિત ચોક્કસ હકીકતનો સ્વીકાર કર્યા સિવાય રહી શકતી નથી.

વિજયાબહેનના વક્તવ્યનો સૂચિતાર્થ કે સૂર મોટે ભાગે એવો હતો.

એમની સેવાભાવના અદ્‌ભૂત હતી.

લેસ્ટરમાં પણ ઋતુ એકંદરે અનુકૂળ હતી. આકાશ અધિકાંશે ખુલ્લું રહેતું. અવારનવાર તડકો નીકળતો. એટલે વાતાવરણ ઉષ્માભરેલું અને આહ્ લાદક લાગતું. ઠંડક ઓછી લાગતી. હિંદુ મંદિરમાં એના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ અને અન્ય સત્સંગી પુરુષોના અતિશય આગ્રહને લીધે બે સપ્તાહ સુધી અમારો કાર્યક્રમ યોજાયો. તે ખૂબ જ સફળ રહેલો. 'મા' સર્વેશ્વરીનાં ભાવપૂર્ણ ભજનોને લીધે જનતાને એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ થયો.

પબારીભાઈ રોજ મળતા. એમનાં પ્રેમ અને વિશ્વાસ અદ્ ભુત દેખાયાં, એમનાં ધર્મપત્ની મંગળાબહેન અને એમના ભાઈ પણ સંતપ્રેમી, સત્સંગી, અધ્યાત્માનુરાગી જણાયા.

પબારીભાઈએ પ્રસ્તાવ મૂક્યો કે, મારી અનુમતિ હોય તો એક વાળંદ મારા સૂચવેલા સમયે દરરોજ આવીને મારી દાઢી કરી જાય. એમનો એ પ્રસ્તાવ અવનવો, અભિનંદનીય અને પ્રશંસનીય હતો. એના પરથી પ્રતીતિ થઈ કે એ સંતપુરુષોની નાનામાં નાની સેવાનું પણ ધ્યાન રાખતા. મારી દાઢી હું હાથે જ કરી લેતો હોવાથી મેં એમને સપ્રેમ, સાભાર ના કહી.

એમણે મારું 'પ્રકાશના પંથે' પુસ્તક વાંચેલું. એ સંબંધી વાત નીકળતાં એમણે કહ્યું. કે, 'તમે ઈ.સ. ૧૯૭૮માં અમારે ત્યાં પધારેલા ત્યારે જે સોફા પર બેઠેલા તે જ સોફા પર તે પવિત્ર પુસ્તકને રાખી મૂક્યું છે. જેથી સૌ એનું દર્શન કરે અને અમને એની પાસેથી નિતનવી પ્રેરણા મળે.'

એ પુસ્તક એમને અતિશય પ્રિય હતું.

એમણે શાંતિપૂર્વક ભાવસહિત જણાવ્યું : 'પ્રકાશના પંથે' પુસ્તકમાં જગદંબાના દૈવી દર્શનની વાત વાંચેલી. આજે સવારે અધ્યાત્મ માસિકમાં 'મા' સર્વેશ્વરીનું નામ વાંચ્યું ત્યારે થયું કે, એ કોણ હશે? 'મા' ભગવતી જ આ બીજા રૂપમાં નહીં આવ્યાં હોય ? અમે વિચાર્યું કે સાંજે મળીશું ત્યારે પૂછી જોઈશું. તો અમારી વાત સાચી છે કે ખોટી તેના પર પ્રકાશ પાડી શકશો ?

મેં એમને ઉત્તર આપતા કહ્યું: 'જેના સંસ્કારો હશે તે એમને ઓળખશે. દેશમાં કેટલાય ઉત્તમ આત્માઓને એવા અનુભવો થાય છે. જગદંબા મને એમ જ કહ્યા કરે છે કે, 'સર્વેશ્વરીના સ્વરૂપમાં હું જ આવી છું.'

એમનું અનુમાન સાચું પડ્યું એટલે દેખીતી રીતે જ સંતોષ એમને થયો. એમના મુખમંડળ પર પ્રસન્નતા પ્રગટી.

એમનાં સહધર્મિણી મંગળાબહેન પણ ખૂબ સહૃદયી, સેવાભાવી ને ભાવિક દેખાયાં. એમણે કહ્યું, 'મને થોડાક વખત પહેલાં એક અવનવો અનુભવ થયો. ધ્યાનમાં શંકર ભગવાનનાં કેસરના તિલકવાળા મુખ

સાથે દર્શન થયાં. ભગવાન શંકરની પાસે કેસરના તિલકવાળા મુખવાળા યોગેશ્વરજી પણ બેઠેલા. ધ્યાનાવસ્થામાં એ અદ્દભુત દર્શન વખતે યોગેશ્વરજીએ એમના પગને લાંબા કરેલા. એ અનુભવ પછી હું તો માનું છું કે ભગવાન શંકર તથા યોગેશ્વરજી એક જ છે. જુદા નથી. '

પબારીભાઈ બોલ્યા : 'યોગેશ્વરજી ખૂબ ખૂબ લીલાઓ કરે છે. અમારો પરિચય ત્રણેક વરસથી છે. આ શરીરથી તે યોગેશ્વરજી છે, પણ 'પ્રકાશના પંથે' માં વાંચતા રામકૃષ્ણદેવ હતા એવું જણાય છે. હું પૂછું છું કે તે રામ, કૃષ્ણ અને શંકર હતા કે નહીં, એ અનેક લીલાઓ કરે છે. એમની લીલા અપાર છે. એ પોતે કોણ છે તે આપણને નથી જણાવતા. ગયા વખતે આવ્યા ત્યારે અમારી છોકરીને હૉસ્પીટલમાં દાખલ કરેલી. એટલે અમે એમની સેવા કરી શક્યા નહીં. આ વખતે અમારે ત્યાં શાસ્ત્રીજી પધાર્યા છે. અમારે એમની સાથે ૨૯મી તારીખે દેશમાં જવાનું છે, એટલે એમની સેવા નથી કરી શકતાં. હવે જ્યારે આવો ત્યારે અમારે બંનેએ તમારી સેવામાં રહેવું છે. જ્યાં પણ જાઓ ત્યાં સાથે જ રહેવું છે. હવે એવી કૃપા કરજો. એટલું જ માગીએ છીએ.'

મેં એમને જણાવ્યું કે, તમે અત્યારે પણ સંતની જ સેવા કરી રહ્યા છો. તમારા સંસ્કારો ઘણા સારા છે, એટલે તો સંતપુરૂષોને તમારે ત્યાં ઉતારીને એમની સ્નેહપૂર્વક શ્રદ્ધા-ભક્તિ સાથે સેવા કરો છો. એવી રીતે અમારી સેવા પણ કરી જ રહ્યા છો ને ! ઈશ્વરની ઈચ્છા હશે તો તમને વધારે સેવાનો લાભ મળશે. તમારી ભાવના ઘણી સારી છે.

પરદેશની ધરતી પર એવા આત્માઓનો મેળાપ ખરેખર આનંદદાયક હતો.

એમણે કામ છોડી દીધેલું. એ સંબંધી સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યા : 'મારા બે પુત્રો કામ પર જાય છે, પરંતુ હું નથી જતો. તમે ત્રણ વરસ પહેલાં મારે ત્યાં પધારેલા ત્યારે જે સોફા પર બેઠેલા તે સોફા પર બેસીને એક દિવસ વાંચતી વખતે મને 'મા' ભગવતીએ આદેશ આપ્યો કે, કામ છોડી દો. ત્યારથી મેં કામ છોડી દીધું છે. દોઢ વરસ થઈ ગયું. એ આદેશ પછી જે કંપનીમાં હું કામ કરતો ત્યાંથી પત્ર આવ્યો કે, 'હવે તમારા કામની જરૂર નથી.''

'છોકરાઓ બીજા કામ માટે કાંઈ નથી કહેતા ? '

'ના'

'એટલું સારું કહેવાય.'

એ થોડી વાર સુધી શાંત રહીને બોલ્યાઃ 'સંતની સેવા માટે દેવું કરવું પડે તો પણ શું ? સંતની સેવા તો દેવું કરીને પણ કરવી જ.'

એમના એ મંતવ્ય સાથે કદાચ સૌ કોઈ સંમત ના થાય. એમના પરિવારના સઘળા સભ્યો પણ સંમત ના થાય. પરંતુ એવી સર્વસંમતિને એ મહત્વની માનતા નહોતા. એમની સ્વીકૃત માન્યતામાં એ પોતે મક્કમ હતા. એ સંબંધી એમના મનમાં કોઈ પ્રકારનો સંશય નહોતો રહ્યો.

એવી માન્યતાથી પ્રેરાઈને એ સંતો, સદ્દપદેશકો, સાધકો કે સત્પુરૂષોની સેવા સારુ સદા તૈયાર રહેતા. વિવેકના આવશ્યક પીઠબળ સિવાયની સેવાવૃત્તિ કોઈક વાર હાનિકારક પણ બનતી તથા સમસ્યાઓ પેદા કરતી.

તાજેતરમાં તેમને ભારતથી આવેલા કોઈક તાંત્રિકનો સમાગમ થયેલો. સિદ્ધહસ્ત કહેવાતા એ તાંત્રિકે તેમના ભાઈને, તેની ધર્મપત્નીને ને સુપુત્રીને મંત્ર પ્રદાન કરેલો. તેમના ભાઈ પાસેથી મંત્રના બસો દસ પાઉન્ડ લીધેલા. બીજાની પાસેથી પણ એવી જ સારી રકમો મેળવેલી. તેમની સુપુત્રીના પતિદેવ વ્યસની ને વિષયગામી બનેલા. તેથી એમણે એમની પત્નીને છોડી દીધેલી. તાંત્રિકે એના જીવનના કલ્યાણ માટે મંત્ર આપેલો. એ સઘળા મંત્રોને જોવાથી એ અશુદ્ધ લાગ્યા.

મને કામનાવશ મંત્રને લેનારની દશા ખૂબ જ દયાજનક લાગી.

એમણે માગી એટલે મેં મારી બુદ્ધિ અને અનુભૂતિ પ્રમાણે સમુચિત સલાહ આપી.

*

પબારીભાઈનો સંતો, સદ્દ્પદેશકો અથવા સાધકો પ્રત્યેનો પ્રેમભાવ પરાકાષ્ઠા પર પહોંચેલો. એ એમની શક્ય એટલી વધારે સેવા કરતા. એમના કહેવા પ્રમાણે એમણે ગાયત્રીના ઉપાસક શાસ્ત્રીજીની ત્રણેક કલાક ચાલે એટલી ફિલ્મ ઉતારેલી. એમને લાવવા માટે એ અમદાવાદ ગયેલા અને હવે પાછા મૂકવા માટે અમદાવાદ જવાનો નિર્ણય કરી ચૂકેલા. એમણે ભારત જવા માટે મારો આશીર્વાદ માગ્યો. મેં એમને મારી રીતે અસંદિગ્ધ ભાષામાં સમજાવતાં જણાવ્યું કે એ વાતનો નિર્ણય ઈશ્વર પર છોડી દો અને એ જે સ્થિતિમાં રાખે એમાં મંગલ માનીને રાજી રહો. ખોટી દોડાદોડ કરવાનો કશો અર્થ નથી. એથી સમય બગડે છે, શક્તિનો દુર્વ્યયથાય છે ને ચંચળતા વધે છે. એના કરતાં એક ઠેકાણે રહીને આત્મવિકાસની આવશ્યક સાધના કરો તો સરવાળે લાભ થાય.

પબારીભાઈ એમનાં પત્ની સાથે ભારત જવા અને શાસ્ત્રીજીને અમદાવાદ પહોંચાડવા નીકળ્યા તો ખરાં પરંતુ લંડનથી બે દિવસ પછી જ પાછા આવ્યા. એમને ભારત ના પહોંચવાનો વસવસો હતો. મેં એમને જણાવ્યું કે તમારે ભારત જવાની આવશ્યકતા ના હોવાથી ઈશ્વરે તમને લંડનથી જ પાછા મોકલ્યા. એનો વસવસો શા માટે ? હરિ જે કાંઈ કરે છે તે હિતનું જ કરે છે. એ આપણી ઈચ્છાને અનુસરે એવી અપેક્ષા આપણે ના રાખી શકીએ. આપણે હરિની ઈચ્છાને અનુસરીને એમાં આનંદ માનવો જોઈએ.

પબારીભાઈનો સ્નેહ તથા સેવાભાવ અજબ હતો. એક દિવસ એમણે જણાવ્યું કે, હું તાજેતરમાં ભારત ગયેલો ત્યારે પૂજ્ય જ્યોતિર્મયી માતાજીને માટે સફેદ સાલ્લો અને સ્વેટર લઈ ગયેલો, પરંતુ હરિદ્વારમાં ખબર પડી કે તેમનું શરીર શાંત થયું છે. પૂનામાં રહેતાં ઈન્દિરાદેવી માટે સાડી, દિલીપકુમાર રૉયના પુસ્તકમાં આવતી સતી માટે સાડી અને રામ શર્મા આચાર્યનાં પત્ની શ્રી ભગવતીદેવી માટે પણ એક સાડી લઈ ગયેલો. એવી રીતે 'મા' સર્વેશ્વરીને છ સરસ સાડીઓ તથા સ્વેટર આપવાની મારી ભાવના છે.

એમની શુભ ભાવનાની 'મા' સર્વેશ્વરીએ કદર કરી અને એ છતાં પણ આવશ્યકતા ના હોવાથી કશું પણ લેવાની ના પાડી.

પબારીભાઈએ પૂરતો પ્રેમાગ્રહ કર્યો પરંતુ કામ ના લાગ્યો.

ત્યાગમય જીવન પરિગ્રહને બદલે અપરિગ્રહથી શોભે છે તથા ટકે છે. અપરિગ્રહ એનું પ્રેરક પ્રાણવાન પરમ કલ્યાણકારક પીઠબળ હોય છે. જે કોઈ વ્યક્તિ બાહ્યત્યાગ કરે છે અથવા અંદરના ત્યાગનો

આશ્રય લે છે એણે એ અનુભવવાતને લક્ષમાં લેવી જ જોઈએ. 'મા' સર્વેશ્વરીનું જીવન એને અનુલક્ષીને સુચારુરૂપે ચાલી રહેલું એ ઓછા આનંદની  વાત ન હતી.

* * *

### ૬. સંસ્કારદૂત

દેશ તથા પરદેશના પુણ્યપ્રવાસ દરમિયાન કેટલીક વાર એવા અપવાદરૂપ અસાધારણ આત્માઓના મેળાપ થાય છે જે જીવનમાં એમની અક્ષય છાપ મૂકી જાય છે. એ જાણે પ્રાણમાં પ્રેમનાં પૂજાપુષ્પોને લઈને સુદીર્ઘ સમયથી આપણી પ્રતીક્ષા કરતા હોય એવું લાગે છે. એમનો અંતરાત્મા આપણી સાથેના આત્મિક અનુસંધાનને માટે આતુર હોય છે. એમના જીવનમાં આપણો પુણ્યપ્રવેશ ઐતિહાસિક અથવા શકવર્તી અને ચિરસ્મરણીય ઠરે છે. એ જાણે કે હમણાં જ છૂટા પડ્યા હોય અને વળી પાછા ભેગા થઈ ગયા હોય એવું લાગ્યા કરે છે. એ પ્રથમ પરિચયે જ આકર્ષણ અનુભવે છે, પ્રેમ કરે છે, ને બંધાઈ કે સંધાઈ જાય છે. પોતાના ફાળે આવેલા પ્રેરક પાઠને પૂરો કરવા અવનવા ઉત્સાહ સાથે આકસ્મિક રીતે છતાં ચોક્કસપણે આગળ આવે છે.

લેસ્ટરમાં એક દિવસ એવા અનોખા આત્માનો મેળાપ થયો.

શ્રી ભગવાનભાઈ પરમાર.

એ મળ્યા પણ એકદમ આકસ્મિક રીતે.

વ્યોમમાં વરસાદી વાદળ વ્યાપેલાં. ઈંગ્લેન્ડમાં અવારનવાર પડે છે તેમ વરસાદનાં કેટલાંક છૂટાછવાયાં બિંદુ હજુ હમણાં જ પડી ગયેલાં. જેને આપણે ઝરમર કહીએ એવી ઝરમર ધરતીને તાજેતરમાં જ ભીંજવી ગયેલી.

વાયુની લલિત લહરી લાસ્યનૃત્ય કરી રહેલી. એને વિલોકીને વૃક્ષો ને વલ્લરીઓએ આહ્લાદની અભિવ્યક્તિ કરેલી.

વાતાવરણ એકંદરે આહ્લાદક અથવા ખુશનુમા હતું.

રોજના સમય પ્રમાણે અમે અમારા સાંજના સત્સંગ માટે હિંદુ મંદિર તરફ જઈ રહેલાં, એ વખતે એમણે મારી પાસે પહોંચીને અતિશય આદરભાવ, વિનય તથા પ્રેમપૂર્વક પૂછ્યું:

‘તમારું નામ યોગેશ્વરજી ?’

‘હા’

‘મેં તમારાં પુસ્તકો વાંચ્યા છે.’

‘કયાં પુસ્તકો ?’

‘ગીતાદર્શન, પ્રકાશના પંથે વગેરે’

‘ઘણું સારું કહેવાય. તમને તે પુસ્તકો ગમ્યાં ?’

‘ખૂબ જ ગમ્યાં. મારે હૉલ લઈને તમારું જાહેર પ્રવચન ગોઠવવું છે. એવી રીતે જનતાને લાભ મળે.’

‘તમારી ઈચ્છા આવકારદાયક છે. હાલ હું પ્રવચન માટે જ જઈ રહ્યો છું. સમય થઈ ગયો છે. હાલ તો વિશેષ સમય નથી પરંતુ તમે સમય લઈને નિરાંતે મારી પાસે આવો એટલે તમારી વાતને શાંતિથી વિચારીશું.’

એ ભાઈ મુલાકાતનો સમય લઈને વિદાય થયા એટલે અમે હિંદુ મંદિર તરફ આગળ વધ્યાં.

સુવિશાળ, શાંત, સ્વચ્છ માર્ગ પરથી મોટર આગળ ચાલી.

માર્ગ પરથી મોટેરો ઉપરાઉપરી દોડ્યા જ કરતી તોપણ કોઈ જાતનો કોલાહલ નહોતો થતો. કોઈ ઉતાવળ નહોતું કરતું કે હૉર્ન નહોતું વગાડતું. કેટલી બધી શિસ્તબદ્ધતા ? ભારતમાં તો ઉપરાઉપરી હૉર્ન વાગ્યા જ કરે. વગાડવા પડે અને વગાડવામાં આવે પણ ખરાં. જ્યાં જુઓ ત્યાં અનાવશ્યક કૃત્રિમ કોલાહલ. આ દેશોનો વાહન વ્યવહાર એવી રીતે આદર્શ, અનુકરણીય, શિક્ષાપ્રદ કહેવાય.

બે દિવસ બાદ એ ભાઈ મને મળવા આવ્યા.

એમણે જણાવ્યું: 'મારું નામ ભગવાન પરમાર. મારે તમારું પ્રવચન ગોઠવવું છે.'

મેં કહ્યું: 'મારાં પ્રવચન અહીં રોજ ચાલે છે ને હજુ એકાદ અઠવાડિયું ચાલવાનાં છે.'

એમણે કહ્યું: 'તેની મને માહિતી છે, પરંતુ એ પ્રવચનોમાં એક અથવા બીજા કારણથી અમારા જેવા કેટલાય શ્રોતાઓ નથી આવી શકતા. કેટલાક જિજ્ઞાસુઓને તમારાં પ્રવચનોની ખબર જ નથી. એમના લાભાર્થે મારે એક પ્રવચન મંદિરની બહાર સ્વતંત્ર રીતે હૉલ ભાડે રાખીને ગોઠવવું છે. તમે અનુમતિ આપો એટલે આગળની પ્રવૃત્તિ શરૂ કરું.'

હૉલ અહીં ઘણા મોંઘા મળે. તમે પૈસા ખરચીને હૉલ રાખો ને જનતા એનો લાભ ના લે તો ? ખરચ માથે પડે.

હૉલ રાખવો તો છે જ. કોઈ બીજું કદાચ નહીં આવે તોપણ અમે ઘરનાં છ માણસો તો છીએ જ. અમે સાંભળીશું તોપણ પૂરતું. પરંતુ મને આશા છે કે બીજા અનેક જિજ્ઞાસુ શ્રોતાઓ આવશે. અમે એને માટે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને પૂરતો પ્રયત્ન કરીશું. મારો ઉદ્દેશ જનતા તમને જાણે ને તમારી વાણીનો લાભ લે. તમારા દર્શનથી ધન્ય બને, તે છે. આ તો તમે આવીને જતા રહો તોપણ કોઈને ખબર પણ ના પડે.

એવી ખબર ના પડે તોપણ શું ?

તમારે મન એનું કશું મહત્વ ના હોય. તમને એથી કશું નુકસાન ના થાય. પરંતુ શ્રોતા એ ગુમાવે, અમે જનતાને બનતી ખબર આપીએ – ખબર આપવાનું અમારું કર્તવ્ય છે; એ છતાં પણ જનતા લાભ ના લે તો જુદી વાત. જેવું જેનું નસીબ. પણ અમે અમારું કર્તવ્ય તો બજાવીએ જ.

એ ભાઈની વિચારસરણી, ભાવના મને સારી લાગી. મેં એને આવકારી.

એમના અવનવા ઉત્સાહને જોઈને મેં એમને પ્રવચનના આયોજનની અનુમતિ આપી. એમને એથી સંતોષ થયો. એમના મુખમંડળ પર પ્રસન્નતાની છાયા ફરી વળી.

એમના અંતરમાં આટલો બધો પ્રેમભાવ અથવા ઉમળકો જાગવાનું કારણ ? પૂર્વસંસ્કારો કે ઈશ્વરની કૃપા. એના વિના મુખ્ય કારણ બીજું કયું હોઈ શકે ?

એકાદ અઠવાડિયા પછી નિર્ધારિત સમયે પ્રવચન યોજાયું. ૨૯-૮-૧૯૮૧, શનિવારે બપોરે ૩ થી ૫ ના ગાળામાં સેન્ટ સ્ટિફન ચર્ચ હૉલમાં. ઈસ્ટ પાર્ક રોડની પાસે. વિષય હતો 'સાક્ષાત્કાર અને સાધના'.

ભગવાનભાઈની સદ્ભાવના સફળ થઈ. પ્રવચનનો કાર્યક્રમ ધાર્યા કરતાં વધારે સારી રીતે સફળતાપૂર્વક પૂરો થયો. હૉલ આખોય ભરાઈ ગયો. શ્રોતાઓએ શાંતિપૂર્વક શ્રવણ કર્યું. પ્રવચનની

પૂર્ણાહુતિએ 'મા' સર્વેશ્વરીએ સ્વરચિત ભજનો સંભળાવ્યાં એ ખૂબ જ આવકાર અને આદર પામ્યાં. જનતાએ એમની મુક્ત કંઠે પ્રશંસા કરી.

પ્રવચનનાં સઘળાં સ્થળોમાં મારાં પ્રવચન પછી એમનાં ભજનોનો કાર્યક્રમ રાખવામાં આવતો. તે જનતાને ખૂબ જ પસંદ પડતો.

ભગવાનભાઈના સંતોષનો પાર રહ્યો નહીં. એ દેખીતી રીતે જ પ્રસન્ન હતા. ઈશ્વરે એમને એક સરસ સર્વોપયોગી શુભ કાર્યમાં નિમિત્ત બનાવેલા.

એ શુભ સેવાકાર્યનું બીજ કેવી રીતે વવાયું અને અંકુરિત બન્યું તેના વિશે પોતાના વિચારોને પ્રદર્શાવતા એમણે એમના આભારદર્શનમાં જે કાંઈ જણાવ્યું એનો સારાંશ આ પ્રમાણે હતો :

'પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો ને મારો પરિચય ફક્ત પુસ્તકથી જ, પ્રભુકૃપાથી ખૂબ જ ચમત્કારિક રીતે થયો છે. અહીં આ હૉલમાં બેઠાં છે તે નર્મદાબહેને ઈ.સ. ૧૯૭૮માં મારી દીકરી દક્ષાનાં લગ્નપ્રસંગે એને એમનું લખેલું 'ગીતાદર્શન' પુસ્તક ભેટ આપ્યું. એવી રીતે એમનો અમારા ઘરમાં સૂક્ષ્મ રીતે અક્ષરદેહે પ્રવેશ થયો. '

'મને ગીતા પર પહેલેથી જ પુષ્કળ પ્રેમ હોવાથી મેં તે પુસ્તકનું વાંચન કર્યું. એ પુસ્તકમાં એમનાં બીજાં પુસ્તકોનાં નામ છપાયેલાં. મેં અહીંની લાઈબ્રેરીમાં તપાસ કરી તો એમની આત્મકથાનું પુસ્તક 'પ્રકાશના પંથે' મળી આવ્યું. એમનું 'યોગદર્શન' પુસ્તક પણ મળ્યું.'

'એમનાં પુસ્તકોને વાંચીને મને ભાવના થઈ કે આ સંત આપણે ત્યાં ગીતાજયંતી ઊજવાય છે ત્યારે આવે અને આપણી વચ્ચે વાતો કરે કે આપણને ગીતાનો સંદેશો સંભળાવે તો કેવું સારું ?'

'પ્રભુની ને પૂજ્ય યોગેશ્વરજીની પરમ કૃપાથી હું એમને એકાએક મળ્યો. 'ગીતાદર્શન' પુસ્તક જો મારા ઘરમાં ના આવ્યું હોત તો આજે જે લાભ મળ્યો છે તે ના મળી શકત. એથી આ પ્રસંગે નર્મદાબહેનનો ખાસ ઉલ્લેખ કર્યો છે એ અસ્થાને નથી.'

આરંભમાં એમણે કહ્યું: 'પૂજ્ય શ્રી યોગેશ્વરજીની કૃપા આપણા પર ઊતરી અને એમની અમૃતવાણીનો લાભ આપણને મળ્યો તેથી આપણે સૌ ભાગ્યશાળી થયા છીએ.'

એક સાક્ષાત્કારી સંત પાસેથી આજે આપણે જ્ઞાનની અનુભવયુક્ત સુંદર વાતો સાંભળી.

એ આપણને વાંચેલું કે સાંભળેલું નહીં, પરંતુ અનુભવેલું જ જ્ઞાન આપે છે.

એમની કૃપા આપણા ઉપર ઊતરો એવી પ્રાર્થના સાથે આપ સૌ વતી હું એમને પ્રણામ કરું છું.

*

પુસ્તકો કેટલું બધું અકલ્પ્ય કામ કરતાં હોય છે ? ઉપર્યુક્ત પ્રેરક પ્રસંગ પરથી અને એવા અનેક પ્રસંગો પરથી એની પ્રતીતિ થાય છે. પુસ્તકોનો પ્રભાવ દેશકાળાતીત હોય છે. સદ્‌ગ્રંથોની શક્તિ દેશ કે કાળના સીમાડાઓને અતિક્રમીને આગળ વધે છે. માનવની સુષુપ્ત શક્તિને ઝંકૃત કરીને જગાડે છે. એની ચેતનાને અનુપ્રાણિત કરે છે. સર્વપ્રકારે કલ્યાણકારક ઠરે છે.

મારા પુણ્યપ્રવાસ દરમિયાન મારાં પુસ્તકોના વાચકો મને મોટી સંખ્યામાં મળ્યા. મને મળવાની એમનામાંના કેટલાયે જાણે કે રાહ જોઈ રહેલા.

*

સારા કામની સફળતાથી એવા જ બીજા સારા કામને કરવાનો ઉત્સાહ પ્રગટે છે. એ કથન ભગવાનભાઈના સંબંધમાં સાચું પડ્યું. પ્રથમ પ્રવચનની સફળતામાંથી પ્રેરણા પામીને એ જ વખતે એમણે મારા બીજા પ્રવચનને યોજવાનો સંકલ્પ કર્યો. પંદરેક દિવસ પછી અમારે સનાતન મંદિરના કાર્યક્રમ માટે લેસ્ટર આવવાનું હતું. એ અવસરના અનુસંધાનમાં એમણે એમના સેવાભાવી સન્મિત્ર શ્રી કીર્તિ આઝાદ અને અન્ય સહકાર્યકરોના સહયોગથી બીજું પ્રવચન રાખ્યું. તારીખ ૧૯-૯-૧૯૮૧, શનિવારે બપોરે ૩-૩૦ થી ૬-૩૯ હાઈફીલ્ડ સ્ટ્રીટ, સર્વોદય સમાજ હૉલમાં. એનો વિષય 'જીવ , જગત અને જગદીશ' રાખવામાં આવેલો.

પ્રવચનનો એ કાર્યક્રમ પણ સંપૂર્ણ રીતે સફળ રહ્યો. જનતાએ એનો સારો લાભ લીધો.

ઈશ્વરે એમને નિમિત્ત બનાવીને અન્ય અનેકને લાભ અપાવ્યો.

એમની પ્રવૃત્તિ બીજાને માટે પ્રેરક થઈ પડે તેવી છે. પોતાને જે સારું લાગ્યું તેનો લાભ બીજાને પણ અપાવવો અને એને માટે આવશ્યકતાનુસાર એકલે હાથે પણ આગળ વધવું એ એમની ભાવના હતી. એવી ભાવના અતિ વિરલ દેખાય છે. એ વધારે ને વધારે વિકસે ને વ્યાપક બને એવું ઈચ્છવા જેવું છે.

સંસ્કાર અને સંસ્કૃતિના દૂતની, સંનિષ્ઠ સેવકની, એ સ્મૃતિ સદાને સારુ સજીવ રહેશે. બીજાને ઉપયોગી ઠરશે. પ્રેરણા આપશે.



* * *

## ૭. ચૈતન્ય કૉલેજ

માનવના પ્રબળ પાણીપ્રવાહની પેઠે સતત રીતે ને પ્રબળપણે પ્રવાહિત થનારા જીવનમાં સત્કર્મના અનુષ્ઠાનને માટે શક્યતા ક્યાં સુધી ? એવો પ્રશ્ન પૂછનારને કહી શકાય કે જીવનના છેલ્લા શ્વાસ સુધી માનવ સત્કર્મ કરી શકે. પોતાને ને બીજાને માટે જીવી શકે. એને માટેની વિશાળ શક્યતા એના જીવનમાં પડેલી છે. માટે તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેવામાં આવ્યું છે કે, અંતકાળે પણ મારું સ્મરણ કરીને જે શરીરને છોડે છે ને મહાપ્રયાણ કરે છે તે પરમગતિને પામી લે છે.' એ ઉપદેશને સાંભળનારા અને ગીતાના રૂપમાં એવા એવા અનેકવિધ શ્રેયસ્કર સદ્ઉપદેશોને પ્રદાન કરનારા કૃષ્ણ ભગવાને જીવનના છેવટના સમય સુધી સેવાકાર્ય કરેલું. એંસી વરસની પાકટ વયે પહોંચ્યા પછી પણ કર્મસંન્યાસના સ્વપ્નને સેવવાને બદલે અન્યને ઉપયોગી થવાને માટે કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુનના રથના સારથિ થઈને પ્રવેશ કરેલો ને ભગવદ્ ગીતાનો સનાતન સંદેશ ધરેલો. ઈશુએ અને સૉક્રેટિસે સ્થૂળ શરીરની પરિસમાપ્તિ પહેલાં જે ઉદાત્ત ઉદ્ગારો કાઢેલા તે વિશ્વવિખ્યાત તથા પ્રેરક બની ગયા. આદ્ય શંકરાચાર્યે વિવિધ કાર્યો કર્યાં ને મૌલિક ધર્મગ્રંથોની તથા ભાષ્યોની રચના કરી, પરંતુ પોતાની જીવનલીલાને સંકેલતા પહેલાં 'ઉપદેશપંચકમ્ ' જેવી નાનકડી કૃતિને લોકકલ્યાણાર્થે તૈયાર કરી તેનું મહત્વ કાંઈ નાનું સરખું નથી મનાતું. વિદ્વાનોમાં ને પંડિતપ્રવરોમાં પણ એ કૃતિ અતિશય આદરપાત્ર મનાય છે. 'વાલ્મીકિ રામાયણ'ની રચના સ્વનામધન્ય મહર્ષિ વાલ્મીકિએ અને રામચરિતમાનસની રચના સંતશિરોમણી તુલસીદાસે એમના જીવનની ઉત્તરાવસ્થામાં જ કરેલી. ઈશ્વર કોના દ્વારા, ક્યારે, શું કરાવવા માગે છે તે તે જ જાણે છે. એ કોને ક્યારે કયા કાર્યવિશેષ માટે પસંદ કરે છે ને યશસ્વી બનાવે છે એ સંબંધી કશું જ ચોક્કસપણે કલ્પી કે કહી શકાતું નથી.

સિત્તેર વરસનો સમય સામાન્ય માનવ માટે કાંઈ નવા વિશાળ કલ્યાણકાર્યનો આરંભ સમય ના ગણાય. એ ઉંમરે મોટા ભાગના માનવો નિવૃત્ત જીવન જીવવાનાં સ્વપ્નાં સેવે ને નિવૃત્તિ લે પણ ખરા. પરંતુ પ્રભુપાદ સ્વામીએ એ ઉંમરે ભારતની બહારની પશ્ચિમની દુનિયામાં સદ્ગુરુના શુભાશીર્વાદ સાથે પ્રવેશ કર્યો. ચૈતન્ય મહાપ્રભુના બંગાલ પ્રદેશમાં પ્રાદુર્ભાવ પામી, વૃંદાવનની ભક્તિભાવ ભરેલી પવિત્ર ભૂમિમાં કેટલાક કાળપર્યંત વાસ કરી, ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ધર્મપ્રસારણ દ્વારા માનવના અંતરાત્માને આલોકિત કરવા સમુદ્રની પારના પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું. ભગવદ્ ગીતાના ગાયક ભગવાન કૃષ્ણે એંસી વરસે ગીતાની સર્વશ્રેયસ્કરી સનાતન વાણી સંભળાવી તો એમણે સિત્તેર વરસે એવી વાણીને વહેતી કરવાની પ્રેરણા ઝીલી એમાં કાંઈ આશ્ચર્યકારક નહોતું. એ કલ્યાણકાર્ય એમના એ પરમ આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન કૃષ્ણના જીવનસંદેશને અનુરૂપ જ હતું.

કોઈ પણ સત્કાર્ય કરવાનું હોય અને એ પણ એકદમ નવા જ પ્રદેશવિશેષમાં, નવી જ સભ્યતાવાળા માનવસમાજની વચ્ચે વસીને, એટલે આરંભમાં અંતરાયો તો આવે જ. એ અંતરાયોમાંથી આગળ વધીને, મુસીબતોમાંથી માર્ગ કાઢીને, ઈશ્વર પરની અનંત શ્રદ્ધાભક્તિ દ્વારા એ આગળ વધ્યા. એમણે કૃષ્ણ કૉન્શિયસનેસ સંસ્થાની સ્થાપના કરી. ગીતા, ભાગવત, ઉપનિષદ પરનાં અભ્યાસપૂર્વકનાં પુસ્તકો તૈયાર કર્યાં. મંદિરો રચ્યાં, માનવોના જીવનપરિવર્તન કર્યાં; અને 'હરે કૃષ્ણ હરે રામ' મંત્રને જ્યાં ગયા ને રહ્યા

ત્યાં સર્વત્ર ગાજતો કર્યો. દુનિયાના વિભિન્ન દેશોમાં એમનો કૃષ્ણભક્તિનો સંદેશો વહેતો થયો. એવી રીતે એમના જ્યોતિર્મય જીવનકાળ દરમિયાન જ એમણે એમના સોનેરી સ્વપ્નને અલ્પ અથવા અધિક અંશે સિદ્ધ થતું જોયું. એમણે પાયાનું પ્રાણવાન કાર્ય તો એ કર્યું કે માનવના જીવનની ઉત્ક્રાંતિ માટે ક્રાંતિ કરી. લાખો લોકોને દારૂ પીતા, માંસાહાર કરતા, ધૂમ્રપાનનો આધાર લેતા, ભોગવિલાસમય ભૌતિક જીવન જીવતા બંધ કર્યાં ને પવિત્ર આહારવિહાર, વિચાર અને ઉત્તમ આચારના મંગલમય માર્ગે વાળી દીધા. એમની પ્રેરણા માટે મંદિરોનું અને ધર્મસાહિત્યનું નિર્માણ કર્યું. એવા ભગીરથ કલ્યાણકાર્યની સિદ્ધિ બારેક વરસ જેટલા અલ્પ સમયમાં સાધીને એમણે ભારતની પુણ્યભૂમિ વૃંદાવનમાં સ્થૂળ શરીરનો પરિત્યાગ કર્યો. એમનું નામ ને કામ અમર બન્યું. જીવન ને મરણ ધન્ય થયું.

અમારા લેસ્ટરના નિવાસકાળ દરમિયાન એમની સંસ્થા તરફથી ચાલતા એક સુપ્રસિદ્ધ સ્થાનની મુલાકાતે જવાનું થયું ત્યારે એમની સ્મૃતિ સ્વાભાવિક રીતે જ સતેજ બની.

એ સ્થાનનું નામ 'ચૈતન્ય કૉલેજ.'

લેસ્ટરથી લગભગ ૮૦ માઈલ દૂરના કુમકોડ નગરમાં એકાંત વિશાળ સ્થલમાં બંધાયેલું હરે કૃષ્ણ મંદિર.

એ શાંત સુવિશાળ સ્થળમાં ઈંગ્લેન્ડના રાજા પંચમ જ્યોર્જનો મહેલ પણ હતો. મહેલ સાથેના એ સમસ્ત સ્થળને પ્રભુપાદ સ્વામીની સંસ્થાએ લઈ લીધેલું. એ સ્થળમાં વિવિધ પ્રકારની જનહિતકારિણી પ્રવૃત્તિઓ ચાલતી.

લેસ્ટરના સેવાભાવી પ્રેમી ભાઈ ગોવિંદભાઈ અને રશ્મિભાઈની સાથે અમે સવારે નવ વાગ્યે ત્યાં જવા માટે પ્રયાણ કર્યું.

વિજયાબહેનનું શરીર એકાએક અસ્વસ્થ થઈ જવાથી, એમની અમારી સાથે આવવાની ઉત્કટ ઈચ્છા હોવા છતાં એ સાથે ના આવી શક્યાં. એમને પોતાનો વિચાર છેક છેવટની ઘડીએ બદલવો પડ્યો.

માર્ગમાં વચ્ચેવચ્ચે લીલાંછમ હૃદયંગમ સુંદર વિશાળ ખેતરો જોયાં. એમાં ટમેટાં તૈયાર કરવામાં આવતાં. વિશાળ માર્ગ પરથી કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના મોટરો ઝડપથી પસાર થઈ જતી. મોટરો નિશ્ચિત નિયમાનુસાર શિસ્તપૂર્વક ચલાવવામાં આવતી.

એ સ્થાનને ચૈતન્ય મહાપ્રભુના નામ સાથે સાંકળી લઈને એ અલૌકિક મહાપુરૂષ પ્રત્યેની પરમ પ્રેમભક્તિભાવનાને પ્રદર્શાવવામાં આવી છે એ તો સાચું જ, પરંતુ સાથેસાથે વર્તમાનકાળની ને ભવિષ્યની પેઢીઓને માટે પાર વિનાની પવિત્ર પરમાત્માવિષયક પ્રેરણાનું પ્રાણવાન અખૂટ ભાથું ભરવામાં આવ્યું છે.

એ પ્રેરણાને જે ઝીલે શકે એનું અસાધારણ શ્રેય સધાશે.

બહારના મુખ્ય દરવાજામાંથી અમારી મોટરે એ સુવિશાળ શાંત સ્થળમાં પ્રવેશ કર્યો ત્યારે અમારું ધ્યાન દરવાજા પર અંકિત કરાયેલા 'ચૈતન્ય કૉલેજ' શબ્દો પ્રત્યે સ્વાભાવિક રીતે જ આકર્ષિત થયું. 'ચૈતન્ય કૉલેજ' નામનો સૂચિતાર્થ ઘણો મોટો હતો. એ નામ પરથી એવું લાગવાનો સંભવ ખરો કે અંદરના એ સ્થળમાં કોઈક વિશાળ સુવ્યવસ્થિત કૉલેજ હશે. એવી મોટી સુવિશાળ કૉલેજ કે કેળવણી સંસ્થા તો અંદર ના દેખાઈ પરંતુ શરૂઆતની નાની શિક્ષણ સંસ્થા જોઈ શકાઈ. જુદાજુદા ખંડો પર સુંદર પ્રેરક નામો લખવામાં

આવેલાં. સંસ્થાના ત્રણ વર્ગોનો પરિચય જગન્નાથ કલાસ, બળરામ કલાસ, સુભદ્રા કલાસ તરીકે કરાવવામાં આવેલો.

અમને એક ચાલુ વર્ગમાં લઈ જવામાં આવ્યા. એમાં નાની ઉંમરના બાળકો અભ્યાસ કરતાં દેખાયાં. એમણે કફની તથા ધોતીનો ને સાલ્લાદિનો ભારતીય પોશાક પહેરેલો. છોકરાઓએ માથે મુંડન કરાવેલું અને ચોટલી રાખેલી. અધ્યાપક અને અધ્યાપિકાઓએ પણ ભારતીય પહેરવેશ પરિધાન કરેલો. કલાસમાં બેસવા માટે ટેબલખુરશીની વ્યવસ્થા હતી. સામે બોર્ડ પર સંસ્કૃત શબ્દો એમના અંગ્રેજી પર્યાય સાથે લખવામાં આવેલા. गच्छामि गच्छवः गच्छामः ।

ત્યાંના વ્યવસ્થાપકે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે વિદ્યાર્થીઓને શરૂઆતથી જ સંસ્કૃત, હિંદી તથા અંગ્રેજી શીખવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિના મહત્વના મૂળ ધર્મગ્રંથો સંસ્કૃત ભાષામાં જ રચાયેલા હોવાથી, એમનો અસલ આનંદલાભ લેવા માટે સંસ્કૃત ભાષાનો અભ્યાસ અતિશય આવશ્યક છે. કેવળ અંગ્રેજી ભાષામાં તૈયાર કરાયેલાં ભાષ્યો કે ટીકાગ્રંથોથી સંતુષ્ટ બનીને બેસી રહેવાને બદલે એમને આત્મસાત્ કરવા અથવા એમનો અસલ અર્થ સમજવા સંસ્કૃત ભાષાનો સુપરિચય અનિવાર્ય છે. એમની ભાવના ખરેખર ઉદાત્ત હતી. ભારત, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને એમાં રચાયેલા પ્રાચીન પરંપરાગત ધર્મગ્રંથો પ્રત્યે એમની ભક્તિ અને આદરભાવના અત્યંત આશ્ચર્યકારક, આનંદદાયક, અભિનંદનીય હતી. ભારતની બહાર જન્મેલી ને જીવી રહેલી પાશ્ચાત્ય પ્રજાની એ ભક્તિભાવના ખરેખર આવકારદાયક હતી. ભારતની પ્રજા આજે અંગ્રેજી અને અન્ય એવી ભાષા તરફ આકર્ષાઈને વધારે ને વધારે પ્રમાણમાં વળતી જાય છે. ભારતની શિક્ષણ સંસ્થાઓમાં ને જનતામાં સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ, સંસ્કૃતનું અધ્યયન અને ભારતીયતાનો પ્રવાહ ઘટતો જતો જોવા મળે છે. એ પરિસ્થિમાં ચૈતન્ય કૉલેજ જેવી શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમો વિચાર કરતા કરી મૂકે છે. ભારતમાં સંસ્કૃત ભાષાને 'ડેડ લેંગ્વેજ' કહેવામાં આવે છે તે ખોટું છે, કારણ કે એનો સર્વથા લોપ નથી થયો. એમાં ઓટ આવી છે એટલું જ. એની અભિરુચિ અને એનો અભ્યાસ છૂટોછવાયો દેખાય છે. પશ્ચિમમાં એને ચિન્મય ભાષા - 'લિવિંગ લેંગ્વેજ' તરીકે ઓળખવામાં આવે છે, એનો લાભ લેવાના બનતા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવે છે, એ ઓછું સંતોષકારક નથી લાગતું. આપણે, આપણા વિદ્યાર્થીઓએ, અધ્યાપકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ, એ પરિસ્થિતિનો પુનર્વિચાર કરવા જેવો છે.

સંસ્કૃત ભાષાનો મિથ્યા ભય આમજનતાના અંતરમાંથી દૂર થાય અને એના અધ્યયનના અવસરો અધિક ઊજળા અથવા અનુકૂળ બને, એનું અધ્યયન અધિકાધિક સરળ, સહજ તથા રસપ્રદ થાય, એને માટે શિક્ષણની સરળ સર્વગ્રાહી પદ્ધતિને પસંદ કરવી અને અજમાવવી જોઈએ, એને માટેનાં સીધાં સરસ પાઠ્યપુસ્તકો પણ વધારે ને વધારે પ્રમાણમાં તૈયાર કરાવવાં જોઈએ. આમજનતામાં – વિશેષ કરીને વિદ્યાર્થી વર્ગમાં એની અભિરુચિને જગાવવાની ને વધારવાની આવશ્યકતા છે.

'ચૈતન્ય કૉલેજ'માં અપાતા સંસ્કૃતના શિક્ષણ પાછળ ભક્તિવેદાંત અથવા પ્રભુપાદ સ્વામીની પ્રાણવાન પ્રેરણા કામ કરી રહેલી છે.

એ સ્થળમાં જોવા મળતો પંચમ જ્યોર્જનો મહેલ ઈ. સ. ૧૭૨૦માં બંધાયેલો. મહેલ વિશાળ હોવા છતાં સામાન્ય સ્થિતિમાં દેખાયો. એની પ્રાચીન જાહોજલાલી જુદી જ હશે. આટલાં બધાં વરસો પછી એનું

ભાગ્યચક્ર પલટાયું અને હવે એનો જુદો જ, આધ્યાત્મિક ઉપયોગ થઈ રહ્યો છે. એ સ્થળમાં દોઢસો જેટલા ભક્તો રહે છે. ચાળીસ જેટલાં ભાઈબહેનો આજુબાજુના વિસ્તારોમાં વિચરીને વ્યક્તિગત રીતે છતાં સંસ્થા તરફથી દરરોજ સો જેટલા ભગવદ્ ગીતાનાં પુસ્તકોનું વેચાણ કરે છે. એમની સેવાવૃત્તિ, ધગશ તથા ધર્મપ્રચારભાવના અજબ છે. એ અહર્નિશ અવનવા ઉત્સાહથી કાર્ય કરે છે. ગીતાનો ગ્રંથ કોઈના હાથમાં જશે તો આજે નહીં તો કાલે પણ તેને વાંચવાનું વિચારવાનું મન થશે અને એવી રીતે પ્રેરણાનો મંગલ માર્ગ મોકળો બનતાં એક દિવસ એને અનુસરીને જીવવાની વૃત્તિ પણ ઉદય પામશે, એવું અનુમાન વધારે પડતું અથવા અસ્થાને નથી.

મંદિર પ્રમાણમાં નાનું ને સાધારણ દેખાયું. એમાં ભગવાન જગન્નાથની, બળદેવની અને સુભદ્રાની સુંદર મનહર મૂર્તિઓ રખાયેલી. નીચેના ભાગમાં ચૈતન્ય મહાપ્રભુ તથા અન્ય ભક્તોની સંકીર્તન મુદ્રાની મૂર્તિઓ મૂકવામાં આવેલી.

એ સ્થળમાં રોજ શુદ્ધ, શાકાહારી ભોજન બનતું. પ્રત્યેક રવિવારે રસગુલ્લાં, ગુલાબજાંબુ જેવી ભારતીય વિશિષ્ટ વાનગીઓ તથા બીજી મીઠાઈઓ બનતી. અમે રસોડાનું પણ નિરીક્ષણ કર્યું.

ગૌશાળા, શાકભાજી અને ફૂલોની વિશાળ જમીનો પણ જોઈ શક્યા.

મંદિરને માટે તુલસીમાતા હાઉસમાં તુલસી ઉગાડવામાં આવતી. કાચની મોટી કેબિનમાં તુલસીનાં કુંડાં રખાયેલાં. ઈંગ્લેન્ડની ઠંડીમાં પણ તુલસીને તાજી રાખવા માટે ગરમી પહોંચાડવાની વ્યવસ્થા હતી.

રાજા પંચમ જ્યોર્જના વખતમાં જે જગ્યાઓ ઘોડાઓના તબેલા તરીકે વપરાતી તે જગ્યાઓને પલટાયેલી પરિસ્થિતિમાં નવા રૂપરંગ આપીને એકાંતપ્રેમી ભજનાનંદી સાધકો માટે વાપરવાની એ સ્થાનના વ્યવસ્થાપકોની યોજના હતી. સંસ્થાના લાઈફ મેમ્બરો ત્યાં આવીને વરસમાં બે મહિના રહી શકે તેવી સગવડ ઊભી કરવાનું એમનું સ્વપ્ન હતું.

એ યોજના આવકારદાયક લાગી.

ગોકુળમાં રહેતી એક અમેરિકન સન્નારી ભારતથી તાજેતરમાં જ અમેરિકા જઈને પાછી ફરેલી. ગોળ હસમુખુ મુખમંડળ, તેજસ્વી નેત્રો, સફેદ ભારતીય ઢબની સાડી, હાથમાં ગોમુખી.

‘હરે કૃષ્ણ’ બોલીને, ભારતીય ઢબે નમસ્કાર કરીને, એ અમારી આગળ ઊભી રહી.

એ સન્નારીએ વાતચીત દરમિયાન જણાવ્યું કે, પ્રભુપાદ સ્વામીએ કહ્યું છે કે, ‘ભારત દેશ લંગડો અને અમેરિકા આંધળો છે. આંધળો લંગડાને ઊંચકી લે અને લંગડો આંધળાને માર્ગ બતાવે. ભારત દેશ માર્ગદર્શન આપે, પંથ પ્રદર્શાવે, પ્રકાશ પહોંચાડે.’

એ સન્નારીએ ગોકુળમાં જન્મેલી એની નાની છોકરીનો પરિચય ગૌરવપૂર્વક વ્રજવાસિની તરીકે કરાવ્યો. એ પરિચય એને આનંદદાયક લાગ્યો. પોતાની પુત્રી ભારતમાં અને એમાં પણ ભગવાન કૃષ્ણની વ્રજમંડળની વિખ્યાત ભૂમિમાં જન્મી છે એ હકીકત એને ખૂબ જ સંતોષકારક લાગતી.

એ અમેરિકન, ભક્તિભાવથી ભરેલી સન્નારીના શબ્દો વિચારપ્રેરક હતા. ભારતને લંગડા માણસ સાથે અને અમેરિકાને આંધળા સાથે સરખાવવાની વાત વ્યાવહારિક રીતે કદાચ સાચી હોય તોપણ વાસ્તવિક રીતે વજૂદ વગરની લાગી. લંગડો માણસ પોતાની મેળે પોતાની શક્તિથી ચાલી શકતો નથી એમ ભારતને

પરાવલંબનની આવશ્યકતા છે એવું માનીએ તોપણ પોતાના ભૌતિક વિકાસ માટેની એવી મદદ તો દુનિયાના નાનામોટા બધા જ દેશોને એક અથવા બીજા સ્વરૂપમાં મેળવવી પડે છે. સંસાર ચાલે છે જ પારસ્પરિક વિચારવિનિમય, વસ્તુવિનિમય અને સહયોગના અનિવાર્ય આધાર પર. છતાં અન્ય દેશોની જેમ ભારત પણ જુદાંજુદાં ક્ષેત્રોમાં બનતી ત્વરાથી સ્વાવલંબી બનવાનાં સ્વપ્ન સેવી અને પ્રામાણિક પ્રયત્નો કરી રહ્યું છે. ભારત દેશ લંગડો નથી; એના પગ સંપૂર્ણ શક્તિશાળી ને સાજા છે; પરંતુ એની ચાલવાની અથવા આગળ વધવાની ગતિ અતિશય ધીમી છે એટલું જ. એ વિકાસગતિને વધારવાની આવશ્યકતા છે.

ભારત દેશને દેખતો અને અમેરિકાને આંધળો માનવાની મિથ્યા ભ્રાંતિમાં કે આત્મપ્રવંચનામાં પડવાનું પાલવે તેમ નથી. ભારત પાસે દૃષ્ટિ છે અને અમેરિકા પાસે નથી માટે ભારત અમેરિકાને દોરી શકશે એવું માનવું ભૂલભરેલું ને વધારે પડતું છે. તટસ્થ રીતે વિચારીએ તો, આજે તો પરિસ્થિતિ એવી છે કે ભારતે સ્વવિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને એવી કેટલીય બાબતોમાં અમેરિકા અને એવા બીજા સુવિકસિત દેશોનું માર્ગદર્શન મેળવવું પડશે. એમની વિકાસ વાતોને વાંચવી, વિચારવી અને અનુસરવી અથવા આવશ્યકતાનુસાર આત્મસાત્ કરવી રહેશે. ભારત અમેરિકાને કઈ બાબતમાં દોરી શકશે કે પથપ્રદર્શન કરશે ? નીતિમત્તા કે માનવતાની બાબતમાં ? સ્વતંત્રતા પછી એની સામૂહિક નીતિમત્તા કે ચારિત્ર્યશીલતા ઉત્તરોત્તર મંદ પડતી કે કથળતી જાય છે. રાજકારણના વિષયમાં ? લોકશાહીના લલચાવનારા નામે ચાલી રહેલું ભારતનું રાજકારણ મોટે ભાગે સત્તાલક્ષી કે વસ્તુલક્ષી થતું આવ્યું છે. એણે માનવતાનાં મૂલ્યોનો મૃત્યુઘંટ વગાડવા માંડ્યો છે. એ સ્વચ્છ, સિદ્ધાંતનિષ્ઠ, તંદુરસ્ત રહ્યું છે એવો ખોટો દાવો કોઈ ના કરી શકે; અલબત્ત, એને વ્યક્તિગત મહત્વાકાંક્ષાનું સાધન સમજનારા ગણ્યાગાંઠ્યાં રાજકારણીઓ સિવાય, ભારતે એ બાબતમાં અમેરિકા પાસેથી કેટલુંય શીખવાનું છે. પોતાની ક્ષતિઓને સુધારવાની છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં ? ના. ભૌતિક વિકાસક્ષેત્રમાં ? ના. એમાં પણ ભારતે અમેરિકાની મદદ મેળવવી રહેશે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ભારત પાસે વર્તમાનકાળમાં જે મૂડી છે એ એટલી બધી ગૌરવપ્રદ નથી લાગતી. એ બાબતમાં પણ એણે અમેરિકાને અને અન્ય દેશોને સમ્યક્ પ્રાણવાન પાયાનું પથપ્રદર્શન પૂરું પાડવું હશે તો પોતે જ એ ક્ષેત્રે સુસજ્જ થવું પડશે. મિથ્યા માની લીધેલા સ્વાત્મસંતોષથી કે પૂર્વગ્રહયુક્ત અહંકારથી કાંઈ નહીં વળે. ખોટી ગુરુતાગ્રંથિ તોડીને વાસ્તવદર્શી બનવું પડશે. અમેરિકાની વિકાસદૃષ્ટિ સાથે ભારતની જરૂરી જીવનદૃષ્ટિનો મેળ બેસે કે આવશ્યક સુભગ સમન્વય સધાય તો એનાં પરિણામો ઉભયને માટે સારાં આવી શકશે. બંને એકમેકને વધારે ને વધારે ઉપયોગી થાય એ ઈચ્છવા જેવું છે. પ્રભુપાદ સ્વામીના કથનનો ભાવાર્થ વિશાળ સંદર્ભમાં વિચારતાં સંક્ષેપમાં એવો જ થઈ શકે.

પશ્ચિમની દુનિયામાં પ્રચુર પ્રમાણમાં ધન છે, વૈભવ છે, ઐશ્વર્ય છે, સુખોપભોગના બાહ્ય આધુનિક છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનો છે, સારું સુવ્યવસ્થિત પોલીસતંત્ર તથા સામાજિક સુરક્ષાની સરસ સુઆયોજિત વ્યવસ્થા છે. સામૂહિક શિસ્તભાવના અને સ્વચ્છતા તથા નીતિમત્તા છે, પરંતુ સંતૃપ્તિ તથા શાંતિ નથી. એ અભાવની પૂર્તિ માટે એના કેટલાક નિવાસીઓ યોગ, ભક્તિ, ધ્યાન, સંકીર્તન અને આત્મજ્ઞાન તરફ વળવા માંડ્યા છે. સંયમી, શાકાહારી, વ્યસનરહિત, પ્રભુપરાયણ જીવન જીવતા થયા છે. એ એક આદર્શ આવકારદાયક ચિહ્ન છે. ભારતે એમાંથી ઘણું શીખવાનું છે. 'હરે કૃષ્ણ' સંસ્થાની પ્રવૃત્તિઓમાં અસંખ્ય

ગર્ભશ્રીમંતો, એમનાં સંતાનો, સુશિક્ષિતો તથા સુવિચારશીલ, સુસંસ્કારી, સુસંપન્ન સ્ત્રીપુરુષો જોડાયાં છે ને જોડાતાં જાય છે. જે સ્નાન કરવા ટેવાયેલા નહોતા તે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને રોજ સ્નાન કરે છે, જપ અને સ્વાધ્યાયમાં બેસે છે. દારૂ, શરાબ, માંસાહારથી ટેવાયેલાએ એમનો ત્યાગ કર્યો છે. નિરંકુશ વાસનામય જીવનને જીવનારા સંયમ તેમ જ સદાચાર તરફ વળ્યા છે. એ વસ્તુ કેટલી બધી અભિનંદનીય છે ? એ પાયાનું પ્રાણવાન પરિવર્તન સાચેસાચ પ્રશસ્ય છે.

લેસ્ટર પાછા ફરતી વખતે માર્ગમાં ત્રણ મોટરોનો અકસ્માત થયો હોવાથી વાહનવ્યવહાર અટકી ગયો, પરંતુ પોલીસની કર્તવ્યપરાયણતા તો જુઓ, તેને લીધે વીસેક મિનિટમાં તો સમસ્ત વાહનવ્યવહાર ચાલુ થઈ ગયો. પોલીસે ઘટનાસ્થળ પર સત્વર પહોંચીને વિનાવિલંબે જરૂરી પગલાં લીધાં.

બપોરે ત્રણ વાગ્યે અમે લેસ્ટર પાછાં ફર્યાં.

* * *

## ૮. અંગ્રેજ મહિલા

વરસો પહેલાંની પરિસ્થિતિ જુદી હતા. આજે જુદી છે. ભારતનાં મોટાં મનાતાં સુપ્રસિદ્ધ શહેરોમાં સંત, મહાત્મા, તપસ્વી, યોગી, ઉપદેશક કે કથાકારોનું દર્શન વરસો પહેલાં પ્રમાણમાં ઘણું ઓછું અથવા વિરલ થતું. કોઈક વીતરાગ ત્યાગમૂર્તિ ભજનાનંદી સંતપુરુષ ભાગ્ય હોય તો કોઈને કોઈક વાર દેખાય, નહીં તો ના દેખાતા. એમના દર્શન સમાગમના લાભ માટે કોઈ પવિત્ર તીર્થમાં, પર્વત પ્રદેશમાં, એકાંત શાંત સરિતાસ્થળમાં કે કુંભમેળામાં જવું પડતું. ત્યાં ગયા પછી પણ એમનું સુરદુર્લભ દર્શન એટલું સુલભ તો નહોતું જ. હવે પલટાયેલા દેશકાળમાં પરિસ્થિતિ પણ પલટાઈ છે. લગભગ સઘળાં શહેરોમાં સંતો, સદ્દુપદેશકો કે કથાકારોનું દર્શન થઈ શકે છે. એમની ગુણવત્તાની વાતને ગૌણ ગણીએ અને બાજુ પર રાખીએ તોપણ એનો સમાગમ પ્રથમની પેઠે વિરલ નથી રહ્યો, વિપુલ છે. કષ્ટસાધ્ય નથી પરંતુ સુલભ છે.

જે વાત દેશને તે જ વાત વિદેશને પણ લાગુ પડે છે. ભારતની બહારના દેશોમાં ધર્મ કે સંસ્કૃતિના પ્રચારકાર્યાર્થે જનારા સંતો, સત્પુરુષો, સદ્દુપદેશકો કે કથાકારો આજથી સો વરસો પહેલાં અતિ વિરલ હતા. વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ, નારાયણ હેમચંદ્ર જેવા પ્રતાપી મહાપુરુષો ઘણા ઓછા મળતા. સ્વામી વિવેકાનંદનાં કષાય વસ્ત્રોને વિલોકીને અમેરિકામાં આરંભની એમની અપરિચિત અવસ્થામાં લોકો મશ્કરી કરતા. એટલા માટે એમને સમયોચિત પોશાક પરિવર્તન કરવું પડેલું. ક્રમેક્રમે કાળચક્રના ફરવાની સાથે એ પરિસ્થિતિ પલટાઈ છે. ગુણવત્તા સુધરી છે કે નથી સુધરી, અને સુધરી છે તો કેટલા પ્રમાણમાં, એ પ્રશ્ન અલગ છે, પરંતુ સંખ્યાબળ વધતું ગયું છે. પરદેશની ધરતી પર પ્રત્યેક વરસે સારા પ્રમાણમાં સંતો, સદ્દુપદેશકો તથા કથાકારો આવતા જાય છે. એ વાતને ત્યાં વિદેશમાં પણ કોઈ વિસ્મયજનક નથી માનતું. હા, કોઈ કોઈ વિસ્મય કે કુતૂહલને વ્યક્ત કરતાં અથવા આલોચનાના આશયથી પૂછે છે કે ભારતમાં પુષ્કળ સેવાકાર્ય પડેલું હોવા છતાં બહારના દેશોનો પ્રવાસ શા માટે કરવામાં આવે છે ? એનો પ્રત્યુત્તર પણ સૌ કોઈ પોતપોતાની રીતે આપતા હોય છે.

ઈંગ્લેન્ડમાં આ વખતે પણ સંતો, સદ્દુપદેશકો, કથાકારો, સારા પ્રમાણમાં આવેલા.

લેસ્ટરમાં દામોદર શાસ્ત્રી મળ્યા. એમનો સંગીત સાથેનો કાર્યક્રમ સનાતન મંદિરમાં ચાલી રહેલો. એ સ્વભાવે ખૂબ જ સરળ, સ્નેહાળ, નમ્ર લાગ્યા. છેલ્લા કેટલાય વખતથી એ અમેરિકામાં રહેતા હતા. આ વખતે ઈંગ્લેન્ડના પ્રવાસે આવેલા.

એમનો મેળાપ અલ્પ સમયનો હોવા છતાં યાદગાર અને આનંદદાયક હતો.

'મેં અમેરિકામાં બાલ્ટીમોર શહેરમાં તમારું 'ધર્મનો સાક્ષાત્કાર' પુસ્તક વાંચેલું. ' એમણે સ્વભાવસહજ ગુણદર્શી દૃષ્ટિથી પ્રેરાઈને કહેવા માંડ્યું.

'બાદશાહને ત્યાં ?'

'હા, બાદશાહને ત્યાં. તે તમારા પ્રત્યે પુષ્કળ શ્રદ્ધાભક્તિ રાખે છે, ત્યારથી તમને મળવાની ઈચ્છા જાગેલી તે આજે પૂરી થઈ.'

શરીર પર ધોતિયું, કફની, તેના પર શાલ. શિર પર કાળા અને લાંબા વાળ. ભરાવદાર ઘઉંવર્ણું વદન. મધુમયી સરળ વિશિષ્ટ વાણી. વિશુદ્ધ હિંદી.

દામોદર શાસ્ત્રીનું વ્યક્તિત્વ આકર્ષક અને અનોખું દેખાયું.

શ્રોતાઓને એમની શાસ્ત્રીય સંગીતની કળા આકર્ષતી; અવનવો આનંદ આપતી; મંત્રમુગ્ધ કરતી.

એ જ અરસામાં સ્વામી સચ્ચિદાનંદનો સમાગમ થયો.

અમૃતસરના નિર્મળ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિર્મળ મહારાજના પટ્ટશિષ્ય તથા ઉત્તરાધિકારી. એમના પૂર્વજીવનના સાંસારિક સ્વજન અને આધ્યાત્મિક વારસદાર.

વેદાંત અને ગુરુગ્રંથસાહેબના પ્રતાપી પ્રખર વક્તા.

ઈંગ્લેન્ડની ભૂમિ પર એ ચારેક વરસ પછી મળ્યા.

'મહારાજજી, તમે અમૃતસરના વેદાંત સંમેલનમાં ફરી આવો.' એમણે પોતાના પ્રેમનો પ્રતિઘોષ પાડતાં કહ્યું: 'જનતા તમને ખૂબ જ યાદ કરે છે.'

મેં એમને છેલ્લા ચાર વરસના ઘટનાચક્રથી માહિતગાર કર્યા છે. છેલ્લે છેલ્લે માતા જ્યોતિર્મયીના સ્વર્ગવાસના લીલાસંવરણના કે સ્વરૂપસ્થિતિના સમાચાર સાંભળીને એ સ્વાભાવિક રીતે જ ખેદ પામ્યા.

*

હિંદુ મંદિરના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ શ્રદ્ધાભક્તિસંપન્ન સેવાભાવી પુરુષ હતા. તેમના સદ્‌ભાવ તથા પ્રેમાગ્રહને લીધે મંદિરનો પ્રવચન કાર્યક્રમ લંબાયો. એ કાર્યક્રમની પૂર્ણાહૂતિ સમયે એ જે કાંઈ બોલ્યા એ એમના ગુણદર્શન તથા પવિત્ર પ્રેમનું પરિચાયક હતું. એમના કથનનો સારસંક્ષેપ આ પ્રમાણે હતો : 'વરસો સુધી હિમાલયમાં તપ કરીને ભગવાનના દરેક સ્વરૂપનાં દર્શન કરીને શ્રી યોગેશ્વરજી આપણે આંગણે આવ્યા. સંતોનાં દર્શન કરવા દેશ જવું પડે ને ત્યાં પણ સાચા સંતોનાં દર્શન તો સહેલાઈથી મળે જ ક્યાંથી ?'

'આપણને સત્સંગનો લાભ મળ્યો. મારા ઉપર તો ભગવાનની પરમ કૃપા ઊતરી હોય એમ, એમનો બ્રાહ્મણના હાથે જ ભોજનનો નિયમ છે જેથી શ્રી વિજયાબહેન જોશીને ત્યાં દરરોજ સંતની સાથે પ્રસાદ લેવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું.'

'મારી આટલાં વરસોની શંકાઓ તથા જિજ્ઞાસા હતી તેની રજૂઆત મેં એમની આગળ કરી તો મને મારા બધા પ્રશ્નોના જવાબો મળ્યા ને મારી શંકાઓનું સમાધાન થયું.'

'એમની સાથે વાતચીત કરતાં જાણ્યું કે એ પોતે પાંચ-સાત વરસ સુધી સૂતા જ નથી. મને રામાયણને સાંભળીને શંકા થતી કે લક્ષ્મણ ચૌદ વરસ સુધી નહીં સૂતા હોય ? એ તો દેવપુરૂષ હતા તોપણ એમની એ વાતને માનવાની મારી તૈયારી નહોતી. પરંતુ મેં જ્યારે પૂજ્યશ્રીની વાતોને સાંભળી ત્યારે થયું કે રામાયણની વાત સાચી હોવી જોઈએ.'

'સાક્ષાત્કારી મહાત્મા આપણે ત્યાં આવે એ આપણું પરમ ભાગ્ય ગણાય. એમને આપણે કહીએ કે ફરી ફરી લેસ્ટર પધારજો, ને સત્સંગનો લાભ આપજો. '

*

હિંદુ મંદિરના કાર્યક્રમ દરમિયાન કૃષ્ણ જનમાષ્ટમીનો પવિત્ર ઉત્સાહપ્રેરક ઉત્સવ ઊજવાયો.

તે દિવસે મને મસૂરીના લક્ષ્મીનારાયણ મંદિરના જન્માષ્ટમી ઉત્સવની ખાસ સ્મૃતિ થઈ. પર્વતોની મહારાણી મનાતા મસૂરીનગરના એ મંદિરમાં જન્માષ્ટમીનો મહોત્સવ ખૂબ જ શ્રદ્ધાભક્તિ સાથે ધામધૂમથી મનાવવામાં આવે છે. એ દિવસે સાંજે મારું તથા બીજા સંતપુરષોનું વિશેષ પ્રવચન રાખવામાં આવે છે. મંદિરને અંદર અને બહારથી અસંખ્ય રંગબેરંગી લાઈટથી શણગારવામાં આવે છે. એ આખોય દિવસ અસાધારણ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવે છે.

ભારતની બહાર પણ જનતા પર્વદિવસને પોતાની આગવી રીતે ઊજવતી હોય છે. જન્માષ્ટમીના પવિત્ર દિવસે લેસ્ટરના હિંદુ મંદિરને ફુગ્ગાઓથી સુંદર રીતે સજાવવમાં આવ્યું. કરસનદાસ મહારાજે સંસ્કૃત શ્લોકો તથા મંત્રો સાથે પૂજા કરાવી. દર્શનાર્થીઓની ભીડ પણ એટલી બધી હતી કે મંદિર ખૂબ જ નાનું પડ્યું. રાતે ભાવિક બહેનોએ રાસ રમતાં ભાવવિભોર બનીને આનંદ અનુભવ્યો.

જેમને મંદિરના સત્સંગના દૈનિક કાર્યક્રમમાં નિયમિત રીતે આવવાની ટેવ નહોતી તેવા કેટલાક દર્શનાર્થીઓ પણ જન્માષ્ટમીના પવિત્ર ઉત્સવમાં ભાગ લેવા માટે મંદિરમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા. એમનો ઉલ્લાસ અવર્ણનીય હતો.

*

આધ્યાત્મિક અભ્યુત્થાનની અભિરુચિવાળા જિજ્ઞાસુ સત્યાન્વેષી સાધકો જેમ ભારતમાં દેખાય છે તેમ એમનો અભાવ ભારતની બહારના દેશોમાં પણ નથી વરતાતો. આધ્યાત્મિક્તા, આધ્યાત્મિક અભ્યુત્થાન અથવા આધ્યાત્મિક સાધના કોઈ એક દેશવિશેષનો ઈજારો નથી, માનવમાત્રનો જન્મજાત અબાધિત અધિકાર છે. એ અધિકારનું સ્મરણ કરીને એને સ્વાનુભવસિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ પ્રામાણિક આત્માઓનો મેળાપ કોઈક વાર થાય છે ત્યારે અંતર અવર્ણનીય અનુપમ આનંદ અનુભવે છે.

લેસ્ટરમાં એવા આત્માનો મેળાપ થયો.

એ આધ્યાત્મિક માર્ગના અનુરાગી આત્માનું નામ શ્રીમતી બ્રાયન્ટ.

એક ગુણાનુરાગી જિજ્ઞાસુ પુરુષ દ્વારા સમાચાર સાંપડવાથી એમણે એક દિવસ મારી મુલાકાત લીધી.

એ અંગ્રેજ મહિલાની મુખાકૃતિ દેખીતી રીતે જ સાત્વિક તથા સંસ્કારી લાગી. એની ઉપર સ્વસ્થતા અને ચિંતનશીલતાની છાયા ફરી વળેલી. એના અવલોકનથી એવું લાગતું કે પરમ સત્યનો શોધક આત્મા જીવનના જટિલ પ્રવાસમાં આગળ વધી રહ્યો છે.

એ મહિલાએ મારી પાસે પહોંચતાવેંત ભારતીય પદ્ધતિ પ્રમાણે પ્રણામ કર્યા.

નીચે બેસવાની સ્વાભાવિક રીતે જ મુશ્કેલી ના પડે તેને માટે એમને બેસવા માટે ખુરશી આપવામાં આવી.

એમની સાથેના સદ્‌ગૃહસ્થને આપેલ ઓળખાણ પરથી જાણવા મળ્યું કે એ ત્યાંની યુનિવર્સિટીમાં લેક્ચરર તરીકે કામ કરે છે અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરે છે.

એ બહેન હિંદુ ધર્મના વિષય પર પીએચ.ડી. કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એક મહાનિબંધ તૈયાર કરી રહેલાં.

એમને હિંદુ ધર્મ તથા યોગ વિશે ચર્ચાવિચારણા કરીને કેટલીક ચોક્કસ માહિતી મેળવવી હતી. એ હેતુને નજર સમક્ષ રાખીને એમણે સહજ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને આવશ્યક માર્ગદર્શન માગ્યું. અમારી ચર્ચાવિચારણા આશરે એકાદ કલાક ચાલી, એથી એમને સંપૂર્ણ સંતોષ થયો ને સુખદ સમાધાન સાંપડ્યું એવું એમના મુખમંડળ પરની પ્રસન્નતાથી જણાઈ આવ્યું.

એમણે પોતાની કૃતજ્ઞતા દર્શાવી.

ઊઠતાં પહેલાં એમણે પ્રેમ અને વિનયપૂર્વક કહ્યું: 'મારી કેટલીય શંકાઓનું સમાધાન થયું. મને ઘણુંઘણું નવું જાણવાનું મળ્યું. હું કાલે ફરી વાર આવી શકું? તમને હરકત ના હોય તો મને અનુમતિ આપો.'

મારી અનુમતિથી એ સન્નારીએ પ્રસન્ન થઈને વિદાય લીધી.

બીજે દિવસે સવારની બેઠક વખતે એમણે વિવિધ વિષયોની ચર્ચા કરી. એમની જીજ્ઞાસા જુદાજુદા પ્રશ્નો દ્વારા પ્રગટ થઈ.

મનને સ્થિર કરવા માટે શું કરવું ?

વાસનાના વિષચક્રમાંથી કેવી રીતે છૂટી શકાય ?

શાંતિ શી રીતે સાંપડી શકે ?

ધ્યાનની સાધના કેવી રીતે કરવી ? એ સાધના દ્વારા મહત્વનું શું મળે ?

ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ વચ્ચે શો તફાવત છે ? એ ક્યાં કેવી રીતે જુદા પડે છે ?

ધર્માચરણ કરતાં અનાસક્તિ કેવી રીતે કેળવાય ? એને કેળવવાનાં બીજા કોઈ સાધનો હોય તો તે સાધનો ક્યાં છે ?

વૈરાગ્ય કેવી રીતે વધે ?

શાસ્ત્રાધ્યયનની આવશ્યકતા કેટલી ?

સમાધિ કોને કહેવાય ? એનાથી શો લાભ થાય ?

શાસ્ત્રજ્ઞાન અને અનુભવજ્ઞાન એટલે શું ?

આત્મસંબંધમાંથી આત્મભાષા આવે છે એનો અર્થ શો થાય ?

રચનાચક્ર, કાળચક્ર તથા કર્મચક્રમાં શો ભેદ ?

એવાએવા જિજ્ઞાસાભાવે પુછાયેલા પ્રશ્નોના પ્રત્યુત્તરો ખૂબ જ રસપ્રદ બન્યા. આખોય ખંડ મુલાકાતીઓથી ભરાઈ ગયેલો. સૌએ શાંતિપૂર્વક, વચ્ચે વચ્ચે આવશ્યક પેટા પ્રશ્નો કે પૂરક પ્રશ્નો પૂછીને શ્રવણ કર્યું.

એ અંગ્રેજ મહિલાએ હિંદુ ધર્મ, ભારતના દેવમંદિરો તથા પૂજાપદ્ધતિ પર એક મહાનિબંધ તૈયાર કરેલો. એ મહાનિબંધને નિહાળીને મને આશ્ચર્ય અને આનંદ બંને થયાં. એક ભારતથી દૂર દૂર વસતી તથા વિહરતી અંગ્રેજ મહિલાને અને એમાં પણ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરનારી મહિલાને ભારત માટે, ભારતીય સંસ્કૃતિ માટે તેમ જ ભારતીય સંસ્કૃતિના ધર્મગ્રંથોને માટે કેટલો બધા અસાધારણ અનુરાગ અને આદરભાવ ! એ મહિલાના મહાનિબંધ પાછળ ખૂબખૂબ ઊંડું અધ્યયન, સહાનુભૂતિપૂર્ણ વિશાળ હૃદય અને સતત પરિશ્રમયુક્ત જ્વલંત જીવન દેખાયું.

એમ થયું કે આપણા દેશમાં અથવા આપણી સંસ્કૃતિમાં આપણા માણસો પણ આટલો તલસ્પર્શી અધ્યયન પરિશીલનપૂર્વકનો અસાધારણ રસ ભાગ્યે જ લેતા હશે. વિદ્વાનો, પંડિતો, પ્રાધ્યાપકોની વાતને જવા દઈએ તો સામાન્ય ભારતવાસીને પોતાની ધર્મપરંપરા કે સંસ્કૃતિ ઓળખવાનો આટલો અનુરાગ ભાગ્યે જ હશે.

મેં એ અંગ્રેજ મહિલાને મનોમન અંતઃકરણપૂર્વકનાં અભિનંદન આપ્યા.

આગલા દિવસે ભગવદ્ ગીતા તથા મહાભારતની વાત થયેલી એના અનુસંધાનમાં એ મહિલાએ આજે ગીતા તથા મહાભારત પરના જુદાજુદા ગ્રંથોને આણેલા. એ ગ્રંથોનું એમણે અધ્યયન કરેલું. ગીતા-મહાભારત પરથી છથી સાત લેખકોના સ્વતંત્ર ગ્રંથોને નિહાળીને અમને અસાધારણ આનંદ થયો. એમની પાસે રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર પણ જોવા મળ્યું.

એ મહિલાએ આગળથી સમય મેળવી, સાંજે ફરી વાર આવીને મારો ફોટો લીધો, એને સ્મૃતિરૂપે સાચવી રાખવાની એમની ઈચ્છા હતી. અમે એ મહિલાનો એવો કોઈ નાનો-મોટો ફોટો તો નથી લીધો કિન્તુ એમની સ્મૃતિ આજે આટલા બધા દિવસો પછી પણ સચવાઈ રહી છે અને ભવિષ્યમાં પણ સચવાઈ રહેશે.

એ મહિલાનું બાહ્ય ક્લેવર ઈંગ્લેન્ડનું પરંતુ આંતરમન ભારતનું, ભારતીય હતું.

* * *

## ૯. પ્રેસ્ટનમાં

પરદેશમાં પણ આવશ્યકતાનુસાર યજ્ઞયાગ, હોમહવન, કથાવાર્તા તથા વિધિપૂર્વક લગ્નાદિ કરાવનારા પારંગત પુરુષો મળતા હોય છે. જે મળે છે તે બધા જ તે વિષયોમાં પૂરા પારંગત ના હોય તો પણ કામ તો કાઢે જ છે. જે આવે એ અવસરને ન્યાય આપે છે. લેસ્ટરમાં એવા એક શાસ્ત્રવિદ કર્મકાંડ પારંગત પંડિતજી મને મળવા આવ્યા. એમને આર્ય સમાજમાં અધિક અભિરુચિ હતી. એ એમની સાથે કોઈક આર્યસમાજી પંડિતે લખેલી ટીકાવાળું મનુસ્મૃતિનું પુસ્તક લાવેલા. એ મારી પાસે એનો અંગ્રેજી અનુવાદ કરાવવાની ઈચ્છા રાખતા'તા. સમયના અભાવે મારે એમને એ કાર્ય કરવાની ના પાડવી પડી.

એ પુસ્તકમાં ગાંધર્વવિવાહનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવેલું કે ગાંધર્વવિવાહ કોઈ પણ પ્રકારના ચોક્કસ આદર્શ કે સિદ્ધાંત વગરનો વિવાહ હોય છે. એમણે એ સંબંધી મારો અભિપ્રાય પૂછતાં મેં જણાવ્યું કે ગાંધર્વવિવાહ આદર્શ કે સિદ્ધાંત વગરનો નહીં પરંતુ આદર્શ કે સિદ્ધાંત સાથેનો વિવાહસંબંધ હોય છે. આદર્શ અને સિદ્ધાંતની સમાનતા અને એના પરિણામે કે કોઈ અન્ય કારણથી પ્રગટેલા તથા વખતના વીતવાની સાથે પાંગરેલા પારસ્પરિક પ્રેમના પરિપાકરૂપે જે લગ્ન થાય છે તે લગ્નને સ્નેહલગ્નકે ગાંધર્વવિવાહ તરીકે ઓળખવામાં આવે છે. સ્નેહલગ્ન કે ગાંધર્વવિવાહના મૂળમાં કોઈક કિસ્સામાં શારીરિક કે વિદ્યાવિષયક આકર્ષણ અથવા કોઈક એવું જ બીજું કારણ કાર્ય કરતું હોય એ બનવાજોગ છે, પરંતુ એનો અર્થ એવો નથી કે એ લગ્ન કે વિવાહ આદર્શ અથવા સિદ્ધાંતવિહીન છે.

મારા એ અભિપ્રાયથી એમને સંતોષ થયો.

લેસ્ટરના દિવસો એવી રીતે અનેકવિધ ચર્ચાવિચારણામાં પસાર થયા.

'મા' સર્વેશ્વરીએ એ દરમિયાન રામાયણદર્શનનું પારાયણ પણ પૂરું કર્યું.

લેસ્ટરથી અમે પ્રેસ્ટન માટે પ્રયાણ કર્યું.

પ્રેસ્ટનના કૉમ્યુનિટી સેન્ટરના પ્રમુખ શ્રી છોટાભાઈ આગલા દિવસે લેવા માટે આવી પહોંચેલા.

અમારો કાર્યક્રમ હવે પ્રેસ્ટનમાં યોજાયેલો.

લેસ્ટરથી પ્રેસ્ટન મોટરમાર્ગે આશરે ૧૩૫ માઈલ.

મોટરમાર્ગ એટલા બધા વિશાળ હતા કે વાત નહીં. મોટરોને આવવા-જવાના માર્ગો જુદા હતા. એકીસાથે છ મોટરો પસાર થઈ શકે તેવા. મોટરને ચલાવનારા મોટે ભાગે ટ્રાફિકના નિયમોનું સમ્યક્ પ્રકારે પ્રામાણિકપણે પાલન કરતા દેખાતા. એને લીધે સૌ કોઈ માર્ગ પરથી શાંતિપૂર્વક પસાર થાય. હૉર્ન વગાડવાની જાણે કે કોઈને ટેવ જ નહોતી. મોટરમાર્ગ પર સુવ્યવસ્થા તથા સુરક્ષા માટે પોલીસની મોટરો ફરતી જ રહેતી. ટ્રાફિકના નિયમનો ભંગ કરનારને તરત જ દંડ કરવામાં આવતો.

એ વિષયમાં પોલીસો નિષ્પક્ષ રીતે કર્તવ્યપાલનની સંપૂર્ણ જવાબદારી સાથે વ્યવહાર કરતા. નિર્દોષોને રંજાડવાની વૃત્તિનો એમનામાં અભાવ રહેતો તો દોષિતોને દંડ દેવાનો સંકોચ પણ તેમનામાં ના દેખાતો.

ઈંગ્લેન્ડના પોલીસતંત્રની સતત સજાગતા તથા કર્તવ્યપાલનવૃત્તિનો એક નાનોસરખો છતાં પણ મહત્વનો પ્રસંગ લેસ્ટરમાં જોવા મળેલો. અમે અમારા રોજના ક્રમને અનુસરીને વિજયાબહેનને ત્યાં જમવા બેઠેલાં. ગોવિંદભાઈની સત્સંગપ્રેમી, સંસ્કારી પુત્રી જયાબહેનની સાથે સત્સંગવિષયક વાતો કરી, એમની શંકાઓનું સુખદ સંતોષકારક સમાધાન કરીને અમે ઉતારા પર જવા માટે બહાર નીકળ્યાં ત્યારે ખબર પડી કે જયાબહેન પોતાની નાની પુત્રીને બહાર ઊભેલી મોટરમાં એકલી ઊંઘતી મૂકીને આવેલાં. એમને એમ કે હમણાં થોડી વારમાં જ બહાર પહોંચી જઈશ. પરંતુ વાર્તાલાપને લીધે બહાર પહોંચવાનું મોડું થયું ત્યારે એ નાનકડી છોકરી એકલી મોટરમાં રહીને રડી રહેલી ને એક મહિલાપોલીસ મોટરની બહાર ઊભી રહેલી. એ દેખીતી રીતે જ એમની પ્રતીક્ષા કરતી હતી. આગળની પરિસ્થિતિનો ખ્યાલ એમની સાથેની વાતચીત પરથી સહેલાઈથી સુસ્પષ્ટ રીતે આવી શકશે :

'સ્ત્રી પોલીસે તમને શું કહ્યું ?'

'ફરી વાર આવી ભૂલનું પુનરાવર્તન ના કરવાની ચેતવણી આપી.'

'કેવી ભૂલનું પુનરાવર્તન ? '

'છોકરીને આવી રીતે મોટરમાં રસ્તા પર એકલી મૂકવાની ભૂલ. એ મને ખબર નહીં. એમ કેટલાય વખતથી રડતી હતી. એનું રુદન સાંભળીને બાજુના મકાનમાં રહેનારે ફોન દ્વારા પોલીસને ખબર આપી એટલે તરત જ પોલીસ આવી ગઈ.'

'અહીં એવું ચાલે છે ?'

'ચાલે છે. આવું જોઈને પોલીસને કોઈ પણ ખબર આપે. અને પોલીસ પણ એટલી બધી કર્તવ્યપરાયણ કે તરત જ આવી પહોંચે.'

'તમને આવવામાં વિલંબ થયો હોત તો ?'

'તો તે પોતાની લાક્ષણિક રીતે મારું સરનામું મેળવત. મને તાબડતોબ બોલાવત અને દંડ કરત. બાળકોનું ધ્યાન ના રાખવું ને બાળકો તરફ બેદરકાર રહેવું આ દેશમાં અસાધારણ અક્ષમ્ય અપરાધ મનાય છે. બાળકોના પોષણ માટે તો પ્રત્યેક સપ્તાહે સરકાર તરફથી અમુક ચોક્કસ રકમ આપવામાં આવે છે.'

સાચું છે. ત્યાં બાળકો માટે સરકાર ખાસ મદદ કરે છે.

ભારતના પોલીસતંત્ર સાથે આ પોલીસતંત્રને સરખાવવા જેવું છે. ભારતનું પોલીસતંત્ર આટલું બધું કર્તવ્યપરાયણ ને જવાબદારીના ભાનપૂર્વક નિષ્પક્ષ રીતે પ્રામાણિકતાપૂર્વક વર્તનારું છે ખરું ? એનો ઉત્તર ન છૂટકે નકારમાં જ આપવો પડે. આઝાદી પછીનું પોલીસતંત્ર ત્યાં ઉત્તરોત્તર કથળતું ગયું છે. એમ કહેવાય છે કે અહીં પોલીસોના પગારો પ્રમાણમાં ઘણા સારા, સંતોષકારક હોય છે એટલે એ સાચી રીતે લાંચરુશવત વગર નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે. ભારતમાં પગારધોરણ એકદમ ઓછું છે, તોપણ ભારતમાં મોટા પગારોવાળા બીજા સઘળા કર્મચારીઓ પણ નિષ્ઠાપૂર્વક, લાંચરુશ્વત વગર કાર્ય કરે છે અને અનાચારથી અલિપ્ત છે એવું ભાગ્યે જ કહી શકાય. પગારની વાત મહત્વની હોવા છતાં સંસ્કારિતા, કર્તવ્યપરાયણતા કે પ્રામાણિકતાની વાત વિશેષ મહત્વ ધરાવે છે, તેથી સંપન્ન કર્મચારી ઓછા પગારે પણ જે નથી કરવા જેવું એ અશુભ કદાપિ નથી કરતા ને કરવા જેવા કર્તવ્યને સદા કોઈ પણ સંજોગમાં કરે જ છે. એના અભાવમાં મોટો પગારદાર

પણ વિશેષ લોભી બને છે અને પ્રમાદી થઈને કર્તવ્ય પ્રત્યે આંખમીંચામણાં કરે છે. કર્તવ્યપરાયણતા જીવનમાં જેટલા પ્રમાણમાં પણ વણાઈ જાય તેટલા પ્રમાણમાં સદા કલ્યાણકારક બને છે. પોતાને ને અન્ય અનેકને માટે. સમસ્ત સમાજ તથા રાષ્ટ્રને માટે.

*

સંધ્યાસમય થતાં પહેલાં અમે પ્રેસ્ટન પહોંચી ગયાં. છેલ્લા કેટલાક વખતથી મંદિરના માનદ વ્યવસ્થાપકો તરફથી સંતો, સદ્દુપદેશકો અથવા કથાકારોને માટે ઉતારાની અલગ વ્યવસ્થા કરવામાં આવેલી. એને માટે અલગ સ્વતંત્ર મકાન જ ખરીદવામાં આવેલું. સત્સંગ મંડળના પ્રમુખ તથા પ્રાણ સમા શ્રી છોટુભાઈનો ઉત્સાહ અને પુરુષાર્થ એ માટે ખાસ કારણભૂત હતો. એમની સંતભક્તિ, સેવાભાવના અને આયોજનશક્તિ અદ્દભુત હતી.ત્યાંની સત્સંગપ્રિય પ્રજાને એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એમનો પ્રભાવ પણ ભારે.

પ્રેસ્ટનનું કૉમ્યુનિટી સેન્ટર અને એનું મંદિર વિશાળ ને સુંદર છે. પરદેશમાં, ખાસ કરીને ઈંગ્લેન્ડમાં, દેવમંદિરો રચાતાં જાય છે એ એક સારું ચિહ્ન છે. મંદિરને મધ્યમાં રાખીને સંસ્કૃતિસેવાની, જનકલ્યાણની અનેક પ્રકારની પ્રાણવાન પ્રવૃત્તિઓ થઈ શકે છે. યુવકો તથા યુવતીઓના જીવનનિર્માણની ને બીજી યોજનાઓ બનાવી શકાય છે. એવી રીતે મંદિરની રચના અસાધારણ અમોઘ આશીર્વાદરૂપ છે. મંદિરો સંસ્કૃતિપ્રવર્તન, સંસ્કાર પ્રસારનાં કેન્દ્રો બની શકે છે. જુદીજુદી દૃષ્ટિએ કલ્યાણકારક ઠરે છે, પરંતુ સાથે સાથે પૂજાની ને પૂજારીની સમસ્યા પણ સરજે છે. પ્રેસ્ટનમાં, લેસ્ટરમાં, અને અન્યત્ર એનું દર્શન થયું. મંદિરની રચના થાય એટલે પૂજારી તો જોઈએ જ. કેટલીક વાર તો મંદિરના વિધિપૂર્વકના ઉદ્દઘાટન પહેલાં જ પૂજારીનો નિર્ણય કરી લેવાનો હોય છે. સારા સુશિક્ષિત સાત્વિક પૂજાપરાયણ પૂજારીઓની સંખ્યા સર્વત્ર ઓછી હોય છે. એને લીધે સુદીર્ઘ સમય સુધી સારા સાનુકૂળ પૂજારીની પ્રતીક્ષા કરવી પડે છે. ને પૂજાપદ્ધતિ સ્થાનિક શ્રદ્ધાભક્તિસંપન્ન સ્ત્રીપુરુષોની મદદથી પૂરી કરવામાં આવે છે. પરદેશમાં પૂજારીના પગારો ઘણા સારા હોય છે. વિશેષ વિદ્વાન પૂજારી સત્યનારાયણની ને રામાયણ-ભાગવતાદિની કથાવાર્તા તથા હોમહવન, પાઠ, જ્યોતિષ તેમ જ લગ્નવિધિ દ્વારા વધારાની સારી એવી આવકની પ્રાપ્તિ પણ કરી લે છે. મંદિરપૂજાનો સમય પણ નિશ્ચિત અને મર્યાદિત હોય છે. એ દૃષ્ટિએ પૂજારીપદ આશીર્વાદરૂપ ઠરે છે.

એક ભાઈ ઈંગ્લેન્ડમાં અગાઉ આખ્યાનકાર તરીકે આવેલા. તેમને એ પ્રવાસ દરમિયાન સારા પરિચયો થયા. બીજા વરસે એમણે એક શહેરના દેવમંદિરમાં પૂજારીપદ સ્વીકાર્યું. ભારતનું કથાકાર્ય સંકેલી લીધું. એમને કદાચ લાગ્યું હશે કે પરદેશનું પૂજારીપદ દેશના કથાકારપદ કરતાં અધિક ઉપયોગી છે. અલબત્ત, આર્થિક રીતે. અમને એમનો મેળાપ પણ થયો.

સાચો કથાકાર કથાપ્રેમમાં લીન બનીને પરમાત્માના પ્રેમમાં એવો તો ડૂબી જાય છે કે એને આર્થિક કે બીજી સાંસારિક ચિંતા ભાગ્યે જ રહે છે. એ જીવ આધ્યાત્મિક શ્રેય સાધવા ઉત્સુક રહે છે, પરંતુ એવા સાચા કથાકાર થવાનું સહેલું નથી. કથાકારની દૃષ્ટિ પ્રધાનપણે પરમાત્મા તરફ ના હોય ને ધન તરફ હોય તો તેનું પરિણામ એવું જ આવે છે.

પરદેશના પ્રજાજનો કે યુવાનો કેટલીક વાર ભારતીય મંદિરોની મુલાકાત લે છે અને એમના ઉત્સવોમાં સામેલ થાય છે. તે જિજ્ઞાસાથી પ્રેરાઈને પૂજા, આરતી, દીપક, ઘંટનાદ તથા અન્ય વિષયો વિશે પૂછે છે. મંદિરોના પૂજારી કે કર્મચારી એ વિષયોનાં રહસ્યોને જાણતા હોય છે તો એમના પ્રશ્નોના સમ્યક્ સંતોષકારક ઉત્તરો આપીને એમની સાચી જીજ્ઞાસાવૃત્તિને સંતોષી શકે છે. એવા વિદ્વાન પૂજારીની વિશેષતા વધી જાય છે, એ કોઈ પણ મંદિરની શોભા થાય છે અથવા અસ્ક્યામત બની જાય છે. એટલા માટે પણ કેટલાંક મંદિરોના વ્યવસ્થાપકો સારા, વિદ્વાન પૂજારીની અપેક્ષા રાખે છે. એવા પૂજારીઓની ભલામણ કરવા માટે મારી પાસે માગણી કરવામાં આવી. એ એક સારું ચિહ્ન લાગ્યું.

પ્રેસ્ટનના રાધાકૃષ્ણ મંદિરના પૂજારી યુવાન રમેશભાઈએ અમદાવાદથી આવ્યા પછી થોડાંક વરસો દરમિયાન પોતાના વિષયમાં ક્રમે ક્રમે પ્રવીણતા પ્રાપ્ત કરેલી ને અસાધારણ લોકચાહના કે પ્રતિષ્ઠા મેળવેલી. એમને જનતાનું પરિપૂર્ણ પીઠબળ હતું. સંજોગો બદલાવાથી એ કોઈક કારણે મંદિરના પૂજારીપદેથી છૂટા થયેલા. એને લીધે મંદિરમાં નવા સારા પ્રામાણિક પૂજારીની અનિવાર્ય આવશ્યકતા ઊભી થયેલી. રમેશભાઈ પૂજારી તરીકે પાછા ના આવવા અને બહાર સ્વતંત્ર રીતે છૂટા રહીને ધર્મકર્મ કરવા કૃતસંકલ્પ હતા.

જનતાની ધર્મભાવનાને લીધે પ્રેસ્ટન પરદેશના વૃંદાવન જેવું બની ગયેલું.

કૉમ્યુનિટી સેન્ટરમાં તાજેતરમાં જ વિશાળ ગીતાહૉલનું ઉદ્ ઘાટન થયેલું અને એ પણ રાણી ઈલિઝાબેથના પુત્ર ચાર્લ્સના હાથે. એ ઘટના સવિશેષ નોંધપાત્ર તો એટલા માટે હતી કે એ ઈંગ્લેન્ડના રાજકુટુંબના ભારત અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના સદ્ભાવની દ્યોતક લાગી. ઈંગ્લેન્ડમાં કેટલેક ઠેકાણે ચર્ચ બંધ પડતાં એમના મકાનમાં ભારતીય પ્રજાનાં દેવમંદિરો તથા કૉમ્યુનિટી સેન્ટરો શરૂ થયેલાં. પ્રેસ્ટનના કૉમ્યુનિટી સેન્ટરનો ઈતિહાસ પણ લગભગ એવો જ હતો. એવાં સાંસ્કૃતિ કાર્યક્રમોમાં પ્રિન્સ ચાર્લ્સ અને એવા બીજા પ્રતિષ્ઠિત પુરુષોમાં ભાગ લેતા. એ વસ્તુ એમની ઉદારતા, સહાનુભૂતિ અને સહિષ્ણુતાની પરિચાયક હતી.

કૉમ્યુનિટી સેન્ટરમાં વિદ્યાર્થીઓના લાભાર્થે ગુજરાતીના વર્ગો ચાલે છે. આ દેશમાં યુવાનોની દશા વિશેષ વિચારણા માગી લે તેવી છે. મોટેરાંઓ આટલે દૂર કમાવા માટે આવે છે ને કમાય છે, પરંતુ એમનાં બાળકો કે યુવાનો મોટે ભાગે ભારતીય સંસ્કૃતિ, પરંપરા તથા સ્વભાષાના જ્ઞાનથી વંચિત રહી જાય છે. ધનની પ્રાપ્તિના બદલામાં એવી રીતે ઘણો મોટો ભોગ આપવો પડે છે. કેટલાકને તે ભોગ સમજાતો તથા સાલતો પણ નથી. કેટલાક સમજદાર કાર્યકર્તાઓને એ પરિસ્થિતિનું જ્ઞાન હોવાથી એમણે સ્વભાષાશિક્ષણના વર્ગો અને સાંસ્કૃતિક કેન્દ્રો કે મંડળોનું આયોજન કર્યું છે. એ એક સારું, સમયસરનું, સ્તુત્ય, આવકારદાયક પગલું છે. પ્રેસ્ટનના કૉમ્યુનિટી સેન્ટરમાં પણ એવી કેટલીક પ્રવૃત્તિઓ ચાલે છે. એમાં ગુજરાતી ભાષાના શિક્ષણવર્ગોની પ્રવૃત્તિ મહત્વની છે.

સેન્ટર તરફથી સંતો, સદુપદેશકો કે કથાકારો માટે સ્વતંત્ર સરસ સાનુકૂળ ઉતારાની સગવડ કરીને ત્યાંના કાર્યકર્તાઓએ એમની સમજશક્તિનો ને સેવાવૃત્તિનો સમ્યક્ પરિચય પૂરો પાડ્યો છે. ઈંગ્લેન્ડમાં એવી સગવડો વધતી જાય છે એ આનંદજનક છે. પ્રેસ્ટનના ઉતારાના સ્થાનમાં તો ટેલિવિઝનની પણ વ્યવસ્થા

છે. માણસ વધારે કે ઓછા પ્રમાણમાં બીજાને માટે જીવતો કે કામ કરતો થાય તો બીજા તેનું ધ્યાન રાખીને તેને માટે કેટલું બધું કરે છે તેની કલ્પના એવી વિપુલ વ્યવસ્થા પરથી સહેલાઈથી કરી શકાય છે. માણસે ફક્ત બીજાને માટે જીવતાં ને કામ કરતાં શીખવું જોઈએ. જે પોતાની જ ચિંતા કરે તેની ચિંતા કદાચ કોઈ જ નથી કરતું. જે પોતાની જ સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ સારુ શ્વાસ લે છે કે જીવે છે તેની સુખાકારી, શાંતિ તથા સમૃદ્ધિનાં સ્વપ્નો કોઈ જ નથી સેવતું. પરંતુ બીજાની ચિંતા કરનાર ને બીજાની શાંતિ, સુખાકારી તથા સમૃદ્ધિ માટે જીવનાર ને પ્રયત્ન કરનારનું સૌ કોઈ ધ્યાન રાખે છે, એ એક હકીકત છે. મંદિરો તથા સ્મારકો પણ મોટે ભાગે બીજાને માટે જીવનારનાં જ બનાવવામાં આવે છે, પોતાને માટે જીવનારાનાં નથી કરવામાં આવતાં.

* * *

## ૧૦. સાઉથપૉર્ટ

પ્રેસ્ટન નગરની પાસે જ સાઉથપૉર્ટ છે. પ્રેસ્ટનથી અઢારેક માઈલ દૂર.

મૂળ સૂરતના પરંતુ છેલ્લાં કેટલાંક વરસોથી ત્યાં રહેતા શ્રી મનહરભાઈ રાણાતના પ્રેમભાવને લીધે એ શહેરની ટૂંકી મુલાકાત લેવાનું શક્ય બન્યું.

મનહરભાઈ કેળવણીક્ષેત્રે આગળ પડતું કાર્ય કરે છે. ત્યાંથી સ્કૂલોમાં શિક્ષકોની પસંદગી માટેના ઈન્ટરવ્યૂ લેવાનું એમના હાથમાં છે. એવી અગત્યની પ્રતિષ્ઠાની નોકરી મેળવવા માટે એ ખરેખર અભિનંદનના અધિકારી છે. ગુજરાતની જનતા એમને માટે ગૌરવ લઈ શકે તેમ છે. ઈંગ્લેન્ડમાં કેળવણીના ક્ષેત્રે કામ કરનારી ને પ્રતિષ્ઠિત પદોને શોભાવનારી એવી વ્યક્તિઓ વિરલ જ જોવા મળે છે.

કેળવણીક્ષેત્રે અતિ અગત્યની કીમતી કામગીરી બજાવનારા ને પરદેશમાં પોતાની આગવી બૌદ્ધિક પ્રતિભાથી દેશની શાનને વધારનારા મનહરભાઈ શુદ્ધ શાકાહારી હોવા ઉપરાંત પરદેશમાં વસનારા સામાન્ય માનવોને ઘેરી વળતાં સંગદોષ તથા વ્યસનોથી મુક્ત છે. એમનાં ધર્મપત્ની પણ એમનાં સાચાં સહધર્મિણી તરીકે સાથ આપીને સાદું, સ્વચ્છ, ધર્મમય જીવન વિતાવે છે. સાઉથપૉર્ટમાં ગુજરાતી કુટુંબોની સંખ્યા વધારે નથી. એમની આગવી રીતે જીવનારા મનહરભાઈ એકલા જ છે એમ કહીએ તો ચાલે. સંગદોષમાં પડવાનું કામ સહેલું છે, ના પડવાનું કઠિન. પરદેશની પરિસ્થિતિથી પરિચિત પુરુષ એ હકીકતને સારી પેઠે જાણે છે. મનહરભાઈ એ કઠિન કાર્યને પોતાની જન્મજાત સંસ્કારિતાને લીધે સહેલાઈથી સફળતાપૂર્વક સરસતાથી કરી રહ્યા છે. એનું જીવન અન્ય દેશવાસીઓને પ્રેરણા આપે છે કે પરદેશમાં સંગદોષથી મુક્ત રહેવાનું કાર્ય કપરું હોય તો પણ અશક્ય તો નથી જ.

સાઉથપૉર્ટ દરિયાકિનારે આવેલું છે. ત્યાંનો દરિયો અને દરિયાકિનારો ખૂબ જ વિશાળ છે. એ દિવસે સૂર્ય સંપૂર્ણપણે ખીલી ઊઠ્યો હોવાથી જ્યાં જોઈએ ત્યાં સર્વત્ર તડકો ફરી વળેલો. લોકો મોટી સંખ્યામાં એ તડકાનો લાભ લઈ રહેલા ઈંગ્લેન્ડમાં લોકો સૂર્યના ખુલ્લા પ્રકાશને પેખીને મુગ્ધ બની જાય છે અને ભાવવિભોર થાય છે એવું સાંભળેલું તે સાચું લાગ્યું. કેટલાય લોકો સૂર્યપ્રકાશમાં સ્નાન કરી રહેલા. કેટલાક સમુદ્રમાં ન્હાવા પડેલા. કેટલાક સમુદ્રમાં પગ રાખીને તરંગોનો રસાસ્વાદ માણતા ઊભા રહેલા. કોઈ રેતીમાં પોશાકની પરવા કર્યા સિવાય સૂતેલા. એ આખું દૃશ્ય અસાધારણ હતું. મોટરોનો પાર નહોતો. સમુદ્રથી થોડેક દૂર ઊભેલી એ મોટરોના સમૂહ પરથી સમુદ્રની સહેલગાહે નીકળેલા માનવમહેરામણનું અનાયાસે અનુમાન કરી શકાતું.

સમુદ્ર અને સરિતા તો શું પરંતુ એનું નાનુંસરખું જલાશાય કે ઝરણું પણ નાનામોટા સૌ કોઈને ઉલ્લાસ અર્પે છે. એનું અવલોકન સદાય આહ્લાદક તથા પ્રેરક હોય છે.

આદર્શ ગામડાની રૂપરેખાને રજૂ કરતું મૉડલ ટાઉન નામનું પ્રદર્શનાત્મક સુંદર સંગ્રહસ્થાન સાઉથપૉર્ટનું અનોખું આકર્ષણ છે. દર્શનાર્થીઓ એની મુલાકાત રસપૂર્વક લેતા હોય છે. આદર્શ ગામડાની કલ્પનામાં સ્કૂલ, રમતગમતનું મેદાન, સ્ટોર, પોસ્ટઑફિસ, ફાયરબ્રિગેડ અને રેલવે તો હોય જ પરંતુ સાથેસાથે સ્વચ્છતા, સ્વાશ્રય અને શાંતિ પણ હોવા જોઈએ એનું આયોજનકારોએ ધ્યાન રાખેલું. આદર્શ

ગામડું બને તેટલું આત્મનિર્ભેર અને આધુનિક સાધનોથી સંપન્ન હોવું જોઈએ એવી ભાવના હતી. અહીં એવાં આદર્શ ગામડાં જોઈ શકાય છે. એ શહેર જેટલાં જ અનુકૂળ લાગે છે છતાં પણ શહેરીજીવનના શોરબકોરથી રહિત, શાંત ને સુંદર દેખાય. ત્યાં રહેવાનું ગમે. શહેરમાં રહેનારા શનિ-રવિ જેવા રજાના દિવસો દરમિયાન ત્યાંના વિશદ વાતાવરણનો લાભ લેવા જાય. ભારતમાં કેટલાંય ગામડાં પડી ભાંગ્યાં છે. એમને આદર્શ, અધિક આકર્ષક અને અનુકૂળ બનાવવાની આવશ્યકતા છે. હજુ કેટલાંક એવાં પણ ગામડાં છે જ્યાં પીવાના પાણીની અગવડ છે. લોકોને બીજા સ્થળે દૂર સુદૂર જઈને પાણીને વેચાતું લેવું પડે એવી પ્રતિકૂળ પરિસ્થિતિનો અંત આણવો અત્યંત આવશ્યક છે. પાણીની વ્યવસ્થા, શિક્ષણ, સ્વચ્છતા, સારા રસ્તા, યાતાયાતનાં સાધનો, સંપ, સ્વાશ્રય, ગ્રામજીવનની અનિવાર્ય આવશ્યક્તાઓ છે. એમની પૂર્તિ સાથે ગામડાં આકર્ષક બનશે અને શહેરોમાં રહેનારાને પણ સંતોષી શકાશે. એવી રીતે ગામડાંને ભાંગી પડતાં બચાવી શકાશે એટલું જ નહીં પરંતુ વધારામાં સમૃદ્ધ બનાવી શકાશે. ભારતે એ દિશામાં ઘણું બધું કરવા જેવું છે.

મનહરભાઈ ખૂબ જ માયાળુ હતા. એમણે થોડાક દિવસની નિરાંત લઈને આવીએ તો બીજાં કેટલાંક દર્શનીય સ્થળોના ને યુરોપના પ્રવાસે લઈ જવાની ઈચ્છા દર્શાવી. એમની ભાવના ઉદાત્ત અને આવકારદાયક હતી. અમે એની કદર કરી. ભવિષ્યમાં આગળ પર કોઈ વાર એવી અનુકૂળતા આવશે તો એમની ભાવનાને લક્ષમાં લઈને પૂરી કરવાનો પ્રયત્ન કરીશું એવું એમને આશ્વાસન આપ્યું.

શાંત, સુંદર, સૂર્યપ્રકાશથી પ્રકાશિત સમુદ્રતટ પરથી પુનઃ પસાર થતી વખતે સમુદ્રના વિશાળ વાયુમંડળ પર નજર નાખી. સમુદ્રની રેતીમાં વચ્ચેવચ્ચે છતાં પણ વ્યવસ્થિત રીતે કેટલીક ‘વાનો’ ઊભેલી. એવી વ્યવસ્થિત વાનોને લઈને અહીંની પ્રકૃતિપ્રેમી પર્યટનાનુરાગી પ્રજા સમુદ્ર, સરિતા, પર્વત, ધોધ કે જંગલનાં શાંત એકાંત પ્રદેશમાં પહોંચી જાય છે ને ઈચ્છાનુસાર કેટલોક સુનિશ્ચિત સમય કુદરતની સુખદ સંનિધિમાં પસાર કરે છે. એવી રીતે જીવનનો અનોખો અવર્ણનીય આનંદ અનુભવે છે. એ વાનો સુસજ્જ અથવા સર્વપ્રકારની સુવિધાથી સંપન્ન હોય છે. એમાં ભોજનાલય, શૌચાલય, શયન માટેની સગવડ બધું જ હોય છે. કેટલાક પ્રવાસીઓ તંબુ લઈને આવેલા. એ પોતપોતાની પસંદગીના પ્રદેશમાં તંબુઓ તાણીને બેઠેલા દેખાયા.

કેટલાક સહેલાણીઓ સમુદ્રમાં કૂતરાઓને લઈ જતા ને સ્નાન કરતા દેખાયા.

એવી રીતે એ આખુંય દૃશ્ય અદ્‌ભુત લાગ્યું.

સાઉથપૉર્ટની વિદાય લીધી ત્યારે સાંજ પડવાની તૈયારી હતી. મનહરભાઈ અને એમનાં સહધર્મિણી સુલોચનાબહેનની આંખ ભીની થઈ. એ અમને મૂકવા માટે પ્રેસ્ટન આવ્યાં, ને ત્યાંથી ભાવભરેલા હૈયે વિદાય થયાં. ‘આવજો, પાછા સાઉથપૉર્ટ પધારજો. લાંબા વખત સુધી શાંતિથી રહેવાનો કાર્યક્રમ કરીને આવજો.’ એમના વિદાય વખતના એ ઉદ્‌ગારો આજે પણ નથી ભુલાયા. ઈશ્વરે શરીર તો દેખીતી રીતે સાધારણ જ બનાવ્યું છે, પરંતુ એમાં મૂકેલું મન અને અંતર અસાધારણ અથવા અનુપમ છે. એમાં કેવા કેવા કલ્પનાતીત ભાવો વહેતા હોય છે ? એને લીધે, એ પ્રેમના અને કરુણાના ભાવોને લીધે, જીવન જીવવા જેવું તથા મધુમય લાગે છે. આનંદ આપે છે. સંસારના પુણ્યપ્રવાસમાં છૂટા પડેલા આત્માઓ પુનઃ પાછા મળશે જ એવું પ્રતીતિપૂર્વક કહી શકાય ખરું ? અને કહી શકાય તો પણ ક્યાં ને ક્યારે મળશે તે કેવી રીતે કહી શકાય ? તો

પણ એમના સદ્ભાવ, સ્નેહ અને એમના આત્માએ રેલેલી સુવાસ અક્ષય હોય છે. એ ચિરકાળ સુધી આનંદ આપે છે. મહામૂલ્યવાન તથા પ્રેરક ઠરે છે.

પ્રેસ્ટનથી પ્રયાણ કરવાનો સુનિશ્ચિત સમય આવી પહોંચ્યો. પ્રેસ્ટનથી બૉલ્ટન. બૉલ્ટનથી પ્રેમી સત્સંગીભાઈ શ્રી વિઠ્ઠલભાઈ અમને લેવા માટે નિર્ધારિત સમયે આવી ગયા. મંદિરના પ્રમુખ શ્રી છોટાભાઈની ખાસ ઈચ્છા અને વિનંતી હતી કે, મારે તે દિવસની મંદિરની જનરલ મિટિંગમાં ખાસ આમંત્રણથી ઉપસ્થિત રહીને સૌને શુભાશીર્વાદના પ્રેરક શબ્દો કહેવા ને માર્ગદર્શન આપવું. કાર્યકર્તાઓમાં ને જનતામાં છેલ્લા કેટલાક વખતથી એકરાગ નહોતો પ્રવર્તતો. એને લીધે સઘળું સારી પેઠે પતી જાય એવા પ્રયોજનથી પ્રેરાઈને એમણે એવી અરજ કરેલી. એમની વિનંતીને માન આપીને અમે એ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં. મેં સૌને શાંતિ તથા સંપથી રહીને સર્વહિતને માટે સંયુક્ત રીતે કાર્ય કરવા જણાવ્યું. એની અસર ઘણી સારી થઈ. પાછળથી છોટાભાઈએ મને ફોન પર જણાવ્યું કે, 'તમારા શબ્દોનો પ્રભાવ ખૂબ જ સારો, સાનુકૂળ પડ્યો. બેઠક શાંતિપૂર્વક પૂરી થઈ. નવા પ્રમુખાદિની પસંદગી ખૂબ જ સદ્ભાવ ભરેલા વાતાવરણમાં થઈ શકી. કશી કટુતા ના થઈ કે ના રહી. એને માટે તમારો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.'

એ જાણીને મને આનંદ થયો. મારી ઉપસ્થિતિથી આટલો લાભ થયો એ વસ્તુ ઓછી અગત્યની ન હતી. એ ઉપસ્થિતિ સફળ થઈ. સાર્થક ઠરી.

* * *

## ૧૧. બૉલ્ટન

કાળ કાંઈ કોઈની રાહ જોઈને બેસી રહે છે ? કેટલીક વાર તો ખબર જ ના પડે, એના તરફ ધ્યાન જ ના જાય, એવી રીતે કાળચક્ર પોતાનું કામ કરે છે. એની ગતિ એટલી બધી ઝડપી છે કે વાત નહીં. એ ગતિ સાથે અમારી વિદેશયાત્રાની પ્રગતિ પણ ચાલુ રહી એ કાંઈ ઓછા સંતોષાનુભવની વાત ન હતી.

પ્રેસ્ટનથી બૉલ્ટન આવી પહોંચ્યા.

ઈંગ્લેન્ડનું હવામાન એકદંરે સારું અથવા સાનુકૂળ હતું. અમારો નિત્યક્રમ પ્રતિદિન એકસરખો ચાલી રહેલો. ધ્યાન, સ્નાન, વ્યાયામ, વળી ધ્યાન તથા નિયમિત લેખન. પરદેશમાં પ્રવેશ્યા પછી વ્યાયામ વધી ગયેલો અને લેખનપ્રવૃત્તિ પણ વધેલી છતાં પણ થાક નહોતો લાગતો કે કંટાળો નહોતો આવતો. ઋતુ એવી સારી હતી.

બૉલ્ટનમાં શ્રી છોટુભાઈને ત્યાંનો આવાસ એકંદરે આનંદદાયક રહ્યો. એમનાં ધર્મપત્ની ગંગાબહેન ખૂબ જ ભોળા હૃદયનાં, સરળ, સેવાભાવી અને ભાવિક હતાં. કહે છે કે ભોળાં હોય છે તેમની ઉપર ઈશ્વરની કૃપા સહેલાઈથી ઊતરી શકે છે. પરમાત્માની પરમ કૃપાને પામવા કે અનુભવવા માટે ભારેખમ ભણતરની, પાંડિત્યની કે વિદ્વત્તાની, તપ-વ્રતની, ધનવૈભવની, પદપ્રતિષ્ઠાની અથવા સત્તાની આવશ્યકતા નથી હોતી. એને માટે ભક્તિભાવની આવશ્યકતા હોય છે. એટલે તો કહ્યું છે કે, 'વહાલો પ્રેમને વશ થવા રાજી રે, એમાં શું કરે પંડિત ને કાજી'. એ પ્રેમભાવને લીધે તો ભગવાને વિદુરની ભાજી ખાધી ને દુર્યોધનના છપ્પન ભોગ છોડી દીધા. સુદામાના તાંદુલને વખાણી વખાણીને આરોગ્યા. ગોપીઓને પોતાના અલૌકિક અનુગ્રહથી કૃતાર્થ કરી. સરળ હૃદયનાં ગંગાબહેન ગંગા જેવાં જ નિર્મળ અને નિષ્કપટ હતાં. એમને એ દિવસો દરમિયાન એક અવનવો અસાધારણ અનુભવ થયો. એથી એમની 'મા' સર્વેશ્વરી પ્રત્યેની ભાવના બદલાઈ ગઈ. એ અવનવા અનુભવની વાત એમના જ શબ્દોમાં સાંભળી લઈએ:

'તમારું દર્શન તો મને આ વખતે તમે યોગેશ્વરજી સાથે અહીં આવ્યાં ત્યારે જ થયું.'

તમારું 'મા' સર્વેશ્વરી નામ પણ ત્યારે જ જાણ્યું.

ભારતીએ મને તમારે માટે કાંઈ કહેલું જ નહીં.

તમે યોગેશ્વરજી સાથે રહો છો તે પણ નહોતું કહ્યું.

મેં તમે સાથે ફરવા કે સત્સંગનો લાભ લેવા આવ્યાં હશો એવું અનુમાન કરેલું.

માફ કરજો. મેં તમને છેક જ સાધારણ સ્ત્રી જેવાં માનેલાં. તમારા મહિમાને જાણેલો નહીં. તમારું સારી રીતે, સ્નેહપૂર્વક સ્વાગત પણ નહીં કરેલું.

પરંતુ ઈશ્વરે મારી આંખ ઉઘાડી. મારું એટલું ભાગ્ય.

છેલ્લા બે દિવસથી મને એક અનોખો અનુભવ થાય છે તે કહી બતાવું.

હું યોગેશ્વરજીના પ્રવચનને સાંભળવા માટે હૉલમાં આવું છું. બધાની સાથે ખુરશી પર બેસીને હું પ્રવચનને સાંભળું છું.

પરમ દિવસે પ્રવચન ચાલતું હતું ત્યારે મેં તમારી તરફ જોયું તો મને નવાઈ લાગી.

તમે યોગેશ્વરજીથી થોડેક દૂર સ્ટેજ પર બેઠેલાં.

તમારા મુખ પર મને એક પ્રકારનો અલૌકિક પ્રકાશ દેખાયો.

હું વિચારમાં પડી કે આ શું ?

તમારું મુખમંડળ ચમકી રહેલું.

મેં થોડી વાર પછી નજરને હઠાવી લીધી; ને ફરી વાર તમારી તરફ જોયું તો પાછો એવો જ અલૌકિક પ્રકાશ દેખાવા લાગ્યો.

એ પ્રકાશને લીધે તમારું મુખ ખૂબ જ સુંદર અને આકર્ષક લાગતું'તું. કોઈક દેવદેવી જેવું. બીજે દિવસે એટલે ગઈ કાલે મેં પ્રવચનમાં મારી બેઠક બદલી. હું બીજી બાજુની ખુરશી પર બેઠી.

ત્યાંથી જોયું તો પણ એવો જ અનુભવ થયો.

તમારા મુખ પર એવો જ અદ્ભુત પ્રકાશ જોવા મળ્યો. ખૂબ જ સરસ પ્રકાશ. ત્યારે મને થયું કે તમે તો સતી છો. તમારામાં શક્તિ છે. મહારાજે જે કહેલું તે મને સાચું લાગ્યું. તમે ખરેખર દેવી છો. મારે તમને પગે લાગવું છે.

એમ કહીને ગંગાબહેન 'મા' સર્વેશ્વરીને પગે લાગ્યાં ને બોલ્યાં, અહીં ઘરમાં તમને આખો દિવસ જોઉં છું, પરંતુ તમારામાં એવું કશું જ નથી દેખાતું. ત્યાં મંદિર છે એટલે તમારું રૂપ જૂદું જ દેખાય છે.

એ રૂપ કોના જેવું દેખાય છે તે બતાવું ?

આના જેવું, 'આ હનુમાનજીના તેજસ્વી ફોટા જેવું.'

એમણે એમના ઘરમાંથી હનુમાનજીનો સુંદર ચિત્તાકર્ષક ફોટો લાવીને કહેવા માંડ્યું.

'મા' સર્વેશ્વરી એમને શું કહે ? શું સ્પષ્ટીકરણ કરી બતાવે ? એની આવશ્યકતા જ ક્યાં હતી ? એમણે શાંતિપૂર્વક, એમની પ્રખર શ્રદ્ધાભક્તિને અંજલી આપતાં કે બિરદાવતાં માત્ર એટલું જ જણાવ્યું કે, 'તમારું હૃદય છળરહિત કે નિર્મળ છે. તમારો સ્વભાવ ભોળો છે. તેથી તમને એવું અનુભવવા મળે છે. ઈશ્વર એવા અલૌકિક અનુભવ આપે છે. તમારી ઉપર ઈશ્વરની કૃપા. તમારા સંસ્કારો ઘણા સારા કહેવાય.'

એમણે અસાધારણ સંતોષ અને આનંદ વ્યક્ત કરીને 'મા' સર્વેશ્વરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

થોડી વાર શાંત રહીને એ આગળ બોલ્યા :

'અમારે ત્યાં કેટલાય સંતો, ભક્તો, કથાકારો અથવા ઉપદેશકો આવે છે, પરંતુ મારું મન યોગેશ્વરજી પ્રત્યે સૌથી વધારે ઢળે છે. મને એ સૌથી વધારે ગમે છે ને સારા કે સર્વોત્તમ લાગે છે.'

'એ તો પોતપોતાની રુચિ કે પસંદગીની વાત છે. કોનું મન ક્યાં ને શા માટે ઠરે છે, ને કોને શું ને શા માટે ગમે છે તે કોણ કહી શકે ?'

ગંગાબહેન બોલ્યાં : 'મારે કોઈ ગુરુ નથી. હું પુટ્ટપાર્થી ગયેલી ત્યારે સત્ય સાંઈબાબાને ચરણસ્પર્શ કરીને પગે લાગેલી એટલે એમને ગુરુ માનું છું. એમના નામની રોજ બે માળા ફેરવું છું. એ ઉપરાંત, એક વાર સાંભળેલું કે બધું ગુરુને અર્પણ કરીને વાપરવું જોઈએ, એટલે સવારે ચા પીતાં પહેલાં તે એમને અર્પણ કરું છું. મને પાન ખાવાની ટેવ છે તો પહેલાં પાન એમના ફોટા આગળ ધરું છું અને એ પછી જ આરોગું છું.

ભોજનનું પણ એવું જ છે. ભોજનની થાળી પહેલાં એમની આગળ મૂકીને ભોજન એમને અર્પણ કરું છું અને એમનો પ્રસાદ સમજીને ગ્રહણ કરું છું.'

એમના ઉદ્‌ગારોની પાછળ ઉદાત્ત ભાવનાએ ભગવદ્ ગીતાના પેલા સનાતન સુંદર સારગર્ભિત પ્રેરક ભગવદ્ વચનની સ્મૃતિ કરાવી : 'તું જે કરે, જે ખાય, હોમે, જે પ્રદાન કરે અને કોઈ પણ તપવ્રત કરે, તે બધું હે કૌન્તેય, મને અર્પણ કર. એવી રીતે તું શુભાશુભ ફળથી કે કર્મબંધનથી મુક્તિ મેળવીશ, સંન્યાસ તથા યોગથી સંપન્ન બનીશ, મુક્તાત્મા થઈશ અને મારી પ્રાપ્તિ કરીશ. '

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥९-२७॥
शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥९-२८॥

એ ભગવદ્ વચનોની પાછળની ઉદાત્ત ભાવના ગુરુને લાગુ પડે છે. ગુરુને પરમાત્માના પવિત્ર પ્રતિનિધિ માનીને એ સદ્‌ભાવનાનો અમલ કરી શકાય છે.

ગંગાબહેન એવું જ કરી રહ્યાં છે. એમની પ્રવૃત્તિ શાસ્ત્રાનુકૂળ હતી.

એમણે શાસ્ત્રોને વાંચ્યાં વિચાર્યાં ન હતાં તો પણ એમનાં અંતઃકરણની નિર્મળતાને લીધે એમને સારુ શાસ્ત્રોના રહસ્યો સુલભ બન્યાં.

એમને એથી સંતોષ થતો.

*

બૉલ્ટનના એક બીજા સરલ હૃદયના સત્સંગી સોમાભાઈનો નામનિર્દેશ આવશ્યક કહેવાય. એમનો પ્રેમભાવ, સેવાભાવ અદ્‌ભુત અને ઉલ્લેખનીય. અસાધારણ કહેવાય એવો. પ્રત્યેક વખતે ઠેઠ ઈ.સ.૧૯૭૭ના પ્રથમ પરદેશપ્રવાસ વખતથી જ અમને દક્ષિણ આફ્રિકામાં લઈ જવાની ઈચ્છા પ્રદર્શાવતા. અમારા ઝામ્બિયા પ્રવાસની સુવાસ ત્યાંના એક ગુણાનુરાગી કાર્યકર્તા દ્વારા દક્ષિણ આફ્રિકા પહોંચી. પરિણામે ત્યાંથી ઈ.સ. ૧૯૭૯માં જ આમંત્રણ આવ્યું. ત્યારથી માંડીને અત્યાર સુધી અનેક વાર આમંત્રણ આવવા છતાં પણ સંજોગવશાત્ ત્યાં જઈ શકાયું નથી એવું જાણીને સોમાભાઈ ત્યાં લઈ જવા માટે તૈયાર થયા. એમણે ત્યાં ફોન પણ કર્યો, પરંતુ તે વખતે ત્યાં તરત જઈ શકાય તેમ નહોતું. એટલે આગળ પર જ્યારે પણ જવાનું થશે ત્યારે અગાઉથી ખબર આપીશું એવું એમને આશ્વાસન આપ્યું. એમનો ભાવ આવકારદાયક હતો. પોતાને જેવો લાભ થયો છે ને થઈ રહ્યો છે એવો લાભ અન્યને પણ મળે એવી એમની અભિલાષા હતી. લાગતાવળગતા સૌની અંદર એવી અભિલાષા જાગે તો સંસારનું ચિત્ર કેટલું બધું સુધરી જાય ને સુખદ થાય ?

સોમાભાઈ છેલ્લા કેટલાક વખતથી નોકરી નહોતા કરતા તોપણ સેવાકાર્ય માટે મોટી રકમ આપવા તૈયાર થયા. એમને થોડોક વખત રાહ જોવાનું કહેવામાં આવ્યું તો તે તરત જ બોલ્યા કે, જીવનનો કોઈ જ ભરોસો નથી. કોણ જાણે ક્યારે પૂરું થઈ જાય. એટલે સત્કર્મના અનુષ્ઠાન માટે વિલંબ કરવાનું હિતાવહ નથી. જે વિચાર કે સદ્‌ભાવના મનમાં પેદા થયાં છે તે સાકાર બને એટલે મને સંતોષ થાય.

એમની સદ્‌ભાવનાને માટે મેં એમને અભિનંદન આપ્યાં. એમની ભાવના ખરેખર અભિનંદનીય અને અનુકરણીય હતી.

સોમાભાઈના જીવનનું એ એક બીજું પ્રેરક પ્રાણવાન પાસું હતું. માતાની સેવા.

એમની માતા વયોવૃદ્ધ અને અશક્ત હોવાથી ચાલી શકે તેમ ના હોવાથી, અમે એમને ઘેર ગયાં ત્યારે એ એમને વ્હીલચેર-પૈડાંવાળી ખુરશીમાં બેસાડીને અમારી પાસે લઈ આવ્યા. પરદેશમાં માતૃસેવાના જીવતાંજાગતાં જાજ્વલ્યમાન આદર્શ ઉદાહરણો બહુ ઓછાં જોવા મળે છે. ત્યાંની પ્રજામાં માતાપિતા તથા સંતાનો શરૂઆતથી જ, અમુક ઉંમર થતાં, છૂટાં પડી જાય છે.

બૉલ્ટનના શ્રી વિઠ્ઠલભાઈનો પિતાપ્રેમ પણ એવો જ ઉલ્લેખનીય હતો. એમને ગુજરાતના દૂરદૂરના નાનાસરખા ગામડામાં એકલા રહેનારા એમના વયોવૃદ્ધ પિતાની ચિંતા થયા કરતી. પિતાને એમની પાસે ઈંગ્લેન્ડમાં રહેવું નહોતું અને ઈંગ્લેન્ડનું કામકાજ છોડીને એ પોતે અનિશ્ચિત કાળને માટે ત્યાં જઈ શકે તેમ નહોતા. એમનાં ધર્મપત્નીનું સ્વાસ્થ્ય પણ સારું નહોતું રહેતું તેથી તેમને અનિશ્ચિત કે સુદીર્ઘ સમયને માટે ગુજરાતમાં એકલા મૂકી શકાય તેમ નહોતું. મેં એમને વચગાળાનો સાનુકૂળ રસ્તો દર્શાવ્યો. એથી એમને સંતોષ થયો. જે દેશમાં માતાપિતા તથા સંતાનો પ્રત્યેનો પ્રેમ અને સેવાભાવ નહિવત્ છે તે દેશમાં વરસો સુધી વસીને તથા સમૃદ્ધ બનીને એમણે પોતાના પિતા પ્રત્યેના પ્રેમભાવને સાચવી રાખેલો એ હકીકત ઓછી અભિનંદનીય નહોતી.

* * *

## ૧૨. ઈંગ્લેન્ડમાં ચોરી

ઈંગ્લેન્ડમાં ચોરી થાય છે ? હા, થાય છે.

કહે છે કે થોડાંક વરસો પહેલાં ત્યાં ચોરી, ખૂન, હિંસા, અપહરણ, લૂંટફાટનું પ્રમાણ નહિવત્ મનાતું, પરંતુ વખતના વીતવાની સાથે પરિસ્થિતિએ પલટો લીધો છે. હવે ત્યાં પણ બીજા દેશોમાં થતા અને દેખાતા અનેકવિધ અપરાધો થાય છે ને દેખાય છે. એવા અપરાધોમાં ચોરીનો પણ સમાવેશ થાય છે.

અમારો કાર્યક્રમ ઈંગ્લેન્ડના પ્રથમ કક્ષાના સુવિશાળ સમૃદ્ધ બર્મિંગહામ શહેરમાં ચાલી રહેલો ત્યારે ત્યાંના સુપ્રસિદ્ધ ગીતામંદીરના પ્રમુખ શ્રી ભરદ્વાજ એક દિવસ પ્રવચનમાં ખૂબ જ મોડા આવ્યા. મને એમ કે કોઈ અગત્યના અનિવાર્ય સામાજિક કાર્યક્રમને લીધે મોડા પડ્યા હશે. એ ત્યાંની શિક્ષણસંસ્થામાં અધ્યાપક તરીકે કાર્ય કરતા હોવાથી એ સંબંધી કોઈક મહત્વનું કર્તવ્ય આવી પડ્યું હોય એવું અનુમાન થયું, પરંતુ એમણે સ્વયં સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે ઈંગ્લેન્ડમાં છેલ્લા કેટલાંક વરસોથી ચોરીનું પ્રમાણ વધતું જાય છે. ચોરીના એવા જ એક તાજા બનેલા બનાવને લીધે મારે એકાએક રોકાઈ જવું પડ્યું એટલે આજે પ્રવચનમાં મોડું થયું. હું પ્રવચનની છેલ્લી પાંચેક મિનિટ પહેલાં જ આવી શક્યો.

ચોરીનો બનાવ કોને ત્યાં બન્યો ?

મારે ત્યાં.

તમારે ત્યાં ?

હા, મારે ત્યાં.

થોડાક સમય સુધી વિચારયુક્ત મુખમુદ્રામાં રહીને એમણે એમની વાતના અનુસંધાનમાં આગળ જણાવ્યું: આજે બપોરે મારે ત્યાં ચોરી થઈ. હું અને મારી ધર્મપત્ની બંને બહાર કામ પર હતાં. એ તકનો લાભ લઈને ચોરે અમારા મકાનનો પાછલો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો. એ દરવાજો હજુ એવી તૂટેલી દશામાં જ છે. અહીંથી પાછા ફરીને એની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે, ચોરીનો બનાવ બન્યો. એટલે પોલીસને ખબર આપવામાં, બોલાવવામાં અને એવી જરૂરી વિધિને આટોપવામાં થોડોક વખત ગયો. એટલે જ મોડું થયું.

ખાસ કાંઈ ગયું છે ખરું ?

ઘણું બધું ગયું છે. ઈશ્વરની એટલી અનુકંપા કે કોઈ જાનની હાનિ નથી થઈ. અમે કોઈ ઘરમાં હતાં જ નહીં. બાળકો પણ સ્કૂલમાં ગયેલાં, એટલે એની શક્યતા જ નહોતી.

ભરદ્વાજ દેખીતી રીતે જ સહેજ ઉદ્વિગ્ન હતા તોપણ એવી આકસ્મિક રીતે આવી પડેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એ પોતાના મનને બનતું સ્વસ્થ રાખી શકેલા. એ સહેજ પણ ઉશ્કેરાયા સિવાય શાંતિપૂર્વક વાત કરી રહેલા. એ વાત ઓછી આદર્શ, આવકારદાયક અને અભિનંદનીય નહોતી.

એ શાંતિપૂર્વક કોઈ પણ પ્રકારની ઉત્તેજના વિના વાત કરી રહેલા તેનું ખાસ કારણ હતું. એમનો જીવન પ્રત્યેનો ચોક્કસ અભિગમ એમને એવી રીતે વાતચીત કરવા માટે પ્રેરી રહેલો. એના પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં અથવા એનો આછોપાતળો પરિચય આપતાં એમણે કહેવા માંડ્યું :

'જે જવાનું છે તે જવાનું જ છે ને નથી જવાનું તે નથી જવાનું. પ્રત્યેક પદાર્થનો, વ્યક્તિ કે વસ્તુનો ચોક્કસ ઋણાનુબંધ હોય છે. એને અનુસરીને એ રહે છે કે વિદાય થાય છે. એની વિદાયનું કોઈ ને કોઈ કારણ કે નિમિત્ત બની જાય છે. એનો વિષાદ કે વસવસો નિરર્થક છે.'

એક સારા સમજુ, આદર્શ અધ્યાપક પાસેથી વિવેકની એટલી અપેક્ષા રાખવામાં કાંઈ વધારે પડતું નથી થતું.

ચોરીનો બીજો પ્રસંગ અમે લંડનમાં જે મકાનમાં રહેવા ગયાં તે મકાનમાં અમારા પ્રવેશના પાંચ છ દિવસ પહેલાં બનેલો. ચોરલોકોએ પાછલા બારણાને તોડીને રાતે ઘરમાં પ્રવેશીને, બીજા પ્રવેશદ્વારોને તોડીને ઘરેણાં તથા વસ્ત્રોની ચોરી કરેલી. ઘરના ત્રણ યુવાન ભાઈબહેન ઘરમાં સૂતેલાં હોવા છતાં કોઈને તેની ખબર નહીં પડેલી.

બર્મિંગહામ શહેરનાં મારાં પ્રવચનો દરમિયાન લગભગ બીજે દિવસે, પ્રવચન ચાલુ કર્યું ત્યારે ભરદ્વાજજીએ મને ચિઠ્ઠી મોકલીને જણાવ્યું કે આજે બર્મિંગહામ યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓ તમારું પ્રવચન સાંભળવાં આવ્યા છે. તે વિદ્યાર્થીઓ હિંદી ભાષાને નહીં સમજે માટે અંગ્રેજી બોલવાની કૃપા કરશો.'

એમની વાત સહેલાઈથી સમજી શકાય તેવી હતી.

યુનિવર્સિટીના મોટી સંખ્યામાં આવેલા યુવાનો એમની સહાધ્યાયિની યુવતીઓ સાથે સામે જ બેઠેલા.

એ બધાં જિજ્ઞાસાથી પ્રેરાઈને જ આવેલાં.

એમને સમજાય એવી ભાષામાં બોલવાનું આવશ્યક હતું.

પ્રવચન સાંભળનારાં કેટલાક શ્રોતાઓ – ખાસ કરીને સ્ત્રી શ્રોતાઓ અંગ્રેજી નહોતા સમજી શકતાં. એમની રસવૃત્તિને કે જીજ્ઞાસાને સંતોષવાનું પણ એટલું જ આવશ્યક હતું, એટલે વચગાળાના વિકલ્પ તરીકે મેં હિન્દી અને અંગ્રેજી ઉભય ભાષામાં પ્રવચન કર્યું.

મારા માન્યા મુજબ એ વિકલ્પ સફળ થયો. ભરદ્વાજની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

વિદ્યાર્થીઓ સારી પેઠે સંતોષ પામ્યા.

પરદેશમાં કેટલાક યુવાનો જીજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પ્રવચનોમાં જાય છે ને કેટલાક પ્રશ્નો પૂછે છે. એમની જીજ્ઞાસાવૃત્તિનું સંતોષકારક રીતે શમન થાય તે આવશ્યક છે. યુવાનોને ધર્મની કોઈ વાત ના સમજાય તો સમજવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. એવી ઈચ્છાને સમજીને બનતી મદદ કરવા તૈયાર રહીએ તો સરવાળે એમને લાભ જ થાય.

યુવાનોનો એક બીજો વર્ગ પણ છે જે ધર્મમાં રસ લેવાને બદલે ધર્મને નિરુપયોગી તથા હાનિકારક સમજે છે, ને સર્વપ્રકારની ધાર્મિક પ્રવૃત્તિથી દૂર રહે છે. એમનામાંના કેટલાક સ્વતંત્ર જીવન જીવે છે, તથા વ્યસની અને કુમાર્ગગામી બને છે.

પરદેશમાં એવા બંને પ્રકારના જીવનપ્રવાહો જોવા મળે છે. પ્રથમ પ્રકારનો પ્રવાહ પ્રમાણમાં નાનો હોવા છતાં પ્રાણવાન, આવકારદાયક અને સારો છે. એ પ્રવાહને પોષવામાં ને પ્રબળ બનાવવામાં આવે એ ઈચ્છવા જેવું છે.

* * *

## ૧૩. એક અંગ્રેજ જીજ્ઞાસુ

બર્મિંગહામથી રગ્બી થઈને છેવટે લંડન.

લંડનના સાઉથ હૉલ વિસ્તારમાં શ્રી બચુભાઈને ત્યાં ઊતરવાનું થયું.

લેસ્ટરના શ્રીકાંતભાઈએ મોટરસેવા આપી.

બચુભાઈ બે વરસ પહેલાં ઝામ્બિયાના એન્ડોલા શહેરમાં અમારા યજમાન બની ચૂકેલા.

એમને ત્યાં ભગવાન દત્તાત્રેયની પૂજા.

એ દત્ત ભગવાનના પરમ ઉપાસક, સેવાભાવી, શ્રદ્ધાભક્તિસંપન્ન સત્પુરુષે મારાં પ્રવચનો માતા શારદાદેવીના સુપ્રસિદ્ધ મંદિરમાં ગોઠવેલાં.

એ મંદિરના પ્રમુખ કાર્યકર્તા, પ્રબંધક, પૂજારી રૂપાનંદ એક અતિ વિરલ કહી શકાય તેવા પુરુષ હતા.

એમનાં હૃદયમાં, રોમરોમમાં, વાણીમાં, વિશદ વ્યવહારમાં, સર્વત્ર ઊંડા અપાર્થિવ ભક્તિભાવનું દર્શન થતું.

ત્યાંનાં પ્રવચનો દરમિયાન શ્રોતાઓમાં એક અંગ્રેજ આવતા. તે દૂરની દીવાલ પાસે શાંતિથી ભક્તિભાવથી ભરપૂર ધ્યાનમુદ્રામાં બેસી રહેતા.

તેમને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હતું. પરંતુ જ્યાં ભાષાઓ પર્યવસાન પામે છે અને એકનિષ્ઠ પ્રેમભાવની નવી જ ભાષા આરંભાય છે એ આત્માની અલૌકિક દુનિયામાં એમને ઓતપ્રોત બનતાં આવડતું. એથી એ શાંત રહેતા.

મંદિરની આરતી પછી વિદાય થતી વખતે એકાદ વાર પૂછવામાં આવતાં એ બોલ્યાઃ

'મને પ્રવચનની ભાષા નથી સમજાતી પરંતુ એ પ્રવચન ભગવાન સંબંધી છે એવું સમજાય છે. એટલે આખાય પ્રવચન દરમિયાન ભગવાનના સ્મરણમાં, મનનમાં ને ભગવદ્ ભાવમાં ડૂબી જાઉં છું. મને ભગવદ્ ભાવની અસર થાય છે પરમાણુઓ પહોંચે છે ને પ્રભાવિત કરે છે. વધારે ને વધારે પ્રભુમય તથા પવિત્ર બનાવે છે.'

થોડોક વખત શાંત રહીને એમણે આગળ કહ્યું:

'મને ભગવાન કૃષ્ણ ગમે છે. સૌથી વધારે ને બધી રીતે ગમે છે. એટલે એમનાથી આકર્ષાઈને હું રોજ મંદિરમાં આવું છું. અહીં મને ખૂબ જ શાંતિ મળે છે.'

ધન્ય એ ભાવના.

ભગવદ્ ભાવના ક્યારે ને ક્યાં પ્રગટે છે તે વિશે ચોક્કસપણે કશું જ નથી કહી શકાતું; પરંતુ જ્યાં ને જ્યારે પ્રગટે છે ત્યાં ને ત્યારે સદાને માટે વંદનીય અને સન્માનનીય લાગે છે એમાં શંકા નથી.

એ દેશ-કાળ-જાતિ-વયનાં બાહ્ય બંધનથી રહિત છે. પરમ કલ્યાણકારક છે.

* * *

## ૧૪. આરતીનો આવિર્ભાવ

લંડનના નિવાસ દરમિયાન ગુજરાતના સુપ્રસિદ્ધ, સંનિષ્ઠ સંતપુરુષ રંગ અવધૂત મહારાજ વિશે વારંવાર વાતો થતી. બચુભાઈને એવી વાતોમાં, એ રંગઅવધૂત મહારાજને સદ્ગુરુ માનતા હોવાથી, વિશેષ રસ પડતો. એમને ત્યાં ઝામ્બિયામાં એ પરમપ્રતાપી લોકોત્તર મહાપુરુષ પધારેલા ત્યારે એમણે એમની સારી પેઠે સેવા કરેલી. એ સમયની એમની કેટલીક સંસ્મૃતિઓને એમણે સાચવી રાખેલી. એમની બેસવાની ખુરશી, લાકડી જેવી એ સંસ્મૃતિઓ લંડનના એમના સેવાપૂજા ખંડમાં રખાયેલી. એ મહાપુરુષના પ્રત્યક્ષ પરિચયનું – દર્શનસમાગમનું સદ્ભાગ્ય મને તો નહોતું સાંપડ્યું પરંતુ એમના વિશેની વિવિધ વાતોને સાંભળવાનો સુઅવસર સાંપડેલો. એના પરિણામે એમને માટે કુદરતી રીતે જ પરમાદરભાવ પ્રગટેલો.

બચુભાઈ રોજ સવારે ને સાંજે સકુટુંબ રંગઅવધૂત મહારાજની આરતી ઉતારતા ત્યારે એમનું અંતર સહજ રીતે જ ભાવવિભોર બની જતું. આરતી અતિશય ભાવપૂર્વક ગવાતી હોવા છતાં પણ મને એની શબ્દાવલિને સાંભળીને સંતોષ નહોતો થતો. જોકે ભગવાન ભાષા કરતાં ભાવને જ વધારે અગત્ય આપે છે તોપણ મને એવો ભાવ થયા કરતો.

એ ભાવને મેં એક દિવસ આરતીની પરિસમાપ્તિ પછી પ્રગટ કર્યો.

પરંતુ બીજે દિવસે મને એક વિચાર આવ્યો. મને થયું કે વરસોથી ગવાતી આરતીને બદલે મારે આ કુટુંબને એક બીજી નવી આરતી આપવી જોઈએ, પરંતુ એ કેવી રીતે આપવી ? ઈશ્વરની ઈચ્છા કે કૃપા હોય તો જ તે શક્ય બને. ઈશ્વરની કૃપાથી એ દિવસે એક નવી આરતીનો આવિર્ભાવ થયો.

હું તો આરતી ઉતારું અવધૂતની રે.
અવધૂતની રંગ અવધૂતની રે ... હું તો આરતી.

નારેશ્વરના એ સંત મહંતની રે,
નાથ બ્રહ્માંડના બ્રહ્મરૂપની રે ... હું તો આરતી.

નીર નર્મદાના સોહી જેનાથી રહ્યાં,
જેણે કીધાં પવિત્ર એને કરતાં દયા,
બલિહારી એ દિવ્ય અવધૂતની રે ... હું તો આરતી.

આદિ અજ ને અખંડ અવિનાશી કહ્યા,
જેને વેદોએ સત્ય અને અનંત છે લહ્યા,
જ્ઞાનપ્રેમના સ્વરૂપ પરમાત્માની રે ... હું તો આરતી.

રવિ દિવસે રાતે ચંદ્ર આરતી કરે,
અગ્નિતારક સ્તવે જેને મૂંગા સ્વરે

વાયુ વ્યોમ ધરા જડ ચેતન પ્રાણની રે ... હું તો આરતી

સર્વ સંકટ હરે પૂર્ણ મંગલ કરે,
જેનું લેતાં શરણ સુરમુનિનર તરે,
કરું પૂજા બ્રહ્માંડના ભૂપની રે ... હું તો આરતી

રાગ હ્રદયે રોમે ને અંગઅંગમાં રે,
કણકણમાં શ્વાસ સદા સંગમાં રે,
કૃપા માગું સદાય દત્તરૂપની રે ... હું તો આરતી

લંડનમાં ૨-૯-૧૯૮૧ના દિવસે અવતરણ પામેલી એ આરતી સૌને ખૂબ જ ગમી. એને ભાવપૂર્વક ગાવામાં આવી. રંગ અવધૂત મહારાજના ભક્તોમાં એનો પ્રસાર કરવા બચુભાઈ એની નકલો તૈયાર કરાવી. પાછળથી એ નારેશ્વરમાં ગવાયેલી અને રંગ અવધૂત મહારાજની સ્મૃતિમાં નીકળતી પત્રિકામાં છપાયેલી. મને સ્વાભાવિક રીતે જ સંતોષ થયો. કોઈની શ્રદ્ધાને હલાવવાનું કામ કરવામાં આવે તેનાં કરતાં એ શ્રદ્ધાને દૃઢતર બનાવવા માટે એને વિશેષ સારી સમાગ્રી આપવામાં આવે એ આવશ્યક છે. મને એની સુખદ પ્રતીતિ થઈ.



* * *

## ૧૫. નાયગ્રાનો ધોધ

લંડનથી ટોરન્ટો.

લંડનના હીથ્રો એરપૉર્ટથી પ્રયાણ કરીને કેનેડાના સુપ્રસિદ્ધ ટોરન્ટો શહેરમાં પહોંચ્યાં ત્યારે અંધારું થઈ ચૂકેલું. માર્ગમાં ન્યૂયોર્કમાં વિમાન બદલવું પડ્યું. ટોરન્ટોના વિમાન માટે અમારે ન્યૂયોર્કના કેનેડી એરપૉર્ટ પર ઊતરીને લગવાર્ડીયા એરપોર્ટ (LaGuardia Airport) પર પહોંચવું પડ્યું. એવી રીતે પહોંચવામાં કશી તકલીફ ના પડી.

ટોરન્ટોમાં અતિ વિશાળ વ્યવસ્થિત એરપૉર્ટ પર ઊતરીને સુવિશાળ સ્વચ્છ રાજમાર્ગો પરથી પસાર થતાં, અમે ઉતારા પર આવી પહોંચ્યાં. અમારાં યજમાન દંપતી સુરેશભાઈ શાહ તથા વિમળાબહેન. ટોરન્ટોની અમારી છેલ્લી મુલાકાત દરમિયાન અમે એમને ત્યાં જ ઊતરેલાં અને એમણે અમારી અતિશય સ્નેહપૂર્વક સેવા કરેલી. એ વખતે ભાડાના ફ્લેટમાં રહેતા પરંતુ હવે એમનું પોતાનું સ્વતંત્ર મકાન થયેલું. એને અવલોકીને અમને આનંદ અને સંતોષાનુભવ થાય એ સ્વાભાવિક હતું. કેનેડાની છેલ્લી મુલાકાત દરમિયાન મારી સાથે માતાજી જ્યોતિર્મયી પણ હતાં. એકાદ વરસ પહેલાં એમણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો હોવાથી આ વખતે એ મારી સાથે ન હતાં. 'મા' સર્વેશ્વરી મારી સાથે હતાં. એમનો પ્રત્યક્ષ પરિચય સૌને માટે પહેલવહેલો હોવા છતાં અમારાં યજમાન દંપતીને તથા અન્ય સત્સંગી આત્માઓને એમની સાથે ભળતાં અથવા એકરૂપ બનતાં વાર ના લાગી. એમનો સરળ, નિર્મળ, પ્રેમમય વ્યવહાર જ એમનો સાચો પરિચય કરાવનારું પ્રાણવાન પરિબળ થઈ પડ્યો.

કેનેડામાં હોઈએ એટલે નાયગ્રાના ધોધના નિરીક્ષણનો કાર્યક્રમ તો ગોઠવાય જ. ગયા વખતે પણ ગોઠવાયેલો.

નાયગ્રાના ધોધની ગણના દુનિયાની સૌથી મોટી અજાયબીઓમાં થાય છે. એ ધોધ અવશ્ય દર્શનીય છે. અમે એની મુલાકાત લીધી ત્યારે રજાનો દિવસ હોવાથી દર્શનાર્થી મોટી સંખ્યામાં ઊમટેલા. ઠંડક સારા પ્રમાણમાં હતી. વિશાળ ધોધની દિશામાંથી પ્રખર પવનને લીધે જલશીકરો આવતા તે પ્રવાસીઓના શરીર પર પડતા ત્યારે તે વખતની ઠંડી અસહ્ય લાગતી. એ ઠંડીથી ઊગરવા માટે પ્રવાસીઓ આજબાજુના સુરક્ષિત સ્થાને દોડતા દેખાતા.

એવી અસાધારણ ઠંડીમાં મારા તદ્દન સાદા બૂટ તથા મોજાં સિવાયનાં ગરમ વસ્ત્રો વિનાના પોશાકને લીધે પ્રવાસીઓનું ધ્યાન મારા પ્રત્યે સહજ રીતે જ આકર્ષાતું અને એમને કુતૂહલ થતું.

નાયગ્રાના ધોધની પેઠે એમને મારું દર્શન અથવા અવલોકન અવનવું અજાયબી ભરેલું થઈ પડતું. મને સૌ આશ્ચર્યચકિત નજરે નિહાળતા. એક દંપતીએ તો મારી સાથેના એક સત્સંગી ભાઈને પાસે બોલાવીને મારી વિશે પૂછ્યું પણ ખરું : 'આ સદ્‌ગૃહસ્થને ઠંડી નથી લાગતી ? એમના હાથપગ ઉઘાડા છે. એમનું માથું પણ ખુલ્લું છે અને એમનાં વસ્ત્રો તદ્દન સાધારણ છે.'

'એમને આપણા કરતાં ઓછી ઠંડી લાગે છે.'

'એ ક્યાંથી આવે છે ને કોણ છે ?'

'ભારતથી આવેલા ભારતના યોગી છે.'

યોગી શબ્દ સાંભળીને એમને નવાઈ લાગી.

'યોગીને ઠંડી ના લાગે ?'

'બીજા કરતાં ઓછી લાગે.'

'ભારતમાં એ મોટે ભાગે ક્યાં રહે છે ?'

'હિમાલયમાં..'

'હિમાલય એટલે ?'

એમને માટે હિમાલયનું નામ નવું હતું. એમને એનો ખ્યાલ આપવામાં આવ્યો એટલે એમણે પૂછ્યું : 'હિમાલયમાં રહીને એ શું કરે છે ? '

એમની જિજ્ઞાસાવૃત્તિ સહજ હતી. તદ્દન નૈસર્ગિક. હિમાલયનો પૂરતો ખ્યાલ પ્રત્યેક પરદેશીને ના હોય, અને હોય તો પણ સાચો ના હોય એ સમજી શકાય તેમ છે.

એમને એનો ખ્યાલ આપવામાં આવ્યો. સાથેસાથે ત્યાંના મારા સાધનાત્મક અનુભવો વિશે કાંઈક કહેવામાં આવ્યું.

એ સાંભળીને એમને પ્રસન્નતા થઈ. એમણે મને વિદાય થતી વખતે સહેજ પાસે આવીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. મેં એનો સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો.

નાયગ્રા ધોધનું દૃશ્ય હૃદયંગમ હતું. અતિશય ચિત્તાકર્ષક. કેનેડા તથા અમેરિકાની સંયુક્ત સરહદ પર આવેલો એ ધોધ અતિશય વિશાળ તથા વેગવાન હતો. એમાં એક વિભાગમાં સ્ટીમલોંચમાં બેસીને વિહરવાની વ્યવસ્થા હતી. એ સ્ટીમલોંચ કાચથી બંધ કરવામાં આવેલી. એમાં પ્લાસ્ટિકનાં કપડાં પહેરીને બેસવું પડતું. અલબત્ત, પોતાના જોખમે. કેટલાક પ્રવાસીઓ સાહસ અથવા રસિક વૃત્તિથી પ્રેરાઈને એ વ્યવસ્થાનો લાભ લેતા.

ટોરન્ટોથી નાયગ્રાના ધોધનું અંતર આશરે ૧૧૧ કિલોમીટર જેટલું હતું. ધોધની રચના ત્રણ સરોવરના સંયુક્ત સંમિલનથી થતી દેખાતી.

નાયગ્રા ધોધનું નિરીક્ષણ કરીને અમે ત્યાંથી લગભગ સિત્તેર કિલોમીટર દૂર આવેલા હેમિલ્ટન નામના સ્થળે પહોંચ્યાં ત્યારે સાંજ પડી ગયેલી. હેમિલ્ટનના અતિવિશાળ હૉલમાં દિવાળીના ઉપલક્ષમાં એક સ્નેહસંમેલન યોજાયેલું. એમાં જે વિશાળ જનસંખ્યા એકઠી થયેલી એની આગળ મારે હિંદીમાં પ્રવચન કરવાનું હતું.

ત્યાંથી અગિયારેક કિલોમીટર દૂર બર્મિન્ગટન શહેરમાં પહોંચ્યા ત્યારે ગાઢ અંધકારના ઓળા સર્વત્ર ઊતરી ચૂકેલા. એ શહેરમાં કામદાર નામે સત્સંગી ભાઈ રહેતા. તેમને ત્યાં સત્સંગ કરીને રાતે ટોરન્ટો આવી પહોંચ્યાં. ટોરન્ટોમાં જેટલા દિવસ સુધી રહેવાનું થયું તેટલા દિવસો સુધી એકાદ બે અપવાદને બાદ કરતાં લગભગ રોજ રાતે જુદાંજુદાં સ્થળોએ સત્સંગ કાર્યક્રમ યોજાતો. તે કાર્યક્રમ તે દિવસે બંધ રહ્યો.

તે દિવસની અમારી હેમિલ્ટન શહેરની મુલાકાત એક ચિરસ્મરણીય મુલાકાત બની ગઈ. ભારતના સત્સંગપ્રેમી સેવાભાવી ભાઈબહેનોને સંપ, સ્નેહ અને સહકારથી કાર્ય કરતાં જોઈને અમને ખરેખર ખૂબ જ

આનંદ થયો. એમની આકાંક્ષા ત્યાં મંદિરનું નિર્માણ કરવાની હતી. ભારતમાંથી અર્થોપાર્જન માટે એટલે બધે દૂર ગયેલા ભારતવાસીઓ કેવળ અર્થોપાર્જનની પ્રવૃત્તિથી સંતુષ્ટ બનીને બેસી રહેવાને બદલે ભારતીય સંસ્કૃતિના જતનને માટે પણ પ્રયાસ કરે એ ઈચ્છવા જેવું છે. ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ તથા સંવર્ધનના વ્યક્તિગત અથવા સમષ્ટિગત પ્રયત્નો સદાને માટે પ્રશસ્ય અને આવકારદાયક છે.

* * *

## ૧૬. કરુણ કથા

ટોરન્ટોમાં અમારો પ્રવચન કાર્યક્રમ ચાલતો હોય ત્યારે કોર્નવોલ તથા મોન્ટ્રિયલ શહેરોના કાર્યક્રમને માટે આમંત્રણ આવે એ સ્વાભાવિક છે.

એ આમંત્રણનો અમે સ્વીકાર કર્યો.

કોર્નવોલ શહેરની પ્રથમ મુલાકાત ઈ.સ. ૧૯૭૮માં લીધેલી. તે પછી લગભગ ત્રણ વરસે એ બીજી મુલાકાત.

કોર્નવોલ ટોરન્ટો કરતાં ખૂબ જ નાનું છતાં સારું, શાંત, સુંદર શહેર છે. એમાં ગુજરાતી પરિવારોની વસતિ પ્રમાણમાં ઘણી ઓછી છે. ગુજરાતી સિવાયના બીજા ભારતીય પરિવારો પણ થોડા વસે છે. ત્યાંની હૉસ્પિટલના નામાંકિત યશસ્વી મુખ્ય સર્જન ડૉક્ટર નટુભાઈને ત્યાં યોજાયેલી સત્સંગ બેઠકમાં શીખ ભાઈબહેનોની સંખ્યા વધારે હોવાથી, મેં ગુરુ નાનકદેવ પર વાર્તાલાપ આપ્યો.

નટુભાઈ જૈન ધર્મ પાળતા. એમના ધર્મપત્ની શીખ ધર્મ. બંનેના ઉપાસનાખંડ અલગ હતા. બંનેએ સ્નેહલગ્ન કરેલાં. જુદાજુદા ઉપાસના પ્રકારોમાં વિશ્વાસ હોવા છતાં એમનો ગૃહસ્થાશ્રમ સારી રીતે ચાલ્યા કરતો એનું કારણ સાંપ્રદાયિક અહંતાનો અભાવ, ઉદારતા, પારસ્પરિક સ્નેહવૃત્તિ અને સહાનુભૂતિ. બંને શુદ્ધ શાકાહારી ને વ્યસનથી પર હતાં. નટુભાઈને તો ત્યાંના પાદરીઓ તરફથી શાકાહારના પ્રચારમંડળના પ્રમુખ તરીકે પસંદ કરાયેલા. એમણે જણાવ્યું કે, મારે કોઈ વાર સરકારી પાર્ટીમાં જવું પડે છે ત્યારે હું દૂધ તથા ફળ જ લઉં છું, ને પાર્ટી યોજું છું ત્યારે પણ માંસાહાર તથા દારૂને નથી પીરસતો. શાકાહાર, દૂધ ને ફળ જ આપું છું.

મને એમની નિષ્ઠા જોઈને આનંદ થયો. એવા નિષ્ઠાવાળા મહાનુભાવો પરદેશમાં ઘણા ઓછા મળે. ભારતના કેટલાક પ્રજાજનો પરદેશમાં વસ્યા પછી કોઈક વાર પોતાની નિષ્ઠામાં અડગ રહી શકતા નથી. કેટલાક ખાનપાનની પદ્ધતિમાં ફેરફાર કરે છે તો કેટલાક વ્યસનોના શિકાર બને છે. એવા જીવનમાં ગૌરવ પણ ગણે છે. એ ભારતનું ને ભારતીય સંસ્કૃતિનું સાચું પ્રતિનિધિત્વ નથી કરતા. કોઈ વાર ભારતને અને ભારતીય સંસ્કૃતિને ધિક્કારે પણ છે. એ સંદર્ભમાં નટુભાઈના જીવનનો વિચાર કરીએ તો એમને માટે આપણને માન ઊપજે છે.

જેમને ત્યાં અમારો ઉતારો હતો તે નંદુભાઈ પણ સાત્વિક પ્રકૃતિના ને ઉદાત્ત જીવનમાં વિશ્વાસ તથા રુચિ રાખનારા હતા. તેમને ત્યાં પણ સત્સંગનો કાર્યક્રમ યોજાયેલો.

કોર્નવોલથી મોન્ટ્રિયલ.

મોન્ટ્રિયલ કેનેડાનું મોટું શહેર.

ત્યાં હિંદુ મંદિરમાં ગીતા પર મારું પ્રવચન થયું.

જનતાએ ઘણી મોટી સંખ્યામાં લાભ લીધો.

ત્યાંના મુખ્ય કાર્યકર્તા શર્માજીને મારું પ્રવચન ખૂબ પસંદ પડ્યું. એમણે એવાં બીજા પ્રવચનોને યોજવાની ઈચ્છા દર્શાવી.

ટોરન્ટોમાં દિવાળી નિમિત્તે ટેલિવિઝન પરથી હિંદી તથા ગુજરાતીમાં મારો સંદેશો પ્રસારિત કરવામાં આવ્યો. જનતાએ એનો લાભ લીધો. એક વિશેષ પ્રવચન કાર્યક્રમ ભગવાન સ્વામીનારાયણના ભક્તો અથવા અનુયાયીઓની આગળ થયો. એ કાર્યક્રમોને યોજવામાં અમારા યજમાન સુરેશભાઈએ અતિશય ઉત્સાહપૂર્વક રસ લીધો અને અગ્રગણ્ય ભાગ ભજવ્યો.

સુરેશભાઈ તથા વિમળાબહેન પરદેશમાં રહીને તપોમય જીવન જીવતાં દેખાયાં. વહેલી સવારે પોતાના નિત્યકર્મમાંથી પરવારીને એ બંને નોકરી પર જતાં. સાંજે પાછાં ફરીને એક વાર ભોજન કરતાં. પરદેશમાં રહીને બનતો પરિશ્રમ કરીને જીવનને સધ્ધર બનાવવાના પ્રયોજનથી પ્રેરાઈને બનતું બધું કરી છૂટતાં. અર્થોપાર્જનને માટે એ સહજ રીતે જ બનતો બધો પ્રયત્ન કરી છૂટતાં તો પણ એમનું જીવનલક્ષ્ય કેવળ અર્થોપાજન નહોતું. ભારતથી એટલે દૂર રહીને પણ એ ભારતીય સંસ્કારોને સાચવવા માટે બનતું બધું જ કરી છૂટતાં. ભક્ત કવિ નરસિંહ મહેતાના શબ્દોમાં થોડાક ફેરફાર સાથે કહીએ તો, 'નિત સેવા નિત કીર્તન સત્સંગ નીરખવા નંદકુમાર રે' એ એમનો જીવનક્રમ બની ગયેલો. એમની સતત જાગૃતિનો એક પ્રસંગ આલેખું.

'એક વાર વાત નીકળતાં એમણે સહેજ સંકોચ સાથે કહેવા માંડ્યું : આપણા ભાઈબહેનોમાંનાં કેટલાંક અહીં ખૂબ જ વિચિત્ર રીતે જીવી રહ્યાં છે.'

'વિચિત્ર એટલે ?'

'તમે કલ્પના પણ ના કરી શકો એવી રીતે.'

'હું કેટલુંક અનુમાન કરી શક્યો પરંતુ તમે ખરેખર શું કહો છો, કહેવા માગો છો, તે ના સમજી શક્યો.'

'લો ત્યારે સમજાવું.' તે સંવેદનપૂર્વક શાંત સ્વરે બોલી ઊઠ્યા: 'અહીં વસનારાં આપણાં કેટલાંક ભાઈબહેનો નાતાલમાં અહીં કોઈક ઠેકાણે બેઝમેન્ટમાં ભેગા થઈને ઉત્સવ કરે છે. ખાય છે, પીએ છે, આનંદ કરે છે. માંસ તથા દારૂની મહેફિલ ઊડે છે. રાતે મંદ પ્રકાશમાં સંગીતના સુમધુર સ્વરોની સાથે એમના શ્રવણનું સ્વર્ગીય સુખ અનુભવતા સૌ નાચે છે ને ફાવે તેની સાથે છૂટછાટ લે છે.'

'ફાવે તેની સાથે ?'

'હા'

'એ તો ખૂબ જ ખરાબ કહેવાય.'

'એમની સાથે નાચવામાં ને બીજામાં ભાગ ના લઈએ તો અમારી મશ્કરી થાય છે ને અમને વેદિયામાં ખપાવવામાં આવે છે.'

એમની કથા ખરેખર કરુણ હતી. એવી અથવા એના જેવી કરુણ કથા અન્ય અનેકની હશે. ભારતના પ્રજાજનો પરદેશમાં વસીને પ્રગતિ, સભ્યતા અથવા આધુનિકતાના નામે કેવી નિકૃષ્ટ અવસ્થા પર પહોંચ્યા છે એનો ખ્યાલ એ વાર્તાલાપ પરથી સહેલાઈથી આવી શક્યો. એમનું એ અધઃપતન અસાધારણ રીતે આશ્ચર્યચકિત કરનારું હતું. મેં એમને એવા કાર્યક્રમોથી દૂર રહેવા, એમનો વિરોધ કરવા તથા બીજાને એમાં

સામેલ ના થવા માટે સમજાવવાની સૂચના આપી. એ કામ અસાધારણ મનોબળ માગી લેનારું હોવા છતાં એ એનો અમલ કરવા તૈયાર થયા.

અને એમણે એનો અમલ કર્યો પણ. પોતાના સાથીદારોની ટીકાને સહીને પણ એમણે એ વરસના નાતાલના દિવસોના કાર્યક્રમોમાં સક્રિય ભાગ ના લીધો.

પરદેશમાં રહીને એવી રીતે જાગૃતિપૂર્વક જીવનારા આત્માઓ પ્રમાણમાં ઓછા મળે છે તોપણ એમનો સર્વથા અભાવ નથી હોતો. એમનું મંગલ મિલન અને એમની સાથેનું સંભાષણ સદા સુખદ ઠરે છે.

સુરેશભાઈએ અસાધારણ ઉત્સાહથી પ્રેરાઈને અમારા ટોરન્ટો પ્રવચનપ્રવાસની સ્મૃતિરૂપે વીડિયો ફિલ્મ લીધી. વીસેક દિવસની એ ફિલ્મને લેનારા મુસલમાન ભાઈ રોજ રાતે પ્રવચનસ્થળ પર ખૂબ જ કાળજીપૂર્વક ઉત્સાહ સાથે આવી પહોંચતા. અને અવારનવાર અવસર ઉપસ્થિત થતાં અંતરના ઊંડાણમાંથી કહેતા કે, મને મહાત્માજી માટે માન છે. તમારા મહાત્માજી અને અમારા મહંમદસાહેબ એક જ છે.

એ ભાઈની ધર્મભાવના ખૂબ જ ઉદાત્ત હતી.

પરસ્પર વિરોધી દેખાતા ધર્મમાં માનનારા જુદાજુદા માનવોમાં બીજા ધર્મના માનવો માટે એવી સદ્ભાવના પ્રગટે તો ? એનું પરિણામ કેટલું બધું સારું, સાનુકૂળ, શ્રેયસ્કર આવે તે સહેજે સમજી શકાય તેમ છે. એ મુસલમાન ભાઈની વાણી અને એની પાછળની ભાવના ચિરસ્મરણીય હતી.

* * *

## ૧૭. ઑટોગ્રાફ

કાળચક્રે પોતાની અજ્ઞાત છતાં સુનિશ્ચિત ગણતરીપૂર્વકની ચોક્કસ ગતિથી ફરવાનું ચાલુ રાખ્યું.

જે જન્મે તે જાય અને જાય તે પુનઃ જન્મે. કોઈ એકસરખા સ્વરૂપમાં સનાતન સમયને માટે રહે જ નહીં. મહીમંડળની મહાયાત્રામાં સૌ ચિર વિહાર કર્યા જ કરે.

ટોરન્ટો છોડીને અમેરિકામાં પ્રવેશવાનો વખત આવી પહોંચ્યો.

ટોરન્ટોના એરપૉર્ટ પર કેટલાય પ્રેમીજનો અમને વિદાય આપવા માટે એકઠાં થયાં.

આપણે ત્યાં ઑટોગ્રાફ લેવાનો અથવા પોતાના મનપસંદ માનીતા માનનીય મહાનુભાવ પાસેથી કોઈ ને કોઈ ચિરસ્મરણીય જીવનપયોગી સંદેશ મેળવવાનો શોખ છે તેમ પરદેશમાં પણ જોવા મળે છે.

એરપૉર્ટ પર અમે પ્લેનમાં પ્રવેશવાની પ્રતીક્ષા કરતાં ઊભાં રહેલાં ત્યારે અમને વળાવવા આવેલા એક ભાઈએ મને એમની નોટબુક આપીને સદુપદેશાત્મક સંદેશ આપવાની માગણી કરી.

એમની માગણીના અનુસંધાનમાં મેં એમને જણાવ્યું કે મારે જે કાંઈ કહેવાનું હતું તે બધું મારા આટલા દિવસોનાં, લગભગ એકાદ મહિનાનાં પ્રવચનોમાં કહેવાઈ ગયું છે. તમારે તેને યાદ રાખવાનું ને ગ્રહણ કરવાનું જ શેષ રહે છે.

એમનો આગ્રહ ચાલુ રહ્યો ત્યારે મેં એમની નોટબુકને લઈને નાછૂટકે લખવા માંડ્યું. કહો કે મારાથી આપોઆપ લખાઈ ગયું:

‘*રોજની છ બૉટલ દારૂ પીઓ છો તે છોડી દો.* – યોગેશ્વરના આશિષ.’

પાસે ઊભેલી એમની ધર્મપત્નીએ પણ એ વાંચીને ઉલ્લાસ અનુભવ્યો.

એ બોલી ઊઠી: ‘હું કેટલુંય સમજાવું છું પરંતુ એ માનતા જ નથી. તમારું માને તો સારું. એમને રોજની છ બૉટલ જોઈએ છે. તમારી વાત સાચી છે.’

એ ભાઈ જીવનશુદ્ધિના મંગલમાર્ગે આગળ વધવા માગતા હોવાથી એમણે દારૂને છોડવાનો સંકલ્પ કર્યો. એ દિવસ એમના જીવનનો ધન્ય દિવસ બન્યો.

વિદાય આપવા આવેલા એક અન્ય સદ્‌ગૃસ્થે એમની નોટબુક આગળ ધરી એટલે એમાં લખાયું:

*‘બ્રાહ્મણ થઈને બ્રાહ્મણના જેવું જીવતા નથી, જીવો. તમારા પવિત્ર પૂર્વજોને ને કુળને યાદ કરીને પ્રેરણા મેળવો. વ્યસનોને તિલાંજલિ આપો.’*

એ સદ્‌ગૃહસ્થ વિચારમાં પડી ગયા.

એમની ક્ષતિઓને જાણતાં હોવાથી એમણે એ દૂર કરવાનો સંકલ્પ કર્યો.

ત્રીજા સત્સંગપ્રેમી પુરુષની નોટબુકમાં લખાયું :

*‘આહારવિહારની શુદ્ધિનું ધ્યાન રાખો.’*

તે ભાઈ તેવું ધ્યાન નહોતા રાખતા તે તેમણે સૌના આશ્ચર્ય વચ્ચે કબૂલ કર્યું.

ચોથા પુરુષની ડાયરીમાં લખાયું :

*‘તમારી પત્નીને વફાદાર રહો.’*

તેમની પત્નીએ તે વાંચ્યું. એમણે પત્નીને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી.

મેં એમને અભિનંદન આપ્યાં.

ઑટોગ્રાફની વાતે એવો વિચારાતીત વિપરીત વળાંક લીધો એ જાણીને અન્ય પુરુષોએ ઑટોગ્રાફ માટે આગળ આવવાનું બંધ કર્યું.

પ્લેનના પ્રવેશનો સમય થયો એટલે અમે સૌની વિદાય લઈને આગળ વધ્યાં.

ટોરન્ટોથી નીકળતાં પહેલાં એવી રીતે કોઈના જીવનમાં અવનવો પ્રકાશ પ્રગટાવવાનો અને પાથરવાનો અવસર મળ્યો એથી અમને આનંદ થયો. પરદેશનો પ્રવાસ શા માટે કરાવવામાં આવે છે, એની પાછળ ઈશ્વરની શી ઈચ્છા છે તે તો તે જ જાણે, પરંતુ આવા પ્રસંગો પરથી સમજાય છે કે એ પ્રવાસ નિરર્થક નથી હોતો. એવા પ્રવાસ દ્વારા કોઈકના જીવનમાં પણ નવું પવિત્ર પરિવર્તન પેદા કરી શકાતું હોય તો એ આવકારદાયક છે, સ્તુત્ય છે; એમાં સંદેહ નથી.

* * *

## ૧૮. એક પ્રાણવાન પાત્રનો પરિચય

કેનેડાની કમનીય કાંતિમય ધરતી પરથી વિમાનમાં ઊડીને આપણે અમેરિકાની આહ્લાદક અવનવી અભિરામ પૃથ્વી પર પહોંચી જઈએ તે પહેલાં ધીરજ તથા સ્વસ્થતા રાખીને થોડીક પ્રતીક્ષા કરી અને વિમાનની મંગલ મુસાફરી માટે ટોરન્ટોના એરપોર્ટ પર વિદાય આપવા આવેલા એક પવિત્ર પ્રાણવાન પરમાત્માપ્રેમી, આધ્યાત્મિક્તાની અભિરુચિવાળા પુરુષનો પરિચય કરીએ.

ટોરન્ટોના એરપોર્ટ પરથી અમને ભાવભરી વિદાય આપીને પાછા ફરતી વખતે એમના અંતરમાં જાગેલા સૂક્ષ્મ સ્નેહસંવેદનના પરિણામે એમની આંખમાં અશ્રુ આવી ગયાં. વાણી ગદ્ ગદ્ બની. જેમને જીવનમાં પ્રથમ વાર જ મળીને અને પ્રમાણમાં ખૂબ જ ઓછા સમય સુધી સાથે રહીને એટલો બધો સ્નેહ થાય કે એમને પૂર્વે પણ મળ્યા હોવા જોઈએ, એમના એ અસાધારણ અનુરાગ અથવા આકર્ષણનું અનુસંધાન જન્માંતરમાં પણ હોવું જોઈએ, એવું અનુમાન સહેજે કરી શકાય.

એમના સંબંધમાં પણ એવું કહી શકાય.

એમનું નામ સુરેશભાઈ પરીખ.

ટોરન્ટોમાં એકાદ મહિનાના નિવાસ દરમિયાન થયેલો એમનો પરિચય ઉત્તરોત્તર ગાઢ બનતો ગયો, આત્મીયતામાં પરિણમ્યો અને વરસોથી પ્રતીક્ષા કરતાં બેઠા હોય એમ એ ખૂબ જ સમીપ આવી ગયા.

સુરેશભાઈની ઉંમર મોટી હોવા છતાં એ સ્વેચ્છાથી અપરિણીત જીવન જીવતા. એ વિમાનના એજન્ટનું કામ કરતા અને સાડીઓની સ્વતંત્ર દુકાન ધરાવતા. ગમે તેવી પ્રતિકૂળ ઋતુ હોય, વરસાદ તથા બરફ વરસતો હોય તોપણ મારા પ્રવચન કાર્યક્રમમાં આવ્યા વિના રહેતા નહીં. પ્રવચન કાર્યક્રમનો લાભ લેવા માટે એમને દૂરદૂરથી આવવું પડતું. એ તો ઠીક પરંતુ એમને મોટર ચલાવતાં આવડતું નહીં અને મોટરને ચલાવી શકનારા એમના ભાઈ દુકાનને સંભાળવાની હોવાથી પ્રવચનમાં આવી શકતા નહીં એટલે એમને ટ્રેનમાં બેસીને, બસનો લાભ લઈને તથા કેટલાક અંતર સુધી પગે ચાલીને આવવું પડતું. એવી રીતે એમની કપરી કસોટી થતી અને એ કસોટીમાંથી એ લેશ પણ ડર્યા, ગભરાયા કે પાછા પડ્યા વિના હસતાંહસતાં પાર ઊતરતા. એનું મુખ્ય કારણ એમની અસાધારણ શ્રદ્ધાભક્તિ, સત્સંગપ્રીતિ તથા સંકલ્પની દૃઢતા. એથી પ્રેરાઈને સાંજની જુદાંજુદાં સ્થળોની સત્સંગસભાઓમાં અચૂક હાજર રહેતા. કેનેડા જેવા ભૌતિક સમૃદ્ધિથી છકેલા સ્થૂળ ભોગોપભોગ સામગ્રીથી ભરેલા દેશમાં રહીને સુસંપન્ન પરિવારમાં શ્વાસ લઈને જીવનને વ્યસનો અને બદીઓથી મુક્ત રાખીને આધ્યાત્મિકતાની એવી અસામાન્ય અભિરુચિને કેળવવાનું કાર્ય કેટલું કઠિન છે તેની કલ્પના લાગતા-વળગતા સૌ સહેલાઈથી કરી શકે છે. લંકામાં વિભીષણનો વાસ કે વ્યવહાર જેવો વિસ્મયકારક હતો તેવો વિસ્મયકારક એ વાસ કે વ્યવહારને કહી શકાય. તોપણ એ એક અટલ વાસ્તવિકતા હતી.

સુરેશભાઈનો વિચાર સાંસારિક જીવનના બાહ્ય વ્યવહારને ત્યાગીને સંન્યાસ જીવનમાં પ્રવેશવાનો હતો. એને માટેની હૃદયપૂર્વકની રજૂઆત એ અવારનવાર કરતા રહેતા. મારે એમને સમજાવવા પડતા કે હમણાં જ્યાં છો ત્યાં જ રહો, આર્થિક રીતે વધારે ને વધારે સ્વતંત્ર ને સુદૃઢ બનો અને આધ્યાત્મિક સાધનાના

મંગલ માર્ગે પગલાં ભરો. તમારી સાધનાની ભૂમિકાને સુદૃઢ કરો. એ કહેતા કે, હવે તો તમારા ચરણોમાં જ બેસી જવું છે. બીજું કાંઈ નથી કરવું.

પરંતુ હું એમને ખાસ ત્યાગ માટે ઉતાવળ નહીં કરવાની અને શાંતિ રાખવાની સલાહ આપતો.

એ સલાહ એ સ્વીકારી લેતા. એ સિવાય બીજો કોઈ વિકલ્પ જ ક્યાં હતો ?

તોપણ એક અથવા બીજા કારણે એમનું મન બાહ્ય વૈરાગ્ય તરફ વધારે ઢળતું, ઉપરામ રહેતું અને એકાંતિક જીવનનાં સ્વપ્નો સેવતું. એ રોજના સાંસારિક પ્રવૃત્તિવાળા જીવન સાથે જોઈતા પ્રમાણમાં તાલ નહોતા મેળવી શકતા. એ વ્યવહારમાં રહેતા કિન્તુ એના આનંદને અનુભવ્યા સિવાય.

*

'મા' સર્વેશ્વરી પ્રત્યે એમને પ્રેમ અને આદરભાવ હતાં. એથી પ્રેરાઈને સ્વાભાવિક રીતે જ એમણે એમને કાંઈક આપવાનો સંકલ્પ કર્યો. એમની સાડીઓની દુકાનમાંથી દસેક જેટલા સાલ્લા લઈને એ 'મા' સર્વેશ્વરી પાસે આવી પહોંચ્યા અને એમને એમાંથી ઈચ્છાનુસાર સ્વીકારવાનો આગ્રહ કરવા લાગ્યા.

'મા' સર્વેશ્વરી કોઈની વસ્ત્રાદિ ભેટ નહોતાં લેતાં. એમણે એક પણ સાડી લેવાની ના પાડી.

એમણે અવારનવાર અને અતિશય આગ્રહ કર્યો પરંતુ એ આગ્રહ વ્યર્થ ગયો. એમની આંખમાં આંસુ આવી ગયાં. આશામાં ને આશામાં એમણે એ સાડીઓને પંદરેક દિવસ સુધી અમારે ત્યાં જ રાખી મૂકી.

એમની ભાવનાને લક્ષમાં લઈને, 'મા' સર્વેશ્વરીનો નિયમ સચવાય એવો વચગાળાનો માર્ગ બતાવવા મેં મા સર્વેશ્વરીને એમની પસંદગી પ્રમાણેની એકાદ બે સાડીઓ ખરીદવા જણાવ્યું. સુરેશભાઈને પૈસા લેવાની સલાહ આપી.

બીજો કોઈ વિકલ્પ ના દેખાયો એટલે એમણે મારી સલાહને ન છૂટકે માન્ય રાખીને બે સાડી પેટે પ્રમાણમાં ઘણી ઓછી રકમનો સ્વીકાર કર્યો.

એમની લાગણી એવી અસાધારણ હતી.

*

એમની લાગણી વિશેની બીજી પણ એક વાત જાણવા જેવી છે.

એકવાર એનું રહસ્યોદ્‌ઘાટન કરતાં એમણે 'મા' સર્વેશ્વરીને જણાવ્યું કે હું પહેલાં રોજ રાતે સ્નાન કરતો પરંતુ હમણાં હમણાં છેલ્લા કેટલાક દિવસથી રાતે સ્નાન નથી કરતો.

'કેમ સ્નાન નથી કરતા ?' 'મા' સર્વેશ્વરીએ કુતૂહલ દર્શાવ્યું.

'એનું કારણ છે. હું રોજ રાતે યોગેશ્વરજી પાસે આવું છું એટલે મને એમનાં પરમ પવિત્ર પરમાણુઓનો લાભ મળે છે. એ પરમાણુઓ મને મદદ કરે છે અને શાંતિ આપે છે. એમની અસર ધોવાઈ ના જાય અને આખી રાત રહે એટલા માટે હું રાતે સ્નાન નથી કરતો પણ સવારે કરું છું. '

અદ્‌ભુત.

કોનું મન ક્યાં કેવી રીતે વિચારે છે તે કોણ કલ્પી શકે ? કોણ કહી શકે ?

વિકાસનો મુખ્ય મુખ્ય આધાર મન પર રહે છે એ પણ એટલું જ સાચું છે.

*

એમનો વિચાર રામકૃષ્ણ પરમહંસદેવ જેવા સ્વાનુભવસંપન્ન સત્પુરુષને સદ્ ગુરુ કરીને એમની પાસેથી મંત્રદીક્ષા મેળવવાનો હતો. એમણે એક દિવસ જણાવ્યું કે એવા મહાપુરુષનું મંગલ માર્ગદર્શન મળે તો સાધનાત્મક જીવન સફળ થાય. મારા હાથમાં એકાએક તમારું 'પ્રકાશના પંથે' પુસ્તક આવ્યું. એમાંથી મને અપાર પ્રેરણા મળી. મેં મનોમન તમને ગુરુ માન્યા. આટલા બધા વખત પછી છેવટે ઈશ્વરકૃપાથી આપને અહીં પ્રત્યક્ષરૂપે મળવાનું થયું ત્યારે તમારા દર્શનસમાગમથી મને કેટલો બધો અલૌકિક આનંદ થયો હશે તે કોણ કહી શકે ? મારી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે મને તમારી પાસેથી મંત્ર મળ્યો એટલે મને પરમ સંતોષ થયો, મારો વરસોનો સંકલ્પ સફળ થયો. એને હું ઈશ્વરની કૃપા સમજું છું. ઈશ્વરની અનંત કૃપા.

એમનો એ જીવન પ્રસંગ બતાવે છે કે આધ્યાત્મિક વિકાસના મંગલ માર્ગે આગળ વધવાની સાચા દિલની ચાહના કદી પણ નકામી નથી જતી. એવી ચાહનાવાળા સાધકોને એક અથવા બીજી જાતની મદદ મળી રહે છે. એ મદદથી એમનો વિકાસ ચોક્કસ, સહજ, સરળ બને છે.

*

સુરેશભાઈ પરીખની અસાધારણ શ્રદ્ધાભક્તિનો એક પ્રસંગ ખાસ યાદ કરવા જેવો છે.

અત્યારે કેનેડાથી અમેરિકામાં આવવાનું થયું.

અમેરિકાના જુદાજુદા પ્રદેશોનો પ્રવચન પ્રવાસ પૂરો કરીને અમે ન્યૂયોર્ક પહોંચ્યાં.

ન્યૂયોર્કના નિવાસ દરમિયાન એક દિવસ સુરેશભાઈનો ટોરન્ટોથી ટેલિફોન આવ્યો કે, મારી ઈચ્છા તમારાં દર્શન માટે આવવાની છે.

મેં પૂછ્યું : 'શા માટે ?'

એમણે ઉત્તર આપ્યો કે, 'દર્શન બિના બહુત દિન બીતે – દર્શન વિના ઘણા દિવસો વીતી ગયા છે. કશું ગમતું નથી ને ચેન નથી પડતું. તમે તો હવે ભારત જવાની તૈયારીમાં હશો. ભારત માટે પ્રયાણ કરતાં પહેલાં અહીં આવો તો સારું. અમને સૌને ખૂબ જ આનંદ થાય.'

'હમણા તો ત્યાં આવી શકાય એવું નથી લાગતું.'

'તો પછી મારે તો આવવું જ છે. મને ત્યાં આવવાની અનુમતિ આપો.'

'અનુમતિ છે જ. આપી છે. તમે આવી શકો છો. જરૂર આવો.'

મારા ઉત્તરથી એમને અવર્ણનીય આનંદ થયો. એમણે જણાવ્યું કે હું આવતા અઠવાડિયે જ આવી પહોંચું છું. બીજાં પણ છ-સાત સત્સંગી ભાઈબહેનો આવવા માગે છે. બનશે તો અમે સાથે જ આવીશું. '

એ બધાં આવે કે ના આવે પણ તમે તો આવજો જ.

સારું નમસ્તે. પ્રણામ

ટેલિફોન બંધ થયો.

બીજા દિવસે બીજાં ભાઈબહેનોનો ટોરન્ટોથી ટેલિફોન આવ્યો.

એમણે પણ મળવા આવવું છે એવું જણાવ્યું.

'શા માટે આવવું છે ? ત્યાં રહીને મનથી મળી લો ને.'

'જોઈએ છીએ. ત્યાં આવવાની અનુકૂળતા તો છે જ. ઋતુ અનુકૂળ હોય તો, ત્યાં ઋતુ કેવી છે ?'

'સાધારણ રીતે ઠીક જ છે. વરસાદ ને બરફ પડે છે. ઠંડી પણ સારા પ્રમાણમાં પડે છે.'

'ટોરન્ટોમાં ઠંડી ઘણી છે. બરફ તથા પવનનો પાર નથી. વાતાવરણ ખૂબ જ વિપરીત છે. છતાં પણ જોઈએ છીએ.'

વાર્તાલાપ પૂરો થયો.

એ વખતે ન્યૂયોર્કમાં છેલ્લા એકસો સાત વરસમાં ના પડી હોય એવી ભયંકર ઠંડી પડી રહેલી.

બરફનો વરસાદ વારંવાર વરસતો.

કેનેડામાં પણ એવી જ પ્રતિકૂળ પરિસ્થિતિ હતી.

ત્યાંના વિપરીત વાયુમંડળને લીધે ટોરન્ટોના સત્સંગપ્રેમી સાધકોએ ન્યૂયોર્ક આવવાનો વિચાર છેક છેવટની ઘડીએ માંડી વાળ્યો. એમણે ન્યૂયોર્ક પહોંચવાનો નિર્ણય કરી ચૂકેલા સુરેશભાઈને પણ એમના નિર્ણયને બદલવા જણાવ્યું.

પરંતુ સુરેશભાઈ એવા અચોક્કસ ન હતા. એમણે શ્રદ્ધાભક્તિપૂર્વક નિશ્ચયાત્મક રીતે જણાવ્યું કે મને તો યોગેશ્વરજીએ ફોન પર એમની જાતે આવવા માટે કહ્યું છે, એટલે ગમે તેવું વિપરીત વાતાવરણ હોય તોપણ હું તો જવાનો જ. મને એમનામાં શ્રદ્ધા છે.

વાયુમંડળ ભલભલાની શ્રદ્ધાની કસોટી કરે તેવું હતું.

સુરેશભાઈ ટોરન્ટોથી મોટરમાં બેસીને બફેલો પહોંચ્યા. બફેલોના વિમાનઘર પરથી વિમાનમાં બેસવાનું હતું પરંતુ વાતાવરણ વિમાની સફરને માટે સહેજ પણ અનુકૂળ નહોતું. વિમાનઘર પર જાહેરાત થઈ કે હવામાન અનુકૂળ નહીં હોવાથી કદાચ વિમાન નહીં ઊપડે. તોપણ એમણે ટિકિટ લઈને વિમાનમાં પ્રવેશ કર્યો. વિમાનમાં પ્રવેશ્યા પછી વિમાન ઊપડવાની શક્યતા નથી એવું જણાવાયું. સુરેશભાઈને થયું કે યોગેશ્વરજીએ આવવાનું કહ્યું છે એટલે બધી અનુકૂળતા થઈ રહેશે ને વિમાન ઊપડશે.

એ ક્ષણો અતિશય નાજુક હતી. એમણે પ્રાર્થના કરવા માંડી.

અડધા કલાક પછી જાહેરાત થઈ કે વિમાન ઊપડશે.

વિમાન રન-વે પર પહોંચ્યું. ત્યાં પાછી જાહેરાત કરવામાં આવી કે, ખરાબ હવામાનને લીધે જોખમ હોવાથી વિમાન નહીં ઊપડે.

દોઢસો જેટલા પેસેન્જરના વિમાનમાં દસથી બાર પેસેન્જરો બેઠેલા.

સુરેશભાઈ આંખ મીંચીને બેસી રહ્યા, 'પ્રભુ, તમે ન્યૂયોર્ક પહોંચવાનું કહ્યું છે તો વિમાન ઉપાડો. વિમાન ઊપડશે જ.'

ત્યાં અડધા પોણા કલાકમાં જાહેરાત થઈ કે, હવે વિમાન ઊપડે છે આજનું આ છેલ્લું વિમાન છે. હવે વિમાનઘર બંધ થાય છે ને બીજું કોઈ પણ વિમાન નહીં ઊપડે.

અને આખરે કલાકોની પ્રતીક્ષા પછી વિમાન ઊપડ્યું.

વિરોધાભાસી નિવેદનોનો અંત આવ્યો.

સાધકની શ્રદ્ધાભક્તિ ફળી.

એમની સદ્‌ભાવનાનો, એમના અડગ વિશ્વાસનો વિજય થયો.

એ વખતે એમને કેટલો બધો અપાર આનંદ થયો હશે એની કલ્પના ભાગ્યે જ કરી શકાશે.

એમને અવર્ણનીય સંતોષ થયો.

એમની આંખ ભીની થઈ.

ટોરન્ટોના બીજા સાથીઓ છૂટા પડેલા તોપણ એ એકલા આગળ વધ્યા.

એમનો અંતરાત્મા અવનવા ભાવાર્ણવમાં અવગાહન કરવા લાગ્યો.

જોતજોતામાં ન્યૂયોર્ક આવી ગયું.

અંતરમાં ભાવ, અનુરાગ, ઉમંગ હોય છે ત્યારે દેશકાળનાં અંતર કેટલીક વાર ઓછાં થતાં દેખાય છે.

'મા' સર્વેશ્વરી પરમ વાત્સલ્યથી પ્રેરાઈને એમને લેવા માટે વિમાનઘર પર ગયાં

એમને તો એવી કલ્પના પણ ન હતી.

'મા' સર્વેશ્વરીને દેખીને એમનું અંતર ઊછળવા લાગ્યું. એમણે એમને સાક્ષાત્ દંડવત્ પ્રણામ કર્યા.

એમનો સઘળો થાક ઊતરી ગયો. ચિંતા દૂર થઈ.

રાતે એ મને મળ્યા ત્યારે એમને નિરાંત થઈ.

મેં એમને અમારા બટાટા-પૌંવામાંના ભોજનમાંથી સૌથી પ્રથમ પ્રસાદ આપ્યો અને શાંતિથી બેસીને જમવા માટે જણાવ્યું ત્યારે એમનું હૈયું ભરાઈ આવ્યું. આંખ ભીની થઈ.

અમે ટોરન્ટોથી અમેરિકા આવવા નીકળ્યાં ત્યારથી એમણે ભોજન લીધું જ નહોતું. ત્યારથી સંકલ્પ કરેલો કે મારાં દર્શનનો ફરી વાર લાભ મળે તે પછી જ ભોજન કરવું. એ વાતને લગભગ સવા બે મહિના થઈ ગયા. એ દિવસો એમણે દૂધ તથા ફળ પર જ પસાર કરેલા. એ તપનો, સ્વૈચ્છિક કષ્ટ સહનનો, એકાએક અંત આવવાની ઘડી આવી પહોંચી.

એ ભોજન કરે પછી જ અમારે ભોજન કરવાનું હતું.

પ્રેમ કયું પરિણામ ક્યાં લાવે ?

એથી પ્રેરાઈને એમણે ભોજન શરૂ કર્યું.

ન્યૂયોર્કમાં એ ત્રણેક દિવસ રહ્યા ત્યાં સુધી રોજ સૂર્યનો તાપ નીકળ્યો. ઋતુ સારી રહી. એમને સત્સંગનો લાભ મળ્યો, ત્યાંના કેલેન્ડરોમાં તે દિવસોની નીચે બરફ ને વરસાદ પડશે એવું છાપેલું પરંતુ ઈશ્વરની કૃપાથી એ વરતારો બદલાઈ ગયો. એને બદલે વાતાવરણ ખુશનુમા રહ્યું.

ભગવાને સાચા ભાવથી દૂરથી આવેલા ભક્તની સંભાળ રાખી.

પ્રતિકૂળ હવામાન અને એની એવી જ પ્રતિકૂળ આગાહીથી ડરીને ન્યૂયોર્કના પૂર્વકાર્યક્રમને પડતો મૂકનારા પેલા ભાઈઓએ ટોરન્ટોથી ટેલિફોન કરીને જાણ્યું કે, સુરેશભાઈ ન્યૂયોર્ક પહોંચી ગયા છે ત્યારે એમને ખૂબ જ નવાઈ લાગી.

'ઋતુ કેવી છે ?' એમણે પૂછ્યું.

' ખૂબ જ સારી.' અમે ઉત્તર આપ્યો.

'વરસાદ ?'

'નથી.'

'બરફ ?'

'નથી પડતો.'

'તાપ ?'

'આખો દિવસ તાપ જ રહે છે.'

'ચમત્કારિક. ખૂબ જ ચમત્કારિક.'

માનવની અડગ શ્રદ્ધાભક્તિ કયો ચમત્કાર – જો એને ચમત્કાર કહીએ તો – ના કરી શકે ? એ પોતે તો ચમત્કારરૂપ બને જ, પરંતુ કુદરત કે ઈશ્વર પાસે પણ ચમત્કાર કરાવી શકે.

ટોરન્ટોના એ ભાઈઓએ ન્યૂયોર્ક ના આવવા બદલ અફસોસ પ્રદર્શાવ્યો, પરંતુ પાણી વહી ગયા પછી એના અભિસરણ માટે અફસોસ કરવાથી શું થાય ?

* * *

## ૧૯. પ્રેરક પત્રો

સુરેશભાઈ પરીખ

ટોરન્ટોના એ પ્રાણવાન સુસંસ્કારી પાત્રનો પરિચય મેં આની પહેલાંના પ્રકરણમાં આપી દીધો.

એના ઉપરથી એટલું તો અવશ્ય ફલિત થાય છે કે ભારતમાં કે ભારતની બહારના ગમે તેવા વાતાવરણમાં પણ આધ્યાત્મિક જીવનની સાધના થઈ શકે છે. માનવ જ્યાં પણ વસતો હોય ત્યાં સર્વત્ર આત્મોન્નતિની શ્રેયસ્કરી સાધના કરી શકે છે. વાતાવરણ એની ઉપર પોતાનો ઓછોવત્તો પ્રભાવ પાડે છે અને અગત્યનો ભાગ ભજવે છે એ સાચું, પરંતુ એ ઉપરાંત અન્ય પરિબળો પણ ભાગ ભજવે છે, અને અમુક ચોક્કસ પ્રકારની ભૂમિકાએ પહોંચ્યા પછી એ પોતે વાતાવરણથી અલિપ્ત રહે છે અને વાતાવરણને ઘડે છે એ પણ એટલું જ સાચું છે. વાતાવરણથી સદાને માટે ડરવાનું નથી હોતું.

સાધકની આવશ્યકતા, યોગ્યતા કે પાત્રતાને અનુસરીને એને જ્યાં હોય છે ત્યાં આત્મોન્નતિને માટેની મદદ મળી રહે છે એ પણ નિશંક છે. સુરેશભાઈના પ્રસંગ પરથી એ પણ પુરવાર થાય છે. સાધકે ફક્ત પોતાની તૈયારી કરવાની રહે છે. મદદ માટે ઉત્સુક બનવું પડે છે.

આ પ્રકરણમાં એ પ્રાણવાન પાત્રના થોડાક પત્રો મૂક્યા છે. એ પત્રો પરથી એમની ભૂમિકાનો ખ્યાલ આવે છે. એ પત્રો પાંડિત્યપ્રચુર નથી પરંતુ ભાવ, નિખાલસતા, પ્રેમ, નિર્મળતા, લગની અને સમર્પણભાવથી ભરપૂર છે. એમની અંદર આત્મવિકાસના સાધકોમાં વિરલરૂપે દેખાતી શ્રદ્ધાનો રસમય રણકો રહેલો છે. ' મા' સર્વેશ્વરી પ્રત્યેની પાવન સદ્‌ભાવનાના પ્રતિઘોષ પણ એ પત્રોમાં પડેલા છે. એમને વાંચતાં એવું લાગ્યા વિના રહેતું નથી કે, એ પત્રો વરસોથી વિખૂટા પડેલા અને ફરી વાર આત્માનુસંધાન પામવા મથનારા આલોકિત આત્માના છે.

એમની ભાષા કરતાં ભાવના મહત્વની છે.

સાધનામાં એનું મહત્વ સવિશેષ હોય છે.

એ હૃદયસ્પર્શી હોવાથી હૃદયને સ્પર્શી જશે. ઝંકૃત કરશે. અવનવો પ્રકાશ ધરશે.

આ રહ્યા એ 'પ્રેરક પત્રો':

*

### <u>પત્ર - ૧</u>

ટોરન્ટો

તા. ૧૦-૧૧-૭૮

મારા પ.પૂ. શ્રી યોગેશ્વર ભગવાન,

આપના ચરણારવિંદમાં સદાયે રહેતા આપના બાળક સુરેશના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશો.

પ્રભુ પત્રની શરૂઆત કેવી રીતે કરવી અને શું લખવું તેની મને તો કંઈ સમજ પડતી નથી, પરંતુ જે પણ કંઈ ગાંડુઘેલું લખું તો બાળક સમજીને ક્ષમા કરશો, કારણ કે આપ તો કરુણામય, કૃપામય અને દયાના સાગર છો.

આપના ટોરન્ટોના નિવાસ દરમિયાન આપનાં પ્રેમાળ ચરણોમાં અને સાંનિધ્યમાં બેસવાનું જે મારા જેવા દીનહીનને સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું તે આપની કૃપાના લીધે જ.

લોકોના કલ્યાણ અર્થે ટોરન્ટોમાં ૩૩ દિવસોના નિવાસ દરમિયાન આપે જે સતત પ્રવચનો દ્વારા પ્રેમ અને ભક્તિની જે લહાણી કરી હતી તે સદાય સર્વના હૃદયમાં અંકિત થઈને રહેશે. લોકોના કલ્યાણ અર્થે આપનું સ્વાસ્થ્ય સદાય સ્વસ્થ રહે એ જ પ્રાર્થના છે.

આપશ્રીએ ધ્યાન, જપ અને ભક્તિ કરવાનો આદેશ આપ્યો હતો તે આપની કૃપાથી સમય મળે પાલન કરું છું. પરંતુ ધ્યાનમાં મન સ્થિર રહેતું નથી. આશા છે કે પ્રયત્નથી તથા આપના આશીર્વાદથી જરૂર સફળ થઈ શકીશ. હવે તો પ્રભુ, મારું સર્વસ્વ આપ જ છો. આપ સિવાય બીજા કોઈનું ધ્યાન, જપ, અને ભક્તિ આવડતી જ નથી. હું તો સર્વસ્વ રીતે આપના જ શરણમાં આવ્યો છું માટે કૃપા કરીને શરણમાં લેશો.

આપનો વિયોગ ખૂબ જ લાગે છે અને આપની યાદ પણ ખૂબ જ આવે છે. આ આંખો હવે આપના સુંદર સ્વરૂપને જોવા માટે ખૂબ જ તલસે છે.

આપનાં ચરણકમળોમાં વારંવાર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરી અને એ જ પ્રાર્થના કરું છું કે મારી જીવનરૂપી નૌકાને પાર લગાવી દેજો. આપ સિવાય મારે બીજો કોઈ પણ આધાર નથી. ભગવાન, મારા હૃદયરૂપી કમળ પર આપના ચરણકમળોને પધરાવો અને મારા અંતરમાં, મારા મનમંદિરમાં તેજોમય સ્વરૂપે નિવાસ કરો અને આપની અનન્ય ભક્તિ આપો, નિષ્કામ ભક્તિ આપો તેમ જ સતત અને દૃઢ ભક્તિ આપો. મારી સર્વ ઈન્દ્રિયો, સર્વ ગુણો, મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રકૃતિમાં નિવાસ કરો અને રોમેરોમમાં ભક્તિ આપો. સર્વ પ્રાણીમાત્રમાં ફક્ત આપના જ દર્શન કરું અને કોઈ પણ જાતના દુન્યવી પદાર્થોમાં કશા પણ પ્રકારની આસક્તિ ના થાય એવી કૃપા કરજો. મારામાં રહેલાં સર્વ પ્રકારનાં વિકારો, વાસનાઓ, લોભ, લાલચો, અહમ્ તથા અહંકાર વગેરે દુર્ગુણોનો નાશ કરજો.

આપને વારંવાર હું એ જ પ્રાર્થના કરું છું કે પ્રભુ મને આપના શરણમાં લેજો. આપના ચરણકમળોમાં પ્રેમ આપજો. આપનાં ચરણકમળોની ભક્તિ આપજો અને મારી પ્રત્યેક ક્ષણ આપની ભક્તિમાં જ પસાર થાય અને સદાય આપની ભક્તિમાં જ લીન રહું.

આપનો પ્રેમ સદાય મારા પર રહે. આપની કૃપાનો વરસાદ સદાય વરસતો રહે અને આપના આશીર્વાદ સદાય મારી સાથે જ રહે એ જ મારી પ્રેમપૂર્ણ પ્રાર્થના છે.

ફરીથી ભૂલચૂક માટે આપની ક્ષમાયાચના માગું છું.

પત્ર લખવાની કૃપા કરશો તો ઘણો જ આનંદ થશે.

સદાય આપના દર્શનની ઝંખનામાં રહેતો આપનાં ચરણોની રજનો પણ દાસ

લિ.

સુરેશના કોટિ કોટિ દંડવત્ પ્રણામ

ૐ શ્રી યોગેશ્વરાય નમઃ

ૐ શ્રી સર્વેશ્વરી માતાય નમઃ

*

## પત્ર - ૨

ટોરન્ટો

તા.૧૦-૧૧-૮૧

મારા પ.પૂ. જગદંબા સ્વરૂપ શ્રી સર્વેશ્વરી મા,

આપના ચરણારવિંદમાં સદાય રહેતા સુરેશના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશો.

આપ તથા પ.પૂ. યોગેશ્વર ભગવાન લોસએન્જલસ સારી રીતે પહોંચી ગયાં છો જાણી ઘણો જ આનંદ થયો છે. આ બાબતમાં શ્રી સુરેશભાઈ શાહે મને ફોન કર્યો હતો.

૧૩મી નવેમ્બરે, 'મા' આપનો જન્મદિવસ છે. તો તે પ્રસંગે આપના જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આપના કલ્યાણમય જીવન માટે ખૂબખૂબ પ્રાર્થના કરું છું. આપ અહીંયા હોત તો આપનો જન્મદિવસ ખૂબ જ સારી રીતે ઉજવવાનો લહાવો મળ્યો હોત. ખેર, જેવી ઈશ્વરની ઈચ્છા.

આપને એરપૉર્ટ પરથી વિદાય આપ્યા પછી મન ઘણું જ ઉદાસ થઈ ગયું છે. ૩૩ દિવસો સુધી ટોરન્ટોમાં આપના વસવાટ દરમિયાન આપનાં પવિત્ર ચરણોમાં બેસવાનું જે સદ્ભાગ્ય સાંપડ્યું હતું તે ખરેખર ઈશ્વરની મોટી કૃપાને જ આભારી છે. આપના સાંનિધ્યમાં મને હંમેશા જાણે હું મારી 'મા'નાં ચરણોમાં જ છું એવું જ લાગ્યા કરતું અને આપના પવિત્ર પ્રેમમાં સ્નાન કરતો. આપે જે મારા પર વિશેષ પ્રેમ અને કૃપા દાખવી છે તે માટે હું ખૂબ જ ભાગ્યશાળી છું. આપનાં ચરણોમાં બેસવાનો લાભ હમણાં તો નહીં મળે અને આપનો વિયોગ પણ સાલતો રહેશે. ફરી ક્યારે એ સદ્ભાગ્ય સાંપડશે એ તો પ્રભુ જ જાણે. પણ, પ્રાર્થના એ જ છે કે, એ યોગ જલદીથી આવે. આપના દર્શન મારા હૃદયરૂપી મંદિરમાં કરતો રહીશ.

હું પ્રકાશના પંથે આગળ ને આગળ વધતો જ રહું અને મારા ધ્યેયને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સાંપડે તેમ જ મારા રોમેરોમમાં મારા પ્રભુની ભક્તિ પ્રગટે અને તેઓના તેજોમય સ્વરૂપનાં દર્શન કરવાને શક્તિમાન થાઉં એવો આપ અંતરથી આશીર્વાદ આપો અને મારી પણ હૃદયપૂર્વક આપને એ જ પ્રાર્થના છે. પત્રમાં જોકે ઘણી જ ભૂલો હશે અને કંઈ પણ અવિવેક થયો હોય તો બાળક સમજીને ક્ષમા કરશો. આ સાથે આપના ફોટાઓ મોકલું છું. જે ગમશે એવી આશા રાખું છું.

સમય મળે પત્ર લખી આશિષ આપશો તો ઘણો જ આનંદ થશે.

ફરીથી ભૂલચૂક માટે આપની ક્ષમાયાચના માગું છું.

આપનાં પવિત્ર ચરણોની રજનો પણ દાસ.

લિ.

સુરેશના કોટિ કોટિ દંડવત્ પ્રણામ

*

**પત્ર -3**

ટોરન્ટો

તા. ૨૯-૧૧-૮૧

મારાં વ્હાલા પ.પૂ. શ્રી જગદંબાસ્વરૂપ સર્વેશ્વરી મા,

આપનાં પવિત્ર ચરણકમળોમાં સદા સુરેશના દંડવત્ પ્રણામ. આશા છે કે આપ સાનફ્રાન્સિસ્કો તથા આરકાન્સાસમાં મંગળમય અને કલ્યાણકારી પ્રવચનોની પૂર્ણાહુતિ કરી લોસ એન્જેલસ પાછા પધાર્યા હશો. અને પ્રભુકૃપાથી આપ મજામાં હશો અને સ્વાસ્થ્ય પણ ઘણું જ સારું હશે. આપનો તથા મારા પ.પૂ. પ્રભુજીનો કલ્યાણકારી મધુર અવાજ ફોન પર સાંભળીને ઘણો જ આનંદ થયો હતો.

હું તો આપનો બાળક છું એટલે શું લખવું ને શું ના લખવું એની સમજ મને તો છે જ નહીં, પરંતુ મારા હૃદયના ભાવો શબ્દોના રૂપમાં વ્યક્ત થાય છે માટે કંઈ પણ ભૂલચૂક કે અવિવેક થયો હોય તો ક્ષમા કરશો.

આપને ટોરન્ટોથી ગયે ત્રણ જ અઠવાડિયાં થયાં છે, પરંતુ એવું લાગે છે કે જાણે ઘણો સમય વીતી ગયો. મા, આપ સ્થૂળ દેહે અમારી પાસે તો નથી એટલે આપનાં એ પવિત્ર ચરણકમળોને સ્પર્શ કરવાનું ને એ પાવન રજકણોને મસ્તક પર ચઢાવવાનું ભાગ્ય હાલ તો પ્રાપ્ત થતું નથી, પરંતુ આપનું એ પ્રેમાળ અને પવિત્ર સ્મરણ સદાય મારા હૃદયરૂપી મંદિરમાં રહેશે. આપના સાંનિધ્યરૂપી છાંયડામાં મને વિસામો લેવાનું જે સદ્‌ભાગ્ય પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું હતું તેનું વર્ણન કરવા માટે મારી પાસે કોઈ જ શબ્દો નથી. આપનાં દર્શન કર્યાં પછી હંમેશા મને એમ જ લાગ્યું છે કે, આપ મારા જન્મોજન્મથી માતૃરૂપે રહેલાં છો. આપ વરદ હસ્તે મને જે પ્રસાદ આપતાં હતાં અને એ જ વરદ હસ્ત મારા મસ્તક પર તેમ જ પીઠ પર મૂકતા હતા એ પવિત્ર સ્પર્શ આ બાળકના નસીબમાં ફરી ક્યારે આવશે એ તો મારા પ્રભુ જ જાણે. એ યોગ જલદી આવે તેના માટે પ્રભુને પ્રાર્થના તો ચાલુ જ છે. અને આશા છે કે આપની કૃપા અને આશીર્વાદથી મારા પ્રભુ જલદીથી મારા પર અનુગ્રહ કરશે અને આપ પણ પ્રભુને મારી સિફારિસ જરૂરથી કરજો. કારણ કે આપ તો મારાં 'મા' છો.

આપે જે પવિત્ર પ્રેમનું બંધન બાંધ્યું છે તે બંધન પ્રત્યેક ક્ષણ વધુ ને વધુ દૃઢ થાય અને મારા અણુએ અણુમાં ભક્તિ ઉદ્‌ભવે એ જ પ્રાર્થના છે. હવે તો આ દેહે મારા પ્રભુના તેજોમય સ્વરૂપમાં એકાકાર થઈ જાઉં બસ એ જ મારી ઈચ્છા છે ને પ્રાર્થના છે. તે માટે મારી સાધના અને ભક્તિ સતત ચાલુ જ રહે એવા આશીર્વાદ આપજો અને મારી શ્રદ્ધાને દૃઢ કરજો.

આ સાથે આપે મંગાવેલા ફોટાની સાત કૉપીઓ મોકલું છું. જેમાંથી એક ફોટા પાછળ આપના તથા પ.પૂ.શ્રી પ્રભુજીના આશીર્વાદ કરી મને પાછો મોકલશો તો ઘણો જ આનંદ થશે. બીજું, શ્રી હર્ષદભાઈએ આપના જવાના છેલ્લે દિવસે ફોટાઓ પાડ્યા હતા તે પણ બધા મોકલી આપું છું. આશા છે કે ગમશે.

'મા' હવે આપ ફરીથી વહેલાંવહેલાં અહીંયા પધારી આપના સત્સંગનો આનંદ આપશો એવી પ્રાર્થના છે. ભાઈ શ્રી દીપકભાઈ, વડીલ શ્રી સુરેશભાઈ શાહ ગયા અઠવાડિયે મારે ઘેર આવ્યા હતા. ઘણો જ આનંદ

આવ્યો હતો, કારણ કે આપનાં ભજનોનો આનંદ માણ્યો હતો. તેમ જ વીડિયો પણ જોયો હતો. આપને તથા પ.પૂ. શ્રી પ્રભુજીને પણ ખૂબ ખૂબ યાદ કર્યા હતા.

સર્વ શુભ પ્રાર્થનાઓ સહિત આપનાં ચરણકમળોની પાવન રજકણોનો પણ દાસ.

લિ.

આપના જ બાળક સુરેશના દંડવત્ પ્રણામ.

*

## પત્ર-૪

ટોરન્ટો

તા. ૧૫-૨-૮૨

મારા વ્હાલા પરમ પૂજ્ય શ્રી યોગેશ્વર ભગવાન,

આપના પ્રેમાળ અને પરમ પવિત્ર ચરણકમળોમાં સદાય રહેતા આપનાં ચરણોના દાસ સુરેશના વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશો.

પ્રભુ, આપનાં પવિત્ર ચરણકમળોની પાવન રજકણોથી ઈંગ્લેન્ડ, કેનેડા અને અમેરિકાની ધરતીને પવિત્ર કરી ફરીથી આપ ભારતની ભૂમિ પર કે જે ભૂમિ આપનાં જ ચરણકમળોની પવિત્ર ચરણરજકણોથી સદાયે પાવન રહે છે ત્યાં સારી રીતે પધાર્યા છો જાણી ઘણો આનંદ થયો છે.

આપનું સ્વાસ્થ્ય સદાય સારું રહે, પ્રભુ અને ધર્મના પ્રચાર તથા જનકલ્યાણઅર્થે આપનું સ્વાસ્થ્ય સદાય સારું રહે એ જ પ્રાર્થના છે. આપને એ જ પ્રાર્થું છું કે મારી ઉંમર પણ આપને મળે જેથી વધુ ને વધુ લોકો આપની અમૃતમય વાણીનો લાભ લે અને સત્સંગ આપના માર્ગ પર આગળ વધે.

હે ભગવાન, આપની કૃપાથી અને દયાથી આપના પવિત્ર ચરણકમળોમાં બેસવાનો અને આપનાં દર્શનનો ફરીથી આપે લાભ આપી ઘણો જ મોટો ઉપકાર કર્યો છે. આપની શીતળ છાંયડીમાં બેસવાનો લાભ, બેસવાનો યોગ ફરીથી જલદી આવે એવી આપને પ્રાર્થના છે. હે પ્રભુ, આપ તો ઘણા જ દયાળુ તેમ જ કરુણાસાગર છો, આપ તો અંતર્યામી છો, ત્રણે કાળના સ્વામી છો તેમ જ ત્રણે કાળને જાણનારા છો. આપથી શું અજાણ્યું હોઈ શકે ? આપ મારી વ્યથા તો જાણો જ છો, ભગવંત આપનાં ચરણારવિંદોમાં વારંવાર પ્રણામ કરીને એ જ પ્રાર્થના છે કે મારા સર્વ પ્રકારના દુર્ગુણો અને અવગુણોને નિર્મૂળ કરો. હે પ્રભુ, મને સર્વ પ્રકારના ઉદ્વેગો, ત્રિતાપ અને ત્રિગુણાત્મક માયારૂપી બંધનમાંથી મુક્ત કરો. મારા જન્મોજન્મના અપરાધોને ક્ષમા કરજો અને જન્મોજન્મનાં પાપો તેમ જ ભવબંધનથી મુક્ત કરજો, એ જ મારી આપને પ્રાર્થના છે.

હે ભગવાન, હું તો મારી સર્વ ઈન્દ્રિયોથી, મનથી, સર્વ ગુણોથી, બુદ્ધિ, ચિત્ત અને પ્રકૃતિથી આપના શરણમાં આવેલો છું. માટે મને શરણમાં લેજો, મને અપનાવી લેજો અને આપનાં ચરણકમળોમાં આશ્રય આપજો એ જ મારી પ્રાર્થના છે. મારું સર્વસ્વ આપ જ છો અને હું સંપૂર્ણ રીતે આપને શરણાગત છું. હે પ્રભુ, આપ જ મારો આધાર, સહારો અને સહાયક છો. હવે આપ સિવાય મારે બીજું કોઈ જ અવલંબન નથી, માટે મુજ અનાથને સનાથ કરો એ જ મારી પ્રાર્થના છે. આપ જ ચેતનારૂપે આ જડ દેહમાં રહીને સર્વ ક્રિયાઓના કર્તાહર્તા છો. હું તો એક યંત્ર છું અને મારા પ્રભુ આપ જ આ યંત્રના યાંત્રિક છો. હું તો આપના હાથનું એક

વાજિંત્ર છું. મારી આપને આપનાં ચરણોમાં એ જ પ્રાર્થના છે કે આપની અનન્ય પ્રેમભક્તિથી જ સૂર નીકળે એ સિવાય બીજા કોઈ સૂર ના નીકળે.

હે ભગવાન, મને ભવસાગર પાર લગાવી દેજો અને કેવટ બનીને મારી જીવનરૂપી નૌકાને આ સંસારરૂપી સાગરને પાર લગાવી દેજો. મારા હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરો અને આપનો પ્રેમભક્તિરૂપી પ્રકાશ આપો એ જ મારી પ્રાર્થના છે. મને અસત્યમાંથી સત્યના પંથે લઈ જજો અને અંધકારમાંથી પ્રકાશના પંથે લઈ જજો. માર્ગદર્શક બનીને પ્રકાશના પથ પર મને આગળ લઈ જાઓ એ જ આપનાં ચરણોમાં પ્રાર્થના છે.

હે પ્રભુ, આપ જ મારા જીવનરૂપી રથના સારથિ છો અને મેં મારી સર્વ ઈન્દ્રિયો, દુર્ગુણો તેમ જ અવગુણરૂપી ઘોડાઓની લગામ આપના હાથમાં સોંપી છે. આ સંસારરૂપી કુરુક્ષેત્રમાંથી મારા જીવનરૂપી રથને સહીસલામત પાર લગાવી દેજો એ જ પ્રાર્થના છે.

હે પ્રભુ, મારાં તન, મન, પ્રાણ, બુદ્ધિ, ચિત્ત, પ્રકૃતિ – સર્વસ્વનું આપનાં ચરણોમાં સમર્પણ કર્યું છે. હું તો દીનહીન બનીને જેવો પણ છું તેવો આપના શરણમાં આવ્યો છું. માટે મને અપનાવી લેજો. હે પ્રભુ, મને ઠુકરાવી ના દેશો, મને તરછોડી ના દેશો, આપ તો દયાના સાગર છો અને પરમાનંદના ધામ સમા છો. હે પ્રભુ, મારી સર્વ ઈન્દ્રિયોને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રકૃતિ અને સર્વ અવગુણોને નિર્મળ, નિર્વિકાર અને નિર્વિષય કરી દો. મારા હૃદયરૂપી કમળ પર આપનાં કોમળ ચરણકમળોને પધરાવો. હે પ્રભુ, મારા મનમંદિરમાં, અંતરમાં, અંતઃકરણમાં સદાય નિવાસ કરો એ જ મારી આપને નમ્ર પ્રાર્થના છે. હે ભગવાન, હું તો અજ્ઞાની, મૂઢ છું. નાદાન તેમ જ મૂર્ખ છું અને સર્વ દુર્ગુણો તેમ જ અવગુણોથી ભરેલો છું. મને તો પ્રભુ, આપનું નામ કેમ લેવું, આપનું સ્મરણ, તેમ જ ભક્તિ કેમ કરવી તે કશું જ આવડતું નથી. છતાં પણ આપની કૃપાથી જે પણ કંઈ ગાંડુઘેલું આપ કરાવો છો તે બાળકબુદ્ધિ પ્રમાણે કરું છું. અને સર્વસ્વને આપનાં ચરણકમળોમાં સમર્પિત કરું છું તો તેનો સ્વીકાર કરજો. પ્રભુ, મારી એ જ પ્રાર્થના છે.

હે પ્રભુ, મારે તો કાંઈ પણ અલૌકિક સુખો, ભૌતિક સુખો, ઈન્દ્રિયદાયક સુખો તેમ જ ધન, દોલત, યશ, વૈભવ, માન-સન્માન, કીર્તિ કે એશઆરામ વગેરે કશું પણ જોઈતું નથી. મને આપો તો આપની અનન્ય પ્રેમભક્તિ, નિર્મળ પ્રેમભક્તિ આપો. આપની શુદ્ધ, તીવ્ર, અવિચલ અને અખંડ પ્રેમભક્તિ આપો એ જ આપનાં ચરણોમાં પ્રાર્થના છે. હે પ્રભુ, હું સર્વસ્વથી પ્રત્યેક ક્ષણે આપનું જ સ્મરણ કરું. આપનાં જ ગુણગાન ગાઉં તેમ જ સતત ભક્તિ કર્યાં કરું એ જ મારી પ્રાર્થના છે. મને સંપૂર્ણપણે વૈરાગ્ય આપો એ જ મારી પ્રાર્થના છે.

હે પ્રભુ, આપનાં કોમળ ચરણકમળોનાં સદાય દર્શન કરું. આપના સુંદર સ્વરૂપનાં, દિવ્ય સ્વરૂપનાં તેજોમય સ્વરૂપ તથા પ્રકાશસ્વરૂપનાં દર્શન કરું અને આ સદેહે આપમાં જ સમાઈ જાઉં એ જ આપનાં ચરણકમળોમાં વારંવાર પ્રણામ કરીને પ્રાર્થના કરું છું. હે યોગેશ્વર પ્રભુ, મને આપની પ્રેમભક્તિનું દાન કરો અને આપનો પ્રેમભક્તિરૂપી નાદ મારા રોમેરોમમાં જગાવી દો. મારા હૃદયને આપની ભક્તિથી ભરી દો – એ જ મારી પ્રાર્થના છે. હે ભગવંત, મને શક્તિ આપજો. મારી શ્રદ્ધા અને ભક્તિ આપનામાં પ્રત્યેક ક્ષણે વધતાં જ રહે એ જ પ્રાર્થના છે એવી જ આપ કૃપા કરજો.

આપ તો સર્વ દેવોના પણ દેવ છો. હે પ્રભુ, આપ તો સર્વગુણસંપન્ન છો. ગુણોના ભંડાર છો. આપની માયા અપરંપાર છે અને આપની લીલા પણ અપરંપાર છે. સર્વ દેવતાઓ અને ઋષિમુનિઓ આપનું સતત સ્તવન, પૂજન કરે છે છતાં પણ તેઓ આપની માયાનો પાર પામી શકતા નથી. જ્યારે હું તો કામ, ક્રોધ, લોભ, મોહ, અહમ્, અહંકાર, વિકારો અને વાસનાઓમાં રહેલો પામર જીવ આપની માયાનો પાર કેવી રીતે પામી શકું ? હે વિશ્વદેવ, વિશ્વસ્વરૂપ, વિશ્વેશ્વર, વિશ્વંભર પ્રભુ, આપનાં ચરણકમળોમાં વારંવાર કોટિકોટિ દંડવત્ પ્રણામ કરું છું. હે પ્રભુ, આ દુન્યવી તથા જડ પદાર્થોમાં મારું મન કદી પણ આસક્ત ના થાય અને આપની આ વિશ્વમોહિની માયામાં કદી પણ લલચાઉં નહીં એ જ મારી પ્રાર્થના છે. હે પ્રભુ, એક ક્ષણ પણ આપના સ્મરણથી, ચિંતનથી, ભક્તિ કે દર્શનથી વિમુખ ના કરશો. મારા બંધ હૃદયનાં દ્વાર ખોલી નાખો તેમ જ મારા મનની અને અંતરની આંખોને ખોલી નાખો, એ જ મારી પ્રાર્થના છે.

હે પ્રભુ, મારા પ્રાણોના પ્રાણ, હે સ્વામી, પ્રાણપ્યારા, હૃદયેશ્વર યોગેશ્વર પ્રભુ, આપનાં ચરણકમળોમાં હું મારી શ્રદ્ધા અને ભક્તિરૂપી પુષ્પોને અર્પણ કરું છું તો તેનો સ્વીકાર કરજો. જેમ પુષ્પની એક પાંખડી સુવાસથી મહેંકતી હોય છે તેવી જ રીતે મારા રોમેરોમમાં, અણુએ અણુમાં આપની પ્રેમભક્તિરૂપી સુવાસને ભરી દો - એ જ આપનાં ચરણોમાં મારી નમ્ર પ્રાર્થના છે. હે પરમ કૃપાળુ, ભક્તવત્સલ પરમાત્મા આપ જ પરબ્રહ્મરૂપ ૐ સ્વરૂપ, વેદસ્વરૂપ, પ્રેમસ્વરૂપ, ભક્તિ અને ધ્યાનસ્વરૂપ છો. હે જ્યોતિર્ધર, જ્યોતિર્મય, પ્રકાશમય પરમાત્મા યોગેશ્વર પ્રભુ આપનો સદાય જયજયકાર થાઓ.

હે દુઃખહરન, વિઘ્નહરન, પાપનાશન, દુઃસ્વપ્નનાશન, હે રિદ્ધિસિદ્ધિના સ્વામી યોગેશ્વર પ્રભુ, આપનાં ચરણાવિંદોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરું છું. તેનો સ્વીકાર કરજો. પ્રભુ, બાળકભાવે ગાંડુઘેલું લખ્યું છે માટે જો અવિવેક થયો હોય તો નાદાન સમજીને ક્ષમા કરશો અને આપનો વરદ હસ્ત સદાય મારા મસ્તક પર રહે એ જ પ્રાર્થના છે.

લિ.

આપનાં ચરણકમળોના રજકણોના દાસનો પણ દાસ

સુરેશના દંડવત્ પ્રણામ.

***

<u>પત્ર - ૫</u>

ટોરન્ટો.

તા. ૧૫-૨-૮૨

મારાં પરમ પૂજ્ય વહાલાં જગદંબાસ્વરૂપ મા સર્વેશ્વરી મા,

આપનાં પ્રેમાળ અને પવિત્ર ચરણકમળોમાં સદાય રહેતા આપના દાસ સુરેશના વારંવાર પ્રણામ સ્વીકારશો.

આપના ચરણકમળોની પવિત્ર રજકણોથી ઇંગ્લેન્ડ, કેનેડા અને અમેરિકાની ભૂમિ પાવન કરી ફરી પાછાં આપની પ્યારી અને પવિત્ર ભારતની ભૂમિ પર સારી રીતે પધાર્યાં છો જાણી ઘણો જ આનંદ થયો છે. આશા છે કે મારા પ્રભુની કૃપાથી આપનું સ્વાસ્થ્ય ઘણું જ સારું હશે. આપનું સ્વાસ્થ્ય સદાય સારું રહે અને

પ્રભુના પવિત્ર પથ પર ચાલનારા સર્વજનો પર આપની કૃપા અને આશીર્વાદનો વરસાદ સદાય વરસતો રહે એ જ મારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના છે. મારા પ્રભુ પરમ પૂજ્ય યોગેશ્વરજીની કૃપાથી અને 'મા' આપના આશીર્વાદથી ન્યૂયોર્કમાં આપશ્રી તથા પ્રભુશ્રીનાં પવિત્ર ચરણકમળોમાં અને પ્રેમરૂપી છાંયડામાં ફરી વિસામો લેવાનું જે સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તે માટે પ્રભુનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. સૌથી વધુ તો આનંદ એ વાતનો છે કે 'મા' આપ એરપોર્ટ પર આવ્યાં હતાં. ખરેખર 'મા' આપ અને પ્રભુ કેટલા દયાળુ છો કે, આપનાં બાળકોની સંભાળ હંમેશા રાખો છો.

મારાથી બનતા બધા જ પ્રયત્નોથી પ્રાર્થનાઓ અને ધ્યાન ચાલુ જ છે. પણ હજી સુધી મન પ્રભુમાં સ્થિર થઈ શક્યું નથી. પ્રભુની કૃપા માટે હજી સુધી હું લાયક ના થયો તેનો અફસોસ ઘણો જ રહે છે, પણ મને શ્રદ્ધા છે કે, પ્રભુ જરૂર મારા પર તેઓની કૃપાનો વરસાદ વરસાવશે અને મારા મનનાં સર્વ તાપ સંતાપો તથા મલિનતા દૂર કરશે. મારી તો 'મા' એ જ પ્રાર્થના છે કે મારી એક એક ક્ષણ મારા પ્રભુ સ્મરણ ચિંતનમાં અને સાંનિધ્યમાં જ પસાર થાય અને પ્રેમભક્તિનું એવું બંધન સંધાઈ જાય જ્યાં કોઈ ભિન્નતા ના રહે. 'મા' આપનો વરદ હસ્ત સદાય મારા મસ્તક પર રહે એ જ મારી પ્રાર્થના છે. મારું મન સદાય નિર્મળ, પવિત્ર, અહંતા, અહંકાર રહિત તેમ જ વાસના અને વિકારો રહિત રહે એવી આપની કૃપા તથા આશીર્વાદોની વર્ષા સદાય વરસાવજો એ જ મારી પ્રાર્થના છે.

ટોરન્ટોમાં પ્રભુની કૃપાથી ધ્યાનકેન્દ્રની શરૂઆત ૩૧મી જાન્યુઆરીથી કરી છે. આ બાબતનો ખુલાસાવાર પત્ર વડીલ શ્રી સુરેશભાઈ શાહે લખ્યો છે. આશા છે કે આપની તથા પરમ પૂજ્ય પ્રભુની કૃપાથી વાવેલું આ બીજ વૃક્ષ બનીને ખીલી ઊઠશે.

ફોન પર આપની પ્રેમાળ અને અમૃતમય વાણી સાંભળવાનો જે લાભ મળતો હતો તે હાલ તો મળશે નહીં. 'મા' આપની સાથેના વાર્તાલાપ દરમિયાન અહમ્ થી કે અવિવેકથી જે કંઈ પણ ભૂલચૂક થઈ ગઈ હોય તો આ બાળક આપનાં ચરણોમાં વારંવાર દંડવત્ પ્રણામ કરી ક્ષમા માગે છે. ક્ષમા કરી દેજો.

ગયા શુક્રવારે જ એક ફોટો બાકી હતો તે આવ્યો છે એટલે આપને ફોટાઓ જલદી મોકલી શક્યો ન હતો અને પત્ર લખી શક્યો નહોતો તો માફ કરશો. ભાઈશ્રી ચીમનભાઈ વડોદરાથી આપનાં ભજનોની એક કેસેટ લઈ આવ્યા છે તે હાલ સાંભળું છું અને ભક્તિનો આનંદ લઉં છું.

ભાઈ શ્રી દીપકભાઈ, હર્ષદભાઈ બધા આપને ખૂબ જ યાદ કરે છે અને પ્રણામ પાઠવ્યા છે. અમારી આપને એ જ પ્રાર્થના છે કે આપ ફરીથી જલદી જલદી અહીંયા પધારો અને આપનાં ચરણકમળોની પવિત્ર ચરણ રજકણોથી પાવન કરો.

લિ.

આપના ચરણકમળોની રજકણોના દાસના પણ દાસ

સુરેશના પ્રણામ.

* * *

## ૨૦. લોસ એન્જેલસ

ટોરન્ટોથી વિમાનમાં ન્યૂયૉર્ક થઈને લોસ એન્જેલસ.

લોસ એન્જેલસના વિમાનઘર પર ભગવાનભાઈ, ઈશ્વરભાઈ, હીરાભાઈ, કંચનબહેન લેવા આવેલાં. એ સૌની સાથે થોડી વારમાં વિમાનઘર પરથી બહાર નીકળીને આલોહા મોટેલ જઈ પહોંચ્યા.

ઈ.સ. ૧૯૭૮માં માતાજી જ્યોતિર્મયી સાથે લોસ એન્જેલસ આવવાનું થયું ત્યારે અમે એ જ એકાંત કોલાહલરહિત શાંત સ્થળમાં બે-ત્રણ દિવસ રહેલાં. આ વખતે એ પછી લગભગ ત્રણ વરસ પછી 'મા' સર્વેશ્વરી સાથે સંસારના એ સુંદર અને સુવિશાળ મનાતા શહેરમાં આવવાનું થયું ત્યારે પણ ત્યાં જ ઊતરવાનું થયું.

એ સ્થાનમાં માતાજી જ્યોતિર્મયીની સ્મૃતિ સવિશેષ આવે એ સ્વાભાવિક હતું અને એ સ્મૃતિ કયા સ્થાનમાં નહોતી ઊઠતી ? એ તો દેશકાલાતીત હતી. હમણાં ટોરન્ટોમાં જ એમના નિર્વાણને એક વરસ થયા પછી ૧૬-૧૦-૧૯૮૧ના દિવસે એ સ્મૃતિ કાવ્યના અક્ષરોમાં અભિવ્યક્તિ પામેલી :

*

### એક વરસે

એક વરસ તો વીત્યું, એક વરસ તો વીત્યું.
હાર્યું કોણ, કો' જીત્યું; એક વરસ તો વીત્યું.

પૃથ્વી પરે પરબ પર પ્રગટી તમે અખંડ અમીનું
પાન કરાવ્યું પ્રતિ પદ પ્રતિ પળ દેતાં દાન કળીનું,
સંકેલીને પરબ તમે છે પ્રયાણ કર્યું કહીંનું,
યાવચ્ચંદ્રદિવાકરો હશે તમે કરેલી પ્રીત્યું ... એક વરસ.

દિવસો વીતે, મહિના, વરસો, યુગ યુગ તોય થયું શું;
તમે સનાતન, અમે સનાતન, સકળ સનાતન ને હું;
યાદ તમે આવો છો નિશદિન જાણે કશું ન વીત્યું.
એક વરસ તો વીત્યું, એક વરસ તો વીત્યું.

*

લોસ એન્જેલસ પહોંચ્યા પછી ત્રણચાર દિવસમાં જ મારો પ્રવચન કાર્યક્રમ શરૂ થયો.

સૌથી પ્રથમ કાર્યક્રમ અમેરિકાના ભક્ત સમાજના પ્રમુખ શ્રી છગનભાઈએ ગોઠવ્યો. તેમાં જિજ્ઞાસુઓએ ઘણા પ્રમાણમાં ભાગ લીધો. શહેરના દૂરદૂરના વિસ્તારોમાંથી સત્સંગી સ્ત્રીપુરુષો ભેગાં થયેલાં. પ્રવચનની પરિસમાપ્તિમાં 'મા' સર્વેશ્વરીએ સ્વરચિત ભજનો સંભળાવ્યાં. તે સાંભળીને શ્રોતાજનોના અંતર આનંદી ઊઠ્યાં. દિલ ડોલી રહ્યાં.

પાછળથી પ્રશ્નો પુછાયા.

એક સત્સંગી મોટી ઉંમરની બહેને પૂછ્યું: 'મા' સર્વેશ્વરી કોણ છે ?

'કેમ તમને શું લાગે છે ?'

'એમનાં દર્શનનો લાભ આજે મને પહેલી વાર જ મળ્યો. એમનાં દર્શનથી શાંતિ મળે છે. પ્રેરણા સાંપડે છે. એમનાં ભાવભીના ભજનોને સાંભળીને અનહદ આનંદ થયો. એ હૃદયસોંસરાં ઊતરી ગયાં. એમને જોઈને અંતરમાં એવો જ ભાવ પેદા થાય છે કે એ શારદાદેવીનો અવતાર છે. આ જન્મમાં તમારી સાથે રહેવા અને તમારી સેવા કરવા આવી પહોંચ્યાં છે.'

'હોઈ શકે.' મેં એટલું જ કહ્યું: 'સંસારમાં કશું જ અશક્ય નથી.'

'મને તો એવું જ લાગે છે. એમાં કશી જ શંકા નથી.'

એટલા બધા શ્રોતાની સમક્ષ એ બહેન ખૂબ જ સહજભાવે બોલી રહેલાં. સૌ આશ્ચર્યચકિત બનીને સાનંદ સાંભળી રહ્યાં. કોને ક્યારે કયો ભાવ થાય છે એનો કોઈ નિશ્ચિત નિયમ નથી બાંધી શકાતો. એનો આધાર પ્રત્યેકની ભૂમિકા પર જ હોય છે. જનકરાજાની રંગભૂમિમાં રામે ધનુષ્યને ઉપાડવાની ઈચ્છાથી પ્રેરાઈને પ્રવેશ કર્યો ત્યારે સૌ એમને જુદાંજુદાં રૂપે જોવા લાગ્યા. રામ એક પરંતુ એમને અવલોકનારા દર્શકોની દૃષ્ટિ અનેકવિધ એટલે એ જુદાંજુદાં સ્વરૂપે દેખી રહ્યા.

'જાકી રહી ભાવના જૈસી તિનહ પ્રભુમૂરતિ દેખી તૈસી.'

એ સત્સંગીબહેનને 'મા' સર્વેશ્વરી એમની ભાવનાનુસાર જોવા મળ્યાં.

એમણે વિદાય થતી વખતે એમને પાસે આવીને પરમ પૂજ્યભાવે પ્રણામ કર્યાં ત્યારે એમને પોતાની ભાવનાને પ્રકટ કર્યાનો સંતોષ થયો.

એ સંસ્કારી સત્સંગી બહેનનું નામ મણિબહેન.

*

લોસ એન્જેલસમાં રોજ જુદાંજુદાં સ્થળોમાં કાર્યક્રમ ચાલુ રહ્યા. સાતેક દિવસ સુધી ત્યાંના ગુજરાતી સમાજનાં ભવનમાં પ્રવચનો યોજાયાં. જનતાએ એનો લાભ લીધો. પ્રવચનો વધારે ભાગે રાતે જ યોજાતાં, કારણ કે ત્યાંના કઠોર અવિરત જીવનમાં જનતાને રાતે જ નિરાંતનો સમય મળી શકતો અને એ પણ કેટલાક એને માટે એ સમય કાઢતા એટલે.

લોસ એન્જેલસમાં રહેવાનું થાય એટલે પરમહંસ યોગાનંદના એકાંત આહ્‌લાદક આશ્રમનું સ્મરણ સહજ રીતે થાય જ. ઈ.સ. ૧૯૭૮ના પુણ્યપ્રવાસ દરમિયાન એ આશ્રમનું અવલોકન કરેલું ત્યારથી તેની સ્મૃતિ અક્ષય બની ગયેલી. એકાંત શાંત સુંદર આશ્રમસ્થળમાં જ્યારે પણ પ્રવેશીએ ત્યારે અંતર એક પ્રકારના અવનવા અવર્ણનીય ભાવને અનુભવે.

સુવિશાળ સરોવરની આસપાસ સમુદ્રની સમીપે આવેલા પરમહંસ યોગાનંદના આશ્રમના અન્ય કેન્દ્રમાં પ્રવેશવાનું થયું ત્યારે સાંજના પાંચ વાગી ગયેલા. માર્ગમાં આવતા રામકૃષ્ણ મિશનના કેન્દ્રના નિરીક્ષણ માટે અમે થોડોક વખત રોકાયાં એટલે એ કેન્દ્રમાં પહોંચતાં કાંઈક મોડું થયું. સાંજના પાંચ વાગ્યે કેન્દ્રના પ્રવેશનો સમય પૂરો થતો હતો. દરવાજો બંધ થવાની તૈયારીમાં હતો તે જ વખતે અમારી મોટરે

અંદર પ્રવેશ કર્યો. અમે મોડા પડ્યાં છીએ તે સમજાઈ ગયું. આશ્રમના એક કાર્યકર્તાએ પહેલી મોટર પાસે પહોંચીને તરત જ જણાવ્યું કે સમય થઈ ગયો છે.

બીજી પાછળની મોટરમાંથી મેં નીચે ઊતરવા માંડ્યું તો મને ઓળખીને આશ્રમના અધ્યક્ષ સ્વામી તુરિયાનંદે તરત મારી પાસે પહોંચીને પ્રણામ કર્યાં.

મેં કહ્યું : 'અમે સહેજ મોડાં પડ્યાં છીએ.'

સ્વામી તુરીયાનંદ બોલ્યાઃ 'હરકત નહીં. તમે આશ્રમ જોઈ શકો છો. હું તમારી સાથે રહીને બધું બતાવીશ.'

એમની ઉદારતા તથા સમય પર સુયોગ્ય નિર્ણય લેવાની શક્તિથી એમને માટે માન પેદા થયું.

થોડી વારમાં ચારે તરફ અંધકાર છવાઈ ગયો.

માર્ગમાં મેં સ્વામી તુરીયાનંદને પૂછ્યું કે, 'તમારા ગુરુ યોગાનંદની કૃપાની અનુભૂતિ હવે તમને થાય છે ખરી ?'

એમણે ઉત્તર આપ્યો કે, 'થાય છે. છેલ્લા કેટલાક વખતથી એ મને માર્ગદર્શન આપે છે ને પ્રેરણા પૂરી પાડે છે. '

'જ્યારે આવશ્યકતા હોય છે ત્યારે પ્રકાશ પહોંચાડે છે.'

'એટલે હવે તમને એ બાબતે કશો અસંતોષ નથી રહ્યો ?'

'ના, છેલ્લાં ત્રણ વરસમાં ઘણી શાંતિ છે.'

મને એમની અનુભૂતિ સાંભળીને આનંદ થયો.

છૂટા પડતી વખતે એમણે મને પરમહંસ યોગાનંદની આત્મકથાનું પુસ્તક ભેટ આપ્યું. તેને વાંચેલું હોવાથી, તેમના આગ્રહને માન આપીને, બીજી બે નાની પુસ્તિકાઓ સ્વીકારી.

એમણે મારી સાથેના મુલાકાતીઓને વિદાય આપતી વખતે જણાવ્યું કે, 'મારી ઈચ્છા ફરી વાર ભારતમાં આવવાની છે. મને ભારત પ્રત્યે પ્રેમ છે. ભારત સંતો, ભક્તો, યોગીઓનો દેશ છે.'

એમની એ અદ્ભુત આકાંક્ષામાંથી ભારતવાસીઓએ પ્રેરણા લેવાની હતી.

મોટરો આગળ વધી ત્યારે એમના એ ઉદ્ગારો અમારા કાનમાં ગુંજવા લાગ્યા. આજે પણ ગુંજે છે.

* * *

## ૨૧. સાનફ્રાન્સિસ્કો અને ડલાસ

સંસારના સુંદર, અતિશય સુંદર, ચિત્તાકર્ષક કહેવાતા સુવિશાળ શહેરોમાંનું એક સાનફ્રાન્સિસ્કો શહેર.

એ શહેરની સ્મૃતિ કરવાનું મન સ્વાભાવિક રીતે જ થાય એવું છે.

લોસ એન્જેલસના ભરચક કાર્યક્રમ પછી એ સૌંદર્યના સંપુટ સરખા શહેરમાં મારાં પ્રવચનો યોજાયાં.

એમના યોજક હીરાભાઈ સેવાભાવી અને ઉત્સાહી હતા.

એમણે સાનફ્રાન્સિસ્કોમાં પ્રવચનોને માટે હૉલ ભાડે રાખેલો.

જનતાએ એ પ્રવચનોનો ખૂબ જ ઉમંગપૂર્વક લાભ લીધો.

હીરાભાઈને એક લોકોપયોગી સત્કર્મ કર્યાનો સંતોષ હતો. એ સંતોષની લાગણી એમણે એમના આભારદર્શનના વક્તવ્યમાં પ્રગટ કરી.

ગુજરાતી જનતા તરફથી તૈયાર થયેલો એ હૉલ પ્રથમ તો કોઈ પણ પ્રકારનું ભાડું લીધા સિવાય સારા સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક કામ માટે આપવામાં આવતો, પરંતુ છેલ્લેછેલ્લે કોઈક કથાકાર કે સંતે આવીને યેનકેન પ્રકારેણ ફંડફાળા કે બીજી રીતે ઘણી મોટી રકમ એકઠી કરેલી, ત્યારથી હૉલના વ્યવસ્થાપકોએ એ હૉલને જે માગે તેમને ભાડે આપવાનો નિયમ કર્યો. ભાડું પણ કેટલું ? રોજના પચાસ ડૉલર !

સામાન્ય રીતે એ રકમ ઘણી મોટી કહેવાય. ખાસ કરીને એમને માટે જે ધંધાદારી ધર્મોપદેશક કે ધર્મપ્રચારક નથી, જે કેવળ સેવાભાવથી પ્રેરાઈને નિષ્કામ રીતે જ કાર્ય કરે છે, ને વ્યક્તિગત ફંડફાળા નથી કરતા. જે કેવળ આકાશવૃત્તિથી, ઈશ્વર પર આધાર રાખીને, જે કાંઈ સહજ રીતે આવી મળે એના પર જીવન ચલાવતા હોય છે. જે પરદેશમાં કશું સ્થૂળ લેવા અથવા એકઠું કરવા નથી પહોંચતા પરંતુ પોતાના અનુભૂતિજન્ય જ્ઞાનભંડારમાંથી કશુંક આપવા માટે જ જતા હોય છે. એમને માટે તો કાર્યકર્તાઓએ સત્સંગ હૉલને મફત આપવો જોઈએ, જેથી જનતાની સેવા કરવા માટે એમને કોઈ શ્રીમંતનો સહારો ના લેવો પડે.

મારી લાગણીને મેં હૉલના વ્યવસ્થાપકને અને શ્રોતાઓ સમક્ષ વાચા આપી. એની સારી અસર થઈ. એમણે સઘળી પરિસ્થિતિને સમજાવીને ભવિષ્યમાં નીરક્ષીરવિવેક કરવાની ખાતરી આપી.

ધનસંગ્રહને જ એકમાત્ર પ્રાધાન્ય કરીને પરદેશમાં પ્રવેશનારા તથા પ્રવૃત્તિ કરનારા પુરુષોએ એના પરથી ઘણું શીખવા જેવું છે. એમની પદ્ધતિ કે પ્રવૃત્તિ બીજાને માટે હાનિકારક ના થાય કે અંતરાયરૂપ ના બને તે માટે એમણે પૂરતું ધ્યાન રાખવું જોઈએ.

સાનફ્રાન્સિસ્કોમાં આશાબહેનના અને એમના માતાપિતાના આગ્રહને લીધે એમની હોટલમાં રહેવાનું બન્યું. એમણે સૌએ અમારી સારી પેઠે સેવા કરી. અમેરિકા જેવા દૂરના દેશમાં રહીને પણ એમણે ભારતીય સંસ્કારોને સાચવી રાખેલા.

*

**સેવાભાવી સત્પુરુષ**

સાનફ્રાન્સિસ્કોથી વિમાનમાં ડલાસ.

ડલાસનું વિમાનઘર ઘણું મોટું છે અને આંતરરાષ્ટ્રીય કહેવાય છે.

અમારી સાથે એ પ્રવાસમાં ભગવાનભાઈ તથા ઈશ્વરભાઈ પણ જોડાયેલા.

ડલાસથી અમારે વિમાન બદલીને આગળ વધવાનું હોવાથી વિમાનઘર પર ચારેક કલાક રોકાવાનું હતું.

અમે વિમાનઘર પરથી પસાર થતી વખતે રેસ્ટરૂમનું સુંદર સૂચનાપત્ર વાંચ્યું. મને થયું કે હજુ તો પૂરતો સમય છે અને આરામની આવશ્યકતા પણ છે તો આ રેસ્ટરૂમ અનુકૂળ રહેશે.

મેં 'મા' સર્વેશ્વરીને ને બીજાને મારા મનોભાવથી માહિતગાર કરીને જણાવ્યું કે રેસ્ટરૂમમાં આરામ કરવાના પલંગાદિ હશે એટલે આરામ કરવાનું ખૂબ જ અનુકૂળ રહેશે.

મારી વાતને સાંભળીને ભગવાનભાઈએ સ્મિતપૂર્વક સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે રેસ્ટરૂમનો અર્થ આરામ કરવાનો રૂમ એવો નથી.

તો પછી કેવો અર્થ છે?

રેસ્ટરૂમ એટલે શૌચાલય. લઘુશંકા કે દીર્ઘશંકા માટેનું સ્થાન છે. કેનેડામાં જેને વૉશરૂમ અને ઈંગ્લેન્ડમાં જેને ટૉઈલેટ કહે છે તે. આરામ તો આપણે અહીં આ સુંદર બેન્ચ પર કરી શકીએ.

ઓહો ! હું તો રેસ્ટરૂમનો અર્થ કંઈક જુદો જ સમજેલો.

પાછળથી મને વિચાર કરતાં સમજાયું કે રેસ્ટરૂમ નામ કેટલું બધું સહેતુક, સુસંગત અથવા સાર્થક છે! માનવને કુદરતી હાજતોનો નિકાલ કરવાનો અવકાશ ના મળે ત્યારે એ બેચેન બની જાય છે. એની અંદર 'અનરેસ્ટ' પેદા થાય છે. કુદરતી હાજતોનો નિકાલ થતાં 'રેસ્ટ' અથવા આરામ મળે છે. એ સંદર્ભમાં વિચારીએ તો રેસ્ટરૂમ નામ ખૂબ જ સૂચક અથવા સુયોગ્ય લાગે છે. એ નામને શોધનારા પુરુષ કવિકલ્પનાથી સમલંકૃત અથવા સૂક્ષ્મદૃષ્ટિસંપન્ન તત્વજ્ઞ હોવો જોઈએ. આપણે ત્યાં પ્રયોજાતાં મૂત્રાલય, પેશાબઘર તથા સંડાસ જેવા નામ કરતાં રેસ્ટરૂમ જેવાં નામ વધારે સુરુચિકર તથા શિષ્ટ દેખાય છે એમાં સંદેહ નથી. આપણે એ સંબંધી કશુંક અગત્યનું શીખી શકીએ તો ?

ત્યાંના રેસ્ટરૂમ ખરેખર 'રેસ્ટ' કરવાનું મન થઈ આવે એવા જ. અતિશય સ્વચ્છ, સુવિશાળ, સાધનસંપન્ન.

ડલાસના વિમાનઘરના રેસ્ટરૂમમાં મેં પ્રવેશ કર્યો ત્યારે તે લગભગ ખાલી જેવો દેખાયો. એક તરફના ખૂણામાં કોઈક અમેરિકન મહાનુભાવ વ્હિલચેર પર બેઠેલા દેખાયા. એ દેખીતી રીતે જ અપંગ હોવાથી કોઈ આફ્રિકન કે મેક્સિકન જેવા લાગતા પરિચારક એમની સેવા કરી રહેલા.

મેં મારું કાર્ય પતાવ્યા પછી મારા હાથને ધોવા માટે નળ ખોલ્યો. બીજુમાં ભીના હાથને વરાળની મદદથી લૂછી નાખવાની શક્તિવાળો બીજો નળ હતો. તેને ખોલવાનો પ્રયત્ન કરવા છતાં પણ તે ના ખૂલ્યો. ત્યારે દૂરથી મારી પ્રવૃત્તિને પેખનારા પેલા પરદેશી પરિચારકે મારી પાસે પહોંચીને સસ્મિત જણાવ્યું : 'તમને નળ ખોલવામાં મુશ્કેલી પડે છે તો હું તમને સહાયતા કરી શકું ?'

મેં હા પાડી.

એ સેવાભાવી સત્પુરુષનું મુખ મલકી ઊઠ્યું. એની આંખ પણ ચમકી રહી.

એમણે પેલા નળને ખોલી નાખ્યો એટલે મેં મારા હાથને લૂછી નાખ્યા.

એમને ખૂબ જ સંતોષ થયો.

'થેન્ક યૂ' એમણે મારો આભાર માન્યો.

'તમારે મારો આભાર માનવાનો કે મારે તમારો ?'

'તમે મને તમારી સેવાનો શુભ અવસર પૂરો પાડ્યો એને માટે તમારો આભાર માનવાનો. મેં તો મારા માનવસહજ કર્તવ્યને બજાવ્યું છે. એટલે એને માટે તમારે મારો આભાર માનવાની આવશ્યકતા નથી.'

મને એમની સમજણ જોઈને એમને માટે આદરભાવ પેદા થયો.

કેટલી બધી સરસ સારગર્ભિત સમજણ ? એવી સમજણ અને એને અનુસરતી પ્રવૃત્તિ સર્વત્ર પ્રસરે તો? સંસારનું સ્વરૂપ કેટલું બધું બદલાઈ જાય અને સુંદર થાય ?

ત્યાંના પ્રદેશોમાં સેવાભાવના એવા વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.

મારે રેસ્ટરૂમમાંથી બહાર નીકળવાનું થયું ત્યારે પણ એ સેવાભાવી સત્પુરુષ સાભાર સ્મિત કરી રહ્યા.

એમની એ માર્દવપૂર્ણ મુખાકૃતિ આજે પણ ભુલાઈ નથી.

નહીં ભુલાય.

* * *

## ૨૨. ડાહ્યાભાઈ અને ગુલાબબહેન

ડલાસ (Dallas) થી ક્લોવીસ (Clovis), સાન એન્ટોનીઓ (San Antonio), કોપર્સ ક્રીસ્ટી (Corpus Christi), લીટલ રોક (Little Rock).

અમારો પ્રેરક પ્રવચનપ્રવાસ મોટર તથા વિમાનમાં એકધારો ચાલુ રહ્યો.

જુદીજુદી વ્યક્તિઓ, જુદાજુદા પ્રસંગો અને પ્રદેશો તથા વિવિધ વાતાવરણ.

દિવસ પછી રાત, રાત પછી દિવસ.

કાળચક્ર અવિરામપણે, અવિરત રીતે પોતાનું કાર્ય કરતું જ રહ્યું.

અહર્નિશ અવનવા અનુભવો, અવર્ણનીય અને અનોખા પ્રતિભાવો.

એવા અનુભવ પ્રસંગોના અક્ષયભંડારથી ક્લોવીસના એક અનેરા પ્રસંગનું સ્મરણ કરી લઈએ.

ક્લોવીસ શહેરમાં અમારો સત્સંગ કાર્યક્રમ ચાલી રહેલો. જનતા એનો અતિશય ઉત્સાહપૂર્વક લાભ લેતી. 'મા' સર્વેશ્વરીનાં સ્વરચિત ભજનોને પણ ખૂબ જ ભાવપૂર્વક સાંભળતી. સત્સંગ પ્રવચનના જાહેર કાર્યક્રમમાં એક સદ્‌ગૃહસ્થ આવતા. ડાહ્યાભાઈ ભક્ત. એમણે સત્સંગની બેઠક પછી એમને તાજેતરમાં થયેલા સ્વાનુભવની કથાને રજૂ કરતાં સૌના આશ્ચર્ય અને આનંદ વચ્ચે એક પ્રસંગ કહ્યો :

'હું આજે સવારે મારા નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈને મારી મોટેલના વીસ નંબરના ઓરડામાં બેઠેલો ત્યારે 'મા' સર્વેશ્વરી પોતાના આવા જ પાતળા શરીર સાથે મારી પાસે આવીને ચાલ્યાં ગયાં. એમનું શરીર પરમ તેજોમય હતું. મને લાગ્યું કે એમના સુંદર સુધાસભર સ્વરૂપમાં 'મા' જગદંબા પોતે જ મને આશીર્વાદ આપવા માટે મારી પાસે આવી પહોંચ્યા. એ અનુભવથી મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. મને લાગ્યું કે, મારી ઉપર પરમાત્માની પરમ કૃપા છે. એના સિવાય એવો અલૌકિક અનુભવ ના જ થઈ શકે.'

મેં એમની સાથે સમંત થતાં જણાવ્યું : 'બરાબર છે. તમારા સંસ્કારો ઘણા સારા અને તમારી ઉપર પરમાત્માની કૃપા. તેથી જ તમને એવો અદ્‌ભુત અનુભવ થઈ શક્યો. ગુજરાતમાં ને ભારતની બહાર બીજે પણ કોઈકોઈ બડભાગી આત્માઓને એક અથવા બીજી રીતે એવા અસાધારણ અનુભવો થતા હોય છે. જેવા જેમના સંસ્કાર.'

ડાહ્યાભાઈને રામ તથા રામાયણ પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. મેં એમને એમનું શરણ લેવાનું ને વધારે ને વધારે પ્રમાણમાં ચિંતનમનન કરવાની સલાહ આપી. રામ અને રામાયણનું, અરે એ ઉભયમાંથી કોઈ પણ એકનું, સાચા દિલથી શરણ લેવામાં આવે તો બાકી શું રહે ?

જીવન જ્યોતિર્મય અને કૃતાર્થ થાય.

પરંતુ એવું શરણ કોઈક વિરલ પુરુષવિશેષ જ લઈ શકે છે. એ કામ કલ્યાણકારક હોવા છતાં ધાર્યા જેટલું સહેલું ક્યાં છે ?

ક્લોવીસમાં એક બીજા સંસ્કારી આત્માનો મેળાપ થયો. એમનું નામ ગુલાબબહેન.

એમની મોટેલ ક્લોવીસથી કેટલાય માઈલ દૂરના ઈન્ડિપેન્ડન્સ શહેરમાં હોવા છતાં આધ્યાત્મિક અભિરુચિને લીધે એટલે દૂરથી સત્સંગનો લાભ લેવા માટે આવેલાં. એ 'મા' સર્વેશ્વરીનાં કુટુંબી હતાં. વરસો

પછી અમેરિકાની ધરતી પર 'મા' સર્વેશ્વરીને દેખીને એમને અનેરો આનંદ થયો. એમના વિશદ વ્યક્તિત્વ અને વ્યવહારથી એ ખૂબ જ પ્રભાવિત બન્યાં. ક્લોવીસથી વિદાય થતી વખતે એમણે 'મા' સર્વેશ્વરીને એક સાડી આપી પરંતુ પોતાના નિયમાનુસાર 'મા' સર્વેશ્વરીએ એનો અસ્વીકાર કર્યો.

ગુલાબબહેને વાતવાતમાં જણાવ્યું કે, 'આપની જનની તો મહાજનની બની ગયાં. આપ ખૂબ જ આગળ વધી ગયાં. અમને પણ પ્રેરણા આપતાં રહેજો.'

ત્યાંથી અમારી વિદાય વખતે ભીની આંખે અને ભાવવિભોર અંતરે એમણે જે પત્ર આપેલો એ એમના સાચા સદ્ભાવનો તથા પવિત્ર પ્રેમનો પાવન પ્રબળ પ્રાણવાન પ્રતિઘોષ પાડે છે. એ પત્રને ઉદ્ધૃત કરવાનું અનુસૂચિત અથવા અસ્થાને નહીં ગણાય :

*

હરિ ૐ

૨૬-૧૧-૮૧

પૂજ્ય સંતશિરોમણિ પ્રભુતુલ્ય યોગેશ્વરજી,
વંદનીય જગજ્જનની સર્વેશ્વરી માતા,

તમારા પ્રત્યક્ષ મિલનથી પવિત્ર દર્શનથી, હૃદયમંદિરમાં આનંદની હેલી આવી. પ્રભુભક્તિ તરફ શ્રદ્ધા વધી. પૂજ્યશ્રીની વાણીને લાંભળવાનો લહાવો મળ્યો. પૂજ્ય માની તપશ્ચર્યા, એમના અનુભવો, એમના શ્રીમુખે સાંભળવા મળ્યા. પ્રવચન આપતા એમના મુખની કાંતિ, ભાવ, સાક્ષાત્ જગદંબાનું દર્શન કરાવે. મનને એવું થાય, કાયમ એમના સહવાસમાં રહેવાનું સદ્ભાગ્ય મળે તો સારું. પરંતુ એવું બડભાગ ક્યાં છે ? એમનો જન્મ અમારા કુળમાં થયો. એમણે કુટુંબને ધન્યભાગ્ય બનાવ્યું. હું પણ એ કુટુંબમાં આવી. ખૂબ જ ગૌરવ અનુભવું છું.

તમારા બે દિવસના સમાગમથી પણ મને ખૂબ આનંદ છે. પૂજ્યશ્રીની સચોટ, સરળ અને હૃદયસ્પર્શી વાણી સાંભળ્યા જ કરીએ એવી ઈચ્છા થયા કરે. ફરી પ્રત્યક્ષ મિલનનો યોગ ક્યારે થશે ? તમારી કૃપાથી હૃદયગ્રંથિ ખૂલે અને જીવનમાં પ્રભુભક્તિમાં નિયમિત બનાય એવી શુભભાવના તમારી કૃપાથી પૂરી થાય.

મારી કમનસીબી છે કે મારા ઘરઆંગણે કોઈ સંતોનાં પુનિત પગલાં પડ્યાં નથી. એક અંતરની ઈચ્છા હતી કે તમે અમારે ત્યાં આવો, તમારી સેવાનો લાભ અમને મળે, જીવનના સહપ્રવાસી તથા બાળકો તમારા દર્શનનો લાભ લે, તમારી અમૃતવાણી સાંભળે અને જીવનમાં કાંઈક નવું પ્રાપ્ત કરે. પોતાને પાવન કરે. પરંતુ દિલગીર છું કે એવો યોગ નથી. એટલી પાત્રતા નહીં હોય.

સાચા દિલથી ઝંખું છું કે તમે દૂર છતાં પાસે છો એવો અનુભવ થાય ને તમારી કૃપાદૃષ્ટિ અને પ્રેરણા મળે. મારે કોઈ ગુરુ નથી. એકલવ્યની જેમ દીક્ષા નથી લીધી છતાં તમને જ મનથી ગુરુ માનીશ. તમે કૃપા વરસાવશો ને ?

તમારા દર્શનનું સદ્ભાગ્ય જે ભાઈઓ થકી મળ્યું તેમની હું આભારી છું.

આ અવની પર વસેલાં માનવકુળોમાં દિવ્ય પ્રકાશ ને પ્રેમને રેલાવવા પ્રભુ તમને બંનેને લાંબુ, સુખી, તંદુરસ્ત જીવન અર્પે તેવી પ્રભુપ્રાર્થના.

લિ. તમારી કૃપાને ઝંખતી ગુલાબબહેનનાં

ભક્તિભાવથી પાયલાગણ.

* * *

અમારા ભારતાગમન પછી એમણે લખેલા પત્રની કેટલીક પંક્તિઓ :

તા. ૨૦-૪-૧૯૮૨

'મા' આપ કેટલાં સદ્‌ભાગી ! કાયમ સંતપુરુષનો સહવાસ અને સેવા કોના ભાગ્યમાં હોય ? કુટુંબની સગાંસ્નેહીની માયામમતાને મૂકીને આધ્યાત્મિક પંથે વળવાની, ગુરુજી સાથે રહેવાની નૈતિક હિંમત અને નીડરતા ગુજરાતની, સમાજની, સઘળી બહેનોને માટે દ્રષ્ટાંતરૂપ છે. આપના જીવન-આદર્શ ખૂબ જ ઉચ્ચ છે. કુટુંબમાં જ્યોતિર્ધર છો. ખૂબ જ ગૌરવ લેવા જેવું 'મા'ના રૂપે મહામૂલું રત્ન પાક્યું. એ રત્નને કોઈ સમજે કે ના સમજે, એ પ્રકાશ્યા જ કરે છે.

'મા' આપ આધ્યાત્મિક્તાના શિખરે પહોંચેલાં અને હું તો સંસારની ખીણમાં છું. શિખરે ચઢાવવા માટે હાથ લંબાવશો ને ?

*

પૃથ્વી પર વસેલાં માનવકુળોને ગુરુજી, આપના તંદુરસ્તીભર્યા લાંબા જીવનની ખૂબ જ જરૂર છે. આપનાથી મહાન બીજા કોઈ સંતપુરુષ જોવા-સાંભળવા મળ્યા નથી. જીવનમાં આપના દ્વારા ખૂબ ખૂબ શીખવાનું ને સમજવાનું મળે છે.

હે કરુણાના વાદળ ! વનમાં વૃક્ષો, વેલી આપની કરુણાની વર્ષાથી પરિપ્લાવિત થઈને ઝૂલી રહ્યાં છે. એમને પુષ્પો આવ્યાં છે. વહેલાંમોડાં ફળ પણ આવશે જ. હવે રણમાં ઊગેલાં છૂટાંછવાયાં છૂપલાં (કાંટાવાળા નાના છોડ) આપની કરુણાની વર્ષાની ચાતક હૈયે રાહ જુએ છે. ત્યાં વરસો. છૂપલાંને જીવનદાન આપો. અનેક ભવના કંટકકંકર દૂર કરીને ઘટાદાર વૃક્ષ બનાવો. રણમાં કરુણાનાં વાદળ વરસો. ભારત દેશમાં ઘણા ભક્તોનાં જીવન ભક્તિમાર્ગે વળી ગયાં છે. જીવનમાં ભક્તિ વણાઈ ગઈ છે. એમની ઉપર આપની અનંત કૃપા છે. એટલે વહેલાંમોડાં આ જન્મે નહીં તો બીજા જન્મે પરમતત્વને પામશે જ. રણમાં મારા જેવા જે છૂટાછવાયા છૂપલાં છે એમને આપની કૃપાદૃષ્ટિની ખૂબ જ જરૂર છે. પત્રો દ્વારા, આપના ચિંતન કે મનન દ્વારા – એ સિવાય કરુણા કેવી રીતે મેળવી શકાય ? આપ સર્વજ્ઞ છો. મારી યોગ્યતા હોય, વૃક્ષ થવાની ભૂમિકા હોય, તો કરુણાના વાદળ ! રણમાંનાં છૂપલાંને પ્રેમથી પરિપ્લાવિત કરજો.

લિ.

સેવિકા ગુલાબબહેનના અનંત પ્રણામ સ્વીકારજો

* * *

## ૨૩. કર્તવ્યપરાયણતા

અમેરિકા જેવા ભૌતિક સમૃદ્ધિથી સંપન્ન દેશમાં કર્તવ્યપરાયણતા, કર્તવ્યનિષ્ઠા તથા બીજાને ઉપયોગી બનવાની ઉદાત્ત ભાવના કેટલી બધી પરાકાષ્ઠા પર પહોંચી છે એનો અનુભવ કરતા અંતર અવર્ણનીય આનંદને અનુભવે છે. ત્યાંની અધિકાંશ પ્રજા બીજાને ઉપયોગી થવામાં આનંદ અનુભવે છે. તાર, ટપાલ તથા વિમાન જેવાં જાહેર સેવાનાં ક્ષેત્રોમાં પણ એ જ પરિસ્થિતિ પ્રવર્તે છે. એનું એક અધિક ઉદાહરણ આપું તો એ અસ્થાને નહીં ગણાય.

અમેરિકાના અમારા પ્રવચન પ્રવાસ દરમિયાન અમે આરકેન્સાસ(Arkansas) સ્ટેટના લિટલરોક નગરથી વિમાનમાં બેસીને ડલાસ થઈને લોસ એન્જેલસ જઈ રહેલાં.

અમારે ડલાસથી લોસ એન્જેલસ માટેનું બીજું વિમાન બદલવાનું હતું.

વિમાન ડલાસથી લિટલરોક નિશ્ચિત સમય કરતાં કોઈ કારણે થોડુંક મોડું આવવાથી ઊપડ્યું પણ મોડું. એ ડલાસ પહોંચે ત્યારે ડલાસથી ઊપડનારું લોસ એન્જેલસનું વિમાન એના નિર્ધારિત સમયે વિદાય થઈ જાય એવી પરિસ્થિતિ હતી.

અમે વિમાનની પરિચારિકાને વાત કરી.

એણે વિમાનના કેપ્ટનને અમારી પરિસ્થિતિથી માહિતગાર કરી. જરૂરી સંદેશો મેળવીને અમને દસેક મિનિટમાં જ જણાવ્યું કે બધી જ વ્યવસ્થા થઈ છે. ડલાસથી લોસ એન્જેલસ માટે ઊપડતું વિમાન તમારી રાહ જોશે અને તમને તથા તમારા સામાનને લીધા પછી જ ઊપડશે એવું ચાલું વિમાને જ લાગતાવળગતાઓનો ડલાસમાં સંપર્ક સાધીને ગોઠવી દેવામાં આવ્યું છે.

એ સેવાભાવના, કર્તવ્યપરાયણતા અમને આશ્ચર્યકારક અને અભિનંદનીય લાગી.

ડલાસ આવ્યું ત્યારે લોસ એન્જેલસનું વિમાન ખરેખર અમારી રાહ જોતું ઊભેલું.

સાતેક મિનિટમાં તો એમાં અમારા સામાનને ગોઠવી દેવામાં આવ્યો, અમે પણ એમાં બેસી ગયાં ને એ વિમાન લોસ એન્જેલસની દિશામાં દોડવા લાગ્યું.

કોઈ દેશ કેવળ ભૌતિક સમૃદ્ધિથી સંપન્ન હોવાથી જ મહાન નથી બનતો, પરંતુ પોતાની પ્રજાના ચારિત્ર્યથી મહાન બને છે તે વાતનું અમને સ્મરણ થયું.

એ સનાતન સત્યની પ્રતીતિ થઈ.

* * *

## ૨૪. આત્મજાગૃતિ

લોસ એન્જેલસમાં પ્રવચનકાર્યક્રમ પહેલાંની પેઠે ફરી પાછો ચાલુ થયો. સાતેક દિવસ સુધી ત્યાંના નવા તૈયાર થયેલા ગુજરાતી સમાજનાં હૉલમાં અને એ પછી જુદાંજુદાં સ્થળે એ કાર્યક્રમ ચાલુ રહ્યો.

લોસ એન્જેલસમાં પણ 'મા' સર્વેશ્વરીને પ્રેમથી પ્રેરાઈને સત્સંગીજનો અવારનવાર ધનની તથા વસ્ત્રોની ભેટ આપતા, પરંતુ 'મા' સર્વેશ્વરી પોતાના નિયમ પ્રમાણે એ સૌનો અસ્વીકાર કરતાં. એ અપરિગ્રહવૃત્તિથી રહેતાં.

મને એ જોઈને સંતોષ થતો.

એ દિવસો દરમિયાન બનેલો એક પ્રસંગ ખાસ ઉલ્લેખનીય છે.

એક વાર એક સત્સંગી મહાનુભાવના વિશેષ આમંત્રણને લક્ષમાં લઈને એમને ત્યાં અમારું પ્રવચન યોજાયું. એ મહાનુભાવ નારેશ્વરના મહાન સંત શ્રી રંગ અવધૂત મહારાજના ભક્ત હતા.

અમારા કાર્યક્રમની પરિસમાપ્તિ પછી અમે મોટરમાં બેસીને ત્યાંથી વિદાય થયાં ત્યારે યજમાન સન્નારીએ 'મા' સર્વેશ્વરીના હાથમાં એક પડીકું આપ્યું.

'મા' એ એમાં કોઈક ખાવાની વસ્તુ હશે એવું માનીને એને ગ્રહણ કર્યું. પરંતુ મોટરમાં કેટલું અંતર કપાયા પછી એમણે એ પડીકાને ખોલીને અંદર જોયું તો તેમાં સુંદર લાલ રૂબી જડેલું સોનાનું એરિંગ દેખાયું. એકની પાસે બીજું એરિંગ.

એ અતિશય આશ્ચર્ય સાથે સઘળું સમજી ગયાં.

મોટરને પાછી વાળીને પેલાં યજમાન સન્નારી પાસે પહોંચીને એરિંગને પાછું આપતાં એમણે જણાવ્યું કે માફ કરજો. હું કોઈની ભેટ નથી લેતી. મને ખબર નહીં કે આની અંદર આવી મહામૂલ્યવાન વસ્તુ હશે નહીં તો હું એનો સ્વીકાર જ ના કરત.

એ સન્નારીએ સૂચવ્યું : 'તમે કોઈને આપી દેજો.'

'મા' સર્વેશ્વરીએ કહ્યું : 'હું આપું એનાં કરતાં તમે આપો તે જ બરાબર કહેવાય. આપવા માટે પણ મારે લેવું પડે જ. એટલે મારા નિયમનો ભંગ થાય.'

એમની આત્મજાગૃતિ જોઈને સૌ કોઈને આનંદ થયો.

* * *

## ૨૫. ન્યૂયૉર્કમાં

અમેરિકામાં વસીને કેટલાક ભારતીયો ભારતીય નથી રહેતા. એમની અંદરથી ભારતીય સંસ્કારોની અસર અને અભિરુચિ ઓછી થાય છે અથવા કોઈ વાર એકદમ અદૃશ્ય થાય છે. એવા પણ કેટલાક ભારતીયો હોય છે અથવા મળે છે જેમને ત્યાંના પ્રબળતમ બાહ્ય પ્રભાવો પ્રભાવિત નથી કરતા. એમની વચ્ચે વસવા છતાં પણ જે અલિપ્ત રહે છે. એમનામાંથી જે કાંઈ સારું અપનાવવા જેવું હોય તે ગ્રહણ કરે છે, પરંતુ રહે છે ભારતીય જ.

ન્યૂયૉર્કમાં રહેતા અમારા યજમાન વિનોદભાઈ ભારતીય સંસ્કારોને સાચવનારા એવા જ ભારતીય હતા. ન્યૂયૉર્કના ન્યૂજર્સી વિસ્તારમાં એમનું મકાન હતું.

એમનો અને અમારો પૂર્વપરિચય ઘણો થોડો. હજુ ગયા વરસે જ એ ભારત આવેલા ત્યારે અમદાવાદમાં એમના મામાને મળેલા. એમની દ્વારા અમારો પરિચય પામીને પ્રત્યક્ષ સમાગમની ઈચ્છા થવાથી અમને સુરેન્દ્રનગરમાં મળેલા. તે વખતે સુરેન્દ્રનગરમાં મારાં પ્રવચન ચાલતાં.

સુરેન્દ્રનગરનો એકાદ કલાકનો એ મેળાપ બીજ બનીને પાછળથી અંકુરિત થયો. અમે લંડનથી ન્યૂયૉર્ક થઈને ટોરન્ટો ગયા ત્યારે ટોરન્ટોથી ન્યૂયૉર્ક થઈને વિમાન બદલીને લોસ એન્જેલસ માટે વિદાય થયાં ત્યારે એમ બંને વાર એમને ન્યૂયૉર્કના વિમાનઘર પર મળવાનું થયું. એમના અસાધારણ પ્રેમાગ્રહને માન્ય રાખીને અમે લોસ એન્જેલસથી ન્યૂયૉર્ક પહોંચ્યાં ત્યારે એમને ત્યાં ઊતરવાનું રાખ્યું.

એમની ભાવના તથા લાગણી કેટલી બધી ઉદાત્ત હતી ! એમને ત્યાં કોઈ સંતપુરુષને ઉતારવાનો પ્રસંગ એ પહેલો જ હતો તોપણ એમણે એ વિષયમાં સિદ્ધહસ્તતા મેળવી હોય એવું લાગ્યા વિના રહ્યું નહીં. સંતપુરુષની વરસોથી સેવા કરનારા સત્સંગીઓથી પણ એ આગળ નીકળી ગયા. પોતાને ત્યાં સંતપુરુષ પધારવાના છે એટલે એમને રહેવાની સ્વતંત્ર સગવડ કરી આપવી જોઈએ એવું માની એ પોતાના ફ્લેટને અમારે માટે ખાલી કરીને ઉપલા માળે એમની બહેન સાથે રહેવા જતા રહ્યા ! અમેરિકામાં રહેનારા પત્ની તથા બે બાળકોવાળા ભારતીય માટે એ વસ્તુ ઓછી અસાધારણ ના કહેવાય.

પોતાના ખાલી કરેલા ચાર રૂમવાળા વિશાળ, શાંત, સુંદર ફ્લેટમાં એમણે નવી ખરીદેલી સરસ જાજમ બિછાવી. સૂવા માટેના બે નવા પલંગ ખરીદ્યા અને એમને નવાં ગાદલાં, નવી ચાદરો તથા નવાં ઉશીકાંથી અલંકૃત કર્યા ! અમારે માટે રસોઈ બનાવવાનાં ને જમવાનાં વાસણો, ચમચા, બધું જ નવું. મહાત્માપુરુષને આપણું વાપરેલું કશું અપાય નહીં, એમને માટે તો બધું નવું જ જોઈએ, એવી એમની ભાવના હતી.

ભાવના અને એની પાછળની દૃષ્ટિ ખૂબ જ ઉચ્ચ હતી એમાં સંદેહ નહીં.

અમારે માટે એ ભાવના આશ્ચર્યકારક, અકલ્પ્ય હતી.

અમે એમને સુસ્પષ્ટ સૂચના આપી કે અમારે માટે એક સ્વતંત્ર રૂમ હશે તો પણ અનુકૂળ રહેશે. વાસણ પણ ઘરમાં વપરાતાં હશે તે જ ચાલશે. તો પણ એમણે સ્વતંત્ર વ્યવસ્થા કરીને સઘળું નવું જ વસાવ્યું. એની પાછળ એમની ઉદાત્તતાનું દર્શન થાય છે. એમને અમે બીજું શું કહી શકીએ ?

એમનાં ધર્મપત્ની સરોજબહેન ખૂબ જ માયાળુ, સ્નેહાળ, સેવાભાવી હતાં. એમના તરફથી એમને સંપૂર્ણ સહયોગ સાંપડતો. એને લીધે એમનો ઉત્સાહ વધતો રહેતો.

એ નિયમિત પ્રાર્થના કરતા તથા ધ્યાનમાં બેસતા. ધ્યાનમાં એમને અવારનવાર એમના ગુજરાતના ઘરનું અને એના ઓરડાના એક એકાંત ખૂણામાં બેઠેલા રામકૃષ્ણ પરમહંસદેવનું દર્શન થતું.

ન્યૂયોર્કમાં એક સામાન્ય સ્થિતિના વિદ્યાર્થી તરીકે રહીને અનેક પ્રકારની વિપત્તિઓને વેઠીને એન્જિનિયર બનીને એ પોતાના જીવનની સર્વોચ્ચ કારકિર્દી પર પહોંચેલા. અભાવના એ દિવસોને એ ભૂલ્યા ના હોવાથી એમને અન્ય અભાવગ્રસ્ત વિદ્યાર્થીઓ તથા માનવો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ હતી. બીજાને મદદરૂપ થવા માટે તે બનતું બધું જ કરી છૂટતા. પોતાનાં કેટલાંય કુટુંબીજનોને એમણે ગુજરાતમાંથી બોલાવી, દિવસો સુધી પોતાને ત્યાં રાખીને, પગભર બનાવેલા.

એવા એક સત્પુરુષના અતિથિ બનવાથી અમને અનેરો આનંદ થયો.

*

**નિયમપાલન**

પરદેશમાં પવિત્ર જીવનારા પુરુષોને યાદ કરતી વખતે સાક્રામેન્ટો (Sacramento) ના મનહરભાઈ યાદ આવે છે.

ન્યૂયોર્કમાં એક વાર એમનો ટેલિફોન આવ્યો, એ અમને સાક્રામેન્ટો બોલાવવા માગતા હતા પરંતુ ત્યાં જવાની અનુકૂળતા નહોતી.

એમનું આમંત્રણ સાન્ફ્રાન્સિસ્કો જેટલું જૂનું હતું.

અમે આ વખતે સાન્ફ્રાન્સિસ્કો ગયેલાં ત્યારે તે ભાઈ સાક્રામેન્ટોથી ત્યાં આવેલા. એમણે જરૂરી શંકાસમાધાન કર્યાં પછી અમને સાક્રામેન્ટોનું આમંત્રણ આપેલું. અમારો પ્રવચન કાર્યક્રમ જ્યારે લોસ એન્જેલસમાં ચાલી રહેલો ત્યારે એમણે એ આમંત્રણનું સ્મરણ કરાવ્યું. અમારી ઈચ્છા એમના આમંત્રણને અનુસરીને સાક્રામેન્ટોમાં કાર્યક્રમ કરવાની હતી જ. એને માટે અમે જરૂરી પ્રાથમિક તૈયારી પણ કરી લીધી, પરંતુ એ જ દિવસોમાં 'મા' સર્વેશ્વરીનું સ્વાસ્થ્ય બગડ્યું. એમને તાવનો ઉપદ્રવ શરૂ થયો. પરિણામે અશક્તિ વધવાથી એ કાર્યક્રમને બંધ રાખવો પડ્યો.

મનહરભાઈ ગમે તે રીતે સત્સંગનો લાભ તો લેવા માગતા જ હતા એટલે સાક્રામેન્ટોથી અમારો લાભ લેવા માટે લોસ એન્જેલસ આવ્યા.

એમના ત્રણચાર દિવસના નિવાસ દરમિયાન એમણે પ્રશ્નોત્તરી, ધ્યાન તથા પ્રવચનોનો લાભ લીધો. એમનો આધ્યાત્મિક જીવનનો અનુરાગ અસાધારણ હતો. એ જૈનધર્માવિલંબી હોવા છતાં ઉદાર અથવા વિશાળ દૃષ્ટિકોણ ધરાવતા. સાક્રામેન્ટોમાં એમની પાંચ જેટલી મોટેલો તથા હોટલો હોવાથી એ ખૂબ જ શ્રીમંત હતા, નવયુવાન હતા અને તો પણ ધર્મપરાયણ જીવન જીવી રહેલા. દિવસનો અધિકાંશ સમય ધ્યાનમાં જ વિતાવતા. આત્મચિંતનમાં મગ્ન રહેતા.

એક અગત્યની નોંધપાત્ર હકીકત એ હતી કે એ કોઈના હાથનું ભોજન જમતા જ નહીં. છેલ્લા ત્રણેક મહિનાથી એમણે એવો નિયમ કરેલો. લોસ એન્જેલસમાં ભગવાનભાઈએ અને એમનાં પ્રેમાળ પત્ની

કંચનબહેને અવારનવાર અત્યાધિક આગ્રહ કર્યો તો પણ એમણે એમના નિયમને ના છોડ્યો, છેલ્લે દિવસે ફક્ત ખીચડી બનાવીને ખાધી અને એ પણ પોતાના જ હાથે.

નિયમપાલન અને ઈચ્છાનુસાર કરાતાં આકરાં નિયમપાલન ભારતમાં જ કરાય છે એવું નથી; ભારત બહારના પ્રદેશમાં પણ કરવામાં આવે છે; એની અમને પ્રતીતિ થઈ.

નિયમપાલન દેશકાળાતીત હોય છે.

એને દેશકાળના સ્થૂળ બંધન નથી નડતાં.

*

**વ્યવહારની અસર**

ન્યૂયૉર્કમાં ગીતાંદિરમાં મારું પ્રવચન યોજાયું.

સ્વામી વિદ્યાનંદે પોતાના જ્વલંત જીવનકાળ દરમિયાન શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાનપ્રચાર માટે મન મૂકીને મહેનત કરીને જનતાને એ સર્વોત્તમ સંસ્કૃતિગ્રંથરત્ન પ્રત્યે અભિમુખ બનાવી. પોતાના જીવનકાર્યને ચિરસ્થાયી સ્વરૂપ આપવા માટે અમદાવાદ, વડોદરા, નાગપુર, કાશી જેવાં સુપ્રસિદ્ધ સ્થળોમાં ગીતામંદિરોની સ્થાપના કરી.

પોતાના પરદેશ પ્રવાસ દરમિયાન એમણે ન્યૂયૉર્કમાં પણ કેન્દ્ર કર્યું.

એમના એ નાના છતાં સાંસ્કૃતિક દૃષ્ટિએ મોટા ને મહત્વનાં ગીતાકેન્દ્રને અવલોકીને મેં એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષને અનુરાગની આદરયુક્ત અંજલિ આપી.

ન્યૂયૉર્કના સ્વામીનારાયણ મંદિરના કાર્યકર્તાઓએ મને પ્રવચન માટે આમંત્રણ આપ્યું. મેં ત્યાં શ્રીજી મહારાજ પર પ્રવચન આપ્યું.

ન્યૂજર્સીના ગારફીલ્ડ વિસ્તારના હિંદુ મંદિરની રચના ખૂબ જ સુંદર છે. એ મંદિરમાં મારું બીજું પ્રવચન પૂરું થયું ત્યારે મંદિરના સંચાલકોએ મારું બહુમાન કરીને મારા હાથમાં એક કવર મૂક્યું. એમાં એકસો એકાવન ડૉલર હતા.

મેં એમાંથી એક ડૉલર રાખીને બીજા બધા જ ડૉલર મંદિરને ભેટ આપીને જણાવ્યુ કે મંદિરમાં તો યથાશક્તિ કાંઈક આપવાનું હોય; મંદિર પાસેથી લેવાનું ના હોય.

સંચાલકોને મારી વૃત્તિ તથા પ્રવૃત્તિ આશ્ચર્યકારક લાગી. એમણે આખાય પ્રસંગને માઈક પરથી જાહેર કરીને કહ્યું કે આવો પ્રસંગ આ પહેલો જ છે કે જ્યારે એક સંતપુરુષ પોતાની ભેટની રકમ પાછી આપે છે. કેટલીક વાર તો કથાકાર કે સંતપુરુષને આપણે અર્પેલી રકમ ઓછી પડે છે.

મેં લીધેલા પેલા એક ડૉલરમાં થોડીક રકમ ઉમેરાવીને મંદિરના ગુજરાતી પૂજારીને અમારા અધ્યાત્મ માસિકના વાર્ષિક ગ્રાહક બનાવી દીધા.

અમારા ઉદાત્ત વ્યવહારની અસર ત્યાં સંમિલિત થયેલા શ્રોતાજન પર એવી તો અનોખી અને આશ્ચર્યકારક થઈ કે વાત નહીં. મંદિર કમિટીના મંત્રીમહોદયે માઈક પરથી જણાવ્યું કે, ‘આપણા મંદિરને ૮૦ હજારનું ડૉલરનું દેવું છે એટલી મોટી રકમની લોન ભરવાની બાકી છે. તે રકમનાં વચન આજે શ્રોતાજનો તરફથી મળી ગયાં છે. યોગેશ્વરજીનો ઉચ્ચ વિશદ વ્યવહાર એવી રીતે સૌને સારુ પ્રેરક બન્યો છે.’

એ પ્રસંગ અવિસ્મરણીય હતો.

વ્યવહારની અસર વાણી કરતાં વિશેષ શક્તિશાળી હોય છે એની સૌને પ્રતીતિ થઈ.

*

**ઉપસંહાર**

ન્યૂયૉર્કમાં જાન્યુઆરી મહિનો ચાલી રહેલો એટલે ઠંડી પુષ્કળ પ્રમાણમાં પડતી. રસ્તાઓ, મકાનો, મેદાનો, બધું જ મોટે ભાગે દિવસો સુધી બરફથી ઢંકાયેલું રહેતું. એ દૃશ્ય અદૃષ્ટપૂર્વ તથા દર્શનીય હતું. ઉનાળાના દિવસોમાં કુદરતના એ સૌંદર્યને આસ્વાદવાનો અસાધારણ અવસર ના સાંપડે. બરફના વરસાદમાં પણ રસ્તાઓ તરત જ સાફ કરવામાં આવતા હોવાથી વાહનવ્યવહાર એકસરખો ચાલુ રહેતો ને જાહેરજીવનની પ્રવૃત્તિ ખોરવાઈ ના જતી.

ન્યૂયૉર્કમાં સ્વામી વિવેકાનંદે સ્થાપેલું વિવેકાનંદ વેદાંત સેન્ટર.

ઊંચા ઊંચા ભીમકાય મકાનોની હારમાં આવેલા એ કેન્દ્રની અમે મુલાકાત લીધી.

૧૧૦ માળના ગગનચુંબી મકાન પર લિફ્ટ દ્વારા ફક્ત અઠ્ઠાવન સેકન્ડમાં કોઈ પણ પ્રકારની તકલીફ વિના રમતાં રમતાં પહોંચી ગયા. એ મકાન પર જુદી જુદી દુકાનો દેખાઈ. એની આસપાસ શહેર વિસ્તરેલું. સમુદ્ર તથા સરિતાનું દર્શન કરી શકાતું.

વિમાનમાં બેસીને અમે અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનની મુલાકાત લીધી. ત્યાંનું વ્હાઈટ હાઉસ આપણા રાષ્ટ્રપતિભવનના પ્રમાણમાં નાનું લાગ્યું. ત્યાંની નદીમાં વચ્ચેવચ્ચે બરફ જામેલો. નદીના શાંત, સ્વચ્છ, સુવિશાળ તટપ્રદેશ પર લીલાંછમ વૃક્ષોની હારમાળા દેખાઈ. એ દૃશ્ય અનોખું લાગ્યું. નદીના જે પુલ પરથી અમારી મોટર પસાર થઈ તે જ પુલ પર બે દિવસ પછી એક વિમાન તૂટી પડ્યું. વોશિંગ્ટનથી ઊપડેલા એ વિમાનના અકસ્માતને લીધે પુલ પરથી પસાર થતી મોટરો નાશ પામી અને વિમાનમાં બેઠેલી તથા બહારની કેટલીય વ્યક્તિઓના જીવન પર પડદો પડી ગયો.

કોઈનાય જીવનનો ક્યાં ભરોસો છે ?

અને એ છતાં પણ, સમજીને જાગૃતિપૂર્વક, જવાની તૈયારીપૂર્વક જીવનારા કેટલા છે ?

*

**મીરાંદર્શન**

ન્યૂયૉર્કમાં ? અને એ પણ મીરાંદર્શન ?

હા. પ્રખ્યાત કૃષ્ણપ્રેમી ભક્તિમતી મીરાંબાઈનું દર્શન મને ન્યૂયૉર્કમાં ૧૩-૧-૧૯૮૨, બુધવારે સવારે તંદ્રાવસ્થામાં થયું.

એમણે મને બે હાથ જોડીને પ્રણામ કરીને કહ્યું કે હું મીરાં છું.

સફેદ સાલ્લો, ઘઉંવર્ણું મુખ, સરસ કાળા છૂટા વાળ.

એ બોલ્યાં: 'મને વધારે ભક્તિ મળે એવા આશીર્વાદ આપો.'

મેં સહજ સંકોચ સાથે એમને આશીર્વાદ આપીને જણાવ્યું કે, 'તમે તો મીરાં, ભક્તિ પોતે. તમને ખૂબ જ ભક્તિ, વધારે ને વધારે ભક્તિ મળો. તમારા ઉપર પ્રભુની વધારે ને વધારે કૃપા થાવ.

એ અનુભવ પૂરો થયો ત્યારે સવારે ૬.૩૦ વાગેલ.

એ અનુભવ અલૌકિક અને આનંદમય હતો.

*

ભારતથી નીકળ્યે ઘણો વખત થઈ ગયેલો – લગભગ સાડા પાંચ મહિના. અમારો નિધારિત કાર્યક્રમ લગભગ પૂરો થયેલો. અમેરિકા, કેનેડા તથા ઈંગ્લેન્ડમાં આ વખતે પણ પ્રેમીજનોનો અવારનવાર આગ્રહ હતો કે અમે એ દેશમાં રહી જઈએ, એ સઘળી વ્યવસ્થા કરી દેશે; પરંતુ અમારો વિચાર સદા માટે ત્યાં રહેવાનો નહોતો, ભારતમાં જ રહેવાનો હતો, એટલે એમના આગ્રહને નગણ્ય માનીને અમે ભારત આવવા માટે વિદાય થયાં.

મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપૉર્ટ પર ઊતરીને મેં ત્યાંના શૌચાલયમાં પ્રવેશ કર્યો તો જુદું જ દૃશ્ય દેખાયું. સંડાસમાં એક તરફ નાની ગંદી સાવરણી અને બીજી તરફ બીડી-સિગારેટના ટુકડા. પરદેશની પારદર્શક સ્વચ્છતાનો અને આપણી અસાધારણ અસ્વચ્છતાનો ખ્યાલ આવ્યો. અંતર આર્દ્ર અને આર્ત બન્યું. એમની સમુન્નતિનું રહસ્ય સમજાયું.

સંડાસ કે શૌચાલયથી આરંભીને જાહેર જીવન સુધીની સઘળી અસ્વચ્છતાનો અંત આણીને આપણે સુખી, સમુન્નત, સર્વતંત્રસ્વતંત્ર, સમૃદ્ધ બનવાનું છે એનો ખ્યાલ આવ્યો.

મુંબઈના એરપૉર્ટ પર અન્ય ભાઈબહેનોની સાથે સૂરતથી ત્રિલોકનાથ ભટ્ટ અને એમનાં બહેન શાંતાબહેન અમને સત્કારવા માટે આવેલાં. શાંતાબહેન એરપૉર્ટ પર વરસોથી નોકરી કરતાં હોવાથી બહાર નીકળવાનું કામ સરળ થયું. એમને એ જ દિવસે એમના ઑપરેશનનાં ટાંકા તોડેલા તોપણ અમારા આગમનના સમાચાર સાંભળીને એ અમને લેવા માટે આવેલાં. એ પ્રસંગ એમનો અમારે માટેનો પ્રેમ અને આદરભાવ દર્શાવે છે.

ન્યૂયૉર્કથી ચૌદેક કલાકની વિમાની સફર પછી સવારે ૧-૪૫ કલાકે અમે મુંબઈ પહોંચ્યાં. તારીખ ૨૨ જાન્યુઆરી, ૧૯૮૨

* * *

## ૨૬. સત્કારસમારંભ

પરદેશના પુણ્યપ્રવાસે જવાનું થાય એટલે ઉત્સાહી વ્યક્તિઓ વિદાયસમારંભને યોજે તેમ પરદેશથી પાછા આવવાનું થતાં કેટલીક વાર સત્કારસમારંભ ગોઠવે છે. વડોદરાની ભાવિક ધર્મપ્રેમી જનતાએ ગાંધીનગરગૃહના હૉલમાં એવો સત્કાર સમારંભ ગોઠવ્યો.

એ સમારંભ એમના જ ગુણદર્શી સ્વભાવનો પરિચાયક હતો. એમની વિશાળતા તથા ઉદારતાનું એમાં પ્રતિબિંબ પડતું હતું. અમે કોઈ શકવર્તી કાર્ય નહોતું કર્યું તો પણ ગુણજ્ઞવૃત્તિથી પ્રેરાઈને એમણે જે સત્કાર કર્યો તેને અમે નિર્વિકાર રીતે શાંત બનીને સ્વીકારી લીધો. અમારે માટે એના સિવાય બીજો વિકલ્પ જ નહોતો.

આ રહ્યું એમણે અર્પેલું સન્માનપત્ર

*

**પ્રાતઃસ્મરણીય વિશ્વવંદ્ય હિમાલયનિવાસી મહાત્મા પૂજ્ય શ્રી યોગેશ્વરજી**

**અને**

**મહાન તપસ્વિની પૂ. 'મા' સર્વેશ્વરીને**

**સન્માનપત્ર**

ભારતીય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર સંતશિરોમણિ પૂ. શ્રી યોગેશ્વરજી તથા મહાન તપસ્વિની પૂ. 'મા' સર્વેશ્વરી.

મહાન વિદેશો ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડાના પ્રવાસેથી તાજેતર આપના આગમન પ્રસંગે પૂ. શ્રી યોગેશ્વર સત્સંગ પરિવાર – સન્માન સમિતિ, વડોદરાવાસીઓ તરફથી આપશ્રીનું અભિવાદન કરતાં અમારાં હૈયાં પુલકિત બને છે. આપે વિદેશીઓને આધ્યાત્મિક રંગે રંગી, ભારતીય સંસ્કૃતિનો ધ્વજ લહેરાવ્યો છે. આપનાં ધાર્મિક ગ્રંથો પરનાં આધ્યાત્મિક પ્રવચનો દ્વારા આપે વિદેશી પ્રજાને મંત્રમુગ્ધ કરી છે.

હાલ ભારત દેશને આપના જેવા રાષ્ટ્રપ્રેમી સંતોની ખૂબ જ જરૂર છે. ભારતમાતાના આધ્યાત્મિક પ્રતિનિધિ તરીકે અવારનવાર વિદેશોમાં જઈ આપે મહત્વનો ભાગ ભજવ્યો છે. સમગ્ર વિશ્વના આધ્યાત્મિક સંતપુરુષોમાં આપનું પ્રદાન આવતાં વર્ષોમાં ધ્રુવતારક સમું બની રહેશે. ૧૫મી ઑગસ્ટ, ૧૯૨૧માં આપનો જન્મ. સાબરમતીની સોડમાં વસેલું સરોડા આપનું વતન, પવિત્ર નગાધિરાજમાં કિશોરવયે આપે કરેલો વાસ. ભાતભાતની સાધના કરી. જ્ઞાત-અજ્ઞાત સિદ્ધ પુરુષો કે સંતોને મળ્યા. અલૌકિક અનુભવ પામ્યા. સિદ્ધિના શિખર પર પહોંચ્યા અને પરમ શાંતિમય બન્યા.

ત્યાગી, પ્રેરક અને અનુકરણીય છે આપનું જીવન. સાધારણ-અસાધારણ સાધકોને આપના જીવનમાંથી પ્રકાશ લાધશે. આપની સાધના કેવળ આપને માટે નહોતી પણ દેશ તથા દુનિયા માટે – અન્યને સુખશાંતિ પહોંચાડવા માટે હતી. આપનો સાધનામય જીવનનો ઈતિહાસ ઈતરજનોને સંસારની સફરમાં દિવ્ય દીવાદાંડીની ગરજ સારશે.

માતાજી જ્યોતિર્મયી અને પિતાશ્રી મણિશંકર ભટ્ટના નામને આપે રોશન કર્યું છે. આપનાં ૯૨ સ્વરચિત પુસ્તકો તો ભારતીય આધ્યાત્મિકતાના વારસાને ઉજ્જવળ કરનારાં છે. એમાંય આપના દિવ્ય અનુભવોની અનોખી સંહિતા સમી 'પ્રકાશના પંથે' નામની આત્મકથા તો એ પંથના પ્રવાસીને પ્રેરણાદાયક છે. આપે પરમ કૃપાળુ પરમાત્માનો કરેલો સાક્ષાત્કાર તો સાધકો માટે ઉલ્લેખનીય છે.

શ્રીમંતોના સંપર્કમાં પણ આપ હોવા છતાં અદના આદમીના આપ પ્રેરણાદાતા છો, ઉદ્ધારક છો. ભવાટવીમાં ભૂલા પડેલાઓના આપ પથપ્રદર્શક છો, રાહબર છો, કિંકર્તવ્યમૂઢ સેંકડો અર્જુનોના આપ સારથિ છો, માર્ગદર્શક છો. 'Friend, philosopher and guide' તરીકે આપ અનેક સંસારીઓને સાચો રાહ ચીંધો છો.

યોગસાધના કરનાર આપ મહાત્મા હોવા ઉપરાંત જગતના દર્દની ચિકિત્સા કરનાર આધ્યાત્મિક વૈદ્ય છો. આપ એક મહાન સમાજસુધારક, રાષ્ટ્રભક્ત, રાષ્ટ્રવિધાયક અને આર્ષદૃષ્ટા છો. હે સંતશિરોમણિ, સઘળાં શાસ્ત્રો આપને હસ્તામલકવત્ છે. 'અધ્યાત્મ' માસિક દ્વારા દેશવિદેશી ધર્મપ્રેમીઓને આપ અનેરો લાભ આપી રહ્યા છો. શ્રી રામકૃષ્ણ પરમહંસનાં આદર્યાં અધૂરાં આપ પૂર્ણ કરી રહ્યા છો.

ગેબી રહસ્યોથી ભરપૂર છે આપનું જીવનકાર્ય, જે હજી ધર્મપ્રેમી જનતા પણ સમજી શકી નથી. સમય લાગશે. આપના આ અગાધ જીવનસાગરમાં હજુ તો અમે બરાબર ચંચુપાત પણ કરી શક્યા નથી. હે યોગેશ્વર માવડી, આપનો વરદ હસ્ત સદાય અમારા માટે જીવનસહારો રહેજો.

શ્વસન વહી જાય છે આપના સદ્‌વિચારોને અને પાવન કરે છે સમસ્ત ભૂમંડળને. આપના જિહ્વાગ્રે તો સાક્ષાત્ વીણાપાણિ 'મા' શારદા બિરાજેલાં છે. આપના મુખમાંથી પ્રગટતી અસ્ખલિત વાગ્ધારાના પ્રવાહમાં સ્નાન કરી હજારો જીવો પાવન થાય છે. આપના માર્તંડરૂપી મસ્તિષ્કમાંથી પ્રગટતાં રશ્મિઓ હજારો શ્રોતાઓ પર જાદુઈ અસર કરે છે, એટલું જ નહીં પરંતુ પારાવાર મુસીબતોથી પીડાતી દેશવિદેશી પ્રજાના તપ્ત હૈયાંને શીતળતા અર્પે છે.

રહેણીકરણી પણ આપની સાદી છે. Simple living and high thinking is the motto of your life.

સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ છે આપના જીવનનો મુદ્રાલેખ. લઘુત્તમ જીવન જરૂરિયાત એ છે આપનો જીવનમંત્ર.


સરળતા, સૌમ્યતા, શુચિતા, સહજતા, સાદગી, સ્વાશ્રય, સનાતન સ્નેહ, નિર્વ્યસન, નિરહંકાર એ તો આપને વારસામાં મળેલા સદ્‌ગુણો છે. ભારતીય ગરીબાઈના ઉદ્ધાર સમી ખાદીને અપનાવી વર્ષોથી આપ ખાદીવસ્ત્ર જ ધારણ કરતા આવ્યા છો. હે જગદંબાના દુલારા, માતાજીની હંમેશા આપના પર અમીદૃષ્ટિ છે. એને પ્રસન્ન કરી આપની પાસે હાજરાહજૂર રાખો છો. માતાજી જ્યોતિર્મયીને આપ સાથે જ રાખતા તેમ જગદંબાના અંશાવતારા સમાં 'મા' સર્વેશ્વરીને પણ આપ દેશવિદેશમાં સાથે જ રાખો છો. આપના જીવનધ્યેયમાં પૂ. 'મા' સર્વેશ્વરી સહભાગિની તરીકે મદદરૂપ રહ્યાં છે અને રહેશે એ નિઃશંક છે. એમનાં ભજનો અને વાર્તાલાપો દેશવિદેશમાં પ્રેરક ને લોકપ્રિય નીવડ્યાં છે.

નોંધારાં બન્યાં હતાં આપના ભક્તજનો. આપના વિદેશગમન દરમિયાન શ્રી યોગેશ્વર સત્સંગ પરિવાર જાણે ઉદાસીન લાગતો, નિસ્તેજ લાગતો, પરંતુ પ્રફુલ્લ બન્યાં છે હૈયાં અમારાં આજે.

જન્મ ધારણ કર્યો છે આપે, માનવસેવા કાજે. ભારતવાસીઓનાં દુઃખદર્દ દૂર કરવામાં આપનો ફાળો અવિસ્મરણીય રહેશે.

'યત્ર યત્ર શ્રી યોગેશ્વરઃ તત્ર તત્ર યમઃ અપિ ન આગમિષ્યતિ' આપ ખુદ અમારી પાસે હો, તો યમની પણ શી પરવા ? ષડ્ રિપુ સમા યમદૂતો પણ દૂર જ ભાગે. વટોદર નગરવાસીઓ પર આપની હંમેશ કૃપાદૃષ્ટિ રહી છે. આપના સ્વદેશ-આગમનથી 'પ્રેમાનંદ નગરી' પુનઃ પાવન થઈ છે.

હોનાર કદી મિથ્યા થતું નથી. આધ્યાત્મિકવાદ અને ભૌતિકવાદના ઘર્ષણમાં અંતે આધ્યાત્મિકતાનો જ વિજયડંકો વાગવાનો. ભૌતિક સમૃદ્ધિસભર દેશોની પ્રજા આજે પિડાય છે, એમનાં હૈયાંને શાંતિ નથી. એમનાં દગ્ધ હૈયાંને પરિતૃપ્ત કરી, ભારતીય સંસ્કૃતિને ગૌરવાન્વિત કરી, ભારતીય ભૂમિમાં પધારતાં અમો વડોદરવાસીઓને આપનું સન્માન કરવાની તક આપી તે બદલ અમો અત્યંત બડભાગી છીએ. અંતે આપ પૂજ્યશ્રી અને 'મા' સર્વેશ્વરી 'શત શરદ જીવો' અને માનવસેવાનાં અનેક કાર્યો આપના વરદ હસ્તે સધાય એ જ સર્વશક્તિમાન 'મા' જગદંબાને પ્રાર્થી, અમારી શુભેચ્છા લાગણીઓના પ્રતીક તરીકે આ સન્માન-પત્ર આપના ચરણકમળમાં અર્પણ કરી કૃતકૃત્ય થઈએ છીએ.



**ડૉ. જતીનભાઈ મોદી**
મેયર શ્રી વડોદરા મ્યુ. કૉર્પોરેશન
અતિથિવિશેષ, સન્માન સમારંભ

**ડૉ.ઠાકોરભાઈ પટેલ**
માજી આરોગ્યપ્રધાન ગુ.સરકાર
અધ્યક્ષ, સન્માન સમારંભ

| | | | |
|---|---|---|---|
| પાંચુજી વરધાજી શેઠ | મૂળશંકર જાની | જિતુભાઈ ગાંધી | હરિભાઈ દેસાઈ |
| ગિરીશભાઈ શાહ | રાજુભાઈ પુરોહિત | રમણભાઈ સોની | સ્વાગત પ્રમુખ |
| કુંદનબહેન રાણા | વિનુભાઈ અમીન | ચંપકભાઈ શાહ | આર.ડી. ગુપ્તા |
| કૈલાસબહેન જોશી | ગૌરીશંકર ત્રિવેદી | વિજયસિંહ રાણા | ઈશ્વરભાઈ શાહ |

**પૂ. શ્રી યોગેશ્વર સત્સંગપરિવાર - સન્માન સમિતિ, વડોદરા**

* * *

**સ્થળ** : ગાંધીનગર ગૃહ, વડોદરા,


**તારીખ** : ૩૧-૧-૮૨ રવિવાર, સવારના ૧૦-૦૦

* * *

# પાંચમી વિદેશ યાત્રા

## દેશ : દક્ષિણ આફ્રિકા

(શહેરો : ડરબન, કેપટાઉન, આસ્કોટ, લેડીસ્મીથ, ન્યુકાસલ, ડન્ડી યુટનહેગ, ગ્રેહામટાઉન, ક્રુગર નેશનલ પાર્ક, બીનોની, સ્પ્રીંગ, પોર્ટ એલિઝાબેથ, ઈસ્ટ લંડન, કીંગ વિલીયમ, પીટ્સમેરીબર્ગ, પ્રીટોરિયા)




## તારીખ : ૧૭-૧૧-૮૨ થી ૨૧-૩-૮૩

## સહયાત્રી : મા સર્વેશ્વરી

## ૧. વિમાન રદ થયું અને ઊપડ્યું

પ્રસંગ સાધારણ અથવા અતિશય અસાધારણ, જેવો માનો તેવો, હતા.

મુંબાઈના આંતરરાષ્ટ્રીય એરપૉર્ટ પર પોતપોતાના વ્યક્તિગત સામાન સાથે પરદેશ જવા માટે જુદાજુદા પ્રવાસીઓ એકઠા થયેલા. તારીખ ૧૪ નવેમ્બર, ૧૯૮૨, રવિવારે. કાલીચૌદસની સવારે. બધા પ્રવાસીઓ વિમાનમાં બેસતાં પહેલાંની આવશ્યક વિધિમાંથી પસાર થવા માટે ઉત્સુક હતા. પરદેશના પ્રવાસના પ્રારંભ પહેલાં પોતાના સામાનને પ્રવાસીઓએ જે કાઉન્ટર પર પહોંચાડવાનો હોય છે તે કાઉન્ટર હજુ બંધ હતું. ત્યાં રહીને પ્રવાસીઓને મદદ કરનારા પરિચારક નહોતા દેખાતા.

પ્રવાસીઓ ઘડિયાળ જોવા લાગ્યા.

એમણે અવારનવાર તપાસ કરી તોપણ કોઈ પ્રકારનો સંતોષકારક ઉત્તર ના મળ્યો.

વિમાન ઊપડશે કે નહીં ઊપડે તેનું સ્પષ્ટીકરણ ના કરાયું.

પૂછતાછ વિભાગના પરિચારકે જણાવ્યું કે આઠ વાગ્યા સુધી રાહ જુઓ. વિમાન કદાચ ઊપડશે.

વિમાન ઊપડવાનું નથી એ નક્કી જ હતું તો પણ એ હકીકતને ગુપ્ત રાખવામાં આવી.

છેવટે સવા આઠેક વાગ્યે જણાવવામાં આવ્યુ કે આજનું સાડા નવ વાગ્યાનું વિમાન નથી ઊપડવાનું. કદાચ કાલે ઊપડશે.

પ્રવાસીઓ નિરાશ થયા.

સૌના પૂર્વયોજિત કાર્યક્રમો ભાંગી પડ્યા.

કોઈએ પોતાના ગંતવ્યવસ્થાન પર સુહૃદોને, મિત્રોને, પરિચિતોને ફોન કે તાર કરેલા. કોઈએ પત્રો લખેલા.

રશિયાના પ્રમુખનું શરીર શાંત થવાથી ભારતનાં કેટલાંક વિમાનોનો ઉપયોગ એમની પાસે પહોંચવા માટે સરકારી સ્તર પરથી કરવામાં આવેલો. તે દિવસનું વિમાન રદ થવાનું કારણ એટલું જ હતું.

પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા. દુઃખી થયા.

કોઈ એમના સ્વજનના સ્વર્ગવાસ પ્રસંગે જ પરદેશ જઈ રહેલા. કોઈ એવા જ અન્ય આવશ્યક કારણસર.

કોઈ ક્રોધે ભરાઈને એર ઈન્ડીયાના પરિચારક સાથે કઠોરતાથી બોલવા લાગ્યા. પરંતુ એ શું કરે ? આદેશ ઉપરથી આવેલો. જેમની પાસે સત્તાનાં સૂત્રો હતાં, અધિકાર હતો, એમણે એમની વિપત્તિનો વિચાર નહોતો કર્યો. એમને માટે એ છેક જ સાધારણ ઘટના હતી.

પરિચારકો તો ચિઠ્ઠીના ચાકર હતા.

પ્રવાસીઓ વીલે મોઢે સામાન સાથે વીખરાવા માંડ્યા.

એમનામાં જે મજબૂત મનોબળવાળા માનવ-મહામાનવ હતા એમણે જણાવ્યું કે, નિરાશા થાય એ સ્વાભાવિક છે પરંતુ નિરાશ બનીને બેસી રહેવાથી, ફરિયાદ કરવાથી, જેનો દોષ નથી એની ઉપર દોષારોપણ કરવાથી શું વળે ? ઘેર પાછા જવાનું જ છે તો બનતી સ્વસ્થતાથી જઈએ. મુસીબતમાંથી માર્ગ કાઢીએ. જે

કાંઈ થયું છે તે અન્યથા થોડું જ થવાનું છે ? હરિનું વિધાન હિતકારક છે એવો વિશ્વાસ રાખીએ. આજનું વિમાન તો રદ કરાયું. પરંતુ કાલના વિમાનનો લાભ લઈએ. જે થયું, થઈ ગયું છે, તેમાંથી ઠંડા મનથી માર્ગ કાઢીએ. અન્યને એથી આવશ્યક આશ્વાસન મળ્યું.

પ્રવાસીઓની એ અનુભવાત્મક કરુણ કથામાં અમારી કથા પણ આવી ગઈ. કાળીચૌદસના દિવસે વિમાન રદ થવાથી અમે – હું અને મારી સાથે દક્ષિણ આફ્રિકાના પુણ્યપ્રવાસે આવનારાં 'મા' સર્વેશ્વરી— અમારા યજમાન તથા પ્રેમીજનો સાથે શાંતિપૂર્વક પાછાં ફર્યાં.

બે દિવસ બાદ, ભાઈબીજના દિવસે બપોરે અમે વિમાનમાં ફરી વાર ગોઠવાઈ શક્યાં. અમારું વિમાન મુંબઈથી મોરેશિયસ માટે ૧-૫૫ વાગ્યે ઊપડ્યું ત્યારે અમને અનેરી લાગણી થઈ આવી. ભાઈબીજનો દિવસ માતાજી જ્યોતિર્મયીનો જન્મદિવસ હોવાથી એમનું સ્મરણ એ દિવસે સવિશેષરૂપે થવા લાગ્યું. એમના સ્થૂળ લીલાસંવરણને તાજેતરમાં બે વરસ વીતી ગયેલાં ત્યારે એમને અનુરાગની અંજલિ આપતાં મેં લખેલું :

<u>બે વરસ</u>

વીતી ગયા છે બે વરસ
મટી તોય નથી હજી તીખી તરસ;
રચાયું મંદિર નથી ક્યાંથી કળશ ?
કરી દો સ્નેહાળ સંજીવન સ્પરશ.

*

એમની જ્યોતિર્મય મધુમય મંગલ મુખાકૃતિ મારી આંખ આગળ તરવા લાગી.

* * *

## ૨. પ્રવૃત્તિ અને પ્રતીક્ષા

સાઉથ આફ્રિકાનું આમંત્રણ ઈ.સ. ૧૯૭૯ જેટલું જૂનું હતું.

મારે 'મા' સર્વેશ્વરી સાથે ઝામ્બિયાના જુદાંજુદાં શહેરોના પ્રવાસે જવાનું થયું તેની અને એ પ્રવાસની સફળતાની માહિતી મેળવીને સાઉથ આફ્રિકાના ડરબન શહેરની એક સત્સંગસંસ્થાએ અમને આમંત્રણ મોકલ્યું. એનો સારાંશ આ પ્રમાણે છે :

*

Mahatmaji,

The Aim and Objects of our Organisation is you invite people at the Republic of South Africa to hold religious discourses in centres here, so that our Hindu Community residing in our this adopted country will benefit and continue our cultural heritage.

We have learned that you hold such discourses on our Hindi Society in Bharat and in many overseas countries and that Sarveshvari Devi also accompany you to sing Bhajans and Kirtans to the people.

My organisation have unanimously decided to invite you and Sarveshvari Devi to South Africa and we are sure that the community here benefit gretly by your 'Satsang'

My Organisation will make all the arrangements for obtaining visa etc. to South Africa and all the expenses for air tickets etc. both of you for this trip will be bourne by us.

We are hoping that you could come early in 1982 and will be a remain here enough time for our people residing in other centres benefit by your 'Satsang' also

We pray to Parmatma to keep you in good health always to carry with this noble work.

Pranam.

*

અમને સાઉથ આફ્રિકાના પ્રવચન પ્રવાસ માટે આમંત્રનારી સંસ્થાનો આમંત્રણ પત્ર આવ્યો ત્યારે હું ભયંકર હાર્ટએટેકના પરિણામે અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલમાં બીમારીના બિછાને હતો.

એ પછીના ત્રણેક વરસ સુધી એક અથવા બીજા કારણસર દક્ષિણ આફ્રિકાના આમંત્રણનો સ્વીકાર કરવાનું શક્ય ના બન્યું. તોપણ એ સંસ્થાના પત્રો આવતા જ રહ્યા અને એના પરિણામે અમારો કાર્યક્રમ યોજી શકાયો.

દક્ષિણ આફ્રિકામાં પ્રવેશવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી હોતું. એને માટે કેટલીય પૂર્વવિધિ કરવી પડે છે. ભારત સરકારની મંજૂરી મેળવવી પડે છે. એ મંજૂરી સહેલાઈથી નથી મળતી. એને માટે સુદીર્ઘ સમય સુધી પ્રતીક્ષા કરવી પડે છે. અમે અમદાવાદની પાસપોર્ટ ઑફિસમાં કરેલી અરજી ત્રણેક મહિના સુધી કોઈ પણ પ્રકારની ગતિ કે પ્રગતિ સિવાય ત્યાં જ પડી રહી. એ પછી પોલીસ-તપાસ થઈ અને પોલીસખાતાની નોંધ સાથે કાગળો દિલ્હી ગયા. દિલ્હીના વિદેશ મંત્રાલયમાંથી આવશ્યક કાગળોને નીકળતાં ઘણી વાર લાગી. એક વાર દક્ષિણ આફ્રિકા માટે નામંજૂર થયેલા કાગળો ફરી વાર મંજૂરી પામીને અમદાવાદ મોકલવામાં આવ્યા. એ મંજૂરીપત્ર બીજી આવશ્યક સામગ્રી સાથે દક્ષિણ આફ્રિકાની સરકારના વિઝા માટે મોકલવામાં આવ્યો. એ પછી લગભગ બે મહિને વિઝાની ઉપલબ્ધિ થઈ શકી. એવી રીતે માર્ચ મહિનામાં અરજી કરવામાં આવી અને અમે નવેમ્બરની સત્તરમીએ આશરે આઠેક મહિનાની ધીરજ તથા હિંમતપૂર્વકની પ્રવૃત્તિ તેમજ પ્રતીક્ષા પછી સાઉથ આફ્રિકા માટે પ્રયાણ કરી શક્યાં. સાઉથ આફ્રિકાને વિરોધી

દેશ તરીકે માનવામાં આવતો હોવાથી ભારતીય પાસપોર્ટમાં મુલાકાત માટેના શક્ય દેશોમાં એનો સમાવેશ કરવામાં નથી આવતો. એટલે એનો ઉલ્લેખ પાસપોર્ટમાં કરાવવો પડે છે.

મુંબઈ કોઈ સદ્‌ગૃહસ્થે મને જણાવેલું કે દક્ષિણ આફ્રિકામાં રંગભેદની સંકુચિત નીતિનો આશ્રય લેવાઈ રહ્યો છે તો ત્યાં જઈને શું કરશો ? ત્યાં શા માટે જવું જોઈએ ?

મેં એમને ઉત્તર આપ્યો કે, ત્યાં જઈને અમારે બીજું શું કરવાનું છે ? જરૂર પડતાં રંગભેદની નીતિનું સમર્થન નથી કરવાનું. તે તો સહેલાઈથી સમજી શકાય છે. ત્યાં રંગભેદ છે તો અહીં જ્ઞાતિભેદ કે વર્ગભેદ છે. આપણે વિશેષ વર્ગ કે જ્ઞાતિના આધાર પર, આઝાદીનાં આટલાં બધા વરસો પછી પણ રિઝર્વેશન રાખ્યાં છે. એટલે ત્યાં સમસ્યા કલરની છે અને આપણે ક્લાસની, એ બંનેમાંથી એકે આદર્શ તો નથી જ. જ્યાં રોગ હોય ત્યાં ડૉક્ટર જાય તો રોગનિવારણનો રસ્તો બતાવી શકે છે.

મારા સ્પષ્ટીકરણથી એમને સંતોષ થયો.

* * *

## ૩. ડરબનમાં

મુંબઈથી ઊપડેલું વિમાન લગભગ છ કલાક પછી મોરેશિયસ પહોંચ્યું.

મોરેશિયસ એરપૉર્ટ પર ઊતરીને આવશ્યક વિધિમાંથી પસાર થઈને ડરબન પહેંચવા માટે કલાકેક પછી નવેસરથી પાછું એ જ વિમાનમાં બેસવાનું હતું.

એરપૉર્ટ પર આજુબાજુ બધે જ અંધકાર છવાઈ ગયેલો. એરપૉર્ટ છેક જ નાનું હતું. ત્યાં જતાંજતાં રસ્તામાં વરસાદના છાંટા પડવા માંડ્યા.

કાગળોની આવશ્યક વિધિમાંથી પસાર થતાં વિશેષ વાર ના લાગી.

સમય પર ડરબન જવા માટેના વિમાનમાં ગોઠવાયા.

ચારેક કલાકમાં ડરબન આવી પહોંચ્યું ત્યારે પણ વરસાદ પડી રહેલો.

એરપૉર્ટ પરથી અમારે સાઉથ આફ્રિકાના પાકા વિઝા મેળવવાના હોવાથી અમારે થોડુંક વધારે રોકાવું પડ્યું.

વીસાનું કામ પતાવીને અંદર પહોંચતી વખતે જોયું તો બધા જ પ્રવાસીઓની પેટીને કસ્ટમ ઑફિસ તરફથી ઉઘાડાવવામાં આવતી અને બીજો સામાન પણ બારીકાઈથી તપાસવામાં આવતો.

ગુજરાતી સદ્ગૃહસ્થે પોતાને ત્યાં લગ્નપ્રસંગ આવવાનો હોવાથી ભારતથી સાડીઓ તથા બીજાં વસ્ત્રો પ્રચુર પ્રમાણમાં આણેલાં. તેમને સારી એવી રકમ ભરવી પડી.

અમારો સામાન પણ તપાસવામાં આવ્યો. ઑફિસરને કશું જ વાંધાજનક ના મળ્યું. અમારી પાસે એવું કશું હતું જ નહીં. ત્યાં તો એક કૌતુક થયું. અમારી દૃષ્ટિએ કૌતુક, અમારી પાસે નાની સરખી વૉટરબેગમાં રસ્તે પીવા માટે પાણી ભરેલું. કસ્ટમ ઑફિસરે તે પાણીને એવું કહીને ઢોળાવી દીધું કે બીજા દેશનું, ખાસ કરીને ભારતનું પાણી, જંતુવાળું હોવાથી રોગ પેદા કરે છે ! અધિકારીઓની આગળ દલીલ કરવાનો કશો અર્થ ન હતો.

એરપૉર્ટ પર અમારું સુચારુરૂપે સ્વાગત કરવામાં આવ્યું. જુદાજુદા ફોટાઓ પણ લેવામાં આવ્યા.

એ પછી સાધારણ વરસતા વરસાદમાં બહાર નીકળીને ડરબનના દેખાવડા, ચિત્તાકર્ષક માર્ગ પરથી પસાર થતાં અમે પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટના ઉતારે પહોંચી ગયાં.

* * *

## ૪. રામકૃષ્ણ મિશનનાં કેન્દ્રોમાં - સ્વામી શિવપાદાનંદ

ડરબન શહેર દેખીતી રીતે જ ચિત્તાકર્ષક તથા સુંદર લાગે છે. એનાં રસ્તા, મકાનો, સ્વચ્છ અને રળિયામણાં દેખાય છે. વૃક્ષો તથા વનરાજિ પણ સારા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. દૂરના માનવોને આફ્રિકા દેશ અથવા આફ્રિકાના આવા જુદાજુદા દેશો અવિકસિત અથવા અર્ધવિકસિત જેવા હોવાનું અનુમાન થાય, પરંતુ સમીપથી નિરીક્ષણ કરવાથી લાગે છે કે પરિસ્થિતિ ખરેખર તેવી નથી. એ દેશોએ પોતાની આગવી રીતે વિકાસ સાધ્યો છે અને વિશેષ વિકાસને સાધવાનું શરૂ કર્યું છે. દુનિયાના સર્વપ્રકારે સુવિકસિત સર્વશ્રેષ્ઠ મનાતા મહાદેશોની હરોળમાં બેસવા માટેના અતિશય આદરપાત્ર સ્થાનને મેળવવાને માટે તે પરિપૂર્ણપણે પ્રયત્નો કરી રહ્યા છે.

અમને આમંત્રનારી સાંસ્કૃતિક સેવાસંસ્થાએ બે-ત્રણ દિવસ પછી અમને સન્માનવાનો સમારંભ યોજ્યો. એ સ્વાગત સમારંભ દરમિયાન ભારતથી દૂરસુદૂર વસતા ગુણાનુરાગી આત્માઓએ એમના પારદર્શક પ્રેમભાવનો પરિચય કરાવ્યો.

ડરબનમાં સમુદ્ર તથા સરિતાનો સુભગ નયનાભિરામ સંગમ થાય છે. એ દૃશ્ય અતિશય આકર્ષક અને આહ્લાદક લાગે છે. એના અવલોકનથી આનંદ અનુભવાય એ સ્વાભાવિક હતું.

શહેરમાં રામકૃષ્ણ મિશનની બે સંસ્થાઓ અને સ્વામી શિવાનંદના દિવ્ય જીવન સંઘની સંસ્થા વરસોથી ચાલે છે. અમે એ સંસ્થાઓની વહેલી તકે ને ખાસ મુલાકાત લીધી.

રામકૃષ્ણ મિશનની બીજી સંસ્થા પાછળથી શરૂ થઈ છે. એસેવીલ નામના વિસ્તારમાં એલેબિયા રોડ પર કેન્દ્રના વિશાળ મકાનની બહારના ભાગમાં મોટરોને ઊભી રાખવાની જગ્યા છે. ઉપર શિવલિંગના આકારનો સુંદર ધુમ્મટ અને એની ઉપર નાનો સરખો ફરતો ૐકાર. નીચે ઊતરતાં જ વિશાળ સરસ હૉલ. બીજી બાજુએ રામકૃષ્ણદેવની સમાધિમગ્ન આત્મલીન અવસ્થાની ઊભેલી, ડરબનના યુરોપિયન કલાકારે બનાવેલી પ્રાણવાન પ્રતિમા. એ પ્રતિમાને પેખતાંવેંત રામકૃષ્ણદેવનું પ્રત્યક્ષ દર્શન કરતા હોઈએ એવું લાગતું. એ કેન્દ્ર સાઉથ આફ્રિકામાં જન્મેલા અને પાછળથી સંન્યાસની દીક્ષા પામેલા સ્વામી શિવપાદાનંદના ઉત્સાહ તથા પુરુષાર્થના પરિણામે પ્રાદુર્ભાવ પામેલું. સ્વામી શિવપાદાનંદે ઈ.સ. ૧૯૮૧ના ઑક્ટોબરમાં એ સ્થાનમાં રહેવા માટે પ્રવેશ કરેલો.

સ્વામી શિવપાદાનંદ સામેથી જ આવી પહોંચ્યા.

એમનું વ્યક્તિત્વ સરળ, સહજ આકર્ષક હતું.

કાષાય રંગની કફની, લુંગી, કાળા લાંબા કેશ, મોટી ભાવભરેલી આંખ. ઘઉંવર્ણું મુખમંડળ, દાઢી.

આગળ આવીને એમણે અમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

*

એમની નમ્રતા, નિખાલસતા પારદર્શક લાગી. એમને નિહાળતાવેંત જ એમનો અંતરાત્મા ઉચ્ચ કોટિનો છે એવી છાપ પડી.

અમે પાસે બેસીને થોડીક વાતો કરી.

ભારતની ભવ્ય ભાતીગળ ભૂમિમાં પ્રગટીને પોતાના અદ્‌ભુત અલૌકિક લીલાજીવન દ્વારા રામકૃષ્ણ પરમહંસદેવે ભારતમાં અને ભારતની બહારના જુદાજુદા દેશોમાં કેટલા બધા આત્માઓને પ્રેરણા પૂરી પાડી છે ! કેટલાં બધાં અંધકારાચ્છાદિત અંતરોમાં પાવન પ્રકાશ પાથર્યો છે ! સ્વામી શિવપાદાનંદે એમની પ્રેરણા અને એમના પ્રકાશને ઝીલીને આત્મજાગૃતિ મેળવીને પાછળથી ભારતની યાત્રા કરીને, અહીં પાછા ફરીને અન્ય અનેક આત્માઓ અનુપ્રાણિત કરવાનું કલ્યાણકાર્ય શરૂ કર્યું. એ કાર્ય ઉત્તરોત્તર આગળ વધી રહ્યું છે.

એમના ગુરુ નિશ્ચલાનંદે ડરબનમાં મિશનના મૂળ કેન્દ્રની સ્થાપના કરેલી. શાંત એકાંત રેડ હિલ નામના ડુંગરાળ વિસ્તારમાં ઈ.સ. ૧૯૪૨માં.

સ્વામી નિશ્ચલાનંદે હૃષિકેશથી થોડેક દૂર વસિષ્ઠ ગુફામાં વરસોથી વસતા સ્વામી પુરુષોત્તમાનંદને ગુરુ કરેલા અને સ્વામી પુરુષોત્તમાનંદ રામકૃષ્ણ મિશનના મહાપુરુષ તરીકે ઓળખાતા. રામકૃષ્ણદેવના પ્રમુખ શિષ્યોમાંના એક સ્વામી નિશ્ચલાનંદે વરસો સુધી સાઉથ આફ્રિકામાં રહીને કાર્ય કર્યું અને શરીર છોડ્યું. ડરબનનું એમની દ્વારા સ્થપાયેલું કેન્દ્ર એમની રામકૃષ્ણદેવ પ્રત્યેની શ્રદ્ધાભક્તિની અને સમાજ માટેની સેવાભાવનાની સાક્ષી પૂરે છે.

એ લીલાછમ સુંદર ડુંગરમાળાથી ઘેરાયેલા પવિત્ર સ્થાનમાં પ્રવેશતી વખતે સમીપવર્તી મોરલાએ મીઠા સ્વરથી ટહુકા કરીને અમારું સ્વાગત કર્યું. અનેકવિધ દેશોની અસર નીચે આવીને અને એક જ દેશના જુદાજુદા પ્રદેશવિશેષમાં રહીને માનવે પોતાની ભાષા બદલી છે પરંતુ પશુપક્ષીની ભાષા સર્વત્ર એક જ દેખાય છે. એમને ઓળખવાનું કાર્ય સહેલું છે. કોઈએ કહેલું પણ ખરું કે આખી દુનિયાને ઓળખવાનું કાર્ય સહેલું હોય તો પણ માનવને ઓળખવાનું મુશ્કેલ છે. માનવે પોતાની અંદર અને બહાર એટલી બધી સમસ્યાઓ સર્જી છે; એટલાં બધાં આવરણો ઊભાં કર્યાં છે.

આશ્રમમાં નીચેના ભાગમાં આવેલા રામકૃષ્ણદેવના મંદિરના દર્શનનો લાભ લીધો. ત્યાં સ્વામી પ્રેમાનંદે અમારો સત્કાર કર્યો.

સ્વામી પ્રેમાનંદે હૃષિકેશના સુપ્રસિદ્ધ કૈલાસ આશ્રમમાં રહીને શાસ્ત્રાભ્યાસ કરેલો. દૈવયોગે એ સાઉથ આફ્રિકામાં આવીને સ્વામી શિવપાદાનંદ સાથે રહ્યા.

એ અમને સ્વામી નિશ્ચલાનંદના ઉપરના સ્મૃતિખંડમાં લઈ ગયા. એ ખંડમાં સ્વામીજીની બેઠક, થોડીક વપરાશની વસ્તુઓ તથા નાની સરખી લાઈબ્રેરી હતી. આખુંય સ્થાન શાંત, પવિત્ર પરમાણુઓથી ભરપુર અને પ્રેરક લાગ્યું.

રામકૃષ્ણ મિશનના એ સ્થાનમાં એક નાનુંસરખું પ્રેસ છે. ત્યાંથી જુદાંજુદાં પુસ્તકો બહાર પડે છે અને 'જ્યોતિ' નામની પત્રિકા પણ બહાર પડે છે.

સ્થાનના સંચાલક સ્વામી પ્રેમાનંદ ખૂબ જ મિલનસાર, માયાળુ અને નમ્ર. તેમને જોઈને મને ઈ.સ. ૧૯૪૨-૪૩ દરમિયાનમાં હૃષિકેશના કૈલાસ આશ્રમની મારી મુલાકાતનાં વિવિધ સ્મરણોની સુખદ સ્મૃતિ થઈ.

બહારનાં સુંદર ઉદ્યાનમાં ભગવાન શંકરની સરસ મૂર્તિ જોવા મળી. એની ઉપર પાણીનો અભિષેક થયા કરતો.

એકાદ અઠવાડિયા પછી સ્વામી શિવપાદાનંદના વિશેષ પ્રેમ અને આમંત્રણને અનુલક્ષીને મિશનના એ મૂળ સ્થાનમાં મારું પ્રવચન યોજાયું. અંગ્રેજીમાં અપાયેલા એ પ્રવચનનો વિષય શાંતિ, પ્રશાંતિ તથા ધ્યાન રાખવામાં આવેલો. એ કાર્યક્રમ દરમિયાન થયેલી રામકૃષ્ણદેવની આરતી અદ્‌ભુત હતી.

છેવટે આશ્રમના બ્રહ્મચારીએ પુષ્પમાળાથી પૂજનવિધિ કરી. બ્રહ્મચારી 'મા' સર્વેશ્વરીને પ્રણામ કરવા લાગ્યા ત્યારે સ્વામી શિવપાદાનંદે સૂચના આપતાં જણાવ્યું કે એવું નહીં. 'મા' ને જમીન પર મસ્તક મૂકીને પ્રણામ કર, એટલે બ્રહ્મચારીએ એમની સૂચનાનું અનુસરણ કર્યું. પ્રસંગ છેક જ સાધારણ હોવા છતાં ખૂબ જ નોંધપાત્ર હતો. એ પ્રસંગ સ્વામીજીની પોતાની જાગૃતિ તથા બીજાની સમુચિત સન્માન કરવાની ભાવનાનું દર્શન કરાવી ગયો. બ્રહ્મચારીને પંદરેક દિવસ પછી સંન્યાસની દીક્ષા મળવાની હતી. એમનો વ્યવહાર બને તેટલો આદર્શ હોવો જોઈએ અને અન્યને અનુકરણીય થવો જોઈએ એવું સ્વામીજી ઈચ્છતા હોય તો એમાં કશું અનુચિત નહોતું.

સ્વામી શિવપાદાનંદ વિશાળ હૃદય ધરાવતા સંતપુરૂષ હતા એમાં શંકા નહોતી. એ અહંકારરહિત અને નમ્ર હોવાની સાથેસાથે ઊંડી સહાનુભૂતિ તથા સ્વાનુભવજન્ય સમજશક્તિથી સંપન્ન દેખાયા. એમનું એવું વિશિષ્ટ દર્શન અવારનવાર થતું રહ્યું. મારા પૂર્વજન્મમાંના રામકૃષ્ણદેવ સાથેના સંબંધ વિશે મારે માટેની ભારતથી આવેલી પરિચયપત્રિકામાં વાંચીને એક સત્સંગી ભાઈએ એમનો અંગત અભિપ્રાય માગ્યો તો મને મળતાં પહેલાં જ એમણે તરત જ સ્પષ્ટીકરણ કરતાં કહેલું કે એમાં શંકા કરવા જેવું કે ના માનવા જેવું કશું જ નથી. ધ્યાનની ઊંડી અવસ્થામાં એવા અનુભવ થઈ શકે છે.

એવો સહૃદય તટસ્થ પૂર્વગ્રહરહિત અભિપ્રાય એમના સિવાય બીજું કોઈ ભાગ્યે જ આપી શકે. જેમણે સ્વતંત્ર સ્વાનુભૂતિપૂર્ણ વિચારસરણીના દરવાજાને કાયમ માટે બંધ કરી દીધા હોય અને વધારે પડતી વિચાર વગરની વ્યક્તિપૂજાના શિકાર બનીને કટ્ટરતાના પૂજારી તથા હિમાયતી થયા હોય તેમને એવા સ્વતંત્ર અભિપ્રાયનો વિચાર પણ ઉદ્‌ભવે નહીં. સ્વામી શિવપાદાનંદનું વ્યક્તિત્વ એવી રીતે વિચારતાં ખૂબ જ ઉદાત્ત લાગ્યા વિના નહીં રહે. વિદાય વખતે સ્વામીજી અમને છેક મોટર સુધી મૂકવા આવ્યા.

અમે એ શાંત સુપવિત્ર સ્થળમાં પ્રવેશ્યા ત્યારે પણ એમણે અમારા સ્વાગત માટે સ્વામી પ્રેમાનંદને આશ્રમના પ્રાંગણમાં ઊભા રાખેલા. એમની સાથે અમે સાંજના ચાર વાગ્યાના કાર્યક્રમ માટે મંદિરમાં પ્રવેશ્યા ત્યારે સ્વામી શિવપાદાનંદે નીચા નમી પ્રણમીને અમારો પ્રેમથી સત્કાર કર્યો. ભક્તો તથા સત્સંગીઓની ઉપસ્થિતિમાં એ પ્રકારનો વ્યવહાર કરવાનું કામ સાધારણ ના ગણાય. મારા પ્રવચનની પરિસમાપ્તિ પછી એમણે સૌને જણાવ્યું કે યોગેશ્વરજી જે બોલે છે તે પુસ્તકોનું નથી બોલતા પરંતુ સ્વાનુભવનું જ બોલે છે. એ દક્ષિણ આફ્રિકામાં છે ત્યાં સુધી આપણે એમનો ફરી વાર લાભ લઈશું.

અમારા આમંત્રણને માન્ય રાખીને એ બીજા અઠવાડિયે ભારત હૉલના મારા પ્રવચનમાં પધાર્યા. અમે એમનું સમુચિત સ્વાગત કર્યું. એમણે શ્રોતાજનોને શુભાશીર્વાદના થોડાક શબ્દો કહ્યા. એમની સરળતા, નિરભિમાનતા સૌ કોઈને સ્પર્શી ગઈ. એ સમજી શકે એટલે મેં મારું એ દિવસનું પ્રવચન હિંદીમાં કર્યું.

૧૨ ડિસેમ્બર, રવિવારે એસેવીલ વિસ્તારના કેન્દ્રમાં મારું દક્ષિણેશ્વરના અનુભવો વિશે પ્રવચન થયું. જનતાએ એનો મોટી સંખ્યામાં લાભ લીધો. એસેવીલ વિસ્તારના કેન્દ્રનો હૉલ વિશાળ છે અને એમાં સામેના

સ્ટેજ પર રામકૃષ્ણદેવની સુંદર સુખાસનસ્થ પ્રતિમા દેખાય છે. પ્રત્યેક રવિવારે સાંજે ત્યાં વિશિષ્ટ કાર્યક્રમ યોજાય છે. એ કેન્દ્ર અસાધારણ સફળતાપૂર્વક સુંદર રીતે કાર્ય કરી રહ્યું છે. તેનો યશ મુખ્યત્વે સ્વામી શિવપાદાનંદના ફાળે જાય છે. એ એનું સંચાલન ખૂબ જ કુશળતાપૂર્વક કરી રહ્યા છે.

પેલા રામકૃષ્ણ કેન્દ્રમાં કાર્ય કરતા બ્રહ્મચારીને હવે સંન્યાસની દીક્ષા અપાઈ ચૂકેલી અને એમનું નામ સ્વામી શારદાનંદ રખાયેલું. અમે એમને એમના અભિનવ સ્વેચ્છાએ સ્વીકારેલા સંન્યાસજીવનની સફળતા ઈચ્છી, ઉત્તરોત્તર ઉત્તમ આધ્યાત્મિક પ્રગતિ માટે મંગલ કામના કરી. એક સંન્યાસજીવનમાં પ્રવેશેલા પુરુષને માટે બીજી કઈ કામના કરવાની હોય ? સંન્યાસ હોય છે જ ઉત્તરોત્તર આધ્યાત્મિક અભ્યુત્થાન માટે અને અન્યને પોતાની આગવી રીતે ઉપયોગી થવા કાજે.

* * *

## ૫. ડરબનનાં દર્શનીય સ્થળો

**સંગમ**

સમુદ્ર અને સરિતાનો સંગમ. એ શબ્દપ્રયોગ જ કેટલો બધો આનંદદાયક, અવનવો, અનેરો છે ! એની વ્યંજના અવર્ણનીય છે. સમુદ્ર અને સરિતાના સંગમનાં સ્થળો દર્શનીય હોવા છતાં અતિશય વિરલ ગણાય. ભારતમાં સોમનાથના સુપ્રસિદ્ધ પવિત્ર તીર્થસ્થળમાં અને મદ્રાસના અડિયાર વિસ્તારમાં એમના સંગમનું સુભગ દિવ્ય દર્શન થઈ શકે છે, થયેલું. તે બાદ વરસો પછી ભારતની બહારના સાઉથ આફ્રિકાના ડરબન નગરમાં એવું સંગમદર્શન થઈ શક્યું. હિંદી મહાસાગર અને અંગેની (Umgeni/Mngeni) નદીના સરસ સંગમનું દર્શન. હા, નદીનું નામ અંગેની અને સાગર હિંદી મહાસાગર. ભારતમાં જે મહાસાગર છે તે જ અહીં દૂર દક્ષિણ આફ્રિકામાં દેખાય છે. એનું નામ સૂચવે છે કે જ્યાંજ્યાં એ મહાસાગર ગયો હશે ત્યાંત્યાં હિંદની સંસ્કૃતિને અને એના સંદેશવાહકોને લેતો ગયો હશે; એથી એનો વિસ્તાર વિરાટ હશે.

ડરબનમાં જે સમુદ્રતટ છે તે અત્યંત વિશાળ, સુવિશાળ, માઈલો સુધી પથરાયેલો છે. એની આકર્ષકતા અને આહ્લાદક્તા અપાર છે. સમુદ્રતટ પરના સુદીર્ઘ વિસ્તારમાં સવારે ને બપોરે સૂર્યપ્રકાશમાં અસંખ્ય માનવો એકઠા થયેલા દેખાય છે. મોટા ભાગનાં સ્ત્રીપુરુષો ચડ્ડી તથા બૉડીસ અને જાંઘિયા પહેરીને જ સૂર્યપ્રકાશમાં તાપતાં, ફરતાં, સ્નાન કરતાં કે સ્નાનની તૈયારી કરતાં હોય છે. એમની અંદર કોઈ પ્રકારની કૃત્રિમતા, ભીતિ કે શરમ નથી દેખાતી. પરંતુ નૈસર્ગિકતા તથા સહજતા દેખાય છે. ભારતમાં એવી નૈસર્ગિકતા કે સ્વાભાવિકતા ભાગ્યે જ જોવા મળે. જોવા મળે તો પણ આટલા બધા પ્રમાણમાં, ડગલે ને પગલે ના જોવા મળે.

સમુદ્ર પોતાના સમસ્ત સૌન્દર્યને, માધુર્યને, વૈભવને, ખોલીને દૂરસુદૂરથી સ્નેહના સ્વર્ગીય સંદેશાને સંભળાવતી આવતી સરિતાનું સ્વાગત કરવા, એને પોતાના અનુરાગમય આત્મા સાથે એકરૂપ કરવા ઉત્સુકતાપૂર્વક અસંખ્ય ઉછાળા મારતાં આગળ વધે છે ત્યારે સ્નેહ અને સુરતાની, મધુરતાની કેવી કમનીય કળાત્મક કવિતા સર્જાય છે ! દર્શકો એ દૈવી દૃશ્યને દેખીને મુગ્ધ બને છે. કુદરતી સૌંદર્યના રસિયાઓ ચાંદની રાતે એ સુંદર સ્થળની ખાસ મુલાકાત લેતા હોય છે. ત્યારે એનો આસ્વાદ લેતી ચાંદની સંગમના પ્રેમાંકિત પ્રેમપરિપ્લાવિત પાણી પર ફરી વળે છે. પરંતુ સાથે સાથે એવા માનવો પણ જોવા મળે છે જેમણે સમુદ્રમાં માછલાંઓ પકડવા માટે જાળ પાથરી હોય છે. એમના અંતરને આસપાસનું સૌન્દર્ય કોઈ વિશેષ અસર નથી પહોંચાડતું. આપણી આજુબાજુ કાંઈ એક પ્રકારના માનવો થોડા જ હોય છે ? કોઈની અંદર કુદરતી સૌન્દર્યને સમજવાની અને માણવાની વૃત્તિ હોય છે તો કોઈની અંદર નથી પણ હોતી. ડરબનના વિશાળ, અતિ વિશાળ સમુદ્રતટ પર સ્નાનની સગવડ કરવામાં આવી છે. પરંતુ અંગ્રેજો, આફ્રિકનો, ભારતીયોને માટે જુદીજુદી જગ્યાઓ નક્કી કરવામાં આવી છે.

*

**માછલીઘર, મિની ટાઉન, જાપાનીઝ ગાર્ડન**

ડરબનમાં મોટું માછલીઘર આવેલું છે. અમે સમુદ્રતટ પરના એ વિશાળ વ્યવસ્થિત માછલીઘરને જોવા ગયાં. ત્યાં વિશાળ કદની માછલીઓને અને સમુદ્રમાં વસતા સી નામના કાળા રંગના સુંવાળી ચામડીવાળા કૂતરાને મળતા પ્રાણીને તાલીમ આપીને જુદાજુદા પ્રયોગો કરાવવામાં આવે છે. એમના અનેકવિધ પ્રયોગો અમે નિહાળ્યા. મૂંગાં પ્રાણીઓને પણ જ્યારે સંભાળપૂર્વક તાલીમ આપવામાં આવે છે ત્યારે તે કેવાં હેરત પમાડે તેવાં કાર્યો કરે છે તેનો ખ્યાલ આવ્યો. જે માનવો માછલાંને, કૂતરાંને, વાંદરાને ને રીંછને કેળવીને ગણતરીપૂર્વક કામ કરાવે છે તે માનવો પોતાના મનને નથી કેળવતા તથા કેળવવાનો રસ નથી લેતા એ આશ્ચર્ય પણ કાંઈ ઓછું છે ? પોતાને સુચારુરૂપે કેળવીને કેવી શાંતિ મેળવી શકાય છે અને સંસિદ્ધિનાં કેવાં શિખરોને સર કરાય છે તેનો ખ્યાલ મહામાનવોના જીવનના ઈતિહાસોને વાંચવા-વિચારવાથી મળી રહે છે.

મિની ટાઉન આધુનિક અને આદર્શ ટાઉન. એની રચના પરથી આદર્શ નગર કેવું હોય તેનો ખ્યાલ આવે છે. એના સિટી હૉલના મકાનનું ઉદ્‌ઘાટન ડરબનના મેયર દ્વારા થોડા દિવસ પછી થવાનું હતું. તે માટેની જાહેરાત પણ ત્યાં સરસ આકર્ષક રીતે મૂકવામાં આવેલી. એને અવલોકીને અમે અનુમાન કર્યું કે મેયર જેવા મોટા નામાંકિત પદાધિકારી પણ આવાં કાર્યોમાં કેટલો બધો સક્રિય રસ લે છે !

ડરબનમાં જાપાનીઝ ગાર્ડનનું સ્થળ પણ ખાસ જોવા જેવું લાગ્યું. જાહેર ઉદ્યાનનું એ સ્થળ ખૂબ જ વિશાળ છે. એની સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવી છે. એની શાંતિ અંતરને સ્પર્શી જાય એવી, અવર્ણનીય. એ વિશાળ શાંત આહ્‌લાદક ઉદ્યાનમાં એક સુંદર સરોવર. એમાં બતક જેવાં પક્ષી તરે. એ અમારી દિશામાં અમારું સ્વાગત કરવા આવ્યાં. પંખી કેટલાં બધા પ્રેમાળ હોય છે ! એમને કોઈ ભેદભાવ નથી નડતા.

ઉદ્યાનમાંથી બહાર નીકળતી વખતે એક ચોકીદાર કે માળીનો મેળાપ થયો. અમને દેખીને એને આનંદ થયો. દક્ષિણ ભારતમાંથી વરસો પહેલાં એનાં માતાપિતાં આવેલાં. એને ભારત પ્રત્યે પ્રેમ હતો. ભારતને નિહાળવાની ભાવના હતી. એણે જણાવ્યું કે હું હિંદુ છું. મારા ધર્મને છોડવા નથી માગતો. હું તેને શા માટે છોડું ? હું દારૂ નથી પીતો, માંસ નથી ખાતો, સાઉથ આફ્રિકામાં તમારા શુભાગમન વિશે મેં વર્તમાનપત્રમાં વાંચેલું. તમને મળીને આનંદ થયો.

અમે એને અભિનંદન આપ્યાં.

ઉદ્યાનમાં પણ રંગભેદ પ્રમાણે ફરવાના ને બેસવાના વિભાગો જુદાજુદા દેખાયા.

*

**ફિનિક્સ આશ્રમ**

સાઉથ આફ્રિકા સાથે મહાત્મા ગાંધીજીનું નામ સંકળાયેલું છે તેની માહિતી મહાત્મા ગાંધીજીના જીવનને જાણનારને સારી પેઠે છે. દક્ષિણ આફ્રિકામાં કરાયેલું તેમનું સેવાકાર્ય ભારતમાં સારી પેઠે પ્રશંસા પામેલું. ભારતના વિરાટ સેવાકાર્યની પાછળ તેમની દક્ષિણ આફ્રિકાના જાહેર સેવાકાર્યની મૂડી તથા પ્રેરણા રહેલાં.

ડરબનમાં રહેતા હોઈએ ત્યારે એમણે સ્થાપેલા ફિનિક્સ આશ્રમને અવલોકવાની ઈચ્છા થાય એ છેક જ સ્વાભાવિક ગણાય. અમે એની મુલાકાત લીધી તે પહેલાં જ કહેવામાં આવેલું કે મહાત્મા ગાંધીજી રહેતા

ત્યારની વાત જુદી હતી. પરંતુ હાલની પરિસ્થિતિ સંતોષકારક નથી. વર્તમાનકાળમાં ત્યાં કોઈ વિશેષ સેવાપ્રવૃત્તિ ચાલતી નથી. અમે એની મુલાકાત લીધી ત્યારે જણાયું પણ એવું જ. ગાંધીજીના પવિત્ર સ્મારક સરખા એ મકાનની અવસ્થા એકંદરે સારી હોવા છતાં એમાં કોઈ સક્રિય કાર્યક્રમનું ચિહ્ન નથી દેખાતું. ના દેખાયું. દીવાલો પર ગાંધીજીનાં જુદાંજુદાં ચિત્રો અને ચિરસ્મરણીય સુંદર સારગર્ભિત સોનેરી સુવાક્યો. અંદર એક નાનીસરખી લાઈબ્રેરી. એમાં અમારા અસાધારણ આશ્ચર્ય અને આનંદ વચ્ચે મારું ગાંધીશતાબ્દી નિમિત્તે પ્રકાશિત થયેલું કવિતાપુસ્તક 'ગાંધીગૌરવ' રાખવામાં આવેલું. એનો અર્થ એ કે, મારા ફિનિક્સ આશ્રમના સ્થૂળ શરીરપ્રવેશ પહેલાં હું અક્ષરદેહે અંજલિ આપવા ત્યાં પહોંચી ગયેલો.

ફિનિક્સ આશ્રમમાં એક એવી કન્યા જોવા મળી જેના પિતાએ ગાંધીજી સાથે એમના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના દિવસો દરમિયાન કાર્ય કરેલું. પોતાના આફ્રિકાવાસી પિતાના એ સેવાકાર્ય માટે કન્યાને ગૌરવ હતું. એને થોડુંક અંગ્રેજી આવડતું હોવાથી એની સાથે સાધારણ સરખી વાતચીત કરી શકાઈ. ગાંધીજીનાં પુત્રવધૂ સુશીલાબહેન ગાંધીનો મેળાપ ડરબનના મારા એક પ્રવચન પછી થયો. તે ખૂબ નમ્ર, માયાળુ, મિલનસાર લાગ્યાં. એમના ગાંધીજી સાથેના સ્વાનુભાવોને સાંભળવા માટે 'મા' સર્વેશ્વરીએ પાછળથી એમની ખાસ મુલાકાત લીધી. એ સુપ્રસિદ્ધ ગાંધીભક્ત અને વિચારક કિશોરલાલ મશરૂવાળાનાં સુપુત્રી હતાં એ વિશેષ ઉલ્લેખનીય છે. 'મા' સર્વેશ્વરીને એમના શ્રીમુખે ગાંધીજીનાં વિવિધ સંસ્મરણોને સાંભળવામાં ખૂબ જ આનંદ આવ્યો. દક્ષિણ આફ્રિકાની ધરતી પર એમના જેવાં ગાંધીભક્ત, ગાંધીપ્રેમી અને ગાંધીકુટુંબના પ્રતિનિધિ સમાં સન્નારીને સાંભળવાની ઘટનાને કોઈ સાધારણ ઘટના ના કહી શકાય.

*

**દિવ્ય જીવનકેન્દ્ર**

ડરબનમાં દિવ્ય જીવન કેન્દ્ર પણ જોવા મળ્યું. ત્યાંના મુખ્ય ને મૂળ સંચાલક સ્વામી સહજાનંદ દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને હૃષિકેશના દિવ્ય જીવન સંઘના સંસ્થાપક સ્વામી શિવાનંદ દ્વારા દીક્ષિત થયેલા છે. વરસો પહેલાં તે ડરબનમાં શિક્ષકનું કાર્ય કરતા. દેખાવે થોડાક ગંભીર, ખૂબ જ ઓછું બોલનારા, પાતળા ને ઊંચા કદના, કફનીધારી, મુંડનવાળા, સ્વામી સહજાનંદ દિવ્ય જીવન સંઘની પ્રવૃત્તિને ખૂબ જ સરસ રીતે કુશળતાપૂર્વક સફળતા સહિત ચલાવીને વધારી રહ્યા છે એવું લાગ્યા વિના ના રહ્યું. સ્વામી શિવપાદાનંદ તથા સ્વામી સહજાનંદ બંને દક્ષિણ આફ્રિકામાં જન્મીને પોતપોતાની લાક્ષણિક રીતે ભારતથી દૂર રહીને ભારતીય સંસ્કૃતિના પ્રસારનું કલ્યાણકાર્ય કરી રહ્યા છે.

દિવ્યજીવન કેન્દ્રમાં મોટું પ્રેસ છે. ત્યાં મોટા પ્રમાણમાં પુસ્તકો છપાય છે. જનતા એનો લાભ લે છે. કેન્દ્રનું સ્થાન કુદરતી સૌંદર્યની વચ્ચે, અંગેની નદીની પાસે, રિઝર્વ હીલના એકાંત શાંત પ્રદેશમાં આવેલું છે. એ સ્થાનના સરસ વિશાળ પ્રાર્થના હૉલમાં મારું થયેલું અંગ્રેજી પ્રવચન સ્વામીજીને અને કેન્દ્રના કાર્યકર્તા નાયડુને ખૂબ જ પસંદ પડવાથી બીજા દિવસે એમણે બીજા પ્રવચન માટે માગણી કરી. એ માગણીના અનુસંધાનમાં બીજા દિવસે એમણે સૂચવેલા 'ગુરુમહિમા' વિષય પર મારું પ્રવચન થયું. પ્રવચન સૌને ગમ્યું. ત્યાંના મંત્રીમહોદયે જાહેરમાં જણાવ્યું કે, 'આજના પ્રવચનના શ્રવણથી કેટલીય શંકાઓનું સમાધાન થયું ને કેટલુંય નવું જાણવાનું મળ્યું.' સ્વામી સહજાનંદે સૌને જણાવ્યું કે, 'આજનું પ્રવચન અત્યાર સુધીનાં અહીં

થયેલા પ્રવચનોમાં સર્વશ્રેષ્ઠ હતું. એ સરસ પ્રવચનને સાંભળીને મારું હૈયું હાલી ઊઠ્યું છે. એના શ્રવણથી સૌને ખૂબ જ લાભ પહોંચ્યો છે.'

એમણે અમને કેન્દ્રમાં અનુકૂળ સમયે દસેક દિવસ માટે રહેવાનું આમંત્રણ આપ્યું. એ ઉપરાંત ડરબનની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન યોજવાની ભલામણ કરી. વળી પચાસ રેન્ડનો એક ચેક આપ્યો. મેં તેને લેવાની ના પાડી એટલે એમણે એનો ઉપયોગ ગરીબોની સેવા માટે કરવાની સૂચના કરી. એમની સૂચનાને અનુસરીને અમે એ ચેક પુનિત સેવા મંડળને આપી દીધો. અન્યને સન્માનવાની દિવ્ય જીવન સંઘના સ્થાપક સ્વનામધન્ય સ્વામી શિવાનંદે પ્રારંભેલી અને પુષ્ટ કરેલી પ્રણાલીનું પાલન સ્વામી સહજાનંદ જેવા સત્પુરુષ કરી રહ્યા છે એ જોઈને અમને અત્યાધિક આનંદ થયો.

*

**હરે કૃષ્ણ મંદિર**

ભારતથી ભારતની બહારના દરિયાપારના દેશોમાં ધર્મપ્રચાર કરવા માટે પહોંચેલા પ્રભુપાદ સ્વામીએ એમના જ્યોતિર્મય જીવનનાં છેલ્લા બારેક વર્ષ દરમિયાન કરેલું કાર્ય સરસ અને ઐતિહાસિક કહેવાય તેવું છે. એ કાર્યના પવિત્ર પરિણામનું દર્શન ભારતમાં અને ભારત બહાર સહેલાઈથી ને સુચારુરૂપે થઈ શકે છે. સાઉથ આફ્રિકાની ધરતી પણ એ કાર્યની અસરમાંથી મુક્ત રહી શકી નથી. ડરબનથી થોડેક દૂર કોઈ શ્રદ્ધાભક્તિ સંપન્ન હૃદયના ભક્તે અર્પેલી વિશાળ ભૂમિમાં મંદિર, નિવાસસ્થાન, અતિથિગૃહ અને ગૌશાળાની રચના થઈ છે. ત્યાંની ગાયો વિશિષ્ટ પ્રકારની દેખાઈ. હરે કૃષ્ણ મંદિરના એ સુંદર શાંત સ્થાનના કાર્યકર્તાઓ ખૂબ જ ઉત્સાહી, નમ્ર, સેવાભાવી અને ધગશવાળા લાગ્યા.

* * *

## ૬. ડરબનની બહાર

ડરબન શહેરની અંદરના પ્રવચન કાર્યક્રમોનો પ્રથમ તબક્કો સફળતાપૂર્વક સારી પેઠે પરિસમાપ્તિ પર પહોંચ્યો. એ દરમિયાન ત્રણથી ચાર વાર રેડિયા પર વ્યક્તિગત મુલાકાતના તથા વાર્તાલાપના કાર્યક્રમો લેવામાં આવ્યા અને બે વાર વર્તમાનપત્રોના પ્રતિનિધિઓએ આવીને એમનાં વર્તમાનપત્રોને માટે મુલાકાત લેખોને પ્રકાશિત કર્યા. રેડિયા વિભાગમાં મળેલા કર્મચારીઓનો અને વર્તમાનપત્રોના પ્રતિનિધિઓનો ઉત્સાહ અને સેવાભાવ અમને ખૂબ જ પ્રશસ્ય, અસાધારણ અને આવકારદાયક લાગ્યાં. એમની દૃષ્ટિ અનોખી જણાઈ. અમારે એમની સાથે કોઈ પ્રકારની વિશેષ ઓળખાણ કે લાગવગ ના હોવા છતાં, એમને અમારા સંબંધી થોડીઘણી માહિતી મળતાં જ, પોતાના દેશવાસીઓને કશુંક ઉપયોગી પ્રદાન કરવાની એકમાત્ર દૃષ્ટિથી પ્રેરાઈને, એમણે અમારો કાર્યક્રમ ગોઠવ્યો. દેશના જાહેર સેવા વિભાગોમાં એ પ્રકારની ગુણજ્ઞભાવના અને અન્યને પોતાના ક્ષેત્ર દ્વારા પોતાની મર્યાદામાં રહીને ઉપયોગી થવાની તત્પરતા હોય એ ખરેખર ઈચ્છવા જેવું છે. વર્તમાનપત્રોના સેવાભાવી ઉત્સાહી પ્રતિનિધિએ અમારી મુલાકાત તો લીધી પરંતુ પ્રેસ તરફથી ખાસ ફોટોગ્રાફર બોલાવીને એ અવસર પર અમારા ફોટા પણ લીધા એ ખાસ નોંધવા જેવું છે. એક અધ્યાત્મમાર્ગમાં રુચિ રાખનારા ભારતીય મુલાકાતી પ્રત્યેનો એવો પ્રતિભાવ આશ્ચર્યકારક અથવા અસામાન્ય મનાય. ભારતમાં વરસો સુધી વસવા છતાં પણ જે વસ્તુ નહોતી થઈ તે વસ્તુ દક્ષિણ આફ્રિકાના પ્રવેશના ગણતરીના દિવસો દરમિયાન જ થઈ ગઈ. રેડિયો પરથી અને વર્તમાનપત્રોમાં કશું પણ લીધા વગર મારા પ્રવચનોની જાહેરાત પણ અપાઈ ગઈ.

એ વર્તમાનપત્રોના મુલાકાતોના અહેવાલો આ પ્રમાણે હતા :

**THE LEADER** **DECEMBER 03, 1982**

**A MAHATMA ON VISIT TO SOUTH AFRICA**
**- By Trevor Harris**

"IF I can't provide something to the society for the bread it gives me, I am a thief." - So says Mahatma Yogeshwarji Maharaj who renounced worldly pleasures at the age of 19, has written more than 80 books in three languages on Indian religion, and who sees part of his role as being to guide India in the social, spiritual and political fields.

He is presently in this country on what he describes as his "South African Pilgrimage" and this will be incorporated into a book he is writing. Mahatma Yogeshwarji also began work on another book since he arrived in Durban a fortnight ago - a Gujarati translation of the Mahabharata.

Intensely nationalistic in outlook - "I am a lover of India", he proclaims. His work has extended beyond the narrow concept of religious work.

PRAYER POWER

"When India was struggling for independence we stayed in the Himalayas and prayed to the Almighty to guide our land to freedom," he says, stressing his firm belief in the power of prayer. His religion is also lived out in visible social action, through the building of a school in the Himalayas and by

providing medicines and money to the poor. Several politicians too, came to him and his colleagues for guidance. But, he adds, many are too arrogant to take the advice.

India's saints should lead India in the social, political and spiritual spheres, he says. “If we just inspire and guide we serve the country."

"We have no political ambitions for positions, still, we have a love for our motherland and we know, and can show the way." He hopes to unite India not in the name of language or race but in the name of the betterment of the nation."

COMMON CAUSE

"We must serve the motherland. If we lay the emphasis on this then people will be united. The common cause must be there and that is the betterment and upliftment of the masses."

Mahatma Yogeshwarji said: "We are not political leaders, we don't want to be. We are saints and the duty of saints is to denote the path. Our role is that of saints not politicians and we must speak and write the truth."

Doing this has not always been easy, Religious leaders have been harassed and imprisoned and many have been too afraid to speak out.

The Mahatma himself has not had any such experience, though. During the emergency three years ago, he addressed meetings and stated that he thought the policy was not right.

"I said that there should be a round table conference to hear what all sides had to say. That is our role."

On the social level he says, there should not be any sort of differences. All should have equal opportunities to progress, in the political, educational, commercial and other spheres. There should be no discrimination on the grounds of race, color and creeds or religion and the same policy should apply to all. "We say there must be social equality."

His South African pilgrimage, he says, is not so much to learn as to "behold" and during his two weeks in Durban he has traveled around, and given lectures on yoga, Indian culture, and peace and tranquility.

He has already picked up a few words of Zulu.

The Mahatma briefly visited the Phoenix Settlement started by Mahatma Gandhi, and described the place as "humming with no activity." It was a solitary place and had no outstanding personality there," he added.

But, he enjoyed meeting Mrs. Sushilaben Gandhi there, and noted that a book he had written on Gandhi was at the Settlement library. He said that despite Gandhi's activities here, this country still had discrimination, and perhaps "many Gandhis are needed."

IN CONSCIENCE

"The soul of Gandhi is still working in the conscience of the African people," he said, having enquired whether Black people in South Africa were working for their freedom. Mahatma Yogeshwarji

Maharaj felt that the inclination to devote himself to spiritual work at the age of 14 believing that he was being called upon to serve "mankind and lead a saintly life."

At the age of 19 he renounced everything and went to the Himalaya Mountains where he spent the next 20 years. He spent 15 years doing strict penance to attain bliss. Such discipline, he admitted, had not been easy, but he succeeded.

He is greatly optimistic about the younger people in India who are very interested in the speeches he delivers at colleges across the country. "They are interested because I love them, and because I am there as a lover of India and not as a religious teacher," he said.

* * *

**SUNDAY TIMES** **DECEMBER 19, 1982**

### Author of 80 Books visits South Africa

# Swami's Seven Sleepless Years

**-By Kenny Naidoo**

WHEN he was only 14 years old and still at school, Hindu sage and philosopher Saint Mahatma Shri Yogeshwarji Maharaj became interested in, yoga and meditation.

Five years later he dropped out of university and, inspired by the written works of great Indian sages, he began his quest for self realization by living as a hermit in a remote Indian forest.

**HERMIT YEARS IN A FOREST AND THE MOUNTAINS**

Shri Yogeshwarji spent seven years living as a hermit in Devprayag Forest meditating and practicing yoga – without once going to sleep.

Shri Yogeshwarji, 62, arrived in Durban last month to begin the first leg of a South African lecture tour. This week he spoke of his life in the forest and of the more than 30 years he spent at an Ashram high up in the remote Himalaya Mountains.

"I went to the forest in order to educate myself further in the spiritual field” 'the sage, who speaks fluent English, said.

'I did not sleep for seven years. I spent 18 hours a day in meditation and, every day at noon I would spend about a half hour relaxing -but only relaxing, not slumbering. Such was my thirst and enthusiasm for self-realization that sleep disappeared automatically."

In the years spent in the forest, the sage rarely saw other people. "The only people I saw were travelers who came to my hut to offer me food." After I left the forest, I went to live at an ashram (temple), high up in the Himalaya Mountains where I practiced meditation and observed strict silence for many years," he said.

"There were many wild animals in the mountains but one who has faith is not afraid. It was very peaceful up in the mountains, there was solitude everywhere."

Shri Yogeshwarji said he left his Himalayan ashram after he felt the need to serve humanity. "I finally realized the Self after so many years of spiritual austerity so I decided to serve humanity."

"In India I travel to many universities and lecture to the students. I talk with them about character building, national outlook and service to humanity."

"My lectures are not merely on religious scriptures although most of it is based on religion."

"I lecture on Indian philosophy to the people who need spirituality. I lecture for the common people, irrespective of creed, sect, or race."

**INSPIRED**

Apart from lecturing at Indian university campuses, Shri Yogeshwarji has been on several lecture tours to the United States, Canada, Britain and Zambia.

Shri Yogeshwarji said he was greatly inspired by Mahatma Gandhi who he met at Birla House in Bombay in 1940.

"I was highly impressed by him. What struck me most at first appearance was how simple, humble and straightforward he was. He had sympathy for all and a special sympathy for the poor and his heart burned for the miserable people,"

Shri Yogeshwarji has written 80 books, many of them translations of Hindu religious works. He has also written special commentaries on Hindu religious scriptures.

"Most of our ancient Indian scriptures are written in Sanskrit and many people in India, especially the youngsters, do not read Sanskrit. So I decided to translate books from Sanskrit into Gujarati.

"About 10 to 15 years from now, most people in India will not know Sanskrit because the trend in education nowadays is not to teach it. Sanskrit should not be neglected."

Shri Yogeshwarji began his latest translation of the Mahabharata- when he arrived in South Africa last month. He spends five hours a day on the book, written in longhand and expects to take two years to complete the work.

"I do not merely translate the book; I use old text and give it a modern interpretation. I take the modern man's view when writing; as the problems mentioned in the ancient books have changed since they were written."

He is also busy on a book about his South African visit which will be published when he returns to India.

"I have also written a book of poetic prose in two volumes. It's called "Tunes unto the Infinite" he said.

Accompanying the sage on his South African tour is his long-time devotee and companion Shri Sarveshwari Mata. The former school head mistress, who holds two university degrees, travels with the sage on all his tours. She composes and recites bhajans (devotional songs) and has recently published a booklet of 51 bhajans in Gujarati.

This is the sage’s first visit to South Africa and he is very impressed with the country.

"I like the land very much, taking into account the cleanliness, the beauty of the nature and the vast oceans. It is very picturesque. Yes, we would like to return if we are invited again.

"Someone in Bombay asked us:' why do you visit South Africa? We have no sound ties with them and there is some sort of racial discrimination."

I replied that whatever we visit, we talk about spiritual welfare and the betterment of the masses. Where there is disease, the doctor is near. "People want peace everywhere, light and guidance. The spiritual doctor has to be there, so we will visit."

"We have faith in the fundamental nobility of all people" he said.

* * *

**LENESIA TIMES** **January, 1983**

## THE QUEST FOR INNER PEACE

A HINDU hermit from the Himalayas has come out of the tiger and cobra ridden jungles of India to counsel materially-corrupt urbanized man why he is today facing worldwide violence, misery, crime and impending annihilation.

Mahatma Yogeshwarji (62) who studied the "self Enquiry" (Vichara) Path of the Great Sage Ramana Maharishi paid a visit to South Africa this month to deliver a series of talks on attaining inner spiritual peace and bliss in a rat-race world of ruthless ambitions and corrupt materialism.

"One need not flee to the jungles and mountains to find inner bliss." The mahatma said in an interview in Lenesia. "One needs to flee from one's own ignorance out of which arises all error and evil."

"We need to divorce ourself from false and transient values such as material possessions which serve no good and lasting purpose. We need to flee from lust, greed, ambition, anger, envy, jealousy, hatred and attachment to immoral and evil passions." Mahatma Yogeshwarji said.

He said man was forever desiring material possessions and false love. He ran after these things and once he possessed such, became a slave to them. Man's troubles began when he became attached to these fleeting non-lasting things, because when he lost them (be it love, money, clothing, cars and other property), his whole world crumbled around him and he was plunged into misery and grief.

The saints and sages of India were blissfully happy eternally because unlike ordinary, ignorant man, they rose above false values and instead sought the *lasting* values that came from meditation and contemplation of God and through selfless service to humanity without seeking recognition and rewards. This, he said, was true Bhakti (devotional) Yoga.

Mahatma Yogeshwarji said crime, violence, wars, epidemics and other evils were the *results* of evil and base passions which were being cultivated in sptritually bankrupt men who were out of touch with God, the Lord of the Universe. Such men were the prisoners of *ignorance*, the cause of all suffering.

People who practiced yoga meditations daily and studied the scriptures such as the Vedas and other revealed teachings of saints, sages and prophets, would became free of the evils of the lower nature in man which flourished in the darkness of ignorance, he said.

The great sage Ramana Maharishi who passed on much of this wisdom and light to Mahatma Yogeshwarji, died in April 1950 in Tiruvanmalai, South India. Mahatmaji translated a number of Maharishi's book into Gujarati. He has also written 80 books himself. Several of the Maharishi's works have also been translated into English by his European disciples of past like Paul Brunton, Arthur Obsorne and Muni Sadhu.

Mahatma Yogeshwarji said he did not belong to any particular paths sect. He saw good in all enlightened spiritual paths including the mystical path of the Sufi saints of Islam.

He said he has been living in the Himalaya mountains and jungles for 10 years. He leaves this retreat when he has to travel around the world on his lecture tours. "I speak on the Gita, Vedas, Bible, Koran and any other revealed scriptures." He said.

.

FOOT NOTE:

Paul Brunton's world famous books: 'A Search in Secret India' and the 'Secret Path' etc, as well as other books on the sage Ramana Maharishi are available.



* * *

## ૭. ડન્ડી, જોહાનિસબર્ગ

ડરબન અને એની બહારનો સાઉથ આફ્રિકાનો પ્રદેશ ખૂબ જ રળિયામણો છે.

એ પ્રદેશનું સૌંદર્ય અનુપમ છે. જ્યાં સમુદ્ર નથી ત્યાં પણ સર્વત્ર વિશાળ લીલાંછમ મેદાનો, વૃક્ષો તથા પર્વતમાળાઓ જોવા મળે છે ને મનને મુગ્ધ કરે છે. કુદરતે ત્યાં સર્વત્ર છૂટે હાથે સુંદરતા તથા મધુરતાને વેરેલી છે એવું કહેવામાં અતિશયોક્તિ નથી લાગતી.

ડરબનની બહારનાં શહેરોમાં પીટરમેરીટ્ઝબર્ગ (Pietermartizburg) અને ડન્ડી (Dundee) માં પ્રવચનાર્થે જવાનું થયું.

ડન્ડી શહેર પ્રમાણમાં નાનું હોવા છતાં સ્વચ્છ અને સુંદર છે.

ત્યાં ગુજરાતી કુટુંબોની વસતિ ઘણી ઓછી હોવા છતાં એ કુટુંબો એકંદરે સમૃદ્ધ, સુખી, સ્નેહાળ અને સંપથી રહેનારાં છે. એમનો ધર્મપ્રેમ પણ સારો છે.

જે ઘરમાં અમારો ઉતારો હતો તે ઘરનાં દંપતીમાંથી રામકૃષ્ણદેવના શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્ત તરીકે જેમનું નામ ખૂબ જ આદરપૂર્વક લેવાતું તે સદધર્મપરાયણ સત્પુરુષ ભારતમાં ગયેલા, પરંતુ તેમનાં પત્ની ઝવેરબહેને અમારી સેવા સારી રીતે કરી.

એમનો સ્વભાવ અજબ હતો. અમારા એમને ત્યાંના નિવાસ દરમિયાન એમના કોઈક કુટુંબીજન એમને ત્યાં સહકુટુંબ રહેવા આવવાના હતા. એમણે એમની રહેવાની વ્યવસ્થા બીજે ઠેકાણે કરી અને જણાવ્યું કે મારે ત્યાં સંતપુરુષ ઊતર્યા હોવાથી એમને કશી અગવડ ના પડવી જોઈએ. મેં કહ્યું કે અમને કશી અગવડ નહીં પડે, અને મકાન મોટું તથા સંપૂર્ણ સગવડવાળું હોવાથી એમનો સમાવેશ થઈ શકશે, તો પણ એ એમની વિચારસરણીમાં મક્કમ રહ્યાં અને કહેવા લાગ્યાં કે, તમે આ મકાનમાં શાતિથી એકલા રહો તે જ બરાબર છે. એ તો સંસારી છે એટલે સંસારીજનો સાથે સારી રીતે સુખપૂર્વક રહી શકશે. એમને ત્યાં કશી તકલીફ નથી પડવાની. તમારે એકાંત જોઈએ.

એમની ભાવના અદ્દભૂત અને અવિસ્મરણીય હતી. આજે પણ નથી વીસરી શકાઈ.

એ શહેરમાં એક સરસ સુવિશાળ તળાવ હતું. તેમાં ખૂબ જ ઓછું પાણી હતું. એ વરસે દક્ષિણ આફ્રિકામાં સર્વત્ર વરસાદની અછત હોવાથી સરકાર અને પ્રજા બંનેને ચિંતા હતી. વરસાદ પડે જ નહીં અને આવશ્યકતા કરતાં ઓછો પડે તો દુષ્કાળની પરિસ્થિતિ પેદા થાય એવી સંભાવના લાગવાથી સરકારે દેશવાસીઓને વરસાદ માટે પ્રાર્થના કરવાની વિનંતી કરેલી. એને લક્ષમાં લઈને પ્રજાએ સર્વત્ર પ્રાર્થના કરેલી. એ જાણીને મને થયું કે પ્રાર્થનાનું મહત્વ સઘળા સ્વીકારે છે, અને એ પ્રાર્થના ઈશ્વરને કરવાની હોય એટલે ઈશ્વરના અસ્તિત્વમાં પણ વિશ્વાસ રાખે જ છે. રાખે જ.

વરસાદને માટેની ઉત્સુકતા જનતામાં એટલી બધી દેખાતી કે કેટલાંક શહેરોમાંથી અમને આમંત્રણો અપાતાં ત્યારે મંડળના મંત્રીને કે કાર્યકર્તાને કહેવામાં આવતું કે યોગેશ્વરજીને અમારે ત્યાં અવશ્ય મોકલજો, પરંતુ અમારે વરસાદની ખાસ આવશ્યકતા હોવાથી એમને કહેજો કે વરસાદ લેતા આવે.

વરસાદને લઈ જવાનું અમારા હાથમાં થોડું જ હતું ? અમે દક્ષિણ આફ્રિકામાં પ્રવેશ્યા ત્યારથી જ વરસાદ આવેલો. જ્યાં ગયા ત્યાં બધે વરસાદ વરસેલો. તો પણ વરસાદના સ્વામી તો ઈશ્વર હતા. અમે પણ એમને સૌની સાથે વરસાદ માટે પ્રાર્થના કરી.

*

ડન્ડીથી લેડી સ્મિથ, ઓસ્કોટ, ન્યૂ કાસલ.

ન્યૂ કાસલ રામકૃષ્ણ સેન્ટરનું કેન્દ્ર સારી રીતે કાર્ય કરતું દેખાયું.

કેન્દ્રમાં નાનો સરખો સરસ હૉલ, સ્ટેજ પર એક તરફ રામકૃષ્ણદેવની, વિવેકાનંદની ને શારદાદેવીની મૂર્તિઓ.

ત્યાં મારાં ત્રણેક પ્રવચન થયાં.

પ્રવચનોનો વિષય ધ્યાન અને નામસ્મરણનો હતો.

જનતાએ એમનો લાભ સારા પ્રમાણમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક લીધો.

એ પછી અમે દક્ષિણ આફ્રિકાના સુપ્રસિદ્ધ શહેર જોહાનિસબર્ગમાં પ્રવેશ્યા.

જોહાનિસબર્ગની ગણના દક્ષિણ આફ્રિકાના મોટા મહત્વના શહેર તરીકે કરવામાં આવે છે. એ શહેર કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ તો નોંધપાત્ર છે જ પરંતુ એની સાથેસાથે સોનાની, હીરાની અને કોલસાની ખાણો માટે પણ ઉલ્લેખનીય છે.

જોહાનિસબર્ગમાં અમારો ઉતારો મગનભાઈને ત્યાં રહેતો. તે ખૂબ જ સરળ, સેવાભાવી, મધુરભાષી તથા ભાવિક હતા. એમના ઘરના સઘળા સભ્યો ભાવિક હોવાથી અમને ત્યાં ઘર જેવું લાગ્યું. ' મા' સર્વેશ્વરી પણ સૌને પ્રિય થઈ પડ્યાં. એમના સરળ સ્નેહાળ સ્વભાવ અને સુમધુર સારવાહી ભાવપૂર્ણ ભજનરસપાનને અનુભવીને સૌ એમની પ્રત્યે આત્મીયતા અનુભવવા માંડ્યા.

જોહાનિસબર્ગમાં ચાલતા સત્ય સાંઈ સેન્ટરના સ્થાપક તથા સંચાલક મિસ્ટર જેક્સન, મૂળ રોમન કેથલિક હતા પરંતુ પાછળથી સ્વેચ્છાએ હિંદુ ધર્મમાં દાખલ થયેલા. તે સારા વિદ્વાન, પરમ ભાવિક અને અસાધારણ વક્તા હતા. એમણે આગ્રહપૂર્વક માગણી કરીને સત્ય સાંઈ સેન્ટરના આશ્રયે મારાં થોડાંક પ્રવચનો ગોઠવ્યાં. એ પ્રવચનોનો જનતાએ સારો લાભ લીધો. પ્રવચનના પ્રથમ દિવસે મુખ્ય પ્રવેશદ્વારથી પ્રારંભીને ઠેઠ વ્યાસપીઠ સુધી એમણે અમારા સ્વાગત માટે પુષ્પો પાથરેલાં. અમારે એ પુષ્પ પરથી ચાલવાનું હતું. મને સુકોમળ પુલકિત પુષ્પો પરથી એવી રીતે પસાર થવાનું યોગ્ય ના લાગવાથી મેં એમની એક તરફની ખુલ્લી જમીન પરથી ચાલવા માંડ્યું. બીજા દિવસથી એમણે પુષ્પોને માર્ગની બંને બાજુએ રાખી પર્ણોની ઉપર દીપક મૂક્યા. એ સઘળું એમના સદ્ભાવનું સૂચક હતું. એમના સંસ્કારો ઘણા ઊંચા હતા. એમનો વિચાર કરીને મેં એમને જેક્સનને બદલે જ્યોતિર્ધર નામ પ્રદાન કર્યું. એ એમને ખૂબ જ ગમી ગયું.

એમનાં ધર્મપત્નીની ઈચ્છાથી એમને જ્યોતિ નામ આપવામાં આવ્યું.

જોહાનિસબર્ગમાં બીજી વાર જવાનું થયું ત્યારે જ્યોતિર્ધર એમની નવી લીધેલી મોટર સાથે અમને લેવા માટે આવેલા. એમનો ભક્તિભાવ અસાધારણ હતો. એમણે એરપૉર્ટ પરથી વિદાય થતી વખતે જણાવ્યું કે મોટરમાં પહેલાં મહારાજ બેસે તે પછી મારે એને વાપરવાની છે. મોટર મહારાજની છે, મારી નથી.

એમની સદ્‌ભાવનાને લીધે સત્ય સાઈ સેન્ટરમાં મારાં પ્રવચનો બીજી વાર પણ યોજાયાં.

એમણે સેન્ટરમાં ધ્યાનકેન્દ્ર પણ શરૂ કર્યું.

અમે માર્ચ, ૧૯૮૩ના ઉત્તરાર્ધમાં ભારતમાં જઈએ તે પછી તરત જ ભારતના પુણ્યપ્રવાસે આવવાનો વિચાર એમણે પ્રદર્શિત કર્યો. ભારતની ટિકિટ પણ મેળવી લીધી. પરંતુ ઈશ્વરનો વિચાર એમને બીજા જ પુણ્યપ્રવાસે, પોતાના પુણ્યપ્રવાસે લઈ જવાનો હતો. એને અનુસરીને એમણે એક દિવસ સૌની વિદાય લીધી. વિદાય જો કે આકસ્મિક છતાં પણ શાંતિપૂર્વકની. રાતે સત્ય સાંઈ સેન્ટરના કાર્યક્રમમાંથી ઘેર પાછા ફરીને જમ્યા, સૂતા; ત્યાં રાતે એકાદ વાગ્યે છાતીમાં ગભરામણ અને વેદના થઈ, અને થોડાક વખતમાં તો શરીર શાંત થયું.

એમની ભારતપ્રવાસની ઈચ્છા ઈશ્વરની ઈચ્છા ના હોવાથી અધૂરી રહી.

જેના અંતરઆત્માને વિશુદ્ધ જ્યોતિર્મય જીવન જીવવાને લીધે જીવતાં જ શાંતિ સાંપડી હોય તેને માટે મરણોત્તર શાંતિની કામના કે પ્રાર્થના કરવાની નથી રહેતી. છતાં પણ માનવતાની દૃષ્ટિએ શિષ્ટાચાર તરીકે એવી શાંતિ માટે પ્રાર્થના કરીએ તો તેમાં કશું ખોટું અથવા અનુચિત નથી.

જ્યોતિર્ધર પોતાના અને અન્ય અનેકના જીવનના જ્યોતિર્ધર હતા એમાં શંકા નથી.

જોહાનિસબર્ગમાં ભારતીય વિસ્તારમાં રહેતા ડૉક્ટર શશિકાન્તનો ઉલ્લેખ પણ કરવા જેવો છે. એમની સેવાભાવના અદ્‌ભુત હતી. એમની લાઈનમાં રહેનારાં ભારતીય કુટુંબોનો એ સેવાભાવથી પ્રેરાઈને મફત ઉપચાર કરતા. એમની સેવા માટે દિવસે કે રાતે ગમે ત્યારે તૈયાર રહેતા. એમની આધ્યાત્મિક અભિરુચિ પણ અસાધારણ હતી. એવા પુરુષો જાહેર જીવનના સેવાક્ષેત્રમાં ઘણા ઓછા પ્રમાણમાં જોવા મળતા હોય છે.

જેમને ત્યાં અમારો ઉતારો હતો તે મગનભાઈ વરસોથી જોહાનિસબર્ગમાં રહેતા, એમનો નમ્ર સરળ, સ્નેહાળ, સેવાભાવી સ્વભાવ ચિરસ્મરણીય હતો. એને લીધે અમે એમની સાથે આત્મીયતાને અનુભવવા લાગ્યાં. અમને એમના વિશાળ સર્વ સગવડવાળા ઘરમાં અજાણ્યું નહોતું લાગતું.

એમના પ્રેમ અને આગ્રહને લીધે અમારે એમને ત્યાં વારાફરતી ત્રણચાર વાર આવવાનું અને એમના અતિથિ તરીકે રહેવાનું બન્યું.

*

પરદેશમાં વસનારાં અને અમારા પ્રથમવારના થોડા દિવસોના પરિચયમાં આવનારા આત્માઓ પણ કેવા અદ્‌ભુત અવર્ણનીય ભાવોનો અનુભવ કરતા થઈ જાય છે તે જાણવા માટે ભારતમાં આવેલો ડૉક્ટર શશિકાંતનો આ પત્ર વાંચવા જેવો છે :

માર્શલ ટાઉન, સાઉથ આફ્રિકા,

તારીખ ૨૦-૫-૧૯૮૩

અમે તો આપને બંનેને દરરોજ વારંવાર યાદ કરીએ છીએ. પૂજ્ય 'મા' નું ભજન ' પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો' કંઠસ્થ થઈ ગયું હોવાથી રોજ સવારે સ્વાભાવિક રીતે જ ગવાઈ જાય છે.

મારે મન તો તમે બંને પરમાત્માનાં બે અલગ સ્વરૂપરૂપે છો. એક પુરુષના વેશમાં યોગેશ્વર તરીકે ફરે છે અને ઓળખાય છે. જેમ નામ સૂચવે છે તેમ ઈશ્વરની સાથે જોડાયેલા છે; જે ધર્મના પ્રચારાર્થે

મનુષ્યદેહે ફરે છે; જેના સાન્નિધ્યમાં પ્રભુના સિવાય બીજા વિચારો આવતા નથી; એ મારે મન ઈશ્વર સમાન જ છે. આ રૂપ અને આકારને સાંઈબાબાએ મહાત્મા કહ્યા. પરંતુ ભગવાને પોતે જ એમને યોગેશ્વરનું નામ આપ્યું. જેમને કોઈ ગુરુએ દીક્ષા આપીને સંન્યાસ આપ્યો નથી. અપૂર્ણ માણસ પૂર્ણ માનવીને કઈ રીતે દીક્ષા આપી શકે ? જે જન્મથી મુક્ત છે છતાં શરીર ધારણ કરેલું હોવાથી શરીરની મર્યાદાને આધીન રહીને સંસારમાં ફરે છે અને શરીરનાં સુખદુઃખને ભોગવે છે. એ જ રીતે 'મા' સર્વેશ્વરી પણ મુક્ત આત્મા છે. ભગવાને જ સર્વેશ્વરી નામ આપ્યું છે. ઈશ્વર જગદંબા રૂપે સર્વેશ્વરીના દેહમાં આ દુનિયામાં ફરે છે. આવા આત્માઓને અમે રોજ યાદ કરીએ એ સ્વાભાવિક જ છે, પરંતુ 'મા' સર્વેશ્વરી લખે છે તેમ તમે બંને અમને ઘણીવાર યાદ કરો છો એ અમારું અહોભાગ્ય જ કહેવાય.

'અધ્યાત્મ' નિયમિત મળે છે. એના માર્ચ અગાઉના અંકો સિલકમાં હોય ને મોકલશો તો આનંદમાં વૃદ્ધિ થશે. મહાત્માજીનું એકએક પુસ્તક મારા ઘરમાં હોય એવી ઈચ્છા છે. એટલે એની યાદી મોકલશો, જેથી બાકી રહેલાં પુસ્તકો માટે પૈસા મોકલવાની વ્યવસ્થા કરી શકું. પૂ.'મા' ના પ્રગટ થયેલાં પુસ્તકોનો સમાવેશ કરવાનું પણ ચૂકશો નહીં.

પ્રત્યુત્તરની પ્રસાદી મળશે તો મારી જાતને ધન્ય માનીશ.

લિ.

શશિભાઈના સાદર સપ્રેમ પ્રણામ.

*

ભારતની બહારના દેશોમાં એવા અલૌકિક આત્માઓ અનેક હોય છે. એમને એક અથવા બીજી રીતે મદદરૂપ થવા માટે એ દેશોમાં જવાનું બને છે એની પ્રતીતિ આવા પ્રેમપૂર્ણ પત્રો પરથી સહેલાઈથી શકે છે.

આના અનુસંધાનમાં ભાઈ શ્રી જ્યોતિર્ધરના પત્રોનો અને ઉદ્‌ગારોનો ઉલ્લેખ કરવા જેવો છે. આ રહ્યા એ પ્રાણવાન પત્રોના અને ઉદ્‌ગારોના સારભાગો :

* * *

To, Sri Mahatma Yogeshwar Maharaj,
My Dearly Beloved Mahatmaji, Mataji,

I write to you with sincere and loving appreciation of your most divine presence and life giving discourses which were not only stimulating, but 'Spiritual Medicine' for the 'Spiritually sick.' The beautiful voice of Mataji was balm to our souls. I motivated and started the Satya Sai Centre here on the 14th Jan, 1982 with 23 adults and 10 children. Due to hard loyal work and hunger for of spiritual conduct, the required disciplines gave weekly discourses to encourage devotion, duty and character, as it is so badly needed in our Spiritually starved society.

My Discourses were extractions of Satya Sai Education which stresse, Satya, Dharma, Prema, Shanti and Ahimsa. Today we have an attendance of 180 adults and 100 children. The highest attendance rate in the whole of South Africa in only one year.

As a leader of this group, it has been necessary for me to be straightforward and strict. Making sure that no deviations were allowed. The people have appreciated my frank nature so they have realized that changes have been evident in their behavior, leaving drinking, smoking, meat eating and all the evil

qualities which has been an obstruction in the Spiritual progress, bad for society. I enjoyed Mahatmaji's powerful discourse. It has now to be put into practice. As Satya Sai Baba has said, 'Practice must precede precept.' Please Mahatmaji, when you deliver a discourse on Sunday evening, please include the importance of loyalty. Many of our devotees have accepted responsibilities, but do not do their duties with love and affection. Duty without love is deplorable. They shy away from their commitments and make excuses to do God's work, attending Bhajans and doing Seva.

Also appreciated Mahatmaji's comments when Mahatmaji said, 'If people are bothersome and troublesome, keep away from them. Don't even invite them to Dinner.' In my capacity as Chairman I've had to do just that. Although I have no hate in my heart. For people, I have had to discriminate and disassociate myself from evil qualities. Evil minded people. Mahatmaji's discourses confirmed my attitude and I'll be very happy if Mahatmaji can elaborate on this subject on Sunday evening. Water and oil cannot mix. A cup of water becomes valuable when added to a pot of milk. But a cup of milk loses its value when added to a pot of water. Mahatmaji, as a Catholic that has turned to Hinduism, I am overfilled with joy, to have had the opportunity to see your divine face and be in your gracious company. I have 5 sons and 6 daughters. We are all vegetarians. Non-drinkers and non-smokers. We all love you tremendously. Please pray for us to be safe and successful in our Spiritual life. And on behalf of our group, may I thank you – and Mataji from the depth of our hearts for energizing us, for strengthening our faith in God, for the lessons you gave me during interviews. As a leader of our group I have become drunk with with the nectar so sweet from your holy lotus feet. I will always quote you and use you as my preceptor in everything I say and do.

Thank you Mahatmaji.
Om Sai

Yours very affectionately
Everett Joseph Jackson.

P.S.

On Sunday it will be good for all of us if Mahatmaji spoke on Karma, the causes and our behavior. The cause of suffering. The importance of saving our souls and realizing God. It is not necessary to emphasise on Satya Sai Baba. It will be more beneficial for them to be Honest, Loyal, Well behaved devotees, instead of just bearing a high and low name as Satya Sai Devotees. It's just like wearing a clean suit on a dirty shirt.

Mahatmaji can speak on any Topic. I am open and love all religious and God's teaching.
Om Sai.

***

જાન્યુઆરી ૨૧, ૧૯૮૩

શ્રી મહાત્મા યોગેશ્વરજી,

મારાં વ્હાલાં અતિપ્રિય મહાત્માજી, માતાજી.

આપના સર્વશ્રેષ્ઠ અને દિવ્ય વ્યક્તિત્વને સાદર પ્રણામ પાઠવી આ પત્ર આપને લખું છું. આપના જીવનસમર્પણનો સંદેશ સુણાવતાં પ્રેરક પ્રવચનોએ આત્મિક વેદનાવાળાઓને આધ્યાત્મિક ઔષધિ પૂરી પાડી. પૂ. માતાજીનાં કમનીય કંઠનાં ભજનો અમારા અંતર આત્માને ટાઢક ધરનારાં થઈ પડ્યાં. જાન્યુઆરી ૧૪, ૧૯૮૨નાં શુભદિને ૨૩ યુવાનો અને ૧૦ બાળકોથી 'શ્રી સત્ય સાંઈ કેન્દ્ર' ની શરુઆત કરી.

સાધનાની ભૂખથી અને તનતોડ નિષ્ઠાવાળા પ્રયત્નોથી મેં ઘણું આધ્યાત્મિક સંશોધન કર્યું. જરૂરી અભિગમો સ્વીકાર્યા અને આધ્યાત્મિક આચરણની ઉચ્ચ સંહિતાનો અભ્યાસ કર્યો. આપણા ધાર્મિક ભૂખ ધરાવતા સમાજ માટે અત્યંત આવશ્યક ભક્તિ, ફરજ અને ચારિત્ર્ય જગવતાં અઠવાડિક પ્રવચનો આપ્યાં.

મારાં પ્રવચનોના પાઠો સત્ય સાંઈ શિક્ષણના અહિંસા, શાંતિ, પ્રેમ, ધર્મ અને સત્ય પર ભાર મૂકતા. આજે ૧૦૮ યુવાનો અને ૧૦૦ બાળકો કેન્દ્રમાં છે. એક જ વર્ષના ગાળામાં આખાયે દક્ષિણ આફ્રિકામાં અમારું કેન્દ્ર વધારેમાં વધારે હાજરી ધરાવતું બન્યું.

આવા સમુદાયના નેતૃત્વમાં મારા માટે પ્રામાણિક અને કડક થવાનું અનિવાર્ય થયું અને કોઈ પણ જાતનાં સ્ખલનોને પેસવા દેતો નહીં. લોકોએ મારા અભિગમને સમજીને મારી નિખાલસતાની કદર કરી તેથી તેમના વર્તનમાં ફેરફાર દેખાયા. મદ્યપાન, ધૂમ્રપાન, માંસભક્ષણ તેઓએ છોડ્યું અને સમાજમાં સંગ્રહાયેલ સર્વ શેતાનિક આત્મિક ઉન્નતિમાં અવરોધરૂપ દુર્ગુણોનો પરિત્યાગ કર્યો. મહાત્માજીનાં પ્રેરક પ્રવચનોથી મને શક્તિ સાંપડી અને તેને આચરણમાં મૂકવાનો સમય પાકી ગયો છે. સત્ય સાંઈબાબાએ જણાવ્યું છે, 'ઉપદેશ પહેલાં આચરણ આવે.'

પૂજ્ય મહાત્માજી, આ રવિવારની સાંજે આપ વ્યાખ્યાન આપવા પધારો ત્યારે નિષ્ઠાની અગત્ય સમજાવશો. અમારા ઘણાં સાધકોએ જવાબદારી સ્વીકારી છે પરંતુ પ્રેમ અને નિષ્ઠાથી તેઓ પોતાનું કર્તવ્ય કરતાં નથી. અનુરાગ વિનાનું કાર્ય શોચનીય છે. તેઓ બીજા કારણ આગળ કરી સેવા કરવા અને ભજનમાં હાજર રહેવા જેવા પ્રભુના કાર્યમાંથી બચી જવાનો પ્રયત્ન કરે છે. વળી મહાત્માજીનાં એ વચનો વારંવાર યાદ કર્યાં. જે માનવો કંટાળો અને કંકાસ આણે તેનાથી દૂર રહો, તેઓને ભોજનમાં પણ આમંત્રણ આપો નહીં. અધ્યક્ષ તરીકેની મારી ફરજો અદા કરતાં હું આપનો મંગલમય બોધ અનુસરવાનો છું. દુર્ગણો અને દુષ્ટ માનવોને મારે પારખવા પડે અને તેઓની સાથેના સંબંધ તોડી નાખવો પડે. મારા વર્તનને મહાત્માજીનાં પ્રવચનોનું સમર્થન સાંપડે છે અને જો મહાત્માજી આ રવિવારની સાંજે ઉપરના વિષય ઉપર સમજાવશે તો મારા આનંદની સીમા નહીં રહે. પાણી અને તેલનું મિશ્રણ થાય જ નહીં. દૂધના પાત્રમાં પાણી રેડવાથી પાણી મૂલ્યવાન બને છે પરંતુ જો પાણીના વાસણમાં દૂધ રેડીએ તો દૂધની કિંમત ઘટે છે.

મહાત્માજી, રોમન કેથલિકમાંથી હિંદુ ધર્મ અંગીકાર કરેલા મને, આપના દિવ્ય મુખારવિંદનાં દર્શનની તક મળતાં અને આપનું માયાળુ સાંનિધ્ય અનુભવતા આનંદની છોળો વરસે છે. મારે પાંચ દીકરાઓ અને છ દીકરીઓ છે. અમે બધા શાકાહારી છીએ અને દારૂ કે તમાકુનું સેવન કરતાં નથી. અમોને આપના માટે અગાધ પ્રેમ છે. મારા અને મારા પરિવારના આધ્યાત્મિક જીવનની પગદંડી ઉપર સફળતા પાંગરે એવા આશીર્વાદ વરસાવશો. હૃદયનાં ઊંડાણેથી અમારા પર શક્તિનો સ્રોત વહાવવા અને પ્રભુ પ્રત્યે નિષ્ઠા જગાવવા પૂ.માતાજીનો પણ આભાર માનું છું. આપના સાંનિધ્યમાં અમોને તે પદાર્થપાઠો શીખવા મળ્યા. આપના ચારુ ચરણકમળમાંથી ઝરતા મધનું પાન કરવાની વિરલ તક અમારા સંઘના નેતા તરીકે મને મળી. મારાં સર્વ વચનો અને કર્મમાં આપની વાણી હંમેશાં વાપરતો રહીશ. મહાત્માજીનો આભાર.

ૐ શ્રી સાંઈ.

આપના પ્રેમનો આકાંક્ષી - એવરેટ જોસેફ જેક્સન

નોંધ :

આ રવિવારે મહાત્માજી, કર્મ ઉપર વ્યાખ્યાન આપે તો અમને બહુ જ લાભ થશે. કર્મ, તેનાં કારણો અને કાર્યપ્રદેશ, દુઃખના ઉદ્‌ભવનાં કારણો, પ્રભુને પામવાની અને અમારા આત્માને ઉગારવાની અગત્ય. સત્ય સાંઈ બાબાને કેન્દ્રમાં નહીં રાખીએ તો ચાલશે. પ્રામાણિક, વિશ્વાસુ, સદ્‌વર્તનશીલ ભાવિક સાધકો તરીકેની કેળવણી અમોને વધારે ઉપયોગી નીવડશે. નહિતર સત્ય સાંઈ અનુયાયી હોવાનું ધારણ કરેલું નામ ગંદા ખમીસ પર સ્વચ્છ પોશાક પરિધાન જેવું લાગે છે. મહાત્માજી તો ગમે તે વિષયને ન્યાય આપે, હું સર્વધર્મ પ્રત્યેના સમભાવવાળા અને પ્રભુતાના ઉપદેશોને નિખાલસતાથી ચાહું છું.

***

Hari Om - Om Sai Ram

Brother and Sisters, we thank you with sincerest love and gratitude for the use of this beautiful mandir for allowing us to experience and witness the divine presence of Mahatmaji and Mataji. May the Supreme God continue to shower us with blessings so that we may always have this unity between us. Tonight we face a sad moment because as it is said, ‘All good things must come to an end.’ But we must remember to detach ourselves some time or other, and experience pain after leisure with fortitude.

To say ‘Thank you’ to Mahatmaji and Mataji is stating it mildly but the omniscience of the Great Saint will know that we fleed with love for you and Mataji and fully appreciate whatever your holiness have done to foster love – understanding and to proceed on the divine path and experience divinity.

As a token of our sincerest appreciation, we have decided to commence a meditation activity in Mahatmaji’s name and to use the saintly name as our preceptor. Classes will be free to old and young. We pray that Mahatmaji and Mataji will grant us blessings that we may be successful in helping to purify our minds so that one day we too can realize God. Mahatmaji has taught us the techniques – fruits – reasons and general information and demonstration for meditation. We will endeavor to put it all into practice.’

From us we greet both Mataji and Mahatmaji.
Hari Om, Om Shanti, Om Shanti, Om Shanti.
Jackson.

* * *

જાન્યુઆરી ૨૩, ૧૯૮૪

હરિ ૐ. ૐ સાંઈરામ.

ભાઈઓ અને બહેનો,

પૂ. મહાત્માજી અને પૂ. માતાજીની દિવ્ય હાજરી નજરોનજર નિહાળવા, અનુભૂતિ મેળવવા આ સોહામણા મંદિરના સ્થાનનો ઉપયોગ કરવાની મંજૂરી આપી તેથી કૃતજ્ઞતા અને સચ્ચાઈનો પ્રેમ દર્શાવવા અમે આપના અત્યંત ઋણી છીએ. આ જ પ્રમાણે સર્વોપરી પરમાત્મા આપણા ઉપર આશીર્વાદોનો ધોધ વરસાવતા રહે જેથી આપણા વચ્ચેની એકતા સદા અતૂટ રહે. આજે આપણી સામે ઉદાસીનતાની પળ આવી છે, કારણ કે કહેલું છે કે, ‘સર્વ સારી વસ્તુઓનો અંત હોય છે જ’ પરંતુ એક કે બીજી પળે આપણે વૈરાગી બનવા મૃત્યુને વીસરવું ન જોઈએ. અને ધૈર્યથી સુખ પછી આવતા દુઃખને આવકારવું જોઈએ.

નમ્ર પ્રારંભથી પૂ. મહાત્માજી અને પૂ. માતાજીનો આભાર માનું છું પરંતુ આવી મહાન વિભૂતિઓની સર્વજ્ઞતાનો પરિચય આપતાં સ્વીકારું છું કે આધ્યાત્મિકતા અનુભવવા, દિવ્યપંથ પર વિચરવા અને નિષ્ઠા અને સમજણને ઉછેરવા આપે અમારા ઉપર જે અનુકંપાનો વરસાદ વરસાવ્યો તેથી અમે પ્રેમમાં તરબોળ થઈ ગયા છીએ. અમારી હાર્દિક મુલવણીના સોપાન તરીકે સાધુચરિતવાળા મહાત્માજીને ગુરુ તરીકે સ્વીકારી ધ્યાનની પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવા અમે નિર્ણય કર્યો છે. ધ્યાનના વર્ગો યુવાનો કે પ્રૌઢો માટે ખુલ્લા રહેશે. અમે પ્રાર્થીએ છીએ કે પૂ. મહાત્માજી અને પૂ. માતાજીના આશીર્વાદો અમને મળશે કે જેથી અમારા મનની પવિત્રતા મેળવવાની પ્રક્રિયા સફળતાને વરે, અને એક દિવસ અમે ઈશ્વરનો સાક્ષાત્કાર પામીએ. પૂ. મહાત્માજીએ આ માર્ગની ધ્યાનની પ્રક્રિયાઓ, પરિણામો અને પ્રયોજનો સર્વસાધારણ માહિતી અને નિદર્શનોથી અમોને શિખવાડ્યાં છે. અમે તે સર્વને આચરણમાં મૂકવા મથીશું.

અમારા સર્વ તરફથી અમે પૂ.માતાજી અને પૂ.મહાત્માજીને વધાવીએ છીએ.

હરિ ૐ. ૐ શાંતિ. ૐ શાંતિ. ૐ શાંતિ.

*

Our dearly beloved Mahatmaji and Mataji,

We thank God for your return. It is the greatest opportunity for us to look into your serene and divine faces and to feel Anand and Shanti. We have been very busy and thanks to Mahatmaji for motivating spiritually; in our Centre the crowd has grown tremendously. We pray together in perfect harmony and love. The people here have not stopped speaking of Mahatmaji. It is the greatest thing that has ever happened in our country. Our Meditation classes have started with a lot of success and we have this activity in the Mandir on Saturdays at 4.30 p.m. Thank you so much for giving our people the confidence in me. I will always remember Mahatmaji in my life and work. Mahatmaji has changed my entire outlook, injected me with spiritual Medicine. I have a lot of tolerance and forbearance with our people. Mahatmaji has made me a worthly leader in our community. I love you Mahatmaji!! I miss you very much. Please be with us on Sunday at Bhajans. We want to hear Mahatmaji; at the new name of Jyothirdhar. No one is calling by that name. They do not believe me. Let them hear it from Mahatmaji before leaving for India.

Thank you a Million Times
For Everything Done For Me.

Lovingly
Jyothirdhar.

* * *

૧-૩-૧૯૮૩

અમારાં પરમપ્રિય પૂ. મહાત્માજી અને પૂ. માતાજી,

આપના પુનરાગમન માટે પ્રભુનો આભાર માનીએ છીએ. આનંદ અને શાંતિ અનુભવવામાં મદદ થનારું આપનું નિર્મળ અને દિવ્ય મુખારવિંદ નીરખવાની અમૂલ્ય તક અમને મળી છે. અમારા સંઘનું સંખ્યાબળ ઘણું જ વધ્યું છે. આધ્યાત્મિકતાનું ચિંતન કરવા પ્રેરવા અને કાર્યરત કરવા અમે પૂ. મહાત્માજીના ઋણી છીએ. અમે એકરસથી અને પ્રેમથી સાથે પ્રાર્થના કરીએ છીએ. અહીંનો સમાજ પૂ.માતાજીને અવિરત

યાદ કરે છે. આ અમારા દેશમાં બનેલો અદ્‌ભુત પ્રસંગ છે. અમારા ધ્યાનના વર્ગોને ઝળહળતી ફત્તેહ મળે છે. દર શનિવારે મંદિરમાં સાડા ચાર વાગ્યે આ પ્રવૃત્તિ કરીએ છીએ. મારામાં મારા લોકોનો વિશ્વાસ જગવવા બદલ આપનો આભારી છું. મારા જીવનમાં અને કાર્યપ્રદેશમાં પૂ. મહાત્માજીને સદાને માટે સંભારીશ. મારી સમગ્ર દૃષ્ટિ પૂ. મહાત્માજીએ બદલી છે. અને મને આધ્યાત્મિક ઔષધનાં ઈંજેક્શન આપ્યાં છે. મારા સાધક ભાઈઓ માટે મારી ઘણી ધીરજ અને સહિષ્ણુતા છે. મારી કોમનું આદરણીય નેતાપદ મને પૂ. મહાત્માજીએ આપેલું છે. હું પૂ. મહાત્માજીને ચાહું છું. મને આપની ખોટ સાલે છે. ભજનમાં દર રવિવારે મહેરબાની કરીને અમારી સાથે રહેશો. અમે પૂ. મહાત્માજીની વાણી સાંભળવા આતુર છીએ. મહાત્માજીએ મને જ્યોતિર્ધર તરીકેનું નામાભિધાન આપ્યું તે પવિત્ર જગદંબાનો જ સંદેશો છે તેની અમોને સમજણ આપશો. મને કોઈ તે નામથી બોલાવતું નથી. મને તેઓ માનતા નથી. પૂ. મહાત્માજી આપના મુખથી, ભારત પાછા ફરતાં પહેલાં, આ સંદેશો સર્વેને સંભળાવો.

મારા માટે આપે જે કર્યું તેના માટે લાખ લાખ વંદન.

સપ્રેમ,

જ્યોતિર્ધર

***

Mahatmaji,

Please bless our people and also my unwell wife and children.

I still have the money which Mahatmaji so lovingly gave to me. The flower in the envelope is still fresh. I will use the money to start our new business and for the purchase of our new home. Satya Sai Baba gave one of his devotees a 2 Rupee note and that person started a small business selling Monkey nuts and now that devotee has the large Ice-cream Factory in India ‘Joy Ice cream’. I don’t want wealth but I thank Mahatmaji because I know that the gift to me is blessed which will secure my life and also my large family. I also received the plum which was sent to me from Mahatmaji and Mataji while in Durban. I cried with joy. To receive such love from a great saint from the Himalayas, has made me closer to God and purified my entire thoughts, words and deeds. I will never let you down Mahatmaji. Your name shall be honoured here with great dignity. Today is like Chirist Resurrection for Me. My heart is filled with joy at your arrival.

* * *

પૂ. મહાત્માજી,

મારાં અગિયાર બાળકો ને મારી માંદી પત્નીને અને મારા સહયોગીઓને આશીર્વાદ આપશો.

મારી પાસે હજી જે દ્રવ્ય પૂ. મહાત્માજીએ પ્રેમથી આપેલું તે અકબંધ છે. પરબીડિયામાં પુષ્પ હજી પણ તાજું છે. અમારા નવા ઘરની શરૂઆત કરવા તે રકમ વાપરીશ. સત્ય સાંઈબાબાએ તેના એક સાધકને બે રૂપિયાની નોટ આપી અને તે ભાઈએ અખરોટ વેચવાનો નાનો વેપાર શરૂ કર્યો. આજે તે ભાઈ ભારતમાં આઈસક્રીમનું મોટું કારખાનું ધરાવે છે. ‘જોય આઈસક્રીમ’.

મને ધનની આવશ્યકતા નથી. પરંતુ હું પૂ.મહાત્માજીનો આભાર માનું છું. કારણ કે મને મળેલી બક્ષિસ ઈશ્વરી છે. તે મારા જીવનને અને કુટુંબને સુખી રાખશે. ડરબનથી પૂ.મહાત્માજીએ અને પૂ.માતાજીએ

મોકલાવેલાં આલુ-બદામ મને આપ્યાં. મારી આંખમાં આનંદના અશ્રુ વહેવા લાગ્યા. હિમાલયનિવાસી મહાન સંત પાસેથી આવી અનુરાગની વર્ષા પ્રાપ્ત કરતાં મને પ્રભુનું સાંનિધ્ય લાધ્યું. અને મારા વિચાર, આચાર અને વર્તનને વિશુદ્ધ કર્યા. હંમેશાં હું પૂ.મહાત્માજીનાં ગુણગાન જ ગાઈશ. મહાન મોભા સાથે અમે આપની પ્રતિષ્ઠાનું જતન કરીશું. આજે ઈશુના પુનરુત્થાનના જેવો જ દિવસ છે. આપના આગમનથી મારું અંતર આનંદથી ઊભરાઈ ગયું છે.

***

8-3-83

Most Honourable Holy saints of the world Mahatmaji Yogeshwar and Mataji.

Your divine presence hit us like a volcano and awakened our veil of ignorance. Our eyes were opened, Our doors of egoism were pulled down. The curtains of darkness were drawn and the illumination of your effluence and lustre has shone into our entire beings. Our minds were washed, with the sacred water of the holy Ganges river which flowed from your divine and stimulating discourses. Our entire group has melted. They know the importance now of purification. Thanks to Mahatmaji as a leader of our group. Mahatmaji gave me abundances of weight recognition and respect. How can I fail you Holiness ? How can I soil the illuminating name which is meant to lead people to God conscious ? No dearly beloved father, I Jyothirdhar will rather not let you down. That holy name of the Himalayas will spread in this country. I will see to that. Last night I had the press photographer in the Mandir. I will see that all photos are sent to Mahatmaji through Maganbhai. The Golden voice of Mahatmaji will forever ring in our ears. We are gratefull to our Mothers for giving us birth. We are grateful to out Fathers for supporting us. We are gratefull to God for sending us Great Himalayan saint who have come to give us qualities.

Thank you. Thank you. Thank you.
For all blessings and guidance.

Yours very lovingly and very affectionately,
Jyothirdhar

* * *

૮-૩-૮૭

વિશ્વના પરમ પવિત્ર અને સદા આદરણીય સંતો પૂ.મહાત્માજી યોગેશ્વરજી અને પૂ.માતાજી,

જ્વાળામુખી જેમ આપની દિવ્ય ઉપસ્થિતિએ અમોને ઉજાળ્યા છે અને અંધકારનો પડદો હઠાવ્યો છે. અમારી આંખો ઊઘડી છે. અહંકારનાં દ્વાર બંધ થયાં છે. અંધકારના પડદા ખૂલી ગયા છે. અમારા વ્યક્તિત્વના ઈતિહાસમાં આપનાં તેજનો પુંજ અને પ્રેમ પ્રકાશી રહેલા છે. ગંગાના પુનિત પ્રવાહ જેવો આપના દિવ્ય અને પ્રેરક વચનોથી અમારાં મન શુદ્ધ થયાં છે. અમારા સર્વેના હૃદય દ્રવી ગયાં છે. હવે તેઓ પવિત્રતાની પગદંડીની અનિવાર્યતા જાણતા થયા છે.

મારા સંઘના સારથિ તરીકે પૂ.મહાત્માજીએ મારી અગત્ય, માન્યતા અને આદર વિપુલ પ્રમાણમાં વધાર્યા છે. મારા પવિત્ર ગુરુનો હંમેશાં વિશ્વાસ સંપાદન કેમ ન કરું? પ્રભુમાં આત્મવિશ્વાસ અને પ્રભુપરાયણતા પાથરતા મારા ગુરુનું નામ હંમેશાં રોશન કરીશ. મારા પ્રિય વહાલા પિતાજી, હું જ્યોતિર્ધર, આપના નામને સદા ઉજ્જવળ કરીશ. તેના પર લેશ પણ કલંક લગાડતા પહેલાં મારી જાતને સજા આપીશ.

અમારા દેશમાં હિમાલયનિવાસી આપનું પવિત્ર નામ વિસ્તરશે અને તે જ મારું જીવનકાર્ય બની રહેશે. ગઈ રાત્રિએ પ્રેસ ફોટોગ્રાફર અમારા મંદિરે આવેલા. પૂ.મહાત્માજીના સર્વે ફોટોગ્રાફ મોકલવા હું આગ્રહ રાખીશ. પૂ.માતાજીનું નામ અમારા કાનોમાં હંમેશાં ગુંજશે. અમારો પુનર્જન્મ કરાવવા માટે અમે અમારી જનેતાના ઋણી છીએ. અમોને પોષણ આપવા અમારા પિતાજીના આભારી છીએ. અમે પ્રભુના પણ ઋણી છીએ, કારણ કે અમારા ગુણોને ખીલવવા હિમાલયથી મોકલી આવા સંતોનો અમોને લાભ અપાવ્યો.

આભાર, આભાર, આભાર, આશીર્વાદ અને માર્ગદર્શન માટે.

આપનો હેતાળ અને પ્રેમાળ સાધક.

જ્યોતિર્ધર

***

From A Former Roman Catholic
Born From A Very Staunch Catholic Family On The 28/10/1933
Now Father of 6 Daughters and 5 Sons.
We Are Now Hindus And Discovered The True Path To Divinity.
I never drank intoxicants, never smoked and
we are all strictly Vegetarians.
'Lord Graciously Spare Us.'
'Lord Graciously Hear Us.'
'Lord Graciously Bless Us.'

Hari Om.
**Everett Joseph Jackson**
Initiated February 1983
By Mahatmaji
To
Jyothirdhar
A name I'm proud of.

* * *

પૂર્વના યોગાનુયોગ રોમન કેથલિક તરીકે તા. ૨૮-૧૦-૧૯૩૩ના દિને ટેકીલા અને ઉદાર કુટુંબમાં જન્મેલા અને હાલમાં છ પુત્રીઓ અને પાંચ પુત્રો ધરાવતા આજે અમે હિંદુ ધર્મને વરેલા છીએ. તે જ્ઞાન અમોને લાધ્યું છે. અમે પરમેશ્વરનો સુયોગ સાધવાનો 'સત્યપથ' શોધ્યો છે. મેં કદી માદક પીણાં પીધાં નથી. ધૂમ્રપાન કર્યું નથી. અમે સર્વે સંપૂર્ણ શાકાહારી છીએ. પ્રભુ અમોને ઉદારતાથી બચાવી લો. પ્રભુ અમારા પર દયા કરી અમારી પ્રાર્થના સાંભળો. પ્રભુ અમારા પર આપના માયાળુ આશીર્વાદ વરસાવો.

હરિ ૐ. હરિ ૐ. હરિ ૐ.

- એવરેટ જોસેફ જેક્સન,

પૂ.મહાત્માજી પાસેથી દીક્ષા, ફેબ્રુઆરી ૧૯૮૩ 'જ્યોતિર્ધર' તરીકે મળી.

મને તે નામનું ગૌરવ છે.

* * *

## ૮. અદ્‌ભુત મદદ

જોહાનિસબર્ગ અમારા નિવાસ દરમિયાન એક દિવસ ડરબનથી અમને બોલાવનારા સત્સંગ મંડળના સુપ્રસિદ્ધ કાર્યકર્તા શાંતિભાઈનો ટેલિફોન આવ્યો.

આમ તો ડરબનથી નીકળ્યા પછી ડરબનની બહારનાં જુદાંજુદાં શહેરોમાં અમે જ્યાંજ્યાં જતાં ત્યાંત્યાં એમના કુશળ સમાચાર પૂછતા ટેલિફોન લગભગ રોજ આવ્યા કરતા, પરંતુ એ દિવસે જે ટેલિફોન આવ્યો તેનો ધ્વનિ જુદો જ હતો. શાંતિભાઈના પોતાના જ શબ્દોમાં કહીએ તો,

'ગઈ કાલે એક મહાન ચમત્કાર બની ગયો. એ એક ચમત્કાર જ કહેવાય.'

ચમત્કાર આજે પણ બને આવા ધર્મવિમુખ ઘોર કળિકાળમાં પણ.

' હા, એ ચમત્કાર જ હતો.'

'કાલે સવારે હું કોઈક કામ માટે દુકાનની બહાર ગયેલો ત્યારે દુકાનમાં એક અજાણ્યો યુવક આવ્યો. એણે દુકાન સંભાળનારા ભાઈને એક કવર આપીને જણાવ્યું કે આ રકમ શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોની મદદ પેટે છે.'

વધારે કાંઈક પૂછી શકાય તે પહેલાં તો તે યુવક વિદાય થયો.

દુકાનમાં પહોંચ્યા પછી મેં કવરને ઉઘાડીને જોયું તો તેમાં આઠસો રેન્ડની નોટો હતી. મને એ જોઈને અજાયબી લાગી. એમાં બીજું કશું ન હતું. એટલી મોટી રકમ આપનારી એ અપરિચિત વ્યક્તિ કોણ છે અને રકમ કોની દ્વારા મોકલવામાં આવી છે એનો કશો નિર્દેશ એમાં ના મળ્યો.

અમે શહેરમાં અમારાથી બનતી બધી જ તપાસ કરી તો પણ કશી ચોક્કસ માહિતી ના મળી. એને ચમત્કાર માન્યા સિવાય છૂટકો ના થયો. મહાન ચમત્કાર.'

એ પ્રસંગ અદ્‌ભુત કહી શકાય એવો હતો. ઈશ્વરની કૃપાના પરિણામે મળતી મદદના એવા પાવન પ્રસંગો જીવનમાં અવારનવાર બનતા હોય છે. એ દૃષ્ટિથી જોઈએ તો સમસ્ત જીવન ચમત્કૃતિજનક લાગે છે.

એ મહામૂલી અદ્‌ભુત મદદ કાર્યકર્તાઓને માટે ખૂબ જ ઉપયોગી થઈ પડી. એને મોકલનારાની માહિતી ના મળી તો પણ એની અસરકારકતા તો એવી જ અસાધારણ અને અમોઘ રહી.

* * *

## ૯. પ્રિટોરિયા

પ્રિટોરિયાનો ઉલ્લેખ મહાત્મા ગાંધીજીની જીવનકથામાં કરવામાં આવેલો. જોહાનિસબર્ગથી હવે અમારે એ જ પ્રખ્યાત પ્રિટોરિયા નગરમાં પહોંચવાનું હતું.

પરંતુ ત્યાં પહોંચતાં પહેલાં અમે એક બીજા પ્રસિદ્ધ સ્થળની મુલાકાત લીધી.

ટૉલ્સ્ટૉય ફાર્મ.

મહાત્મા ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના કાર્યક્ષેત્ર સાથે એ સ્થળ સંકળાયેલું છે.

ટૉલ્સ્ટૉયના જીવનકાર્યથી કે વિચારોથી પ્રભાવિત થઈને એમણે એ સ્થળનું નામ ટૉલ્સ્ટૉય ફાર્મ રાખેલું.

ભૂતકાળમાં એક વખતે એ સુપ્રસિદ્ધ સ્થળની જાહોજલાલી તો જરૂર હશે, પરંતુ અમે ત્યાં પહોંચ્યા ત્યારે તો એ સ્થાન છેક જ નિષ્ક્રિય, સ્મશાન સમાન શાંત અને ઉપેક્ષિત દશામાં દેખાયું. મુખ્ય મકાનમાં કોઈ જ રહેતું નહોતું. કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ નહોતી ચાલતી, અને મકાનનું પણ ઠેકાણું નહોતું. સામેના નાના મકાનમાં કોઈ આફ્રિકન કુટુંબ વાસ કરતું.

બહુ ગવાયેલા, અતિ પંકાયેલા, ટૉલ્સ્ટૉય ફાર્મની આવી દયનીય દશા ? એ સ્થળમાં રહીને ગાંધીજી એમની સેવાની પ્રવૃત્તિઓ કરતા હશે એ વાતની વાસ્તવિકતાથી પ્રતીતિ કરાવનારૂં કોઈ પ્રકારનું વાતાવરણ ત્યાં ના દેખાયું. કોઈ કાર્યકર્તા નહીં. સેવાકાર્ય પણ કશું જ નહીં. મકાનમાં અને એની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતાનો પણ સદંતર અભાવ. ગાંધીજીની સાદી છતાં સુપ્રસિદ્ધ સંસ્થા તરીકે કશું ચિહ્ન નહીં. કશી સ્મૃતિ નહીં. વિધિની કેવી વિચિત્રતા ?

ટૉલ્સ્ટૉય ફાર્મની સરખામણીમાં ડરબનના ફિનિક્સ આશ્રમનું સ્થાન વધારે સારૂં લાગ્યું. ફિનિક્સ આશ્રમનું સ્થાન સેવા તરીકે સચવાઈ રહ્યું છે ત્યારે ટૉલ્સ્ટૉય ફાર્મ મૃતપ્રાય બન્યું કે મરી ગયું છે.

પ્રિટોરિયા દક્ષિણ આફ્રિકાની રાજધાનીનું નગર છે ત્યાં દક્ષિણ આફ્રિકાની પાર્લામેન્ટનું વિશાળ ભવન છે. પાર્લામેન્ટનું બીજું ભવન દક્ષિણ આફ્રિકાના કેપટાઉન નગરમાં આવેલું છે. એ ઉભયનાં કાર્યક્ષેત્ર જુદાંજુદાં છે. કેપટાઉનની પાર્લામેન્ટમાં સમસ્ત દેશના કાયદાઓને ઘડવામાં અથવા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે તો પ્રિટોરિયાની પાર્લામેન્ટ દ્વારા એ કાયદાઓનો અમલ કરવા-કરાવવાની વ્યવસ્થા કરાય છે. પ્રિટોરિયાની પાર્લામેન્ટના મનહર મકાનને કોઈ પણ પ્રકારની મંજૂરી વિના છેક જ પાસે જઈને સ્વતંત્રતાપૂર્વક જોઈ શકાય છે. પરંતુ કેપટાઉનના પાર્લામેન્ટ ભવનની પરિસ્થિતિ જુદી છે. એની પાસે જ નહીં પરંતુ એની પાસેના રસ્તા પરથી પણ કોઈ પસાર થઈ શકતું નથી. ત્યાં સુરક્ષા માટેનાં સખત પગલાં ભરવામાં આવ્યાં છે.

પ્રિટોરિયાના પાર્લામેન્ટ ભવનની સામે થોડાક, નીચેના ભાગમાં સુંદર વૃક્ષો, વેલીઓ અને સુમનોથી સુશોભિત સરસ સુવિશાળ બાગ આવેલો છે. તે પણ જોવા જેવો છે. નીચે તદ્દન સામે જ પ્રિટોરિયા શહેર છે. પાર્લામેન્ટ ભવનના તથા સુંદર ઉદ્યાનના ઊંચા પર્વતીય જેવા વિસ્તાર પરથી શહેરનો એ ભાગ ખૂબ જ હૃદયંગમ લાગે છે. પ્રિટોરિયા શહેર ખૂબ જ સુંદર અને વિશાળ છે. શહેરની સ્વચ્છતા તો બીજા દક્ષિણ આફ્રિકાના શહેરોની સ્વચ્છતા જેમ નોંધપાત્ર ખરી જ.

અમારો ઉતારો પ્રિટોરિયાના સુપ્રસિદ્ધ સદ્‌ગૃહસ્થી પ્રીતમભાઈ જોશીને ત્યાં હતો. એમનું અને એમના પરિવારનું આતિથ્ય અદ્‌ભુત. એમનું વર્તન વહાલભર્યું અને વિશદ. પોતે અતિશય ધનવાન હોવા છતાં પણ ધનનો કે સમૃદ્ધિનો અલ્પ પણ અહંકાર નહીં. સંતપુરુષો પ્રત્યે આદર. ખૂબ જ સરળ, સહજ, સ્નેહાળ, છળરહિત સ્વભાવ. એમનાં ધર્મપત્ની પણ પુષ્કળ પ્રેમાળ તથા સેવાભાવી. એમના યુવાન પુત્ર મહેન્દ્રે માતાપિતાની સેવાના મહામૂલ્યવાન લાભને મેળવવા માટે લગ્નજીવનમાં પ્રવેશ નહોતો કર્યો એ એમની વિશેષતા. મહેન્દ્રનું શરીર સ્વસ્થ નહોતું દેખાતું તો પણ મન સ્વસ્થ હોવાથી એ એમના અવિવાહિત રહેવાના સંકલ્પને વળગી રહેલા. એવી સાંસારિક સંપત્તિ અને સાહ્યબી કે સુખાકારીની વચ્ચે વસવા છતાં પણ અપરિણીત, અલિપ્ત, આધ્યાત્મિક જીવન જીવવાની અભિરુચિ થાય તે કંઈ સામાન્ય વસ્તુ ના ગણાય. એમનાં માતાપિતાને એમને નિહાળીને ઉમળકો અને સંતોષ થાય તે સ્વાભાવિક હતું. એમની વાત કરતાં એ પ્રાચીન કાળના પિતૃભક્ત શ્રવણની સ્મૃતિ કરતાં.

*

પ્રિટોરિયામાં મોન્યુમેન્ટનું અવલોકન રસપ્રદ થઈ પડ્યું. એ મોન્યુમેન્ટનું સ્થાન ત્યાંના દર્શનીય સ્થળોમાંનું એક ગણાય છે. વરસો પહેલાં હૉલેન્ડના તથા ડચ પ્રજાના અમુક વિસ્તારવાદી આક્રમક જૂથે સાઉથ આફ્રિકાની ભૂમિ પર ઊતરીને તે ભૂમિ પર અધિકાર પ્રસ્થાપવાનો પ્રયાસ કર્યો. સાઉથ આફ્રિકાના મૂળ નિવાસીઓએ એમનો પોતાની રીતે પ્રતિકાર કર્યો. એમની પાસે જે પરંપરાગત સાધનો હતાં તેનાથી એમણે પ્રતિસ્પર્ધી દળો સામે સંઘર્ષ કર્યો. પરંતુ તેમનો પરાજય થયો. પરદેશી પ્રજાના લશ્કરે અનેકવિધ અત્યાચાર અને આતંક દ્વારા મેળવેલા વિજયનું પ્રિટોરિયામાં સ્મારક કરવામાં આવ્યું. અત્યાર સુધી આફ્રિકન પ્રજાને એ સ્મારકમાં પ્રવેશવા પર પ્રતિબંધ હતો. હવે એ પ્રતિબંધને થોડોક હળવો કરવામાં આવ્યો છે. એ સ્મારકને વિચારીને કે વિલોકીને આફ્રિકન પ્રજાના અમુક વર્ગનું લોહી આજે પણ સ્વાભાવિક રીતે જ ઊકળી ઊઠે છે. એમના પ્રવેશપ્રતિબંધનું એક અત્યંત અગત્યનું માનસશાસ્ત્રીય કારણ કદાચ એ પણ હોઈ શકે.

અત્યારની શાસક પ્રજા એવું માને છે કે દક્ષિણ આફ્રિકાની મૂળ પ્રજાને અજ્ઞાન, દીનતા તથા અધોગતિમાંથી મુક્તિ આપીને સુખશાંતિ, સમૃદ્ધિ અને સમુન્નતિના માર્ગે લઈ જવા માટે અમારું આગમન થયું છે. એ વિચારસરણી નવી નથી, ને શાસક દેશો કે પક્ષો તરફથી અવારનવાર સાંભળવામાં આવતી હોય છે. પ્રાદેશિક સ્વતંત્રતાના અભિનવ સંદેશવાળા અને એ સંદેશને સાકાર કરવા પગલાં ભરવામાં માનનારા આજના યુગમાં એ વિચારસરણી અજ્ઞાનમૂલક અને અભિશાપરૂપ લાગે છે. એક પ્રજા બીજી પ્રજા પર આક્રમણ કરીને કાયમ કાજે કબજો જમાવે એ વિચાર જ કેટલો બધો અનર્થકારક કહેવાય ? એ કબજાને ન્યાયી તથા કલ્યાણકારક ઠરાવે એ કેટલું બધું અમંગલમ મનાય ?

પ્રિટોરિયામાં સાઉથ આફ્રિકાના વર્તમાન ગોરા શાસકો તથા પ્રજાજનોના પૂર્વજોના પ્રાચીન પદાર્થોનું પ્રદર્શન અથવા સુંદર સંગ્રહસ્થાન જોવા મળ્યું. પેલા યુદ્ધના વિજયના ઐતિહાસિક સ્મારકસ્થળથી તે વિશેષ દૂર ન હતું. ત્યાં જૂના જમાનાનાં વસ્ત્રો, ઓજારો, હથિયારો, તથા બીજાં સાધનો રાખવામાં આવેલાં. તેને જોવા માટે ટિકિટ કઢાવવી પડતી.

ટિકિટબારી પાસે બેઠેલી ગોરી સન્નારીને મને જોઈને વિશેષ આકર્ષણ થયું. એની જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત થઈ. અમારી સાથેના અમારા યજમાન ભાઈ દ્વારા મને મળવાની એણે ઈચ્છા બતાવી. એ ઈચ્છાને મેં આવકારી અને માન્ય રાખી.

પ્રદર્શનસ્થળની બહાર નીકળતી વખતે મેં એ સન્નારી સામે જોઈને સ્વાભાવિક રીતે જ સ્મિત કર્યું.

એ સન્નારી દેખીતી રીતે જ રાજી થઈ ને મને ભારતીય પદ્ધતિ પ્રમાણે પ્રણામ કરીને બોલી. 'તમે મને શાંતિ મળે તેને માટે પ્રાર્થના કરી શકો ? હું ખૂબ જ અશાંત છું. દુઃખી છું.'

એની મુખાકૃતિ મ્લાન હતી. આર્ત, ઉત્સાહરહિત, દયાજનક.

એના શબ્દોમાં આશાનો આછોપાતળો રણકો હતો.

મેં એને આશ્વાસન આપતાં જણાવ્યું કે તમારી શાંતિ માટે તમે જ પ્રાર્થના કરો. હું પ્રાર્થના કરી શકું અને આશીર્વાદ પણ આપી શકું, પરંતુ તમે પણ પ્રાર્થનાને ચાલુ રાખો. શાંતિ અવશ્ય મળશે. તમારું દુઃખ હળવું બનશે ને દૂર થશે.

એના મુખમંડળ પર સંતોષ અને ઉલ્લાસની રેખા ફરી વળી.

પરદેશમાં અને દેશમાં પણ વૈભવ અને સુખોપભોગનાં સાધનો વચ્ચે દુઃખી હોય એવાં અશાંત પાત્રો ઘણાં જોવા મળે છે. એમને ઈશ્વરની પ્રાર્થનાના સાધનમાં શ્રદ્ધા બેસે છે એ હકીકત ઓછી અગત્યની નથી લાગતી. શાંતિને અનુભવવા માટે માનવે ઈશ્વરપરાયણ બનવું અથવા આત્માભિમુખ થવું જ રહેશે.

* * *

## ૧૦. ઈસ્ટ લંડનની સંસ્મૃતિ

પ્રિટોરિયાથી બિનોની તથા સ્પ્રીંગ.

અમને આમંત્રનારી સંસ્થાએ યોજેલા કાર્યક્રમને અનુસરીને અમે એ શહેરોમાં સફળતાપૂર્વક પ્રવચનો કરીને પુનઃ જોહાનિસબર્ગ પહોંચ્યા અને ત્યાંથી કેપટાઉન.

જોહાનિસબર્ગમાં ફરી પાછો જે કાર્યક્રમ થયો તેમાં સમૂહધ્યાનના કાર્યક્રમનું મહત્વ સવિશેષ હતું એવું કહી શકાય. માનસિક શાંતિને અનુભવવાની આકાંક્ષાવાળા માનવો ધ્યાનની સાધનાનો આધાર લેવાનું પસંદ કરે છે. સાઉથ આફ્રિકાની જુદાંજુદાં સ્થળોની જનતાનો અમુક વર્ગ એમાં અપવાદરૂપ નથી દેખાતો. દરરોજ સાંજે કરાવવામાં આવતા સમૂહ ધ્યાનમાં મોટી સંખ્યામાં જનતા ઉપસ્થિત રહેતી. એના પરથી એની ધ્યાનને માટેની અભિરુચિનો ખ્યાલ આવતો.

ધ્યાનની અભિરુચિવાળા સાધકોએ સમૂહધ્યાનની વીસેક બેઠકોમાંથી પ્રેરણા પામીને શહેરમાં જાહેર સાપ્તાહિક ધ્યાનકેન્દ્ર શરૂ કર્યું. એનું સંચાલન સત્ય સાંઈ સેન્ટરના મુખ્ય કાર્યકર્તા જ્યોતિર્ધર તથા હસવતભાઈ કરવા લાગ્યા. એમનું એ સંચાલનકાર્ય સાચેસાચ અભિનંદનીય હતું.

કેપટાઉન સમુદ્રતટથી સુશોભિત સુંદર શહેર છે. ત્યાં ટેબલ માઉન્ટન નામે દર્શનીય સ્થળ છે. તે સ્થળ પર પહોંચવા માટે સરસ રોપ-વે છે.

કેપટાઉનમાં થોડેક દૂર હિંદી મહાસાગર અને એટલાંટિક મહાસાગરનો સંગમ થાય છે. એ સ્થળનું અવલોકન આનંદદાયક હતું. કાળા તથા નીલા રંગના પાણીનું સંમિલન આગળ તરી આવતું અને સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરતાં સ્પષ્ટ રીતે જોઈ શકાતું.

કેપટાઉનમાં એ વખતે ડિવાઈન લાઈફ સેન્ટરની સાધના શિબિર ચાલી રહેલી. એ કાર્યક્રમ અનેક રીતે ઉપયોગી અને રસપ્રદ હતો. શિબિરના સંયોજકની અતિશય આગ્રહભરેલી ઈચ્છાને માન્ય રાખીને અમે એની મુલાકાત લીધી. ત્યાં શિબિરાર્થીઓ સમક્ષ મારો યોગવિષયક વાર્તાલાપ તથા પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાયો.

એ પછી પૉર્ટ એલિઝાબેથ અને બીજાં ત્રણ-ચાર નગરોમાં કાર્યક્રમો કરીને અમે સમુદ્રતટ પરના ઈસ્ટ લંડન શહેરમાં પ્રવેશ કર્યો.

ઈસ્ટ લંડન શહેરમાં લહરી નામના એક અધ્યાત્મમાર્ગના જ્ઞાનયોગી પવિત્ર શક્તિશાળી સાધક થઈ ગયા. મૂળ ગુજરાતના પરંતુ વરસોથી દક્ષિણ આફ્રિકામાં વસેલા તે સાધકે સમસ્ત જીવનને સાધનામય બનાવેલું. ગૃહસ્થાશ્રમમાં રહીને વિવિધ વ્યવહારની વચ્ચે વસીને, એમણે જે પ્રકારના આધ્યાત્મિક સાધનાત્મક જીવનને જીવી બતાવ્યું તે બીજાને માટે પ્રેરણાત્મક હતું. એમણે કેટલાંક પુસ્તકો પણ રચેલાં.

એક દિવસ સાંજે સ્વામી માધવાનંદ મળવા આવ્યા. એ રામકૃષ્ણદેવના પરમ ભક્ત હતા અને ઈસ્ટ લંડનમાં અને એની આજુબાજુના વિસ્તારોમાં ધર્મોપદેશનું તથા સેવાનું કાર્ય કરતા. પછાતવર્ગની આફ્રિકન પ્રજાના ઉત્કર્ષ માટે તે વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહેતા.

ગૌર શરીર, ઊંચી સુદૃઢ કાયા, તેજસ્વી આંખ, શ્વેત લાંબી દાઢી તથા જટાવાળા સ્વામી માધવાનંદ આફ્રિકાવાસી ગોરી પ્રજાના વંશજ હતા.

અતિશય સરળ અને નમ્ર.

એમને અવલોકીને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

એમની સાથે સાધનાવિષયક વાતો થઈ.

એમનો સ્વભાવ નોંધપાત્ર હતો. દક્ષિણ આફ્રિકાવાસી નિરક્ષર, પછાત તથા ગરીબ પ્રજાના ઉત્કર્ષનાં જુદાંજુદાં સેવાકાર્યોમાં એ એમની રીતે રસ લેતા, અને મદદરૂપ બનતા.

સાંજે એ મારા જાહેર પ્રવચનમાં પધાર્યા.

અમે હૉલમાં પ્રવેશ કર્યો ત્યારે એ અન્ય શ્રોતાઓની સાથે નમ્રતાપૂર્વક ઊભા રહેલા. અમે એમને માટે ખુરશી મુકાવી. આખરે એ સંન્યાસી હતા અને માનની અપેક્ષા ના રાખતા હોવા છતાં જનતા તરફથી સન્માનના અધિકારી હતા.

પ્રવચનની સમાપ્તિ પછી શ્રોતાજનોએ મારી આગળ પોતપોતાની શ્રદ્ધાભક્તિ પ્રમાણે ભેટની થોડીક રકમ મૂકી. તેમાંથી આઠ રેન્ડ મંદિરમાં મુકાવીને બાકીના સો રેન્ડ મેં એ સ્વામીજીને એમની સેવાપ્રવૃત્તિમાં મદદરૂપે અર્પણ કર્યા.

સ્વામીજીને એવી મદદની કલ્પના પણ ન હતી.

એ ગળગળા બની ગયા.

એમની આંખ ભીની થઈ ગઈ.

ઈસ્ટ લંડનની એ છેવટની છતાં સનાતન કહી શકાય તેવી સ્મૃતિ હતી. કહો કે સંસ્મૃતિ.

* * *

## ૧૧. ક્રુગર નેશનલ પાર્ક

સાઉથ આફ્રિકાનો સુપ્રસિદ્ધ સુવિશાળ ક્રુગર નેશનલ પાર્ક.

લગભગ પાંચસો કિલોમીટરના નોંધપાત્ર વિસ્તારવાળો ક્રુગર નેશનલ પાર્ક એ દેશનાં સૌથી આકર્ષક દર્શનીય સ્થળોમાંનો એક ગણાય છે. મોટા ભાગના પ્રવાસીઓ એને જોવા માટે જતા હોય છે.

જોહાનિસબર્ગના મગનભાઈની ખાસ, અંતઃકરણપૂર્વકની ઈચ્છા હતી કે અમે સાઉથ આફ્રિકા છોડીએ તે પહેલાં એ પાર્કની મુલાકાત લઈએ અને એના એકાંત શાંત વિમળ વાતાવરણમાં બને તેટલો વધારે વખત નિવાસ કરીએ. એમના પ્રેમપૂર્ણ આગ્રહને ટાળવાનું કામ કઠિન હોવાથી આખરે અમે એની મુલાકાતનો કાર્યક્રમ બનાવ્યો; અને ડરબનથી જોહાનિસબર્ગના અંતરને પ્લેનમાં કાપીને, જોહાનિસબર્ગથી મોટરમાં ક્રુગર નેશનલ પાર્કમાં પ્રવેશ કર્યો.

ક્રુગર નેશનલ પાર્કમાં પ્રવેશતાં પહેલાં માર્ગમાં એક ગુફા આવી. પર્વતમાંથી કુદરતી રીતે કોરાયેલી અને પાછલાં વરસોમાં અવારનવાર અવનવો ઓપ અથવા આકાર પામેલી એ ગુફા અતિશય વિશાળ અને પ્રાકૃતિક હતી. એની અંદર ઘોર અંધકાર હોવાથી વચ્ચેવચ્ચે લાઈટની વ્યવસ્થા હતી. એ વિશાળ ગુફાનું નિર્માણ કોણે ક્યારે ને શા માટે કર્યું હશે તેની કલ્પના પણ આશ્ચર્યકારક હતી.

ક્રુગર નેશનલ પાર્કમાં મુલાકાતીઓને રહેવા માટે સુંદર સુવ્યવસ્થિત સગવડવાળાં કૉટેજ હોય છે. એ કૉટેજમાં બાથરૂમ, સંડાસ, સ્વચ્છ પથારીવાળા સુંદર બેથી ત્રણ પલંગો તથા રસોઈ બનાવવા માટે ગેસના ચૂલાની વ્યવસ્થા હોય છે. રસોઈની અથવા ખાનપાનની આવશ્યક સામગ્રી સૌએ સાથે લઈ જવી પડે છે. કૉટેજનાં છાપરાં ફૂસથી અથવા ઘાસથી ઢાંકેલા હોવાથી અતિશય આકર્ષક, રમણીય અને નૈસર્ગિક લાગે છે.

પાર્કમાં લગભગ સર્વત્ર પાકા રસ્તા હોય છે. એમની ઉપરથી મોટર આગળ વધે છે તેમતેમ ભયંકર વનવિસ્તારમાંથી પસાર થવું પડે છે. માર્ગમાં વચ્ચેવચ્ચે જુદાંજુદાં પશુઓનાં ટોળાં જોવાં મળે છે. કોઈ વાર સિંહ, હાથી, ચિત્તા જેવાં પ્રાણીઓ એકલાં પણ જોઈ શકાય છે. સિંહનું દર્શન ખરેખર દુર્લભ મનાય છે.

અમને પ્રથમ દિવસે અને એ પછી પણ બેત્રણ વાર સિંહનાં દર્શનનો લાભ મળી શક્યો. પાર્કમાં માદાં પડતાં પ્રાણીઓને હેલિકૉપ્ટરની મદદથી દવા પહોંચાડવામાં આવે છે; એની સંતોષકારક માહિતી પણ ત્યાં મળી શકી.

એક ઠેકાણે હાથીનાં ટોળાં જોવા મળ્યાં તો બીજે ઠેકાણે સિંહનો સમસ્ત પરિવાર દેખાયો. એમને માટે અમે અજાણ્યા અથવા નવા હતા અને અમારે માટે એ.

એ અવલોકન આનંદપ્રદ અને અનોખું હતું.

ક્રુગર નેશનલ પાર્કમાં વૃક્ષો અને બીજી વનરાજીનો પાર નથી. એમાં ઝરણાં તેમ જ સરિતાઓ પણ દેખાય છે. એને લીધે વાતાવરણ ખૂબ જ રળિયામણું લાગે છે.

એટલા મોટા પાર્કમાં પણ સ્વચ્છતાનું દર્શન લગભગ સર્વત્ર થાય છે.

બહારથી આવનારા પ્રવાસીઓ સિંહને અવલોકવા અતિશય આતુર હોય છે તો પણ સિંહના દર્શન-સમાગમનું સૌભાગ્ય સૌને નથી સાંપડતું. સિંહની મુલાકાત કોઈ જ વાર થતી હોય છે.

ભારતના ગીરના જંગલમાં પરદેશના માનવંતા મહેમાનોને સિંહદર્શન કરાવવાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. પરંતુ તે સિંહદર્શન કુદરતી નથી હોતું. બકરાને વનમાં બાંધીને સિંહને એના આહાર માટે આકર્ષવામાં આવે છે. એ પદ્ધતિ દેખીતી રીતે જ હિંસક તથા પાશવી છે. એનો અંત આણીને જીવહત્યાને બંધ કરવાથી કશું નુકસાન નહીં થાય.

પાર્કમાં વનમાં વિહરતાં પશુઓને રજૂ કરતી ફિલ્મ બતાવવામાં આવે છે. એમાં ઘવાયેલાં કે વ્યાધિગ્રસ્ત હિંસક પશુઓના ઉપચારનાં દૃશ્યો પણ સમાવવામાં આવ્યા હોવાથી આખીયે ફિલ્મ અતિશય અભ્યાસપ્રદ અને રોચક થઈ પડે છે. સારાં પશુઓની સંભાળનાં દૃશ્યો પણ જોવા જેવાં હોય છે. એક દૃશ્યમાં દેખાતા હેલિકૉપ્ટરમાંથી ગોળી છોડવામાં આવી. એના શબ્દને સાંભળીને સિંહો જંગલમાં નાસી ગયા, પરંતુ જેને ગોળી વાગી તે સિંહ બેહોશ બની ગયો. એટલે ડૉક્ટરો હેલિકૉપ્ટરમાંથી નીચે ઊતરીને એને ઘેરી વળ્યા. એ પહેલા એની ઉપર જાળ નાખી દેવામાં આવી. નીચે મોટરોમાંથી પોલીસો રક્ષણ માટે બહાર નીકળ્યા એટલે ડૉક્ટરોએ સિંહને તપાસીને ઈન્જેક્શનાદિ આપવાનો આરંભ કર્યો.

પરંતુ વચ્ચે જ વરસાદ પડવાથી બહાર ખુલ્લામાં બતાવાતી ફિલ્મ બંધ થઈ એટલે 'મા' સર્વેશ્વરી મગનભાઈ સાથે ઉતારા પર પાછાં ફર્યાં. બીજા દર્શકો પણ પાછા ફર્યા.

પાર્કમાં પ્રવાસ કરતાં રસ્તાની એક બાજુએ એક સિંહને જોયો. એ અરણ્યમાં એકલો જ બેઠેલો. જીવનની છેલ્લી ક્ષણો છેક જ સમીપ હોય એવો કરુણ-અતિકરુણ એનો દેખાવ હતો. જે વનનો રાજા કહેવાય અને દર્શનમાત્રથી જ ભયંકર મૃત્યુના દૂત જેવો મનાય તે રંક જેવો બનીને બેઠેલો. તો પણ એની પાસે પહોંચવાની પ્રવાસીઓની હિંમત નહોતી ચાલતી. એ કદાચ કહેત કે હું સંપૂર્ણપણે અહિંસક છું તો પણ એના વચનમાં વિશ્વાસ રાખીને કોઈ એની પાસે ભાગ્યે જ જાત. પ્રભાવશાળીનો પ્રભાવ એવો પ્રબળ હોય છે.

*

**વિદાય**

સાઉથ આફ્રિકાના જુદાજુદા વિસ્તારોનો પ્રવાસ કરીને ડરબન શહેરમાં પાછાં ફરવાનું થયું ત્યારે માર્ચ મહિનો ચાલી રહેલો. માર્ચ મહિનો પૂરો થતાં પહેલાં જ અમારે ભારતમાં પહોંચવાનું હતું. આ તરફનો કાર્યક્રમ હવે પૂરો થવાની તૈયારી હતી.

ડરબનમાં રામકૃષ્ણ સેન્ટરના અધ્યક્ષ સ્નેહમૂર્તિ સ્વામી શિવપાદાનંદને ફરી વાર મળવાનું થયું ત્યારે તે કાંઈક અંશે ઉદ્વિગ્ન હતા. તેમની ઉદ્વિગ્નતાનું કારણ પાછળથી થયેલા તેમની સાથેના વાર્તાલાપ પરથી સમજી શકાયું. કારણ સાધારણ હોવા છતાં એમની દૃષ્ટિએ અસાધારણ હતું. બેત્રણ દિવસ પહેલાં ભારતથી આવેલા એક સ્વામીજીએ એમના આશ્રમની મુલાકાત લઈને ત્યાં પોતાના પ્રવચનને માટે માગણી કરેલી. એ સ્વામીજી ભારતની એક ધાર્મિક સંસ્થાના પ્રમુખ હતા અને પહેલાં પણ સાઉથ આફ્રિકાના સત્સંગપ્રવાસે આવેલા; એથી સ્વામી શિવપાદાનંદ એમને ઓળખતા હતા.

પેલા સ્વામીજીએ એમના આશ્રમમાં એમની ઉપસ્થિતિમાં પ્રવચન કર્યું પરંતુ એ પ્રવચનની એકંદર અસર સ્વામી શિવપાદાનંદ પર જરાય સારી ના થઈ. એનું મુખ્ય કારણ એ હતું કે પ્રવચનમાં સ્વામીજીએ એમના ગુરુદેવને રામકૃષ્ણ પરમહંસદેવ સાથે સરખાવીને એમના અધૂરા રહેલા કાર્યને પરિપૂર્ણ કરવા

આવેલા અવતાર તરીકે ઓળખાવેલા અને રામકૃષ્ણદેવ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ અને રામકૃષ્ણ મિશનની ટીકા કરીને એમના ગુરુદેવને અને પુસ્તકલેખન જેવી પ્રવૃત્તિને સર્વશ્રેષ્ઠ બતાવવાનો પ્રયત્ન કરેલો. બીજાની અકારણ ટીકા કરવાની એ વૃત્તિ તથા પ્રવૃત્તિ સ્વામી શિવપાદાનંદને લેશ પણ પસંદ ના પડવાથી એમનું દિલ સ્વાભાવિક રીતે જ દુભાયેલું. અમે એમને મળ્યા ત્યારે એ એટલા માટે જ અસ્વસ્થ દેખાયા.

એમણે અમને પેલા સ્વામીજીના પ્રવચનની ટેપ મોકલેલી. એમની ઈચ્છા પ્રમાણે અમે એને સાંભળેલી. એમાં કેટલીક વાતો એવી હતી કે જેમની રજૂઆતને તંદુરસ્ત, આદર્શ અથવા વિવાદ વગરની ના કહી શકાય. એ રજૂઆત એમને સુરુચિકર કે પ્રિય ના લાગે અને અસ્વસ્થ બનાવે એ સહેજે સમજી શકાય તેમ હતું.

એમણે જણાવ્યું કે ભારતમાંથી આવનારા સંતપુરુષો ભારતના સન્માનીય સત્પુરુષો વિશે ભળતા અભિપ્રાયો આપે અથવા આધાર વિનાના અનુચિત વિચારો રજૂ કરે એ ખૂબ જ કમનસીબ કહેવાય. એ જ્યારે ભારતની બહાર આવા વિપરીત વિચારોને વહેતા કરે છે તો ભારતમાં શું નહીં કરતા હોય ? મારો વિચાર પ્રવચનની એ ટેપને બેલુર મઠમાં મોકલવાનો છે. એ સ્વામીએ રામકૃષ્ણદેવને સિમ્પલટન કહ્યા છે તો સિમ્પલટનનો શો અર્થ થાય છે ?

સિમ્પલટન શબ્દનો અર્થ ઑક્સફર્ડ ડિક્શનેરી પ્રમાણે ગમાર કે સ્ટુપિડ થાય છે તેની તેમને ખબર હતી.

એમણે મને એ પ્રવચનના પ્રત્યુત્તરરૂપે એક બીજું પ્રવચન આપવાની વિનંતી કરી.

મેં એમની વિનંતી માન્ય રાખી. ફક્ત શરત એટલી રાખી કે હું પ્રવચનના વિવાદાસ્પદ મુદ્દાઓને મારી રીતે ઉત્તર આપીશ પરંતુ પ્રવચનકારનો નામોલ્લેખ નહીં કરું.

એ સંમત થયા.

વીસમી માર્ચે અમારે ભારત માટે પ્રસ્થાન કરવાનું હતું. એના એક દિવસ પહેલાં એટલે ઓગણીસમી માર્ચે રામકૃષ્ણ સેન્ટરમાં રામકૃષ્ણદેવના જીવનકાર્ય વિષય પર મારું પ્રવચન થયું. એમાં મેં સઘળા વિવાદાસ્પદ મુદ્દાઓની છણાવટ કરી. તેથી સ્વામીજી પ્રસન્ન થઈને કહેવા માંડ્યા કે કેટલું બધું સરસ પ્રવચન ? આજના પ્રવચનથી મને ખૂબ જ સંતોષ થયો. પહેલાંના પ્રવચનથી શ્રોતાઓના મનમાં કેટલીક શંકા તથા ભ્રમણા પેદા થયેલી એનો આજના પ્રવચનથી સુખદ અંત આવ્યો. ભારતના બે પ્રવચનકારોમાં કેટલો બધો ફેર ? એક શંકાને ના હોય ત્યાંથી જગવે, બીજા શંકાને દૂર કરે. આજે મારા મસ્તક પરનો ભાર હળવો થઈ ગયો. ઊતરી ગયો.

એ દિવસે રાતે ગુજરાતી સમાજના હૉલમાં અમારો વિદાયસમારંભ યોજાયેલો. તેમાં ઉપસ્થિત રહીને સ્વામી શિવપાદાનંદે સરસ સારવાહી વક્તવ્ય આપ્યું. એમના હાથે જ અમને માનપત્ર આપવામાં આવ્યું.

મારી પાસે ભેગી થયેલી થોડી રકમ મેં અમને આમંત્રનાર એસોસિયેશનને એના જનસેવાકાર્ય માટે અર્પણ કરી.

વીસમી માર્ચે સવારે અમે ડરબનની અને સાઉથ આફ્રિકાની ભૂમિની વિદાય લીધી.

રસ્તામાં અમારે મોરેશિયસમાં એક દિવસ રોકાઈને વિમાન બદલવાનું હતું.

***

ડરબન નગરમાં રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શિવપાદાનંદની ઉપસ્થિતિમાં, એમના હાથે અપાયેલું માનપત્ર આ પ્રમાણે હતું :

DURBAN, SOUTH AFRICA (ENGLISH)



MAHATAMA YOGESHWARJI

**SRI SANT PUNIT SEVA SANGH**

**DURBAN**



MATA SARAWESHWARI

**AN ILLUMINATED ADDRESS PRESENTED TO HIS HOLINESS MAHATMA YOGESHWARJI AND MATA SARAWESHARI BY THE MEMBERS AND OFFICIALS OF SRI SANT PUNIT SEVA SANGH ON THEIR HISTORIC MISSION TO SOUTH AFRICA 1982-1983**

**HIS HOLINESS MAHATAMA YOGESHWARJI AND MATA SARAWESHWARI**

*We, the Officials and Members of Sri Sant Punit Seva Sangh, place on record our humble thanks and appreciation to you for the Divine Knowledge and spiritual inspiration which you have imparted to us all during your stay in the Republic of South Africa.*

*We have been blessed and inspired by being associated with you. Your divine talks and lectures and the group meditation classes conducted by you under the auspices of various spiritual organisations all over the Country and in particular in Durban has enriched us both morally and spiritually. You have given us much food for thought and have shown us that Hinduism is the path to world peace and understanding.*

*We take sincere cognisance of the tremendous sacrifice you have made to bring to our people, young and old, here the Universal truths of Hindu Religion. Your mission to this Country and the inspiring series of talks and lectures you have delivered will remain indelibly imprinted in our minds for many years to come. Your Historic visits far and wide to many parts of Natal, Transvaal and the Cape have fulfilled many of our Religious objectives and your discussions and deliberations everywhere have been a triumph in all aspects.*

*We hail the devotional songs rendered by Mata Saraweshwari. With such a dynamic and compulsive personality to assist and accompany you, her holiness added spiritual lustre and harmonious melody to our lives, which will always remain and ring in our memories long after your departure from our land.*

*We treasure the presentation of your lectures. They are worthy of our highest praise. The wide range of your talks propounding Hinduism have provided us with a store-house of great Philosophical Data and Religious knowledge.*

*We all join in bidding you farewell as you leave the shores of South Africa and salute you both most sincerely, lovingly and graciously and pray that Paramathma in His wisdom will shower His choicest blessing on your holiness, granting you good health and long life and the opportunity to visit our Country again in the not too distant future.*

*We cannot conclude without saying that your magnetic and pious personality has impressed and inspired us tremendously and has made our lives richer spiritually, nobler religiously and certainly in every way more sublime.*

GIVEN AT DURBAN ON THIS 19TH DAY OF MARCH 1983.

SRI SANT PUNIT SEVA SANGH — DURBAN

CHAIRMAN: RATILAL K. MISTRI
VICE-CHAIRMAN: DR. ISHWARLAL N. RAJPUT,
DAHYABHAI BHIKHABHAI
SECRETARY: CHHAGANLAL R. PATEL
TREASURER: SHANTILAL K. PATEL
AUDITOR: VANMARIBHAI GOSAI

TRUSTEES:
DAYALJEE CHHIBABHAI
RATILAL R. KAPITAN
CHAMPAKLAL N. SONI
DAHYABHAI BHIKHABHAI
RATILAL K. MISTRI

## SRI SANT PUNIT SEVA SANGH
## DURBAN

**Mahatma Yogeshwarji** **Maa Sarveshwari**

An Illuminated Address To His Holiness Mahatma Yogeshwarji And Mata Sarweshwari
By The Members And Officials of Sri Sant Punit Seva Sangh
On Their Historic Mission To South Africa 1982-1983

**His Holiness Mahatma Yogeshwarji And Mata Sarweshwari**

We, the officials and Members Of Sri Sant Punit Seva Sangh, place on record our humble thanks and appreciation to you for the Divine knowledge and spiritual inspiration which you have imparted to us all during your stay in Republic of South Africa.

We have been blessed and inspired by being associated with you. Your divine talks and lectures and the group meditation classes conducted by you under the auspices of various spiritual organisations all over the Country and in particular in Durban has enriched us both morally and spiritually. You have given us much food for thought and have shown us that Hinduism is the path to world peace and understanding.

We take sincere cognizance of the tremendous sacrifice you have made to bring to our people, young and old, here the Universal truths of Hindu Religion.

Your mission to this Country and the inspiring series of talks and lectures you have delivered will remain indelibly imprinted in our minds for many years to come. Your Historic visits far and wide to many parts of Natal, Transvaal and the Cape have fulfilled many of our Religious objectives and your dicussions and deliberations everywhere have been a triumph in all aspects. We hail the devotional songs rendered by Mata Sarweshwari. With such a dynamic and compulsive personality to assist and accompany you, her holiness added spiritual lustre and harmonious melody to our lives, which will always remain and ring in our memories long after your departure from our land. We treasure the presentation of your lectures. They are worthy of our highest praise. The wide range of your talks propounding Hinduism have provided us with a store-house of great Philosophical Date and Religious knowledge. We all join in bidding you farewell as you leave the shores of South Africa snd salute you both most sincerely, lovingly and graciously and pray that Paramatma in his wisdom will shower His choicest blessing on your Holiness, granting you good health and long life and the opportunity to visit our Country again in the not too distant future.

We cannot conclude without saying that your magnetic and pious personality has impressed and inspired us tremendously and has made our lives richer spiritually, nobler religiously and certainly in every way more sublime.

Given At Durban On This 19Th Day Of March, 1983.

Chairman : Ratilal K. Mistry
Vice Chairman : Dr. Ishwarlal N. Rajput
Dahyabhai Bhikhabhai
Secretary : Chhaganlal R. Patel
Treasurer : Shantilal K. Patel
Auditor : Vanmaribhai Gosai

Trustees :
Dayaljee Chhibabhai
Ratilal R. Kapitan
Champaklal N. Soni
Dahyabhai Bhikhabhai
Ratilal K. Mistri

* * *

## શ્રી સંત પુનિત સેવા સંઘ, ડરબન

શ્રી સંત પુનિત સેવા સંઘ તરફથી પરમ પવિત્ર મહાત્માજી યોગેશ્વરજી અને માતાજી સર્વેશ્વરીને સમર્પિત તેઓની દક્ષિણ આફ્રિકાની સને ૧૯૮૨-૧૯૮૩ના વર્ષની ઐતિહાસિક યાત્રાનું ચિરસ્મરણીય માનપત્ર.
માર્ચ ૧૯, ૧૯૮૩.

પરમ પવિત્ર મહાત્મા યોગેશ્વરજી ને માતા સર્વેશ્વરી

અમે સર્વે શ્રી સંત પુનિત સેવા સંઘના સભ્યો અને કાર્યકર્તાઓ દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક રાજ્યમાંના આપના નિવાસ દરમિયાન આપે ચીંધેલા દિવ્ય જ્ઞાન અને આધ્યાત્મિક ઉત્થાનના પંથનો નમ્ર સ્વીકાર અને ગુણજ્ઞ સમાલોચનાનું સન્માન કરીએ છીએ.

આપની સાથેના સહવાસથી અમોને ઉત્સાહ અને આપની અનુકંપા સાંપડી છે. આખાયે દેશમાં અને ખાસ કરીને ડરબનના પ્રજાજનોને આપના દિવ્ય સંવાદો, વ્યાખ્યાનો અને આપે સંચાલન કરેલા સમૂહધ્યાનના વર્ગોથી અમોને નૈતિક અને આધ્યાત્મિક ભાથું સાંપડ્યું છે. તમોએ ચિંતનનો અમૂલ્ય રસથાળ અમોને પીરસ્યો છે અને દર્શાવ્યું છે કે વિશ્વશાંતિ અને સમજણના પંથ માટે હિન્દુ ધર્મ અનિવાર્ય છે.

હિંદુ ધર્મનાં સનાતન સત્યોનું અમારા યુવાનો અને પ્રૌઢોને આપે કરેલા વિશાળ સમર્પણનું જે પાન કરાવ્યું તેનો અમે નિખાલસ એકરાર કરીએ છીએ. અમારા દેશમાં આપના ધ્યેયનિષ્ઠાથી સભર અને પ્રેરણાદાયી સંવાદો અને વ્યાખ્યાનોની હારમાળા ઘણાં વર્ષો સુધી અમારા મનપ્રદેશ પર વજ્રલેપ સમાં અંકિત રહેશે. નાતાલ, ટ્રાન્સવાલ અને કેપપ્રાંત સુધી પથરાયેલી આપની ઐતિહાસિક યાત્રાથી આપણા ધાર્મિક સિદ્ધાંતોનાં ગૂઢ રહસ્યો સમજાયાં છે. ઉપરાંત આપની ચર્ચાઓ અને કાળજીપૂર્વક કરેલાં વિચારવિમર્શોને સર્વપ્રકારે સિદ્ધિઓ વરેલી છે.

અમે માતા સર્વેશ્વરીનાં ભક્તિભાવપૂર્ણ ભજનોનું અભિવાદન કરીએ છીએ. આવાં પ્રેરક શક્તિવાળાં અને નિર્ણયાત્મક પ્રતિભાસંપન્ન પૂ.'મા'ના સહકાર અને સહવાસથી જીવનપંથમાં આધ્યાત્મિક અર્ધ્ય પુરાયા છે. તેમનો રંગભર્યો સુંદર સ્વર અમારા દેશમાંથી વિદાય પામ્યા પછી પણ ચિરસ્મરણીય રહેશે અને અમારા સ્મૃતિપટ પર ગુંજશે.

આપના વ્યાખ્યાનોનું નિરૂપણ અમારી પૂંજી છે. તે ઉચ્ચ પ્રશંસાની પાત્રતા ધરાવે છે. હિંદુત્વની આલબેલ પોકારતી આપની અસ્ખલિત વાણીથી અમોને તત્વજ્ઞાનના પાયાનાં તત્વો અને ધાર્મિક જ્ઞાનનો સંપૂટ મળ્યો છે.

આપ બંનેની દક્ષિણ આફ્રિકાની વિદાય વેળાએ આપને પ્રેમ નીતરતા સદભાવથી હૃદયપૂર્વક સન્માની પ્રાર્થના કરીએ છીએ કે પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય વ્યક્તિત્વ ઉપર પોતાના મનોવાંછિત અતિપ્રિય આશીર્વચનોનો વરસાદ વરસાવે, સુંદર સ્વાસ્થ્ય અને દીર્ઘ જીવન અર્પે અને નજીકના જ ભવિષ્યમાં અમારા દેશમાં ફરી પધારવાની ધન્ય પળ પ્રદાન કરે.

આપના ચુંબકીય અને પવિત્ર મુખારવિંદથી અમે આકર્ષાયા છીએ અને એથી અમોને અસાધારણ આહ્ લાદ અને આશ્વાસનની પ્રાપ્તિ થઈ છે.

આપે સર્વે ક્ષેત્રમાં અમારા જીવનને ભવ્ય ઉદારતા, આધ્યાત્મિક સંપત્તિ અને ધાર્મિક ચારિત્ર્યની અણમોલ પ્રસાદી ધરી છે તે ઉપસંહાર કરતાં પહેલાં સુવર્ણ અક્ષરે લખ્યા વિના અમે રહી શકતા નથી.

* * *

## દક્ષિણ આફ્રિકાની ધરતી પર પૂ.શ્રી યોગેશ્વરજીની વર્તમાનપત્રોની મુલાકાતો

| ક્રમ | તારીખ | વર્તમાનપત્ર | સ્થળ |
|---|---|---|---|
| ૧. | ૩૦-૧૧-૮૨ | ધી લીડર | ડરબન શહેર |
| ૨. | ૧૯-૧૨-૮૨ | સન્ડે ટાઈમ્સ | ડરબન શહેર |
| ૩. | ૮-૧-૮૩ | ધી સ્ટાર | જોહાનિસબર્ગ |
| ૪. | ૮-૧-૮૩ | લેનેશિયા ટાઈમ્સ | જોહાનિસબર્ગ |

## દક્ષિણ આફ્રિકામાં પૂ.શ્રી યોગેશ્વરજીએ આપેલા રેડિયો વાર્તાલાપ

| ક્રમ | તારીખ | વાર્તાલાપ | રેડિયોનું નામ |
|---|---|---|---|
| ૧. | ૮-૧૨-૮૨ | ૧ | એસ.એ.બી.સી. રેડિયો |
| ૨. | ૮-૧૨-૮૨ | ૧ | રેડિયો પોર્ટનાતાલ |
| ૩. | ૧૫-૧૨-૮૨ | ૨ | રેડિયો ટ્રુરો |
| ૪. | ૬-૧-૮૩ | ૧ | રેડિયો લોટસ |
| ૫. | ૧૬-૨-૮૩ | ૪ | રેડિયો ટ્રુરો |
| ૬. | ૮-૩-૮૩ | ૫ | રેડિયો ટ્રુરો |

## દક્ષિણ આફ્રિકામાં પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રવચન-પ્રવૃત્તિ

(* અંગ્રેજીમાં * ગુજરાતીમાં)

| ક્રમ | તારીખ | શહેર | સ્થળ | વિષય |
|---|---|---|---|---|
| ૧ | ૨૧-૧૧-૮૨ | ડરબન | ભારત હોલ | સત્કાર સમારંભ |
| ૨ | ૨૨-૧૧-૮૨ | " | સપ્તાહ મંદિર | ભક્તિયોગ |
| ૩ | ૨૩-૧૧-૮૨ | " | " | " |
| ૪ | ૨૫-૧૧-૮૨ | " | યોગ સ્કૂલ | ધ્યાનયોગ |
| ૫ | ૨૭-૧૧-૮૨ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | ધ્યાન અને પરમશાંતિ |
| ૬ | ૨૮-૧૧-૮૨ | " | ભારત હોલ | ભક્તિયોગ |
| ૭ | " | " | માંધાતા મંડળ | સમાજસેવા |
| ૮ | " | | રામાયણ સભા | ભારતીય સંસ્કૃતિ |
| ૯ | ૨૯-૧૧-૮૨ | " | ભારત હોલ | ભક્તિયોગ |
| ૧૦ | ૩૦-૧૧-૮૨ | " | " | " |
| ૧૧ | ૧-૧૨-૮૨ | " | " | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૨-૧૨-૮૨ | ડરબન | ભારત હોલ | ભક્તિયોગ |
| ૧૩ | ૩-૧૨-૮૨ | " | " | " |
| ૧૪ | ૪-૧૨-૮૨ | " | " | " |
| ૧૫ | ૫-૧૨-૮૨ | " | " | " |
| ૧૬ | ૬-૧૨-૮૨ | " | " | " |
| ૧૭ | ૭-૧૨-૮૨ | " | " | " |
| ૧૮ | ૮-૧૨-૮૨ | " | " | " |
| ૧૯ | ૯-૧૨-૮૨ | " | " | " |
| ૨૦ | ૧૦-૧૨-૮૨ | " | " | " |
| ૨૧ | ૧૧-૧૨-૮૨ | " | " | " |
| ૨૨ | ૧૨-૧૨-૮૨ | " | " | " |
| ૨૩ | ૧૨-૧૨-૮૨ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | દક્ષિણેશ્વરના મારા અનુભવો |
| ૨૪ | ૧૩-૧૨-૮૨ | " | હિન્દુ સેવા સમાજ, રીઝર્વહીલ | આત્મ-સાક્ષાત્કાર |
| ૨૫ | ૧૪-૧૨-૮૨ | " | " | " |
| ૨૬ | ૧૫-૧૨-૮૨ | " | " | " |
| ૨૭ | ૧૬-૧૨-૮૨ | પીટરમેરિસબર્ગ | શિવાનંદ સેન્ટર | નામ-સ્મરણ |
| ૨૮ | ૧૭-૧૨-૮૨ | " | " | " |
| ૨૯ | ૧૮-૧૨-૮૨ | ડરબન | ડીવાઈન લાઈફ સેન્ટર, રીઝર્વહીલ | ભારતના સંતો અને તેમનું કાર્ય |
| ૩૦ | ૧૯-૧૨-૮૨ | " | " | ગુરુભક્તિ |
| ૩૧ | ૨૦-૧૨-૮૨ | ફિનીક્ષ | સિવિક્સ સેન્ટર | શ્રી રામકૃષ્ણદેવ |
| ૩૨ | ૨૧-૧૨-૮૨ | ઈસ્પીંગો | હિન્દુ સોસાયટી | ગીતાનો સંદેશ |
| ૩૩ | ૨૩-૧૨-૮૨ | ડરબન | ભારત હોલ | સ્વામીનારાયણ સંપ્રદાય |
| ૩૪ | ૨૫-૧૨-૮૨ | ડન્ડી | - | નામનો મહિમા |
| ૩૫ | ૨૬-૧૨-૮૨ | ડન્ડી | - | " |
| ૩૬ | ૨૭-૧૨-૮૨ | ડન્ડી | સિવિક્સ સેન્ટર | મનુષ્યત્વં મુમુક્ષત્વં |
| ૩૭ | ૨૮-૧૨-૮૨ | ન્યુ કાસલ | રામકૃષ્ણ સેન્ટર | આત્મ-સાક્ષાત્કાર |
| ૩૮ | ૨૯-૧૨-૮૨ | આસ્કોટ | ગુજરાતી હોલ | નામ-સ્મરણ |
| ૩૯ | ૩૦-૧૨-૮૨ | લેડીસ્મિથ | સનાતન મંદિર | સંતોના જીવનપ્રસંગો |
| ૪૦ | ૩૧-૧૨-૮૨ | ન્યુ કાસલ | રામકૃષ્ણ સેન્ટર | ભક્તિયોગ |
| ૪૧ | ૨-૧-૮૩ | જોહાનિસબર્ગ | રામકૃષ્ણ હોલ, લેનેશિયા | ભગવાન રમણ મહર્ષિ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨ | ૩-૧-૮૩ | જોહાનિસબર્ગ | પાટીદાર હોલ | ભક્તિયોગ |
| ૪૩ | ૪-૧-૮૩ | " | " | " |
| ૪૪ | ૫-૧-૮૩ | " | " | " |
| ૪૫ | ૬-૧-૮૩ | " | " | " |
| ૪૬ | ૭-૧-૮૩ | " | " | " |
| ૪૭ | ૯-૧-૮૩ | પ્રિટોરીઆ | હિન્દુ સેવા સમાજ | ભક્તિયોગ |
| ૪૮ | ૧૦-૧-૮૩ | " | " | " |
| ૪૯ | ૧૧-૧-૮૩ | " | " | " |
| ૫૦ | ૧૨-૧-૮૩ | બિનોની | ગુજરાતી સેવા સમાજ | નામ-સ્મરણ |
| ૫૧ | ૧૩-૧-૮૩ | " | " | " |
| ૫૨ | ૧૪-૧-૮૩ | સ્પ્રિંગ | સૂરત મંડળ | સમર્પણભાવ |
| ૫૩ | ૧૬-૧-૮૩ | જોહાનિસબર્ગ | સત્યસાંઈબાબા મંડળ | શીરડી સાંઈબાબાના અનુભવો |
| ૫૪ | ૧૭-૧-૮૩ | " | હિન્દુ સર્વ સેવા સંઘ, લેનેશિયા | ધ્યાનયોગ |
| ૫૫ | ૧૮-૧-૮૩ | " | " | " |
| ૫૬ | ૧૯-૧-૮૩ | " | " | " |
| ૫૭ | ૨૦-૧-૮૩ | " | સત્ય સાંઈબાબા સેન્ટર | સંતોનો મહિમા |
| ૫૮ | ૨૧-૧-૮૩ | " | લક્ષ્મીનારાયણ મંદિર | ભક્તિયોગ |
| ૫૯ | ૨૨-૧-૮૩ | " | " | " |
| ૬૦ | ૨૩-૧-૮૩ | " | " | ભક્તિયોગ |
| ૬૧ | ૨૪-૧-૮૩ | " | રામેશ્વર મંદિર | દિવ્ય અનુભવો |
| ૬૨ | ૨૬-૧-૮૩ | કેપટાઉન | કેપ હિન્દુ સોસાયટી | ભક્તિયોગ |
| ૬૩ | ૨૭-૧-૮૩ | " | " | " |
| ૬૪ | ૨૮-૧-૮૩ | " | " | " |
| ૬૫ | ૨૯-૧-૮૩ | " | યોગ સેન્ટર | યોગનું રહસ્ય |
| ૬૬ | ૨૯-૧-૮૩ | પોર્ટ ઇલિઝાબેથ | હિન્દુ સેવા સમાજ | ભારતીય સંતો |
| ૬૭ | ૩૦-૧-૮૩ | " | " | " |
| ૬૮ | ૩૧-૧-૮૩ | યુટનહેગ | મંદિર | ભક્તિયોગ |
| ૬૯ | ૧-૨-૮૩ | ગ્રેહામ ટાઉન | મંદિર | ભક્તિયોગ |
| ૭૦ | ૨-૨-૮૩ | કીંગવિલિયમ ટાઉન | - | " |
| ૭૧ | ૩-૨-૮૩ | ઈસ્ટ લંડન | મંદિર | પ્રાર્થના સાધના છે |
| ૭૨ | ૪-૨-૮૩ | " | " | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૩ | ૫-૨-૮૩ | ઈસ્ટ લંડન | ઈસ્ટ લંડન સોસાયટી | પ્રાર્થનાની સાધના |
| ૭૪ | ૬-૨-૮૩ | ડરબન | ડિવાઈન લાઇફ સેન્ટર | ગીતાનો મર્મ |
| ૭૫ | ૭-૨-૮૩ | " | ભારત હોલ | નામ-સ્મરણ |
| ૭૬ | ૮-૨-૮૩ | " | " | " |
| ૭૭ | ૯-૨-૮૩ | " | " | " |
| ૭૮ | ૧૦-૨-૮૩ | " | " | " |
| ૭૯ | ૧૧-૨-૮૩ | " | સપ્તાહ મંદિર | શિવરાત્રી |
| ૮૦ | ૧૧-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | શિવરાત્રી મહિમા |
| ૮૧ | ૧૧-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | " |
| ૮૨ | ૧૨-૨-૮૩ | " | ડિવાઈન લાઈફ સેન્ટર, રીઝર્વહીલ | કર્મયોગ |
| ૮૩ | ૧૨-૨-૮૩ | પીટરમેરીસબર્ગ | વેદિક સભા હોલ | દયાનંદ સરસ્વતીનું જીવન |
| ૮૪ | ૧૩-૨-૮૩ | ડરબન | ડિવાઈન લાઇફ સેન્ટર | કર્મયોગ |
| ૮૫ | ૧૩-૨-૮૩ | " | આર્ય પ્રતિનિધિ હોલ | દયાનંદ સરસ્વતી - જીવન અને કાર્ય |
| ૮૬ | ૧૪-૨-૮૩ | વેરૂલમ | ગોપાલ ટેમ્પલ | ભારતીય સંસ્કૃતિ |
| ૮૭ | ૧૭-૨-૮૩ | ડરબન | ભારત હોલ | રામકૃષ્ણદેવ |
| ૮૮ | ૧૮-૨-૮૩ | " | " | " |
| ૮૯ | ૧૯-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | નામ-સ્મરણ |
| ૯૦ | ૨૦-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | " |
| ૯૧ | ૨૦-૨-૮૩ | " | ડિવાઈન લાઈફ સેન્ટર | કર્મયોગ |
| ૯૨ | ૨૧-૨-૮૩ | " | હિન્દુ સેવા સમાજ | રામાયણનો સંદેશ |
| ૯૩ | ૨૨-૨-૮૩ | " | " | " |
| ૯૪ | ૨૨-૨-૮૩ | " | યોગ સેન્ટર, રીઝર્વહીલ | હઠયોગ અને રાજયોગ |
| ૯૫ | ૨૩-૨-૮૩ | " | હિન્દુ સેવા સમાજ | રામાયણનો સંદેશ |
| ૯૬ | ૨૪-૨-૮૩ | " | " | " |
| ૯૭ | ૨૫-૨-૮૩ | " | ભારત હોલ | રામચરિતમાનસ |
| ૯૮ | ૨૬-૨-૮૩ | " | " | " |
| ૯૯ | ૨૭-૨-૮૩ | " | " | " |
| ૧૦૦ | ૨૭-૨-૮૩ | " | ડિવાઈન લાઇફ સેન્ટર | ગીતાનું અમૃત |
| ૧૦૧ | ૨૭-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | ધર્મની એકતા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૨ | ૨૮-૨-૮૩ | ડરબન | ભારત હોલ | રામચરિતમાનસ |
| ૧૦૩ | ૧-૩-૮૩ | જોહાનિસબર્ગ | - | કર્મયોગ |
| ૧૦૪ | ૫-૩-૮૩ | લુઈસટ્રીકાડ | મંદિર | ભક્તિયોગ |
| ૧૦૫ | ૬-૩-૮૩ | જોહાનિસબર્ગ | સત્યસાંઈ સેન્ટર | ભક્તિ અને ગુરુમાં શ્રદ્ધા |
| ૧૦૬ | ૭-૩-૮૩ | | " | પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ |
| ૧૦૭ | ૯-૩-૮૩ | ડરબન | ભારત હોલ | અષ્ટાંગ યોગ |
| ૧૦૮ | ૧૦-૩-૮૩ | " | " | રામચરિતમાનસ |
| ૧૦૯ | ૧૧-૩-૮૩ | " | " | " |
| ૧૧૦ | ૧૨-૩-૮૩ | " | " | શક્તિપૂજા |
| ૧૧૧ | ૧૩-૩-૮૩ | " | હિન્દુ એસોસીએશન | ધ્યાન શિબિર |
| ૧૧૨ | ૧૪-૩-૮૩ | " | ભારત હોલ | શક્તિ પૂજા |
| ૧૧૩ | ૧૫-૩-૮૩ | " | વેસ્ટવીલ યુનિવર્સિટી | સા વિદ્યા યા વિમુક્તયે |
| ૧૧૪ | ૧૫-૩-૮૩ | " | ભારત હોલ | ધ્યાનયોગ |
| ૧૧૫ | ૧૬-૩-૮૩ | " | " | સંત સમાગમ |
| ૧૧૬ | ૧૭-૩-૮૩ | " | " | " |
| ૧૧૭ | ૧૮-૩-૮૩ | " | " | " |
| ૧૧૮ | ૧૯-૩-૮૩ | " | " | વિદાય સમારંભ |
| ૧૧૯ | ૧૯-૩-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | રામકૃષ્ણદેવ અને જ્ઞાનયોગ |
| ૧૨૦ | ૨૦-૩-૮૩ | મોરીશિયસ | શ્રી રામકૃષ્ણ મિશન | શ્રી રામકૃષ્ણદેવ |


**(* અંગ્રેજીમાં * ગુજરાતીમાં)**

* * *

**સમાપ્ત**

* * *

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયનને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

* * * * *

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**